ૐ

અર્હમ્

ન્યાયવિશારદ-મહોપાધ્યાય

શ્રી યશોવિજયજી વિરચિત

# યતિલક્ષણ સમુચ્ચય પ્રકરણ

ગુજરાતી ભાવાનુવાદ

■ ભાવાનુવાદકાર ■

પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

॥ ધરણેંદ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરીશ્વરેભ્યો નમઃ ॥
॥ ऐं नमः ॥

ગુજરાતી ભાવાનુવાદ સહિત

# યતિલક્ષણ સમુચ્ચય પ્રકરણ


● રચયિતા ●
ન્યાયવિશારદ મહોપાધ્યાય પ. પૂ. શ્રી યશોવિજયજી ગણિવર્ય

● ભાવાનુવાદકાર ●
પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના પટ્ટપ્રદ્યોતક
પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયહીરસૂરીશ્વરજી મ.ના પટ્ટવિભૂષક
પ. પૂ. આચાર્યદેવ શ્રીલલિતશેખરસૂરીશ્વરજી મ.ના વિનેય રત્ન
પૂ. આચાર્ય શ્રી રાજશેખરસૂરિ મહારાજ



● સહયોગ ●
પ. પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખર વિ.મ.

● પ્રકાશક ●

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

C/o હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ,
મુંબઇ - આગ્રારોડ, **ભિવંડી ૪૨૧ ૩૦૫** (જીલ્લો થાણા)

● પ્રાપ્તિસ્થાન ●

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

C/o હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ,
મુંબઇ - આગ્રારોડ, **ભિવંડી ૪૨૧ ૩૦૫** (જીલ્લો થાણા)

**કિંમત : ૧૫૦ રૂપિયા**

વિ. સં. ૨૦૫૫ | વીર સં. ૨૫૨૫ | ઇ. સ. ૧૯૯૯

નકલ - ૧૦૦૦

**● વિશેષ સૂચના ●**

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહિ. વાંચવા માટે પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાન ભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

**કમ્પોઝ-પ્રિન્ટીંગ-બાઇન્ડીંગ**

ભરત ગ્રાફિક્સ, ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (O.) ૩૩૪૧૭૬, (R.) ૨૧૨૪૭૨૩

# હૈયામાં હર્ષોલ્લાસનાં પૂર

આ શાસનમાં કલિકાલ સર્વજ્ઞ પ. પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિ મહારાજા પછી આજ સુધીમાં પ. પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા જેવા વિદ્વાન કોઈ થયા નથી. આ મહાપુરુષે રચેલા ગ્રંથો જૈનશાસનના હાર્દને સમજવા માટે ખૂબ જ ઉપયોગી બની રહ્યા છે. આમ છતાં એમના ગ્રંથો સમજવા સહેલા નથી. તેમાં પણ જે ગ્રંથો ઉપર સંસ્કૃત ટીકા ન હોય તેવા ગ્રંથો સમજવા ઘણા કઠીન ગણાય. આથી જ આ મહાપુરુષે રચેલા સંસ્કૃતટીકા વિનાના **"યતિલક્ષણ સમુચ્ચય"** ગ્રંથના અનુવાદનો પ્રારંભ કરતાં પહેલાં આવા ગ્રંથના અનુવાદમાં સફળતા મળશે કે કેમ ? એવા સંશયરૂપી પિશાચે મારા મનને ઘેરી લીધું, પણ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન, મારા મહોપકારી પરમ પૂજ્ય ગુરુદેવો પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા અને પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયહીરસૂરીશ્વરજી મહારાજા, શ્રીસરસ્વતી માતા, આ દેવ-ગુરુ-માતારૂપ ત્રિપુટીનું પ્રણિધાન કરીને અંતરની પ્રબળશ્રદ્ધાથી અનુવાદમાં સફલતાની પ્રાર્થના કરી. ખરેખર ! પ્રણિધાનપૂર્વકની આ પ્રાર્થનાએ જાણે ચમત્કાર સર્જ્યો હોય તેમ દોઢ માસ જેટલા સમયમાં આ કાર્ય પૂર્ણ થયું. મારા જેવા માટે ઘણું કઠીન ગણાય તેવું આ કાર્ય પૂર્ણ થતાં જ મારા હૈયામાં હર્ષોલ્લાસનાં પૂર વહેવા માંડ્યાં.

યતિલક્ષણ સમુચ્ચય ગ્રંથની જે જે ગાથાની સંસ્કૃત ટીકા બીજા ગ્રંથોમાંથી પ્રાપ્ત થઈ તે તે ગાથાની સંસ્કૃત ટીકા આ ગ્રંથમાં લીધી છે, અને ટીકાનો અનુવાદ પણ કર્યો છે. તે તે ગાથાની સંસ્કૃત ટીકા જે જે ગ્રંથની છે તે તે ગ્રંથના નામનો અને ગાથાના નંબરનો પણ ટીકાના અંતે નિર્દેશ કર્યો છે. કેવળ ગુજરાતી અનુવાદ વાંચનારના વાંચનનો પ્રવાહ એક સરખો ચાલ્યા કરે અને સમજવામાં સરળતા રહે એ વાતને મુખ્ય રાખીને અનુવાદ કર્યો છે. આમ છતાં સંસ્કૃતટીકાનું વાંચન કરનારને ગુજરાતી અનુવાદ સમજવામાં સુગમતા રહે તેની પણ કાળજી રાખી છે. આ બેવડી જવાબદારી

વહન કરવી એ ઘણું કપરું કામ છે. આથી આમાં હું કેટલો સફળ બન્યો છું એનો અભિપ્રાય હું આપું એના કરતાં વિદ્વાન મહાશયો આપે એ જ ઉચિત ગણાય.

આ પ્રસંગે આ અનુવાદની પ્રેસ કોપી તૈયાર કરીને મારા ઉપર ઉપકારની શ્રેણિમાં એક ઉપકારની વૃદ્ધિ કરનારા પૂ. ગુરુદેવ શ્રી આચાર્ય **શ્રી લલિતશેખરસૂરીશ્વરજી** મ.ને ભાવથી વંદન કરું છું. પ્રસ્તુત અનુવાદ માટે પત્રથી અને મૌખિક પ્રેરણા કરીને મને પ્રસ્તુત ગ્રંથનું ઊંડાણથી અધ્યયન કરવાની તક આપનારા **મુનિશ્રી નયભદ્રવિજયજી**, અથથી ઇતિ સુધી સહયોગ આપનારા **મુનિશ્રી ધર્મશેખરવિજયજી**, પ્રુફસંશોધન આદિમાં મદદ રૂપ થનારા **મુનિશ્રી દિવ્યશેખરવિજયજી** વગેરે મુનિપુંગવો પણ સ્મૃતિપથમાં આવ્યા વિના રહેતા નથી. આ ગ્રંથની જે ગાથાઓ ઉપદેશ રહસ્ય ગ્રંથમાં છે તે ગાથાઓનો ગુજરાતી ગાથાર્થ અને તાત્પર્યાર્થ ઉપદેશ રહસ્ય ગ્રંથના અનુવાદમાંથી અહીં અક્ષરશઃ સાભાર ઉદ્ધૃત કર્યો છે. આ સિવાય બીજા પણ ષોડશક, ઉપદેશપદ વગેરે ગ્રંથોમાંથી અક્ષરશઃ કે થોડા સુધારા-વધારા સાથે ગુજરાતી અનુવાદ આમાં કોઇ કોઇ સ્થળે લીધો છે. આથી તે તે ગ્રંથના અનુવાદકારો અને સંપાદકો વગેરેનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરું છું. જ્યાં જ્યાં અન્યગ્રંથનો ગુજરાતી અનુવાદ આમાં લીધો છે, ત્યાં ત્યાં મેં અનુવાદકારના નામ સાથે નિર્દેશ કર્યો છે.

આ અનુવાદમાં ગ્રંથકારના અને ટીકાકારોના આશયથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તો તે બદલ મિચ્છા મિ દુક્કડમ્.

**-આ. વિજયરાજશેખરસૂરિ**

વિ. સં. ૨૦૫૫,<br>
દ્વિ. જે. સુ. ૩ બુધવાર<br>
ગોવર્ધનનગર, રુનવાલ ટાવર,<br>
મુલુંડ, મુંબઇ.

શ્રી મહાવીરસ્વામિને નમઃ

શ્રીમદ્ દાન-પ્રેમ-રામચંદ્ર-હીર-રાજતિલક-મહોદયસૂરિભ્યો નમઃ

# સુકૃતની અનુમોદના

માન - પાન અને પ્રતિષ્ઠાના લોભે ધર્મશાસ્ત્રોની ઉપેક્ષા કરીને જવાબદાર ગણાતો વર્ગ પણ જ્યારે ધર્મપ્રવૃત્તિ કરતો હોય ત્યારે યાકિનીમહત્તરાધર્મપુત્ર, સૂરિપુરંદર **પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા**એ સંબોધપ્રકરણમાં કહેલી વાત યાદ આવી જાય છે. અનંતજ્ઞાનીઓની ગેરહાજરીમાં તારક ધર્મશાસ્ત્રોની ઉપયોગિતા જણાવતાં તેઓ શ્રીમદ્ કહી રહ્યા છે કે **"કલિકાલના દોષથી દૂષિત બનેલા ખરેખર અનાથ એવા અમારા જેવા જીવોનું જો જિનાગમ ન હોત તો શું થાત ?"** હૃદયભેદક આ વાત જાણીને અંતર જિનાગમો ઉપર અહોભાવથી ઓવારી જાય છે.

આપણા દુર્ભાગ્યે આગમરૂપી વિશાળ દરિયો તો નષ્ટ પ્રાય થઇ ગયો છે. રહ્યું સહ્યું જે કંઇ બિંદુ જેટલું શ્રુત છે તેનું પણ સંરક્ષણ કરી તેના માર્ગે ચાલવું એ આપણી પરમ પવિત્ર ફરજ છે.

આ વાતને સતત નજર સમક્ષ રાખીને પરમ તારક અરિહંત પરમાત્માની આજ્ઞાને જીવનમાં તાણાવાણાની જેમ વણી લેવા ઝંખતા**પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા** મુખ્યતયા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને ઉપકારક અનેક ગ્રંથરત્નોનો ભાવાનુવાદ કરી શાસન ઉપર મહાન ઉપકાર કરી રહ્યા છે. તેમાંના જ પ્રસ્તુત ગ્રંથ

**"યતિલક્ષણ સમુચ્ચય પ્રકરણ'** ના

પ્રકાશનમાં હાલારરત્ન પ. પૂ. આચાર્ય શ્રી કુંદકુંદસૂરિ મહારાજાના શિષ્યરત્ન પ. પૂ. મુનિરાજ શ્રીનયભદ્ર વિ. મ.ની સત્પ્રેરણાથી

**તપાગચ્છ ઉદય-કલ્યાણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટે (ચંદાવરકરલેન - બોરીવલી)**

પોતાના જ્ઞાનનિધિનો સદુપયોગ કરી મહાન સુકૃત કર્યું છે.

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ** આ અવસરે તેમના સુકૃતની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

# પ્રસ્તુત ગ્રંથનો સંક્ષિપ્ત સાર

પ્રસ્તુતગ્રંથમાં સુસાધુનાં સાત લક્ષણોનું (=ગુણોનું) વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. તે સાત લક્ષણો આ પ્રમાણે છે-માર્ગાનુસારી (=મોક્ષમાર્ગને અનુસરનારી) ક્રિયા, પ્રજ્ઞાપનીયતા(=ભૂલને સ્વીકારીને ભૂલને સુધારવાનો સ્વભાવ), ઉત્તમશ્રદ્ધા, ક્રિયાઓમાં અપ્રમાદ, શક્ય અનુષ્ઠાનનો આરંભ, ગુણાનુરાગ અને ગુર્વાજ્ઞાની પરમ આરાધના. છઠ્ઠી ગાથાથી ૩૦મી ગાથા સુધી માર્ગાનુસારી ક્રિયાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં માર્ગ, આચરણા, જિનવચન, ત્રણ અવંચક વગેરે વિષયોની સુંદર સમજણ આપવામાં આવી છે. ૩૧ થી ૪૪ ગાથા સુધીમાં પ્રજ્ઞાપનીયતાગુણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ૪૫ થી ૧૦૦ ગાથા સુધી ઉત્તમશ્રદ્ધા ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે. ઉત્તમશ્રદ્ધાના વિધિસેવા, અતૃપ્તિ, શુદ્ધદેશના અને સ્ખલિત પરિશુદ્ધિ એ ચાર લક્ષણોનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. વિધિસેવા એટલે સાધુએ દરેક ધર્મક્રિયા વિધિપૂર્વક કરવી જોઇએ. અતૃપ્તિ એટલે સાધુને સ્વાધ્યાય, તપ વગેરેમાં સંતોષ ન થવો જોઇએ. શુદ્ધ દેશના એટલે અશુદ્ધ દેશનાથી થતા કટુફળોને જાણીને સાધુએ સદા શુદ્ધ દેશના કરવી જોઇએ. આમાં ધર્મદેશના કોણ આપી શકે ? કેવા જીવને દેશના આપવી, કેવી રીતે, આપવી વગેરેનું સુંદર વર્ણન છે. સ્ખલિત પરિશુદ્ધિ એટલે સંયમમાં થઇ ગયેલા અતિચારોની શુદ્ધિ કરવી. ૧૦૧ થી ૧૧૧ ગાથા સુધી "ક્રિયામાં અપ્રમાદ" ગુણનું વર્ણન છે. આમાં અપ્રમાદથી અશુભ અનુબંધ તૂટે, અનુબંધ ન તૂટે તો પણ અનુબંધને તોડવાનો પ્રયત્ન નકામો ન જાય, અશુભ અનુબંધના વિચ્છેદથી અકરણનિયમ વગેરેનું સુંદર વર્ણન છે. ૧૧૨ થી ૧૧૯ ગાથા સુધી શક્ય અનુષ્ઠાનનો પ્રારંભ એ લક્ષણનું નિરૂપણ કર્યું છે. આમાં અશક્ય અનુષ્ઠાનથી થતા નુકશાનનું વર્ણન કરવા સાથે શક્યમાં જરાપણ પ્રમાદ ન કરવાનો ઉપદેશ આપ્યો છે. ૧૨૦ થી ૧૩૫ ગાથા સુધી ગુણાનુરાગનું હૃદયંગમ વર્ણન કરવામાં આવ્યું છે. જો સાધુઓ આ ગુણને બરોબર સમજીને ગુણાનુરાગ કેળવે તો સાધુઓમાં પરસ્પર દ્વેષભાવ થવાનો જરા ય અવકાશ ન રહે, અને સમુદાયરાગ આદિના કારણે અપાતું શિથિલાચારનું પોષણ બંધ થાય. શ્રાવકો પણ આ ગુણને સમજે અને અમલમાં મૂકે તો સુસાધુઓ પ્રત્યે ભેદભાવ ન થાય અને શિથિલાચારનું

થતું પ્રોષણ પણ બંધ થાય. ૧૩૬ થી ૨૧૬ ગાથા સુધી ગુર્વાજ્ઞાની પરમ આરાધના એ સાતમા લક્ષણનું અતિશય વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ગુરુનો ઉપકાર, ગુરુનો ત્યાગ કરવાથી થતો દોષો, ગુરુકુલમાં રહેવાથી થતા લાભો, ગુરુકુલનો ત્યાગ કરીને એકલા વિચરવાથી થતા દોષો, આચાર્યવચનના પાલનમાં તીર્થંકરવચનનું પાલન થઈ જાય, ગીતાર્થ વિહાર અને ગીતાર્થ નિશ્રિત વિહાર, જાતકલ્પ-અજાતકલ્પ, સમાપ્તકલ્પ-અસમાપ્તકલ્પ ભાવાચાર્યની તીર્થંકર તુલ્યતા, કેવા આચાર્યો મોક્ષમાર્ગનો નાશ કરે છે, સુગુરુમાં કયા ગુણો હોવા જોઈએ, ગુરુમાં દોષો હોય તો પણ મૂલગુણ સંપન્ન ગુરુનો ત્યાગ ન કરવો, ગુરુની અવહીલનાથી થતા અનર્થો, કુગુરુઓ પોતે ડૂબવા સાથે મુગ્ધ શિષ્યોને પણ ડૂબાડે છે, શિથિલ પણ શુદ્ધ પ્રરૂપણા કરનાર કર્મનિર્જરા કરે અને સુલભબોધિ બને, ત્રણ મોક્ષમાર્ગ, ત્રણ સંસારમાર્ગ, ગુરુની અવજ્ઞા કરનાર પાપશ્રમણ છે, ગુણાધિક પણ શિષ્યે ગુરુની અવજ્ઞા ન કરવી, ગુરુમાં સૂક્ષ્મદોષો હોય તો પણ ગુરુ ત્યાગ કરવા યોગ્ય નથી ઇત્યાદિ અનેક વિષયોનું સમ્યગ્ પ્રતિપાદન કરવા આવ્યું છે.

## ● પ્રસ્તુત ગ્રંથમાં આવેલી કથાઓનો અકારાદિ ક્રમ ●


| કથા | પૃષ્ઠ | કથા | પૃષ્ઠ |
|---|---|---|---|
| અર્હદ્દત્ત | ૧૩૬ | મહાગિરિસૂરિ | ૧૪૮ |
| અતિમુક્ત મુનિ | ૧૬૨ | મેઘમુનિ | ૧૩૦ |
| કૃત્રિમ ગાંડા બનેલા રાજા-મંત્રી | ૨૭૮ | મંગુસૂરિ | ૧૧૬ |
| | | વજ્રસ્વામી | ૨૭૨ |
| ગ્રામાધ્યક્ષ-રાજા | ૧૮૪ | શબર | ૧૧૩ |
| ચંડરુદ્રાચાર્ય | ૨૨૩ | શિવભૂતિ | ૧૫૨ |
| દહનદેવ | ૧૩૫ | સાવદ્યાચાર્ય | ૧૬ |
| પંથકમુનિ | ૨૩૨ | સંગમસૂરિ | ૧૭ |
| માષતુષમુનિ | ૪૪ | સુસાધુના નિંદક મુનિ | ૨૫૦ |

# ગ્રંથકારશ્રીનો સંક્ષિપ્ત પરિચય

**બુદ્ધિશાલી જસવંતકુમારઃ-** ઉત્તર ગુજરાતમાં અણહિલપુર પાટણની નજીક આવેલ કનોડું ગામમાં નારાયણ નામના એક જૈન વણિક હતા. એમની પત્નીનું નામ સૌભાગ્યદેવી હતું. આ દંપતીને જશવંતકુમાર અને પદ્મસિંહ નામે બે પુત્રો હતા. બંને બુદ્ધિશાલી હતા. તેમાં પણ જશવંતકુમાર ખૂબજ બુદ્ધિશાલી હતો. એકવાર સૌભાગ્યદેવીએ ભોજનનો સમય થવા છતાં ભોજન કર્યું નહિ. આથી જશવંતે પૂછ્યુંઃ મા ! તું ભોજન કેમ કરતી નથી ? માતાએ કહ્યુંઃ ભક્તામર સ્તોત્ર સાંભળ્યા વિના ભોજન ન કરવાનો મારો નિયમ છે. દરરોજ ગુરુના મુખે ભક્તામર સ્તોત્ર સાંભળ્યા પછી ભોજન કરું છું. પણ આજે અતિશય વર્ષાદના કારણે ઉપાશ્રયમાં જઇ શકાયું નથી. એથી ભક્તામરનું શ્રવણ થયું નથી. આ સાંભળી જશવંતે કહ્યુંઃ મા ! હું દરરોજ તારી સાથે ભક્તામર સાંભળવા આવું છું. આથી મને ભક્તામર યાદ છે. આમ કહીને તેણે સંપૂર્ણ ભક્તામર અત્યંત શુદ્ધિપૂર્વક સંભળાવ્યું. આવો હતો બુદ્ધિશાલી જશવંતકુમાર ! આવી હતી તેની સ્મરણશક્તિ !

**જસવંતકુમારમાંથી યશોવિજયઃ-** પૂ. શ્રી નય વિ. મ. આદિ મુનિઓ વિ. સં. ૧૬૮૭નું ચોમાસુ **'કુણઘેર'** ગામમાં કરીને **'કનોડું'** ગામમાં પધાર્યા. ત્યાં થોડો સમય તેઓશ્રીએ સ્થિરતા કરી. આ વખતે સંતાનોમાં ધાર્મિક સંસ્કારો આવે એ માટે સૌભાગ્યદેવી પોતાના બંને બાળકોને જિનમંદિરમાં અને ઉપાશ્રયમાં મોકલતી હતી. બંને બાળકો દરરોજ ગુરુ પાસે આવીને ધાર્મિક સૂત્રો કંઠસ્થ કરતા હતા. ગુરુને આહાર-પાણી માટે પોતાના ઘરે લઇ જતા હતા. આથી બંને બાળકો ગુરુના નિકટના પરિચયમાં આવ્યા. પરિણામે જશવંતકુમારમાં દીક્ષાની ભાવના થઇ. પૂ. શ્રી નય વિ. મહારાજે તેની આ ભાવના તેના મા-બાપને જણાવીને આ બાળક દીક્ષા લેશે તો મહાન શાસનપ્રભાવક થશે વગેરે કહ્યું. બંનેએ સહર્ષ દીક્ષાની અનુમતિ આપી. વિશેષ શાસનપ્રભાવના થાય એ હેતુથી પાટણમાં દીક્ષા આપવાનો નિર્ણય કર્યો. સ્વબંધુને સંયમ માર્ગે જતો જાણીને પદ્મસિંહને પણ દીક્ષાની ભાવના થઇ. માતા-પિતાએ તેને પણ સહર્ષ દીક્ષાની અનુમતિ આપી. બંનેની વિ. સં. ૧૬૮૮માં પાટણમાં મહોત્સવપૂર્વક દીક્ષા થઇ. આ વખતે જશવંતની વય લગભગ ૯-૧૦ વર્ષની હતી. પદ્મસિંહ એનાથી થોડો નાનો હતો. દીક્ષામાં બંનેનું અનુક્રમે **'યશોવિજય'** અને **'પદ્મવિજય'** એવું નામ રાખવામાં આવ્યું.

**ગુરુપરિચયઃ-** બાદશાહ અકબરના પ્રતિબોધક આચાર્ય શ્રી હીરસૂરીશ્વરજી થયા. તેમના શિષ્ય ઉપાધ્યાય શ્રીકલ્યાણવિજયજી ગણી થયા. તેમના શિષ્ય શ્રી લાભવિજયજી ગણી, તેમના શિષ્ય શ્રી જિતવિજયજી ગણી, તેમના ગુરુભ્રાતા શ્રી નયવિજયજી ગણી હતા. શ્રી યશોવિજયજી અને શ્રી પદ્મવિજયજી એ બંને શ્રી નયવિજયજી ગણીના શિષ્યો બન્યા.

**કાશી-આગ્રામાં વિદ્યાભ્યાસઃ-** દીક્ષા બાદ શ્રી યશોવિજય મહારાજે લગભગ દશ વર્ષ સુધી ગુજરાતમાં રહીને શાસ્ત્રાભ્યાસ કર્યો. આ દરમિયાન તેમણે વિ. સં. ૧૬૯૯માં સંઘ સમક્ષ આઠ મોટાં અવધાનો કર્યાં હતાં. આ વખતે સંઘના આગેવાન શાહ ધનજી સૂરાએ પૂ. શ્રી નય વિ. મ.ને વિનંતિ કરી કે શ્રી યશોવિજય મહારાજ બીજા હેમચંદ્રસૂરિ થાય તેવા છે. તેથી આપ કાશી જઈને તેમને ષડ્દર્શન આદિ ગ્રંથોનો અભ્યાસ કરાવો. એ માટે જે કંઈ ખર્ચ થાય તેનો લાભ હું લઈશ. આથી પૂ. શ્રીનયવિજય મ. આદિએ કાશી તરફ વિહાર કર્યો. કાશીમાં શ્રી યશોવિજય મહારાજે ષડ્દર્શન, પ્રાચીન-નવ્ય ન્યાય આદિનો સંગીન અભ્યાસ કર્યો. અધ્યાપક પંડિતોને રોજનો એક રૂપિયો આપવામાં આવતો હતો. આમાં કુલ બે હજાર રૂપિયાનો ખર્ચ થયો હતો.

ત્રણ વર્ષ કાશીમાં અભ્યાસ કરીને વધુ અભ્યાસ માટે શ્રી યશોવિજય મ. સ્વગુરુ આદિની સાથે આગ્રામાં પધાર્યા. ત્યાં ચાર વર્ષ સુધી અભ્યાસ કર્યો. ખર્ચનો લાભ (સાત સો રૂપિયા) આગ્રાના સંઘે લીધો.

**તીવ્ર સ્મરણ શક્તિઃ-** કાશીમાં અધ્યયન કરતા હતા ત્યારે અધ્યાપક આચાર્યની સાથે થયેલ વાત ઉપરથી શ્રી યશોવિજય મહારાજને જાણવા મળ્યું કે આચાર્યની પાસે એક અત્યંત મહત્ત્વનો ન્યાયગ્રંથ છે. પણ તેઓ અમને ભણાવવામાં સંકોચ અનુભવે છે. આથી શ્રી યશોવિજય મહારાજે જોવાને માટે તે ગ્રંથ માગ્યો. ગ્રંથ મળતાં રાતે પોતે તથા સહાધ્યાયી અન્ય મુનિએ મળીને ગ્રંથનો અર્ધો-અર્ધો ભાગ કંઠસ્થ કરી લીધો. આ રીતે સંપૂર્ણ ગ્રંથ કંઠસ્થ કરીને સવારે એ પાછો આપી દીધો. એ ગ્રંથ લગભગ દશ હજાર શ્લોક પ્રમાણ હતો.

**અવધાન પ્રયોગઃ-** કાશી-આગ્રામાં અભ્યાસ કરીને અજેયવાદી બનેલા શ્રી યશોવિજય મહારાજે અમદાવાદ તરફ વિહાર કર્યો. સ્થળે સ્થળે વાદમાં વિજય મેળવતા તેઓશ્રી અમદાવાદ પધાર્યા. કાશીમાં **"ન્યાય વિશારદ"** બિરુદ મળવાથી અને રસ્તામાં અનેક વાદીઓને જીતવાથી તેઓશ્રી અમદાવાદ વગેરેમાં ખૂબ પ્રસિદ્ધ

બની ચૂક્યાં હતાં. આથી ઘણાં વર્ષો પછી અમદાવાદ પધારતા આ મહાપુરુષના દર્શન આદિ માટે અનેક વિદ્વાનો, ભટ્ટો, વાદીઓ, યાચકો, ચારણો વગેરે ટોળે મળીને સામે આવવા લાગ્યા. તેઓશ્રીએ અમદાવાદ નગરમાં પ્રવેશ કર્યો ત્યારે જૈન સંઘ આદિ વિશાળ મેદનીએ તેઓશ્રીનું સ્વાગત કર્યું. જૈન સંઘ આદિ વિશાળ માનવમેદનીથી પરિવરેલા તેઓશ્રી સ્વગુરુ આદિ સહિત નાગપુરી (નાગોરી) ધર્મશાળામાં પધાર્યા. ગુજરાતના સૂબા મહોબતખાને તેઓશ્રીની પ્રશંસા સાંભળી. આથી તે સૂબાને તઓશ્રીની વિદ્યા જાણવાની ઉત્કંઠા થઇ. તેના નિમંત્રણથી તેઓશ્રીએ રાજદરબારમાં અઢાર અવધાનો કરી બતાવ્યાં. સૂબાએ ખુશ થઇ તેઓશ્રીની બુદ્ધિના વખાણ કર્યા, રાજશાહી આડંબરથી તેઓશ્રીને તેમના સ્થાને લઇ જવામાં આવ્યા.

**વીસસ્થાનક તપ અને ઉપાધ્યાયપદઃ-** ત્યાંર બાદ તેઓશ્રીએ અનેક ગ્રંથોની રચના કરી. સમય જતાં અમદાવાદના સંઘે ગચ્છનાયક આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ સમક્ષ શ્રી યશોવિજય મહારાજને ઉપાધ્યાયપદે સ્થાપવા આગ્રહભરી વિનંતિ કરી. આ દરમિયાન તેઓશ્રીએ વીસસ્થાનક ઓળીનો તપ શરૂ કર્યો. આ તપમાં શ્રી જયસોમવિજયજી આદિ મુનિઓએ તેમની સેવા કરી. વિધિપૂર્વક તપની આરાધના પૂર્ણ થતાં ગચ્છનાયક શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.ના પટ્ટધર શ્રી વિજયપ્રભસૂરિજીએ વિ. સં. ૧૭૧૮માં તેઓશ્રીને ઉપાધ્યાય પદ આપ્યું.

**અનેક બિરુદોઃ-** આ વખતે જૈનધર્મમાં ચોરાશી ગચ્છો હતા. આ બધા ગચ્છોમાં તેઓશ્રીની અસાધારણ વિદ્વાન તરીકે પ્રસિદ્ધિ હતી. વિદ્વાનોમાં તેઓશ્રી **"લઘુ હરિભદ્ર, ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, કૂર્ચાલીશારદ, સૂરગુરુ, તાર્કિક"** આદિ અનેક બિરુદોથી અલંકૃત બન્યા. કાશીમાં વિદ્યાભ્યાસ દરમિયાન તેઓશ્રીએ મહાપંડિતોથી પણ અજેય એક સંન્યાસીને વાદમાં જીતી લીધો. આથી કાશીના રાજાએ તથા બધા પંડિતોએ મળીને તેમને **"ન્યાયવિશારદ"** બિરુદ અપર્ણ કર્યું હતું. તેઓશ્રીએ ન્યાયના સો ગ્રંથોની રચના કરી ત્યારે તે ગ્રંથોને જોઇને પ્રસન્ન બનેલા ભટ્ટાચાર્યોએ મળીને તેઓશ્રીને **"ન્યાયાચાર્ય"** બિરુદ આપ્યું હતું.

**સરસ્વતીમંત્રની સાધનાઃ-** મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે કાશીમાં વિદ્યાભ્યાસ દરમિયાન ગંગા નદીના કિનારે ઐં પદના જાપથી સરસ્વતી દેવીની સાધના કરી હતી. (ઐં એ સરસ્વતીનો મંત્ર છે.) આથી તેઓશ્રીને કઠીન ગ્રંથોના અભ્યાસ માટે અને નવીન ગ્રંથોની રચના માટે સરસ્વતી દેવીની કૃપા

પ્રાપ્ત થઇ હતી. આથી જ તેઓશ્રીએ સ્વરચિત દરેક ગ્રંથના પ્રથમ શ્લોકની શરૂઆત ऐं પદથી કરી છે.

**ગ્રંથ રચના:-** મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે સેંકડો ગ્રંથોની રચના કરી છે. પોતે રચેલા **"જૈન તર્ક પરિભાષા"** ગ્રંથની પ્રશસ્તિમાં તથા **"પ્રતિમા શતક"** ગ્રંથની પ્રસ્તાવનમાં ન્યાય સંબંધી એક સો ગ્રંથોની રચનાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તથા **"રહસ્ય"** શબ્દાંકિત એકસો આઠ ગ્રંથોની રચના કરી છે એવું **"ભાષા રહસ્ય"** ગ્રંથના પ્રારંભમાં તેઓશ્રીએ જણાવ્યું છે. બીજા પણ અનેક પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથો તેઓશ્રીએ બનાવ્યા છે. તથા અન્યના અનેક ગ્રંથો ઉપર તેઓશ્રીએ ટીકા પણ રચી છે. ગુજરાતી ભાષામાં પણ અનેક રચનાઓ કરી છે. તેઓશ્રીએ આગમ, તર્ક, ન્યાય, અનેકાંતવાદ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, અલંકાર, છંદ, યોગ, અધ્યાત્મ, આચાર, ચારિત્ર આદિ અનેક વિષયો ઉપર ગ્રંથ રચના કરી છે. એમણે રચેલા સેંકડો ગ્રંથોમાંથી આજે બહુજ થોડા ગ્રંથો ઉપલબ્ધ થાય છે. આજે ઉપલબ્ધ થતા થોડા પણ ગ્રંથો ઘણા ઘણા ઉપકારક બની રહ્યા છે.

**ગ્રંથરચના શૈલી:-** દરેક ગ્રંથોમાં તેઓશ્રીનું અદ્ભુત પાંડિત્ય જોવા મળે છે. તેમની તર્કશક્તિ અને સમાધાન કરવાની શક્તિ અપૂર્વ છે. પૂર્વાચાર્ય પ્રણીત ગ્રંથોમાં જુદી પડતી અનેક બાબતોમાં તેઓશ્રીએ યુક્તિયુક્ત સમાધાન કર્યું છે. યદ્યપિ તેઓશ્રીની રચનામાં સ્થળે સ્થળે નવ્યન્યાયની ભાષાની છાંટ જોવા મળે છે, એથી સામાન્ય જીવોને સમજવામાં કઠીનતા પડે એ સહજ છે. આમ છતાં એમાં સુંદર અર્થો ભરેલા હોવાથી વિદ્વાનો માટે આનંદદાયક બને છે. એમના ગ્રંથોના સારને પામ્યા વિના શ્રી જિનશાસનનું યથાર્થ જ્ઞાન આજે દુ:શક્ય છે. જો વિદ્વાનો પરિશ્રમ લઇને તેમના ગ્રંથોનો સરળ ભાષામાં ભાવાનુવાદ કરે તો સામાન્ય જીવોને પણ તેમાંથી ઘણું જાણવાનું મળી શકે.

**નિડરતા અને નિ:સ્પૃહતા:-** સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા એ પંચાંગી સ્વરૂપ શ્રી જિનપ્રવચનથી જરા પણ ફેરફાર બોલનારની તેઓશ્રીએ સખત ઝાટકણી કાઢી છે. સ્થાનકવાસી અને દિગંબરોની જિનવચનથી વિરુદ્ધ માન્યાતાઓનું યુક્તિથી ખંડન કર્યું છે. કેવલ નિશ્ચયને કે કેવલ વ્યવહારને પકડનારાઓ સામે લાલબત્તી ધરી છે. સ્થળે સ્થળે નિશ્ચય અને વ્યવહાર એ બંનેનું (બંનેની સાથે જરૂરિયાતનું) સમર્થન કર્યું છે. તેઓશ્રી સાધુઓમાં પ્રવેશેલી શિથિલતા સામે પણ અંગુલિનિર્દેશ કર્યા વિના રહ્યા નથી. કુમતોનું યુક્તિયુક્ત ખંડન કરવાથી

તેમના અનેક દુશ્મનો પણ ઊભા થયા હતા. પણ તેઓશ્રીએ તેની જરાપણ પરવા કરી નથી. આના કારણે આવેલી મુશ્કેલીઓને ધીરતાથી સહન કરી હતી. આનાથી એ પણ સિદ્ધ થાય છે કે તેઓશ્રી માન-સન્માનની આકાંક્ષાથી અને ભયથી મુક્ત હતા. કારણ કે માન-સન્માનની વૃત્તિવાળા અને ડરપોક જીવો આ રીતે સત્યનું સમર્થન કરી શકે નહિ. આથી તેઓશ્રી નિઃસ્પૃહ હોવા સાથે નીડર પણ હતા. તેઓશ્રીએ નિઃસ્પૃહ અને નીડર બનીને અસત્યનું ઉન્મૂલન અને સત્યનું સમર્થન કરવા વડે શાસનની અમૂલ્ય સેવા કરી છે.

**ધર્મસંગ્રહમાં પ્રશંસાઃ-** આ મહાપુરુષના સમકાલીન મહોપાધ્યાય શ્રીમાનવિજયજી ગણિવરે સ્વરચિત ધર્મસંગ્રહ ગ્રંથની પ્રશસ્તિમાં તેઓશ્રીની પ્રશંસા કરતાં લખ્યું છે કે -"જે મહાપુરુષ સત્યતર્કથી ઉત્પન્ન થયેલી તીક્ષ્ણબુદ્ધિ વડે સમગ્ર દર્શનોમાં અગ્રેસર બન્યા છે, તપગચ્છમાં મુખ્ય બન્યા છે, કાશીમાં અન્યદર્શનીઓની સભામાં જીતીને શ્રેષ્ઠ જૈન મતના પ્રભાવને જેમણે વિસ્તાર્યો છે, જેઓએ તર્ક પ્રમાણ અને ન્યાય આદિથી યુક્ત પ્રકૃષ્ટ ગ્રંથ રચના વડે પ્રાચીન મુનિઓનુ શ્રુતકેવલીપણું આ કાળમાં પ્રગટ બતાવી આપ્યું છે, તે શ્રીયશોવિજયજી ઉપાધ્યાય સર્વ ઉપાધ્યાયોમાં મુખ્ય છે. આ ધર્મસંગ્રહ ગ્રંથ તૈયાર થયા પછી શ્રીમાનવિજયજી મહારાજે શ્રી ઉપાધ્યાયજી (યશોવિજય) મહારાજની પાસે શોધાવ્યો છે."

**સ્વર્ગવાસઃ-** તેઓનું અંતિમ ચાતુર્માસ વિ. સં. ૧૭૪૩માં વડોદરા શહેરની પાસે આવેલ ડભોઇ (દર્ભાવતી) ગામમાં થયું હતું. ત્યાં જ વિ સં. ૧૭૪૪માં તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો હતો. અગ્નિ સંસ્કારના સ્થળે તેઓશ્રીનું સ્મારક બનાવવામાં આવ્યું છે. ત્યાં તેમની ચરણપાદુકાની સ્થાપના કરવામાં આવી છે. તેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૭૪૫માં કરવામાં આવી છે.

# વિષયાનુક્રમ


| વિષય | ગાથાંક |
|---|---|
| અનુબંધ ચતુષ્ટય | ૧ |
| ઉત્સર્ગ-અપવાદ | ૨ |
| અપરિણત-અતિપરિણત-પરિણત | ૨ |
| યતિનાં સાત લક્ષણો | ૩-૪ |
| **૧ માર્ગનુસારી ક્રિયા** | |
| કેવી ક્રિયા માર્ગાનુસારી છે ? | ૫ |
| માર્ગનું સ્વરૂપ | ૬ |
| સમ્યગ્જ્ઞાનત્રિક માર્ગ છે, તો અહીં શાસ્ત્ર અને આચરણાને માર્ગ કેમ કહ્યો ? | ૬ |
| આગમનું વચન જ પ્રવર્તક-નિર્વતક | ૬ |
| જ્યાં શાસ્ત્ર ત્યાં સર્વજ્ઞ | ૬ |
| આજે શાસ્ત્રાભ્યાસ કેમ મંદ બનેલ છે ? | ૬ |
| સર્વાર્થસંસિદ્ધિ એટલે શું ? | ૬ |
| બહુજન આચીર્ણને માર્ગ કહેવો એ યુક્ત છે. | ૬ |
| પાંચ પ્રકારનો વ્યવહાર | ૬ |
| કેટલીક આચરણાનો સાક્ષાત્ ઉલ્લેખ | ૭-૮-૯ |
| કેવી આચરણાને પ્રમાણ માનવી ? | ૧૦-૧૧ |
| કેવી આચરણને પ્રમાણ ન માનવી ? | ૧૨-૧૩-૧૪ |
| બીજી રીતે માર્ગનું લક્ષણ | ૧૫ |
| વિશેષજ્ઞાન વિના પણ ગુરુને આધીન બનેલામાં માર્ગાનુસારિતા ઘટે. | ૧૬-૧૭ |
| માર્ગાનુસારિતા ક્યારે પ્રાપ્ત થાય ? | ૧૮ |
| ત્રણ અવંચક | ૧૮ |
| માર્ગાનુસારીક્રિયા ભાવચારિત્રનું લિંગ કેવી રીતે ? | ૨૦-૨૧-૨૨ |
| વિશિષ્ટ જ્ઞાન વિના પણ માર્ગા૦ ભાવ ચા૦નું લિંગ છે. | ૨૩-૨૪ |
| રુચિરૂપ સમ્યક્ત્વ ભાવ સમ્યક્ત્વ છે. | ૨૫-૨૬-૨૭ |
| અપુનર્બંધકની માર્ગા૦ ક્રિયા ભાવચારિત્રનું લિંગ કેવી રીતે ? | ૨૮-૨૯-૩૦ |
| **૨ પ્રજ્ઞાપનીયતા** | |
| કોનામાં કયા કારણથી પ્રજ્ઞાપનીયતા હોય ? | ૩૧ |
| શાસ્ત્રમાં અનેક પ્રકારનાં સૂત્રો હોય | ૩૩ |
| પ્રજ્ઞાપનીયને ગુરુ કેવી રીતે સમજાવે ? | ૩૪થી૪૨ |
| બોધ કરવાના ચાર ઉપાયો | ૪૩ |
| અપ્રજ્ઞાપનીયને ન સમજાવી શકાય. | ૪૪ |
| **3 ઉત્તમશ્રદ્ધા** | |
| ઉત્તમશ્રદ્ધાનાં ચાર લક્ષણો | ૪૫ |
| **૧ વિધિ સેવા** | |
| દ્રવ્યાદિની પ્રતિકૂળતામાં પણ વિધિનો પક્ષપાત | ૪૬થી૫૧ |
| જીવવધ થવા છતાં જીવવધની પ્રતિજ્ઞાનો ભંગ નહિ. | ૫૨ |
| લોકોની અને સાધુની આત્મરક્ષામાં ભેદ | ૫૩-૫૪-૫૫ |
| જીવવધથી ગૃહસ્થને કર્મબંધ, શુદ્ધ સાધુને નહિ | ૫૬ |

| વિષય | ગાથાંક |
|---|---|
| પરિણામ પ્રમાણે બંધ-નિર્જરા | ૫૭ |
| જેટલા સંસારહેતુ તેટલા જ મોક્ષહેતુ | ૫૮ |
| સમાન ક્રિયાથી કર્મબંધ પણ થાય અને નિર્જરા પણ થાય. | ૫૯ |
| સંસારના હેતુઓ પણ મોક્ષના હેતુ બને અને મોક્ષના હેતુઓ પણ સંસારના હેતુ બને. | ૬૦-૬૧ |
| બાહ્યવસ્તુથી બંધ નથી તો યતના શા માટે કરવી ? | ૬૨-૬૩-૬૪ |
| વેશધારી સાધુ ભાવસાધુ કેમ નહિ ? | ૬૫ |
| **૨ અતૃપ્તિ** | |
| શ્રદ્ધાળુ સાધુને ધર્મકાર્યમાં સદા અતૃપ્તિ | ૬૬થી૬૯ |
| **૩ વિશુદ્ધ દેશના** | |
| કેવો સાધુ વિશુદ્ધ દેશનાને યોગ્ય છે ? | ૭૦ |
| કેવો સાધુ શત્રુના સ્થાને રહેનારો છે ? | ૭૧-૭૨ |
| ભાષાની વિશેષતાને ન જાણનારાનો ઉપદેશ મિથ્યા છે. | ૭૩-૭૪ |
| વિષમ પ્રસંગે પણ ગીતાર્થો શ્રુતાનુસારી બોલી શકે છે. | ૭૫થી૮૨ |
| સાધુ મનોહર દેશના આપે | ૮૩ |
| મધ્યસ્થ જ દેશના આપવાને લાયક છે. | ૮૪ |
| વિવાદાસ્પદ બાબતમાં ગીતાર્થોને શું ઉચિત છે ? | ૮૫-૮૬ |
| ઉત્સૂત્ર પ્રરૂપણાનાં કટુવિપાકો | ૮૭ |
| ગારવરસિકો પ્રમાદરૂપ ખાડામાં પડે છે. | ૮૮-૮૯ |
| કદાગ્રહી દોષને ગુણ માને છે. | ૯૦ |
| કદાગ્રહી પુષ્ટ કારણમાં પણ અપવાદ ન સેવે. | ૯૧ |
| વિશુદ્ધ શ્રદ્ધાવાળા નિયતવાસાદિમાં સંમતિ ન આપે | ૯૨ |
| સ્વ-પરના હિતકાંક્ષી સાધુ શું કરે ? | ૯૩ |
| અપાત્રમાં દેશનાથી અનર્થો | ૯૪-૯૫-૯૬ |
| યોગ્યને જ ધર્મોપદેશ અપાય. | ૯૭-૯૮ |
| **૪ સ્ખલિતપરિશુદ્ધિ** | |
| શ્રદ્ધાળુ સાધુ અતિચારોની શુદ્ધિ કરે. | ૯૯-૧૦૦ |
| **૪ ક્રિયામાં અપ્રમાદ** | |
| અપ્રમાદથી જ ક્રિયાઓ સફલ બને | ૧૦૧-૧૦૨ |
| પ્રમાદીની ક્રિયા છકાયવિઘાતક બને | ૧૦૩ |
| અપ્રમાદી કેવો હોય ? | ૧૦૪-૧૦૫ |
| અપ્રમાદવૃદ્ધિ મોક્ષલાભનો હેતુ છે | ૧૦૬ |
| અપ્રમાદથી અશુભ અનુબંધ તૂટે | ૧૦૭ |
| ચૌદપૂર્વીઓ નિગોદમાં ગયા તેનાં કારણો | ૧૦૭ |
| અનુબંધને તોડવાનો પ્રયત્ન નકામો ન જાય. | ૧૦૭ |
| અશુભ અનુબંધના વિચ્છેદથી અકરણનિયમ | ૧૦૭ |
| કંટક-જ્વર-દિશામોહ તુલ્ય ત્રણ વિઘ્નો | ૧૦૮ |
| ક્ષાયોપશમિકભાવથી કરેલું અનુષ્ઠાન બંધ થાય તો પણ ફરી શુભભાવની વૃદ્ધિ કરનારું બને | ૧૦૯ |
| વીર્યને ગોપવ્યા વિના કરાતો ઉદ્યમ અપ્રમાદનો કષપટ્ટ છે. | ૧૧૦ |

| વિષય | ગાથાંક |
|---|---|
| શક્તિ હોવા છતાં સંયમમાં સીદાતાનું ચારિત્ર વિશુદ્ધ ન બને. | ૧૧૧ |
| **૫ શક્ય અનુષ્ઠાન પ્રારંભ** | |
| ત્રણ પ્રત્યય | ૧૧૨ |
| ગુરુની અવજ્ઞા કરીને અશક્ય અનુષ્ઠાન કરનાર સંસારમાં ભમે. | ૧૧૩-૧૧૪ |
| આત્મોત્કર્ષથી અશક્યનો પ્રારંભ થાય. | ૧૧૫ |
| સંઘયણને અનુરૂપ શક્ય અનુષ્ઠાન કરનાર અસંયમમાં પડતો નથી. | ૧૧૬ |
| શિથિલ ખોટાં આલંબનો લઈને શક્યને પણ મૂકી દે | ૧૧૭-૧૧૮ |
| પ્રતિકૂળ સંયોગોમાં યતનાથી વર્તવું. | ૧૧૯ |
| **૬ ઉત્તમગુણાનુ રાગ** | |
| સમ્યગદષ્ટિને પણ ગુણમાં રાગ હોય. | ૧૨૦ |
| શ્રીવીરનાથે અતિમુક્તની પ્રશંસા કરી | ૧૨૧ |
| વિવિધ રીતે ગુણરાગનું સમર્થન | ૧૨૨થી૧૨૬ |
| ગુણહીન સ્વજનાદિ પ્રત્યે રાગ ન થાય. | ૧૨૭ |
| ગુરુબંધુ વગેરે સુગતિમાં ન લઈ જાય | ૧૨૮ |
| ક્ષમાશ્રમણોના હસ્તથી એમ શા માટે કહે ? | ૧૨૯થી૧૩૧ |
| દોષલેશને બોલીને ગુણસંપન્નમાં ગુણાનુરાગ ધારણ ન કરનારમાં ચારિત્ર નહિ. | ૧૩૨ |
| ગુણ-દોષમાં મધ્યસ્થતા અવિવેકવાળી છે. | ૧૩૩ |
| ગુણરાગીને ગુણસંપન્ન ઉપર સ્વજનથી પણ અધિક રાગ હોય | ૧૩૪ |
| ગુણાનુરાગનું ફલ | ૧૩૫ |
| **૭ ગુર્વાજ્ઞાની પરમ્ આરાધના** | |
| ગુર્વાજ્ઞાની આરાધનાથી શ્રેષ્ઠ બીજો કોઈ ગુણ નથી | ૧૩૬ |
| ત્રણના ઉપકારનો બદલો વાળવો દુઃશક્ય છે. | ૧૩૭ |
| ગુર્વાજ્ઞાનું પાલન ન કરવાથી થતા દોષો | ૧૩૮ |
| ગુરુકુલવાસથી થતા લાભો | ૧૩૯ |
| ગુરુકુલવાસમાં દોષો પણ ગુણરૂપ બને | ૧૪૦થી૧૪૨ |
| ગુર્વાજ્ઞાના ત્યાગમાં જિનાજ્ઞા ન રહે | ૧૪૩-૧૪૪ |
| ગુર્વાજ્ઞાની પ્રધાનતામાં ગ્રામાધ્યક્ષ-રાજાનું દૃષ્ટાંત | ૧૪૫ |
| તીર્થંકરવચનના પાલનમાં આચાર્ય વચનનું પાલન, આચાર્યવચનના પાલનમાં તીર્થંકર વચનનું પાલન | ૧૪૬-૧૪૭-૧૪૮ |
| ગૌતમસ્વામીના દૃષ્ટાંતથી ગુરુકુલવાસનું મહત્ત્વ | ૧૪૯ |
| કૂલવધૂના દૃષ્ટાંતથી ગુરુકુલવાસનો અત્યાગ | ૧૫૦ |
| ક્ષમાદિગુણોની વૃદ્ધિ ગુરુકુલવાસમાં થાય | ૧૫૧થી૧૫૪ |
| ગુરુની દૃષ્ટિ સમક્ષ રહેવાથી દોષોથી બચાય | ૧૫૫ |
| કેવા સાધુને એકલા વિહારની અનુજ્ઞા છે ? | ૧૫૬-૧૫૭-૧૫૮ |

| વિષય | ગાથાંક |
|---|---|
| ગીતાર્થ-ગીતાર્થ નિશ્રિત એમ બે વિહાર | ૧૫૯ |
| એકલા વિચરનારને થતા દોષો | ૧૬૦ |
| જાત-અજાતકલ્પ, સમાપ્ત-અસમાપ્તકલ્પ | ૧૬૧-૧૬૨-૧૬૩ |
| બીજો તેવો ન મળે તો જ એકાકી વિહાર | ૧૬૪ |
| જનાપવાદના ભયથી એકાકી ન વિચરે | ૧૬૫-૧૬૬ |
| જિનાજ્ઞા મુજબ એકાકીવિહારમાં ગુરુકુલવાસનો ત્યાગ થતો નથી. | ૧૬૭ |
| ગુણવાન જ ગુરુ ગુરુ તરીકે ઇષ્ટ છે. | ૧૬૮-૧૭૦ |
| ગુરુમાં કયા ગુણો હોવા જોઇએ ? | ૧૭૧થી૧૭૮ |
| અલ્પદોષમાં પણ ગુરુને ઉચિત હિતશિક્ષા આપવી. | ૧૭૯-૧૮૦ |
| ગુરુની અવહીલનાથી સંસાર પરિભ્રમણ | ૧૮૦ |
| પંથક મુનિએ 'સુશિષ્ય' એવું વિશેષણ પ્રાપ્ત કર્યું | ૧૮૧ |
| શૈલકસૂરિ-પંથકમુનિના દૃષ્ટાંત વિષે વિવિધ વિચારણા | ૧૮૨થી૨૦૩ |
| મુગ્ધશિષ્યોનો ડૂબાડનારા પાપી છે. | ૨૦૪ |
| સંવિગ્નપાક્ષિકનાં લક્ષણો | ૨૦૫-૨૦૬ |
| સંવિગ્નપાક્ષિક-શુક્લપાક્ષિક-કૃષ્ણપાક્ષિક | ૨૦૬ |
| આચરણ શક્ય ન બને તો પણ પ્રરૂપણા શુદ્ધ કરે | ૨૦૭ |
| શિથિલ પણ સત્યપ્રરૂપક કર્મ નિર્જરા કરે | ૨૦૮ |
| ચરણસિતરી-કરણસિતરી | ૨૦૮ |
| મુહપત્તિના પડિલેહણની વિધિ | ૨૦૮ |
| વિવિધ રીતે સંવિગ્નપાક્ષિકનું વર્ણન | ૨૦૯ |
| ગુરુની અવજ્ઞા કરનાર સાધુ પાપ શ્રમણ છે. | ૨૧૫ |
| ગુણાધિક શિષ્યે પણ ગુરુની અવજ્ઞા ન કરવી. | ૨૧૬ |
| સાતગુણોને ધારણ કરનારા સાધુની પ્રશંસા | ૨૧૭-૨૧૮ |
| આ કાળમાં પણ આવા સાધુ છે. | ૨૧૯ |
| સાધુઓ નથી એમ કહેનારને પ્રાયશ્ચિત્ત | ૨૨૦-૨૨૧-૨૨૨ |
| સૂક્ષ્મદોષોથી ભાવચારિત્રનો નાશ ન થાય | ૨૨૩ |
| પાંચ પ્રકારના સાધુઓ | ૨૨૪ |
| કોનામાં ભાવ સાધુપણું હોય ? | ૨૨૫ |
| ગ્રંથ રચનાનો હેતુ | ૨૨૬ |
| ગ્રંથકારની પ્રાર્થના | ૨૨૭ |

॥ ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિગુરુભ્યો નમઃ ॥
॥ ऐं नमः ॥

## न्यायविशारद-न्यायाचार्य-महोपाध्याय
## श्री यशोविजयजी गणि विरचितं
# श्रीयतिलक्षणसमुच्चयप्रकरणम्

卐卐卐

**सिद्धत्थरायपुत्तं, तित्थयरं पणमिऊण भत्तीए ॥**
**सुत्तोइअणीईए, सम्मं जइलक्खणं वुच्छम् ॥१॥**

सिद्धार्थराजपुत्रं, तीर्थकरं प्रणम्य भक्त्या ॥
सुत्रोदितनीत्या, सम्यग्यतिलक्षणं वक्ष्ये ॥ १ ॥

સિદ્ધાર્થ રાજાના પુત્ર (શ્રી વીર) તીર્થંકરને ભક્તિથી પ્રણામ કરીને સૂત્રોક્ત નીતિથી (=સૂત્રમાં કહ્યા પ્રમાણે) સત્ય યતિલક્ષણને કહીશ.

### અનુબંધ ચતુષ્ટય

**વિશેષાર્થ:-** આ ગાથામાં ગ્રંથકારશ્રીએ મંગલ, વિષય (=અભિધેય), પ્રયોજન અને સંબંધ એ અનુબંધ ચતુષ્ટયનો નિર્દેશ કર્યો છે. તે આ પ્રમાણે-

**મંગલ-** "સિદ્ધાર્થ રાજાના પુત્ર (શ્રી વીર) તીર્થંકરને ભક્તિથી પ્રણામ કરીને" એ પદોથી વિઘ્નોને દૂર કરવાનું કારણ અને શાસ્ત્રનું મૂળ એવું મંગલ કર્યું છે. શાસ્ત્રના પ્રારંભમાં મંગલ કરવાથી શાસ્ત્રરચના કરવામાં આવનારાં વિઘ્નો દૂર થાય છે. માટે મંગલ વિઘ્નોને દૂર કરવાનું કારણ છે. વિઘ્ન વિના શાસ્ત્ર પૂર્ણ થાય એ માટે શિષ્ટ પુરુષો શાસ્ત્રના પ્રારંભમાં મંગલ કરે છે. માટે મંગલ શાસ્ત્રનું મૂળ છે. વિઘ્નના વિનાશ માટે મંગલ કરવું જોઈએ. કહ્યું છે કે -

बहुविग्घाइं सेयाइं तेण कयमंगलोवयारेहिं।
सत्थे पयट्टियव्वं, विज्जाए महानिहीए व्व॥ વિશેષા. ૧૨॥

"કલ્યાણકારી કાર્યો બહુ વિઘ્નવાળાં હોય છે. આથી શાસ્ત્રમાં વિદ્યા અને મહાનિધાનની જેમ મંગલ અને (ઉપચાર=) ધર્માચરણ પૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ."

## શિષ્યપ્રવૃત્તિ માટે મંગલ

**પૂર્વપક્ષઃ-** ગ્રંથના પ્રારંભમાં વાચિક નમસ્કારરૂપ મંગલ વાક્યનો ઉલ્લેખ કર્યા વિના જ માનસિક નમસ્કાર, તપશ્ચર્યા આદિ અન્ય મંગલથી જ વિઘ્નોનો વિનાશ થઈ જવાથી ઈષ્ટકાર્યની સિદ્ધિ થઈ જશે. આથી ગ્રંથનું કદ વધારનારા વાચિક નમસ્કારની જરૂર નથી.

**ઉત્તરપક્ષઃ-** વાત સત્ય છે. માનસિક નમસ્કાર આદિથી વિઘ્ન વિનાશ થઈ શકતો હોવા છતાં જો ગ્રંથના પ્રારંભમાં ઈષ્ટદેવનમસ્કારરૂપ મંગલવાક્યનો ઉલ્લેખ ન કરવામાં આવે તો કોઈક પ્રમાદી શિષ્ય ઈષ્ટદેવ નમસ્કારરૂપ મંગલ કર્યા વિના જ ગ્રંથનું અધ્યયન, શ્રવણ વગેરે કરે, આથી તેને વિઘ્ન આવવાનો સંભવ હોવાથી તેની તે ગ્રંથમાં પ્રવૃત્તિ ન થાય. ગ્રંથમાં મંગલ વાક્યનો ઉલ્લેખ કરવાથી પ્રમાદી શિષ્ય પણ મંગલ વાક્યના પાઠપૂર્વક અધ્યયન આદિ કરે. એ મંગલવચનથી થયેલા દેવસંબંધી શુભ ભાવથી, વિઘ્નો દૂર થવાથી શાસ્ત્રમાં નિર્વિઘ્ન પ્રવૃત્તિ થાય છે. ગ્રંથના પ્રારંભમાં વાચિક નમસ્કાર કરવાથી બીજો લાભ એ થાય છે કે આ શાસ્ત્ર અમુક દેવે કહેલા આગમને અનુસરનારું છે માટે ઉપાદેય છે એવી બુદ્ધિ થાય છે. આથી શિષ્ય તેમાં પ્રવૃત્તિ કરે છે. આમ શિષ્ય પ્રવૃત્તિ માટે પણ ગ્રંથના પ્રારંભમાં મંગલવાક્યનો ઉલ્લેખ કરવાની જરૂર છે. કહ્યું છે કે-

मंगलपुव्वपत्तो, पमत्तसीसोवि पारमिह जाइ ।
सत्थे विसेसणाणा, तु गोरवादिह पयट्टेजा ॥१॥

"ગ્રંથના પ્રારંભમાં મંગલવચનના ઉલ્લેખથી પ્રમાદી શિષ્ય પણ મંગલપૂર્વક પ્રવૃત્તિ કરીને શાસ્ત્રના પારને પામે છે, તથા વિશેષ પ્રકારના

(આ શાસ્ત્ર અમુક દેવે કહેલા આગમને અનુસરનારું છે એવા) જ્ઞાનથી ગૌરવપૂર્વક શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરે.''

## શિષ્ટાચારપાલન માટે મંગલ

**પૂર્વપક્ષઃ-** પ્રારંભમાં મંગલવચનના ઉલ્લેખ વિના પણ ઘણાં શાસ્ત્રો પૂર્ણ થયેલાં દેખાતાં હોવાથી અને તે શાસ્ત્રોમાં શ્રોતાઓની પ્રવૃત્તિ પણ દેખાતી હોવાથી મંગલ વિના પણ ચાલી શકે છે. આથી ગ્રંથનું કદ વધારનાર આ મંગલવચનની જરૂર નથી.

**ઉત્તરપક્ષઃ-** તમારી વાત સત્ય છે. પણ શિષ્ટાચારના પાલન માટે મંગલનો ઉલ્લેખ જરૂરી છે. શિષ્ટ પુરુષો ઈષ્ટકાર્યમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે પ્રાયઃ ઈષ્ટદેવને નમસ્કાર કરીને કરે છે. આ ગ્રંથકાર (મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ) પણ શિષ્ટ છે. આથી શિષ્ટાચારના પાલન માટે મંગલવચન જરૂરી છે. કહ્યું છે કે-

**શિષ્ટાઃ શિષ્ટત્વમાયાન્તિ શિષ્ટમાર્ગાનુપાલનાત્।**
**તલ્લંઘનાદશિષ્ટત્વં, તેષાં સમનુપદ્યતે ॥ ૧ ॥**

''શિષ્ટપુરુષો શિષ્ટમાર્ગનું પાલન કરવાથી શિષ્ટપણાને પામે છે, શિષ્ટ માર્ગનું ઉલ્લંઘન કરવાથી અશિષ્ટપણું પામે છે.''

**વિષયઃ-** જેનું વર્ણન કરવાનું હોય તેને વિષય (=અભિધેય) કહેવામાં આવે છે. આ ગ્રંથમાં શું કહેવામાં આવ્યું છે એમ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી વિચાર પૂર્વક પ્રવૃત્તિ કરનારા બુદ્ધિમાન પુરુષો ગ્રંથમાં પ્રવૃત્તિ ન કરે. આથી ગ્રંથના પ્રારંભમાં અભિધેય કહેવું જોઈએ. પ્રસ્તુતમાં ''યતિલક્ષણ''ને એમ કહીને અભિધેય જણાવ્યું છે. આ ગ્રંથનો વિષય 'યતિનાં લક્ષણો' છે, અર્થાત્ આ ગ્રંથમાં યતિનાં લક્ષણો કહેવામાં આવશે.

**પ્રયોજનઃ-** પ્રયોજન એટલે હેતુ. કયા હેતુથી આ ગ્રંથ રચવામાં આવ્યો છે? આ ગ્રંથની રચનાનું ફળ શું છે? તે જણાવવું જોઈએ. કારણ કે પ્રેક્ષાકારી પુરુષો પ્રયોજનને (=હેતુને કે ફળને) જાણ્યા વિના પ્રવૃત્તિ ન કરે. પ્રસ્તુતમાં ''સત્ય'' એમ કહીને પ્રયોજન જણાવ્યું છે. યતિનાં

સાચાં લક્ષણોને જણાવવા એ પ્રયોજન છે, અર્થાત્ યતિનાં સાચાં લક્ષણો જણાવવાં માટે આ ગ્રંથની રચના કરી છે. પ્રયોજનના સામાન્ય અને વિશેષ એમ બે પ્રકાર છે. તેમાં અહીં ''યતિનાં સાચાં લક્ષણોનું જ્ઞાન થાય'' એ વિશેષ પ્રયોજન છે. સામાન્ય પ્રયોજન તો મોક્ષ જ છે. જો કે પ્રસ્તુતમાં સામાન્ય પ્રયોજનનો સાક્ષાત્ નિર્દેશ કર્યો નથી, તો પણ અભિધેય અને વિશેષ પ્રયોજનના નિર્દેશથી ગર્ભિત રીતે કહેવાઈ ગયો છે. કારણ કે અહીં યતિનાં લક્ષણો જણાવવાના છે. જે મોક્ષ માટે મહેનત કરે તે યતિ કહેવાય. આમ યતિ શબ્દની વ્યાખ્યામાં જ મોક્ષ આવી જાય છે.

**સંબંધઃ-** ''આ ગ્રંથનું આ ફળ છે'' એવો જે યોગ (=ગ્રંથનો ફલની સાથે સંબંધ) તે સંબંધ કહેવાય છે. પ્રસ્તુતમાં સાધ્ય-સાધન સંબંધ છે. સાધ્ય એટલે જે સિદ્ધ કરવાનું હોય (=પ્રાપ્ત કરવાનું હોય) તે. બીજા શબ્દોમાં કહીએ તો સાધ્ય એટલે પ્રયોજન=ફલ. સાધ્યને જે સિદ્ધ કરી આપે તે સાધન. પ્રસ્તુતમાં યતિનાં સાચાં લક્ષણોનો બોધ સાધ્ય છે. આ ગ્રંથ તેનું સાધન છે. આમ ગ્રંથનો ફલની સાથે સંબંધ તે સાધ્ય-સાધન સંબંધ. મૂળ ગાથામાં સાધ્ય-સાધનરૂપ સંબંધનો સાક્ષાત્ નિર્દેશ ન કર્યો હોવા છતાં પ્રયોજનના નિર્દેશથી ગર્ભિત રીતે સાધ્ય-સાધન રૂપ સંબંધનો પણ નિર્દેશ થઈ ગયો છે.

**સૂત્રોક્ત નીતિથીઃ-** (=ગણધરપ્રણીત સૂત્રોના આધારે) એમ કહીને ''આ ગ્રંથમાં સ્વતંત્રપણે નહિ પણ સર્વજ્ઞના વચનના આધારે કહીશ'' એમ જણાવ્યું છે. આમ જણાવીને ગ્રંથકારે આ ગ્રંથની વિશ્વસનીયતાનું સૂચન કર્યું છે. સર્વજ્ઞનું વચન વિશ્વસનીય જ હોય. કારણ કે સર્વજ્ઞમાં અસત્ય બોલવાના કારણો નથી. રાગ-દ્વેષ અને મોહ (=અજ્ઞાનતા) એ ત્રણ અસત્ય બોલવામાં કારણો છે. પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે કે-

रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् ।
यस्य नैते दोषास्तस्यानृतकारणं किं स्यात् ॥

''રાગ-દ્વેષ કે મોહથી અસત્ય વચન બોલાય છે. જેમાં આ ત્રણ દોષો નથી તેને અસત્ય બોલવાનું પ્રયોજન શું હોય ? અર્થાત્ ન હોય.'' સર્વજ્ઞમાં રાગ-દ્વેષ અને મોહ (અજ્ઞાનતા) ન હોય. [૧]

**उस्सग्गववायाणं, जयणाजुत्तो जई सुए भणिओ ॥**
**बिंति अ पुव्वायरिआ, सत्तविहं लक्खणं तस्स ॥२॥**
उत्सर्गापवादयो-र्यतनायुक्तो यतिः श्रुते भणितः ॥
ब्रुवन्ति च पूर्वाचार्याः, सप्तविधं लक्षणं तस्य ॥२॥

યતિ ઉત્સર્ગ-અપવાદથી યુક્ત હોય (=ઉત્સર્ગ-અપવાદ એ બંનેનું યથાયોગ્ય સેવન કરનારો હોય) એમ શાસ્ત્રમાં કહ્યું છે. તે યતિનું લક્ષણ સાત પ્રકારનું છે, અર્થાત્ યતિનાં સાત લક્ષણો છે, એમ પૂર્વાચાર્યો કહે છે.

## ઉત્સર્ગ-અપવાદ

**વિશેષાર્થઃ-** ઉત્સર્ગ-અપવાદ-**सामान्योक्तो विधिरुत्सर्गः**=સામાન્યથી કહેલો વિધિ ઉત્સર્ગ છે. **विशेषोक्तो विधिरपवादः** = વિશેષથી કહેલો વિધિ અપવાદ છે. જેમકે - શ્રાવકથી સાધુને આધાકર્મી આદિ દોષિત આહાર ન વહોરાવાય એ ઉત્સર્ગ સૂત્ર છે. પણ માંદગી આદિ પુષ્ટ કારણથી આધાકર્મી આદિ દોષિત પણ આહાર વહોરાવી શકાય એ અપવાદ સૂત્ર છે. મોક્ષની સાધનામાં ઉત્સંર્ગ અને અપવાદ એ બંનેનું યથાયોગ્ય સેવન કરવું જરૂરી છે.

## અપરિણત-અતિપરિણત-પરિણત

ઉત્સર્ગ-અપવાદના સેવનને આશ્રયીને સાધુના અપરિણત, અતિપરિણત અને પરિણત એમ ત્રણ પ્રકાર છે. જે સાધુની મતિ કેવલ ઉત્સર્ગમાં જ રહે, અર્થાત્ જે સાધુ કેવલ ઉત્સર્ગ માર્ગે જ ચાલે, અપવાદને સેવવાની જરૂર હોવા છતાં અપવાદને ન સેવે, તે અપરિણત છે. જે સાધુની મતિ કેવલ અપવાદમાં હોય, અર્થાત્ જે સાધુ કેવલ અપવાદ માર્ગે જ ચાલે, અપવાદને સેવવાનું પુષ્ટ કારણ ન હોવા છતાં અપવાદને સેવે તે અતિપરિણત છે. જે સાધુની મતિ ઉત્સર્ગ અને અપવાદ એ બંનેમાં હોય, અર્થાત્ અપવાદને સેવવાનું પુષ્ટ કારણ ન હોય ત્યારે ઉત્સર્ગને સેવે અને અપવાદને સેવવાનું પુષ્ટ કારણ હોય ત્યારે અપવાદને સેવે તે પરિણત છે.

જેમ ઉત્સર્ગના સમયે ઉત્સર્ગ માર્ગે ચાલનાર આરાધક છે, તેમ અપવાદના સમયે અપવાદ માર્ગે ચાલનાર પણ આરાધક છે. હા, એટલું

ચોક્કસ છે કે - અપવાદના સેવનમાં પુષ્ટ કારણ હોવું જોઈએ. પોતાનું મન માનેલું કારણ ન ચાલે. આ વિષે ઉપદેશ રહસ્યની ૧૩૮મી ગાથાનો પં. શ્રી જયસુંદરવિ. ગણિવર કૃત તાત્પર્યાર્થ નીચે મુજબ છે-

**તાત્પર્યાર્થઃ-** અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ સંયોગોમાં પરિપૂર્ણ દ્રવ્યાદિ યોગ્ય સંપૂર્ણ શુદ્ધ અન્નપાનાદિ અન્વેષણ અનુષ્ઠાન તે સાધુ માટે ઉત્સર્ગ છે. જ્યારે પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ વર્તી રહ્યા હોય ત્યારે પંચકાદિની પરિહાનિથી ઉચિત રીતે જરૂરીયાત પ્રમાણે (દોષિત પણ) અન્નપાનાદિનું આસેવન અપવાદ અનુષ્ઠાન છે. અપવાદનું સેવન ઉત્સર્ગ સાપેક્ષપણે, અર્થાત્ જેમ બને તેમ ઉત્સર્ગની વધુ નજીક રહેવાય તેમ, કરવાનું હોય છે. પ્રતિકૂળ દ્રવ્યાદિમાં જ અપવાદનું ઔચિત્ય છે. પણ અનુકૂળ દ્રવ્યાદિવાળાને અપવાદનું સેવન કેવળ ભવાભિનંદિતાનો જ પ્રભાવ છે, બીજું કાંઈ નથી. કારણ કે ઉત્સર્ગમાર્ગમાંથી અપવાદમાર્ગમાં જવાનો અધિકાર જે ઉત્સર્ગના પાલન માટે અશક્ત હોય તેને જ છે. જે પથિક સ્વાભાવિક ગમન કરવાથી અત્યંત થાકી ગયો હોવાના કારણે શક્તિમાન નથી તેને જ માર્ગમાં વિસામો વગેરે લેવાની જરૂર હોય છે. અને એકસરખો રોગ હોવા છતાં પણ જે ઉગ્રચિકિત્સાને સહન કરી શકે તેમ હોય તે તો ઉગ્ર ચિકિત્સા જ કરાવે, જ્યારે મૃદુ ચિકિત્સા તે કરાવે કે જે ઉગ્ર ચિકિત્સાને સહન કરી શકે તેમ ન હોય. થાકેલો મુસાફર જો વિસામો ન લે તો પરિશ્રમની વ્યાકુળતાથી મરણનું અનિષ્ટ ઉદ્ભવે. તેમ પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિમાં અપવાદ સેવન ન કરવામાં આવે તો આર્તધ્યાન વગેરેની વ્યાકુળતાથી સંયમજીવનનું પણ મોત થઈ જાય. જે સ્વયં શક્તિમાન હોવા છતાં ઉત્સર્ગથી પતિત થઈ અપવાદનું સેવન કરે છે તે મૂઢાત્મા ખરેખર પોતાનાં જ હિત પર ચિનગારી ચાંપી રહ્યો છે. શ્રીબૃહત્કલ્પભાષ્યમાં (ગાથા-૨૨૦) પણ કહ્યું છે કે-

"શું દોડતાં થાકેલો માર્ગજ્ઞાતા ક્રમથી (વિસામા કરીને) જતો નથી ? (જાય જ છે.) શું તીક્ષ્ણક્રિયાઅસહિષ્ણુ મૃદુક્રિયા કરાવતો નથી ? (કરાવે જ છે.)"

(પં. શ્રી જયસુંદરવિજયજી ગણિવરકૃત ગુજરાતી તાત્પર્યાર્થ સમાપ્ત).

આ જ વિષયનું વર્ણન ઉપદેશ પદ ગાથા-૭૮૪ અને ચૈત્યવંદન મહાભાષ્ય ગાથા ૮૭૭માં પણ છે.

**લક્ષણ:-** લક્ષણ એટલે વસ્તુને ઓળખાવનારા વસ્તુમાં રહેલા ગુણ-ધર્મો. જે ગુણ-ધર્મો જેને ઓળખાવે તે તેનું લક્ષણ કહેવાય. જેમ કે -ઉષ્ણતા અગ્નિને ઓળખાવે છે માટે ઉષ્ણતા અગ્નિનું લક્ષણ છે. ધૂમાડો નહિ દેખાતા પણ અગ્નિનું જ્ઞાન કરાવે છે, માટે ધૂમાડો અગ્નિનું લક્ષણ છે. લક્ષણનો અર્થ જણાવતાં કહ્યું છે કે- असाधारणो धर्मो लक्षणम् = જે અસાધારણ ધર્મ હોય, અર્થાત્ લક્ષ્ય સિવાય બીજી કોઈ વસ્તુમાં ન હોય અને સંપૂર્ણ લક્ષ્યમાં અવશ્ય હોય તે ધર્મ લક્ષણ છે. જેમ કે- ઉપયોગ એ જીવનું લક્ષણ છે. કેમ કે ઉપયોગ જીવ સિવાય બીજી કોઈ વસ્તુમાં ન હોય અને જીવમાં અવશ્ય હોય. પ્રસ્તુતમાં યતિનાં લક્ષણો એટલે આ યતિ છે એમ ઓળખાવનારા યતિમાં રહેલા અસાધારણ ગુણ-ધર્મો. [૨]

**मग्गणुसारिकिरिया १, पन्नवणिज्जत्त २ मुत्तमा सद्धा ॥**
**किरिआसु अप्पमाओ ४, आरंभो सक्कणुट्ठाणे ५ ॥ ३ ॥**
**गरुओ गुणाणुराओ ६, गुरुआणाराहणं तहा परमं ॥**
**अक्खयचरणधणाणं, सत्तविहं लक्खणं एयं ॥ ४ ॥**

मार्गानुसारिक्रिया १ प्रज्ञापनीयत्व २ मुत्तमा श्रद्धा ३ ॥
क्रियास्वप्रमाद ४ आरम्भः शक्यानुष्ठाने ५ ॥ ३ ॥
गुरुर्गुणानुरागः ६ गुर्वाज्ञाराधनं तथा परमम् ७ ॥
अक्षतचरणधनानां, सप्तविधं लक्षणमेतत् ॥ ४ ॥

### યતિનાં સાત લક્ષણો

અક્ષતચારિત્રરૂપ ધનવાળા યતિઓનાં માર્ગાનુસારી (=મોક્ષમાર્ગને અનુસરનારી) ક્રિયા, પ્રજ્ઞાપનીયતા (=હિતોપદેશ પ્રત્યે પ્રીતિ), ઉત્તમ શ્રદ્ધા (=ક્રિયાની રુચિ), ક્રિયાઓમાં અપ્રમાદ, શક્ય અનુષ્ઠાનનો આરંભ, અતિશય ગુણાનુરાગ અને ગુર્વાજ્ઞાની પરમ આરાધના આ સાત લક્ષણો (=ગુણો) છે. [૩-૪]

## પહેલું લક્ષણ-માર્ગાનુસારી ક્રિયા

**सुत्तायरणाणुगया, सयला मग्गाणुसारिणी किरिया ॥**
**सुद्धालंबणपुन्ना, जं भणिअं धम्मरयणंमि ॥ ५ ॥**

सूत्राचरणानुगता सकला मार्गानुसारिणी क्रिया ।
शुद्धालम्बनपूर्णा यद् भणितं धर्मरत्ने ॥५॥

શાસ્ત્ર અને આચરણાને અનુસરનારી તથા શુદ્ધ આલંબનથી પવિત્ર એવી સઘળી ક્રિયા માર્ગાનુસારી ક્રિયા છે. આ વિષે ધર્મરત્ન પ્રકરણમાં નીચે પ્રમાણે (હવે પછીની ચાર ગાથાઓમાં કહેવાશે તે) કહ્યું છે.

**વિશેષાર્થ:- શુદ્ધ આલંબનથી પવિત્ર-** પૂર્વે કહ્યું છે કે યતિ ઉત્સર્ગ અને અપવાદ એ બંનેનું યથોચિત સેવન કરનારો હોય. અહીં પ્રશ્ન થાય છે કે ક્યારે ઉત્સર્ગ ઉચિત છે અને ક્યારે અપવાદ ઉચિત છે, અથવા કોને ઉત્સર્ગ ઉચિત છે અને કોને અપવાદ ઉચિત છે એનો નિર્ણય કેવી રીતે થાય ? એ નિર્ણય આલંબનથી=દ્રવ્ય-ક્ષેત્ર-કાલ આદિ નિમિત્તોથી થાય. અમુક નિમિત્તોથી ઉત્સર્ગ ઉચિત છે અને અમુક નિમિત્તોથી અપવાદ ઉચિત છે એમ નિર્ણય કરી શકાય.' આ વિષે આ ગ્રંથની બીજી ગાથાના વિવેચનમાં વિસ્તારથી જણાવ્યું છે. આ નિર્ણય શુદ્ધ=સાચાં નિમિત્તોથી થવો જોઈએ, પોતાનાં મન માનેલાં નિમિત્તોથી નહિ. સાચાં નિમિત્તોથી ઉત્સર્ગ-અપવાદનું સેવન કરવામાં થતી ક્રિયા શુદ્ધ આલંબનથી પવિત્ર છે, અને મન માનેલાં નિમિત્તોથી ઉત્સર્ગ અપવાદનું સેવન કરવામાં થતી ક્રિયા શુદ્ધ આલંબનથી પવિત્ર નથી. [૫]

**मग्गो आगमणीई, अहवा संविग्गबहुजणाइन्नं ॥**
**उभयाणुसारिणी जा, सा मग्गणुसारिणी किरिया ॥६॥**

मार्ग आगमनीतिरथवा संविग्नबहुजनाचीर्णम् ॥
उभयानुसारिणी या सा मार्गानुसारिणी क्रिया ॥६॥

मृग्यते-अन्विष्यतेऽभिमतस्थानावाप्तये पुरुषैर्यः स मार्गः, स च द्रव्यभावभेदाद् द्वेधा-द्रव्यमार्गो ग्रामादेः, भावमार्गो मुक्तिपुरस्य सम्यग्ज्ञान-दर्शनचारित्ररूपः क्षायोपशमिकभावरूपो वा, तेनेहाधिकारः। स पुनः कारणे कार्योपचारादागमनीतिः-सिद्धान्तभणिताचारः, अथवा संविग्नबहुजनाचीर्णमिति द्विरूपोऽवगन्तव्य इति। तत्रागमो-वीतरागवचनम्।

**उक्तं च—**

"आगमो ह्याप्तवचनमाप्तं दोषक्षयाद् विदुः।
वीतरागोऽनृतं वाक्यं न ब्रूयाद्धेत्वसम्भवात्" ॥

तस्य नीतिः-उत्सर्गापवादरूपः शुद्धसंयमोपायः, स मार्गः।

**उक्तं च—**

यस्मात् प्रवर्त्तकं भुवि, निवर्त्तकं चान्तरात्मनो वचनम् ।
धर्मश्चैतत्संस्थो, मौनीन्द्रं चैतदिह परमम् (षोड० २-१३)
अस्मिन् हृदयस्थे सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन्नियमात्सर्वार्थसंसिद्धिः" (षोड० २-१४)। इति ।

तथा संविग्ना-मोक्षाभिलाषिणो ये बहवो जना अर्थाद् गीतार्थाः, इतरेषां संवेगायोगात्, तैर्यदाचीर्णमनुष्ठितं क्रियारूपम्। इह च संविग्नग्रहणमसंविग्नानां बहूनामप्यप्रमाणतां दर्शयति,

**यद् व्यवहारः—**

"जं जीयमसोहिकरं, पासत्थपमत्तसंजयाईहिं ।
बहुएहिवि आयरियं, न पमाणं सुद्धचरणाणं॥" ति ॥

बहुजनग्रहणं संविग्नोऽप्येकोऽनाभोगानवबोधादिभिर्वितथमप्याचरेत्तत: सोऽपि न प्रमाणमित्यतः संविग्नबहुजनाचरितं मार्ग इति। अत एवाह-उभयानुसारिणी याऽऽगमाबाधया संविग्नव्यवहाररूपा सा मार्गानुसारिणी क्रियेति।

आह-आगम एव मार्गो वक्तुं युक्तो बहुजनाचीर्णस्य पुनर्मार्गीकरणमयुक्तम्, शास्त्रान्तरविरोधादागमस्य चाप्रामाण्यापत्तेः।

**तथा हि—**

"बहुजणपवित्तिमित्तं, इच्छन्तेहिं इहलोइओ चेव ।
धम्मो न उज्झियव्वो, जेण तहिं बहुजणपवित्ती ॥ १ ॥
ता आणाणुगयं जं, तं चेव बुहेण होइ कायव्वं ।
किमिह बहुणा जणेणं, हंदि न सेयत्थिणो बहुया ॥ २ ॥

**तथा—**

"जिट्ठंमि विज्जमाणे, उचिए अणुजिट्ठपूयणमजुत्तं ।
लोयाहरणंपि तहा, पयडे भयवंतवयणंमि ॥"

आगमस्तु केवलिनापि नाप्रमाणीक्रियते। यतः—

"ओहा सुओवउत्तो, सुयनाणी जइवि गिण्हइ असुद्धं ।
तं केवलीवि भुंजइ, अपमाणसुयं भवे इहरा ॥"

**किञ्च-** आगमे सत्यप्याचरितस्य प्रमाणीकरणे तस्य लघुता स्फुटैवेति।

**नैतदेवम्—**

अस्य सूत्रस्य शास्त्रान्तराणां च विषयविभागापरिज्ञानात्। तथा हि-इह सूत्रे संविग्नगीतार्था आगमनिरपेक्षं नाचरन्ति, किं तर्हि ?

"दोसा जेण निरुज्झन्ति, जेण खिज्जंति पुव्वकम्माइं ।
सो सो मुक्खोवाओ, रोगावत्थासु समणं व"।

इत्याद्यागमवचनमनुस्मरन्तो द्रव्यक्षेत्रकालभावपुरुषाद्यौचित्यमालोच्य संयमवृद्धिकार्ये च किञ्चिदाचरन्ति, तच्चान्येऽपि संविग्नगीतार्थाः प्रमाणयन्तीति स मार्गोऽभिधीयते। भवदुच्चारितशास्त्रान्तराणि पुनरसंविग्नगीतार्थलोकमसमञ्जसप्रवृत्तमाश्रित्य प्रवृत्तानि, ततः कथं तैः सह विरोधसम्भवः? तथागमस्यापि नाप्रमाणतापत्तिः, अपि तु सुष्ठुतरं प्रतिष्ठा, यस्मादागमेऽप्यागमश्रुताज्ञाधारणाजीतभेदात् पञ्चधा व्यवहारः प्ररूप्यते। उक्तं श्रीस्थानाङ्गे-"**पञ्चविहे ववहारे** पन्नते, तंजहा-आगमववहारे, सुयववहारे, आणाववहारे, धारणाववहारे, जीयववहारे"। आगमाचरितयोश्चानर्थान्तरत्वादाचरितस्य प्रमाणत्वे सुतरामागमस्य प्रतिष्ठासिद्धिः। तस्मादागमाविरुद्धमाचरितं प्रमाणमिति स्थितम्। (धर्मरत्न प्रकरणं गाथा-८०)

આગમનીતિ અથવા સંવિગ્ન બહુજન આચરિત માર્ગ છે. એ ઉભયને અનુસરનારી જે ક્રિયા તે માર્ગાનુસારી ક્રિયા છે.

## માર્ગનું સ્વરૂપ

**માર્ગઃ-** ઈષ્ટસ્થાનની પ્રાપ્તિ માટે પુરુષોથી જે શોધાય તે માર્ગ. તે માર્ગ દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. ગામ આદિનો માર્ગ એ દ્રવ્યમાર્ગ છે. મુક્તિનગરનો માર્ગ ભાવમાર્ગ છે. ભાવમાર્ગ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ છે, અથવા ક્ષાયોપશમિક ભાવરૂપ છે. પ્રસ્તુતમાં ભાવમાર્ગનો અધિકાર છે, અર્થાત્ પ્રસ્તુતમાં ભાવમાર્ગ વિવક્ષિત છે.

**પ્રશ્નઃ-** જો માર્ગ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ કે ક્ષાયોપશમિકભાવ રૂપ છે, તો અહીં આગમનીતિ કે સંવિગ્ને બહુજન આચરિતને માર્ગ કેમ કહ્યો?

**ઉત્તરઃ-** આગમનીતિથી અને બહુજન આચરિતથી સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની કે ક્ષાયોપશમિકભાવની પ્રાપ્તિ થાય છે. આથી આગમનીતિ અને સંવિગ્નબહુજન આચરિત સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રનાં કે ક્ષાયોપશમિકભાવનાં કારણો છે. એથી અહીં આગમનીતિ અને સંવિગ્ન બહુજન આચરિતરૂપ કારણમાં સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ કે ક્ષાયોપશમિકભાવરૂપ કાર્યનો ઉપચાર કરીને આગમનીતિ અને સંવિગ્ન બહુજન આચરિતને માર્ગ કહેલ છે. જેમ કે આપણે બોલીએ છીએ કે 'ઘી જીવન છે'. અહીં ઘી જીવન નથી, કિંતુ જીવનનું કારણ છે. જીવનનું કારણ એવા ઘીમાં જીવનરૂપ કાર્યનો ઉપચાર (આરોપ) કરીને ઘીને જીવન કહેવામાં આવે છે. એ પ્રમાણે પ્રસ્તુતમાં કારણમાં કાર્યના ઉપચારથી આગમનીતિ અને સંવિગ્ન બહુજન આચરિતને માર્ગ કહેલ છે.

**આગમનીતિઃ-** आगमोक्ता नीतिः = आगमनीतिः આગમનીતિ એટલે આગમમાં કહેલા આચારો. આગમ એટલે વીતરાગનું વચન. આ વિષે કહ્યું છે કે-"આપ્તનું વચન આગમ છે. દોષોનો ક્ષય થવાના કારણે આપ્તને જાણે છે, અર્થાત્ જેના સઘળા દોષોનો ક્ષય થઈ ગયો છે તેને વિદ્વાનો "આ આપ્ત છે" એમ આપ્ત પુરુષ તરીકે જાણે છે. વીતરાગના સઘળા દોષોનો ક્ષય થઈ ગયો હોવાથી વીતરાગ આપ્ત છે. વીતરાગમાં અસત્ય બોલવાનાં (રાગ-દ્વેષ-મોહ એ ત્રણ) કારણો ન હોવાથી વીતરાગ અસત્ય વચન ન કહે."

આગમની નીતિ તે આગમનીતિ. આગમનીતિ (=આગમમાં કહેલા આચારો) ઉત્સર્ગ-અપવાદરૂપ છે. કોઈક આચાર ઉત્સર્ગરૂપ છે, તો કોઈક આચાર અપવાદરૂપ છે, એમ આગમોક્ત આચારો ઉત્સર્ગ-અપવાદરૂપ છે. ઉત્સર્ગ-અપવાદસ્વરૂપ આગમોક્ત આચારો શુદ્ધ સંયમનો ઉપાય છે. આનો અર્થ એ થયો કે શુદ્ધ સંયમનો ઉપાય એવા ઉત્સર્ગ-અપવાદસ્વરૂપ આગમોક્ત આચારો માર્ગ છે. આગમોક્ત આચારો માર્ગ છે એ વિષે (ષોડશક -૨ ગા. ૧૩-૧૪) કહ્યું છે કે-

(ષો. ૨ ગા. ૧૩-૧૪નો મુનિશ્રી યશોવિજયજીએ કરેલો ટીકા સહિત ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે-)

**ગાથાર્થઃ-** [જિનવચન સર્વપ્રધાન છે,] કારણ કે લોકમાં અંતરાત્માનું પ્રવર્તક અને નિવર્તક વચન જ છે. તથા ધર્મ વચનમાં રહેલો છે. પ્રસ્તુતમાં મૌનીન્દ્ર = સર્વજ્ઞોક્ત વચન [જ] પ્રકૃષ્ટ વચન છે. [૨/૧૩]

## આગમનું વચન જ પ્રવર્તક-નિવર્તક

**ટીકાર્થઃ-** ભવ્યલોકમાં સ્વાધ્યાય વગેરે કર્તવ્ય યોગોમાં મનનું પ્રવર્તક તથા હિંસાદિ નિષેધ્ય વ્યાપારથી મનનું નિવર્તક છે આગમનું વચન. પ્રવૃત્તિ અને નિવૃત્તિના ફળને ઉત્પન્ન કરવામાં ધર્મ વ્યાપાર=દ્વાર બને છે. *'तज्जन्यत्वे सति तज्जन्यजनकं द्वारं' આ વચનાનુસાર વિહિત પ્રવૃત્તિ વગેરે* દ્વારા ધર્મ ઉત્પન્ન થાય છે. તેમજ તે વચનજન્ય પ્રવૃત્તિ-નિવૃત્તિના ફળને પણ ઉત્પન્ન કરે છે. તે ધર્મ પ્રસ્તુતમાં પુણ્ય વગેરે સ્વરૂપ લેવાનો છે. તેનું જ્ઞાપક વચન હોવાથી વચનમાં તેની જ્ઞાપકતા રહેશે. માટે ધર્મ સ્વજ્ઞાપકતા સંબંધથી વચનમાં રહેલો છે એમ જણાવેલ છે. પ્રસ્તુતમાં મુનીન્દ્રે=સર્વજ્ઞે કહેલ હોવાથી અબાધિત પ્રામાણ્યવાળું વચન, અનુષ્ઠાનને અવલંબિત ન હોવાથી અનુષ્ઠાન કરતાં પરમ=પ્રધાન છે. તેથી 'જિનેન્દ્રવચન જ પ્રધાન છે' એવું કહેવાય છે. મતલબ કે જિનવચનની અપેક્ષાએ અનુષ્ઠાન ગૌણ કરાય છે, કારણ કે અનુષ્ઠાન જિનવચનનું ઉપજીવક [= અવલંબન કરનાર] છે. [૨/૧૩]

**વિશેષાર્થઃ-** આગમ વચન વડે મનની જે પ્રવૃત્તિ કે નિવૃત્તિ થાય છે તેનાથી જ વાસ્તવમાં ધર્મ ઉત્પન્ન થાય છે. વિહિત પ્રવૃત્તિ કે નિવૃત્તિના ફળને ઉત્પન્ન કરવામાં માધ્યમ બને છે પૌદ્ગલિક ભાવાત્મક પુણ્યાદિસ્વરૂપ અતીન્દ્રિય ધર્મ. વચન તો માત્ર તેનું જ્ઞાપક = વ્યંજક = સૂચક છે. માટે ધર્મની અપેક્ષાએ વચનમાં જ્ઞાપકતા નામનો ધર્મ ઉત્પન્ન થાય છે. જેને જ્યાં રહેવું હોય તેને પોતાની અપેક્ષાએ ત્યાં (આધારમાં) રહેલો ધર્મ પોતાને ત્યાં (આધારમાં) રહેવા માટે સંબંધનું કામ કરે છે. (જુઓ દિવ્યદર્શન ટ્રસ્ટ પ્રકાશિત ન્યાય ભૂમિકા) તેથી દર્શિત ધર્મની અપેક્ષાએ વચનમાં રહેલી

જ્ઞાપકતા એ ધર્મને વચનમાં રહેવા માટે સંબંધ તરીકે કામ કરશે. તેથી સ્વજ્ઞાપકતાસંબંધથી ધર્મવાળું વચન બનશે; ધર્મ વચનનિષ્ઠ=વચનવૃત્તિ= વચનગત બનશે. અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે વિહિત પ્રવૃત્તિ કે નિવૃત્તિનું ફળ તો સાધકને કાલાંતરમાં મળે છે. પરંતુ તે સમયે પ્રવૃત્તિ તો હાજર હોતી નથી. માટે વિહિત પ્રવૃત્તિના ફળને આપનાર કોઈક મધ્યકાલીન પરિબળની કલ્પના કરવી જરૂરી બને છે. તે છે ધર્મ. તેને પુણ્ય, અદૃષ્ટ, નસીબ વગેરે પણ કહેવાય છે. તે જ વિહિત પ્રવૃત્તિ વગેરેથી ઉત્પન્ન થઈને વિહિત પ્રવૃત્તિના કાલાંતરીય ફળને ઉત્પન્ન કરે છે. દાર્શનિકપરિભાષા મુજબ તેને દ્વાર = વ્યાપાર કહી શકાય.

જેના વચનનું પ્રામાણ્ય ક્યારેય અન્ય પ્રમાણથી બાધિત ન બને તેવી સ્વતંત્રવક્તાસ્વરૂપ વ્યક્તિ તો માત્ર સર્વજ્ઞ જ હોઈ શકે. તેથી સર્વજ્ઞવચન જ પરમ=પ્રકૃષ્ટ છે. સત્ અનુષ્ઠાનને પોતાની પ્રામાણિકતા ટકાવી રાખવા જિનવચનનો સહારો=આશરો લેવો પડે છે. પરંતુ જિનવચનને સ્વગત પ્રામાણ્યના નિર્વાહ માટે સદનુષ્ઠાનનો ટેકો લેવાની જરૂર રહેતી નથી. માટે સદનુષ્ઠાન કરતાં સર્વજ્ઞવાણી બલવાન=પ્રધાન છે. તેની અપેક્ષાએ સદનુષ્ઠાન દુર્બલ = ગૌણ છે. માટે જ સદનુષ્ઠાનની આરાધનાના બદલે જિનવચનની આરાધનાને જ તાત્ત્વિક ધર્મરૂપે આગળના શ્લોકમાં બતાવી ગયા. માટે 'આજ્ઞા એ ધર્મનો સાર છે' એ વાત યથાર્થ જ છે. [૨/૧૩]

જિનવચનના જ મહિમાને મૂલકારશ્રી વખાણે છે કે -

**ગાથાર્થ:-** આ [સર્વજ્ઞવાણી] હૃદયસ્થ થયે છતે વાસ્તવમાં સર્વજ્ઞ હૃદયસ્થ બને છે અને સર્વજ્ઞ હૃદયસ્થ થયે છતે નિયમા સર્વાર્થસંપત્તિ થાય છે. [૨/૧૪]

## જ્યાં શાસ્ત્ર ત્યાં સર્વજ્ઞ

**ટીકાર્થ:-** જિનવચન હૃદયસ્થ થયે છતે સ્મૃતિ દ્વારા સર્વજ્ઞ જિનેશ્વર ભગવંત હૃદયસ્થ બને છે; કારણ કે સર્વજ્ઞ ભગવંત આગમ-વચનના સ્વતંત્રવક્તૃત્વરૂપ સંબંધથી યુક્ત છે. અર્થરૂપે જિનાગમોને બોલનારા સર્વજ્ઞ

તીર્થંકરો હોવાથી જિનાગમના સ્વતંત્ર વક્તા સર્વજ્ઞ તીર્થંકરો જ છે. સર્વજ્ઞ ભગવંત હૃદયસ્થ થયે છતે નિશ્ચયે સર્વાર્થસંપત્તિ પ્રાપ્ત થાય છે. [૨/૧૪]

**વિશેષાર્થઃ-** જેણે જિનાગમ માન્યું તેણે સર્વજ્ઞ જિનેશ્વરને માન્યા. આગમસ્મરણમાં તીર્થંકરનું સ્મરણ સમાયેલ છે. શું જિનાગમ યાદ આવે અને અર્થની અપેક્ષાએ તેના સ્વતંત્ર વક્તા સર્વજ્ઞ ભગવંત યાદ ન આવે? આવે જ. સર્વજ્ઞને સ્મૃતિપથમાં લાવ્યા એટલે સર્વજ્ઞની શક્તિ તમારી શક્તિ બની ગઈ. પછી વિઘ્નોના વાદળ વિખરાઈ જાય અને સર્વ સંપત્તિ પગમાં આળોટવા માંડે. સર્વજ્ઞ દેવાધિદેવની શક્તિથી કયું કાર્ય અસાધ્ય છે ?

## આજે શાસ્ત્રાભ્યાસ કેમ મંદ બનેલ છે ?

માટે જ જે કાંઈ વિચારવાનું, બોલવાનું કે કરવાનું તે જિનાગમ મુજબ જ. 'મારા ભગવાને શું આ વિચારવાનું કહ્યું છે ?' 'મારા ભગવાને શું આવું બોલવાનું-આચરવાનું જણાવેલ છે ?' આ વિચારસરણી જીવનમાં વણાઈ જવી જોઈએ. જિનેશ્વર ભગવંતના સ્મરણનો સુંદર ઉપાય શાસ્ત્રનો સ્વાધ્યાય છે. શાસ્ત્રસ્વાધ્યાયના માધ્યમથી પરમાત્માનું જે સ્મરણ થાય છે તે અદ્ભુત કક્ષાનું હોય છે. તેથી જ સર્વત્ર આગમવચનનો જ આદર કરવાનું જણાવેલ છે. આજના વિજ્ઞાનવાદ અને ભૌતિકયુગમાં શાસ્ત્રોનું અધ્યયન ઘણું ઓછું થઈ ગયું છે. શાસ્ત્ર સિવાયનું એટલું બધું વાંચન થાય છે કે શાસ્ત્ર વાંચવાની રુચિ જ મોટા ભાગે મરી પરવારી છે. બાળ, યુવાન, વૃદ્ધ, સ્ત્રી બધાને સિનેમા સાહિત્ય, દૈનિકપત્ર [છાપા], મેગેઝીન, જાસુસીકથા, નવલકથા, નવલિકાઓ, સ્ત્રીકથા, સાપ્તાહિક, પૂર્તિઓ વગેરેમાં એવો અનુરાગ જન્મ્યો છે કે આગમકથા-આગમવાંચન તેઓને નિરુપયોગી અને નીરસ લાગે છે. તેઓને આગમકથાઓ જીવનવિકાસક્રમમાં કોઈ અગત્યનો ભાગ ભજવતી નથી લાગતી. પરંતુ જે મુનિ છે, સાધુ છે, સાચા સંયમી છે, તેણે તો આગમપરિશીલન દ્વારા જિનેશ્વર ભગવંતોની અચિંત્ય કૃપાના પાત્ર બનવાનું જ છે. [૨/૧૪]

(મુનિશ્રી યશોવિજયજી સંપાદિત-અનુવાદિત ષોડશક ગ્રંથમાંથી સાભાર અક્ષરશઃ કરેલું ઉદ્ધરણ સમાપ્ત.)

**સર્વાર્થ સંસિદ્ધિ**- ષો. ૨ ગા. ૧૪માં રહેલા સર્વાર્થસંસિદ્ધિઃ પદનો અર્થ આ પ્રમાણે છે- સર્વાર્થસંસિદ્ધિ એટલે સર્વ અર્થોની પ્રાપ્તિ, સર્વજ્ઞ હૃદયમાં રહ્યે છતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ સર્વ અર્થની પ્રાપ્તિ થાય છે. સર્વજ્ઞ વચનના આધારે અનુષ્ઠાન કરવાથી ધર્મની પ્રાપ્તિ થાય છે. ધર્મથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થવાથી અર્થ-કામની પ્રાપ્તિ થાય છે. સમય જતાં સર્વ કર્મનો ક્ષય થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આમ સર્વજ્ઞ હૃદયસ્થ થયે છતે નિયમા સર્વાર્થસંસિદ્ધિ થાય છે. (ષોડશક ૨ ગા. ૧૪નો અર્થ સમાપ્ત.)

**સંવિગ્ન બહુજન આચરિતઃ**- સંવિગ્ન એટલે મોક્ષના અભિલાષી. સંવિગ્ન શબ્દનો આ શબ્દાર્થ છે. સંવિગ્ન શબ્દનો તાત્પર્યાર્થ ગીતાર્થ છે. કારણ કે ગીતાર્થ વિના બીજાઓને (પારમાર્થિક) સંવેગ ન હોય. આચીર્ણ એટલે આચરેલી ક્રિયા. ગીતાર્થ એવા ઘણા જનોએ જે ક્રિયા આચરી હોય તે સંવિગ્ન બહુજન આચીર્ણ છે.

**પ્રશ્નઃ**- સંવિગ્ન બહુજન આચરિત એ સ્થળે સંવિગ્ન શબ્દનો ઉલ્લેખ કેમ કર્યો છે ?

**ઉત્તરઃ**- અસંવિગ્ન ઘણા પણ જનોએ આચરેલું અપ્રમાણ છે, એ જણાવવા સંવિગ્ન શબ્દનો ઉલ્લેખ કર્યો છે. આ વિષે વ્યવહારસૂત્રમાં કહ્યું છે કે-"પાસત્થા અને પ્રમત્ત સાધુઓએ જે આચરેલું હોય તે શુદ્ધિ કરતું નથી. આથી પાસત્થા અને પ્રમત્ત એવા ઘણા પણ સાધુઓએ જે આચરેલું હોય તેને શુદ્ધ ચારિત્રવાળા સાધુઓ પ્રમાણ માનતા નથી."

**પ્રશ્નઃ**- તો પછી "સંવિગ્ને આચરેલું માર્ગ છે" એમ કહેવું જોઈએ. સંવિગ્ન બહુજન આચીર્ણ એમ 'બહુજન' એવો ઉલ્લેખ કેમ કર્યો ?

**ઉત્તરઃ**- સંવિગ્ન પણ એક જન અનાભોગ અને અજ્ઞાનતા આદિથી ખોટું આચરણ કરે. તેથી એક સંવિગ્ન પણ પ્રમાણ નથી. માટે અહીં "બહુજન" એવો ઉલ્લેખ કર્યો છે.

આનો તાત્પર્યાર્થ એ થયો કે-આગમને બાધા ન થાય તે રીતે સંવિગ્નોના વ્યવહારરૂપ જે ક્રિયા તે સંવિગ્ન બહુજન આચીર્ણ છે. આગમનીતિ અને સંવિગ્ન બહુજન આચીર્ણ એ ઉભયને અનુસરે, તે માર્ગાનુસારી ક્રિયા છે.

## બહુજન આચીર્ણને માર્ગ કહેવો તે યુક્ત છે

**પૂર્વપક્ષઃ-** "આગમ જ માર્ગ છે" એમ કહેવું યોગ્ય છે, પણ બહુજન આચીર્ણને માર્ગ કહેવો તે યુક્ત નથી. કારણ કે બહુજન આચીર્ણને માર્ગ કહેવામાં અન્ય શાસ્ત્રોની સાથે વિરોધ આવે છે, અને આગમ અપ્રમાણ બનવાની આપત્તિ આવે છે. તે આ પ્રમાણે- અન્ય શાસ્ત્રોમાં (ઉપદેશપદ ગા. ૯૦૯-૯૧૦માં) કહ્યું છે કે-**"કયો ધર્મ કરવો એવી ધર્મની વિચારણામાં જે લોકો માત્ર બહુજન પ્રવૃત્તિને ઇચ્છતા હોય, અર્થાત્ ગતાનુગતિકરૂપ લોકરૂઢિને ઇચ્છતા હોય, તેમણે લૌકિક (= બરફ ઉપર ચાલવું, અગ્નિમાં પ્રવેશ કરવો, પર્વતના શિખર ઉપરથી પડવું વગેરે લોકરૂઢ) ધર્મનો ત્યાગ ન કરવો જોઈએ. કારણ કે તેમાં ઘણા (= લાખો-ક્રોડો) લોકો પ્રવૃત્તિ કરે છે." (૯૦૯) તેથી મોક્ષના અભિલાષી પંડિતે સર્વજ્ઞવચનથી પ્રતિબદ્ધ અનુષ્ઠાન કરવું જોઈએ. ધર્મ કરવામાં સ્વચ્છંદચારી ઘણા લોકોને પ્રમાણ કરવાથી શું ? કારણ કે મોક્ષની અભિલાષાવાળા લોકો ઘણા હોતા નથી, થોડા જ હોય છે."** (૯૧૦)

તથા **"જ્યારે યોગ્ય જ્યેષ્ઠ વિદ્યમાન હોય ત્યારે તેનાથી નાનાનું પૂજન કરવું અયુક્ત છે. તે જ રીતે ભગવાનનું વચન પ્રગટ હોવા છતાં લોકનો સ્વીકાર કરવો (=બહુ લોકોએ આચરેલું પ્રમાણ છે એમ બહુલોકનો સ્વીકાર કરવો) એ પણ અયુક્ત છે."**

આગમને તો કેવલી પણ અપ્રમાણ કરતા નથી, અર્થાત્ કેવલી પણ આગમને પ્રમાણ કરે છે. કારણ કે **"સામાન્યથી પિંડનિર્યુક્તિ આદિ આગમમાં ઉપયોગવાળા (= આગમ પ્રમાણે કલ્પ્ય-અકલ્પ્યને વિચારતા) શ્રુતજ્ઞાની કોઈક રીતે અશુદ્ધ આહારને ગ્રહણ કરે તો પણ તે આહારને કેવલી પણ વાપરે. જો કેવલી તે આહારને ન વાપરે તો શ્રુતજ્ઞાન અપ્રમાણ બને."** તે આ પ્રમાણે- છદ્મસ્થ સાધુ શ્રુતજ્ઞાનના બળથી શુદ્ધ આહારને શોધવા સમર્થ બને, બીજી કોઈ રીતે નહિ. તેથી જો કેવલી શ્રુતજ્ઞાનીએ આગમ પ્રમાણે શોધેલા પણ આહારને "આ અશુદ્ધ છે" એ કારણથી ન વાપરે તો શ્રુતમાં અવિશ્વાસ થાય. (કેમકે શ્રુત પ્રમાણે એ આહાર શુદ્ધ છે.) શ્રુતમાં અવિશ્વાસ થાય તેથી કોઈ જ શ્રુતને પ્રમાણ

તરીકે ન સ્વીકારે. શ્રુતજ્ઞાન અપ્રમાણ થતાં સઘળી ય ક્રિયાનો વિનાશ થવાનો પ્રસંગ આવે. કારણ કે શ્રુત વિના છદ્મસ્થોને કોઈ ક્રિયાનું જ્ઞાન ન થાય." (પિંડ નિ. ગા. ૫૨૪)

વળી આગમ વિદ્યમાન હોવા છતાં આચરિતને પ્રમાણ કરવામાં આગમની લઘુતા સ્પષ્ટ જ છે.

**ઉત્તરપક્ષ:-** આ આ પ્રમાણે નથી, અર્થાત્ પૂર્વપક્ષમાં જે વિગત જે પ્રમાણે કહી છે તે વિગત તે પ્રમાણે નથી. કેમકે પૂર્વપક્ષ કરનારને આ (=मग्गो आगमनीई એ) સૂત્રના અને અન્ય શાસ્ત્રોના વિષય વિભાગનું જ્ઞાન નથી. તે વિષય વિભાગ આ પ્રમાણે છે - આ સૂત્રમાં માર્ગની વ્યાખ્યામાં સંવિગ્નગીતાર્થ કહ્યા છે. સંવિગ્નગીતાર્થો આગમનિરપેક્ષ આચરણ ન કરે.

**પ્રશ્ન:-** સંવિગ્નગીતાર્થો કેવું આચરણ કરે ?

**ઉત્તર:- જેમ જે ઔષધ કરવાથી રોગ મટે તે ઔષધ રોગ નાશનો ઉપાય છે = રોગ નાશ માટે તે ઔષધનો ઉપયોગ કરાય છે, તેમ જે અનુષ્ઠાનથી રાગાદિ દોષો ઘટે અને પૂર્વે બાંધેલાં કર્મોનો ક્ષય થાય તે અનુષ્ઠાન મોક્ષનો ઉપાય છે=મોક્ષ પ્રાપ્તિ માટે તે ઉપાય કરવો જોઈએ.** ઉત્તમ વૈદ્યશાસ્ત્રમાં કહ્યું છે કે-**"દેશ, કાલ અને રોગને આશ્રયીને તેવી સ્થિતિ સર્જાય છે કે જેમાં ન કરવા જેવું કરવા લાયક બને, અને કરવા જેવું કાર્ય છોડવું પડે."**

ઈત્યાદિ આગમ વચનને યાદ કરતા સંવિગ્નગીતાર્થો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-પુરુષ વગેરેના ઔચિત્યનો વિચાર કરીને સંયમવૃદ્ધિના કાર્યમાં (=સંયમવૃદ્ધિ થાય એ માટે) કંઈક આચરે છે. તે આચરણને અન્ય પણ સંવિગ્નગીતાર્થો પ્રમાણ કરે છે. આથી સંવિગ્ન ગીતાર્થોનું આચરણ માર્ગ કહેવાય છે. તમોએ કહેલા અન્ય શાસ્ત્રો તો અનુચિત પ્રવૃત્તિ કરનારા અસંવિગ્નગીતાર્થલોકને આશ્રયીને પ્રવર્તેલા છે = કહેલા છે. તેથી તે શાસ્ત્રોની સાથે સંવિગ્નગીતાર્થના આચરણનો વિરોધ કેવી રીતે સંભવે ? અર્થાત્ ન સંભવે.

## પાંચ પ્રકારનો વ્યવહાર

તથા "આગમ અપ્રમાણ બને" એવી આપત્તિ પણ ન આવે,

બલ્કે આગમની અધિક સારી પ્રતિષ્ઠા થાય (=મહત્ત્વ વધે). કારણ કે આગમમાં આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત એમ પાંચ ભેદોને આશ્રયીને પાંચ પ્રકારનો વ્યવહાર કહ્યો છે. શ્રી સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે-**"આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞાવ્યવહાર, ધારણાવ્યવહાર અને જીતવ્યવહાર એમ પાંચ પ્રકારનો વ્યવહાર છે."**

**આગમઃ-** જેનાથી અર્થો જણાય તે આગમ. કેવલજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, ચૌદપૂર્વ, દશ અને નવ પૂર્વો એ પાંચ આગમ છે. આગમ પ્રાયશ્ચિત્તના વ્યવહારનું કારણ હોવાથી વ્યવહાર કહેવાય છે.

**શ્રુતઃ-** નિશીથ, કલ્પ, વ્યવહાર, દશાશ્રુતસ્કંધ વગેરે શ્રુતગ્રંથોના આધારે પ્રાયશ્ચિત્ત આપવું તે શ્રુતવ્યવહાર છે.

**આજ્ઞાઃ-** એક ગીતાર્થ અન્ય સ્થળે રહેલા ગીતાર્થ પાસે પોતાની આલોચના કરવી હોય ત્યારે પોતે ત્યાં ન જઈ શકવાથી અગીતાર્થને ગૂઢ (સાંકેતિક) ભાષામાં પોતાના અતિચારો કહીને અન્ય સ્થળે રહેલા ગીતાર્થ પાસે જવા આજ્ઞા કરે. તે આચાર્ય પણ ગૂઢ ભાષામાં કહેલા અતિચારો સાંભળીને પોતે ત્યાં જાય, અથવા અન્ય ગીતાર્થને ત્યાં મોકલે, અથવા આવેલ અગીતાર્થને જ સાંકેતિક ભાષામાં આલોચના કહે તે આજ્ઞાવ્યવહાર છે.

**ધારણાઃ-** દ્રવ્યાદિ, પુરુષ અને પ્રતિસેવનાને જાણીને ગીતાર્થ ગુરુએ શિષ્યને જે અતિચારોનું જે પ્રાયશ્ચિત્ત અનેકવાર આપ્યું હોય, શિષ્ય તેને યાદ રાખીને તેવા જ દ્રવ્યાદિમાં તેવા જ અપરાધમાં તે જ પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપે તે ધારણાવ્યવહાર છે.

**જીતઃ-** ગીતાર્થ સંવિગ્નોએ પ્રવર્તાવેલો શુદ્ધ વ્યવહાર. પૂર્વના મહાપુરુષો જે અપરાધોમાં ઘણા તપથી પ્રાયશ્ચિત્ત આપતા હતા, તે અપરાધોમાં વર્તમાન કાળે દ્રવ્યાદિની અને સંઘયણ-ધીરજ-બળ આદિની હાનિ થવાથી ઉચિત બીજા કોઈ ઓછા તપથી પ્રાયશ્ચિત્ત આપવું, તે જીત વ્યવહાર. અથવા કોઈ આચાર્યના ગચ્છમાં કારણસર કોઈ અપરાધમાં સૂત્રોક્ત પ્રાયશ્ચિત્તથી જુદું

(ઉચિત). પ્રાયશ્ચિત્ત આપવાની પ્રવૃત્તિ શરૂ થઈ હોય, પછી બીજાઓએ પણ તે પ્રમાણે જ ચલાવ્યું હોય તે જીત વ્યવહાર.

આ સિવાય બીજું પણ સંવિગ્નગીતાર્થોએ જે આચર્યું હોય તે જીત છે.

જીત અને આચરિતનો એક જ અર્થ હોવાથી આચરિત પ્રમાણ થયું. આચરિત પ્રમાણ થતાં આગમની પ્રતિષ્ઠાની (=મહત્તાની) સુતરાં સિદ્ધિ થાય છે. આથી "આગમથી અવિરુદ્ધ આચરિત પ્રમાણ છે" એ નિશ્ચિત થયું. [૬]

**अन्नह भणिअं पि सुए, किंची कालाइकारणाविक्खं ॥**
**आइन्नमन्नहच्चिय, दीसइ संविग्गगीएहिं ॥७॥**

अन्यथा भणितमपि श्रुते किञ्चित्कालादिकारणापेक्षम् ॥
आचीर्णमन्यथैव दृश्यते संविग्नगीतैः (गीतार्थैः) ॥ ७॥

'अन्यथा' प्रकारान्तरेण 'भणितमपि' उक्तमपि 'श्रुते' पारगतगदितागमे किञ्चिद्वस्तु 'कालादिकारणापेक्षं' दुःषमादिस्वरूपालोचनपूर्वकम् 'आचीर्णं' व्यवहृतमन्यथैव चियशब्दस्यावधारणार्थत्वाद् 'दृश्यते' साक्षादुपलभ्यते 'संविग्नगीतार्थैः' उक्तस्वरूपैरिति। (धर्मरत्न प्र.-८१)

**આથી જ આ (= નીચે પ્રમાણે) કહે છે:-**

સર્વજ્ઞના આગમમાં બીજી રીતે કહ્યું હોવા છતાં સંવિગ્નગીતાર્થો વડે દુઃષમકાલ આદિ કારણોના સ્વરૂપનો વિચાર કરવા પૂર્વક બીજી જ રીતે આચરેલું સાક્ષાત્ દેખાય છે. [૭]

**कप्पाणं पावरणं, अग्गोअरचाओ झोलिआभिक्खा ॥**
**ओवग्गहिअकडाहय-तुंबयमुहदाणदोराई ॥ ८॥**

कल्पानां प्रावरणमग्रावतारत्यागः झोलिकाभिक्षा ॥
औपग्रहिककटाहकं तुम्बकमुखदानदवरकादि ॥ ८॥

'कल्पानाम्' आत्मप्रमाणायामसार्द्धद्विहस्तविस्तराणामागमप्रतीतानां 'प्रावरणं' परितो वेष्टनं प्रतीतमेव। ते हि किल कारणव्यतिरेकेण भिक्षाचर्यादौ गच्छता

संवृताः स्कंधत एव वोढव्या इत्यागमाचारः, संप्रति प्राव्रियन्ते। 'अग्गोयर'त्ति अग्रावतारः परिधानविशेषः साधुजनप्रतीतस्तस्य त्यागः, कटीपट्टकस्यान्यथाकरणम्, तथा 'झोलिका' ग्रन्थिद्वयनियन्त्रितपात्रबन्धरूपा तया भिक्षा, आगमे हि मणिबन्धप्रत्यासन्नं पात्रबन्धाञ्चलद्वयं मुष्ट्या ध्रियते, कूर्परसमीपगमे च बध्यते इति व्यवस्था। तथौपग्रहिककटाहकतुम्बकमुखदानदवरकादयः सुविदिता एव साधूनामाचरिताः, संप्रतीति गम्यते इति। (धर्मरत्न प्र. गा.-८२)

## આચરેલું જે સાક્ષાત્ દેખાય છે તે શું છે તે કહે છે-

**ગાથાર્થ:**-કપડાઓનું પ્રાવરણ, અગ્રાવતારત્યાગ, ઝોલિકાભિક્ષા, ઔપગ્રહિક તપેલું (પાણી રાખવાનું સાધન), તરપણી અને દોરા વગેરે આચીર્ણ છે.

## કેટલીક આચરણાનો સાક્ષાત્ ઉલ્લેખ

(૧) **કપડાઓનું પ્રાવરણ:-** કપડાનું પ્રાવરણ= શરીર ઉપર કપડો પહેરવો. લંબાઈમાં શરીર પ્રમાણ (=શરીરે પહેરીને ખભા ઉપર નાખેલો છેડો બરોબર રહી શકે તેટલું પ્રમાણ) અને પહોળાઈમાં (=પનામાં) અઢી હાથ કપડાનું માપ છે. આ કપડા પૂર્વે ભિક્ષાચર્યા વગેરે કામ માટે બહાર જવાનું થાય ત્યારે ખાસ કારણ વિના (વર્તમાનમાં વાળેલી કામળી મૂકાય છે તેમ) વાળીને ખભા ઉપર જ મૂકાતા હતા, ખાસ કારણે શરીર ઉપર પહેરતા હતા. પણ હમણાં સદાય શરીર ઉપર પહેરાય છે.

(૨) **અગ્રાવતારત્યાગ:-** અગ્રાવતાર એ વસ્ત્ર વિશેષ છે. એનું બીજું નામ 'કટિપટ્ટક' છે. તે વસ્ત્ર સાધુઓમાં પ્રસિદ્ધ છે. (પૂર્વે સાધુઓ ચોલપટ્ટાના સ્થાને અગ્રાવતાર પહેરતા હતા.) એ અગ્રાવતારનું બીજી રીતે કરવું, અર્થાત્ અગ્રાવતારના સ્થાને ચોલપટ્ટો પહેરવો.

(૩) **ઝોલિકાભિક્ષા:-** બાહુ ઉપર લટકતી ઝોળીમાં પાત્રાં મૂકેલાં હોય તેવી ઝોળીથી ભિક્ષા લાવવી તે ઝોલિકાભિક્ષા, અર્થાત્ ઝોળીની ઉપરના સામ-સામેના બે છેડાથી ગાંઠ બાંધવી અને નીચેના સામ-સામેના બે છેડાથી ગાંઠ બાંધવી, એ રીતે બે ગાંઠવાળી ઝોળીને બાહુ ઉપર લટકાવવી, પછી તેમાં પાત્રા મૂકવા. આવી ઝોળીથી ભિક્ષા લાવવી એ આચરણથી છે.

આગમમાં તો મણિબંધની પાસે મુઠ્ઠીથી ઝોળીના બે છેડાને પકડવા અને કોણીની પાસેના ભાગમાં ઝોળીના બે છેડાને બાંધવા એવી વ્યવસ્થા છે.

(૪) હમણાં સાધુઓએ આચરેલા ઔપગ્રહિક તપેલું, તરપણી, દોરા વગેરે સારી રીતે પ્રસિદ્ધ જ છે.

શબ્દકોશમાં કટાહશબ્દનો "તળવાનું સાધન કઢાઈ વગેરે" અર્થ જણાવ્યો છે. અહીં તે અર્થ બંધબેસતો થતો નથી. આથી અનુવાદમાં "તપેલું" અર્થ લખ્યો છે. કારણ કે વર્તમાનમાં સાધુઓ તપેલાનો ઉપયોગ કરે છે. સંભવ છે કે પૂર્વે કટાહક એ પાણી રાખવાનું તપેલા જેવું કોઈ સાધન હોય. તુંબક મુખદાન શબ્દનો શબ્દાર્થ તુંબડાને મોઢું આપવું એવો થાય. તુંબડાને કોતરીને તુંબડાનું મોઢું પહોળું કરવું અને કાંઠાવાળું કરવું. આવા તુંબડાનો ઉપયોગ કરવો એવો તુંબક મુખદાન શબ્દનો ભાવાર્થ છે. આવા તુંબડાનો આકાર વર્તમાનમાં વપરાતી તરપણી જેવો થાય. પૂર્વે તુંબડામાંથી તરપણીઓ બનતી હશે. વર્તમાનમાં લાકડામાંથી તરપણી બને છે. આથી તુંબકમુખદાનનો ભાવાર્થ તરપણી થાય. દવરક શબ્દથી વર્તમાનમાં તરપણીમાં અને ઘડામાં નંખાતા દોરા સમજી શકાય છે.

સાધુની ઉપધિના ઔધિક અને ઔપગ્રહિક એમ બે ભેદ છે. જે સામાન્યથી (ઉપયોગ થાય કે ન થાય તો પણ) હંમેશા રાખવામાં આવે અને ભિક્ષાટન આદિ કારણથી જ ઉપયોગમાં લેવામાં આવે તે પાત્ર વગેરે ઓઘ ઉપધિ છે. જે ભેજ આદિ કારણથી રાખવામાં આવે અને કારણથી જ ઉપયોગમાં લેવામાં આવે તે પાટલો વગેરે ઔપગ્રહિક ઉપધિ છે, અર્થાત્ ક્યારેક કારણસર ઉપયોગ કરવામાં આવે તે ઔપગ્રહિક ઉપધિ છે. (પંચવસ્તુક ગા. ૮૩૮) [૮]

**सिक्किगनिक्खिवणाई, पज्जोसवणाइतिहिपरावत्तो ॥**
**भोयणविहिअन्नत्तं, एमाई विविहमन्नं पि ॥ ९ ॥**

सिक्ककनिक्षेपणादिः पर्युषणादितिथिपरावर्तः ॥
भोजनविध्यन्यत्वमेवमादि विविधमन्यदपि ॥ ९ ॥

सिक्किको-दवरकरचितो भाजनाधारविशेषः, तत्र निक्षेपणं बन्धनमर्थात् पात्राणाम्, आदिशब्दाद्युक्तिलेपेन पात्रलेपनादि, तथा पर्युषणादितिथिपरावर्त्तः-पर्युषणा सांवत्सरिकम्, आदिशब्दाच्चातुर्मासकपरिग्रहः, तयोः तिथिपरावर्त्तः-तिथ्यन्तरकरणं, सुप्रतीतमेतत्, तथा भोजनविधेरन्यत्वं यतिजनप्रसिद्धमेव, 'एमाइ' त्ति प्राकृतशैल्यैवंशब्दे वकारलोपः, तत एवमादिग्रहणेन षट्जीवनिकायामप्यधीतायां शिष्य उत्थाप्य इत्यादि गीतार्थानुमतं विविधमन्यदप्याचरितं प्रमाणभूतमस्तीत्यवगन्तव्यम्।

**तथा च व्यवहारभाष्यम्-**

"सत्थपरिन्ना छक्कायसंजमो पिंड उत्तरज्झाए ।<br>रुक्खे वसहे गोवे, जोहे सोही य पुक्खरिणी" ॥ १ ॥

**अस्या अयमर्थलेशः-**

शस्त्रपरिज्ञाध्ययने सूत्रतोऽर्थतश्चावगते भिक्षुरुत्थापनीय इत्यप्रमेयप्रभावपारमेश्वरप्रवचनमुद्रा, जीतं पुनः षट्कायसंयमो-दशवैकालिकचतुर्थाध्ययने षट्जीवनिकाख्ये ज्ञाते भिक्षुरुत्थाप्यत इति। तथा पिण्डैषणायां पठिताया-मुत्तराध्ययनान्यधीयन्ते स्म, संप्रति तान्यधीत्याचार उद्दिश्यते। पूर्वं कल्पपादपा लोकस्य शरीरस्थितिहेतवोऽभूवन्, इदानीं सहकारकरीरादिभिर्व्यवहारः। तथा वृषभाः-पूर्वमतुलबला धवलवृषभा बभूवुः, संप्रति धूसरैरपि लोको व्यवहरति। तथा गोपाः-कर्षकाश्चक्रवर्त्तिगृहपतिरत्नवत् तद्दिन एव धान्यनिष्पादका आसन्, संप्रति तादृगभावेऽपीतरकर्षकैर्लोको निर्वहति। तथा पूर्वं योधाः-सहस्रयोधादयः समभवन्, संप्रत्यल्पबलपराक्रमैरपि राजानः शत्रूनाक्रम्य राज्यमनुपालयन्ति । तद्वत् साधवोऽपि जीतव्यवहारेणापि संयममाराधयन्तीत्युपनयः। तथा शोधिः-प्रायश्चित्तम्, षाण्मासिक्यामप्यापत्तौ जीतव्यवहारे द्वादशकेन निरूपितेति। पुष्करिण्योऽपि प्राक्तनीभ्यो हीना अपि लोकोपकारिण्य एवेति दार्ष्टान्तिकयोजना पूर्ववत्। एवमनेकधा जीतमुपलभ्यत इति। (धर्मरत्न प्रकरणे गा-८३)

**ગાથાર્થઃ-** સીકામાં નિક્ષેપ આદિ, પર્યુષણાદિ તિથિ પરાવર્ત, ભોજનવિધિમાં ફેરફાર ઈત્યાદિ આવા પ્રકારનું બીજું પણ વિવિધ આચીર્ણ છે.

**વિશેષાર્થઃ- સીકામાં નિક્ષેપ આદિ**-સીકું એ દોરાથી બનાવેલો પાત્ર રાખવાનો આધાર વિશેષ છે. આજે પણ ગામડાઓમાં સીકા જોવામાં આવે છે. પૂર્વે (પ્રસ્તુત ગ્રંથકારના સમયે) સાધુઓ આવા સીકામાં પાત્રાઓને બાંધીને રાખતા હતા.

ગાથામાં રહેલા आदि શબ્દથી યુક્તિલેપથી પાત્રલેપ કરવો વગેરે સમજવું. લેપના ખંજન, તજ્જાત અને યુક્તિ એમ ત્રણ પ્રકાર છે. ગાડાની મળીનો પાત્રલેપ કરવો એ ખંજનલેપ. ગૃહસ્થના તેલ વગેરે સ્નિગ્ધ પદાર્થ ભરવાના વાસણ ઉપર ચીકાસમાં લાગેલી ઘટ્ટ બની ગયેલી મળીથી પાત્રલેપ કરવો તે તજ્જાતલેપ છે. પત્થર વગેરેના ટુકડાઓનું ચૂર્ણ કરીને તેમાં તેલ વગેરે મેળવીને બનાવેલો લેપ યુક્તિલેપ છે. આ લેપનો સંનિધિ કરવો પડે (= રાતે રાખવો પડે) માટે તેનો નિષેધ કરેલો છે. આમ છતાં આચરણથી યુક્તિ લેપથી પાત્રલેપ કરવામાં આવે છે.

**પર્યુષણાદિ તિથિ પરાવર્તઃ-** પૂર્વે પર્યુષણની આરાધના ભાદરવા સુદ પાંચમના થતી હતી. પૂજ્ય કાલિકસૂરિથી ભાદરવા સુદ ચોથના થાય છે. ગાથામાં રહેલા આદિ શબ્દથી ચોમાસી સમજવી. પૂર્વે ચોમાસી પર્વની આરાધના પૂનમના થતી હતી. પણ ચોમાસી પ્રતિક્રમણ પછી પચાસમા દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ થવું જોઈએ એવો નિયમ હોવાથી, જ્યારથી પર્યુષણ પર્વની આરાધના ભાદરવા સુદ ચોથના થઈ, ત્યારથી ચોમાસી પર્વની આરાધના ચૌદશના થાય છે. આ બંને વિગત સારી રીતે પ્રસિદ્ધ છે.

**ભોજનવિધિમાં ફેરફારઃ-** આ પણ સાધુઓમાં પ્રસિદ્ધ છે. પૂર્વે સાધુઓ ભાત વગેરે બધી વસ્તુઓ એક જ પાત્રમાં રાખીને ભોજન કરતા હતા. હમણાં અલગ અલગ પાત્રમાં રાખીને ભોજન કરવામાં આવે છે. ભોજન વિધિમાં આવાં અનેક ફેરફારો વર્તમાનમાં સાધુઓમાં પ્રસિદ્ધ છે.

ગાથામાં રહેલા आदि શબ્દથી દશવૈકાલિક સૂત્રનું ષડ્જીવનીકાય નામનું ચોથું અધ્યયન ભણી લે તો વડી દીક્ષા અપાય છે વગેરે સમજવું. આવા પ્રકારનું વિવિધ બીજું પણ ગીતાર્થ સંમત આચીર્ણ પ્રમાણભૂત છે એમ સમજવું.

આ વિષે વ્યવહારસૂત્રમાં ભાષ્યગાથા આ પ્રમાણે છે:-

सत्थपरिन्ना वसंजमो पिंड उत्तरज्झाए।
रुक्खे वसहे गोवे, जोहे सोही य पुक्खरिणी ॥ १ ॥

આ ગાથાનો સંક્ષેપમાં અર્થ આ પ્રમાણે છે:-

આ વિષયમાં શસ્ત્રપરિજ્ઞા, ષટ્કાય સંયમ, પિંડ, ઉત્તરાધ્યયન, વૃક્ષ, વૃષભ, ગોપ, યોધો, શોધિ અને વાવડી એ દૃષ્ટાંતો છે.

**શસ્ત્રપરિજ્ઞા-ષટ્કાયસંયમ:-** પૂર્વે આચારાંગમાં આવેલ શસ્ત્રપરિજ્ઞા અધ્યયન સૂત્રથી અને અર્થથી સાધુ ભણી લે પછી તેની વડીદીક્ષા કરવી એવી અગણિત પ્રભાવવાળા પરમેશ્વરના પ્રવચનની મર્યાદા છે. આચરણ તો દશવૈકાલિકસૂત્રનું ષડ્જીવનિકાય નામનું ચોથું અધ્યયન ભણી લે પછી વડીદીક્ષા કરવાનું છે.

**પિંડ-ઉત્તરાધ્યયન:-** પૂર્વે આચારાંગનું પિંડૈષણા અધ્યયન ભણ્યા પછી ઉત્તરાધ્યયનસૂત્ર ભણવામાં આવતું હતું. હમણાં ઉત્તરાધ્યયનસૂત્ર ભણીને આચારાંગ ભણાય છે.

**વૃક્ષ:-** પૂર્વે કલ્પવૃક્ષોથી લોકનું શરીર ટકતું હતું. હમણાં આમ્ર અને કરીર વગેરે વૃક્ષોથી વ્યવહાર થાય છે.

**વૃષભ:-** પૂર્વે અતુલ બલવાળા શ્વેત વૃષભો હતા. હમણાં લોક (અલ્પ બળવાળા અને) મિશ્રિતવર્ણવાળા પણ બળદોથી વ્યવહાર કરે છે.

**ગોપ:-** ગોપ એટલે ખેડૂત. પૂર્વે ખેડૂતો ચક્રવર્તીના ગૃહપતિરત્નની જેમ તે જ દિવસે ધાન્યને તૈયાર કરતા હતા. હમણાં તેવા ખેડૂતો ન હોવા છતાં બીજા ખેડૂતોથી લોકનિર્વાહ કરે છે.

**યોધો:-** પૂર્વે સહસ્રયોધી વગેરે યોધાઓ હતા. હમણાં અલ્પબળ-પરાક્રમવાળા પણ યોધાઓથી રાજાઓ શત્રુ ઉપર આક્રમણ કરીને રાજ્યનું પાલન કરે છે. તે પ્રમાણે સાધુઓ પણ જીતવ્યવહારથી સંયમની આરાધના કરે છે એવો ઉપનય છે.

**શોધિઃ**- શોધિ એટલે પ્રાયશ્ચિત્ત. આગમ પ્રમાણે જે દોષની શુદ્ધિ છ મહિનાના ઉપવાસથી થાય તે દોષની શુદ્ધિ જીતવ્યવહારમાં પાંચ ઉપવાસથી જણાવી છે.

**વાવડીઃ**- વાવડીઓ પણ પૂર્વકાળની વાવડીઓથી અલ્પ પાણીવાળી હોવા છતાં લોકો ઉપર ઉપકાર કરે જ છે. દાર્ષ્ટાંતિકની યોજના પૂર્વની જેમ સમજવી. આ પ્રમાણે અનેક રીતે જીત દેખાય છે. [૯]

**जं सव्वहा न सुत्ते, पडिसिद्धं नेव जीववहहेऊ ॥**
**तं सव्वंपि पमाणं, चारित्तधणाण भणिअं च ॥ १०॥**

यत्सर्वथा न सूत्रे प्रतिषिद्धं नैव जीववधहेतुः ॥
तत्सर्वमपि प्रमाणं चारित्रधनानां भणितं च ॥ १०॥

यत्तु सर्वथा-सर्वप्रकारैर्नैव सूत्रे-सिद्धान्ते प्रतिषिद्धं-निवारितं सुरतासेवनवत्।

**उक्तं च**-

"न य किंचि अणुन्नायं, पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।
मोत्तुं मेहुणभावं, न तं विणा रागदोसेहिं॥"

नापि जीववधहेतुराधाकर्मग्रहणवत्, तद्-अनुष्ठानं सर्वमपि प्रमाणं चारित्रमेव धनं येषां तेषां चारित्रधनानां-चारित्रिणामागमानुज्ञातत्वाद्, भणितमुक्तं च पूर्वाचार्यैरिति॥ (धर्मरत्न० ८४)

## કેવી આચરણાને પ્રમાણ માનવી ?

મૈથુન સેવનની જેમ જેનો શાસ્ત્રમાં સર્વથા નિષેધ ન કર્યો હોય અને જે આધાકર્મિક આહાર લેવાની જેમ જીવહિંસાનું કારણ ન હોય તે બધાંય અનુષ્ઠાનો ચારિત્ર જ જેમનું ધન છે તેવા સાધુઓને પ્રમાણ છે. કારણ કે તે અનુષ્ઠાનો આગમ સંમત છે. આ વિષે પૂર્વાચાર્યોએ નીચેની (=પ્રસ્તુત ગ્રંથની ૧૧મી) ગાથામાં કહેવાશે તે કહ્યું છે.

જિનેશ્વરોએ એકાંતે નિષેધ કે વિધાન કર્યું નથી. આ વિષે કહ્યું છે કે- "જિનેશ્વરોએ મૈથુનસેવનને છોડીને બીજા કશાની એકાંતે અનુજ્ઞા આપી નથી કે એકાંતે કશાનો નિષેધ કર્યો નથી. મૈથુનસેવનનો એકાંતે નિષેધ કર્યો છે. કારણ કે મૈથુન સેવન રાગ-દ્વેષ વિના ન થાય." [૧૦]

यद् भणितं तदेवाह-

**अवलंबिऊण कज्जं, जं किंचि समायरंति गीयत्था ॥**
**थोवावराहबहुगुणं सव्वेसिं तं पमाणं तु ॥ ११॥**

अवलम्ब्य कार्यं यत्किञ्चित्समाचरन्ति गीतार्थाः ॥
स्तोकापराधबहुगुणं सर्वेषां तत्प्रमाणं तु ॥ ११॥

अवलम्ब्य-आश्रित्य कार्यं यत्किञ्चिदाचरन्ति-सेवन्ते 'गीतार्थाः' आगमविदः स्तोकापराधं बहुगुणं मासकल्पाविहारवत् सर्वेषां जिनमतानुसारिणां तत् प्रमाणमेव, उत्सर्गापवादरूपत्वादागमस्येति गाथार्थः (पंचवस्तुक गा. २७९)

**પૂર્વાચાર્યોએ જે કહ્યું છે તે કહે છેઃ-**

ગીતાર્થો કોઈ કારણસર માસકલ્પ વિહારનો ત્યાગ વગેરેની જેમ અલ્પ દોષવાળું અને ઘણા ગુણવાળું જે કંઈ આચરે તે જિનમતાનુસારી સર્વ સાધુઓને પ્રમાણ જ હોય છે. કારણ કે શાસ્ત્રમાં ઉત્સર્ગ અને અપવાદ એ બંને કહ્યા છે. [૧૧]

अत्र कश्चिदेवमाह-नन्वेवमाचरिते युष्माभिः प्रमाणीकृतेऽस्माकं पितृपिता-महादयो नानारम्भमिथ्यात्वक्रियाप्रवृत्तयोऽभूवन्नतोऽस्माकमपि तथैव प्रवर्तितु-मुचितमिति। अत्रोच्यते-सौम्यमार्गेणापि नीयमानो मोन्मार्गेण गमः, यतोऽस्माभिः संविग्नाचरितमेव स्थापितम्, न सर्वपूर्वपुरुषाचरितमित्यत एवाह-

**जं पुण पमायरूवं, गुरुलाघवचिंतविरहियं सवहं ॥**
**सुहसीलसढाइन्नं, चरित्तिणो तं न सेवंति ॥१२॥**

यत्पुनः प्रमादरूपं गुरुलाघवचिन्ताविरहितं सवधम् ॥
सुखशीलशठाचीर्णं चारित्रिणस्तन्न सेवन्ते ॥ १२॥

यत् पुनराचरितं प्रमादरूपं संयमबाधकत्वात्, अत एव गुरुलाघव-चिंताविरहितं-सगुणमपगुणं वेति पर्यालोचनवर्जितमत एव सवधं यतनाभावात्, सुखशीला-इहलोकप्रतिबद्धाः, शठा-मिथ्यालम्बनप्रधानास्तैराचीर्णं-समाचरितं चारित्रिणः-शुद्धचारित्रवन्तस्तं न सेवन्ते नानुतिष्ठन्तीति। (धर्मरत्न प्र. गा. ८६)

### કેવી આચરણાને પ્રમાણ ન માનવી ?

**અહીં કોઈ આ પ્રમાણે કહે છે- તમોએ આ પ્રમાણે આચરિતને પ્રમાણ કર્યું. આનો અર્થ એ થયો કે અમારા પિતા અને દાદા વગેરે વિવિધ આરંભની અને મિથ્યાત્વની ક્રિયામાં પ્રવૃત્ત થયા હતા, આથી અમારે પણ તે જ પ્રમાણે પ્રવૃત્તિ કરવી એ ઉચિત છે. અહીં ઉત્તર કહેવાય છે– હે સૌમ્ય ! સીધા માર્ગે લઈ જવાતો હોવા છતાં અવળા માર્ગે ન જા. કારણ કે અમોએ સંવિગ્નોના આચરિતને જ સ્થાપિત કર્યું છે=પ્રમાણ રૂપે સ્વીકાર્યું છે, નહિ કે સઘળા પૂર્વ પુરુષોના આચરિતને. આથી જ ગ્રંથકાર કહે છે-**

પણ સુખશીલ અને શઠ પુરુષોએ પ્રમાદ રૂપ, ગુરુ-લાઘવની ચિંતાથી રહિત અને હિંસા યુક્ત જે આચર્યું હોય તેને શુદ્ધ ચારિત્રવંતો આચરતા નથી.

**પ્રમાદરૂપઃ-** સંયમમાં બાધક હોવાથી પ્રમાદરૂપ હોય.

**ગુરુ-લાઘવની ચિંતાથી રહિતઃ-** આ આચરણ ગુણવાળું (= લાભકારી) છે કે દોષવાળું (= નુકશાનકારી) છે એવી ચિંતાથી રહિત.

**હિંસાયુક્તઃ-** યતના ન હોવાથી હિંસાયુક્ત હોય.

પ્રમાદરૂપ હોય એથી જ ગુરુ-લાઘવની ચિંતાથી રહિત હોય. ગુરુ-લાઘવની ચિંતાથી રહિત હોય એથી જ હિંસાયુક્ત હોય.

**સુખશીલઃ-** આ લોકમાં પ્રતિબદ્ધ, અર્થાત્ કેવલ આ લોકની જ ચિંતા કરનારા.

**શઠઃ-** ખોટા આલંબનોની પ્રધાનતાવાળા. શઠનાં મોટા ભાગનાં આલંબનો ખોટાં હોય. [૧૨]

अस्यैवोल्लेखं दर्शयन्नाह-

**जह सड्ढेसु ममत्तं, राढाइ असुद्धमुवहिभत्ताइ ॥**
**निद्दिज्जवसहि तूली-मसूरगाईण परिभोगो ॥१३॥**

यथा श्राद्धेषु ममत्वं राढया अशुद्धमुपधिभक्तादि॥
निद्दिज्जवसतितूलीमसूरकादीनां परिभोगः ॥ १३॥

यथेत्युपदर्शने, श्राद्धेषु-श्रावकेषु ममत्वं-ममकारं 'मदीयोऽयं श्रावक' इति गाढाग्रहं "गामे कुले वा नगरे च देसे ममत्तभावं न कहिं पि कुज्जा।" इत्यागमनिषिद्धमपि केचित् कुर्वन्ति। तथा राढया-शरीरशोभाकाम्ययाऽशुद्धो-पधिभक्तादि केचन गृह्णन्ति। तत्राशुद्धमुद्गमोत्पादनादिदोषदुष्टम्, उपधिर्वस्त्र-पात्रादिर्भक्तमशनपानखाद्यस्वाद्यादि, आदिशब्दादुपाश्रयग्रहणम्, एतान्यप्या-गमेऽशुद्धानि निषिद्धान्येव। यत एवमार्षम्-

"पिंडं सिज्जं च वत्थं च, चउत्थं पायमेव य ।
अकप्पियं न इच्छिज्जा, पडिगाहिज्ज कप्पियं" ॥ इति ॥

इह च राढाग्रहणं पुष्टालम्बनेन दुर्भिक्षाक्षेमादौ पञ्चकपरिहाण्या किंचिदशुद्धमपि गृह्णतो न दोष इति ज्ञापनार्थम्, यतोऽभाणि पिण्डनिर्युक्तौ-

"एसो आहारविही जह, भणिओ सव्वभावदंसीहिं।
धम्मावस्सगजोगा, जेण न हायन्ति तं कुज्जा ॥ १॥"

**तथा—**

"कारणपडिसेवा पुण, भावेणासेवणत्ति दट्ठव्वा ।
आणाइ तीइ भावे, सो सुद्धो मुक्खहेउ त्ति ॥"

तथा 'निद्दिज्ज'त्ति पत्रलेखनेनाचन्द्रकालिकं प्रदत्ता वसतिर्गृहमेषापि साधूनामकल्पनीया, अनगारत्वहानेः भग्नसंस्थापनादौ कायवधसंभवात् ।

**तथा च पठ्यते—**

"अविकत्तिऊण जीवे, कत्तो घरसरणगुत्तिसंठप्पं ।
अविकत्तिया य तं तह पडिया अस्संजयाण पहे ॥"

एतद्ग्रहणमप्यैकैराचर्यते । तथा तूलीमसूरकादीनामपि परिभोगः कैश्चि-द्विधीयते । तत्र तूलीमसूरके प्रतीते, आदिशब्दात्तूलिकाखल्लककांस्यताम्रपात्रादीनां परिग्रहः, एतान्यपि यतीनां न कल्पन्ते इति । (धर्मरत्न प्र. ગા.૮૭)

## સુખશીલ અને શઠપુરુષોના આચરણનો જ ઉલ્લેખ કરે છે—

જેમ કે-શ્રાવકોની મમતા, રાઢાથી અશુદ્ધ ઉપધિ-ભક્તાદિ, નિદિજ્જ વસતિ, તૂલી, મસૂરક આદિનો ઉપયોગ. આ બધું સુખશીલ અને શઠપુરુષોનું આચરણ છે.

**શ્રાવકોની મમતા:-** શ્રાવકો ઉપર મમતા રાખવી. "આ શ્રાવક મારો છે" એ પ્રમાણે ગાઢ આગ્રહ રાખવો. "ગામમાં, કુળમાં, નગરમાં કે દેશમાં ક્યાંય મમત્વ ન કરવું." એમ આગમમાં મમતા કરવાનો નિષેધ હોવા છતાં કેટલાકો મમતા કરે છે.

**રાઢાથી અશુદ્ધ ઉપધિ-ભક્તાદિ:-** રાઢા એટલે શોભા. શરીરશોભાની ઈચ્છાથી અશુદ્ધ ઉપધિ અને ભક્ત (= આહાર) કેટલાકો ગ્રહણ કરે છે. અશુદ્ધ એટલે ઉદ્ગમ અને ઉત્પાદન આદિ દોષોથી દુષ્ટ. વસ્ત્ર-પાત્ર વગેરે ઉપધિ છે. અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વગેરે ભક્ત છે. ભક્તાદિ એ સ્થળે રહેલા આદિ શબ્દથી ઉપાશ્રય સમજવો. આગમમાં ઉપધિ-ભક્ત-ઉપાશ્રય પણ અશુદ્ધ નિષિદ્ધ જ છે. કારણ કે ઋષિઓએ આ પ્રમાણે કહ્યું છે-**"અકલ્પ્ય એવા પિંડને (=અશનાદિ ચાર પ્રકારના આહારને), શય્યાને (= વસતિને), વસ્ત્રને અને પાત્રને લેવાની ઈચ્છા પણ ન કરવી, કિંતુ કલ્પ્ય (પિંડ વગેરે)ને ગ્રહણ કરવા."** (દશવૈ. અ. ૬ ગા. ૪૮)

અહીં રાઢા શબ્દનો ઉલ્લેખ પુષ્ટ આલંબનથી દુર્ભિક્ષ અને માંદગી આદિમાં પંચકહાનિથી કંઈક અશુદ્ધ પણ ગ્રહણ કરતા સાધુને દોષ ન લાગે એમ જણાવવા માટે છે. કારણ કે પિંડનિર્યુક્તિમાં (ગા. ૬૭૦) આ પ્રમાણે કહ્યું છે-

**"સર્વ ભાવોને જોનારા તીર્થંકર આદિ વડે આ આહારવિધિ જે રીતે કહેવાયો છે તે રીતે કાલને અનુરૂપ સ્વમતિ વૈભવથી મારા વડે વિવરણ કરાયો છે. શ્રુતધર્મ, ચારિત્રધર્મ અને પ્રતિક્રમણાદિ વ્યાપારો જે કરવાથી હાનિને ન પામે તે કરે, અર્થાત્ તે તે પ્રમાણે અપવાદનું સેવન કરે."**

તથા- **"કારણે કરેલું દોષનું સેવન પરમાર્થથી અસેવન જાણવું. કારણ કે કારણે કરેલા દોષસેવનના કાળે તેનો ભાવ (આ અવસ્થામાં ભગવાને આ કર્તવ્ય તરીકે કહ્યું છે એવા અધ્યવસાયના કારણે) આજ્ઞામાં રહેલો છે. આજ્ઞામાં રહેલો તે ભાવ શુદ્ધ છે અને મોક્ષનો હેતુ છે."** (ઉ. પં. ગા. ૮૦૧)

**પંચકપરિહાનિઃ-** પંચક એ પ્રાયશ્ચિત્તની સંજ્ઞા છે. શુદ્ધ આહારથી નિર્વાહ ન જ થઈ શકે અને એથી અશુદ્ધ આહાર લેવો પડે તો જેમ બને તેમ ઓછા દોષવાળો આહાર લેવો. પહેલાં પંચકનું પ્રાયશ્ચિત્ત આવે તેવો અશુદ્ધ આહાર લેવો. તેવો ન મળે તો દશકનું પ્રાયશ્ચિત્ત આવે તેવો આહાર લેવો. તેવો પણ ન મળે તો પંચદશનું પ્રાયશ્ચિત્ત આવે તેવો આહાર લેવો.

**નિદિજ્જ વસતિઃ-** નિદિજ્જ વસતિ એટલે પત્રમાં લખીને યાવજ્જીવ માટે આપેલી વસતિ. આવી વસતિ પણ અકલ્પ્ય છે. કારણ કે અણગારપણામાં ક્ષતિ આવે. સાધુ અણગાર છે. અણગાર એટલે ઘરરહિત. સાધુ વસતિમાં પોતાની માલિકી કરે તો અણગારપણું ન રહે. તથા એ વસતિ ભાંગી જાય=પડી જાય તો તેને સમારવામાં= ઠીક કરવામાં છ જીવનિકાયની હિંસા થાય. કહ્યું છે કે-**"જીવોને માર્યા વિના ઘરની સારસંભાળ અને વ્યવસ્થા કેવી રીતે થઈ શકે ? અને જીવહિંસા કરનારા જીવો અસાધુના માર્ગમાં પડેલા છે, અર્થાત્ ગૃહસ્થો છે."**

કેટલાકો આવી વસતિને પણ લે છે. તથા કેટલાકો તુલી અને મસૂરક આદિનો પણ ઉપયોગ કરે છે. આદિ શબ્દથી તૂલિકા, ખલ્લક, કાંસ્યપાત્ર, તામ્રપાત્ર આદિ સમજવું. આ વસ્તુઓ પણ સાધુઓને ન કલ્પે.

તૂલી=રૂની ગાદી. મસૂરક=રૂનું ઓશીકું. તૂલિકા=રૂનો ગાદલો. ખલ્લક=ચામડાનાં પગરખાં. કાંસ્યપાત્ર=કાંસાનાં વાસણો. તામ્રપાત્ર=તાંબાનાં વાસણો. [૧૩]

अथ प्रस्तुतमुपसंहरन्नाह—

**इच्चाई असमंजस-मणेगहा खुद्दचिट्ठिअं लोए ।**
**बहुएहि वि आयरिअं, न पमाणं सुद्धचरणाणं ॥ १४॥**

इत्याद्यसमञ्जसमनेकधा क्षुद्रचेष्टितं लोके ॥
बहुभिरप्याचरितं न प्रमाणं शुद्धचरणानाम् ॥ १४॥

इत्यादि-एवंप्रकारमसमञ्जसं-वक्तुमप्यनुचितं शिष्टानामनेकधाऽनेकप्रकारं क्षुद्राणां-तुच्छसत्त्वानां चेष्टितमाचरितं लोके-लिङ्गिजने बहुभिरप्यनेकैरप्याचीर्णं न

प्रमाणं-नालम्बनहेतुः शुद्धचरणानां-निष्कलङ्कचारित्रिणाम्। अप्रमाणता पुनरेतस्य सिद्धान्तनिषिद्धत्वात् संयमविरुद्धत्वादकारणप्रवृत्तत्वाच्च सम्यगालोचनीयेति। (धर्मरत्न प्रकरण गाथा-८८)

**હવે પ્રસ્તુત વિષયનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે:-**

ઈત્યાદિ અનેક પ્રકારનું અસમંજસ વેશધારી લોકમાં તુચ્છ સત્ત્વવાળા જીવોથી આચરાયેલું છે. આવું ઘણાઓથી પણ આચરાયેલું હોય તો પણ શુદ્ધ ચારિત્રવંતોને પ્રમાણ નથી=શુદ્ધ ચારિત્રવંતો એનું આલંબન લેતા નથી.

**વિશેષાર્થ-** આવું આચરિત શાસ્ત્રનિષિદ્ધ હોવાથી, સંયમવિરુદ્ધ હોવાથી અને નિષ્કારણ પ્રવૃત્ત થયું હોવાથી એની અપ્રમાણતા બરોબર વિચારવી.

અસમંજસ = શિષ્ટ લોકોને બોલવા માટે પણ અયોગ્ય, અર્થાત્ શિષ્ટ લોકો બોલી પણ ન શકે તેવું. [૧૪]

**सारसिओ परिणामो, अहवा उत्तमगुणप्पणप्पवणो ॥**
**हंदि भुजंगमनलिआ-यामसमाणो मओ मग्गो ॥ १५॥**

स्वारसिकः परिणामः अथवोत्तमगुणार्पणप्रवणः ॥
हन्दि भुजङ्गमनलिकायामसमानो मतो मार्गः ॥ १५॥

**બીજી રીતે માર્ગનું લક્ષણ જણાવે છે:-**

અથવા સ્વારસિક, ઉત્તમ ગુણોને આપવામાં તત્પર અને સર્પને પેસવાની નળીની લંબાઈ જેવો પરિણામ માર્ગ તરીકે અભિપ્રેત છે.

**વિશેષાર્થઃ-** અહીં આત્માના પરિણામને માર્ગ કહ્યો છે. આત્માના પરિણામના સ્વારસિક વગેરે ત્રણ વિશેષણો કહ્યાં છે. સ્વારસિક વગેરે વિશેષણોનો અર્થ આ પ્રમાણે છે:-

(૧) **સ્વારસિકઃ-** સ્વારસિક એટલે સ્વના = પોતાના રસથી થયેલો, અર્થાત્ દાક્ષિણ્યતા, શરમ કે દબાણ આદિથી થયેલો નહિ, કિંતુ સહજ ધર્મરુચિથી થયેલો. સહજ ધર્મરુચિથી થયેલો આત્મ પરિણામ ધર્મમાર્ગમાં

આગળ વધારે છે. દાક્ષિણ્યતા આદિથી થયેલો આત્મપરિણામ ધર્મમાર્ગમાં આગળ વધવા ન દે. અલબત્ત કોઈક જીવવિશેષને દાક્ષિણ્યતા આદિથી ધર્મ કરતાં કરતાં સહજ ધર્મરુચિ જાગે અને ધર્મમાર્ગમાં આગળ વધે એવું બને. પણ બધા માટે એવું ન બને. આ અપવાદ ગણાય. મુખ્ય નિયમ એ કે સહજ ધર્મરુચિથી થયેલો આત્મ પરિણામ ધર્મમાર્ગમાં આગળ વધારે.

(૨) **ઉત્તમ ગુણોને આપવામાં તત્પરઃ-** સહજ ધર્મરુચિથી થયેલો આત્મપરિણામ જીવને ઉત્તમ ગુણોને આપવામાં તત્પર હોય છે, અર્થાત્ સહજ થયેલા આત્મ પરિણામથી જીવમાં ઉત્તમ ગુણો પ્રગટે છે, આથી તે આગળ આગળના ગુણસ્થાનકે ચઢતો જાય છે.

(૩) **સર્પને પેસવાની નળીની લંબાઈ જેવોઃ-** સર્પને પેસવાની નળીની લંબાઈ સરળ હોય તો જ સર્પ તેમાં પ્રવેશી શકે, વક્ર હોય તો ન પ્રવેશી શકે. તે રીતે પ્રસ્તુતમાં ચિત્ત સરળ હોય = ચિત્તમાં સરળતા હોય, વક્રતા ન હોય તો જ જીવ ધર્મમાર્ગમાં આગળ વધે. અહીં "સર્પને પેસવાની નળીની લંબાઈ જેવો પરિણામ માર્ગ છે" એમ કહીને સરળતા ગુણનું સૂચન કર્યું છે. જે જીવ સરળ બને તે જ મોક્ષમાર્ગને અનુસરી શકે. માટે જ કહ્યું છે કે - **धम्मो शुद्धस्स चिट्ठइ**= શુદ્ધ આત્મામાં ધર્મ હોય, અશુદ્ધ આત્મામાં ધર્મ ન હોય. કેવો જીવ શુદ્ધ બને ? એના જવાબમાં કહ્યું કે-**सोही उज्जु-भूयस्स**-સરળ બનેલા આત્મામાં શુદ્ધિ હોય. પ્રશમરતિમાં પણ કહ્યું છે કે-

नानार्जवो विशुद्ध्यति न धर्ममाराधयत्यशुद्धात्मा ।
धर्माद् ऋते न मोक्षो, मोक्षात् परं सुखं नान्यद् ॥

**"આર્જવથી રહિત (=માયાવી) મનુષ્ય વિશુદ્ધ બનતો નથી. અવિશુદ્ધ આત્મા ધર્મની આરાધના કરી શકતો નથી. ધર્મ વિના મોક્ષ મેળવી શકાતો નથી. મોક્ષના સુખથી ચઢિયાતું કોઈ સુખ નથી.** આથી જેણે મોક્ષ સુખ મેળવવું હોય તેણે સરળ બનવું જોઈએ.

જે થયેલી ભૂલોને ગુરુની પાસે જરાય છૂપાવ્યા વિના જેવી રીતે થઈ હોય તેવી રીતે કહી દે, અને ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તોનું (=શુદ્ધિ માટેના દંડનું) પાલન કરે તે શુદ્ધ બને છે. પણ માયાવી માનવ થયેલી ભૂલો ગુરુને

કહેતો નથી. કહે છે તો સ્પષ્ટ કહેતો નથી. તથા ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તનું બરોબર પાલન કરતો નથી. આથી તે શુદ્ધ બની શકતો નથી.

અહીં જણાવેલા પરિણામના ત્રણ વિશેષણોમાં સ્વારસિક વિશેષણ મુખ્ય છે. કારણ કે સહજ ધર્મરુચિથી થયેલ આત્મપરિણામ ઉત્તમ ગુણોને અવશ્ય આપે અને એ પરિણામ સર્પને પેસવાની પોલી નળીની જેમ સરળ હોય છે.

લલિતવિસ્તરા ગ્રંથમાં માર્ગની વ્યાખ્યા આ પ્રમાણે છે :- इह मार्गः चेतसोऽवक्रगमनं, भुजङ्गमनलिकायामतुल्यो विशिष्टगुणस्थानावाप્तिप्रगुणः स्वरसवाही क्षयोपशमविशेषः=''માર્ગ એટલે ચિત્તની સરળ ગતિ, અને એ સર્પને પેસવાની નળીની લંબાઈ તુલ્ય, વિશિષ્ટ ગુણસ્થાનની પ્રાપ્તિ કરાવવામાં તત્પર અને સ્વરસથી (સ્વતઃ ઇચ્છાથી) પ્રવર્તતો ક્ષયોપશમ વિશેષ છે.''

અહીં માર્ગ એટલે આધ્યાત્મિક માર્ગ. સામાન્યથી આપણે આગળ જવા માટેના રસ્તાને માર્ગ કહીએ છીએ. પણ અહીં તો ગતિને જ માર્ગ કહ્યો છે. ચિત્તની સરળ ગતિ એ માર્ગ છે. કોઈ ઇષ્ટ સ્થાને જલદી પહોંચવું હોય તો સીધા ચાલવું જોઈએ. જેટલું આડું-અવળું ચલાય તેટલું મોડું પહોંચાય. બે માણસ એક જ ઇષ્ટ સ્થાને જતા હોય, તેમાં એક જે માર્ગ હોય તે માર્ગે સીધો ચાલે, અને બીજો એ જ માર્ગે ઘડીકમાં આ તરફ ચાલે, ઘડીકમાં બીજી તરફ ચાલે એમ આડો-અવળો થયા કરે, તો આ બેમાં સીધો ચાલનાર જલદી ઇષ્ટ સ્થાને પહોંચે. તેમ અહીં અધ્યાત્મમાર્ગમાં ચિત્તની સીધીગતિએ ચાલનાર જલદી આગળ વધી શકે છે. માટે અહીં કહ્યું કે ''માર્ગ એટલે ચિત્તની સરળ ગતિ. હવે આ ચિત્તની સરળગતિથી શું સમજવું ? એના જવાબમાં કહ્યું કે ચિત્તની આ સરળગતિ ક્ષયોપશમવિશેષ છે. કોનો ક્ષયોપશમવિશેષ ? મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમવિશેષ. સરળગતિને દૃષ્ટાંતથી સમજાવવા કહ્યું કે આ ક્ષયોપશમ સર્પને પેસવાની નળીની લંબાઈ તુલ્ય છે. અર્થાત્ સર્પને પેસવાની નળીની લંબાઈ સરળ હોય છે, ક્યાંય વાંકીચૂકી નથી હોતી, જેથી સર્પનો વક્રગતિ કરવાનો સ્વભાવ હોવા છતાં સર્પને સરળ જ ગતિ કરવી પડે છે. જે

રીતે સર્પ સરળગતિથી બિલમાં પ્રવેશે છે તે રીતે પ્રસ્તુતમાં સરળ ગતિ કરનાર જીવ અનેક ગુણોને પામે છે. માટે કહ્યું કે-"આ ક્ષયોપશમ તત્ત્વજિજ્ઞાસા, તત્ત્વજ્ઞાન, સમ્યગ્દર્શન વગેરે વિશિષ્ટ ગુણોના સ્થાનની પ્રાપ્તિ કરાવવામાં તત્પર છે." આ ગુણસ્થાનની પ્રાપ્તિ ત્યારે જ થાય કે જો એ ક્ષયોપશમ કોઈના દબાણથી કે દાક્ષિણ્યતા આદિથી નહિ, કિંતુ જીવને પોતાને જ તેવો રસ હોય, તેના કારણે થયો હોય. માટે અહીં "સ્વરસથી (=સ્વતઃ ઇચ્છાથી) પ્રવર્તતો" એમ કહ્યું. [૧૫]

**इत्थं सुहोहनाणा, सुत्तायरणा य नाणविरहे वि ।**
**गुरुपरतंतमईणं, जुत्तं मग्गाणुसारित्तं ॥ १६ ॥**

इत्थं शुभौघज्ञानात्सूत्राचरणाच्च ज्ञानविरहेऽपि ॥
गुरुपरतन्त्रमतीनां युक्तं मार्गानुसारित्वम् ॥ १६ ॥

આ પ્રમાણે ગુરુને આધીન મતિવાળા સાધુઓમાં વિશેષ જ્ઞાન ન હોવા છતાં શુભ ઓઘજ્ઞાનથી અને શાસ્ત્રોક્ત આચારોનું પાલન કરવાથી માર્ગાનુસારિતા ઘટે છે.

**વિશેષજ્ઞાન વિના પણ ગુરુને આધીન બનેલામાં માર્ગાનુસારિતા ઘટે.**

**વિશેષાર્થ- શુભ ઓઘજ્ઞાનઃ-** શુભ એટલે અવિપરીત. ઓઘ એટલે બહુ ઊંડાણ વિનાનું. સામાન્ય શુભ ઓઘજ્ઞાનવાળો જીવ ઘણું શ્રુત ભણેલો ન હોવા છતાં વસ્તુતત્ત્વને જાણે છે. જેમકે માસતુષમુનિ. માસતુષમુનિને શુભ ઓઘજ્ઞાન હતું. તે આ પ્રમાણે :- (૧) આ સંસાર વિષવિકાર આદિની જેમ ભયંકર છે. આ સંસાર જ પારમાર્થિક રોગ છે. (૨) સંસારરૂપ પારમાર્થિક રોગનું ઔષધ શુદ્ધ ધર્મ જ છે. (૩) શુદ્ધ ધર્મની પારમાર્થિક પ્રાપ્તિ ગુરુકુલ સંવાસથી થાય છે. ગુરુકુલ સંવાસ એટલે ગુરુકુલમાં રહેલી મર્યાદાના પાલન પૂર્વક ગુરુકુલમાં રહેવું. માસતુષમુનિમાં વિશેષ જ્ઞાન ન હોવા છતાં આટલું શુભ ઓઘજ્ઞાન હતું.

**પ્રશ્નઃ-** માસતુષ મુનિમાં આટલું શુભ ઓઘજ્ઞાન હતું એવું કેવી રીતે નક્કી કરી શકાય ?

**ઉત્તર**:- મન-વચન-કાયાથી ગુરુની આજ્ઞાનું પાલન કરતા હતા, એથી ગુરુ કુલવાસી હતા એમ જાણી શકાય છે. (ઉપ. પ. ગા. ૧૯૪-૧૯૫)

જે જીવ મન-વચન-કાયાથી ગુરુને સમર્પિત બને તેનામાં વિશેષ જ્ઞાન ન હોય તો પણ શુભ ઓઘજ્ઞાન અવશ્ય હોય, અને શાસ્ત્રોક્ત આચારનું પાલન પણ અવશ્ય હોય. આથી જ તેનામાં માર્ગાનુસારિતા હોય. માટે જ આ ગાથામાં કહ્યું કે -ગુરુને આધીન મતિવાળા સાધુઓમાં વિશેષજ્ઞાન ન હોવા છતાં શુભ ઓઘજ્ઞાનથી અને શાસ્ત્રોક્ત આચારોનું પાલન કરવાથી માર્ગાનુસારિતા ઘટે છે. [૧૬]

**एयारिसस्स जमिह, गमणमणाभोगओ वि मग्गंमि ॥**
**अज्झप्पचिंतएहिं, सदंधणीईइ उवइट्ठं ॥ १७॥**

एतादृशस्य यदिह गमनमनाभोगतोऽपि मार्गे ॥
अध्यात्मचिन्तकैः सदन्धनीत्योपदिष्टम् ॥ १७॥

**ગુરુને આધીન મતિવાળા સાધુમાં માર્ગાનુસારિતા કેમ ઘટે છે તે જણાવે છે;-**

કારણ કે અનાભોગ હોય તો પણ માર્ગાનુસારી જીવની સદંધના દૃષ્ટાંતથી મોક્ષમાર્ગમાં ગતિ થાય છે = મોક્ષમાર્ગને અનુકૂલ પ્રવૃત્તિ થાય છે એમ અધ્યાત્મચિંતકોએ કહ્યું છે.

**વિશેષાર્થ - અનાભોગ હોય તો પણ-** કોઈક વિષયમાં યથાર્થ જાણકારી ન હોય, અથવા કોઈ વિષયમાં ગેરસમજ હોય, ગુરુના વિતથ ઉપદેશના કારણે અસદ્‌ભૂત પદાર્થમાં શ્રદ્ધા થઈ જાય, ઈત્યાદિ અનાભોગ છે. આવો અનાભોગ હોય તો પણ માર્ગાનુસારી જીવ મોક્ષમાર્ગ તરફ જ ગતિ કરે છે. અનાભોગ ન હોય તો તો મોક્ષમાર્ગ તરફ ગતિ કરે જ છે, કિંતુ અનાભોગ હોય તો પણ મોક્ષમાર્ગ તરફ જ ગતિ કરે છે એમ 'પણ' શબ્દનો અર્થ છે.

**સદંધનું દૃષ્ટાંત**:- સદંધ એટલે સારો અંધ. અંધ સારો અને ખરાબ એમ બે પ્રકારના હોય છે. મદદ કરનાર દેખતાના વચન પ્રમાણે વર્તે તે

અંધ સારો. સ્વમતિ પ્રમાણે વર્તે તે અંધ ખરાબ. જેમ સદંધ મદદ કરનાર દેખતાના વચન પ્રમાણે વર્તન કરવાથી ઈષ્ટ સ્થાનની પ્રાપ્તિરૂપ હિતમાં પ્રવૃત્તિ કરે છે, તેમ અગીતાર્થ ચારિત્રી પણ માર્ગાનુસારી હોવાથી તેવા પ્રકારના જ્ઞાનથી ગુર્વાજ્ઞાપાલનાદિ હિતમાં પ્રવૃત્તિ કરે છે.

સારી આંખવાળાના કહ્યા પ્રમાણે વર્તમાન અંધ તેની પાછળ પાછળ ચાલીને ભયંકર પણ જંગલ સારા આંખવાળાની જેમ ઓળંગી જાય છે. ઓળંગી જાય છે એટલું જ નહિ, કિંતુ સારી આંખવાળાની સાથે જ ઓળંગી જાય છે. તે પ્રમાણે અગીતાર્થ પણ ચારિત્રી ગુર્વાજ્ઞાપાલનથી સંસાર રૂપ જંગલને ઓળંગી જાય છે. (પંચા. ભા. ૨)

અથવા સદંધ દૃષ્ટાન્તની ઘટના આ પ્રમાણે છે :- જંગલમાં આંખો ફૂટી જવાથી આંધળો બનેલો માણસ સાતાવેદનીય કર્મના પ્રબલ ઉદયથી સીધા માર્ગે ચાલીને પોતાના ગામમાં આવી જાય, તેમ આ માર્ગાનુસારી જીવ અનાભોગવાળો હોય તો પણ ચારિત્રાવરણીય કર્મના તેવા પ્રકારના ક્ષયોપશમથી નિર્વિઘ્ને મોક્ષમાર્ગ તરફ આગળ વધતો જાય છે. (ઉપદેશપદ-ગા. ૧૯૯, ઉપદેશ રહસ્ય ગા. ૮૬)

ગાથામાં રહેલા इह શબ્દનો અર્થ "માર્ગાનુસારિપણાની વિચારણામાં" એવો છે. [૧૭]

**लद्धेऽवंचकजोए, गलिए अ असग्गहंमि भवमूले ॥**
**कुसलाणुबंधजुत्तं, एअं धन्नाण संभवइ ॥ १८॥**

लब्धेऽवञ्चकयोगे गलिते चाऽसद्ग्रहे भवमूले ॥
कुशलानुबन्धयुक्तमेतद्धन्यानां सम्भवति ॥ १८॥

## માર્ગાનુસારીતા ક્યારે પ્રાપ્ત થાય ?

સંસારનું મૂળ એવો કદાગ્રહ દૂર થતાં અવંચકનો યોગ થયે છતે ધન્ય જીવને કુશલાનુબંધયુક્ત માર્ગાનુસારિતા પ્રાપ્ત થાય છે.

**વિશેષાર્થ- કદાગ્રહ:-** કદાગ્રહ, દુરાગ્રહ, અસદ્ આગ્રહ ઈત્યાદિ શબ્દો એકાર્થક છે. કદાગ્રહ સંસારનું મૂળ છે. જેમ મૂળને ઉખેડ્યા વિના ઝાડને

ઉખેડી શકાય નહિ, તેમ કદાગ્રહને દૂર કર્યા વિના સંસારનો અંત ન આવે. સંસારનો અંત શુદ્ધધર્મથી જ આવે. શુદ્ધધર્મની પ્રાપ્તિ કદાગ્રહ દૂર થયા વિના ન થાય. ધર્મપ્રાપ્તિના અનેક કારણોમાં સૌથી પહેલું અને મુખ્ય કારણ કદાગ્રહ ત્યાગ છે. શુદ્ધધર્મની પ્રાપ્તિ સત્યના સ્વીકારથી થાય. કદાગ્રહ હોય ત્યાં સત્યનો સ્વીકાર ન થઈ શકે.

કદાગ્રહી માણસ લખેલી પાટી જેવો છે. લખેલી પાટીમાં લખી શકાય નહિ. કોરી પાટીમાં જ લખી શકાય. જેની મનરૂપી પાટી કદાગ્રહ રૂપ અક્ષરોથી ભરેલી છે તેમાં તત્ત્વ=સત્ય લખી શકાય નહિ. જેની મનરૂપી પાટી કોરી હોય=કદાગ્રહરૂપી અક્ષરોથી રહિત હોય તેનામાં જ તત્ત્વ=સત્ય લખી શકાય. માટે સત્ય મેળવવા માટે કોરી પાટી જેવા (=મધ્યસ્થ) બનવું જોઈએ.

કદાગ્રહી માનવ "મારું માનેલું સાચું જ છે" એવી પકડવાળો હોય. તેની "સાચું એ મારું" એવી નહિ, કિંતુ "મારું એ સાચું" એવી મનોવૃત્તિ હોય છે. મધ્યસ્થનું ચિત્ત જ્યાં યુક્તિ હોય ત્યાં જાય છે, અર્થાત્ યુક્તિ પ્રમાણે સિદ્ધાંતને સિદ્ધ કરે છે. જ્યારે કદાગ્રહી યુક્તિની ઉપેક્ષા કરીને કે યુક્તિને ગમે તેમ ખેંચીને પોતાનું માનેલું સિદ્ધ કરવા મથે છે. મધ્યસ્થની દૃષ્ટિ તત્ત્વ (=સત્ય) તરફ હોય છે, અને કદાગ્રહીની દૃષ્ટિ સ્વપક્ષ તરફ હોય છે.

કદાગ્રહની ભયંકરતાનું વર્ણન કરતાં અધ્યાત્મસારમાં કહ્યું છે કે- જ્યાં સુધી કદાગ્રહ હોય ત્યાં સુધી સત્ય તત્ત્વ સમજી શકાય નહિ, સમભાવ ન આવે અને હિતોપદેશ રુચે નહિ. નિહ્નવોએ પાંચ મહાવ્રતોનું સારી રીતે પાલન કર્યું, આકરા વિવિધ તપો કર્યા, પિંડવિશુદ્ધિનું સારી રીતે પાલન કર્યું તો પણ તેમને એ બધાનું ફળ ન મળ્યું એનું કારણ કદાગ્રહ છે. કદાગ્રહી જીવને બુદ્ધિરૂપી થાળી મળી, સુગુરુરૂપી પીરસનારે બુદ્ધિરૂપી થાળીમાં હિતોપદેશરૂપ મોદકો પીરસ્યા, આમ છતાં કદાગ્રહરૂપી પુરુષ તેને ગળામાં પકડીને મોદક ખાવા દેતો નથી. કદાગ્રહી માણસ સંભવ છે કે ગુરુની પાસે શાસ્ત્રો સાંભળે, પણ ગુરુનું માને નહિ, પોતાના

મગજમાં બેસે તે જ માને. ગુરુની આજ્ઞા પ્રમાણે કરે નહિ, કિંતુ પોતાની બુદ્ધિ પ્રમાણે કરે. કદાગ્રહ આવો ભયંકર હોવાથી ધર્માર્થી જીવે કદાગ્રહનો ત્યાગ કરવો જોઈએ.

## ત્રણ અવંચક

**અવંચક યોગ:-** અવંચકયોગ એટલે અવંચકનો યોગ થવો = અવંચકની પ્રાપ્તિ થવી. અવંચકના યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક એમ ત્રણ ભેદ છે. તેનું સ્વરૂપ યોગદષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં આ પ્રમાણે છે -

વિશિષ્ટ પુણ્યવંત અને દર્શનથી પણ પાવન કરનારા સત્પુરુષોની (=સુસાધુઓની) સાથે સંબંધ થવો તે પહેલો યોગાવંચક કહેવાય છે. આ સત્પુરુષ છે એવો નિર્ણય માત્ર દેખાવથી નહિ, કિંતુ સાચા ગુણવંત છે એમ સમ્યક્ જોઈને થવો જોઈએ. કારણ કે સાચા ગુણવંતની સાથે જ થતો સંબંધ યોગાવંચક બને. માટે જ અહીં પુરુષોની સાથે એમ ન કહેતાં સત્પુરુષોની સાથે એમ કહ્યું છે. સાચા સત્પુરુષોની સાથે જ થતો સંબંધ આપણા દોષોને દૂર કરીને ગુણો પ્રગટાવી શકે. સાચી ઔષધિ જ રોગ દૂર કરીને આરોગ્ય આપી શકે. [૨૧૯]

તે સત્પુરુષોને જ પ્રણામ કરવા વગેરેનો નિયમ કરવો એ ક્રિયાવંચક યોગ થાય. આ યોગ નીચગોત્ર કર્મનો ક્ષય કરે છે.

**પ્રશ્ન:-** આ યોગ નીચગોત્ર કર્મનો ક્ષય કરે છે એનું શું કારણ?

**ઉત્તર:-** સત્પુરુષોની પ્રણામ આદિથી કરેલી સેવાથી યોગ સુલભ બને છે. સામાન્યથી ઉચ્ચકુળમાં જન્મેલાને જ યોગની પ્રાપ્તિ થાય. જો નીચગોત્ર કર્મનો ક્ષય ન થાય તો નીચગોત્રમાં જન્મ લેવો પડે અને ત્યાં યોગની પ્રાપ્તિ પ્રાયઃ ન થાય. માટે સત્પુરુષોની સેવાથી નીચ ગોત્રકર્મનો ક્ષય થાય છે.

બીજી વાત. સામાન્યથી નિયમ છે કે આપણે બીજાને જેવું આપીએ તેવું જ આપણને મળે. સત્પુરુષોને પ્રણામ આદિ કરનાર સત્પુરુષોને માન આપે છે. આથી પ્રણામ આદિ કરનારને તેની પ્રાપ્તિ થવી જોઈએ. સામાન્યથી તો ઉચ્ચકુળમાં જન્મેલાને માન મળે, નીચકુલમાં જન્મેલાને નહિ. આ હેતુથી પણ નીચગોત્રકર્મનો ક્ષય થાય. [૨૨૦]

હમણાં જ કહેલા સત્પુરુષો પાસેથી જ સદ્ઉપદેશ આદિ દ્વારા ધર્મસિદ્ધિમાં સત્પુરુષોને ઈષ્ટ એવી અનુબંધવાળા ફલની પ્રાપ્તિ અવશ્ય થવી એ ફલાવચંક યોગ છે.

**ધર્મસિદ્ધિમાં-** અહીં હેતુ અર્થમાં સપ્તમી વિભક્તિ છે. એથી ધર્મસિદ્ધિમાં એટલે ધર્મની સિદ્ધિ થાય એ માટે.

**અનુબંધવાળા ફલની પ્રાપ્તિ-** અહીં ફલથી ધર્મરૂપ ફલ વિવક્ષિત છે. કારણ કે અનુબંધવાળા ધર્મથી જ ધર્મની સિદ્ધિ થાય. અનુબંધ એટલે ઉત્તરોત્તર ચાલુ રહેવું. અનુબંધવાળો ધર્મ એટલે ઉત્તરોત્તર ચાલુ રહેનાર ધર્મ.

ધર્મની અનેક વ્યાખ્યાઓ છે. તેમાં ષોડશક ગ્રંથમાં ધર્મનું સ્વરૂપ જણાવતાં કહ્યું છે કે પુષ્ટિ અને શુદ્ધિવાળું ચિત્ત એ ધર્મ છે. આમ કહ્યા પછી પુષ્ટિ અને શુદ્ધિનું સ્વરૂપ જણાવતાં કહ્યું છે કે-

पुष्टिः पुण्योपचयः शुद्धिः पापक्षयेण निर्मलता ।
अनुबन्धिनि द्वयेऽस्मिन् क्रमेण मुक्तिः परा ज्ञेया ॥ ३-४॥

"પુણ્યની વૃદ્ધિ એ પુષ્ટિ છે. પાપક્ષયથી થતી આત્માની નિર્મલતા એ **શુદ્ધિ** છે. આ બંનેનો અનુબંધ થતાં ક્રમે કરીને તાત્ત્વિક મુક્તિની પ્રાપ્તિ થાય છે."

પ્રસ્તુતમાં અનુબંધવાળા ફલની પ્રાપ્તિ એટલે પુષ્ટિ-શુદ્ધિના અનુબંધવાળા ચિત્તની પ્રાપ્તિ. [૨૨૧] (યોગ. સમુ. ગા. ૨૧૯-૨૨૦-૨૨૧)

**કુશલાનુબંધ યુક્તઃ-** કુશલ એટલે પુણ્ય. અનુબંધ એટલે પરંપરા. કુશલાનુબંધ એટલે પુણ્યની પરંપરા. માર્ગાનુસારિતા પુણ્યની પરંપરાથી યુક્ત હોય, અર્થાત્ માર્ગાનુસારી જીવને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય. તેથી ભવાંતરમાં ભોગસુખોની પ્રાપ્તિ થવા સાથે આર્યદેશ, આર્યકુળ, સદ્ગુરુયોગ આદિથી ધર્મની પ્રાપ્તિ થાય. અથવા કુશળ એટલે શુભ માર્ગાનુસારિતા. શુભ પરંપરાથી યુક્ત હોય, અર્થાત્ માર્ગાનુસારી જીવને ઉત્તરોત્તર અધિક અધિક ધર્મની પ્રાપ્તિ થયા કરે. [૧૮]

**एयंमि नाणफलओ, हेमघडसमा मया परेहिंपि ॥**
**किरिया जं भग्गा वि हु, एसा मुंचइ ण तब्भावं ॥ १९॥**

एतस्मिन् ज्ञानफलतः हेमघटसमा मता परैरपि ॥
क्रिया यद् भग्नापि खल्वेषा मुञ्चति न तद्भावम् ॥ १९॥

**માર્ગાનુસારિતામાં થતી ક્રિયા સુવર્ણઘટ સમાન છે:-**

બીજાઓએ (બૌદ્ધ વગેરેએ) પણ માર્ગાનુસારિતામાં થતી ક્રિયાને જ્ઞાનનું ફળ મળતું હોવાથી સુવર્ણઘટ સમાન માની છે. કારણ કે માર્ગાનુસારિતામાં થતી ક્રિયા (તેવા પ્રકારના કર્મોદયથી) ભગ્ન બને = બંધ થાય તો પણ તેના (ક્રિયાના) ભાવને છોડતી નથી.

**વિશેષાર્થ- જ્ઞાનનું ફળ મળતું હોવાથી:-** માર્ગાનુસારિતામાં થતી ક્રિયાને સુવર્ણઘટ સમાન માની છે, અને તેમાં હેતુ "જ્ઞાનફલની પ્રાપ્તિ" એ જણાવ્યો છે. જ્ઞાનનું ફળ શુભ ક્રિયા દ્વારા સંપૂર્ણ દુઃખનો ક્ષય છે. આથી જ ઉપદેશ રહસ્ય ગાથા-૭ની ટીકામાં જણાવ્યું છે કે-ज्ञानस्य...पुण्यानुबन्धिपुण्यहेतुक्रिया-कारिणः...निरवशेषदुःखक्षयहेतुत्वात्= જ્ઞાન પુણ્યાનુબંધી પુણ્યના હેતુભૂત શુભ ક્રિયા કરાવે છે અને સર્વ દુઃખના ક્ષયનો હેતુ છે. જ્ઞાનનું આ ફળ માર્ગાનુસારી જીવને પ્રાપ્ત થાય છે.

**પ્રશ્નઃ-** માર્ગાનુસારી બનેલા જીવો દ્રવ્ય-ક્ષેત્ર-કાલ પ્રતિકૂલ હોય ત્યારે એષણાશુદ્ધિ, સ્વાધ્યાય, વિહાર વગેરે શુભ ક્રિયા ન કરે એવું બને છે. આવા પ્રસંગે જ્ઞાનનું ફળ મળતું નથી.

**ઉત્તરઃ-** આવા પ્રસંગે બાહ્યથી ક્રિયા ભલે ન થાય, પણ ક્રિયા કરવાના ભાવ જતા નથી. આથી જ અહીં ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે-માર્ગાનુસારિતામાં થતી ક્રિયા (તેવા પ્રકારના કર્મોદયથી) બંધ થાય તો પણ ક્રિયા કરવાના ભાવ જતા નથી. આ જ વિષયને આ જ ગ્રંથમાં ૪૭-૪૮-૪૯ એ ત્રણ ગાથાઓમાં વિસ્તારથી જણાવ્યો છે.

**સુવર્ણઘટ સમાનઃ-** માટીનો ઘડો ભાંગે તો નકામો જાય. પણ સોનાનો ઘડો ભાંગે તો નકામો જતો નથી. કેમકે સુવર્ણનો ભાવ ઉપજે છે, અથવા ફરી તેમાંથી ઘડો બનાવી શકાય છે. તેમ માર્ગાનુસારિતામાં થતી ક્રિયા કદાચ તેવા પ્રકારના કર્મોદયથી બંધ થઈ જાય તો પણ ક્રિયા કરવાનો ભાવ જતો નથી.

આનાથી એ સિદ્ધ થયું કે માર્ગાનુસારિતામાં જ્ઞાનનું ફળ મળતું હોવાથી તેમાં થતી ક્રિયા સુવર્ણઘટ સમાન છે. [૧૯]

**नणु भावचरणलिंगं, कह मग्गणुसारिणी भवे किरिया ॥**
**जं अपुणबंधगाणं, दव्वजईणं पि सा इट्ठा ॥२०॥**

**जायइ अ भावचरणं, दुवालसण्हं खए कसायाणं ॥**
**मग्गणुसारित्तं पुण, हविज्ज तम्मंदयाए वि ॥२१॥**

**लहुअत्ते कम्माणं, तीए जणिअं तयं च गुणबीअं ॥**
**ववहारेणं भण्णइ, नाणाइजुअं च णिच्छयओ ॥२२॥**

ननु भावचरणलिङ्गं कथं मार्गानुसारिणी भवेत्क्रिया ॥
यदपुनर्बन्धकानां द्रव्ययतीनामपि सा इष्टा ॥२०॥

जायते च भावचरणं द्वादशानां क्षये कषायाणाम् ॥
मार्गानुसारित्वं पुनर्भवेत्तन्मन्दतायामपि ॥२१॥

लघुत्वे कर्मणां तया जातं तच्च गुणबीजम् ॥
व्यवहारेण भण्यते ज्ञानादियुतं च निश्चयतः ॥२२॥

**પ્રશ્નઃ-** માર્ગાનુસારિણી ક્રિયા ભાવચારિત્રનું લિંગ કેવી રીતે બને? કારણ કે અપુનર્બંધક એવા દ્રવ્ય સાધુઓને પણ માર્ગાનુસારિણી ક્રિયા હોય છે. તેમનામાં ભાવચારિત્ર નથી હોતું. [૨૦] બીજું કારણ- અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણ એ બાર કષાયોના ક્ષય (વગેરે)થી ભાવચારિત્રની પ્રાપ્તિ થાય છે. જ્યારે માર્ગાનુસારિણી ક્રિયા તો કષાયોની

મંદતામાં પણ થાય છે. [૨૧] **ઉત્તરઃ-** માર્ગાનુસારિણી ક્રિયાથી કર્મોની લઘુતા થયે છતે ભાવચારિત્ર પ્રગટ થાય છે. તેથી ભાવચારિત્ર માર્ગાનુસારિણી ક્રિયાથી થયું છે. અને તે ભાવચારિત્ર ગુણોનું બીજ છે. માટે ક્રિયા વ્યવહારથી ભાવચારિત્રનું લિંગ કહેવાય છે. નિશ્ચયથી તો સમ્યગ્જ્ઞાન વગેરેથી યુક્ત માર્ગાનુસારિણી ક્રિયા ભાવચારિત્રનું લિંગ છે. [૨૨]

**नाणाइविसेसजुअं, ण य तं लिंगं तु भावचरणस्स ॥**
**तयभावे तब्भावा, मासतुसाईण जं भणियं ॥२३॥**

**गुरुपारतंतनाणं, सद्दहणं एयसंगयं चेव ॥**
**इत्तो उ चरित्तीणं, मासतुसाईण णिद्दिट्ठं ॥२४॥**

ज्ञानादिविशेषयुतं न च तल्लिङ्गं तु भावचरणस्य ॥
तदभावे तद्भावान्माषतुषादीनां यद् भणितम् ॥२३॥

गुरुपारतन्त्र्यज्ञानं श्रद्धानमेतत्सङ्गतमेव ॥
इतस्तु चारित्रिणां माषतुषादीनां निर्दिष्टम् ॥२४॥

વિશિષ્ટ જ્ઞાનાદિથી યુક્ત જ માર્ગાનુસારિતા ભાવચારિત્રનું લિંગ છે એમ ન કહેવું. કેમ કે માષતુષ વગેરે મુનિઓને વિશિષ્ટ જ્ઞાનાદિ ન હોવા છતાં ભાવચારિત્ર હતું. આ વિશે (પંચાશકમાં) કહ્યું છે કે-[૨૩]

यत एताभ्यां विना चरणं न श्रद्धेयं ततो विशिष्टश्रुतवर्जितानामपि चरणवतां कथंचिज्ज्ञानाद्यस्तीति दर्शयन्नाह-'गुरुपारे' त्यादि, गुरुपारतन्त्र्यं-ज्ञानाधिकाचार्यायत्तत्वं यत्तज्ज्ञानं-बोधो, विशिष्टज्ञानविकलानामपि गुरुपारतंत्र्यस्य ज्ञानफलसाधकत्वात्, यदाह-"यो निरनुबन्धदोषात् श्राद्धोऽनाभोगवान् वृजिन-भीरुः। गुरुभक्तो ग्रहरहितः सोऽपि ज्ञान्येव तत्फलतः ॥१॥ चक्षुष्मानेकः स्यादन्धोऽन्यस्तन्मतानुवृत्तिपरः। गन्तारौ गन्तव्यं प्राप्नुत एतौ युगपदेव ॥२॥" तथा श्रद्धानं च-सम्यग्दर्शनं च एतत्संगतं-गुरुपारतन्त्र्यरूपज्ञानोचितं निर्दिष्टमिति संबन्धः, ज्ञानानुरूपत्वाच्छ्रद्धानस्य, चैवशब्दः समुच्चयार्थो योजितश्च, 'एत्तो उ' त्ति यतो ज्ञानदर्शनाभ्यां विना सामायिकं न केषाञ्चिद्भवत्यत एव चारित्रिणां-

चारित्रवतां माषतुषादीनां आगमप्रसिद्धातिजडसाधूनां निर्दिष्टं-उक्तं सर्वज्ञैरिति, अथवा ननु विशिष्टश्रुतविकलत्वेन ज्ञानादिना विनापि केषाञ्चित्साधूनां चरणं श्रूयतेऽतः कथमुक्तमेताभ्यां विना चरणं न श्रद्धेयमित्याशंक्याह-'गुरु०' गाहा, 'गुरुपारतन्त्र्यमेव ज्ञानं विशिष्टश्रुतवर्जितानां श्रद्धानं चैतत्संगतमेवे'ति, ततः किमित्याह-'एत्तो उ'त्ति यतो विशिष्टश्रुतवर्जितानामुक्तरूपे ज्ञानश्रद्धाने अंत एव चारित्रिणां माषतुषादिसाधूनां निर्दिष्टं ज्ञानं दर्शनं चेति शेषः, अथवा इत एव तेषां चरणं निर्दिष्टं, न स्वतन्त्रमेवेत्यतो न ताभ्यां विना चरणमिति। कथानक-संप्रदायश्चैवम्-बभूव कश्चिदाचार्यो, गुणरत्नमहानिधिः। श्रुतमध्वर्थिशिष्यालि-सेव्यमानक्रमाम्बुजः ॥१॥ सूत्रार्थपाथसां दाने, महाम्भोद इवाश्रमः। संघादिकार्य-भाराणां, निस्तारे धुर्यसन्निभः ॥२॥ तस्यैवान्योऽभवद् भ्राता, विशिष्टश्रुतवर्जितः। स्वेच्छया स्थाननिद्रादेः कर्ता स्वार्थपरायणः॥३॥ तत्र सूरिः क्वचित्कार्ये, श्रान्तः सन् मुग्धबुद्धिभिः। अज्ञातावसरैः शिष्यैर्व्याख्यानं कारितः किल ॥४॥ ततोऽसौ श्रान्तदेहत्वाद्, व्याख्यायामक्षमत्वतः। चित्तखेदं जगामाथ, चिन्तयामास चेदृशम् ॥५॥ धन्योऽयं पुण्यवानेष, मद्भ्राता निर्गुणो यतः। सुखमास्ते सुखं शेते, पारतन्त्र्यविवर्जितः ॥६॥ वयं पुनरधन्या ये, स्वगुणैरेव वश्यताम्। परेषां प्रापिताः स्थातुं, सुखेन न लभामहे ॥७॥ एवं चिन्तयता तेन, निबद्धं कर्म सूरिणा। ज्ञानावरणमत्युग्रं, ज्ञानावज्ञानिमित्ततः ॥८॥ नालोचितं च तत्तेन, ततो मृत्वा दिवं गतः। ततोऽप्यसौ च्युतः क्वापि, सत्कुले जन्म लब्धवान् ॥९॥ कालेन साधुसम्पर्काद्, बुद्धोऽसौ जिनशासने। सद्गुरूणां समीपेऽथ, प्रवव्राज विरागतः ॥१०॥ ततोऽसौ सूरिपादान्तेऽधीते सामायिकं श्रुतम्। उदीर्णं च तकत्तस्य, कर्म जन्मान्तरार्जितम् ॥११॥ तस्योदयान्न शक्नोति, ग्रहीतुं पदमप्यसौ। प्रयच्छन्नप्यविश्रामं, बहुमानयुतोऽपि सन् ॥१२॥ ततः सूरिरशक्तं तं, पाठे ज्ञात्वा तपोधनम्। सामायिकश्रुतस्यार्थं, ते संक्षेपादपीपठत् ॥१३॥ यथा मा रुष्य मा तुष्येत्येवमेव स भक्तितः। घोषयामास तत्रापि, विस्मृतिस्तस्य जायते ॥१४॥ ततो महाप्रयत्नेन, संस्मृत्य किल किंचन। तत्रासौ घोषयामास, तुष्टो माषतुषेत्यलम् ॥१५॥ ततस्तद्घोषणान्नित्यं, माषतुषेत्यभिख्यया। ख्यातिं नीतो महात्माऽसौ, बालिशैः क्रीडनापरैः ॥१६॥ अदोऽपि विस्मरत्येष, यदा मोहात्तदा तकम्। न्यस्तचित्तमवाचं च, हसन्तो बालका जगुः ॥१७॥ अहो माषतुषः

साधुरेष मौनेन तिष्ठति। एवमुक्तः स तैर्मेने, साधु भोः स्मारितं मम ॥१८॥ ततोऽधीते तदेवासौ, मन्यमानोऽत्यनुग्रहम्। साधवस्तु तदा श्रुत्वा, प्रेरयन्ति स्म चादरात् ॥१९॥ शिक्षयन्ति स्म तं साधो !, मा रुष्येत्यादि घोषय। ततः प्रमोदमापन्नो, घोषयामास तत्तथा ॥२०॥ एवं सामायिकस्यार्थेऽप्यशक्तो गुरुभक्तितः। ज्ञानकार्यमसौ लेभे, कालतः केवलश्रियम् ॥२१॥ (पञ्चा० ११-७)

**જ્ઞાન-દર્શન વિના ચારિત્ર શ્રદ્ધા કરવા યોગ્ય નથી, આથી વિશિષ્ટ શ્રુત રહિત પણ ચારિત્રીઓને કોઈક રીતે જ્ઞાન વગેરે હોય છે એમ બતાવતા ગ્રંથકાર કહે છે-**

જ્ઞાન-દર્શન વિના સામાયિક ન હોય માટે જ આગમમાં પ્રસિદ્ધ અતિ જડ માસતુસ આદિ સાધુઓને ગુરુપરતંત્રતારૂપ જ્ઞાન અને એ જ્ઞાનને અનુરૂપ દર્શન હોય છે, અર્થાત્ એવા સાધુઓનો ગુરુ પ્રત્યે સમર્પણભાવ એ જ એમનું જ્ઞાન અને દર્શન છે, એમ સર્વજ્ઞોએ કહ્યું છે. કારણ કે જ્ઞાનનું જે ફલ છે તે ફલ ગુરુપારતંત્ર્યથી મળે છે. કહ્યું છે કે-

यो निरनुबंधदोषात्, श्राद्धोऽनाभोगवान् वृजिनभीरुः।
गुरुभक्तो ग्रहरहितः, सोऽपि ज्ञान्येव तत्फलतः ॥१॥
चक्षुष्मानेकः स्यादन्धोऽन्यस्तन्मतानुवृत्तिपरः।
गन्तारौ गन्तव्यं, प्राप्नुत एतौ युगपदेव ॥२॥

"જે નિરનુબંધ દોષના કારણે અજ્ઞાન હોવા છતાં શ્રદ્ધાળુ છે, પાપભીરુ છે, ગુરુભક્ત છે, કદાગ્રહ રહિત છે, તે પણ જ્ઞાનનું ફલ મળવાનાં કારણે જ્ઞાની છે." (૧) "જનારા બે પુરુષોમાં એક દેખતો હોય અને એક દેખતાના કહ્યા પ્રમાણે વર્તનારો અંધ હોય, તે બંને એકી સાથે જ ઈષ્ટસ્થળે પહોંચી જાય છે. (૨)

## માષતુષમુનિની કથા

માષતુષમુનિની કથા સંપ્રદાયાનુસાર આ પ્રમાણે છે-એક આચાર્ય હતા. તે આચાર્ય ગુણરૂપરત્નોના મહાનિધાન હતા. શ્રુતરૂપ મધુરસના અર્થી શિષ્યરૂપી ભમરાઓ તેમના ચરણકમળની સેવા કરી રહ્યા હતા. સૂત્ર-અર્થ રૂપી પાણી આપવામાં મહામેઘ સમાન હતા. શિષ્યોને સૂત્ર-અર્થ આપવામાં થાકતા ન હતા. સંઘ વગેરેના કાર્યોરૂપ ભારને પાર પમાડવામાં વૃષભ સમાન હતા.

તેમના દીક્ષિત બનેલા બીજા બંધુ હતા, કે જે વિશિષ્ટશ્રુતથી રહિત હતા, બેસવું, ઊંઘવું વગેરે ઇચ્છા મુજબ કરતા હતા, સ્વાર્થમાં તત્પર હતા. એક વખત તે આચાર્ય કોઈ કાર્ય કરીને થાકી ગયા. પણ મુગ્ધબુદ્ધિ શિષ્યોએ આચાર્ય થાકી ગયા છે માટે હમણાં વાચના નહિ લેવી જોઈએ એ અવસરને જોયા વિના (ઓળખ્યા વિના) તેમની પાસે વાચના લીધી. ખૂબ જ થાકના કારણે વાચના આપવાને અસમર્થ હોવા છતાં શિષ્યોએ વાચના લેવાથી આચાર્ય ખિન્ન બની ગયા. ખિન્ન બનેલાં તેમણે વિચાર્યું કે- આ મારો ભાઈ ધન્ય છે, પુણ્યવાન છે. કારણ કે એ ગુણરહિત છે, એથી કોઈ જાતની પરાધીનતા વિના સુખપૂર્વક સૂઈ શકે છે. પણ હું અધન્ય છું. કારણ કે મારા પોતાના જ ગુણોએ મને પરાધીન બનાવી દીધો છે. આથી હું સુખે રહી શકતો નથી. તેમણે આવી વિચારણા કરીને જ્ઞાનની અવજ્ઞા કરવાથી ઘોર જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું. અશુભ વિચારણાની આલોચના કર્યા વિના મરીને દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને કોઈક સ્થળે સારા કુળમાં જન્મ પામ્યા. સમય જતાં સાધુનો સંપર્ક થવાથી જૈનધર્મ પામ્યા. સુગુરુની પાસે વૈરાગ્યથી દીક્ષા લીધી. પછી આચાર્ય મહારાજ પાસે સામાયિક શ્રુત ભણવાનું શરૂ કર્યું. પણ પૂર્વભવમાં બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવવાથી એક પદ પણ ભણી શકતા નથી. શ્રુતજ્ઞાન ઉપર બહુમાન હોવા છતાં અને નિરંતર ભણવા છતાં એક પદ પણ યાદ રહેતું નથી. આથી આચાર્ય મહારાજે તે તપસ્વી સાધુને ભણવામાં (-કંઠસ્થ કરવામાં) અસમર્થ જાણીને **मा रुष्य मा तुष्य**=''રાગ અને દ્વેષ ન કર'' એ પ્રમાણે સંક્ષેપમાં સામાયિક શ્રુતનો અર્થ કહીને **मा रुष्य मा तुष्य** એ પ્રમાણે કંઠસ્થ કરવાનું કહ્યું. આથી તે મુનિ ભક્તિપૂર્વક મોટેથી ગોખવા લાગ્યા. પણ તેમાં પણ ભૂલી જાય છે. ઘણા પ્રયત્નથી તેને યાદ કરે. યાદ આવે એટલે આનંદમાં આવીને ગોખવા લાગે. આમ છતાં **मा रुष्य मा तुष्य** ના બદલે **माष तुष** એમ ગોખવા લાગે. દરરોજ **माष तुष** એમ ગોખવાથી રમતિયાળ છોકરાઓએ તેમનું 'માષતુષ' એવું નામ પાડી દીધું. જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી માષતુષ એ પણ ભૂલી જાય ત્યારે ગોખવાનું બંધ કરીને શૂન્યચિત્તે બેસી રહેતા. તેમને આ રીતે બેઠેલા

જોઈને બાળકો હસીને અહો ! આ માષતુષ મુનિ મૌનપણે બેઠા છે એમ બોલતા. આથી તે મુનિ બાળકોએ મને યાદ કરાવ્યું તે સારું કર્યું એમ માનતા. યાદ કરાવવા બદલ બાળકોનો ઉપકાર માનીને ફરી માષતુષ એ પ્રમાણે ગોખવાનું શરૂ કરી દેતા. તેમને માષતુષ એમ ખોટું બોલતા સાંભળીને સાધુઓ આદરથી मा रुष्य मा तुष्य એમ ગોખો એ પ્રમાણે શિખવાડતા હતા. આથી આનંદ પામીને मा रुष्य मा तुष्य એમ ગોખવા લાગતા. પણ થોડીવાર પછી પાછું ભૂલીને માષતુષ એમ ગોખવા લાગતા. આ પ્રમાણે સામાયિકના અર્થમાં પણ અસમર્થ તેમણે ગુરુભક્તિથી સમય જતાં જ્ઞાનનું ફલ કેવળજ્ઞાન મેળવ્યું. [૨૪]

**तेसिं पि दव्वनाणं, ण य रुइमित्ताओ दव्वदंसणओ ॥**
**गीयत्थणिस्सिआणं, चरणाभावप्पसंगाओ ॥२५॥**

तेषामपि द्रव्यज्ञानं न च रुचिमात्रात् द्रव्यदर्शनतः ॥
गीतार्थनिश्रितानां चरणाभावप्रसङ्गात् ॥ २५॥

**રુચિરૂપ સમ્યક્ત્વ ભાવ સમ્યક્ત્વ છે.**

માષતુષ વગેરે મુનિઓને કેવલ રુચિરૂપ સમ્યક્ત્વ હતું. અને તેથી દ્રવ્ય સમ્યક્ત્વ હતું. આથી તેમને પણ દ્રવ્યજ્ઞાન હતું એમ ન માનવું. કારણ કે એમ માનવાથી તો ગીતાર્થ નિશ્રિત મુનિઓને ચારિત્રાભાવનો પ્રસંગ આવે. (તમારા માનવા પ્રમાણે ગીતાર્થ નિશ્રિત મુનિઓને દ્રવ્યસમ્યક્ત્વ હોય, દ્રવ્યસમ્યક્ત્વના કારણે દ્રવ્યજ્ઞાન હોય, અર્થાત્ સમ્યગ્જ્ઞાન ન હોય, સમ્યગ્જ્ઞાનના અભાવમાં ભાવચારિત્રનો પણ અભાવ થાય. આમ ગીતાર્થ નિશ્રિત મુનિઓને ચારિત્રાભાવનો પ્રસંગ આવે.) [૨૫]

**दुविहो पुणो विहारो, भावचरित्तीण भगवया भणिओ ॥**
**एगो गीयत्थाणं, बितिओ तण्णिस्सिआणं च ॥ २६॥**

द्विविधः पुनर्विहारो भावचारित्रिणां भगवता भणितः ॥
एको गीतार्थानां द्वितीयस्तन्निश्रितानां च ॥ २६॥

ભગવાને ભાવચારિત્રવાળા મુનિઓનો વિહાર બે પ્રકારનો કહ્યો છે. એક વિહાર ગીતાર્થ મુનિઓનો અને બીજો વિહાર ગીતાર્થ નિશ્રિતોનો= ગીતાર્થની નિશ્રામાં રહેલા મુનિઓનો. [૨૬]

**संखेवाविक्खाए, रुइरूवे दंसणे य दव्वत्तं ॥**
**भन्नइ जेणुवगिज्जइ, अयाणमाणे वि सम्मत्तं ॥ २७॥**

संक्षेपापेक्षया रुचिरूपे दर्शने च द्रव्यत्वम् ॥
भण्यते येनोपगीयत अजानतामपि सम्यक्त्वम् ॥ २७॥

રુચિરૂપ સમ્યગ્દર્શનને સંક્ષેપની અપેક્ષાએ દ્રવ્યસમ્યક્ત્વ કહેવાય છે. કારણ કે ન જાણનારાઓને (=અલ્પ જાણનારાઓને) પણ સમ્યક્ત્વ હોય એમ શાસ્ત્રોમાં કહેવાય છે.

**વિશેષાર્થઃ-** આ વિષે નવતત્ત્વ પ્રકરણમાં ગાથા ૫૧-૫૨માં કહ્યું છે કે- જીવ-અજીવ વગેરે નવતત્ત્વોને જે જાણે તેનામાં સમ્યક્ત્વ હોય. કદાચ વિશિષ્ટ ક્ષયોપશમ ન હોવાથી નવતત્ત્વના વિસ્તૃત સ્વરૂપને ન જાણતો હોવા છતાં "આ તત્ત્વો જ સાચા છે" એવી ભાવથી શ્રદ્ધા કરનારમાં પણ સમ્યક્ત્વ હોય. કારણ કે "સર્વજ્ઞ એવા જિનેશ્વર દેવોનાં સર્વ વચન સત્ય હોય છે, એકેય વચન મિથ્યા નથી હોતું" આવી બુદ્ધિ જેના મનમાં હોય તેનામાં દૃઢ સમ્યક્ત્વ હોય. [૨૭]

**संव्ववएसा भन्नइ, लिंगे अब्भंतरस्स चरणस्स ॥**
**जं दलरूवं दव्वं, कज्जावन्नं च जं भावो ॥२८॥**

सव्यपदेशाद् भण्यते लिङ्गेऽभ्यन्तरस्य चरणस्य ॥
यद्दलरूपं द्रव्यं कार्यापन्नं च यद् भावः ॥२८॥

**અપુનર્બંધકની માર્ગા૦ ક્રિયા ભાવચારિત્રનું લિંગ કેવી રીતે ?**

માર્ગાનુસારિણી ક્રિયાને ભાવચારિત્રનું લિંગ જે કહેવામાં આવે છે તે ઉપચારથી કહેવામાં આવે છે. જે વસ્તુ કારણ રૂપ હોય તે દ્રવ્ય કહેવાય, અને જે વસ્તુ કાર્યરૂપે બની ગઈ હોય તે ભાવ કહેવાય.

**વિશેષાર્થઃ-** ગ્રંથકાર અહીં એ કહેવા માગે છે કે માર્ગાનુસારિણી ક્રિયા ભાવચારિત્રનું લિંગ પરમાર્થથી નથી કિંતુ ઉપચારથી (=વ્યવહારથી) છે, અર્થાત્ માર્ગાનુસારિણી ક્રિયા ભાવચારિત્રનું દ્રવ્ય લિંગ છે. તે આ પ્રમાણેઃ- નિયમ છે કે જે વસ્તુ કારણ રૂપ હોય તે દ્રવ્ય કહેવાય અને જે વસ્તુ કાર્યરૂપ બની ગઈ હોય તે ભાવ કહેવાય.

જેમ કે દૂધ અને દહીંમાં કાર્ય-કારણ ભાવ છે. દૂધ કારણ છે અને દહીં તેનું કાર્ય છે. આથી દૂધ દ્રવ્યદહીં છે, અને દહીં ભાવદહીં છે. અહીં કાર્ય દહીંનો કારણ દૂધમાં ઉપચાર કરીને દૂધને દ્રવ્યદહીં કહેવામાં આવે છે. હવે આને પ્રસ્તુતમાં વિચારીએ. માર્ગાનુસારિણી ક્રિયા અને ભાવલિંગમાં કાર્ય-કારણભાવ છે. માર્ગાનુસારિણી ક્રિયા કારણ છે અને ભાવલિંગ માર્ગાનુસારિણી ક્રિયાનું કાર્ય છે. જ્ઞાનાદિયુક્ત માર્ગાનુસારિણી ક્રિયા ભાવલિંગ છે એમ પૂર્વે ૨૨મી ગાથામાં કહ્યું છે. માર્ગાનુસારિણી ક્રિયા કરતાં કરતાં જ્ઞાનાદિયુક્ત માર્ગાનુસારિતા પ્રગટે છે. એથી કાર્ય એવી જ્ઞાનાદિયુક્ત માર્ગાનુસારિણી ક્રિયાનો કારણ એવી માર્ગાનુસારિણી ક્રિયામાં ઉપચાર કરીને માર્ગાનુસારિણી ક્રિયાને દ્રવ્યલિંગ કહેવામાં આવે છે.

(અહીં સર્વત્ર માર્ગાનુસારિણી ક્રિયાથી અપુનર્બંધક એવા દ્રવ્ય સાધુઓની જ્ઞાનાદિથી રહિત માર્ગાનુસારિણી ક્રિયા સમજવી. કારણ કે પૂર્વે ૨૦મી ગાથામાં માર્ગાનુસારિણી ક્રિયા ભાવચારિત્રનું લિંગ કેવી રીતે બને ? એ પ્રશ્ન ઉઠાવીને તેના સમર્થનમાં "કારણ કે અપુનર્બંધક એવા દ્રવ્ય સાધુઓને પણ માર્ગાનુસારિણી ક્રિયા હોય છે" એમ કહ્યું છે.) [૨૮]

**ण उक्कडरूवसरिसं, भावविरहीण भवाभिणंदीणं ॥**
**अहव कहं पि विसिट्ठं, लिंगं सा भावचरणस्स ॥२९॥**

नोत्कटरूपसदृशं भावविरहिणां भवाभिनन्दिनाम् ॥
अथवा कथमपि विशिष्टं लिङ्गं सा (मार्गानुसारिक्रिया) भावचरणस्य ॥२९॥

અથવા માર્ગાનુસારી ક્રિયા કોઈક રીતે વિશિષ્ટ લિંગ છે. ભાવરહિત ભવાભિનંદી જીવોમાં ઉત્કટરૂપ જેવું લિંગ હોતું નથી.

**વિશેષાર્થઃ-** ૨૮મી ગાથામાં અપુનર્બંધકની માર્ગાનુસારી ક્રિયાને ઉપચારથી ભાવચારિત્રનું લિંગ કહેવામાં આવે છે, એમ કહ્યું છે. એથી પ્રશ્ન થાય કે જો અપુનર્બંધકમાં ભાવચારિત્ર ન હોવા છતાં અપુનર્બંધકની માર્ગાનુસારી ક્રિયા ઉપચારથી ભાવચારિત્રનું લિંગ છે, તો પછી ભાવરહિત ભવાભિનંદીઓની માર્ગાનુસારી ક્રિયા પણ ભાવચારિત્રનું લિંગ બને. આ તો શાસ્ત્રવિરુદ્ધ છે. કારણ કે ભાવરહિત ભવાભિનંદી જીવોની માર્ગાનુસારી ક્રિયા ઉપચારથી પણ ભાવચારિત્રનું લિંગ નથી.

આ આપત્તિનું નિવારણ કરવા માટે અહીં કહ્યું કે- માર્ગાનુસારી ક્રિયા કોઈક રીતે વિશિષ્ટ લિંગ છે, અર્થાત્ કોઈપણ પ્રકારની માર્ગાનુસારી ક્રિયા ભાવચારિત્રનું લિંગ નથી, કિંતુ વિશેષ પ્રકારની (=ભાવચારિત્રનું કારણ બને તેવી) માર્ગાનુસારી ક્રિયા ભાવચારિત્રનું લિંગ છે. ભવાભિનંદી જીવોમાં વિશેષ પ્રકારની માર્ગાનુસારિણી ક્રિયા હોતી નથી. આથી તેમની ક્રિયા ભાવચારિત્રનું લિંગ નથી.

ભવાભિનંદી જીવોમાં વિશિષ્ટ માર્ગાનુસારી ક્રિયા ન હોય એ વિષયને અહીં "ભાવરહિત ભવાભિનંદી જીવોમાં ઉત્કટરૂપ જેવું લિંગ હોતું નથી" એ શબ્દોથી કહ્યો છે.

આનો ભાવાર્થ આ પ્રમાણે છે- કોઈ માણસમાં ઉત્કટ રૂપ હોય તો તે રૂપાળો કહેવાય છે. રૂપાળો એટલે રૂપવાળો. સામાન્ય રૂપ તો બધા જ માણસોમાં હોય છે, છતાં બધા માણસો "રૂપાળા" કહેવાતા નથી. જેનામાં ઉત્કટ=અતિશય રૂપ હોય તેને જ રૂપાળો કહેવાય છે. તેમ પ્રસ્તુતમાં ભવાભિનંદી જીવોમાં વિશિષ્ટ માર્ગાનુસારી ક્રિયા નથી, તેથી તેમની માર્ગાનુસારી ક્રિયા ભાવચારિત્રનું લિંગ ન બને. [૨૯]

**इक्खुरसगुडाईणं, महुरत्ते जह फुडं विभिण्णत्तं ॥**
**तह अपुणबंधचरणाइभावभेओ वि सुप(य)सिद्धो ॥ ३० ॥**

**(इति मार्गानुसारिक्रियास्वरूपं प्रथमं लक्षणम्)**

इक्षुरसगुडादीनां मधुरत्वे यथा स्फुटं विभिन्नत्वम् ॥
तथाऽपुनर्बन्धकचरणादिभावभेदोऽपि सुप्र(श्रुत)सिद्धः ॥ ३० ॥

જેવી રીતે ઈક્ષુરસ અને ગોળ વગેરેની મધુરતામાં ભેદ સ્પષ્ટ છે. તેવી રીતે અપુનર્બંધક વગેરેના ચારિત્રમાં ભાવનો ભેદ પણ શ્રુતમાં પ્રસિદ્ધ છે.

**વિશેષાર્થઃ-** ભવાભિનંદી જીવો મોક્ષ માટે નહિ કિંતુ વિષયસુખ વગેરે ભૌતિક સુખ મેળવવા માટે ચારિત્ર પાળે છે, જ્યારે અપુનર્બંધક જીવો મોક્ષની પ્રાપ્તિ માટે ચારિત્ર પાળે છે. આમ ભવાભિનંદી જીવોના અને અપુનર્બંધક જીવોના ચારિત્રમાં ભાવભેદ છે. [૩૦]

## બીજું લક્ષણ પ્રજ્ઞાપનીયતા

**मग्गणुसारिकिरिया-भाविअचित्तस्स भावसाहुस्स ॥**
**विहिपडिसेहेसु भवे, पन्नवणिज्जत्तमुजुभावा ॥ ३१ ॥**

मार्गानुसारिक्रियाभावितचित्तस्य भावसाधोः ॥
विधिप्रतिषेधयोर्भवेत्प्रज्ञापनीयत्वमृजुभावात् ॥ ३१ ॥

માર્ગાનુસારિણી ક્રિયાથી ભાવિત ચિત્તવાળા ભાવ સાધુમાં સરળતા ગુણના કારણે વિધિ-પ્રતિષેધોમાં પ્રજ્ઞાપનીયતા ગુણ હોય.

**વિશેષાર્થઃ- વિધિ-પ્રતિષેધોમાં પ્રજ્ઞાપનીયતા-** 'અમુક કરવું' એવું શાસ્ત્રમાં વિધાન કર્યું હોય તે વિધિ. 'અમુક ન કરવું' એમ નિષેધ કર્યો હોય તે પ્રતિષેધ. પ્રજ્ઞાપનીયતા એટલે ભૂલને સ્વીકારીને ભૂલને સુધારવાનો સ્વભાવ. શાસ્ત્રોક્ત વિધિ-પ્રતિષેધમાં ભૂલ થાય ત્યારે ગુણવાન પુરુષ આ તમારી ભૂલ છે, આ ક્રિયા આ રીતે ન થાય, કિંતુ આ રીતે થાય એમ સમજાવે ત્યારે પ્રજ્ઞાપનીયતાના ગુણવાળો સાધુ ઝટ પોતાની ભૂલને સ્વીકારીને ભૂલને સુધારે. કદાચ કોઈ કારણથી ભૂલને સુધારી ન શકે તો પણ ભૂલનો સ્વીકાર તો અવશ્ય કરે. [૩૧]

**विहि-उज्जम-वन्नय-भय-उस्सग्ग-ववाय-तदुभयगयाइं ॥**
**सुत्ताइं बहुविहाइं, समए गंभीरभावाइं ॥३२॥**

**पिंडेसण-दुमपत्तय-रिद्धत्थिमियाइ-नरयमंसाइ ॥**
**छज्जीवे-गविहारा, वाहितिगिच्छा य णायाइं ॥३३॥**

विध्युद्यमवर्णकभयोत्सर्गापवादतदुभयगतानि ॥
सूत्राणि बहुविधानि समये गम्भीरभावानि ॥ ३२ ॥
पिण्डैषण-द्रुमपत्रक-ऋद्धस्तिमितादि-नरकमांसादीनि ॥
षड्जीवैकविहारौ व्याधिचिकित्सा च ज्ञातानि ॥ ३३ ॥

શાસ્ત્રમાં વિધિગત, ઉદ્યમગત, વર્ણકગત, ભયગત, ઉત્સર્ગગત, અપવાદગત, તદુભયગત એમ ગંભીર ભાવવાળા (=મહામતિવાળાઓથી જાણી શકાય તેવા અભિપ્રાયવાળા) અનેક પ્રકારનાં સૂત્રો છે. આ વિષે ક્રમશઃ પિંડૈષણા, દ્રુમપત્રક, ઋદ્ધસ્તિમિત આદિ, નરકમાંસ આદિ, ષડ્ જીવનિકાય, એકાકી વિહાર, અને વ્યાધિચિકિત્સા દૃષ્ટાંતો છે.

(૧) **વિધિગતઃ**- જે સૂત્રો શું કરવું ? કેવી રીતે કરવું ? ઇત્યાદિ વિધાન કરે તે વિધિગત સૂત્રો છે. જેમ કે દશવૈકાલિકના પાંચમા પિંડૈષણા અધ્યયનમાં પહેલી ગાથામાં કહ્યું છે કે-"ભિક્ષાકાળ સંપ્રાપ્ત થતાં વ્યાકુળતાથી રહિત અને (અશનાદિમાં) મૂર્ચ્છાથી રહિત સાધુ આ (હવે કહેવાશે તે) ક્રમિક પ્રવૃત્તિથી નિર્દોષ આહાર-પાણીની શોધ કરે." ઈત્યાદિ સૂત્રો વિધિગત (વિધિસંબંધી) સૂત્રો છે.

(૨) **ઉદ્યમગતઃ**- જે સૂત્રો ધર્મ-મોક્ષ પુરુષાર્થની પ્રેરણા કરે તે ઉદ્યમગત સૂત્રો છે. ઉત્તરાધ્યયન સૂત્રના દશમા દ્રુમપત્રક અધ્યયનની પહેલી ગાથામાં કહ્યું છે કે-"જેવી રીતે રાત્રિઓ અને દિવસો પસાર થતાં ફીકું થઈ ગયેલું વૃક્ષપર્ણ પડી જાય છે, તેવી રીતે મનુષ્યનું આયુષ્ય પણ રાત્રિઓ અને દિવસો પસાર થતાં નાશ પામે છે. માટે હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર." ઈત્યાદિ સૂત્રો ઉદ્યમગત સૂત્રો છે.

(૩) **વર્ણકગતઃ**- જે સૂત્રોમાં નગર વગેરેનું વર્ણન આવતું હોય તે વર્ણકગત સૂત્રો છે. જેમકે જ્ઞાતાધર્મકથા શાસ્ત્રમાં 'रिद्धत्थिमियसमिद्धा' એ સૂત્રમાં ચંપાનગરીનું વર્ણન છે. આવા સૂત્રો પ્રાયઃ જ્ઞાતાધર્મકથા વગેરે અંગશાસ્ત્રોમાં છે.

(૪) **ભયગતઃ-** સંસારથી કે પાપથી ભય પમાડે તેવાં સૂત્રો ભયગત સૂત્રો છે. જેમ કે નરકમાં માંસ, લોહી વગેરેનું વર્ણન કરનારાં સૂત્રો. કહ્યું છે કે- "નારકોમાં માંસ, લોહી વગેરેનું જે વર્ણન છે તે પ્રસિદ્ધિ માત્રથી જીવોને (સંસારથી કે પાપથી) ભય પમાડવા માટે છે. અન્યથા નરકોમાં શરીર વગેરે વૈક્રિય પુદ્‌ગલોના હોવાથી માંસ વગેરે ન હોય."

(૫) **ઉત્સર્ગગતઃ-** ઉત્સર્ગને (=સામાન્યથી વિધિ-નિષેધને) જણાવનારાં સૂત્રો ઉત્સર્ગગત સૂત્રો છે. જેમકે - દશવૈકાલિકના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે-"આ રીતે આ (=ઉપર કહ્યા તે) છ જીવનિકાયના દંડને (=સંઘટ્ટન, પરિતાપન, સંક્રમણ વગેરેને) સ્વયં ન કરે." ઈત્યાદિ છ જીવનિકાયની રક્ષાનું વિધાન કરનારાં સૂત્રો ઉત્સર્ગગત સૂત્રો છે.

(૬) **અપવાદગતઃ-** અપવાદને (વિશેષથી વિધિ-નિષેધને) જણાવનારાં સૂત્રો અપવાદગત સૂત્રો છે. અપવાદ સૂત્રો પ્રાયઃ છેદગ્રંથોથી જાણી શકાય છે. અથવા "કાલદોષથી જો પોતાનાથી અધિક ગુણવાળો, સમાન ગુણવાળો (કે હીનગુણવાળો પણ) સંયમના અનુષ્ઠાનોમાં કુશલ એવો સહાયક ન મળે તો સૂત્રોક્ત વિવિધ પ્રકારોથી પાપોનો (પાપનાં કારણભૂત અસદ્ અનુષ્ઠાનોનો) ત્યાગ કરતો અને ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત ન બનતો એકલો પણ વિચરે. (પણ પાસત્થાદિનો સંગ ન કરે.) (દ. વૈ. બીજી ચૂલિકા ગા. ૧૦) ઇત્યાદિસૂત્રો અપવાદગતસૂત્રો છે.

(૭) **તદુભયગતઃ-** ઉત્સર્ગ અને અપવાદ એ બંનેને સાથે જણાવનારાં સૂત્રો તદુભયગત સૂત્રો છે. તે આ પ્રમાણે :- આર્તધ્યાન ન થતું હોય તો રોગને સમ્યક્ (=પૂર્વભવોમાં ઉપાર્જિત કર્મોની નિર્જરાના અભિલાષવાળા થઈને) સહન કરવા જોઈએ. હવે જો પ્રબળ સત્ત્વ ન હોવાના કારણે રોગની પીડા સહન ન થવાથી કોઈને આર્તધ્યાન થાય અથવા પ્રતિક્રમણ વગેરે સંયમના યોગો સીદાતા હોય (=તદ્દન ન થતા હોય કે વિધિપૂર્વક ન થતા હોય) તો નિપુણ વૈદ્યની શોધ કરવી ઈત્યાદિ વિધિથી ચિકિત્સાનો પ્રારંભ જાણવો=ચિકિત્સા કરાવવી. (ઉ.પ.૫૪૩) ઈત્યાદિ રોગચિકિત્સાનાં સૂત્રો તદુભયગત સૂત્રો છે.

એ પ્રમાણે સ્વસિદ્ધાંત, પરસિદ્ધાંત, નિશ્ચયનય, જ્ઞાનનય, ક્રિયાનય ઈત્યાદિ વિવિધ નયમતના પ્રકાશક સૂત્રો સિદ્ધાંતમાં છે. [૩૨-૩૩]

**तेसिं विसयविभागं, मुज्झइ कुग्गहरओ अयाणंतो ॥**
**बोहेइ तं च णाउं, पन्नवणिज्जं सुसीलगुरू ॥ ३४॥**

तेषां विषयविभागं, मुह्यते कुग्रहरतोऽजानन् ॥
बोधयति तं च ज्ञात्वा, प्रज्ञापनीयं सुशीलगुरुः ॥ ३४॥

આ સૂત્રનો આ વિષય છે, અને તે સૂત્રનો આ વિષય છે એમ સૂત્રોના વિષય વિભાગને ન જાણતો કદાગ્રહમાં રત પુરુષ મુંઝાય છે. તેને પ્રજ્ઞાપનીય (=સમજાવી શકાય તેવો) જાણીને સત્ચારિત્ર સંપન્ન ગુરુ બોધ પમાડે છે = સૂત્રોના વિષય વિભાગને સમજાવે છે. [૩૪]

**अवसिट्ठं ठावित्ता, बिंति य अण्णयरपक्खवायं से ॥**
**परिणामेइ स सम्मं, जं भणियं कप्पभासंमि ॥ ३५॥**
**संविग्गभाविआणं, लुद्धयदिट्ठंतभाविआणं च ।**
**मुत्तूण खित्तकालं, भावं च कहिंति सुद्धुंछं ॥ ३६॥**

अवशिष्टं स्थापयित्वा ब्रुवन्ति चाऽन्यतरपक्षपातं तस्य ॥
परिणामयति स सम्यग्यद्भणितं कल्पभाष्ये ॥ ३५॥
संविग्नभावितानां(तेभ्यः)लुब्धकदृष्टान्तभावितानां(तेभ्यः) च ॥
मुक्त्वा क्षेत्रकालौ भावं च कथयन्ति शुद्धोञ्छम् ॥ ३६॥

ગુરુ બાકીના (=શિષ્યનો જે પક્ષવાદ હોય = શિષ્યે જે પક્ષને સ્વીકાર્યો હોય, તે સિવાયના) કોઈ એક પક્ષવાદને સ્થાપીને કહે છે. પ્રજ્ઞાપનીય શિષ્ય તેને (ગુરુએ કહેલા કોઈ એક પક્ષવાદને) પરિણમાવે છે = પોતાની બુદ્ધિમાં ઠસાવે છે. બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે- વક્તા સંવિગ્નભાવિત અને લુબ્ધદૃષ્ટાંતભાવિત એ બંને પ્રકારના શ્રાવકો આગળ જ્યાં આહાર દુર્લભ હોય તેવા ક્ષેત્ર-કાળ સિવાય અને બિમારી આદિ અવસ્થા સિવાય શ્રાવકોએ સાધુઓને દોષોથી રહિત શુદ્ધ ભિક્ષા આપવી જોઈએ એમ કહે.

**વિશેષાર્થ:-** શિષ્ય નિશ્ચય અને વ્યવહારનય એ બે નયમાંથી કોઈ એક નય તરફ ઢળી ગયો હોય તો એ જે નય તરફ ઢળી ગયો હોય તેને છોડી અને બીજો નય તેને સમજાવે. જેમકે શિષ્ય કેવળ નિશ્ચય તરફ ઢળી ગયો હોય તો તેને વ્યવહારનયની મહત્તા સમજાવે. જેથી તે વ્યવહાર તરફ ઢળે. તથા શિષ્ય પણ પ્રજ્ઞાપનીય હોવાથી ગુરુના ઉપદેશને પોતાની બુદ્ધિમાં ઠસાવે, અર્થાત્ પોતાની ખોટી માન્યતાને પકડી રાખતો નથી, કિંતુ બરોબર સમજીને ગુરુએ કહેલા સત્યનો સ્વીકાર કરે છે. [૩૫]

**બૃહત્કલ્પની ભાષ્યગાથાનો ભાવાર્થ:-** શ્રાવકો સંવિગ્નભાવિત અને લુબ્ધક દૃષ્ટાંત ભાવિત એમ બે પ્રકારના હોય છે. સંવિગ્ન એટલે ઉદ્યત વિહારી સાધુઓ. સંવિગ્ન સાધુઓથી ભાવિત થયેલા શ્રાવકો સંવિગ્ન ભાવિત છે. પાસત્થા વગેરે શિથિલ સાધુઓએ શિકારીના દૃષ્ટાંતથી જેમને ભાવિત કર્યા હોય તે લુબ્ધક દૃષ્ટાંત ભાવિત છે. શિથિલ સાધુઓ શિકારીનું દૃષ્ટાંત સમજાવીને શ્રાવકોને ભાવિત કરે છે. તે આ પ્રમાણે:-

હરણની પાછળ શિકારી દોડે ત્યારે હરણ ભાગી જાય એ જ એના માટે હિતકર છે અને શિકારી એની પાછળ દોડે એ એના માટે હિતકર છે. અહીં હરણના સ્થાને સાધુઓ છે, અને શિકારીના સ્થાને શ્રાવકો છે. સાધુઓએ દોષિત આહારના સ્વીકારથી ભાગવું જોઈએ, અર્થાત્ દોષિત આહાર ન લેવો જોઈએ, પણ શ્રાવકોએ તો તે તે ઉપાયોથી સાધુઓને દોષિત કે નિર્દોષ જેવું હોય તેવું વહોરાવવું જોઈએ.

સંવિગ્નભાવિત અને લુબ્ધક દૃષ્ટાંતભાવિત એ બંને પ્રકારના શ્રાવકો આગળ સાધુઓ અમને બેતાળીસ દોષોથી રહિત શુદ્ધ ભિક્ષા ખપે અને તમારે પણ તેવી ભિક્ષા આપવી જોઈએ એમ કહે, અર્થાત્ ઉત્સર્ગ માર્ગ કહે. હા, જ્યાં આહાર દુર્લભ હોય એવા ક્ષેત્રમાં અને એવા કાળમાં કે બિમારી આદિ અવસ્થામાં શ્રાવકોને અપવાદ માર્ગ (દોષિત પણ વહોરાવવાથી અને લેવાથી વહોરાવનાર અને લેનાર એ બંનેને લાભ થાય એમ) પણ કહે.

આ પ્રમાણે ગાથાનો ભાવાર્થ છે. પ્રસ્તુતમાં આનો સંબંધ આ પ્રમાણે છે:- અહીં લુબ્ધકદૃષ્ટાંત ભાવિત શ્રાવકો ગમે ત્યારે દોષિત આહાર વહોરાવવામાં પણ લાભ જ છે, એમ અપવાદને એકાંતે માનનાર હોવાથી તેમની આગળ સાધુઓને નિર્દોષ આહાર વહોરાવવો જોઈએ એમ ઉત્સર્ગનો ઉપદેશ આપવો જોઈએ, એમ અહીં સૂચિત કર્યું છે. અહીં અપવાદ પદમાં જ આગ્રહવાળા આગળ ઉત્સર્ગ પદ વર્ણન કરવાના સૂચનથી "કોઈ એક નયમાં આગ્રહવાળા આગળ અન્ય નયની દેશના કરવી એ યોગ્ય છે," એમ સિદ્ધ થાય છે. [૩૬]

**सो वि य सम्मं जाणइ, गुरुदिन्नं निरवसेसपन्नवणं ॥**
**ण य उत्ताणमईए, पल्लवमित्ते हवइ इट्ठो ॥३७॥**

सोपि च सम्यग्जानाति गुरुदत्तं सम्यक्प्रज्ञापनम् ॥
न चोत्तानमत्या पल्लवमात्रे भवतीष्टः ॥३७॥

પ્રજ્ઞાપનીય શિષ્ય પણ ગુરુએ આપેલા સમ્યક્ (=યુક્તિ, શાસ્ત્રપાઠ આદિ પૂર્વકના) ઉપદેશને સમ્યગ્ (=સૂક્ષ્મબુદ્ધિથી વિચારીને) જાણે છે. સ્થૂલ બુદ્ધિથી પલ્લવમાત્રમાં પ્રિય બનતો નથી = ઉપર ઉપરથી થોડુંક સમજીને સંતોષ માનતો નથી, કિંતુ ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરે છે. [૩૭]

**जह बोडिआइवयणं, सोउं आवायरम्ममूढनयं ॥**
**ववहाराइपहाणा, तं कोइ सुआ विसेसेइ ॥३८॥**

यथा बोटिकादिवचनं, श्रुत्वाऽऽपातरम्यमूढनयम् ॥
व्यवहारादिप्रधानात्तं, कश्चिच्छ्रुताद्विशेषयति ॥३८॥

જેમ કે બોટિક (=દિગંબર) વગેરેના આપાતરમ્ય અને મૂઢનય વચનને સાંભળીને કોઈ તે વચનને વ્યવહારનય આદિની પ્રધાનતાવાળા (કાલિક) શ્રુતના આધારે વિશેષથી કહે છે = વ્યવહારનય આદિ નયો કહીને વિશેષથી સમજાવે છે. (જેથી શ્રોતાને બોટિક આદિનાં વચનો મિથ્યા છે એવું ભાન થાય.)

**મૂઢનય:-** જે વચનમાં નયોનો વિભાગ ન કરવામાં આવ્યો હોય, અર્થાત્ જે વચનને જુદા જુદા નયથી વિચારવામાં ન આવ્યું હોય, તે વચન મૂઢનય છે. [૩૮]

**ण य जाणइ अइपरिणई, अपरिणइभया कयम्मि मूढनए ॥**
**कालियसुअंमि पायं, उवओगं तिण्ह जं भणियं ॥ ३९॥**

न च जानात्यतिपरिणतिरपरिणतिभयात्कृते मूढनये ॥
कालिकश्रुते प्राय उपयोगस्त्रयाणां यद्भणितम् ॥३९॥

(**સૂચનાઃ-** અહીં ૩૯મી ગાથાનો પૂર્વાર્ધ મુદ્રિત ગ્રંથમાં જેવો હતો તેવો જ આપવામાં આવ્યો છે. પણ એ પૂર્વાર્ધ મને અશુદ્ધ જણાય છે. શુદ્ધ નીચે પ્રમાણે હોવો જોઈએ.

ण य जाणइ अइपरिणई अपरिणई चाकयम्मि मूढनये ।
આવા પાઠના આધારે મેં અર્થ લખ્યો છે.)

અતિપરિણત અને અપરિણત જીવ મૂઢનય એવા કાલિકશ્રુતને કર્યા વિના (=નૈગમાદિ નયોથી સમજાવ્યા વિના) સમજતો નથી. આથી મૂઢનય કાલિક શ્રુતમાં પ્રાયઃ નૈગમાદિ ત્રણ નયોનો ઉપયોગ કરવામાં આવે છે= કાલિક શ્રુત નૈગમાદિ ત્રણ નયોથી સમજાવવામાં આવે છે. કહ્યું છે કે- [૩૯]

**मूढनइअं सुअं कालिअं तु न णया समोअरंति इहं ॥**
**अपुहत्ते समोआरो, णत्थि पुहत्ते समोआरो ॥ ४०॥**

मूढनयिकं श्रुतं कालिकं तु न नया समवतरन्तीह ॥
अपृथक्त्वे समवतारो नास्ति पृथक्त्वे समवतारः ॥ ४०॥

मूढा अविभागस्था नया यत्र तद् मूढनयं, तदेव मूढनयिकम्। किं तत् ? कालिकं श्रुतं, काले प्रथमचरमपौरुषीलक्षणे कालग्रहणपूर्वकं पठ्यत इति कालिकम्, तत्र न नयाः समवतरन्ति-अत्र प्रतिपदं न भण्यन्त इत्यर्थः। क्व पुनस्तर्ह्यमीषां समवतार आसीत्, कदा चायमनवतारस्तेषामभूत् ? इत्याह-'अपुहत्ते' इत्यादि। चरणकरणानुयोग-धर्मकथानुयोग-गणितानुयोग-द्रव्यानुयोगानाम-पृथग्भावोऽपृथक्त्वं प्रतिसूत्रमविभागेन वक्ष्यमाणेन विभागाभावेन प्रवर्तनं प्ररूपणमित्यर्थस्तस्मिन्नपृथक्त्वे नयानां विस्तरेणासीत् समवतारः। चरणकरणा-

द्यनुयोगानां पुनर्वक्ष्यमाणलक्षणे पृथक्त्वे नास्ति समवतारो नयानाम्। भवति वा क्वचित् पुरुषापेक्षोऽसौ ॥ इति निर्युक्तिगाथार्थः ॥२२७९॥ (विशेषावश्यकम्)

**एएहिं दिट्ठिवाए, परूवणा सुत्तअत्थकहणा य ॥**
**इह पुण अणब्भुवगमो, अहिगारो तीहि ओसन्नं ॥ ४१॥**

एतैर्दृष्टिवादे प्ररूपणा सूत्रार्थकथना च ॥
इह पुनरनभ्युपगमोऽधिकारस्त्रिभिः प्रायः ॥ ४१॥

एभिर्नैगमादिभिर्नयैः सप्रभेदैर्दृष्टिवादे सर्ववस्तुप्ररूपणा सूत्रार्थकथना च 'क्रियते' इति शेषः । इह पुनः कालिकश्रुतेऽनभ्युपगमो नावश्यं नयैर्व्याख्या कार्या । यदि च श्रोत्रपेक्षया नयविचारः क्रियते तदा त्रिभिराद्यैरुत्सन्नं प्रायेणात्राधिकारः ॥ इति निर्युक्तिगाथार्थः ॥२२७५॥ (विशेषावश्यकम्)

કાલિકશ્રુત મૂઢનય છે. તેમાં નયોનો સમવતાર થતો નથી, અર્થાત્ પ્રત્યેક પદમાં નયો કહેવાતા નથી. ચરણકરણ અનુયોગ વગેરે ચાર અનુયોગ જુદા ન હતા ત્યારે નયોનો વિસ્તારથી સમવતાર થતો હતો = પ્રત્યેક પદમાં નયો વિસ્તારથી કહેવાતા હતા. ચરણકરણાદિ અનુયોગો જુદા થયા ત્યારથી નયોનો સમવતાર નથી. આમ છતાં ક્યાંક પુરુષની અપેક્ષાએ સમવતાર થાય છે. [૪૦] દૃષ્ટિવાદમાં સર્વ વસ્તુની પ્રરૂપણા અને સૂત્રાર્થકથન ભેદ-પ્રભેદ સહિત સાત નયોથી કરાય છે. પણ કાલિક-શ્રુતમાં અવશ્ય નયોથી જ વ્યાખ્યા કરવી એવો નિયમ નથી. જો વિશિષ્ટ શ્રોતાની અપેક્ષાએ નયોથી વ્યાખ્યા કરવાની જરૂર પડે તો પ્રાયઃ નૈગમાદિ નયોથી કરવી. [૪૧]

**पायं पसिद्धमग्गो, अपरिणई नाइपरिणई वा वि ॥**
**अपसिद्धे तब्भावो, बुहेहिं ता सुट्ठु दिट्ठमिणं ॥ ४२॥**

प्रायः प्रसिद्धमार्गः अपरिणतिर्नातिपरिणतिर्वापि ॥
अप्रसिद्धे तद्भावः बुधैस्तावत्सुष्ठु दृष्टमिदम् ॥ ४२॥

જેને માર્ગ પ્રસિદ્ધ છે = મોક્ષમાર્ગને જેણે સમ્યક્ જાણ્યો છે તે પ્રાયઃ અપરિણત કે અતિપરિણત ન હોય. અપ્રસિદ્ધ (= સમ્યક્ નહિ જણાયેલા) મોક્ષમાર્ગમાં અપરિણત ભાવ કે અતિપરિણત ભાવ હોય. તેથી નિપુણ પુરુષો વડે આ (= કાલિક શ્રુતમાં નૈગમાદિ ત્રણ નયોનો અધિકાર છે એ) સારું કહેવાયું છે. [૪૨]

**वक्कत्थाइदिसाए, अण्णेसु वि एवमागमत्थेसु ॥**
**पडिवज्जइ भावत्थं, निउणेणं पन्नविज्जंतो ॥ ४३ ॥**

वाक्यार्थादिदिशा अन्येष्वप्येवमागमार्थेषु ॥
प्रतिपद्यते भावार्थं निपुणेन प्रज्ञाप्यमानः ॥ ४३ ॥

એ પ્રમાણે અન્ય પણ આગમના પદાર્થોમાં પહેલાં વાક્યનો પદાર્થ કરવો ઈત્યાદિ પદ્ધતિથી નિપુણ ગુરુ વડે સમજાવાતો પ્રજ્ઞાપનીય શિષ્ય ભાવાર્થને સ્વીકારે છે.

### યથાર્થ બોધ કરવાના ચાર ઉપાયો

**વિશેષાર્થઃ-** કોઈ પણ વાક્યનો યથાર્થ બોધ કરવા માટે શાસ્ત્રોમાં પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ એમ ચાર ભેદ દર્શાવ્યા છે. તેમાં પદાર્થ એટલે વાક્યનો શબ્દાર્થ = સામાન્ય અર્થ. વાક્યાર્થ એટલે ચાલના. ચાલના એટલે પદાર્થમાં શંકા ઉઠાવવી. મહાવાક્યાર્થ એટલે પ્રત્યવસ્થાપના. પ્રત્યવસ્થાપના એટલે ઉઠાવેલી શંકાનું યુક્તિપૂર્વક સમાધાન કરવું. ઐદંપર્યાર્થ એટલે તાત્પર્યાર્થ. આ ચાર ભેદોને સૂયગડાંગ સૂત્રના

जे उ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं ।
जे अ णं पडिसेहंति वित्तिच्छेयं कुणंति ते ॥

એ વાક્યથી વિચારીએ-

**પદાર્થઃ-** જેઓ દાનની પ્રશંસા કરે છે તેઓ જીવના વધમાં અનુમતિ આપે છે. જેઓ દાનનો નિષેધ કરે છે તેઓ (યાચકાદિની) આજીવિકાનો વિચ્છેદ કરે છે. આ પ્રમાણે પદાર્થ છે. આ પદાર્થથી દાનની પ્રશંસા અને દાનનો નિષેધ મહાપાપ છે એવો અર્થ સિદ્ધ થયો. કારણ કે દાન પ્રશંસામાં

જીવવધમાં અનુમતિ થવાથી દાનપ્રશંસા અશુભગતિ વગેરે પ્રબલ પાપકર્મના બંધનું કારણ છે. દાનનિષેધમાં યાચક આદિની આજીવિકાનો વિચ્છેદ થવાથી દાનનિષેધ લાભાંતરાય વગેરે પાપકર્મના બંધનું કારણ બને છે.

**વાક્યાર્થઃ-** આ પદાર્થથી તો સુપાત્રમાં દાન કરવું અને કુપાત્રમાં દાન ન કરવું ઈત્યાદિ દાન સંબંધી ઉપદેશનો વિચ્છેદ થાય છે. માટે આ દાનપ્રશંસા અને દાનનિષેધ, જુદા જ પ્રકારના હોવા જોઈએ. આ વાક્યાર્થ છે.

**મહાવાક્યાર્થઃ-** આગમમાં વિહિત દાનની પ્રશંસામાં અને આગમમાં નિષિદ્ધ દાનનો નિષેધ કરવામાં લેશ પણ દોષ નથી. જેમ કે સુપાત્રમાં કરાતા દાનની પ્રશંસામાં અને કન્યાદાન આદિ દાનના નિષેધમાં દોષ નથી.

જે દાનનું શાસ્ત્રમાં વિધાન છે તે દાન શુભ પ્રવૃત્તિ સ્વરૂપ હોવાથી હિંસામય નથી અને એટલે તેની પ્રશંસા કરવાથી હિંસામાં અનુમતિ દોષ લાગતો નથી, ઊલટું સુકૃત અનુમોદનાનો લાભ છે. જે દાનક્રિયાનો શાસ્ત્રમાં નિષેધ કર્યો છે તે દાનક્રિયા અશુભપ્રવૃત્તિ રૂપ હોવાથી તેનો નિષેધ કરવામાં કોઈની આજીવિકાના વિચ્છેદનો આશય ન હોવાથી અંતરાયનો પણ દોષ લાગતો નથી. ઊલટી તે નિષેધની પ્રવૃત્તિ પરના હિતાર્થે થતી હોવાના કારણે અંતરાય કર્મોનો વિચ્છેદ થાય છે.

શ્રી ઉપદેશપદ શાસ્ત્રમાં (૮૭૯) કહ્યું છે કે - આગમમાં જે દાન વિહિત છે અને જે પ્રતિષિદ્ધ છે તેના આધારે પ્રશંસા અને નિષેધમાં કોઈ દોષ નથી. સંસ્તરણ અવસ્થામાં, અર્થાત્ શક્ય નિર્વાહ દશામાં સુપાત્રમાં શુદ્ધ અન્ન-પાન વગેરેનું દાન અને અશક્ય નિર્વાહમાં અશુદ્ધ અન્ન-પાનાદિનું દાન પણ સુપાત્રને કરવાનો નિષેધ નથી. કુપાત્રને અસત્ પ્રવૃત્તિ ઉત્તેજક દાન કરવાનો નિષેધ છે.

અનુકંપાદાન કરવાનો ક્યાંય પણ નિષેધ કર્યો નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે- મોક્ષના હેતુથી કરાતા દાનને ઉદ્દેશીને આ વિધિ કહ્યો છે. જિનેશ્વરોએ ક્યારેય અનુકંપાદાનનો નિષેધ કર્યો નથી. આ મહાવાક્યાર્થ છે.

**ઐદંપર્યાર્થઃ-** જિનાજ્ઞા પ્રમાણે જ પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરવી એ ઐદંપર્યાર્થ છે. (ઉપદેશપદ ગાથા ૮૫૯, ઉપદેશ રહસ્ય ગાથા-૧૫૫) [૪૩]

**जो न य पन्नवणिज्जो, गुरुवयणं तस्स पगइमहुरं पि ॥**
**पित्तज्जरगहिअस्स व, गुडखंडं कडुअमाभाइ ॥ ४४॥**
यो न च प्रज्ञापनीयः गुरुवचनं तस्य प्रकृतिमधुरमपि ॥
पित्तज्वरगृहीतस्येव गुडखण्डं कटुकमाभाति ॥ ४४॥

જેમ પિત્તજ્વરથી ગ્રહણ કરાયેલા પુરુષને ગોળ, ખાંડ વગેરે મધુર પણ પદાર્થો કડવા લાગે તેમ જે શિષ્ય પ્રજ્ઞાપનીય (=સમજાવી શકાય તેવો) નથી તેને પ્રકૃતિથી મધુર પણ ગુરુવચન કડવું લાગે છે. [૪૪]

### ત્રીજું લક્ષણ- ઉત્તમ શ્રદ્ધા

**पन्नवणिज्जस्स पुणो, उत्तमसद्धा हवे फलं जीसे ॥**
**विहिसेवा य अतत्ती, सुदेसणा खलिअपरिसुद्धी ॥ ४५॥**
प्रज्ञापनीयस्य पुनरुत्तमश्रद्धा भवेत्फलं यस्याः ॥
विधिसेवा चातृप्तिः सुदेशना स्खलितपरिशुद्धिः ॥ ४५॥

પ્રજ્ઞાપનીયમાં ઉત્તમ શ્રદ્ધા હોય. વિધિસેવા, અતૃપ્તિ, શુદ્ધ દેશના અને સ્ખલિત પરિશુદ્ધિ એ ચાર ઉત્તમ શ્રદ્ધાનું ફળ છે, અર્થાત્ ઉત્તમ શ્રદ્ધાનું લક્ષણ છે. [૪૫]

### ઉત્તમ શ્રદ્ધાનું પહેલું લક્ષણ વિધિસેવા

**सद्धालू सत्तिजुओ, विहिसारं चेव सेवए किरियं ॥**
**तप्पक्खवायहीणो, ण हवे दव्वाइदोसे वि ॥ ४६॥**
श्रद्धालुः शक्तियुतो विधिसारमेव सेवते क्रियाम् ॥
तत्पक्षपातहीनो न भवेद् द्रव्यादिदोषेऽपि ॥ ४६॥

### દ્રવ્યાદિની પ્રતિકૂળતામાં પણ વિધિનો પક્ષપાત.

શક્તિસંપન્ન શ્રદ્ધાળુ સાધુ પ્રત્યુપેક્ષણા આદિ ક્રિયા વિધિપ્રધાન (=વિધિપૂર્વક) જ કરે છે. દ્રવ્યાદિની પ્રતિકૂળતામાં પણ વિધિપૂર્વક ક્રિયા કરવાના પક્ષપાતથી રહિત ન થાય, અર્થાત્ વિધિપૂર્વક ક્રિયા કરવાના પક્ષપાતને ધારણ કરે.

**દ્રવ્યાદિની પ્રતિકૂળતાઃ-** આહાર આદિની પ્રાપ્તિ ન થવી એ દ્રવ્યની પ્રતિકૂળતા છે. ભિક્ષા વગેરે દુર્લભ હોય તેવા માર્ગમાં વિહાર કરવો પડે કે તેવા ક્ષેત્રમાં રહેવું પડે તે ક્ષેત્રની પ્રતિકૂળતા છે. દુકાળ વગેરે કાળની પ્રતિકૂળતા છે. બિમારી વગેરે ભાવની પ્રતિકૂળતા છે. [૪૬]

**जह सम्ममुट्ठिआणं, समरे कंडाइणा भडाईणं ॥**
**भावो न परावत्तइ, एमेव महाणुभावस्स ॥ ४७॥**

**मालइगुणण्णुणो महुअरस्स तप्पक्खवायहीणत्तं ॥**
**पडिबंधे वि न कइआ, एमेव मुणिस्स सुहजोगे ॥ ४८॥**

**अपयट्टो वि पयट्टो; भावेणं एस जेण तस्सत्ती ॥**
**अक्खलिआ निविडाओ, कम्मखओवसमजोगाओ ॥ ४९॥**

यथा सम्यगुत्थितानां समरे काण्डादिना भटादीनां ॥
भावो न परावर्तते एवमेव महानुभावस्य ॥ ४७॥

मालतीगुणज्ञस्य मधुकरस्य तत्पक्षपातहीनत्वम् ॥
प्रतिबन्धेऽपि न कदाचिदेवमेव मुनेः शुभयोगे ॥ ४८॥

अप्रवृत्तोऽपि प्रवृत्तो भावेनैष येन तत्शक्तिः ॥
अस्खलितान्निबिडात्कर्मक्षयोपशमयोगात् ॥ ४९॥

(આ ત્રણ ગાથાઓ ઉપદેશ રહસ્ય ગ્રંથમાં અનુક્રમે ૮૮-૮૯-૯૦ નંબરની છે. પ્રસ્તુતમાં તેની ટીકા અને પંન્યાસ શ્રી જયસુંદર વિ. ગણિવર કૃત ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે.)

एतदेव निदर्शनेन भावयति—

શ્લોક ૮૮માં પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ સંયોગોમાં પણ ભાવની અપરાવૃત્તિના વિષયમાં સુભટ વગેરેનાં દૃષ્ટાંતો સૂચિત કર્યાં છે-

जह सम्ममुट्ठिआणं समरे कंडाइणा भडाईणं ।
भावो न परावत्तइ एमेव महाणुभावस्स ॥ ८८ ॥

**શ્લોકાર્થ:-** જેમ (યુદ્ધ માટે) બરાબર સજ્જ થયેલા સુભટોને યુદ્ધમેદાનમાં બાણ વગેરે (લાગવા)થી ભાવ (યુદ્ધનો રસ) બદલાતો નથી. એ જ રીતે (પ્રસ્તુતમાં) મહાનુભાવો વિષે પણ જાણવું. ॥ ૮૮ ॥

यथा सम्यक्=स्वौचित्यानतिलङ्घनेन, उत्थितानां उन्मीलिताध्यवसायानाम्, भटादीनां=सुभटादीनां, समरे=संग्रामे, काण्डादिना=शरीरलग्नबाणादिना भावः= प्रतिज्ञातव्यवसायः, न परावर्त्तते=नान्यथा भवति, प्रत्युत स्वाम्याज्ञापालनपरायणत्वेन रतिकेलिकुपितकान्ताकर्णोत्पलताडनादिवत् प्रमोदायैव भवति, एवमेव महानु- भावस्य=वीतरागाज्ञापालनेऽत्यन्तरसिकस्य साधोर्द्रव्यादिवैषम्येऽपि न भावः परावर्त्तते, किन्तु प्रवर्द्धत इति द्रष्टव्यम्। सुभटदृष्टान्तेन द्रव्यवैषम्ये भावा- विच्छित्ति-र्निदर्शिता, आदिना सौराष्ट्रादिदेशोत्पन्नानामपि धीराणां मगधादिदेश- गमनेऽपि धैर्याविचलनवत् सुभिक्ष इव दुर्भिक्षेऽपि दानशूराणां दानव्यसनाक्षोभवत् बुभुक्षादिव्यसनेऽपि सिंहादीनां तृणाद्यग्रासवत् क्षेत्रादिवैषम्येऽपि भावाऽविच्छित्ति- र्भावनीया ॥ ८८॥

## [સુભટ વગેરેનો અભંગ ઉત્સાહ]

**તાત્પર્યાર્થ:-** યુદ્ધ અંગેની મર્યાદાઓનું ઉલ્લંઘન ન થાય તેની સાવધાની સાથે યુદ્ધ કરવા માટે શસ્ત્રાદિથી સજ્જ અને ઉત્સાહિત થયેલા 'લડી જ લેવું છે' એવા અધ્યવસાયવાળા સુભટ વગેરેને બાણ વગેરે શસ્ત્રદ્રવ્યોના જીવલેણ ઘા લાગવા છતાં પણ યુદ્ધના મેદાનમાં તેમના ઉત્સાહમાં ઓટ આવતી નથી, લડી લેવાના નિર્ણયમાં ફેર પડતો નથી. ઉલટું, જેમ રતિક્રીડામાં ગુસ્સે ભરાયેલી સ્ત્રી પ્રિયના કાન ઉપર કમળથી તાડન કરે તો પણ તેના પર આસક્ત થયેલા પુરુષને આનંદ ઉપજે છે. તે જ રીતે પોતાના માલિક રાજા વગેરેની આજ્ઞાનું પાલન કરવામાં વફાદાર સુભટોને પણ યુદ્ધમાં મઝા જ પડે છે. પ્રસ્તુતમાં મુનિઓ માટે પણ આમ જ સમજવું. તેઓ પણ વીતરાગ સર્વજ્ઞ દેવાધિદેવની આજ્ઞાનું પાલન કરવામાં અત્યંત વફાદાર અને ઉત્સાહી હોવાથી વિષમ-પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિમાં પણ તેઓનો આરાધક ભાવ બદલાવાને બદલે વૃદ્ધિગત થાય છે. મૂળ શ્લોકમાં માત્ર બાણ વગેરે પ્રતિકૂળ દ્રવ્યનું જ ઉદાહરણ આપવામાં

આવેલું. છે. પરંતુ આદિ પદથી પ્રતિકૂળ ક્ષેત્ર-કાલાદિ પણ આ રીતે સૂચવાયા છે. જે મનુષ્યો સૌરાષ્ટ્ર વગેરે દેશમાં જ જન્મ્યા હોય, ઊછર્યા હોય, મોટા થયા હોય અને જિંદગી ગાળી હોય તેઓને ક્યારેક મગધ વગેરે ક્ષેત્રમાં જઈને દીર્ઘકાળ રહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો ત્યાં પ્રતિકૂળતા અનુભવવા છતાં પણ ધીર પુરુષોની ધીરજ અખંડિત રહે છે. લેશમાત્ર પણ ધીરજ ગુમાવતા નથી. તેવી જ રીતે પ્રતિકૂળ ક્ષેત્રમાં પણ મુનિઓનો આરાધક ભાવ અખંડિત રહે છે.

વૃષ્ટિ સારી થઈ હોય અને સમગ્ર દેશમાં સુકાળ હોય ત્યારે જેમ દાનવીર પુરુષો દાન આપવામાં પાછીપાની કરતા નથી, તેમ વરસાદ ન થવાના કારણે ચારે બાજું દુષ્કાળ પડ્યો હોય અને હાહાકાર મચી ગયો હોય, પોતાનું જ પેટ ભરવામાં લોકો ગળાડૂબ થઈ ગયા હોય ત્યારે પણ જગડૂશા જેવા દાનવીર પુરુષો પોતાના સ્વાર્થને જોયા વિના દાન આપતાં અચકાતા નથી. સુકાળની જેમ દુષ્કાળમાં પણ દાન આપવામાં શૌર્ય દાખવે છે. મુનિઓ પણ પ્રતિકૂળ કાળ ઉપસ્થિત થતાં પોતાના આરાધક ભાવને જાળવી રાખે છે.

ગમે તેવી કકડીને ભૂખ લાગી હોય તો પણ જેમ શૂરવીર સિંહ ક્યારેય પણ ઘાસ ખાતો નથી તેમ પરિષહ વગેરે પ્રતિકૂળભાવાત્મક પરિસ્થિતિ ઉપસ્થિત થવા છતાં પણ મુનિઓ નિંદ્ય આચરણ કરવા પ્રેરાતા નથી.

**સારાંશ:-** પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં મુનિઓ ધારે તો પોતાનો શુભભાવ માત્ર ટકાવી શકે છે તેટલું જ નહિ, તેની વૃદ્ધિ પણ કરી શકે છે. ॥૮૮॥

एतदेव निदर्शनान्तरेण द्रढयति—

શ્લોક ૮૯માં ભ્રમરના એક વધુ દૃષ્ટાંતથી ભાવ અપરાવૃત્તિનું દૃઢ સમર્થન કર્યું છે -

मालइगुणण्णुणो महुअरस्स तप्पक्खवायहीणत्तं ।
पडिबंधेऽवि ण कइआ एमेव मुणिस्स सुहजोगे ॥ ८९ ॥

**શ્લોકાર્થ:-** માલતી પુષ્પની સુવાસથી આકર્ષાયેલા ભ્રમરને દુર્ભાગ્યે

ક્યારેક તે ન મળે તો પણ તેનું આકર્ષણ છુટતું નથી. એ જ રીતે મુનિઓ માટે પણ શુભયોગોમાં જાણવું. ॥ ૮૯ ॥

मालतीगुणज्ञस्य=मालतीपरिमलचारिमानुभवैकमग्नचेतसः, मधुकरस्य=भ्रमरस्य, प्रतिबन्धेऽपि=कुतोऽपि हेतोस्तदप्राप्तावपि तत्र=मालत्यां यः पक्षपातो=बहुमाननैरन्तर्यात्मा तद्धीनत्वं=तद्विकलत्वं कदाचिदपि न भवति, एवमेव मुनेश्चरणपरिणामवतः शुभयोगे स्वाध्यायध्यानविनयवैयावृत्त्यमानादिरूपे द्रव्यवैषम्यरूपे प्रतिबन्धेऽपि पक्षपातहीनत्वं न भवति, यथाशक्त्यनुष्ठानेन मातृस्थानानासेवनेन च तत्रैव चेतसः प्रतिबन्धात् ॥ ८९ ॥

## [ભ્રમરને માલતી પુષ્પની જેમ મુનિને શુભયોગનું ગાઢ આકર્ષણ]

**તાત્પર્યાર્થઃ**- પ્રતિકૂળ દ્રવ્યક્ષેત્રાદિમાં મુનિમહાત્માઓના ભાવ અખંડિત રહે છે તે ભ્રમરના દૃષ્ટાન્તથી પણ સુંદર રીતે સમજાય છે. ભમરો સુવાસપ્રિય છે. તેમજ પરાગરજનું પાન કરવાને શોખીન હોય છે. માલતી પુષ્પમાં સુગંધ પણ ભરપૂર હોય છે અને પરાગરજ પણ. તેથી ભ્રમરોને તેમનું દિન-રાત આકર્ષણ હોય છે. ક્યારેક અશુભના ઉદયે દિવસોના દિવસો સુધી માલતીનું મોઢું જોવા ન મળે તો ભમરાને તેના વિના ચેન પડતું નથી. તેને મેળવવાની ઝંખના અને તેના ગુણનું બહુમાન ભમરાના અંતરમાં ગુંજ્યા કરતું હોય છે, ક્યારેય પણ તે છુટતું નથી. સંયમના પરિણામવાળા મુનિઓ માટે પણ આવું જ છે. સૂત્ર સ્વાધ્યાય, ધ્યાનયોગ, વિનયકૃત્ય અને વેયાવચ્ચ વગેરે શુભાનુષ્ઠાન યોગોનો એકવાર રસાસ્વાદ કર્યા પછી મોક્ષ ન થાય ત્યાં સુધી એ બધું છોડવાનું દીલ થતું નથી. અશુભના ઉદયે પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિમાં પણ તે બધા શુભયોગોની આરાધના કરી લેવાની લાલચ તેઓની છૂટતી નથી. માયા ડાકણ ન સ્પર્શે તે રીતે યથાશક્તિ અને યથાઅવસર તે બધું સાધી લેવાની ઉત્સુકતામાં જ ચિત્ત પરોવાયેલું રહે છે. ॥ ૮૯ ॥

नन्वेवं शुभयोगेच्छाया अनपायेऽपि तत्र प्रवृत्त्यभावात् कथं फलसिद्धिरिच्छा हि प्रवृत्तावेवोपयुज्यते प्रवृत्तिश्च फलजनन इत्याशङ्क्याह—

**શંકાઃ**- ફળસિદ્ધિ માટે માત્ર શુભયોગની ઇચ્છા અખંડિત રહે એટલું જ જરૂરી નથી, શુભયોગમાં પ્રવૃત્તિ પણ જરૂરી છે કારણ કે સાધ્યની સિદ્ધિમાં

પ્રવૃત્તિ હેતુ છે અને ઇચ્છા તો પ્રવૃત્તિના ઉત્થાનમાં પ્રેરક છે. સાધ્યની સિદ્ધિમાં તે કાંઈ સીધેસીધી હેતુ બની જતી નથી. તો પછી શુભયોગની ઇચ્છા અખંડિત રહે તો પણ પ્રવૃત્તિના અભાવમાં લાભ શું ? શ્લોક ૯૦માં આ શંકાનું સમાધાન પ્રસ્તુત છે-

अपयट्टो वि पयट्टो भावेणं एस जेण तस्सत्ती ।
अक्खलिआ निविडाओ कम्मखओवसमजोगाओ ॥ ९० ॥

**શ્લોકાર્થઃ-** (બાહ્ય) પ્રવૃત્તિના અભાવમાં પણ ભાવથી (=અભ્યંતર રીતે) તો પ્રવૃત્તિ જ છે. કારણ કે કર્મના ઉત્કટ ક્ષયોપશમના યોગથી પ્રવૃત્તિની શક્તિ અસ્ખલિત હોય છે. ॥ ૯૦ ॥

अप्रवृत्तोऽपि प्रतिबन्धात् द्रव्यक्रियायामव्यापृतोऽपि, भावेन=परमार्थेन प्रवृत्त एष=शुभभाववान्, येन कारणेन तच्छक्तिः=सत्प्रवृत्तिशक्तिः अस्खलिता= अव्याहता, निबिडात्=वज्राश्मवद् दुर्भेदात् कर्मक्षयोपशमयोगात्=सत्प्रवृत्ति-प्रतिपन्थिचारित्रमोहनीयकर्मक्षयोपशमसम्बन्धात्। इत्थं चात्र शक्ये शक्त्य-स्फोरणविनाकृतः शुभभाव एव स्वगतनिर्जरालाभहेतुरबाह्यत्वाच्चैतत्फलस्य बाह्यप्रवृत्त्यभावेऽपि न क्षतिरिति फलितम् ॥९०॥

**તાત્પર્યાર્થઃ-** પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર વગેરેની માઠી અસરથી બાહ્ય દ્રવ્યક્રિયામાં પ્રવૃત્તિ (=અનુકૂળ વ્યાપાર) મુનિમહાત્માઓ કરી શકતા નથી, તો પણ પ્રવર્તવાના શુભ ભાવો અખંડિત હોવાથી તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો સાધ્યસિદ્ધિમાં તેઓની આભ્યંતર ભાવાત્મક પ્રવૃત્તિ સતત ચાલુ જ રહે છે. કારણ કે આભ્યંતર સત્પ્રવૃત્તિમાં વિરોધી ચારિત્ર મોહનીય કર્મ છે, એના પ્રબળ-વજ્ર અને પાષાણ જેવા નક્કર ક્ષયોપશમથી તેવી સત્પ્રવૃત્તિ કરવા માટે શક્તિ અખંડિત હોય છે.

વિચાર કરતાં ઉપરોક્ત કથનનો એ ભાવાર્થ નીકળી આવે છે કે જે અનુષ્ઠાન શક્ય હોય એમાં શક્તિના અસ્ફોરણનો અભાવ અર્થાત્ તેમાં શક્તિ ફોરવ્યા વિના ન રહેવાપણું શુભભાવ સાથે ગાઢ રીતે સંકળાયેલું હોવાથી પોતાના આત્માને કર્મનિર્જરા રૂપ લાભમાં પ્રયોજક બને છે. આ લાભ બાહ્ય નહિ પણ આંતરિક ફળ રૂપ હોવાથી તેમાં મુખ્ય હેતુ પણ આંતરિક ભાવાત્મક

કારણ જ હોય, બાહ્ય પ્રવૃત્તિ તો તે ભાવના સંપાદનમાં જ ઉપયોગી રહી. એટલે તેવા ભાવની સ્વતઃ વિદ્યમાનતામાં બાહ્યપ્રવૃત્તિ ન પણ હોય તો પણ સાધ્યસિદ્ધિ થવામાં કાંઈ અટકતું નથી. ॥ ૯૦ ॥ (૪૭-૪૮-૪૯)

**निरुओ भुज्जरसन्नू, किंचि अवत्थं गओ असुहमन्नं ॥**
**भुंजइ तम्मि न रज्जइ, सुहभोअणलालसो धणिअं ॥ ५० ॥**

नीरुजो भोज्यरसज्ञः किं(कां)चिदवस्थां गतोऽशुभमन्नम् ॥
भुनक्ति तस्मिन्न रज्यते शुभभोजनलालसो दृढम् ॥ ५० ॥

नीरुजो-ज्वरादिरुजारहितो भोज्यानि-खण्डखाद्यादीनि तेषां रसमास्वाद-विशेषं जानातीति भोज्यरसज्ञः, कामप्यवस्थां-दुष्कालदारिद्र्यादिदशां गतः-प्राप्तः सन्नशुभमनिष्टमन्नं भोजनं भुञ्जानो न तस्मिन्नशुभान्ने रज्यति-गृद्धिमुपैति ।

**तथाहि संभवत्येतत् कदाचित्**

सुहभत्तलालिओवि हु, दुक्कालदारिद्दभिद्दुओ पुरिसो ।
भक्कडयभरुट्टाई, भुंजइ तह कंडुयं कंटिं ॥ १ ॥
कड्डुयरसं च गुयारं, अरणिदलाइं कुडिज्झराईयं ।
भुञ्जइ जणो छुहत्तो, तरुछल्ली हिल्लिझिल्लाइ ॥ त्ति ॥

नचासौ तेषु गृद्धिमाधत्ते शुभभोजनलालसो-विशिष्टाहारलम्पटो 'लङ्घया-म्येतां कुदशां ततः सुभिक्षं प्राप्य पुनरपि शोभनमाहारं भोक्ष्ये इति मनोरथ-वान् 'धणियं'ति बाढमिति। (धर्मरत्न प्र. गा. ९२)

નિરોગી અને ભોજ્ય (=ખાવા યોગ્ય) વસ્તુના રસનો જાણકાર પુરુષ દુકાળ-દરિદ્રતા વગેરે કોઈક વિષમ અવસ્થાને પામેલો હોય ત્યારે અનિષ્ટ અન્નનું ભોજન કરે, આમ છતાં "આવી દુર્દશાને ઓળંગીને ફરી પણ સારા આહારનું ભોજન કરીશ" એવા પ્રબળ મનોરથવાળો તે અનિષ્ટ ભોજનમાં આસક્તિ કરતો નથી. [૫૦]

(અહીં ટીકામાં આવેલી બે ગાથાઓનો અર્થ લખ્યો નથી. કારણ કે તેમાં આવેલા **કેટલાક** શબ્દો અત્યંત પ્રાચીન કાળના હોવાથી શબ્દાર્થ સમજમાં આવ્યો નથી. ભાવાર્થ તો મૂળગાથાના અર્થમાં આવી ગયો છે.)

एवं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकयोजनामाह-

**इय सुद्धचरणरसिओ, सेवंतो दव्वओ विरुद्धंपि ॥**
**सद्धागुणेण एसो, न भावचरणं अइक्कमइ ॥ ५१ ॥**

इति शुद्धचरणरसिकः सेवमानो द्रव्यतो विरुद्धमपि ॥
श्रद्धागुणेनैष न भावचरणमतिक्रामति ॥ ५१ ॥

इत्येवं कुभक्तभोगदृष्टान्तेन शुद्धचरणरसिको-निष्कलङ्कसंयम-पालनोत्साहवान् सेवमानो द्रव्यतो-बाह्यवृत्त्या विरुद्धमागमनिषिद्धं नित्यवा-सादिकम्, अपिशब्दादेकाकित्वमपि श्रद्धागुणेन-संयमाराधनलालसत्वपरिणामेन न-नैव भावचरणं-पारमार्थिकंचारित्रमतिक्रामति-अतिचरति श्रीसंगमसूरिवत्।

**तथा चोक्तम्-**

दव्वाइया न पायं, सोहणभावस्स हुंति विग्घकरा ।
बज्झकिरियाउ वि तहा, हवंति लोएवि सिद्धमिणं ॥१॥
दइयाकन्नुप्पलताडनं व सुहडस्स निव्वुइं कुणइ ।
पहुणो आणाए पत्थियस्स कंडंपि लग्गंतं ॥२॥
जह चेव सदेसंमि, तह परदेसेवि चलइ नहु सत्तं ।
मणवंछियंमि कज्जे, आरद्धे धीरपुरिसाणं ॥ ३ ॥
कालोवि हु दुब्भिक्खाइलक्खणो न खलु दाणसूराणं ।
भिंदइ आसारयणं, अवि अहिययरं विसोहेइ ॥ ४॥
एवं चिय भव्वस्सवि, चरित्तिणो नहि महाणुभावस्स ।
सुहसामायारिगओ, भावो परियत्तइ कयावि ॥ ५॥

**किञ्च-**

जो होज्जउ असमत्थो, रोगेण व पिल्लिओ झुरियदेहो ।
सव्वमवि जहा भणियं, कयाइ न तरिज्ज काउं जे ॥ ६॥
सोवि य नियपरक्कमववसायधिईबलं अगूहंतो ।
मुत्तूण कुडचरियं, जइ जयए तो अवस्स जई ॥ ७॥ इति ।

**श्रीसंगमसूरिकथा पुनरेवम्**

इह सिरिसंगमसूरी, दूरीकयसयलगुरुपमायभरो ।
अन्नाणदारुदारुणदवहुयवहसरिससमयधरो ॥ १॥
पइसमयमुत्तरुत्तरविसुद्धपरिणामहणियपावोहो ।
नगनगरगाममाइसु, नवकप्पपकप्पियविहारो ॥ २॥
अइतिव्वपवरसद्धावसपरिणयसुद्धभावचारित्तो ।
जंघाबलपरिहीणो, कुल्लागपुरंमि विहियठिई ॥ ३॥
वट्टंते दुब्भिक्खे, कयजणदुक्खे कयावि सो भयवं ।
पवयणमायापरिपालणुज्जयं उज्जयविहारं ॥ ४॥
आहिंडिय बहुदेसं, अवधारिय सयलदेसबहुभासं ।
सीहं नामणगारं गणाहिवत्ते निरूवेइ ॥ ५॥
भणइ य जइवि महायस ! सयमवि तं मुणसि सयलकरणिज्जं ।
आयारु त्ति विचिंतिय इय वुच्चसि तहवि अम्हेहिं ॥ ६॥
उल्लसिरपवरसद्धो चरणभरं दुद्धरं धरिज्ज सया ।
सीयंतं सीसगणं मिउमहुरगिराइ सारिज्जा ॥ ७॥

**जओ-**

जीहाएवि लिहंतो, न भद्दओ जत्थ सारणा नत्थि ।
दंडेणवि ताडन्तो, स भद्दओ सारणा जत्थ' ॥ ८॥
जह सीसाइं निकिंतइ, कोई सरणागयाण जंतूणं ।
एवं सारणियाणं, आयरिओ असारओ गच्छे ॥ ९॥

**तथा-**

दव्वाइअपडिबद्धो अममो विहरिज्ज विविहदेसेसु ।
अनिययविहारया जं जईण सुत्ते विणिद्दिट्ठा ॥ १०॥

**तथाहि-**

अनिएयवासो समुदाणचारिया, अन्नायउंछं पइरिक्कया य ।
अप्पोवही कलहविवज्जणा य, विहारचरिया इसिणं पसत्था ॥ ११॥
इच्चाइ कहिय वुत्तो, सो एवं वच्छ ! विहर अन्नत्थ ।
मा ओमे इत्थ ठिओ, सीसगणो एस सीइज्जा ॥ १२॥

एगागीवि अहं पुण, पहीणजंघाबलो अबलदेहो ।
अनलो विहरिउमन्नत्थ तो इहं चेव ठाइस्सं ॥ १३ ॥
इय भणिय मुणी वुत्ता, वच्छा ! सच्छासया सयाकालं ।
कुलवहुनाएण इमं, मा मुंचिज्जह कयावि तुमे ॥ १४ ॥
तिण्णुच्चिय भवजलही, एयपसाया सुहेण तुब्भेहिं।
संपइ इमिणा सद्धिं, कुणह विहारं महाभागा ! ॥ १५ ॥
इह सुणिय सुमुणिवइणो, ते मुणिणो सूरिचरणठवियसिरा ।
मुंचंता गुरुविरहुत्थसोयउप्पन्नअंसुभरं ॥ १६ ॥
पडिपुन्नमन्नुभररुद्धकंठउट्टिंतगग्गरगिरिल्ला ।
गुरुवयणं पडिकूलिउमचयंता दुक्खसंतत्ता ॥ १७ ॥
कहमवि नमिउं गुरुणो, अवराहपए खमाविउं नियए ।
ओमाइदोसरहिए देसे पत्ता विहारेण ॥ १८ ॥
संगमगुरूवि खित्तं, नवभागीकाउ कायनिरविक्खो ।
वीसुं वसहीगोयरवियारभूमाइसु जएइ ॥ १९ ॥
सुद्धिकए गुरुपासे, कयावि सीहेण पेसिओ दत्तो ।
सो पुव्ववसहिसंठियसूरिं दट्ठुं विचिंतेइ ॥ २० ॥
कारणवसा न कीरइ, खित्ते अवरावरे जइ विहारो ।
नवनववसहिविहारो, कीस एएहिं परिचत्तो ? ॥ २१ ॥
ता एस सिढिलचरणो, खणंपि न खमो इमेण संवासो ।
एवं चिंतिय वीसुं, समीववसहीइ सो ठाइ ॥ २२ ॥
भिक्खासमए गुरुणा, सह हिंडन्तो विसिट्ठमाहारं ।
दुब्भिक्खवसा अलहंतओ य, जाओ तत्थ कसिणवयणो ॥ २३ ॥
तं तह निएवि सूरी, कम्मिवि ईसरगिहे गओ तत्थ ।
रेवइदोसेणेगो, सया रुयंतो सिसू अत्थि ॥ २४ ॥
सो दाउं चप्पुडियं, गुरुणा भणिओ य बाल ! मा रुयसु ।
गुरुतेयं असहन्ती, झडत्ति सा रेवई नट्ठा ॥ २५ ॥

जाओ बालो सुत्थो, तज्जणगो गहिय मोयगे पत्तो ।
गुरुणा करुणानिहिणा, दवाविया ते उ दत्तस्स ॥ २६ ॥
अह मुणिपहुणा भणियं, तं गच्छसु दत्त ! संपयं वसहिं ।
अहयंपि आगमिस्सं, पडिपुन्नं काउ समुयाणं ॥ २७ ॥
सङ्गिहमेगमिमिणा, चिराउ मह दंसियं सयं अहुणा।
सेसेसु गमी दत्तो, इय चिंततो गओ वसहिं ॥ २८ ॥
गुरुणोवि अंतपंतं, गहिउं सुचिरेण आगया वसहिं।
पन्नगबिलनाएणं, भुंजंति तयं समयविहिणा ॥ २९ ॥
आवस्सयवेलाए, आलोइय सूरिणो समुवविट्ठा ।
सो निसियंतो गुरुणा, आलोइसु संममिय वुत्तो ॥ ३० ॥
स भणइ तुब्भेहिं चिय, सह परिभमिओ म्हि किमिह वियडेमि ।
आह गुरू सिसुविसयं, सुहुमं नणु धाइपिंडं ति ॥ ३१ ॥
दत्तो तओ दुरप्पा, अणप्पसंकप्पकप्पणाभिहओ।
लिंबुक्कडकडुयगिराइ, मुणिवरं पइ इमं भणइ ॥ ३२ ॥
राईसरिसवमित्ताणि, परच्छिद्दाणि पिच्छसि।
अप्पणो बिल्लमित्ताणि, पासंतोवि न पाससि? ॥ ३३ ॥
इय भणिय गओ एसो, नियवसहिं तयणु तस्स सिक्खत्थं।
पुरदेवयाइ सिग्घं विउव्वियं दुद्दिणं गरुयं ॥ ३४ ॥
फुडफुट्टमाणबंभंडभंडरवविरसजलहरारावं।
सो निसुणंतो भयभरखलंतवयणो भणइ सूरिं ॥ ३५ ॥
भयवं ! बीहेमि अहं, आह गुरु एहि मम सयासंमि।
स भणइ तिमिरभरेणं, दिसिविदिसिं नेव पिच्छामि ॥ ३६ ॥
दीवसिहं व जलंतिं, नियंगुलिं खेललद्धिणा काउं।
दंसेऊण य गुरुणा, सो वुत्तो वच्छ ! एहि इओ ॥ ३७ ॥
तं दट्ठुं स दुट्ठप्पा, जंपइ दीवोवि अत्थि किमिमस्स?।
तो पच्चक्खीहोउं, एवं वुत्तो स देवीए ॥ ३८ ॥
हा! दुट्ठसेह! निन्नेह! देहगेहाइमुक्कपडिबन्धे।
मुणिनाहंमि इमंमिवि, एवं चिंतेसि निलज्ज! ॥ ३९ ॥

वसहिविहारकमेणं, पुणोवि इत्थ ट्ठियं सुगुरुमेयं।
पाविट्ठ! दुट्ठऽधम्मिट्ठ! मन्नसि सिथिलचारित्तं ॥ ४० ॥
अंतपंतभोयणपरंपि कप्पेसि मुद्ध ! रसगिद्धं।
धिद्धी लद्धिसमिद्धंपि दीवजुत्तं पयंपेसि ॥ ४१ ॥
दव्वाइदोसवसओ, बीयपयठिएवि सुद्धसद्धाए।
भावचरित्तपवित्ते, किह अवमन्नसि इमे गुरुणो ? ॥ ४२ ॥
इय अणुसिट्ठो, सो देवयाइ संजायगरुयअणुतावो।
गुरुपयलग्गो खामइ, पुणो पुणो नियमवराहं ॥ ४३ ॥
आलोइयाइयारो, दत्तो गुरुदत्तविहियपच्छित्तो।
विणउज्जुओ सुनिम्मलचारित्ताराहगो जाओ ॥ ४४ ॥
संगमसूरीवि चिरं, विहिसेवावल्लिपल्लवणमेहो।
निरुवमसमाहिजुत्तो, सुगइं पत्तो गयकिलेसो ॥ ४५ ॥

इत्थं विशुद्धविधिसेवनतत्परस्य, श्रीसंगमस्य सुगुरोश्चरित्रं निशम्य ।
द्रव्यादिदोषनिहता अपि साधुलोकाः, श्रद्धां विधत्त चरणे प्रवरां पवित्रे ॥ ४६ ॥

॥ इति संगमसूरिकथा॥ (धर्मरत्नप्रकरणम् गाथा-९३)

**આ પ્રમાણે દૃષ્ટાંત કહીને દાર્ષ્ટાન્તિકની યોજનાને કહે છે-**

આ પ્રમાણે (=કુભોજન કરનારના દૃષ્ટાંતથી) શુદ્ધ ચારિત્રને પાળવામાં ઉત્સાહી સાધુ બાહ્યથી નિત્યવાસ વગેરે આગમ નિષિદ્ધ કરતો હોવા છતાં શ્રદ્ધાગુણથી (=સંયમને આરાધવાની લાલસાના પરિણામથી) ભાવચારિત્રને ઓળંગતો નથી, અર્થાત્ ભાવચારિત્રી રહે છે. જેમ કે સંગમસૂરિ.

**ટીકાર્થઃ-** આ વિષે ઉપદેશપદ ગ્રંથમાં કહ્યું છે કે- પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રાયઃ શાંત-ઉદાત્ત પરિણામરૂપ શુભ માનસિક પરિણામનો નાશ કરનારા થતા નથી, અર્થાત્ આરાધનાના ભાવનો નાશ કરતા નથી. પણ શૌચક્રિયા વગેરે બાહ્ય ક્રિયા તો જેવા દ્રવ્યાદિ હોય તેવી થાય છે. પ્રતિકૂળ દ્રવ્યાદિ શુદ્ધભાવના નાશનો હેતુ બનતા નથી એ વિષય શિષ્ટ લોકમાં પ્રસિદ્ધ છે. (૬૬૫) તે આ પ્રમાણે-સ્વામીની આજ્ઞાથી શત્રુના સૈન્યને જીતવા માટે ગયેલા સુભટને શરીરે લાગતું બાણ પણ, રતિક્રીડામાં

કુપિત થયેલી સ્ત્રીએ પ્રિયના કાન ઉપર કમળથી કરેલું તાડન પ્રિયને સુખકર બને તેમ, સુખ કરે. (૬૬૬) ધીર પુરુષોનું સત્ત્વ જેવી રીતે સ્વદેશમાં સ્વજનોની સહાયવાળા કોઈ દુષ્કર કાર્યમાં ચલિત થતું નથી, તેવી રીતે પરદેશમાં પણ તેવું કોઈ કાર્ય આવી પડતાં તેવા પ્રકારના વિરોધી માણસો તરફથી તકલીફો આવવા છતાં ચલિત થતું નથી. (૬૬૭) જેમાં ભિક્ષા વગેરે દુર્લભ હોય તેવો કાળ પણ દાનશૂર પુરુષોના અતિશય ઉદારતારૂપ આશયરત્નને ભેદતો નથી = ચલિત કરતો નથી, બલ્કે અતિશય વધારે છે = દાન ભાવના વધે છે. (૬૬૮) એ જ રીતે મહાનુભાવ (=પ્રશસ્ત સામર્થ્યવાળા) અને ભવ્ય એવા મુનિનો શુભ સામાચારી સંબંધી (=પ્રત્યુપેક્ષણા-પ્રમાર્જનાદિ સંબંધી) ઉત્સાહ ક્યારેય ભાંગી જતો નથી. કેમ કે તેને શુભસામાચારી અતિશય પ્રિય હોવાથી શુભ સામાચારી સિવાય બીજે ક્યાંય પ્રીતિ નથી. (૬૬૯)

વળી બીજા સ્થળે કહ્યું છે કે-જે અસમર્થ હોય, રોગથી પીડાયેલો હોય, અથવા ક્ષીણ શરીરવાળો હોય, બધુંય જે પ્રમાણે કરવાનું કહ્યું છે તે પ્રમાણે કરવા ક્યારેય સમર્થ ન હોય, તે પણ પોતાના ઉત્સાહ, ઉદ્યમ, મનોબળ અને શરીરબળને છુપાવે નહિ, અને ખોટા આચરણને મૂકીને (આચારપાલનમાં) પ્રયત્ન કરે તો અવશ્ય (ભાવ) સાધુ છે.

## શ્રી સંગમસૂરિની કથા

શ્રી સંગમસૂરિની કથા આ પ્રમાણે છે-શ્રી સંગમ નામના આચાર્ય હતા. તેમણે સઘળા મોટા પ્રમાદનો ત્યાગ કર્યો હતો. તે અજ્ઞાનરૂપી કાષ્ઠોને બાળવા માટે ભયંકર દાવાનળ સમાન શાસ્ત્રોને ધારણ કરનારા હતા. તેમણે પ્રતિસમય અધિક અધિક વિશુદ્ધ થતા પરિણામથી પાપસમૂહને બાળી નાખ્યો હતો. પર્વત ઉપર રહેલા નગર અને ગામ આદિમાં નવકલ્પિક વિહારને આચરતા હતા. અતિતીવ્ર શ્રેષ્ઠ શ્રદ્ધાના કારણે વૃદ્ધિને પામેલા શુદ્ધ ભાવચારિત્રવાળા હતા. આમ છતાં જંઘાબળ ક્ષીણ થવાના કારણે કુલ્લાકનગરમાં તેમણે સ્થિરવાસ કર્યો હતો. ક્યારેક લોકોને દુ:ખી કરનાર દુકાળ પડ્યો ત્યારે તે આચાર્ય ભગવંતે પ્રવચનમાતાના પાલનમાં

તત્પર, ઉદ્યતવિહારી, જેમણે ઘણા દેશોમાં પરિભ્રમણ કર્યું છે, અને સઘળા દેશોની ઘણી ભાષાઓને યાદ રાખી છે એવા સિંહ નામના સાધુને ગચ્છના અધિપતિ બનાવ્યા. પછી હિતશિક્ષા આપતાં કહ્યું કે હે મહાશય ! જો કે આ પ્રમાણે સકલ કર્તવ્યોને તું સ્વયં જ જાણે છે, છતાં આચાર છે એમ વિચારીને અમે તને આ પ્રમાણે કહીએ છીએ.

ઉલ્લાસ પામતી પ્રવર શ્રદ્ધાવાળો તું દુર્ધર ચારિત્રભારને સદા ધારણ કરજે અને સંયમમાં સીદાતા શિષ્યગણને કોમળ અને મધુરવાણીથી સારણા કરજે. કારણ કે જે આચાર્ય સારણા કરતો નથી તે જીભથી ચુંબન કરતો હોય તો પણ શ્રેષ્ઠ નથી. જે આચાર્ય સારણા કરતો હોય તે દાંડાથી પણ મારતો હોય તો પણ શ્રેષ્ઠ છે. (ગચ્છા૦ ૧૭) જેવી રીતે કોઈ શરણે આવેલા જીવોના મસ્તકને કાપે તે પ્રમાણે ગચ્છમાં સારણા કરવા યોગ્ય સાધુઓની સારણા નહિ કરનારો આચાર્ય સાધુઓના આત્માનો ઘાત કરે છે. દ્રવ્યાદિમાં અપ્રતિબદ્ધ બનીને મમતારહિત વિવિધ દેશોમાં વિહાર કરજે. કારણ કે સૂત્રમાં સાધુઓને અનિયતવિહાર કહ્યો છે. તે આ પ્રમાણે- અનિયતવાસ, સમુદાનચર્યા (=ભમીને જુદા જુદા ઘરોમાંથી ભિક્ષા લેવી.) અજ્ઞાત ઉંછ (=અજ્ઞાત ઘરોમાંથી ભિક્ષા લેવી), પ્રતિરિક્તતા (એકાંત સ્થાનમાં રહેવું), અલ્પ ઉપધિ અને કલહનો ત્યાગ, ઋષિઓની આ વિહારચર્યા પ્રશસ્ત છે. (દશવૈ. બીજી ચૂલિકા-૫) ઈત્યાદિ હિતશિક્ષા આપીને આ પ્રમાણે કહ્યું : હે વત્સ ! તું બીજા સ્થળે વિહાર કર. જેથી દુકાળમાં અહીં રહેલો શિષ્યગણ સીદાય નહિ. મારું જંઘાબળ ક્ષીણ થઈ ગયું છે, મારા શરીરમાં બળ રહ્યું નથી. આથી બીજા સ્થળે વિહાર કરવા હું અસમર્થ છું. આથી એકલો પણ હું અહીં જ રહીશ. આ પ્રમાણે નૂતન ગચ્છાધિપતિને કહીને સાધુઓને કહ્યું : હે વત્સો ! સદાય સ્વચ્છ ચિત્તવાળા બનીને તમે કુલવધૂના દૃષ્ટાંતથી આને ક્યારેય મૂકશો નહિ. આની મહેરબાનીથી તમે સુખપૂર્વક ભવસમુદ્રને તરી જ ગયા છો એમ સમજી લો. હે મહા ભાગ્યશાળીઓ ! હવે આની સાથે વિહાર કરો. સુસાધુ જેવા વ્રતવાળા તે મુનિઓ આ પ્રમાણે સાંભળીને આચાર્યના ચરણોમાં મસ્તક મૂકીને ગુરુના વિરહથી થયેલા શોકથી ઉત્પન્ન થયેલા અશ્રુઓને મૂકવા

લાગ્યા. પ્રતિપૂર્ણ શોકથી તેમનો કંઠ ભરાઈ ગયો. આવા કંઠમાંથી નીકળેલી ગદ્ગદ્ વાણી બોલવા લાગ્યા. ગુરુવચનનો નિષેધ કરવા અસમર્થ તે મુનિઓ દુઃખથી સંતપ્ત બન્યા. માંડમાંડ ગુરુને નમીને અને પોતાના અપરાધોને ખમાવીને દુકાળ આદિ દોષથી રહિત દેશમાં વિહાર કર્યો.

કાયા પ્રત્યે નિરપેક્ષ સંગમગુરુ પણ ક્ષેત્રના નવ ભાગ કરીને જુદી જુદી વસતિમાં, જુદી જુદી ગોચરી ભૂમિમાં અને જુદી જુદી વિહાર ભૂમિ વગેરેમાં યત્ન કરવા લાગ્યા. ક્યારેક સિંહસૂરિએ ગુરુના સમાચાર મેળવવા માટે દત્ત નામના સાધુને ગુરુની પાસે મોકલ્યો. આચાર્યને પૂર્વની વસતિમાં (=સાધુઓએ વિહાર કર્યો ત્યારે જે વસતિમાં હતા તે જ વસતિમાં) રહેલા જોઈને તે વિચારવા લાગ્યો. જો તેવા કારણથી બીજા બીજા ક્ષેત્રમાં વિહાર થઈ શકતો નથી તો પણ આમણે નવી નવી વસતિમાં રહેવાનો ત્યાગ કેમ કર્યો ? તેથી આ શિથિલ ચારિત્રવાળા છે. એમની સાથે એક ક્ષણ પણ રહેવું યોગ્ય નથી. આ પ્રમાણે વિચારીને તે નજીકની વસતિમાં જુદો રહ્યો. ભિક્ષાસમયે ગુરુની સાથે ફરતો તે દુકાળના લીધે વિશિષ્ટ આહાર ન મળવાના કારણે શ્યામમુખવાળો થઈ ગયો. તેને શ્યામમુખવાળો જોઈને આચાર્ય કોઈક શેઠના ઘરે ગયા. ત્યાં રેવતીના વળગાડથી એક બાળક સદા રડતો હતો. આચાર્યે ચપટી વગાડીને તેને કહ્યુંઃ હે બાળક! રડ નહિ. ગુરુના તેજને સહન નહિ કરતી રેવતી જલદી તેના શરીરમાંથી જતી રહી. આથી બાળક સ્વસ્થ થયો. આથી બાળકનો પિતા લાડવા લઈને આવ્યો. કરુણાનિધાન ગુરુએ તે લાડવા દત્તમુનિને અપાવ્યા. પછી આચાર્યે તેને કહ્યુંઃ તારી ગોચરી પૂરી થઈ ગઈ છે તેથી તું હવે ઉપાશ્રયમાં જા. ગોચરી પૂરી કરીને હું પણ આવું છું. આમણે લાંબા કાળ સુધી મને ફેરવીને એક શ્રાવકનું ઘર બતાવ્યું, હવે પોતે બીજા શ્રાવકના ઘરોમાં જશે, આમ વિચારતો તે વસતિમાં ગયો. આચાર્ય પણ અંત-પ્રાંત આહાર લઈને લાંબાકાળે વસતિમાં આવ્યા. સર્પબિલના દૃષ્ટાંતથી શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે તે આહાર વાપર્યો.

(સર્પ બિલમાં આડો-અવળો થયા વિના સીધો પ્રવેશ કરે છે. તે રીતે સ્વાદ માટે આહારને એક દાઢથી બીજી દાઢમાં ફેરવ્યા વિના રાગ-દ્વેષથી રહિત બનીને આહાર વાપર્યો.)

પ્રતિક્રમણ સમયે ગુરુ આલોચના કરીને બેઠા. (આલોચના કર્યા વિના) બેસતા દત્તને ગુરુએ કહ્યું: સમ્યક્ આલોચના કર. તેણે કહ્યું: ગોચરીમાં તમારી સાથે જ ફર્યો છું. અહીં શું આલોચના કરું ? તને બાળક સંબંધી સૂક્ષ્મ ધાત્રીપિંડ દોષ લાગ્યો છે. પછી અતિશય સંકલ્પ-વિકલ્પથી હણાયેલા દુરાત્મા દત્તે લિંબડા જેવી અત્યંત કડવી વાણીથી આચાર્યને આ પ્રમાણે કહ્યું:

તમે બીજાના રાઈ અને સરસવ જેટલા નાના દોષોને જુઓ છો, અને પોતાના બિલા જેટલા મોટા દોષોને જોતા હોવા છતાં જોતા નથી. આ પ્રમાણે કહીને તે પોતાની વસતિમાં ગયો. ત્યારબાદ તેને શિક્ષા કરવા માટે નગરદેવતાએ જલદી અતિશય અંધકાર વિકુર્વ્યું. જાણે કે બ્રહ્માંડરૂપ પાત્ર સ્પષ્ટ ફૂટી રહ્યું હોય તેવી વિરસ મેઘગર્જના થવા લાગી. તેને સાંભળીને ભયભીત બનેલા તેણે ખચકાતી વાણીથી સૂરિને કહ્યું: હે ભગવંત! હું ભય પામું છું. ગુરુએ કહ્યું: મારી પાસે આવ. તેણે કહ્યું ગાઢ અંધકારથી હું દિશા-વિદિશાઓને જોતો નથી. આચાર્ય ભગવંતે ખેલલબ્ધિથી પોતાની આંગળીને દીપશિખાની જેવી પ્રજ્વલિત કરી. પછી એ આંગળી તેને બતાવીને કહ્યું: હે વત્સ! આ તરફ આવ. આચાર્યની પ્રજ્વલિત આંગળીને જોઈને દુષ્ટાત્મા બોલ્યો: શું આની પાસે દીવો પણ છે? તેથી પ્રત્યક્ષ થઈને દેવીએ તેને આ પ્રમાણે કહ્યું: હા ! દુષ્ટશિષ્ય ! નિઃસ્નેહ! નિર્લજ્જ ! દેહ અને ઘર આદિના મમત્વથી રહિત આ આચાર્ય વિષે પણ આ પ્રમાણે વિચારે છે? હે પાપિષ્ઠ! દુષ્ટ! અધર્મિષ્ઠ! વસતિના વિહારના ક્રમથી ફરી પણ અહીં રહેલા આ સુગુરુને શિથિલચારિત્રવાળા માને છે. હે મુગ્ધ ! અંત-પ્રાંત ભોજન કરનાર પણ આ આચાર્યને તું રસગૃદ્ધ કલ્પે છે. ધિક્ ધિક્ ! લબ્ધિથી સમૃદ્ધને પણ દીપકયુક્ત કહે છે. દ્રવ્યાદિદોષના કારણે અપવાદપદે રહેલા હોવા છતાં શુદ્ધ શ્રદ્ધાના કારણે ભાવચારિત્રથી પવિત્ર આ ગુરુની તું અવજ્ઞા કેમ કરે છે? આ પ્રમાણે દેવીથી શિખામણ અપાયેલો તે અતિશય પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ગુરુને પગે લાગીને ફરી ફરી પોતાના અપરાધની ક્ષમા યાચી. અતિચારોની આલોચના કરી. ગુરુએ આપેલું પ્રાયશ્ચિત્ત પૂર્ણ કર્યું. વિનય કરવામાં તત્પર બન્યો. અત્યંત નિર્મલ ચારિત્રનો આરાધક બન્યો. વિધિસેવા રૂપ વેલડીને પલ્લવિત કરવા માટે મેઘ સમાન, અનુપમસમાધિથી યુક્ત અને ક્લેશરહિત એવા સંગમસૂરિ પણ લાંબા કાળ સુધી ચારિત્ર પાળીને સદ્ગતિને

પામ્યા. આ પ્રમાણે વિશુદ્ધ વિધિને આચરવામાં તત્પર શ્રીસંગમ સદ્ગુરુનું ચરિત્ર સાંભળીને દ્રવ્યાદિદોષથી હણાયેલા પણ હે સાધુજનો ! પવિત્ર ચારિત્રમાં શ્રેષ્ઠ શ્રદ્ધાને કરો.

આ પ્રમાણે સંગમસૂરિની કથા પૂર્ણ થઈ. [૫૧]

**अवहपइन्नाजणिअं, भावं पालेउमायरक्खाए ॥**
**तीए चेव ण हाणी, सुअकेवलिणा जओ भणिअं ॥ ५२ ॥**

अवधप्रतिज्ञाजातं भावं पालयित्वाऽऽत्मरक्षया ॥
तस्या एव न हानिः श्रुतकेवलिना यतो भणितम् ॥ ५२ ॥

**જીવવધ થવા છતાં જીવવધની પ્રતિજ્ઞાનો ભંગ નહિં.**

જીવોનો વધ ન કરવાની પ્રતિજ્ઞાથી થયેલા (જીવદયાના) ભાવનું પાલન કરીને આત્મરક્ષા કરવાથી પ્રતિજ્ઞાની હાનિ થતી નથી. શ્રુતકેવળી શ્રીભદ્રબાહુસ્વામીએ કહ્યું છે કે હૃદયમાં જીવદયાના પરિણામ રાખીને અપવાદનું સેવન કરવા દ્વારા શરીરરક્ષા કરવામાં આવે તો જીવવધ નહિ કરવાની પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી. કારણ કે તેમ કરવામાં આશય શુદ્ધ હોવાથી પરિણામ વિશુદ્ધ છે. વિશુદ્ધ પરિણામ મોક્ષનો હેતુ છે. (જુઓ ઓઘ નિ. ગા. ૪૭) [૫૨]

**चिक्खिल्लवालसावय-सरेणुकंटगतणे बहुअजले अ ।**
**लोगो वि निच्छइ पहे, को णु विसेसो भयंतस्स ॥ ५३ ॥**

कर्दमव्यालश्वापदसरेणुकण्टकतृणान् बहुजलांश्च ॥
लोकोऽपि नेच्छति पथः को नु विशेषो भदन्तस्य ॥ ५३ ॥

चिक्खल्लव्यालश्वापदसरेणुकण्टकतृणान् बहुजलांश्च सोपद्रवान् पथः- मार्गान् लोकोऽपि नेच्छत्येव, अतः को नु विशेषो ? लोकात् सकाशाद्भ- दन्तस्य, येनैवमुच्यते इति ?, (ઓઘ નિ. ગા. ૪૯)

**લોકોની અને સાધુની આત્મરક્ષામાં ભેદ**

અહીં કોઈ કહે છે કે આત્મરક્ષા લોકોને ઈષ્ટ છે. તે આ પ્રમાણે :- કાદવવાળા, સર્પવાળા, જંગલીપશુવાળા, ધૂળવાળા, કાંટાવાળા, ઘાસવાળા

અને બહુજલવાળા-આવા ઉપદ્રવવાળા માર્ગોને લોક પણ ઈચ્છતો જ નથી. આથી લોકથી પૂજ્ય સાધુની શી વિશેષતા છે? જેથી આ પ્રમાણે (=અપવાદનું સેવન કરીને પણ શરીરની રક્ષા કરવી એ પ્રમાણે) કહેવાય છે. [૫૩]

उच्यते—

**जयणमजयणं च गिही, सचित्तमीसे परित्तणंते अ ।**
**न विजाणंति ण यासिं, अवहपइन्ना अह विसेसो ॥ ५४॥**

यतनामयतनां च गृहिणः सच्चित्तमिश्रे प्रत्येकानन्ते च ॥
न विजानन्ति न चैषामवधप्रतिज्ञाऽथ विशेषः॥ ५४॥

यतनामयतनां च गृहिणो न जानन्ति, क्व ?-सचित्तादौ, न च 'एतेषां' गृहिणां 'अवधप्रतिज्ञा' वधनिवृत्तिः, अत एव विशेषः। (ઓઘ નિ. ગા. ૫૦)

**ઉત્તર કહે છેઃ-** ગૃહસ્થો સચિત્ત, મિશ્ર (=સચિત્ત-અચિત્ત), પ્રત્યેક વનસ્પતિકાય અને અનંતકાયમાં યતનાને અને અયતનાને જાણતા નથી. તથા તેમને જીવવધ નહિ કરવાની પ્રતિજ્ઞા નથી. આથી લોકથી પૂજ્ય સાધુની વિશેષતા છે.

**વિશેષાર્થઃ-** યતના એટલે અધિકતર અસત્પ્રવૃત્તિનું નિવારણ કરનારી ચેષ્ટા. પ્રતિકૂળ દ્રવ્યાદિમાં અપવાદમાર્ગે દોષનું સેવન કરવું પડે ત્યારે દોષનું યથાશક્ય અલ્પ સેવન થાય તેવો પ્રયત્ન એ યતના છે. આવી યતનાથી શાસ્ત્રનિષિદ્ધ અસત્ પ્રવૃત્તિ મર્યાદિત બને છે. જો યતના ન રાખવામાં આવે તો શાસ્ત્રનિષિદ્ધ અસત્ પ્રવૃત્તિની મર્યાદા જ ન રહે, બિનજરૂરી પણ ઘણી અસત્ પ્રવૃત્તિ થાય. ક્યારે કઈ રીતે યતના કરવી તેનું માર્ગદર્શન નિશિથ વગેરે છેદગ્રંથોમાં આપેલું છે. (ઉપદેશ રહસ્ય ગા. ૧૨૭, ઉપદેશપદ ગા. ૭૭૧) [૫૪]

**अवि अ जणो मरणभया, परिस्समभयाउ ते विवज्जेइ ॥**
**ते गुणदयापरिणया, मुक्खत्थमिसी परिहरंति ॥ ५५॥**

अपि च जनो मरणभयात्परिश्रमभयात्तु तान्विवर्जयति ॥
ते गुणदयापरिणता मोक्षार्थमृषयः परिहरन्ति ॥ ५५॥

कण्ठ्या । 'अपि च' इति अनेनाभ्युच्चयमाह, नवरं 'ते' त्ति सापायान् पथः ।
(ઓઘનિ. ગા. ૫૧)

વળી લોક મરણભયથી અને પરિશ્રમભયથી અનર્થવાળા માર્ગોને છોડે છે, જ્યારે દયાના પરિણામવાળા સાધુઓ મોક્ષ માટે તેવા માર્ગોને છોડે છે. [૫૫]

इतश्च साधोः प्राणातिपातापत्तावपि गृहिणा सह वैधुर्यमित्याह—

**अविसिट्ठंमि वि जोगंमि, बाहिरे होइ विहुरया इहरा ॥**
**सुद्धस्स उ संपत्ती, अफला जं देसिआ समए ॥ ५६ ॥**

अविशिष्टेऽपि योगे बाह्ये भवति विधुरतेतरथा ॥
शुद्धस्य तु सम्प्राप्तिरफला यद्देशिता समये ॥ ५६ ॥

इह 'अविशिष्टेऽपि' तुल्येऽपि 'योगे' प्राणातिपातादिव्यापारे 'बाह्ये' बहिर्वर्त्तिनि भवति 'विधुरता' वैधुर्यं= विसदृशता, इत्थं चैतदभ्युपगन्तव्यम्, इतरथा शुद्धस्य-साधोः 'संप्राप्तिः' प्राणातिपातापत्तिः 'अफला' निष्फला यतः प्रदर्शिता 'समये' सिद्धान्ते तद्विरुध्यते, तस्मादेतदेवमेवाभ्युपगन्तव्यं बाह्यप्राणातिपातव्यापारः शुद्धस्य साधोर्न बन्धाय भवतीति॥ (ઓઘનિર્યુક્તિ ગાથા - ૫૨)

**આથી જ જીવવધ થવા છતાં ગૃહસ્થની સાથે સાધુની સમાનતા નથી એમ શાસ્ત્રકાર કહે છેઃ-**

પ્રાણાતિપાત વગેરે બાહ્ય વ્યવહાર સમાન હોવા છતાં ગૃહસ્થ અને સાધુ એ બેમાં સમાનતા નથી. આ વિષયને આ પ્રમાણે સ્વીકારવો જોઈએ. કારણ કે નહિ તો શુદ્ધ સાધુની જીવવધ પ્રાપ્તિ નિષ્ફલ છે એમ શાસ્ત્રમાં જે કહ્યું છે તેની સાથે વિરોધ આવે, અર્થાત્ જીવવધ થવા છતાં શુદ્ધ સાધુને કર્મ બંધ ન થાય એવા શાસ્ત્રકથન સાથે વિરોધ આવે.

અહીં તાત્પર્ય આ પ્રમાણે છે - ચાલતા ગૃહસ્થથી જીવવધ થાય અને શુદ્ધ (=ઉપયોગ પૂર્વક ચાલતા) સાધુથી પણ જીવવધ થાય. બંનેનો જીવવધ વ્યાપાર સમાન હોવા છતાં ગૃહસ્થને જીવવધ નિમિત્તે કર્મબંધ થાય અને શુદ્ધ સાધુને ન થાય. આમ જીવવધ થવા છતાં સાધુની ગૃહસ્થની સાથે સમાનતા નથી. [૫૬]

तथा चाह-

**इक्कंमि वि पाणिवहंमि, देसिअं सुमहदंतरं समए ॥**
**एमेव णिज्जरफला, परिणामवसा बहुविहीआ ॥ ५७॥**

एकस्मिन्नपि प्राणिवधे देशितं सुमहदन्तरं समये ॥
एवमेव निर्जरफला परिणामवशाद् बहुविधिका: ॥ ५७॥

'एकस्मिन्नपि' तुल्येऽपि प्राणिवधे 'दर्शितं' प्रतिपादितं सुमहदन्तरं, क्व? 'समये' सिद्धान्ते, तथाहि-यथा द्वौ पुरुषौ प्राणिवधप्रवृत्तौ, तयोश्च न तुल्यो बन्धो, यस्तत्रातीवसंक्लिष्टपरिणति: स सप्तम्यां पृथिव्यामुत्पद्यते, अपरस्तु नातिसंक्लिष्टपरिणति: स द्वितीयनरकादावपीति। इयं तावद्विसदृशता बन्धमङ्गीकृत्य, इदानीं निर्जरामङ्गीकृत्य विसदृशतां दर्शयन्नाह-एवमेव निर्जरा फलविशेषा अपि परिणामवशाद् 'बहुविधा' बहुप्रकारा विशिष्ट-विशिष्टतर-विशिष्टतमा: । (ઓઘ નિ. ગા. ૫૩)

## પરિણામ પ્રમાણે બંધ-નિર્જરા

**તે પ્રમાણે ગ્રંથકાર કહે છે:-**

શાસ્ત્રમાં તુલ્ય પણ જીવવધમાં ઘણું મોટું અંતર જણાવ્યું છે. એ પ્રમાણે નિર્જરાનાં ફળો પણ પરિણામ પ્રમાણે ઘણા પ્રકારના છે.

**વિશેષાર્થ:-** જીવવધ કરવા માટે પ્રવૃત્ત થયેલા બે પુરુષોને કર્મબંધ સમાન થતો નથી. તે બેમાં જે અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો છે તે સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે. અને તેનાથી અલ્પ સંક્લિષ્ટ પરિણામવાળો બીજો પુરુષ બીજી નરક વગેરેમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે આ ગાથાના પૂર્વાર્ધમાં બંધને આશ્રયીને અસમાનતા કહી છે. ગાથાના ઉત્તરાર્ધમાં કર્મનિર્જરાને આશ્રયીને અસમાનતા જણાવી છે. અનેક પુરુષો નિર્જરા થાય તેવા યોગમાં વર્તમાન હોય. પણ બધાને સમાન નિર્જરા ન થાય. એકને જે નિર્જરા થાય તેનાથી બીજાને અધિક નિર્જરા થાય. તેનાથી ત્રીજાને અધિક નિર્જરા થાય. ચોથાને તેનાથી પણ અધિક નિર્જરા થાય એવું બને. જેના જેવા પરિણામ હોય તેને તેવી નિર્જરા થાય. [૫૭]

एकां प्राणिजातिमङ्गीकृत्यान्तरमुक्तम्, अधुना सकलव्यक्त्याश्रयमन्तरं प्रतिपिपादयिषुराह-

**जे जत्तिआ य हेऊ, भवस्स ते चेव तत्तिआ मुक्खे ॥**
**गणणाईआ लोगा, दुण्ह वि पुन्ना भवे तुल्ला ॥ ५८॥**

ये यावन्तश्च हेतवो भवस्य त एव तावन्तो मोक्षे ॥
गणनातीता लोका द्वयोरपि पूर्णा भवेयुस्तुल्याः ॥ ५८॥

ये हेतवो यावन्तो-यावन्मात्रा 'भवस्य' संसारस्य निमित्तं त एव नान्ये तावन्मात्रा एव मोक्षस्य हेतवो-निमित्तानि। कियन्मात्रकास्ते अत आह-गणनाया अतीताः-सङ्ख्याया अतिक्रान्ताः, के?, लोकाः 'द्वयोरपि' भवमोक्षयोः संबन्धिनां हेतूनामसङ्ख्येया लोकाः 'पूर्णाः' भृताः, तत्र पूर्णा एकहेतुन्यूना अपि भवन्त्यत आह-तुल्याः, कथम्भूताः ?-क्रियाविशेषणं 'तुल्याः' सदृशा इत्यर्थः। ननु तुल्यग्रहणमेव कस्मात् केवलं न कृतं ? येन पुनः पूर्णग्रहणं क्रियते, भण्णति पडिवयणं तुल्लगहणेण केवलेणं संवलिआणं संसारमोक्खहेऊणं लोका तुल्लत्ति कस्सवि बुद्धी होज्जा तो पुण्णग्गहणंपि कीरइ, दोण्हवि पुण्णत्ति जया भरिअत्ति नेयव्वा। इयमत्र भावना-सर्व एव ये त्रैलोक्योदरविवरवर्त्तिनो भावा रागद्वेष-मोहात्मनां पुंसां संसारहेतवो भवन्ति त एव रागादिरहितानां श्रद्धामतामज्ञान-परिहारेण मोक्षहेतवो भवन्तीति। एवं तावत्प्रमाणमिदमुक्तम् ।

(ઓઘ નિ.ગા. ૫૪)

**એક જીવજાતિને આશ્રયીને અંતર કહ્યું. હવે સર્વ જીવોને આશ્રયીને અંતરનું પ્રતિપાદન કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છેઃ-**

જે અને જેટલા સંસારના હેતુઓ છે, તે જ અને તેટલા જ મોક્ષના હેતુઓ છે. સંસાર અને મોક્ષ એ બંનેના કારણોથી અસંખ્ય લોક સમાન રૂપે ભરેલા છે, અર્થાત્ સંસાર અને મોક્ષ એ બંનેનાં કારણો સમાનપણે અસંખ્ય લોક જેટલાં છે.

**વિશેષાર્થઃ- પ્રશ્નઃ-** ગાથામાં પૂર્ણ શબ્દ છે. પૂર્ણ એટલે ભરેલા.

સંસાર અને મોક્ષ એ બંનેનાં કારણોથી અસંખ્ય લોક ભરેલા છે, એવા અર્થનો સ્પષ્ટ બોધ થઈ જાય છે તો પછી तुल्याः એવો પ્રયોગ શા માટે કર્યો ?

**ઉત્તર:-** એક હેતુથી ન્યૂન પણ અસંખ્યલોક પૂર્ણ હોય, અર્થાત્ જેટલા અસંખ્યલોક છે તેનાથી એક ઓછો હોય, તો પણ સંસાર અને મોક્ષ એ બંનેનાં કારણોથી અસંખ્ય લોક ભરેલા છે એમ કહી શકાય. આથી એક હેતુથી પણ અસંખ્યલોક ન્યૂન નથી, અર્થાત્ જેટલા અસંખ્યલોક છે તેટલા જ હેતુઓ છે, એક પણ હેતુ ન્યૂન નથી, એ જણાવવા માટે तुल्य એવો પ્રયોગ કર્યો છે.

**પ્રશ્ન:-** તો પછી तुल्य શબ્દનો જ પ્રયોગ કરવો જોઈએ, पूर्ण શબ્દનો પ્રયોગ શા માટે કર્યો ?

**ઉત્તર:-** કેવલ तुल्य શબ્દનો જ પ્રયોગ કરવામાં આવે તો સંસારનાં કારણો અને મોક્ષનાં કારણો એ બંને ભેગા થઈને અસંખ્યલોક જેટલા છે એમ કોઈ સમજે એવું બને. આથી पूर्ण શબ્દનો પ્રયોગ કર્યો છે. સંસારનાં કારણો અને મોક્ષનાં કારણો એ બંને અલગ-અલગ અસંખ્યલોક જેટલાં છે.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે:- ત્રણલોકમાં રહેલા સઘળા य જે ભાવો રાગ-દ્વેષ-મોહથી ભરેલા પુરુષોને સંસારનાં કારણો બને છે, તે જ ભાવો રાગાદિથી રહિત શ્રદ્ધાળુ પુરુષોને અજ્ઞાનતાનો ત્યાગ થવાથી મોક્ષનાં કારણો બને છે. [૫૮]

एवं तावत्प्रमाणमिदमुक्तम्, इदानीं येषाममी त्रैलोक्यापन्ना पदार्था बन्धहेतवो भवन्ति न भवन्ति च येषां तदाह-

**इरिआवहमाईआ, जे चेव हवंति कम्मबंधाय ।**
**अजयाणं ते चेव उ, जयाणं णिव्वाणगमणाय ॥ ५९ ॥**

ईर्यापथाद्या य एव भवन्ति कर्मबन्धनाय ॥
अयतानां त एव यतानां निर्वाणगमनाय ॥ ५९ ॥

'ईर गतिप्रेरणयोः' ईरणमीर्या, पथि ईर्या ईर्यापथं-गमनागमनमित्यर्थः, ईर्यापथमादौ येषां ते ईर्यापथाद्याः, आदिशब्दाद्दुष्टवागादिव्यापारा गृह्यन्ते, ईर्या-

पथाद्या व्यापारा य एव भवन्ति 'कम्मबंधाय' कर्मबन्धनिमित्तं-कर्मबन्धहेतवः, केषाम्? 'अयतानाम्' अयत्नपराणां पुरुषाणां, त एव ईर्यापथाद्या व्यापारा 'यतानां' यत्नवतां 'निर्वाणगमनाय' मोक्षगमनाय भवन्ति ॥ (ઓઘનિ. ગા. ૫૫)

**એ પ્રમાણે સંસારના અને મોક્ષના હેતુઓનું પ્રમાણ કહ્યું. હવે ત્રણ લોકમાં રહેલા આ ભાવો કોને બંધના હેતુઓ બને છે અને કોને બંધના હેતુઓ બનતા નથી તે કહે છે:-**

ગમન-આગમન અને દુષ્ટવાણી વગેરે જે ક્રિયાઓ અયતનાવાળાઓને કર્મબંધ માટે થાય છે તે જ ક્રિયાઓ યતનાવાળાઓને મોક્ષગતિ માટે થાય છે. (૫૯)

एवं तावत्साधोर्गृहस्थेन सह तुल्येऽपि व्यापारे विसदृशतोक्ता, इदानीं सजातीयमेव साधुमाश्रित्य विसदृशतामुपदर्शयन्नाह-

**एगंतेण णिसेहो, जोगेसु ण देसिओ विही वा वि ॥**
**दलिअं पप्प णिसेहो, हुज्ज विही वा जहा रोगे ॥ ६० ॥**

एकान्तेन निषेधो योगेषु न देशितो विधिर्वापि ॥
दलिकं प्राप्य निषेधो भवेद्विधिर्वा यथा रोगे ॥ ६० ॥

एकान्तेन निषेधः 'योगेषु' गमनादिव्यापारेषु 'न देशितः' नोपदिष्टः 'विधिर्वा' अनुज्ञा वा क्वचित्स्वाध्यायादौ न दर्शिता, किन्तु 'दलिअं' द्रव्यं वस्तु वा 'प्राप्य' विज्ञाय निषेधो भवेत्, तस्यैव वा 'विधिर्भवेत्' अनुष्ठानं भवेदिति । अयमत्र भावः-कस्यचित्साधोराचार्यादिप्रयोजनादिना सचित्तेऽपि पथि व्रजतो गमनमनुज्ञायते, कारणिकत्वात्, नाकारणिकस्य, दृष्टान्तमाह-'जहा रोगे'त्ति यथा 'रोगे' ज्वरादौ परिपाचनभोजनादेः प्रतिषेधः क्रियते, जीर्णज्वरे तु तस्यैव विधिरित्यतः साधूच्यते-वस्त्वन्तरमवाप्य विधिः प्रतिषेधो वा विधीयते । अथवाऽन्यथा व्याख्यायते-इहोक्तं-'अखिलाः पदार्था आत्मनः संसारहेतवो मोक्षहेतवश्च' ततश्च न केवलं त एव यान्यपि सम्यग्दर्शनज्ञानचारित्राणि तान्यपि संसारमोक्षयोः कारणानीति, तथा चाह-'एगंतेण निसेहो०' एकान्तेन निषेधः

सम्यग्दर्शनादिदानेषु, तत्प्रख्यापकशास्त्रोपदेशेषु न दर्शितो विधिर्वा न दर्शित इति संटङ्कः, किन्तु 'दलिकं प्राप्य' पात्रविशेषं प्राप्य कदाचिद् दीयते कदाचिन्न, एतदुक्तं भवति-प्रशमादिगुणसमन्विताय दीयमानानि मोक्षाय, विपर्ययेण भवाय, तदाशातनात्, यथा ज्वरादौ तरुणे सत्यपथ्यं पश्चात्तु पथ्यमिति तदेव । (ઓઘનિ. ગા. ૫૬)

**આ રીતે બાહ્યક્રિયા ગૃહસ્થની અને સાધુની સમાન હોવા છતાં સાધુ ગૃહસ્થની તુલ્ય નથી એમ કહ્યું. હવે સમાનધર્મવાળા જ સાધુને આશ્રયીને અસમાનતાને બતાવતા ગ્રંથકાર કહે છેઃ-**

જેવી રીતે રોગમાં આહારનો એકાંતે નિષેધ કે એકાંતે અનુજ્ઞા નથી, તેમ ગમન વગેરે વ્યાપારોમાં (=ક્રિયાઓમાં) એકાંતે નિષેધ કહ્યો નથી, અથવા સ્વાધ્યાય વગેરે વ્યાપારોમાં એકાંતે અનુજ્ઞા કહી નથી. વસ્તુને (=પરિસ્થિતિ કે સંયોગોને) જાણીને નિષેધ કે અનુજ્ઞા થાય.

**ટીકાર્થઃ-** તાવ નવો હોય ત્યારે શ્રેષ્ઠપાક વગેરે ભોજનનો નિષેધ કરાય છે. તાવ જીર્ણ થાય ત્યારે તેની જ અનુજ્ઞા અપાય છે. તેવી રીતે પ્રસ્તુતમાં અમુક સંયોગોમાં જેનો નિષેધ કર્યો હોય, સંયોગો બદલાતાં તેની જ અનુંજ્ઞા અપાય છે. અથવા અમુક સંયોગોમાં જેની અનુજ્ઞા આપી હોય સંયોગો બદલાતાં તેનો જ નિષેધ કરાય છે. જેમકે- આચાર્ય વગેરેના કામ માટે જતા કોઈ સાધુને સચિત્ત પણ પૃથ્વી ઉપર ચાલવાની અનુજ્ઞા અપાય. કારણ કે સચિત્ત પૃથ્વી ઉપર ચાલવું પડે તેવું કારણ આવી પડ્યું છે. જેને આવું કારણ ન હોય તેને સચિત્ત પૃથ્વી ઉપર ચાલવાની અનુજ્ઞા ન અપાય.

**અથવા પ્રસ્તુત ગાથાની વ્યાખ્યા બીજી રીતે કરવામાં આવે છેઃ-**

પૂર્વે અહીં કહ્યું છે કે સઘળા ભાવો આત્માના, સંસારનાં અને મોક્ષનાં કારણો છે. કેવલ પૂર્વોક્ત ભાવો જ ભવના અને મોક્ષના હેતુ છે એમ નથી, કિંતુ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ ભવના અને મોક્ષના હેતુ છે, અર્થાત્ જે સંસારના હેતુઓ છે તે જ સંસાર અને મોક્ષ એ બંનેના હેતુઓ છે એમ નથી, કિંતુ જે મોક્ષના હેતુઓ છે તે પણ સંસાર અને મોક્ષ એ બંનેના હેતુઓ છે. આથી પ્રસ્તુત ગાથાનો અર્થ આ પ્રમાણે છેઃ-

સમ્યગ્દર્શનાદિને પ્રસિદ્ધ કરનારા શાસ્ત્રોના ઉપદેશોમાં સમ્યગ્-દર્શનાદિના દાનમાં એકાંતે નિષેધ કે એકાંતે વિધિ બતાવ્યો નથી, કિંતુ પાત્ર વિશેષને જાણીને ક્યારેક અપાય અને ક્યારેક ન અપાય. આનો ભાવાર્થ એ છે કે પ્રશમ વગેરે ગુણોથી યુક્ત પુરુષને અપાતા સમ્યગ્દર્શનાદિ મોક્ષ માટે થાય. આનાથી વિપરીત પુરુષને અપાતા સમ્યગ્દર્શનાદિ સંસાર માટે થાય. કારણ કે તે તેની આશાતના કરે છે. જેમ કે- તાવ વગેરે રોગ તરુણ (=નવો) હોય ત્યારે જે વસ્તુ અપથ્ય બને, પછી (તાવ જીર્ણ બને ત્યારે) તે જ વસ્તુ પથ્ય બને. (૬૦)

अथैकमेव वस्त्वासेव्यमानं बन्धाय मोक्षाय च कथं भवति ? तदाह-

**जंमि णिसेविज्जंते, अइआरो हुज्ज कस्सइ कया वि ।**
**तेणेव य तस्स पुणो, कयाइ सोही हविज्जाहि ॥ ६१ ॥**

यस्मिन्निषेव्यमानेऽतिचारो भवेत्कस्यचित्कदापि ।
तेनैव तस्य पुनः कदाचिच्छुद्धिर्भवेत् ॥ ६१ ॥

'यस्मिन्' वस्तुनि क्रोधादौ निषेव्यमाणे 'अतिचारः' स्खलना भवति 'कस्यचित्' साधोः 'कदाचित्' 'कस्याञ्चिदवस्थायां 'तेनैव' क्रोधादिना तस्यैव पुनः कदाचिच्छुद्धिरपि भवेत्, चण्डरुद्रसाधोरिव, तेन हि रुषा स्वशिष्यो दण्डकेन ताडितः, तं च रुधिरार्द्रं दृष्ट्वा पश्चात्तापवान् संवृत्तः चिन्तयति च-धिग्मां यस्यैवंविधः क्रोध इति विशुद्धपरिणामस्यापूर्वकरणं क्षपकश्रेणिः केवलोदयः संवृत्त इति । (ઓઘનિ.ગા.૫૭)

**હવે સેવાતી એક જ વસ્તુ બંધ અને મોક્ષ માટે કેવી રીતે થાય તે કહે છેઃ-**

સેવાતા જે ક્રોધાદિથી કોઇ સાધુને ક્યારેક અતિચાર લાગે, તે જ ક્રોધાદિથી તે જ સાધુને ક્યારેક શુદ્ધિ પણ થાય.

**વિશેષાર્થઃ-** આ વિષે ચંડરુદ્રાચાર્યનું દૃષ્ટાંત છે. તેમણે ક્રોધથી પોતાના શિષ્યને દાંડાથી માર્યો. લોહીથી ખરડાયેલા શિષ્યને જોઇને પશ્ચાત્તાપવાળા થયેલા તે વિચારવા લાગ્યા કે "જેને આવો ક્રોધ છે તે મને ધિક્કાર થાઓ"

આ પ્રમાણે વિશુદ્ધપરિણામવાળા તેમને અપૂર્વકરણ થયું, ક્ષપકશ્રેણિ થઈ અને કેવલજ્ઞાન પ્રગટ થયું. [૬૧]

बाह्यं व्यापारमङ्गीकृत्य विसदृशतोक्ता, अथ बाह्योऽपि व्यापारो यथा बन्धहेतुर्न स्यात्तथाऽऽह-

**अणुमित्तो वि न कस्सइ, बंधो परवत्थुपच्चओ भणिओ ।**
**तह वि खलु जयंति जई, परिणामविसोहिमिच्छंता ॥ ६२॥**

अणुमात्रोऽपि न कस्यचिद् बन्धः परवस्तुप्रत्ययो भणितः ।
तथापि खलु यतन्ते यतयः परिणामविशोधिमिच्छन्तः ॥ ६२॥

'अणुमात्रोऽपि' स्वल्पोऽपि बंधो न कस्यचित् 'परवस्तुप्रत्ययाद्' बाह्यवस्तुनिमित्तात्सकाशात् 'भणितः' उक्तः किन्त्वात्मपरिणामादेवेत्यभिप्रायः । आह-यद्येवं न तर्हि पृथिव्यादियतना कार्या ? उच्यते, यद्यपि बाह्यवस्तुनिमित्तो बन्धो न भवति तथाऽपि यतनां विदधति पृथिव्यादौ मुनयः परिणामविशुद्धिं 'इच्छन्तः' अभिलषन्तः, एतदुक्तं भवति-यदि पृथिव्यादिकाययतना न विधीयते ततो नैवेयं स्यात् । (ઓઘનિ.ગા.૫૮)

**બાહ્ય વ્યવહારને આશ્રયીને અસમાનતા કહી, હવે બાહ્ય પણ વ્યાપાર જે રીતે બંધનું કારણ ન બને તેમ કહે છેઃ-**

બાહ્ય વસ્તુના નિમિત્તથી કોઈનેય અલ્પ પણ બંધ કહ્યો નથી. અર્થાત્ કોઈનેય બાહ્ય વસ્તુના નિમિત્તથી જરા પણ બંધ થતો નથી, કિંતુ આત્મપરિણામથી જ બંધ થાય છે.

**પ્રશ્નઃ-** જો એમ છે તો પૃથ્વીકાય આદિની યતના ન કરવી, કેવલ પરિણામની શુદ્ધિ રાખવી.

**ઉત્તરઃ-** જો કે બાહ્યવસ્તુના નિમિત્તથી બંધ થતો નથી, તો પણ પરિણામની વિશુદ્ધિને ઇચ્છતા મુનિઓ પૃથ્વીકાય આદિમાં યતના કરે છે. અહીં ભાવાર્થ એ છે કે જો પૃથ્વીકાય આદિમાં યતના ન કરવામાં આવે તો પરિણામની વિશુદ્ધિ ન જ થાય. [૬૨]

यस्तु हिंसायां वर्त्तते तस्य परिणाम एव न शुद्धः, इत्याह च-

**जो पुण हिंसाययणाइएसु वट्टइ तस्स नणु परिणामो ।**
**दुट्ठो ण य तं लिंगं, होइ विसुद्धस्स जोगस्स ॥ ६३॥**

यः पुनर्हिंसायतनादिकेषु वर्तते तस्य ननु परिणामः ।
दुष्टो न च तल्लिङ्गं भवति विशुद्धस्य योगस्य ॥ ६३॥

यस्तु पुनः 'हिंसायतनेषु' व्यापत्तिधामसु वर्त्तते तस्य ननु परिणामो दुष्ट एव भवति, न च तद्धिंसास्थानवर्त्तित्वं "लिङ्गं" चिह्नं भवति 'विशुद्धस्य योगस्य' मनोवाक्कायरूपस्य । (ઓઘનિ. ગા.૫૮ )

**જે હિંસામાં રહેલો છે તેનો પરિણામ જ શુદ્ધ ન થાય તે કહે છે:-**

પણ જે હિંસાનાં સ્થાનોમાં રહેલો છે, તેનો પરિણામ અશુભ જ હોય છે. હિંસાનાં સ્થાનોમાં રહેવું એ વિશુદ્ધ મન-વચન-કાયારૂપ યોગનું લક્ષણ નથી, અર્થાત્ અશુભ યોગનું લક્ષણ છે. [૬૩]

**तम्हा सया विसुद्धं, परिणामं इच्छया सुविहिएणं ।**
**हिंसाययणा सव्वे, परिहरिअव्वा पयत्तेणं ॥ ६४॥**

तस्मात्सदा विशुद्धं परिणाममिच्छता सुविहितेन ।
हिंसायतनानि सर्वाणि परिहर्तव्यानि प्रयत्नेन ॥ ६४॥

तस्मात् 'सदा' अजस्रं विशुद्धं परिणाममिच्छता सुविहितेन, किं कर्तव्यं? हिंसायतनानि सर्वाणि वर्जनीयानि प्रयत्नतः । (ઓઘ નિ.ગા.૬૦)

માટે સદા વિશુદ્ધ પરિણામને ઇચ્છતા સુવિહિત સાધુએ હિંસાનાં સર્વ સ્થાનોનો પ્રયત્નથી ત્યાગ કરવો. [૬૪]

**एएण पबंधेणं, विहिसेवालक्खणाइ सद्धाए ।**
**भावजइत्तं भणिअं, अइपसंगो फुडो इहरा ॥ ६५॥**

एतेन प्रबन्धेन विधिसेवालक्षणया श्रद्धया ।
भावयतित्वं भणितमतिप्रसङ्गः स्फुट इतरथा ॥ ६५॥

આ સંદર્ભ દ્વારા વિધિસેવારૂપ શ્રદ્ધાથી ભાવયતિપણું કહ્યું. અન્યથા સ્પષ્ટ અતિપ્રસંગ થાય.

**વિશેષાર્થઃ**- શ્રદ્ધાના વર્ણનમાં અહીં સુધી જે ગાથાઓ કહી તેનાથી વિધિસેવારૂપ શ્રદ્ધા એ ભાવયતિનું લક્ષણ છે એમ જણાવ્યું. જો વિધિસેવારૂપ શ્રદ્ધા ભાવયતિનું લક્ષણ છે એમ ન જણાવવામાં આવે તો અતિપ્રસંગ થાય. જે લક્ષ્ય ન હોય તેમાં પણ લક્ષણ જાય એ અતિપ્રસંગ છે. વેશધારી સાધુઓ ભાવસાધુ નથી. જો ભાવસાધુનું વિધિસેવા લક્ષણ ન કહેવામાં આવે તો વેશધારી સાધુઓ પણ ભાવસાધું કહેવાય. [૬૫]

## ઉત્તમશ્રદ્ધાનું બીજું લક્ષણ અતૃપ્તિ

**पाउणइ णेव तित्तिं, सद्धालू नाणचरणकज्जेसु ।**
**वेयावच्चतवाइसु, अपुव्वगहणे य उज्जमइ ॥ ६६ ॥**

प्राप्नोति नैव तृप्तिं श्रद्धालुर्ज्ञानचरणकार्येषु ।
वैयावृत्त्यतपःआदिषु अपूर्वग्रहणे चोद्यच्छति ॥ ६६ ॥

શ્રદ્ધાળુ સાધુ જ્ઞાન-ચારિત્રનાં કાર્યોમાં અને વેયાવચ્ચ-તપ આદિમાં તૃપ્તિ પામતો જ નથી. (એથી) નવું નવું મેળવવામાં ઉદ્યમ કરે છે.

**વિશેષાર્થઃ**- તૃપ્તિ ન પામે એટલે "આટલાથી જ હું કૃતકૃત્ય થઈ ગયો." એમ સંતોષ ન પામે. જેમકે સંયમનાં પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાનો થઈ શકે તેટલું ભણાઈ ગયું છે. એટલે હવે આગળ ભણવાની જરૂર નથી એમ વિચારીને ભણવામાં પ્રમાદ ન કરે, કિંતુ નવું નવું ભણવામાં વિશેષથી ઉત્સાહી બને. કહ્યું છે કે :-"મુનિ દરરોજ જેમ જેમ નવા નવા શ્રુતનું સૂક્ષ્મજ્ઞાન મેળવે છે, તેમ તેમ શુભભાવ રૂપી શીતલતાથી આનંદ પામે છે. અને નવા નવા સંવેગથી (વૈરાગ્યથી) ગર્ભિત શ્રદ્ધાવાળો બને છે." (પંચ વ. ગા. ૬) "મોહનો ક્ષય થયે છતે તીર્થંકરોએ જેનો અર્થ કહ્યો છે, અને અતિશય નિપુણમતિવાળા ગૌતમ આદિ મહામુનિઓએ જેની સૂત્રથી રચના કરી છે, તે શ્રુતજ્ઞાન સદા વિધિથી નવું નવું મેળવવું જોઈએ. નવું નવું જ્ઞાન મેળવવાથી સંવેગાદિ ગુણોની વૃદ્ધિ થાય છે, અને તીર્થંકર નામ કર્મનો બંધ થાય છે."

તથા શ્રદ્ધાળુ સાધુ અધિક અધિક વિશુદ્ધ સંયમસ્થાનોની પ્રાપ્તિ માટે સઘળાં અનુષ્ઠાનો સદ્‌ભાવનાપૂર્વક અને ઉપયોગ પૂર્વક જ કરે છે. કારણ કે અપ્રમત્તપણે કરેલા સઘળા સાધુવ્યાપારો ઉત્તરોત્તર સંયમ કંડકો (=અસંખ્ય સંયમ સ્થાનોના સમુદાયો) ઉપર ચઢાવીને કેવલજ્ઞાનના લાભ માટે થાય છે. આ વિષે આગમમાં કહ્યું છે કે-"જિનશાસનમાં દુઃખક્ષય માટે કરાતા પ્રતિલેખનાદિ એક એક યોગમાં (=વ્યાપારમાં) વર્તતા અનંતા જીવો કેવલી થઈ ગયા." (ઓઘ નિ. ગા. ૨૭૮)

એ પ્રમાણે શ્રદ્ધાળુ સાધુ વેયાવચ્ચ અને તપ વગેરેમાં પણ તૃપ્તિ પામતો નથી, શક્તિમુજબ અધિક અધિક કરવાનો પ્રયત્ન કરે છે. [૬૬]

**दुग्गययरवररयण-लाहतुल्लं खु धम्मकिच्चं ति ।**
**अहिआहिअलाभत्थी, अणुवरइच्छो हवइ तंमि ॥ ६७॥**

दुर्गततरवररत्नलाभतुल्यं खलु धर्मकृत्यमिति ।
अधिकाधिकलाभार्थी अनुपरतेच्छो भवति तस्मिन् ॥ ६७॥

ધર્મકાર્ય અતિશય દરિદ્ર પુરુષને શ્રેષ્ઠરત્નના લાભ તુલ્ય છે. (આથી) અધિક અધિક લાભના અર્થી એવા શ્રદ્ધાળુ સાધુની ધર્મકાર્યમાં ઇચ્છા વિરામ પામતી નથી. [૬૭]

**छुहिअस्स जहा खणमवि, विच्छिज्जइ णेव भोअणे इच्छा ।**
**एवं मोक्खत्थीणं, छिज्जइ इच्छा ण कज्जंमि ॥ ६८॥**

क्षुधितस्य यथा क्षणमपि विच्छिद्यते नैव भोजने इच्छा ।
एवं मोक्षार्थिनां छिद्यते इच्छा न कार्ये ॥ ६८॥

જેવી રીતે ભૂખ્યા થયેલા પુરુષની ભોજનની ઇચ્છા એક ક્ષણ પણ છેદાતી નથી (=સતત રહે છે), તેવી રીતે મોક્ષાર્થી સાધુઓની ધર્મકાર્યની ઇચ્છા એક ક્ષણ પણ છેદાતી નથી. [૬૮]

**इत्तो चेव असंगं, हवइ अणुट्ठाणमो पहाणयरं ।**
**तम्मत्तगुणट्ठाई, संगो तित्ती उ एगत्था ॥ ६९॥**

इतश्चैवाऽसङ्गं भवत्यनुष्ठानं प्रधानतरम् ।
तन्मात्रगुणस्थायी सङ्गस्तृप्तिस्तु एकत्र (एकार्थौ) ॥ ६९ ॥

આથી જ (=અતૃપ્તિગુણના કારણે જ) અધિક શ્રેષ્ઠ અસંગ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે. સંગ તે જ ગુણોમાં રહે છે. સંગ અને તૃપ્તિ એ બેનો એક જ અર્થ છે.

**વિશેષાર્થઃ**- જેને જેમાં તૃપ્તિ હોય તેને તેનાથી સંતોષ હોય. આથી તે તેમાં આગળ વધવાનો પ્રયત્ન ન કરે. જેમ કે જેને ધનમાં સંતોષ થાય તે અધિક ધન મેળવવાનો પ્રયત્ન ન કરે. તેમ પ્રસ્તુતમાં સાધુ જે અનુષ્ઠાન કરે છે તેમાં જ તૃપ્તિ હોય તો આગળનું અનુષ્ઠાન તેને પ્રાપ્ત ન થાય. પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એમ ચાર પ્રકારના અનુષ્ઠાન છે. તેમાં ભાવસાધુને વચન અનુષ્ઠાન હોય છે. હવે જો તેને વચન અનુષ્ઠાનમાં તૃપ્તિ હોય= સંગ હોય તો અસંગ અનુષ્ઠાન પ્રાપ્ત ન થાય. આથી જ અહીં કહ્યું છે કે तन्मात्रगुणस्थायी = સંગ તે જ ગુણોમાં રહે છે, અર્થાત્ જેનામાં સંગ હોય=તૃપ્તિ હોય તેને જેટલા ગુણો પ્રાપ્ત થયા હોય તેટલા જ ગુણો રહે. જો ગુણોનું પ્રમાણ વધે નહિ તો અસંગ અનુષ્ઠાન આવે નહિ. [૬૯]

### ઉત્તમશ્રદ્ધાનું ત્રીજું લક્ષણ વિશુદ્ધ દેશના

**सुपरिचिअआगमत्थो अवगयपत्तो सुहगुरुअणुण्णाओ ॥**
**मज्झत्थो हिअकंखी, सुविसुद्धं देसणं कुणइ ॥ ७० ॥**

सुपरिचितागमार्थो अवगतपात्रो शुभगुर्वनुज्ञातः ।
मध्यस्थो हितकांक्षी सुविशुद्धां देशनां करोति ॥ ७० ॥

આગમના અર્થોને જેણે સારી રીતે જાણ્યા છે, પાત્રનું જેને જ્ઞાન છે, શુભગુરુએ જેને અનુજ્ઞા આપી છે, જે મધ્યસ્થ છે અને હિતકાંક્ષી છે તે સાધુ સુવિશુદ્ધ દેશનાને કરે.

**વિશેષાર્થઃ- આગમના અર્થોને જેણે સારી રીતે જાણ્યા છે-** માત્ર

ઉપર ઉપરથી આગમના અર્થો જાણી લીધા હોય તેમ નહિ, કિંતુ સૂત્રની વ્યાખ્યા કરવાના પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ એ ચાર ભેદોથી આગમના અર્થો જાણ્યા હોય. પદાર્થ વગેરે ચાર ભેદોનો અર્થ પ્રસ્તુત ગ્રંથમાં ૪૩મી ગાથામાં જણાવ્યો છે.

**પાત્રનું જેને જ્ઞાન છે-** અહીં પાત્ર એટલે જેની સમક્ષ વ્યાખ્યાન કરવાનું હોય તે શ્રોતા. શાસ્ત્રમાં પાત્રના બાલ, મધ્યમબુદ્ધિ અને બુધ એમ ત્રણ પ્રકાર જણાવ્યા છે. શ્રોતાના આ ત્રણ પ્રકારનું, કયા શ્રોતાને કેવી દેશના આપવી તેનું, અને પાત્રને જાણ્યા વિના વ્યાખ્યાન કરવાથી થતા નુકશાનનું વિસ્તૃત વર્ણન ષોડશક પ્રકરણના પહેલા અને બીજા ષોડશકમાં કર્યું છે. શ્રોતાના અપરિણત, અતિપરિણત અને પરિણત એમ ત્રણ પ્રકાર પણ છે. આ ત્રણનો અર્થ પ્રસ્તુત ગ્રંથમાં બીજી ગાથામાં જણાવ્યો છે.

**શુભગુરુએ જેને અનુજ્ઞા આપી છે:-** શુભગુરુ એટલે ચારિત્ર સંપન્ન ગુરુ. શિષ્યની યોગ્યતા જાણીને શુભ ગુરુએ જે શિષ્યને વ્યાખ્યાન કરવાની અનુજ્ઞા આપી હોય.

**મધ્યસ્થ:-** મધ્યસ્થ એટલે સ્વ-પર પક્ષમાં રાગ-દ્વેષથી રહિત. જૈન-શાસનને પામેલા જીવો સ્વપક્ષ છે. જૈનશાસનને નહિ પામેલા જીવો પરપક્ષ છે.

**હિતકાંક્ષી:-** સ્વ-પરના હિતની અભિલાષાવાળો.

**સુવિશુદ્ધ:-** જિનવચનને અનુસરનારી દેશના સુવિશુદ્ધ છે. [૭૦]

**ण परिचिआ जेण सुआ, समयत्था तस्स णत्थि अणुओगो ।**
**सो सत्तूपयणिट्ठो, जं भणिअं संमईइ इमं ॥ ७१ ॥**

न परिचिता येन श्रुताः समयार्थास्तस्य नास्त्यनुयोगः ।
स शत्रुपदनिष्ठो यद्भणितं सम्मताविदम् ॥ ७१ ॥

સાંભળેલા આગમના અર્થોને જેણે (સારી રીતે) જાણ્યા નથી, તેને અનુયોગ (=વ્યાખ્યાન કરવાનો અધિકાર) નથી. તે શત્રુના સ્થાને રહેનારો છે. કારણ કે સમ્મતિતર્ક ગ્રંથમાં આ (નીચેની ગાથામાં કહેવાશે તે) કહ્યું છે. [૭૧]

**जह जह बहुस्सुओ संमओ अ सीसगणसंपरिवुडो य ।**
**अविणिच्छओ अ समए, तह तह सिद्धंतपडिणीओ ॥ ७२॥**

यथा यथा बहुश्रुतः सम्मतश्च शिष्यगणसम्परिवृतश्च ।
अविनिश्चितश्च समये तथा तथा सिद्धान्तप्रत्यनीकः ॥ ७२॥

(આ ગાથા ઉપદેશ રહસ્ય ગ્રંથમાં ૧૫૩ નંબરની છે. પ્રસ્તુતમાં તેની ટીકા અને પં. શ્રી જયસુંદર વિ. ગણિવર કૃત ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે.)

**શ્લોકાર્થઃ**- જેમ જેમ બહુ જાણતો જાય, ઘણાંને માન્ય બનતો જાય અને અનેક શિષ્યપરિવારથી વધતો જાય તેમ તેમ તે સિદ્ધાન્તનો દુશ્મન બનતો જાય છે. કારણ કે શાસ્ત્રથી નિશ્ચિત (=પરિણત) નથી.

यथा यथा बहुश्रुतः=परिपठितबह्वागमः, संमतश्च=बहुमतः संसाराभिनन्दिनां गतानुगतिकप्रवाहपतितानां तदनुवर्त्तिनां चान्येषां बाह्याडम्बरदर्शनमात्रोदितविस्मयानां मुग्धमतीनां च, च=पुनः शिष्यगणैर्विनेयवृन्दैः संपरिवृतः=समन्तात् परिवृतः, अविनिश्चितः=सम्यगपरिणतश्च प्रवचने, ऐदम्पर्याज्ञानाद्विरत्यप्रह्वाच्च, तथा तथा सिद्धान्तप्रत्यनीको रञ्जनकलादेयतापरध्यन्धनबाहुल्यहेतुयोगान्निःशङ्कमसत्प्रवृत्त्या यथास्थितसिद्धान्तस्य विपर्यासापादनात्, अतो नेदृशगुर्वाश्रयणं युक्तं किन्तूक्तगुणवद्गुर्वाश्रयणमेव श्रेय इति भावः ॥ १५३॥

**તાત્પર્યાર્થઃ**- જે વેષધારી સાધુએ સિદ્ધાન્તોનું હાર્દ જાણવાની તસ્દી જ લીધી નથી, શુદ્ધ તાત્પર્ય જાણવાની કોઇ જિજ્ઞાસા જ નથી, અને જે કાંઈ જાણ્યું તેને અમલમાં મૂકવા અર્થાત્ વિરતિભાવ પ્રત્યે ઝુકાવ વધતો જાય એ રીતે પ્રવર્તવામાં રસ જ નથી, અને કેવળ ઘણાં ઘણાં આગમશાસ્ત્રોનું વૈશાખનંદનની જેમ અવલોકન કરી જાય અને પોતાની જાતને આગમવિશારદ સમજી બેસે છે, તેમ જ ભવાભિનંદી અને ગતાનુગતિક ગાડરીયા પ્રવાહમાં ભળનારા અને તેઓનું અનુવર્તન કરવામાં નિમગ્ન એવા બાહ્યાડંબર દેખીને જ નેત્ર અને મુખ પહોળું કરી બેસનારા ઘેલીબુદ્ધિવાળા લોકોમાં વધારે ને વધારે માન્ય-માનનીય-આદરણીય બનતા

જાય, વધુ ને વધુ માનસન્માન મેળવતા જાય, તેમ જ તે વેષધારીઓમાં દૃષ્ટિરાગ ધરાવનાર અને તેઓના ચરણે જીવન સમર્પણ કરી બેસનાર અનેકાનેક શિષ્યોનો પરિવાર જેમ જેમ તેઓનો વધતો જાય તેમ તેમ તે વેષધારી ગુરુઓ ખરેખર તો જૈનશાસનના વિરોધી બનતા જાય છે.

સિદ્ધાન્તવિરોધી થવાનું કારણ એ છે કે તે જે કાંઈ ભણે છે તે માત્ર લોકરંજન કળામાં કુશળ થવાના હેતુથી ભણે છે, જેમ જેમ અનેક લોકોમાં માન્ય બનતો જાય છે તેમ તેમ તેનાં અશાસ્ત્રીય વચનોમાં લોકોનો આદેયભાવ થતો જાય અને અનેક શિષ્યનો પરિવાર વધે એટલે બીજાઓની આંખમાં સહેલાઈથી ધૂળ નાંખી શકે, આ ત્રણની મુખ્યતાવાળા બીજા પણ અનેક હેતુઓના યોગથી તે નિઃશંકપણે પરલોકપ્રત્યે આંખ આડા કાન કરીને અસત્પ્રવૃત્તિઓ આચરી શકે છે અને તેનાથી વાસ્તવિકતાનુસારી જૈનસિદ્ધાન્તોને સહેલાઈથી પલટી નાંખે છે. અથવા લોકોને સત્યસિદ્ધાન્તો પ્રત્યે વિપર્યાસભાવ જાગ્રત કરવામાં મહત્ત્વનું નિમિત્ત બને છે. એટલે આવા ગુરુનો આશરો લેવો ઉચિત નથી. પૂર્વોક્ત ઉભયજ્ઞતાદિ ગુણગણાલંકૃત સદ્ગુરુનો આશરો લેવામાં જ કલ્યાણ છે. [૭૨]

**भासाइ जो विसेसं, न जाणए इयरसत्थकुसलो वि ।**
**मिच्छा तस्सुवएसो, महाणिसीहंमि जं भणिअं ॥ ७३ ॥**

भाषाया यो विशेषं, न जानाति इतरशास्त्रकुशलोऽपि ।
मिथ्या तस्योपदेशः, महानिशीथे यद्भणितम् ॥ ७३ ॥

અન્યશાસ્ત્રોમાં કુશલ પણ જે સાધુ ભાષાની વિશેષતા જાણતો નથી તેનો ઉપદેશ મિથ્યા છે. કારણ કે મહાનિશીથમાં (નીચે પ્રમાણે) કહ્યું છે.

**ભાષાની વિશેષતાઃ-** કેવી ભાષા સાવદ્ય છે, કેવી ભાષા નિરવદ્ય છે, કેવી ભાષા હિતકર છે, કેવી ભાષા અહિતકર છે, કેવી ભાષા સત્ય છે, કેવી ભાષા અસત્ય છે ઈત્યાદિ વિશેષતાને ન જાણનારનો ઉપદેશ મિથ્યા છે. [૭૩]

**"सावज्जणवज्जाणं, वयणाणं जो न जाणइ विसेसं ।**
**वुत्तुं पि तस्स ण खमं, किमंग पुण देसणं काउं" ॥ ७४ ॥**

सावद्यानवद्यानां वचनानां यो न जानाति विशेषम् ।
वक्तुमपि तस्य न क्षमं किमङ्ग पुनर्देशनां कर्तुम् ॥ ७४॥

જે સાવદ્ય-નિરવદ્ય વચનની વિશેષતાને જાણતો નથી તે બોલવા માટે પણ યોગ્ય નથી, તો પછી દેશના કરવા માટે કેવી રીતે યોગ્ય હોય? [૭૪]

**दाणपसंसणिसेहे, जह किर दुहओ वि भासणं विसमं ।**
**सक्कइ गीयत्थेहिं, सुआणुरूवं तु दोण्हं जं ॥ ७५॥**

दानप्रशंसानिषेधयोर्यथा किल द्विधापि भाषणं विषमम् ।
शक्यते गीतार्थैः श्रुतानुरूपं तु द्वयोर्यत् ॥ ७५॥

**વિષમસ્થિતમાં પણ ગીતાર્થો શ્રુતાનુસારી બોલી શકે છે.**

જેમ કે- દાનપ્રશંસા અને દાનનિષેધમાં બંને રીતે બોલવું વિષમ છે. આમ છતાં તે બેનું જે શ્રુતાનુરૂપ (=શ્રુતાનુસારી) વચન હોય તે ગીતાર્થોથી બોલી શકાય છે.

**વિશેષાર્થ:-** સુયગડાંગ સૂત્રમાં કહ્યું છે કે-જેઓ દાનની પ્રશંસા કરે છે તેઓ જીવોના વધમાં અનુમતિ આપે છે. જેઓ દાનનો નિષેધ કરે છે તેઓ (યાચકાદિની) આજીવિકામાં અંતરાય કરે છે. આનો અર્થ એ થયો કે દાનની પ્રશંસામાં પાપ છે અને દાનના નિષેધમાં પણ પાપ છે. આનાથી તો ન તો દાનની પ્રશંસા થઇ શકે અને ન તો દાનનો નિષેધ થઇ શકે. બંને રીતે બોલવામાં સંકટ છે. હા કહે તો હાથ કપાય અને ના કહે તો નાક કપાય એવું સંકટ છે. આ પ્રમાણે બંને રીતે બોલવું એ સંકટ હોવા છતાં તે બેનું જે શ્રુતાનુરૂપ વચન હોય તેને ગીતાર્થો બોલી શકે છે. તે આ પ્રમાણે- [૭૫]

**पत्तंमि जं पदिन्नं, अणुकंपासंगयं च जं दाणं ।**
**जं च गुणंतरहेऊ, पसंसणिज्जं तयं होइ ॥ ७६॥**

पात्रे यत्प्रदत्तं अनुकम्पासङ्गतं च यद्दानम् ।
यच्च गुणान्तरहेतु प्रशंसनीयं च तत् भवति ॥ ७६॥

જે પાત્રમાં આપેલું હોય, જે અનુકંપાથી યુક્ત હોય, જે અન્યગુણોનું કારણ હોય તે દાન પ્રશંસનીય છે.

**વિશેષાર્થઃ- અન્યગુણોનું કારણઃ-** જેમકે (૧) સાધુઓ મુશ્કેલીમાં મૂકાયા હોય ત્યારે અમુક વ્યક્તિને ધન આપવાથી સાધુઓની મુશ્કેલી દૂર થતી હોય, (૨) અમુક વ્યક્તિને ધન આપવાથી જીવહિંસા બંધ કરાવી શકાતી હોય, (૩) અમુક વ્યક્તિને ધન આપવાથી જિનમંદિર વગેરેનું નિર્માણ થઇ શકતું હોય, (૪) ન થઇ શકતાં ધર્માનુષ્ઠાનો અમુક વ્યક્તિને ધન આપવાથી થઇ શકતા હોય. [૭૬]

**अण्णस्स य पडिसेहे, सुत्तविरोहो ण लेसओवि भवे ।**
**जेणं परिणामवसा, वित्तिच्छेओ बहित्था व ॥ ७७॥**

अन्यस्य च प्रतिषेधे सूत्रविरोधो न लेशतोऽपि भवेत् ।
येन परिणामवशाद् वृत्तिच्छेदो बहित्था इव ॥ ७७॥

અન્યદાનનો નિષેધ કરવામાં લેશથી પણ સૂત્રવિરોધ થતો નથી. કારણ કે વૃત્તિછેદ જીવવધની જેમ પરિણામના આધારે થાય છે.

**વિશેષાર્થઃ-** અન્યદાન એટલે ૭૬મી ગાથામાં જણાવેલા દાનથી અન્યદાન. અહીં પ્રશ્ન થાય કે અન્યદાનનો નિષેધ કરવાથી દાન ન મળવાના કારણે જીવોની વૃત્તિનો (= આજીવિકાનો) છેદ ન થાય ? અને એનો ભાગીદાર અન્યદાનનો નિષેધ કરનાર ન બને ? આ પ્રશ્નના જવાબમાં અહીં કહ્યું કે- વૃત્તિછેદ જીવવધની જેમ પરિણામના આધારે થાય છે. રસ્તામાં ઉપયોગ પૂર્વક જતા મુનિના પગ નીચે સહસા કોઇ જીવ આવી જાય અને મરી જાય ત્યારે બહારથી જીવવધ થવા છતાં જીવવધના પરિણામ ન હોવાથી જીવવધ નથી. તે રીતે અન્યદાનનો નિષેધ કરવામાં બહારથી વૃત્તિછેદ થાય તો પણ વૃત્તિચ્છેદના પરિણામ ન હોવાથી, પરમાર્થથી વૃત્તિછેદ નથી. આથી અન્યદાનનો નિષેધ કરનારને વૃત્તિચ્છેદનું પાપ ન લાગે.

**સ્પષ્ટતાઃ-** ગાથામાં बहित्था કે वहित्था શબ્દ છે. પ્રાકૃત શબ્દકોશમાં આ શબ્દ નથી. આથી મેં પ્રકરણના અનુસારે बहित्था શબ્દનો "જીવવધ" અર્થ કર્યો છે. [૭૭]

**पत्तं च होइ तिविहं, दरसव्वजया य अजयसुद्दिट्ठी ।**
**पढमिल्लुअं च धम्मिअ-महिगिच्च वयट्ठिओ लिंगी ॥ ७८ ॥**

पात्रं च भवति त्रिविधं दरसर्वयतो चायतसुदृष्टिः ।
प्राथमिकं च धार्मिकमधिकृत्य व्रतस्थितो लिङ्गी ॥ ७८ ॥

સર્વવિરતિધર અને દેશવિરતિધર, અવિરત સમ્યગ્દષ્ટિ અને આદિધાર્મિકને આશ્રયીને વ્રતસ્થ સાધુ એમ પાત્ર ત્રણ પ્રકારનું છે, અર્થાત્ આ ત્રણ પાત્ર છે. (સર્વવિરતિ અને દેશવિરતિ એ બંને મળીને વિરતિની અપેક્ષાએ એકમાં ગણતરી કરી છે.)

**વિશેષાર્થઃ-** જે જીવ હજી સમ્યક્ત્વ પામ્યો નથી, આમ છતાં સહજમલનો હ્રાસ અને કર્મલઘુતા આદિ થવાથી સમ્યગ્દર્શન પામવાની યોગ્યતાવાળો છે, તે જીવ આદિધાર્મિક છે. અપુનર્બંધક વગેરે જીવો આદિધાર્મિક છે. આવો જીવ તેવા પ્રકારના નિમિત્તને પામીને ચારિત્રનો પણ સ્વીકાર કરે. આવો આદિધાર્મિક વ્રતસ્થ સાધુ પાત્ર છે. સામાન્યથી શાસ્ત્રોમાં પાત્રના સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર એમ ત્રણ પ્રકાર છે. આમ છતાં પ્રસ્તુતમાં આદિધાર્મિક વ્રતસ્થ સાધુનો પણ પાત્રમાં સમાવેશ કર્યો છે. [૭૮]

**ववहारणएण पुणो, पत्तमपत्तं च होइ पविभत्तं ।**
**णिच्छयओ पुण बज्झं, पत्तमपत्तं च णो णिययं ॥ ७९ ॥**

व्यवहारनयेन पुनः पात्रमपात्रं च भवति प्रविभक्तम् ।
निश्चयतः पुनर्बाह्यं पात्रमपात्रं च नो नियतम् ॥ ७९ ॥

આ પાત્ર છે અને આ અપાત્ર છે એવો વિભાગ વ્યવહારનયથી છે. પણ નિશ્ચયનયથી બાહ્યપાત્ર અને અપાત્ર નિયત નથી.

**વિશેષાર્થઃ**- જે વ્યક્તિમાં પાત્રનાં બાહ્યલક્ષણો દેખાતા હોય તે પાત્ર છે, અને પાત્રનાં બાહ્યલક્ષણો ન દેખાતા હોય તે અપાત્ર છે. આ વિભાગ વ્યવહારનયથી છે. નિશ્ચયનયથી કોઇ જીવ બાહ્યલક્ષણોથી પાત્ર હોવા છતાં પરમાર્થથી પાત્ર ન પણ હોય. કોઇ જીવ બાહ્યલક્ષણોથી અપાત્ર હોવા છતાં પરમાર્થથી પાત્ર હોય એવું બને. અભવ્ય અને દૂરભવ્ય જીવો ચારિત્ર લે ત્યારે તેમનામાં પાત્રનાં બાહ્યલક્ષણો દેખાતા હોવાથી પાત્ર છે, પણ નિશ્ચયથી અપાત્ર છે. કોઇ જીવ ભાવથી સાધુ હોય, પણ તેવું નિમિત્ત મળતા તેનામાંથી પરિણામ જતા રહે એવું બને. આવો સાધુ બાહ્યથી સાધુ હોવાથી પાત્ર છે, પણ નિશ્ચયથી પાત્ર નથી. અન્યલિંગમાં રહેલ કોઇ જીવ ભાવથી ચારિત્રના પરિણામવાળો બની જાય ત્યારે બાહ્યથી પાત્ર નથી પણ પરમાર્થથી પાત્ર છે. નિશ્ચયનયની દૃષ્ટિએ બાહ્યથી સાધુવેષ ધારણ કરનાર અને સાધુઓના આચારોનું પાલન કરનાર જીવ જ્યાં સુધી ચારિત્ર પરિણામથી યુક્ત હોય ત્યાં સુધી પાત્ર છે, અને ચારિત્ર પરિણામથી રહિત બને ત્યારે અપાત્ર છે. આમ નિશ્ચયનયથી બાહ્ય પાત્ર અને અપાત્ર નિયત નથી. [૭૯]

**जं पुण अपत्तदाणे, पावं भणिअं धुवं भगवईए ।**
**तं खलु फुडं अपत्ते, पत्ताभिणिवेसमहिगिच्चा ॥ ८० ॥**

यत्पुनरपात्रदाने पापं भणितं ध्रुवं भगवत्याम् ।
तत्खलु स्फुटमपात्रे पात्राभिनिवेशमधिकृत्य ॥ ८० ॥

વળી અપાત્રમાં દાન નિશ્ચે પાપ છે, એમ ભગવતીસૂત્રમાં જે કહ્યું છે તે સ્પષ્ટ અપાત્રમાં પાત્રના અભિનિવેશને આશ્રયીને છે.

**વિશેષાર્થઃ**- ભગવતીજી સૂત્ર ૩૩૧માં કહ્યું છે કે-"હે ભગવન્ ! તથાવિધ અસંયત-અવિરતને પ્રાસુક કે અપ્રાસુક, એષણીય કે અનેષણીય આહારાદિ આપનાર શ્રાવકને શું ફળ મળે ? હે ગૌતમ ! તેને એકાંતે પાપકર્મબંધાય છે, જરા પણ નિર્જરા થતી નથી." (અહીં અસાધુને સાધુ માનવારૂપ વિપરીતબુદ્ધિના કારણે તથા તેના મિથ્યાત્વનું અને અસંયમનું પોષણ થવાના કારણે એકાંતે પાપકર્મનો બંધ થાય અને નિર્જરા ન થાય. [૮૦]

**इहरा उ दाणधम्मे, संकुइए होइ पवयणुड्डाहो ।**
**मिच्छत्तमोहजणओ, इय एसा देसणा सुद्धा ॥ ८१॥**

इतरथा तु दानधर्मे संकुचिते भवति प्रवचनोड्डाहः ॥
मिथ्यात्वमोहजनक इत्येषा देशना शुद्धा ॥ ८१॥

અન્યથા દાનધર્મનો સંકોચ થઈ જતાં મિથ્યાત્વમોહને ઉત્પન્ન કરનારી પ્રવચનનિંદા થાય. આ પ્રમાણે આ દેશના શુદ્ધ છે.

**વિશેષાર્થઃ-** આજે કેટલાકો માને છે કે માત્ર વિરતિધરને જ દાન અપાય, અવિરતિવાળાને કે ગરીબ વગેરેને દાન આપવાથી એ જે કાંઈ પાપ કરે તે પાપ દાન કરનારને પણ લાગે. આ પ્રમાણે દાનધર્મનો નિષેધ કરવાથી દાનધર્મનો સંકોચ થઈ જાય છે. દાનધર્મના સંકોચથી પ્રવચનની-જૈનશાસનની નિંદા થાય. જૈનશાસનની નિંદામાં જે નિમિત્ત બને તેને મિથ્યાત્વમોહનીયનો કર્મબંધ થાય. આથી અહીં જૈનશાસનની નિંદાને મિથ્યાત્વમોહને ઉત્પન્ન કરનારી કહી છે. [૮૧]

**इयरेसु वि विसएसु, भासागुणदोसजाणओ एवं ।**
**भासइ सव्वं सम्मं, जह भणिअं खीणदोसेहिं ॥ ८२॥**

इतरेष्वपि विषयेषु भासागुणदोषज्ञायक एवम् ॥
भाषते सर्वं सम्यक् यथा भणितं क्षीणदोषैः॥ ८२॥

ભાષાના ગુણ-દોષને જાણનારા સાધુ આ પ્રમાણે બીજા પણ વિષયોમાં વીતરાગદેવોએ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે બધું સમ્યક્ કહે છે.

**વિશેષાર્થઃ- ભાષાના ગુણ-દોષને જાણનારઃ-** કેવી ભાષા બોલવાથી સ્વ-પરનું આત્મહિત થાય, અને કેવી ભાષા બોલવાથી સ્વ-પરના આત્માનું અહિત થાય એમ ભાષાના ગુણ-દોષને જાણનાર. [૮૨]

**गुरुणा य अणुण्णाओ, गुरुभावं देसउ लहुं जम्हा ।**
**सीसस्स हुंति सीसा, ण हुंति सीसा असीसस्स ॥ ८३॥**

गुरुणा चानुज्ञातो गुरुभावं देशयतु लघु यस्मात् ॥
शिष्यस्य भवन्ति शिष्या न भवन्ति शिष्या अशिष्यस्य ॥ ८३ ॥

ગુરુએ જેને ગુરુભાવની અનુજ્ઞા આપી હોય તે સાધુ (लहुं=) મનોહર દેશના આપે. કારણ કે જે શિષ્ય બન્યો હોય તેના શિષ્યો થાય છે, જે શિષ્ય બન્યો નથી તેના શિષ્યો થતા નથી.

**વિશેષાર્થઃ**- ગુરુભાવની અનુજ્ઞા આપી હોય એટલે તેને ગુરુપદે સ્થાપિત કર્યો હોય, અર્થાત્ ગુરુ બનાવ્યો હોય. ગુરુએ જેને ગુરુભાવની અનુજ્ઞા આપી હોય એનો તાત્પર્યાર્થ એ છે કે ગુરુએ જેને ધર્મોપદેશ આપવાની અનુજ્ઞા આપી હોય. કારણ કે गृणाति (=उपदिशति) धर्ममिति गुरुः= જે ધર્મનો ઉપદેશ આપે તે ગુરુ એવો ગુરુશબ્દનો અર્થ છે. આથી ગુરુભાવની અનુજ્ઞા આપી હોય એ વાક્યનો અને ધર્મનો ઉપદેશ આપવાની અનુજ્ઞા આપી હોય તે વાક્યનો એક જ અર્થ છે. ગુરુભાવ શબ્દમાં રહેલા ભાવ શબ્દનો અર્થ ધર્મ છે. ગુરુનો ભાવ એટલે ગુરુનો ધર્મ. ધર્મોપદેશ આપવો એ ગુરુનો ધર્મ છે.

**મનોહર દેશના આપે**- સાધુએ શ્રોતાના મનને હરી લે=આકર્ષી લે તેવી દેશના આપવી જોઇએ. આ વિષે પ્રશમરતિમાં કહ્યું છે કે-

आक्षेपणीं विक्षेपणीं, विमार्गबाधनसमर्थविन्यासाम् ।
श्रोतृजनश्रोत्रमनः-प्रसादजननीं यथा जननीम् ॥ १८२ ॥
संवेदनीं च निर्वेदनीं च धर्म्यां कथां सदा कुर्यात् ।
स्त्रीभक्तचौरजनपद-कथाश्च दूरात्परित्याज्याः ॥ १८३ ॥

ઉક્ત વૈરાગ્યમાર્ગ આદિ ત્રણમાં સ્થિર રહેવા સાધુએ સદા આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની અને નિર્વેદની-એ ધર્મકથા કરવી જોઇએ. આ ધર્મકથા એવી શૈલીથી કરવી જોઇએ કે જેથી ઉન્માર્ગનો ઉચ્છેદ થાય, અને જેમ માતા હિતકારક સદુપદેશથી બાળકોનાં કર્ણ અને મનને પ્રસન્ન કરે છે, તેમ આ કથા સાંભળીને શ્રોતાઓના કાન અને મન પ્રસન્ન બની જાય. વૈરાગ્ય-માર્ગાદિમાં સ્થિર રહેવા સ્ત્રીકથા, ભક્ત(ભોજન) કથા, ચોરકથા અને દેશકથા આ ચાર કથાઓને તો દૂરથી જ તિલાંજલિ આપવી જોઇએ.

**આક્ષેપણીઃ**- શ્રોતાને ધર્મ પ્રત્યે આક્ષેપ=આકર્ષણ કરનારી.

**વિક્ષેપણીઃ**- શ્રોતાને પરદર્શનથી અથવા સંસારસુખથી વિક્ષેપ (=વિમુખ) કરનારી.

**સંવેદનીઃ**- સંસારમાં ત્રાસનો સંવેદન (=અનુભવ) કરાવનારી.

**નિર્વેદનીઃ**- સંસાર પ્રત્યે નિર્વેદ (=ત્રાસ) ઉત્પન્ન કરાવી મોક્ષની અભિલાષા જગાવનારી. (પ્ર. ર. ગા. ૧૮૨-૧૮૩)

**જે શિષ્ય બન્યો હોય તેના શિષ્યો થાય છેઃ**- દીક્ષા આપવાને લાયક ગુરુના વર્ણનમાં કહ્યું છે કે જેને પોતાના ગુરુએ ગુરુપદે સ્થાપિત કર્યો હોય તે ગુરુ દીક્ષા આપવા માટે લાયક છે. જે પહેલાં શિષ્ય બને તેને જ ગુરુ ગુરુપદે સ્થાપિત કરે. શિષ્ય એટલે આજ્ઞા કરવાને લાયક, જે ગુરુની આજ્ઞાને સ્વીકારે-માને તે જ સાચો શિષ્ય છે. આવા શિષ્યને જ ગુરુ ગુરુપદે સ્થાપિત કરે. અહીં ગુરુપદે સ્થાપિત કરે એટલે શિષ્યો આપીને ગુરુ બનાવે. આમ જે શિષ્ય બન્યો હોય તેના જ શિષ્યો થાય છે. ગુરુએ જેને ગુરુપદે સ્થાપિત ન કર્યો હોય અને જાતે જ શિષ્ય બનાવી ગુરુ બની જાય તે પરમાર્થથી નથી તો ગુરુ, નથી તો શિષ્ય. [૮૩]

**सत्थण्णुणा विं तीरइ, मज्झत्थेणेव सासिउं सव्वं ।**
**सच्छंदं नो जंपइ, जमेस आहच्च भणिअं च ॥ ८४॥**

शास्त्रज्ञेनापि शक्यते मध्यस्थेनैव शासितुं सर्वम् ॥
स्वच्छन्दं नो जल्पति यदेतद् आहत्य भणितं च ॥ ८४॥

શાસ્ત્રજ્ઞાતા પણ જે મધ્યસ્થ હોય તે જ બધું કહેવા માટે સમર્થ છે. કારણ કે મધ્યસ્થ પુરુષ સ્વમતિપ્રમાણે ન કહે. આ વિષે વિશેષથી (નીચેની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) કહ્યું છે.

**વિશેષાર્થઃ**- મધ્યસ્થ એટલે સ્વપક્ષ-પરપક્ષમાં રાગ-દ્વેષથી રહિત. સ્વપક્ષ એટલે જૈનદર્શન. પરપક્ષ એટલે જૈનેતરદર્શન. મધ્યસ્થ પુરુષ અસત્ય ન કહે, સત્ય કહે. મૂળગાથામાં સવ્વં પદ છે. તેના સ્થાને સચ્ચં પદ હોય

તે વધારે સંગત જણાય છે. મુદ્રિત પુસ્તકમાં सव्वं પાઠ હોવાથી આ ગ્રંથમાં પણ તે જ પાઠ રાખવામાં આવ્યો છે. [૮૪]

ननु सूत्रभणितं प्ररूपयतीत्युक्तम्, यत्पुनः सूत्रानुक्तं विवादपदं लोकानां तत्र पृच्छ्यमानानां गीतार्थानां किमुचितमित्याह-

**जं च ण सुत्ते विहिअं, ण य पडिसिद्धं जणंमि चिररूढं ।**
**समइविगप्पियदोसा, तं पि ण दूसंति गीयत्था ॥ ८५॥**

यच्च न सूत्रे विहितं न च प्रतिषिद्धं जने चिररूढम् ॥
स्वमतिविकल्पितदोषात्तदपि न दूषयन्ति गीतार्थाः ॥ ८५॥

इह चशब्दः पुनरर्थ इति यत् पुनरर्थजातमनुष्ठानं वा नैव सूत्रे-सिद्धान्ते विहितं करणीयत्वेनोक्तं चैत्यवन्दनावश्यकादिवत्, न च प्रतिषिद्धं प्राणातिपातादिवत्, अथ जने-लोके चिररूढमज्ञातादिभावं स्वमतिविकल्पित-दोषात् स्वाभिप्रायसंकल्पितदूषणात् तदपि, आस्तामागमोक्तं न दूषयन्ति-न युक्तमेतदिति परस्य नोपदिशन्ति संसारवृद्धिभीरवो गीतार्था-विदितागमतत्त्वाः, यतस्ते एवं श्रीभगवत्युक्तं पर्यालोचयन्ति-

**तथाहि-**

"जे णं मद्दुया ! अट्ठं वा हेउं वा पसिणं वा वागरणं वा अन्नायं वा अदिट्ठं वा अस्सुयं वा अपरिन्नायं वा बहुजणमज्झे आघवेइ पन्नवेइ परूवेइ दंसेइ निदंसेइ उवदंसेइ, से णं अरहंताणं आसायणाए वट्टइ, अरहंतपन्नत्तस्स धम्मस्स आसायणाए वट्टइ, केवलीणं आसायणाए वट्टइ, केवलिपन्नत्तस्स धम्मस्स आसायणाए वट्टइ''त्ति। (ધર્મરત્ન પ્રકરણ ગા. ૯૯)

**સૂત્રમાં કહેલું પ્રરૂપે છે એમ કહ્યું. પણ જે સૂત્રમાં ન કહ્યું હોય, અને લોકમાં વિવાદાસ્પદ બન્યું હોય, તે વિષે લોકોથી પૂછાતા ગીતાર્થોને શું ઉચિત છે તે કહે છે:-**

જે સૂત્રમાં ન કહ્યું હોય અને નિષિદ્ધ પણ ન હોય, તથા લોકમાં લાંબા કાળથી રૂઢ થયેલું હોય તેને પણ ગીતાર્થો સ્વમતિવિકલ્પિતદોષથી દૂષિત કરતા નથી.

**ટીકાર્થ:-** સાધુ-શ્રાવકોએ દરરોજ ચૈત્યવંદન કરવું. આવશ્યક કરવું, એમ જે અનુષ્ઠાનનું શાસ્ત્રમાં વિધાન કર્યું હોય, અને જીવહિંસા ન કરવી એમ જે અનુષ્ઠાનનો નિષેધ ન કર્યો હોય, અને તે અનુષ્ઠાન લોકમાં લાંબા કાળથી રૂઢ બની ગયું હોય, વળી તે અનુષ્ઠાન સંબંધી(**अज्ञातादिभावं**=)ક્યારથી શરૂ થયું, કોણે શરૂ કર્યું, શા માટે શરૂ કર્યું ઇત્યાદિ વિગત જાણવામાં ન આવી હોય, આવા પણ અનુષ્ઠાનોને સંસારવૃદ્ધિના ભયવાળા ગીતાર્થો દૂષિત કરતા નથી, =''આ અનુષ્ઠાન યોગ્ય નથી'' એમ બીજાને ઉપદેશ આપતા નથી.

આવા પણ અનુષ્ઠાનને દૂષિત કરતા નથી, એ સ્થળે રહેલા પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે :- ગીતાર્થો આગમોક્ત અનુષ્ઠાનને તો દૂષિત કરતા નથી, કિંતુ આવા પણ અનુષ્ઠાનને દૂષિત કરતા નથી.

શાનાથી દૂષિત કરતા નથી એનાં જવાબમાં અહીં કહ્યું કે સ્વમતિ-વિકલ્પિત દોષથી. ગીતાર્થો આવા પણ અનુષ્ઠાનને સ્વમતિવિકલ્પિત દોષથી દૂષિત કરતા નથી. સ્વમતિવિકલ્પિતદોષથી એટલે પોતાની મતિથી કલ્પેલા દોષથી. પ્રસ્તુત ગ્રંથની ૮૪મી ગાથામાં કહ્યું છે કે- મધ્યસ્થ પુરુષો સ્વમતિ પ્રમાણે ન કરે. આથી મધ્યસ્થ ગીતાર્થો ક્યારેય પોતાની મતિથી દોષની કલ્પના કરે જ નહિ. જ્યાં સ્વમતિથી દોષની કલ્પના કરવાનો અવકાશ ન હોય ત્યાં સ્વમતિ-વિકલ્પિત દોષથી દૂષિત કરવાનો પણ અવકાશ કેવી રીતે હોય ? ન જ હોય.

-કારણ કે તે ગીતાર્થો ભગવતીસૂત્ર અઢારમા શતકના સાતમા ઉદ્દેશમાં કહેલું વિચારે છે. તે આ પ્રમાણે-

''હે મદ્રુક! જે સૂત્રના નહિ જાણેલા, નહિ જોયેલા, નહિ સાંભળેલા અને વિશેષથી નહિ જાણેલા એવા સૂત્રના અર્થને, હેતુને, પ્રશ્નને અને ઉત્તરને ઘણા લોકોની વચ્ચે કહે છે, પ્રતિપાદન કરે છે, પ્રરૂપણા કરે છે, દૃષ્ટાંત વિના બતાવે છે, દૃષ્ટાંતથી બતાવે છે, સંપૂર્ણપણે બતાવે છે, તે અરિહંતોની આશાતનામાં વર્તે છે (=અરિહંતોની આશાતના કરે છે), અરિહંતોએ કહેલા

ધર્મની આશાતનામાં વર્તે છે, કેવલીઓની આશાતનામાં વર્તે છે, કેવલીએ કહેલા ધર્મની આશાતનામાં વર્તે છે. (ભગવતી સૂત્ર શતક ૧૮ ઉદ્દેશો ૭)

[તથા- ''આવા પ્રકારની બાર અંગરૂપ ગણીપીટકને (અન્યથા પ્રરૂપણા કરવી ઇત્યાદિથી) આજ્ઞાવડે વિરાધીને ભૂતકાળમાં અનંતા જીવોએ ચારગતિરૂપ ચાર છેડાવાળી સંસારરૂપી અતિદુર્ગમ અટવીમાં પરિભ્રમણ કર્યું છે, વર્તમાનકાળમાં પરિમિત (=સંખ્યાતા)જીવો પરિભ્રમણ કરે છે, ભવિષ્યકાળમાં અનંતા જીવો પરિભ્રમણ કરશે.''

''આવા પ્રકારની બાર અંગરૂપ ગણીપીટકને આજ્ઞાવડે (યથાર્થ પ્રરૂપણા કરવી ઇત્યાદિથી) આરાધીને ભૂતકાળમાં અનંતા જીવોએ ચારગતિરૂપ ચાર છેડાવાળી સંસારરૂપી અતિદુર્ગમ અટવીને પાર કરી છે, વર્તમાનકાળમાં પરિમિતજીવો પાર કરી રહ્યા છે, ભવિષ્યકાળમાં અનંતજીવો પાર કરશે.'' (નંદીસૂત્ર ૧૧૪-૧૧૫ સૂત્ર)

આ પ્રમાણે જોઇને મોક્ષાર્થી એવા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક અને ગણાવચ્છેદ આદિએ ભગવાનની આજ્ઞાપ્રમાણે આગમના અર્થનું નિરૂપણ કરવું જોઇએ, સ્વમતિથી નહિ. કેમકે સ્વમતિથી આગમના અર્થનું નિરૂપણ કરવામાં અનંતસંસારની પ્રાપ્તિ થાય.''] (૮૫)

**संविग्गा गीयतमा, विहिरसिआ पुव्वसूरिणो आसी ।**
**तददूसिअमायरिअं, अणइसई को णिवारेइ ॥ ८६॥**

संविग्ना गीततमा विधिरसिकाः पूर्वसूरय आसन् ॥
तददूषितमाचरितमनतिशयी को निवारयति ॥ ८६॥

'संविग्ना' मंक्षु मोक्षाभिलाषिणो 'गीयतम'त्ति पदैकदेशे पदप्रयोगो यथा भीमसेनो भीम इति, ततो गीता-गीतार्थाः तमपि प्रत्यये गीतार्थतमा इति भवत्यतिशयगीतार्था इति भावः, तत्काले बहुतमागमसद्भावात् । तथा विधिरसो विद्यते येषां (ते) विधिरसिका विधिबहुमानिनः संविग्नत्वादेव पूर्वसूरयश्चिरंतन-

मुनिनायका आसन्-अभूवन् तैरदूषितमनिषिद्धमाचरितं सर्वधार्मिकलोक-व्यवहृतमनतिशयी-विशिष्टश्रुतावध्याद्यतिशयविकलः को निवारयति? पूर्व-पूर्वतरोत्तमाचार्याशातनाभीरुर्न कश्चिदिति । (ધ. ર. પ્ર. ગાથા. ૧૦૦)

**મધ્યસ્થગીતાર્થો આવા પણ અનુષ્ઠાનને દૂષિત કરતા નથી તેનું કારણ આ પ્રમાણે છે-**

પૂર્વાચાર્યો સંવિગ્ન, અતિશયગીતાર્થ અને વિધિરસિક હતા. તેમનાથી દૂષિત ન કરાયેલા આચરિતને અતિશયરહિત કયો પુરુષ રોકે ?

**વિશેષાર્થઃ-** સંવિગ્ન એટલે જલદી મોક્ષમાં જવાની અભિલાષાવાળા. વર્તમાનમાં જેટલાં આગમો છે, તેના કરતાં તે કાળે વધારે આગમો હતા, આથી પૂર્વાચાર્યો વર્તમાનકાલીન આચાર્યોથી અતિશય (=અધિક) ગીતાર્થ હતા. વિધિરસિક એટલે વિધિપ્રત્યે બહુમાનવાળા. પૂર્વાચાર્યો સંવિગ્ન હોવાના કારણે વિધિપ્રત્યે બહુમાન ભાવવાળા હતા. આચરિત એટલે સઘળા ધાર્મિક લોકોએ આચરેલું. અતિશયરહિત એટલે વિશિષ્ટ શ્રુત અને અવધિજ્ઞાન વગેરે અતિશયથી રહિત.

ઉક્ત પ્રકારના આચાર્યોથી નહિ નિવારાયેલા આચરિતને પૂર્વ-પૂર્વતર ઉત્તમ આચાર્યોની આશાતના થવાના ભયવાળો કોઇ પણ પુરુષ ન નિવારે. (૮૬)

तथैतदपि गीतार्थाः परिभावयन्ति-

**अइसाहसमेअं जं, उस्सुत्तपरूवणा कडुविवागा ।**
**जाणंतेहि विहिज्जइ, णिद्देसो सुत्तबज्झत्थे ॥ ८७॥**

अतिसाहसमेतद्यदुत्सूत्रप्ररूपणा कटुविपाकम् ॥
जानद्भिरपि विधीयते निर्देशः सूत्रबाह्यार्थे ॥ ८७॥

ज्वलज्ज्वालानलप्रवेशकारिनरसाहसादप्यधिकमतिसाहसमेतद्वर्त्तते यदुत्सूत्रप्ररूपणा-सूत्रनिरपेक्षदेशना कटुविपाका-दारुणफला जानानैरवबुध्यमानैरपि दीयते-वितीर्यते निर्देशो-निश्चयः सूत्रबाह्ये-जिनेन्द्रागमानुक्तेऽर्थे-वस्तुविचारे । किमुक्तं भवति ?

"दुब्भासिएण इक्केण मरीई दुक्खसागरं पत्तो ।
भमिओ कोडाकोडिं, सागरसरिनामधिज्जाणं ॥ १ ॥
उस्सुत्तमायरंतो, बंधइ कम्मं सुचिक्कणं जीवो ।
संसारं च पवड्ढइ, मायामोसं च कुव्वइ य ॥ २ ॥
उम्मग्गदेसओ मग्गनासओ गूढहिययमाइल्लो ।
सढसीलो य ससल्लो, तिरियाउं बंधए जीवो ॥ ३ ॥
उम्मग्गदेसणाए, चरणं नासंति जिणवरिंदाणं ।
वावन्नदंसणा खलु, नहु लब्भा तारिसा दट्ठुं ॥ ४ ॥"

इत्याद्यागमवचनानि श्रुत्वापि स्वाग्रहग्रहग्रस्तचेतसो यदन्यथाऽन्यथा व्याचक्षते विदधति च तन्महासाहसमेव, अनर्वाक्पारासारसंसारपारावारोदर-विवरभाविभूरिदुःखभाराङ्गीकारादिति । (ध. र. प्र. गा. १०१)

**તથા ગીતાર્થો આ (= હવે કહેવાશે તે) પણ વિચારે છે-**

ઉત્સૂત્ર પ્રરૂપણા કટુવિપાકવાળી છે એમ જાણનારાઓ પણ સૂત્રબાહ્ય વિષયમાં નિશ્ચય આપે છે એ અતિસાહસ છે.

**વિશેષાર્થઃ**- સૂત્રબાહ્ય વિષયમાં એટલે જિનઆગમમાં નહિ કહેલા વિષયમાં. ઉત્સૂત્ર પ્રરૂપણા કરનાર ધગધગતી જ્વાલાવાળા અગ્નિમાં પ્રવેશ કરનાર મનુષ્યના સાહસથી પણ અધિક સાહસકરે છે.

## ઉત્સૂત્રપ્રરૂપણાના કટુવિપાકો

પ્રસ્તુત કથનનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ-"મરીચિ એક દુર્વચનથી દુઃખસાગરમાં પડ્યો, અને એક કોડાકોડિ સાગરોપમ સુધી સંસારમાં ભમ્યો. (આવ.નિ.ગા. ૪૩૮) ઉત્સૂત્રને આચરતો જીવ અત્યંત ચિક્કણા કર્મને બાંધે છે. અને એ કર્મના ઉદયથી સંસાર વધારે છે. તથા પહેલાં (=ચારિત્ર સ્વીકાર સમયે) સૂત્રમાં કહેલું હું કરીશ એમ સ્વીકારીને પછી ન કરવાના કારણે માયા મૃષાવાદ કરે જ છે. (ઉપ. મા. ગા. ૨૨૧) ઉન્માર્ગની દેશના કરનાર, મોક્ષમાર્ગનો નાશક, ગૂઢહૃદયવાળો, માયાવી, વક્રસ્વભાવવાળો, અને શલ્યયુક્ત જીવ તિર્યંચગતિનું આયુષ્ય બાંધે છે. ( ) "સૂત્રવિરુદ્ધ

દેશનાથી, જિનેશ્વરોએ કહેલા ચારિત્રનો નાશ કરે છે. સૂત્રવિરુદ્ધ દેશના કરવાના કારણે જેમના સમ્યગ્દર્શનનો નાશ થયો છે તેવા પુરુષો જોવા લાયક નથી.'' ઇત્યાદિ આગમ વચનોને સાંભળીને પણ સ્વાગ્રહરૂપી ગ્રહથી વ્યાપ્તચિત્તવાળા પુરુષો જે બીજી રીતે કહે છે અને આચરે છે તે મહા સાહસ જ છે. કારણ કે અપાર અને અસાર સંસારરૂપ સમુદ્રના પેટાળ રૂપ ગુફામાં થનારા ઘણા દુ:ખસમૂહનો સ્વીકાર કરે છે. (૮૭)

**णिययावासाईअं, गारवरसिआ गहित्तु मुद्धजणं ।**
**आलंबणं अपुट्ठं, पाडंति पमायगत्तंमि ॥ ८८॥**

नियतावासादिकं गौरवरसिका गृहीत्वा मुग्धजनम् ॥
आलम्बनमपुष्टं पातयन्ति प्रमादगर्ते ॥ ८८॥

ગારવરસિકો અપુષ્ટ આલંબન લઇને મુગ્ધલોકને પોતાના વશમાં કરીને નિયતવાસ આદિનો સ્વીકાર કરીને (પોતાને) પ્રમાદરૂપી ખાડામાં પાડે છે.

**વિશેષાર્થ:-** ગારવરસિકો એટલે રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવ એ ત્રણ ગારવમાં રસવાળા. નિયતવાસ એટલે સદા એક જ સ્થળે વાસ કરવો. જો અમે વિહાર કરીએ તો આ મંદિરની સાર-સંભાળ કોણ રાખે ? ઇત્યાદિ અપુષ્ટ આલંબન લઇને સદા એક જ સ્થળે રહે. અથવા વિહાર થઇ શકે તેમ હોય તો પણ હવે મારાથી વિહાર થઇ શકે તેમ નથી વગેરે ખોટાં કારણો બતાવીને નિયતવાસ વગેરે અસદ્ આચરણ કરે. મૂળ ગાથામાં રહેલા आदि શબ્દથી ચૈત્યભક્તિ, સાધ્વીઓએ લાવેલો આહાર લેવો, વિગઇમાં આસક્તિ વગેરે સમજવું. (૮૮)

**आलंबणाण भरिओ, लोगो जीवस्स अजयकामस्स ॥**
**जं जं पिच्छइ लोए, तं तं आलंबणं कुणइ ॥८९॥**

आलम्बनैर्भृतो लोको जीवस्यायतकामस्य ॥
यद्यत्प्रेक्षते लोके तत्तदालम्बनं कुरुते ॥८९॥

**व्याख्या**-'आलम्बनानां' प्राग्निरूपितशब्दार्थानां 'लोकः' मनुष्यलोकः 'भृतः' पूर्णो जीवस्य 'अजउकामस्स'त्ति अयतितुकामस्य, तथा च अयतितुकामो यद् यत्पश्यति लोके नित्यवासादि तत् तदालम्बनं करोतीति गाथार्थः आवश्यक० ॥ ११८८॥

સંયમમાં ઉદ્યમ નહિ કરવાની ઇચ્છાવાળા જીવ માટે મનુષ્યલોક (નબળા) આલંબનોથી ભરેલો છે. આવો જીવ લોકમાં નિત્યવાસ વગેરે જેને જેને જુએ છે તેને તેને આલંબન કરે છે. (૮૯)

**जो जं सेवइ दोसं, संणिहिपमुहं तु सो अभिणिविट्ठो ॥**
**ठावेइ गुणमहेउं, अववायपयं पुरो काउं ॥ ९०॥**

यो यं सेवते दोषं सन्निधिप्रमुखं तु स अभिनिविष्टः ॥
स्थापयति गुणमहेतुं अपवादपदं पुरः कृत्वा ॥ ९०॥

કદાગ્રહી સંનિધિ આદિ જે દોષને સેવે છે, તે નિષ્કારણ અપવાદને આગળ કરીને તે દોષને ગુણ તરીકે સ્થાપે છે.

**વિશેષાર્થઃ-** રાત્રે લેપ, તેલ, ઔષધ વગેરે રાખવું તે સંનિધિ દોષ છે. દોષને ગુણ તરીકે સ્થાપે છે એટલે દોષને પણ ગુણ તરીકે માને છે. (૯૦)

**परिहरइ जं च दोसं, सच्छंदविहारओ अभिणिविट्ठो ॥**
**कप्पियसेवाए वि हु, लुंपइ तं कोइ पडिणीओ ॥ ९१॥**

परिहरति यं च दोषं, स्वच्छन्दविहारतोऽभिनिविष्टः ॥
कल्पिकसेवायामपि खलु लुम्पति तं कश्चित्प्रत्यनीकः ॥ ९१॥

કદાગ્રહી અને મોક્ષમાર્ગનો શત્રુ કોઇ સ્વમતિ પ્રમાણે વિહાર કરીને જે દોષનો ત્યાગ કરે તે દોષનો કલ્પિક સેવનમાં પણ લોપ કરે.

**વિશેષાર્થઃ-** સમુદાયમાં રહેવાથી અશુદ્ધ આહાર વગેરે દોષો લાગે એમ માનીને પોતાની મતિથી એકાકી વિહાર કરે. એકાકી વિહાર કરવાથી અશુદ્ધ આહાર વગેરે દોષો ન લાગે. એકાકી વિહાર શાસ્ત્ર નિષિદ્ધ છે. એટલે

એકાકી વિહાર કરનાર સ્વમતિ પ્રમાણે વિહાર કરે છે. આવો સ્વચ્છંદી સાધુ અશુદ્ધ આહાર વગેરે દોષનો કલ્પિક સેવનમાં પણ લોપ કરે છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે:- દોષસેવનના કલ્પિક અને દર્પિક એમ બે પ્રકાર છે. પુષ્ટકારણથી શાસ્ત્રોક્ત વિધિથી દોષનું સેવન કલ્પિક છે. નિષ્કારણ કે અપુષ્ટ કારણથી દોષનું સેવન દર્પિક છે. જ્યારે દોષસેવનનું પુષ્ટ કારણ ઉપસ્થિત થાય ત્યારે દોષસેવન ન કરવાથી થતા અધિક નુકશાનથી બચવા દોષસેવન કરવું એ શાસ્ત્રવિહિત છે. દોષસેવનનું પુષ્ટકારણ ઉપસ્થિત થવા છતાં દોષ સેવન ન કરે તો એના કારણે અસમાધિ વગેરે થવાથી અધિક નુકશાન થાય. સ્વચ્છંદી સાધુ પુષ્ટ કારણ ઉપસ્થિત થવા છતાં દોષનો લોપ કરે=દોષનું સેવન ન કરે. આથી તેને અધિક નુકશાન થાય. આથી અહીં કહ્યું છે કે-"જે દોષનો ત્યાગ કરે તે દોષનો કલ્પિક સેવનમાં પણ લોપ કરે.

આવા સાધુને શાસ્ત્રમાં અપરિણત કહ્યો છે. ૯૦મી ગાથામાં અતિ પરિણત સાધુનો ઉલ્લેખ કર્યો છે, અને આ ગાથામાં અપરિણત સાધુનો ઉલ્લેખ કર્યો છે. અપરિણત વગેરે ત્રણ શબ્દોની વ્યાખ્યા ગા.૨ના વિશેષાર્થમાં કહી છે. (૯૧)

**तं पुण विसुद्धसद्धा, सुअसंवायं विणा ण संसंति ॥**
**अवहीरिऊण नवरं, सुआणुरूवं परूविंति ॥ ९२॥**

तं पुनर्विशुद्धश्रद्धाः श्रुतसंवादं विना न शंसन्ति ॥
अवधीर्य नवरं श्रुतानुरूपं प्ररूपयन्ति ॥ ९२॥

પણ વિશુદ્ધ શ્રદ્ધાવાળા સાધુઓ શાસ્ત્રવચન વિના તેમાં અનુમતિ આપતા નથી. કેવળ માધ્યસ્થભાવથી ઉપેક્ષા કરીને વિવાદ કરવાની ઈચ્છાવાળાઓને સૂત્રમાં કહ્યું હોય તે પ્રમાણે જ ઉપદેશ આપે છે.

**વિશેષાર્થ:-** વિશુદ્ધ શ્રદ્ધાવાળા એટલે જે **શ્રદ્ધામાં** આગમ ઉપર બહુમાનની પ્રધાનતા છે તેવી શ્રદ્ધાવાળા.

તેમાં એટલે નિયતવાસ વગેરે **શાસ્ત્રનિષિદ્ધ આચરણમાં.** (૯૨)

**उवइसइ धम्मगुज्झं, हिअकंखी अप्पणो परेसिं च ॥**
**पत्तापत्तविवेगो, हिअकंखित्तं च णिव्वहइ ॥ ९३॥**
उपदिशति धर्मगुह्यं हितकाङ्क्षी आत्मनः परेषां च ॥
पात्रापात्रविवेको हितकाङ्क्षित्वं च निर्वहति ॥ ९३॥

સ્વ-પરના હિતકાંક્ષી સાધુ ધર્મરહસ્ય સમજાવે છે. પાત્ર-અપાત્રના વિવેકવાળા સાધુ હિતકાંક્ષાને (=સ્વ-પરનું હિત કરવાની ઇચ્છાને) પૂરી કરે છે.

**વિશેષાર્થઃ**- સ્વ-પરના હિતની કાંક્ષા હોવા છતાં સ્વ-પરનું હિત કેવી રીતે થાય તેનું જ્ઞાન ન હોય તો એ કાંક્ષા પૂરી ન થાય. ધર્મનું રહસ્ય સમજવાથી અને સમજાવવાથી સ્વ-પરનું હિત થાય. માટે અહીં કહ્યું કે સ્વ-પરના હિતકાંક્ષી સાધુ ધર્મરહસ્ય સમજાવે છે.

ધર્મરહસ્ય યોગ્ય જીવ જ સમજી શકે, અયોગ્ય જીવ ધર્મરહસ્ય ન સમજી શકે. એથી કયો જીવ ધર્મરહસ્ય સમજાવવા માટે યોગ્ય છે, અને કયો જીવ અયોગ્ય છે, એમ યોગ્ય-અયોગ્યનો વિવેક હોવો જરૂરી છે. માટે અહીં કહ્યું કે પાત્ર-અપાત્રમાં વિવેકવાળા સાધુ હિતકાંક્ષાને પૂરી કરે છે. (૯૩)

**पत्तंमि देसणा खलु, णियमा कल्लाणसाहणं होइ ॥**
**कुणइ अ अपत्तपत्ता, विणिवायसहस्सकोडीओ ॥ ९४॥**
पात्रे देशना खलु, नियमात्कल्याणसाधनं भवति ॥
करोति चाऽपात्रप्राप्ता, विनिपातसहस्रकोटीः ॥ ९४॥

## અપાત્રમાં દેશનાથી અનર્થો

પાત્રમાં ગયેલી દેશના નિયમા કલ્યાણસાધક બને છે. અપાત્રમાં ગયેલી દેશના હજાર ક્રોડો (= અનેક ખર્વો) જેટલા વિનાશ (=અનર્થો) કરે છે. (૯૪)

**विफला इमा अपत्ते, दुस्सण्णप्पा तओ जओ भणिआ ॥**
**पढमे दुट्ठे बितिए, मूढे वुग्गाहिए तइए ॥ ९५॥**

विफलेयमपात्रे, दुःसंज्ञात्मानस्त्रयो यतो भणिताः ।
प्रथमो द्विष्टो द्वितीयो, मूढो व्युद्ग्राहितस्तृतीयः ॥ ९५॥

અપાત્રમાં ગયેલી દેશના નિષ્ફલ થાય છે કે વિપરીત ફલ આપનારી થાય છે. આથી ત્રણને દુર્બોધ્ય કહ્યા છે. તેમાં પહેલો દ્વિષ્ટ, બીજો મૂઢ અને ત્રીજો વ્યુદ્ગ્રાહિત દુર્બોધ્ય છે. (૯૫)

**आमे घडे णिहित्तं, जहा जलं तं घडं विणासेइ ॥**
**इय सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥ ९६॥**
आमे घटे निषिक्तं, यथा जलं तं घटं विनाशयति ॥
इति सिद्धान्तरहस्यं, अल्पाधारं विनाशयति॥ ९६॥

आमे घटे निषिक्तं सत् यथा जलं तं घटमामं विनाशयति, 'इय' एवं सिद्धान्तरहस्यमप्यल्पाधारं प्राणिनं विनाशयतीति गाथार्थः ॥ ९८२॥ पञ्चवस्तुक०

જેમ (માટીના) કાચા ઘડામાં નાખેલું પાણી કાચા ઘડાનો નાશ કરે છે, તેમ અયોગ્યને આપેલું સિદ્ધાંતોનું રહસ્ય તેના આત્માનો નાશ કરે છે. (૯૬)

**ण य एवं संकोए, ण जुज्जए तत्थ पुण य तुल्लत्तं ॥**
**जं तं मज्झत्थत्तं, अविक्खणओ सव्वतुल्लत्तं ॥ ९७॥**
न चैवं सङ्कोचे, न युज्यते तत्र पुनश्च तुल्यत्वम् ॥
यत्तन्मध्यस्थत्वं, अपेक्षणतः सर्वतुल्यत्वम् ॥ ९७॥

### યોગ્યને જ ધર્મોપદેશ અપાય.

**પૂર્વપક્ષઃ-** આ રીતે તો દેશનાનો સંકોચ થાય, એટલે કે બહુ જ થોડા જીવોને દેશના આપી શકાય.

**ઉત્તરપક્ષઃ-** (ण य एवं संकोए=) પરમાર્થથી આ સંકોચ (દોષરૂપ) નથી. કારણ કે (ण जुज्जए तत्थ पुण य तुल्लत्तं=) દેશનામાં તુલ્યપણું યોગ્ય નથી, એટલે કે પાત્ર-અપાત્રનો ભેદ પાડ્યા વિના બધાને એક સરખી દેશના આપવી એ યોગ્ય નથી.

**પૂર્વપક્ષઃ-** આ જ ગ્રંથમાં ૭૦મી ગાથામાં દેશના આપવાને લાયક જીવનું વર્ણન કરતાં મધ્યસ્થ સાધુ દેશના આપવાને લાયક છે એમ કહ્યું છે. પાત્ર-અપાત્રનો ભેદ પાડવામાં મધ્યસ્થપણું રહેતું નથી. તથા આચારાંગમાં કહ્યું છે કે-जहा पुण्णस्स कत्थई तहा तुच्छस्स कत्थई, जहा तुच्छस्स कत्थई तहा पुण्णस्स कत्थइ (आ. सू. १०२) "જે રીતે પુણ્યશાળી રાજા વગેરેને ધર્મ કહે તે જ રીતે તુચ્છ-ગરીબ વગેરેને પણ ધર્મ કહે. જે રીતે તુચ્છને કહે તે રીતે પુણ્યશાળીને કહે." આ પ્રમાણે આચારાંગસૂત્રમાં બધાને સમાનપણે દેશના આપવાનું કહ્યું છે. પાત્ર-અપાત્રના ભેદમાં સર્વસમાનતા રહેતી નથી.

**ઉત્તરપક્ષઃ-** (जं मज्झत्थं तं अविक्खणओ सव्वतुल्लत्तं=) જે મધ્યસ્થપણું કહ્યું છે તે (अपेक्षणतः=) આપેક્ષિક સર્વતુલ્યત્વરૂપ છે, નિરપેક્ષ સર્વતુલ્યત્વરૂપ નથી. મતલબ કે મધ્યસ્થત્વ એટલે નિઃસ્પૃહતાની અપેક્ષાએ સર્વપ્રત્યે સમાનતાની ભાવના. આથી "જે રીતે પુણ્યશાળી રાજા વગેરેને ધર્મ કહે" ઇત્યાદિ જે કહ્યું છે તે નિઃસ્પૃહતાની અપેક્ષાએ કહ્યું છે, એટલે કે રાજા વગેરેને ધર્મોપદેશ આપતી વખતે નિઃસ્પૃહ રહેવું એ જણાવવા માટે કહ્યું છે. રાજા વસ્ત્ર-પાત્રાદિ આપે એવી અપેક્ષા રાખીને રાજાને આદરથી ધર્મોપદેશ આપવો, અને તુચ્છ પાસેથી કશું મળવાનું નથી તેથી તેને ઉપેક્ષાથી ધર્મોપદેશ આપવો. આવું ન કરવા માટે "જે રીતે પુણ્યશાળી રાજા વગેરેને ધર્મ કહે" ઇત્યાદિ કહ્યું છે. (૯૭)

**केऽयं पुरिसे इच्चाइ, वयणओ च्चिय ववट्ठियं एयं ॥**
**इय देसणा विसुद्धा, इयरा मिच्छत्तगमणाई ॥ ९८ ॥**

कश्चायं पुरुष (कं च नतः), इत्यादिवचनत एव व्यवस्थितमेतत् ॥
इति देशना विशुद्धा, इतरा मिथ्यात्वगमनादयः ॥ ९८ ॥

આ વિષય "આ પુરુષ કોણ છે ?" ઇત્યાદિ પાઠથી જ વ્યવસ્થિત= નિશ્ચિત કરાયેલો છે. આવા પ્રકારની દેશના વિશુદ્ધ છે. આ સિવાયની બીજી દેશના મિથ્યાત્વગમન વગેરે રૂપ છે, અર્થાત્ આ સિવાયની બીજી દેશના મિથ્યાત્વની પ્રાપ્તિ વગેરે દોષોને કરનારી છે.

**વિશેષાર્થઃ-** આ વિષય એટલે ધર્મદેશના યોગ્યને જ અપાય, અયોગ્યને ન અપાય એ વિષય.

આચારાંગમાં "अवि य हणे अणाइयमाणे एत्थं पि जाण सेयं ति णत्थि केऽयं पुरिसे कं च णए त्ति" (सूत्रं १०३) આવો પાઠ છે. તેનો અર્થ આ પ્રમાણે છે- અનાદર કરાતો રાજા (ગુસ્સે થઈને) હણી પણ નાંખે. પર્ષદાને અવિધિથી ઉપદેશ આપવામાં "આ ધર્મકથાથી પણ કલ્યાણ જ થવાનું છે એવું નથી." એમ તું જાણ. તો પછી ધર્મોપદેશ કઈ રીતે આપવો એ જણાવવા આગળ કહે છે કે -"આ પુરુષ કોણ છે ? આ પુરુષ ભદ્રક છે કે મહામિથ્યાત્વી છે ? કયા દેવને નમેલો છે ? = કયા દેવનો ભક્ત છે" ઈત્યાદિ વિચારીને યથાયોગ્ય ઉપદેશ આપવો.

અથવા આચારાંગમાં આવો પણ પાઠાંતર છે. जे खलु समणे बहुस्सुए बज्झागमे आहरणहेउकुसले धम्मकहालद्धिसंपन्ने खेत्तं कालं पुरिसं समासज्ज केऽयं पुरिसे कं वा दरिसणमभिसंपन्नो ? एवं गुणजाइए पभू धम्मस्स आघवित्तए" इति। (सूत्रं-१९४)

આનો અર્થ આ પ્રમાણે છે-"જે શ્રમણ બહુશ્રુત, આગમજ્ઞ, ઉદાહરણ-હેતુમાં કુશલ, ધર્મકથાલબ્ધિસંપન્ન, તેવા પ્રકારના ક્ષેત્ર-કાલ-પુરુષને પ્રાપ્ત કરીને આ પુરુષ કોણ છે ? કયા દર્શનને માને છે ? એવું જાણવામાં કુશલ હોય, આવા પ્રકારના ગુણસમૂહવાળો શ્રમણ ધર્મનો ઉપદેશ આપવા માટે સમર્થ છે."

અહીં "આ પુરુષ કોણ છે ?" ઈત્યાદિ વિચારીને- જાણીને ધર્મોપદેશ આપવાનું કહ્યું એથી જ નિશ્ચિત થાય છે કે ગમે તેને ધર્મોપદેશ ન અપાય, કિંતુ યોગ્યને જ અપાય. તથા જે જીવ જેવા પ્રકારની દેશનાને યોગ્ય હોય તેને તેવા પ્રકારની જ દેશના અપાય. (૯૮)

## ઉત્તમશ્રદ્ધાનું ચોથું લક્ષણ સ્ખલિત પરિશુદ્ધિ

**आउट्टिआइजणिअं, कयाइ चरणस्स कहवि अइआरं ॥**
**णाऊण विअडणाए, सोहेंति मुणी विमलसद्धा ॥ ९९ ॥**

आकुट्टिकादिजनितं, कदाचिच्चरणस्य कथमप्यतिचारम् ॥
ज्ञात्वा विकटनया, शोषयन्ति मुनयो विमलश्रद्धाः ॥ ९९ ॥

વિમલ શ્રદ્ધાવાળા મુનિઓ ક્યારેક કોઈક રીતે આકુટ્ટિકા આદિથી ઉત્પન્ન થયેલા ચારિત્રસંબંધી અતિચારની આલોચનાથી શુદ્ધિ કરે છે.

**વિશેષાર્થ:-** વિમલ શ્રદ્ધાવાળા એટલે નિરતિચાર ચારિત્રધર્મની અભિલાષાવાળા. કોઈક રીતે એટલે કાંટાઓથી પૂર્ણ માર્ગમાં સાવધાનીથી પણ જતા પુરુષને કાંટા લાગી જાય તેમ. અતિચારોની શુદ્ધિ કરે છે એટલે અતિચારોને દૂર કરે છે. ગાથામાં રહેલા આદિ શબ્દથી દર્પ, પ્રમાદ અને કલ્પ એ ત્રણનું ગ્રહણ કરવું. આકુટ્ટિકા વગેરેનું સ્વરૂપ હવે પછીની ગાથામાં કહેશે. (૯૯)

**आउट्टिआ उविच्चा, दप्पो पुण होइ वग्गणाइओ ॥**
**विगहाइओ पमाओ, कप्पो पुण कारणे करणं ॥१००॥**

आकुट्टिका उपेत्य, दर्पः पुनर्भवति वल्गनादयः ॥
विकथादयः प्रमादः, कल्पः पुनः कारणे करणम् ॥ १०० ॥

इति तृतीयलिङ्गम्

આકુટ્ટિકા એટલે ઈરાદાપૂર્વક દોષ સેવવાનો ઉત્સાહ. દર્પ એટલે દોડવું, કૂદવું, ઓળંગવું વગેરે, અથવા હાસ્યજનક વચનો બોલવાં વગેરે. પ્રમાદ એટલે વિકથા વગેરે, કલ્પ એટલે પુષ્ટકારણથી ઉપયોગપૂર્વક યતનાથી દોષસેવન. (૧૦૦)

## ચોથું લક્ષણ ક્રિયામાં અપ્રમાદ

**सद्धालू अपमत्तो हविज्ज किरियासु जेण तेणेव ॥**
**किरियाणं साफल्लं, जं भणियं धम्मरयणंमि ॥ १०१ ॥**

श्रद्धालुरप्रमत्तो भवेत्क्रियासु येन तनैव ॥
क्रियाणां साफल्यं यद् भणितं धर्मरत्ने ॥ १०१ ॥

ભાવસાધુ શ્રદ્ધાળુ હોવાથી જ ક્રિયાઓમાં અપ્રમત્ત હોય છે. કારણ કે અપ્રમાદથી જ ક્રિયાઓ સફળ બને છે. ધર્મરત્ન પ્રકરણમાં નીચે મુજબ કહ્યું છે કે- (૧૦૧)

प्रमादस्यैव विशेषतोऽपायहेतुतामाह-

**पव्वज्जं विज्जं पि व, साहंतो होइ जो पमाइल्लो ॥**
**तस्स ण सिज्झइ एसा, करेइ गरुअं च अवयारं ॥ १०२॥**

प्रव्रज्यां विद्यामिव, साधयन्भवति यः प्रमादवान् ॥
तस्य न सिद्धयत्येषा, करोति गुरुकं चाऽपकारम् ॥ १०२॥

प्रव्रज्यां-जिनदीक्षां विद्यामिव-स्त्रीदेवताधिष्ठितामिव साधयन् भवति यः 'पमाइल्लु'त्ति प्रमादवान् ''आल्विल्लोल्लालवन्तमन्तेत्तेरमणा मतोः'' इति वचनात्, तस्य प्रमादवतो न सिध्यति=न फलदानाय संपद्यते एषा पारमेश्वरी दीक्षा विद्येव चकारस्य भिन्नक्रमत्वात् करोति च गुरुं - महान्तमपकारमनर्थ-मिति। भावार्थः पुनरयम्-यथाऽत्र प्रमादवतः साधकस्य विद्या फलदा न भवति, ग्रहसंक्रमादिकमनर्थं च सम्पादयति, तथा शीतलविहारिणो जिन-दीक्षापि न केवलं सुगतिसम्पत्तये न भवति, किन्तु देवदुर्गतिं दीर्घभव-भ्रमणापायं च विदधाति । आर्यमङ्गोरिव ।

**उक्तं च-**

''सीयलविहारओ खलु, भगवंतासायणा निओएण ।
तत्तो भवो सुदीहो, किलेसबहुलो जओ भणियं ॥
तित्थयरपवयणसुयं, आयरियं गणहरं महिड्ढीयं ।
आसायंतो बहुसो, अणंतसंसारिओ भणिओ'' ॥ त्ति ॥

तस्मादप्रमादिना साधुना भवितव्यमिति ।

**आर्यमङ्गुकथा चैवम्-**

इह अज्जमंगुसूरी, ससमयपरसमयकणयकसवट्टो ।
बहुभत्तिजुत्तसुस्सूससिस्ससुत्तत्थदाणपरो ॥ १ ॥

सद्धम्मदेसणाए, पडिबोहियभवियलोयसन्दोहो ।
कइयावि विहारेणं, पत्तो महुराइ नयरीए ॥ २॥
सो गाढपमायपिसायगहियहियओ विमुक्कतवचरणो ।
गारवतिगपडिबद्धो, सड्ढेसु ममत्तसंजुत्तो ॥ ३॥
अणवरयभत्तजणदिज्जमाणरुइरन्नवत्थलोभेण ।
वुत्थो तहिं चिय चिरं, दूरुज्झियउज्जुयविहारो ॥ ४॥
दढसिढिलियसामन्नो, निस्सामन्नं पमायमचइत्ता ।
कालेण मरिय जाओ, जक्खो तत्थेव निद्धमणे ॥ ५॥
मुणिउं नियनाणेणं, पुव्वभवं तो विचिंतए एवं ।
हा हा ! पावेण मए, पमायमयमत्तचित्तेण ॥ ६॥
पडिपुन्नपुन्नलब्भं, दोगच्चहरं महानिहाणं व ।
लद्धंपि जिणमयमिणं, कहं नु विहलत्तमुवणीयं ? ॥ ७॥
माणुस्सखित्तजाईपमुहं लद्धंपि धम्मसामग्गिं ।
हा हा ! पमायभट्ठं, इत्तो कत्तो लहिस्सामि ? ॥ ८॥
हा ! जीव ! पाव ! तइया इड्ढीरसगारवाण विरसत्तं ।
सत्थत्थजाणगेणवि हयास ! नहु लक्खियं तइया ॥ ९॥
चउदसपुव्वधरा वि हु, पमायओ जंति णंतकाएसु ।
एयंपि हहा! हा ! पावजीव, न तए तया सरियं ? ॥ १०॥
धिद्धी मइसुहमत्तं, धिद्धी मह बहुयसत्थकुसलत्तं ।
धिद्धी परोवएसप्पहाणपंडिच्चमच्चन्तं ॥ ११॥
एवं पमायदुव्विलसियं नियं जायपरमनिव्वेओ ।
निंदन्तो दिवसाइं गमेइ सो गुत्तिं वत्तु व्व ॥ १२॥
अह तेण पएसेणं, वियारभूमीइं गच्छमाणे ते ।
दट्ठूण नियविणेए, तेसिं पडिबोहणनिमित्तं ॥ १३॥
जक्खपडिमामुहाओ, दीहं निस्सारिउं ठिओ जीहं ।
तं च पलोइय मुणिणो, आसन्ना होउ इय बिंति ॥ १४॥
जो कोइ इत्थ देवो, जक्खो रक्खो व किंनरो वा वि ।
सो पयडं चिय पभणउ, न किंपि एवं वयं मुणिमो ॥ १५॥

तो सविसायं जक्खो, जंपइ भो! भो! तवस्सिणो ! सो हं ।
तुम्ह गुरू किरियाए, सुपमत्तो अज्जमंगु त्ति ॥ १६ ॥
साहूहिवि पडिभणियं, विसन्नहियएहिं हा सुयनिहाण! ।
किह देवदुग्गइमिमं, पत्तो सि अहो ! महच्छरियं ॥ १७ ॥
जक्खोवि आह न इमं, चुज्जं इह साहुणो महाभागा ! ।
एसच्चिय होइ गई, पमायवससिढिलचरणाणं ॥ १८ ॥
ओसन्नविहारीणं, इड्ढीरससायगारवगुरूणं ।
उम्मुक्कसाहुकिरियाभराण अम्हारिसाण फुडं ॥ १९ ॥
इय मज्झ कुदेवत्तं, भो भो मुणिणो ! वियाणिउं संमं ।
जइ सुगईए कज्जं, जइ भीया कुगइगमणाओ ॥ २० ॥
ता गयसयलपमाया, विहारकरणुज्जुया चरणजुत्ता ।
गारवरहिया अममा, होह सया तिव्वतवकलिया ॥ २१ ॥
भो ! भो ! देवाणुप्पिय ! सम्मं पडिबोहिया तए अम्हे ।
इय जंपिय ते मुणिणो, पडिवन्ना संजमुज्जोयं ॥ २२ ॥
इति सूरिरार्यमङ्गुर्मङ्गुलफलमलभत प्रमादवशात् ।
तत् सद्यः शुभमतयः, सदोद्यता भवत चरणभरे ॥ २३ ॥

**પ્રમાદ જ વિશેષથી અનર્થનું કારણ છે એમ ગ્રંથકાર કહે છે:-**

વિદ્યાની જેમ પ્રવ્રજ્યાને સાધતો જે સાધુ પ્રમાદી બને તેને પ્રવ્રજ્યા સિદ્ધ થતી નથી, અને મહાન અનર્થ કરે છે. જેમ કે આર્યમંગુસૂરિ.

**વિશેષાર્થ:-** જેવી રીતે પ્રમાદી સાધકને વિદ્યા ફળ આપનારી બનતી નથી, અને વધારામાં ગ્રહવળગાડ વગેરે અનર્થને કરે છે, તે રીતે શિથિલ સાધુની જિનદીક્ષા પણ સુગતિ આપનારી બનતી નથી, એટલું જ નહિ, પણ મંગુ આચાર્યની જેમ હલકી દેવગતિ અને ભવભ્રમણ રૂપ અનર્થને કરે છે. કહ્યું છે કે- "શિથિલ સંયમથી અવશ્ય ભગવાનની આશાતના થાય છે. ભગવાનની આશાતનાથી ક્લેશની બહુલતાવાળો અત્યંત દીર્ઘ સંસાર થાય છે. કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય અને

મહર્ધિક (=જ્ઞાનાદિ ઋદ્ધિ સંપન્ન) ગણધરની વારંવાર આશાતના કરનારને અનંત સંસારી કહ્યો છે.” તેથી સાધુએ અપ્રમાદી બનવું જોઈએ.

## આર્યમંગુસૂરિનું દૃષ્ટાંત

સ્વશાસ્ત્ર-પરશાસ્ત્રરૂપ સુવર્ણની પરીક્ષા માટે કસોટી સમાન આર્યમંગુસૂરિ હતા. તેઓ બહુભક્તિથી યુક્ત અને સેવા કરનારા શિષ્યોને સૂત્ર-અર્થનું દાન કરવામાં તત્પર હતા. તેમણે સદ્ધર્મની દેશનાથી ભવ્યલોકોને પ્રતિબોધ પમાડ્યો હતો. તે આચાર્ય વિહાર કરતાં ક્યારેક મથુરાનગરીમાં આવ્યા. તેમના હૃદયને ગાઢપ્રમાદરૂપ પિશાચે પકડી લીધું. આથી તેમણે તપ-ચારિત્રને મૂકી દીધાં. ત્રણ ગારવમાં આસક્ત બની ગયા. શ્રાવકોમાં મમતાવાળા થયા. ભક્તજનોથી સતત અપાતા સુંદર અન્ન અને વસ્ત્રના લોભથી લાંબા કાળ સુધી ત્યાં જ રહ્યા અને ઉદ્યત વિહારનો દૂરથી ત્યાગ કરી દીધો. અત્યંતશિથિલ ચારિત્રવાળા તે જેનાથી શ્રમણપણું ન રહે તેવા પ્રમાદનો ત્યાગ કર્યા વિના આયુષ્ય પૂર્ણ થતાં મૃત્યુ પામીને તે જ નગરીની ખાળ પાસે યક્ષ તરીકે ઉત્પન્ન થયા. (યક્ષના મંદિરના અધિષ્ઠાયક થયા.) પોતાના વિભંગજ્ઞાનથી પૂર્વભવને જાણીને તે આ પ્રમાણે વિચારવા લાગ્યાઃ હા હા ! પાપી એવા મેં પ્રમાદ અને મદથી ઉન્મત્ત ચિત્તવાળા બનીને પૂરા પુણ્યથી મેળવી શકાય તેવું અને મહાનિધાનની જેમ દુઃખને હરનારું પ્રાપ્ત થયેલું પણ આ જૈનશાસન શા માટે નિષ્ફળ બનાવ્યું ? હા હા ! મનુષ્યભવ, આર્યક્ષેત્ર, આર્યજાતિ વગેરે પ્રાપ્ત થયેલી પણ ધર્મસામગ્રી પ્રમાદથી નાશ પામી. હવે એ સામગ્રીને ક્યાંથી પામીશ ! હા પાપી જીવ ! હે હતાશ ! ત્યારે શાસ્ત્રોના અર્થોને જાણકાર હોવા છતાં ઋદ્ધિગારવ અને રસગારવનું ભવિષ્યમાં થનારું દુઃખ ન જાણ્યું. પ્રમાદથી ચૌદપૂર્વધરો પણ અનંતકાયમાં જાય છે. હહા! હા ! હે પાપી જીવ ! આ પણ (પ્રમાદથી ચૌદપૂર્વધરોમાં નિગોદમાં જાય છે એ પણ) તે વખતે તેં યાદ ન કર્યું ! ધિક્કાર છે મારી સૂક્ષ્મ મતિને ! ધિક્કાર છે મારી ઘણાં શાસ્ત્રોમાં કુશલતાને ! ધિક્કાર છે મારા કેવલ પરોપદેશમાં અતિશય પાંડિત્યને ! આ પ્રમાણે પરમનિર્વેદને પામેલો તે પોતાના પ્રમાદથી કરેલા દુષ્ટ આચરણની

નિંદા કરતો કેદીની જેમ દિવસો પસાર કરવા લાગ્યો. હવે (એકવાર) તે સ્થાનથી સ્થંડિલભૂમિમાં જતા પોતાના તે શિષ્યોને જોઇને તેમને પ્રતિબોધ પમાડવા માટે યક્ષપ્રતિમાના મુખમાંથી લાંબી જીભ બહાર કાઢીને રહ્યો. તેને જોઇને સાધુઓ તેની નજીકમાં આવીને આ પ્રમાણે બોલ્યાઃ અહીં યક્ષ, રાક્ષસ કે કિંનર જે કોઇ દેવ હોય તે પ્રગટ જ કહે, આ પ્રમાણે અમે કાંઇ પણ જાણતા નથી. તેથી વિષાદસહિત યક્ષે કહ્યુંઃ હે તપસ્વીઓ ! તે હું તમારો ક્રિયામાં અત્યંત પ્રમાદી આર્ય મંગુ ગુરુ છું. ખેદથી ભરેલા હૃદયવાળા સાધુઓએ પૂછ્યુંઃ હે શ્રુતનિધાન ! આપ આ દેવદુર્ગતિને કેવી રીતે પામ્યા ? અહો ! આ મોટું આશ્ચર્ય છે ! યક્ષે પણ ઉત્તર આપ્યોઃ હે ભાગ્યવંત સાધુઓ ! અહીં આ જરાય આશ્ચર્ય નથી. પ્રમાદના કારણે શિથિલ ચારિત્રવાળા, શિથિલ આચારવાળા, રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવથી ભારી બનેલા, સાધુક્રિયાઓને મૂકી દેનારા, અમારા જેવાની સ્પષ્ટ આ જ ગતિ થાય. હે મુનિઓ ! આ પ્રમાણે મારા કુદેવપણાને સારી રીતે જાણીને જો તમને સુગતિ જોઇતી હોય અને જો તમે કુગતિગમનથી ભય પામ્યા હો તો સદા સકલ પ્રમાદથી રહિત, વિહાર કરવામાં ઉદ્યત, ચારિત્ર સંપન્ન, ગારવથી રહિત, નિર્મમ અને તીવ્રતપથી યુક્ત બનો. મુનિઓએ કહ્યુંઃ હે દેવાનુપ્રિય ! આપે અમને સારી રીતે બોધ પમાડ્યો. પછી તે મુનિઓ સંયમમાં ઉદ્યમ કરવા લાગ્યા. આ પ્રમાણે આર્યમંગુસૂરિએ પ્રમાદના કારણે અનિષ્ટ ફળ મેળવ્યું. તેથી હે શુભમતિ સાધુઓ ! તમે જલદી ચારિત્રનો ભાર ઉપાડવામાં સદા ઉદ્યમી બનો. [૧૦૨]

प्रमादस्यैव युक्त्यन्तरेण निषेधमाह-

**पडिलेहणाइचिट्ठा, छक्कायविघाइणी पमत्तस्स ।**
**भणिआ सुअंमि तम्हा, अपमाई सुविहिओ हुज्जा ॥ १०३ ॥**

प्रतिलेखनादिचेष्टा षट्कायविघातिनी प्रमत्तस्य ॥
भणिता श्रुते तस्मादप्रमादी सुविहितो भवेत् ॥ १०३ ॥

प्रत्युपेक्षणा प्रतिलेखना, आदिशब्दाद् गमनादिपरिग्रहः, चेष्टा क्रिया व्यापार इत्येकोऽर्थः, षट्कायविघातिनी प्रमत्तस्य साधोर्भणितोक्ता श्रुते-सिद्धान्ते,

**तद्यथा-**

''पडिलेहणं कुणंतो, मिहो कहं कुणइ जणवयकहं वा ।
देइ व पच्चक्खाणं, वाएइ सयं पडिच्छइ वा ॥ १॥
पुढवीआउक्काए, तेऊवाऊवणस्सइतसाणं ।
पडिलेहणापमत्तो, छण्हंपि विराहओ होई ॥ २॥
घडगाइपलोट्टणया, मट्टी अगणी य बीयकुंथाई ।
उदगगया व तसेयर ओमुय संघट्ट झामणया ॥ ३॥
इय दव्वओ उ छण्हं विराहओ भावओ इहरहावि ।
उवउत्तो पुण साहू, संपत्तीए अवहओ य ॥ ४॥ इत्यादि'' ।

तस्मात्सर्वव्यापारेष्वप्रमादी सुविहितः, शोभनं विहितमनुष्ठानं यस्य स सुविहितो भवेज्जायेतेति । (ધ. ર. પ્ર. ગા. ૧૧૨)

**પ્રમાદનો જ બીજી યુક્તિથી નિષેધ કહે છે, અર્થાત્ પ્રમાદ ન કરવાનું કહે છે.**

શાસ્ત્રમાં પ્રમાદી સાધુની પડિલેહણ આદિ ક્રિયાને છકાયનો વિઘાત કરનારી કહી છે. આથી સર્વ ક્રિયાઓમાં અપ્રમાદી અને સુવિહિત (=સારા અનુષ્ઠાન કરનારા) થવું.

**પ્રમાદીની ક્રિયા છકાયવિઘાતક બને.**

**વિશેષાર્થઃ-** ઓઘનિર્યુક્તિ (ગા. ૨૭૨ વગેરે) શાસ્ત્રમાં કહ્યું છે કે- ''પડિલેહણાને કરતો સાધુ જો પરસ્પર કથા કરે, દેશકથા કરે, શ્રાવક વગેરેને પચ્ચક્ખાણ આપે, કોઈ સાધુને ભણાવે અથવા સ્વયં અન્યથી અપાતા આલાવાને ગ્રહણ કરે તો પડિલેહણમાં પ્રમાદી બનેલો તે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છએ જીવનિકાયનો વિરાધક બને છે. કેવી રીતે છ જીવનિકાયનો વિરાધક બને તે જણાવતાં કહે છે કે- ''પડિલેહણા કરનાર સાધુ કોઈ કુંભાર વગેરેના સ્થાનમાં પડિલેહણા કરતાં જો વચ્ચે કંઈ બોલે; તો પડિલેહણામાં ઉપયોગ ન રહે. તેથી પડિલેહણા કરતાં પાણીનું ભાજન ઘટ વગેરેને ધક્કો લાગી જતાં તે ઘડા વગેરેમાંથી પાણી ઢોળાય. એ પાણી સચિત્ત માટી, અગ્નિ, અનાજનાં કણરૂપ બીજ વગેરે વનસ્પતિ કે કુંથુઆ વગેરે ત્રસ જીવોની ઉપર પડે. તેથી તે તે કાયના જીવોનો નાશ કરે.

જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ પણ અવશ્ય હોય. એથી તેની પણ વિરાધના થાય. અથવા ઢળેલા ઘડાના પાણીમાં 'પોરા' વગેરે ત્રસ જીવો હોય તો તે પણ મરે. વળી બીજા વનસ્પતિકાય વગેરે જીવો પણ નાશ પામે. તથા પડિલેહણામાં ઉપયોગ ન રાખનાર સાધુ અગ્નિવાળા ઉંબાડીઆને અડકે તો તેના હાલવાથી બીજો પણ અગ્નિ સળગે. તેથી સંયમ અને આત્મા એ બંનેની વિરાધના થાય. (इहरहा वि=) દ્રવ્યથી એક પણ જીવની વિરાધના ન થવા છતાં પ્રમાદી સાધુ (=भावओ) ભાવથી છએ જીવનિકાયની વિરાધના કરનારો બને છે. ઉપયોગવાળો સાધુ (संपत्तीए=) જીવવધ થવા છતાં (अवहओ=) જીવવધ કરનારો થતો નથી." (૧૦૩)

अथ कीदृगप्रमादी स्यादित्याह-

**रक्खइ वएसु खलिअं, उवउत्तो होइ समिइगुत्तीसु ॥**
**वज्जइ अवज्जहेउं, पमायचरिअं सुथिरचित्तो ॥ १०४॥**

रक्षति व्रतेषु स्खलितं, उपयुक्तो भवति समितिगुप्तिषु ॥
वर्जयत्यवद्यहेतुं, प्रमादचरितं सुस्थिरचित्तः ॥ १०४॥

रक्षति-अकरणवुद्ध्या परिहरति व्रतेषु विषयभूतेषु स्खलितमतिचारम् । तत्र प्राणातिपातविरतौ त्रसस्थावरजन्तूनां संघट्टनपरितापनापद्रावणानि न करोति। मृषावादविरतौ सूक्ष्ममनाभोगादिना बादरं वञ्चनाभिसंधिनाऽलीकं न भाषते । अदत्तादानविरतौ सूक्ष्मं स्थानाद्यननुज्ञाप्य न करोति, बादरं स्वामिजीवतीर्थकरगुरुभिरननुज्ञातं नादत्ते नापि परिभुङ्क्ते । चतुर्थव्रते-

"वसहिकहनिसिज्जिंदियकुड्डुंतरपुव्वकीलियपणीए ।
अइमायाहारविभूसणाइं नव बंभगुत्तीओ ॥"

इति नवगुप्तिसनाथं ब्रह्मचर्यं पालयति । पञ्चमव्रते सूक्ष्मं बालादिममत्वं न करोति, बादरमनेषणीयाहारादि न गृह्णाति, "परिग्गहोऽणेसणग्गहणे" इत्याप्तवचनात् । उपकरणं वा न मूर्छया समधिकं धारयति, "मुच्छा परिग्गहो वुत्तो" इति वचनात् । रात्रिभक्तविरतौ सूक्ष्मं शुष्कसंनिधिमपि न रक्षति, बादरं

तु-"दिवागहियं दिवाभुत्तं, दिवागहियं राओभुत्तं, राओगहियं दिवाभुत्तं, राओगहियं राओभुत्तं" इति चतुर्विधामपि रात्रिभुक्तिं न करोति, एवं सर्वव्रतेषु स्खलितं रक्षति । तथोपयुक्तो-दत्तावधानो भवति समितिषु प्रवीचाररूपासु ।

**उक्तं च-**

"समिओ नियमा गुत्तो, गुत्तो समियत्तणंमि भइयव्वो ।
कुसलवइमुदीरंतो जं वइगुत्तोवि समिओ वि ॥"

गुप्तिष्वप्रवीचारप्रवीचाररूपासु, उपयुक्तता चासु प्रवचनमात्रध्ययनोक्तविधिना विज्ञेया । किं बहुना, वर्जयत्यवद्यहेतुं-परिहरति पापकारणं प्रमादचरितं सुस्थिरचित्त इति स्पष्टार्थमेवेति । (ध. र. प्र. ગા. ૧૧૩)

**અપ્રમાદી કેવો હોય તે કહે છે:-**

અપ્રમાદી સાધુ વ્રતોમાં અતિચારનો ત્યાગ કરે છે, સમિતિ-ગુપ્તિમાં ઉપયુક્ત બને છે, સ્થિરચત્તવાળો તે પાપહેતુ પ્રમાદાચરણનો ત્યાગ કરે છે.

**વિશેષાર્થ:-** વ્રતોમાં અતિચારનો ત્યાગ આ પ્રમાણે કરે- પ્રાણાતિપાત વિરતિમાં ત્રસ-સ્થાવર જીવોનું સંઘટ્ટન, પરિતાપન, અપદ્રાવણ(=પીડા) ન કરે. મૃષાવાદ વિરતિમાં અનાભોગ આદિથી સૂક્ષ્મ અને છેતરવાના આશયથી બાદર અસત્ય ન બોલે, અદત્તાદાનવિરતિમાં રજા લીધા વિના સ્થાનનો ઉપભોગ કરવો વગેરે સૂક્ષ્મ અતિચારનો ત્યાગ કરે. સ્વામી, જીવ, તીર્થંકર અને ગુરુથી રજા નહિ અપાયેલું લે નહિ અને તેનો ઉપભોગ પણ કરે નહિ. આ રીતે બાદર અતિચારનો ત્યાગ કરે. ચોથા વ્રતમાં વસતિ, કથા, નિષદ્યા, ઇંદ્રિય, કુડ્યંતર, પૂર્વક્રીડિત, પ્રણીત, અતિમાત્ર આહાર અને વિભૂષા એ નવ બ્રહ્મચર્યગુપ્તિ સહિત બ્રહ્મચર્યનું પાલન કરે. પાંચમા વ્રતમાં બાળક વગેરે ઉપર મમતા રૂપ સૂક્ષ્મ અતિચારનો ત્યાગ કરે. અનેષણીય આહાર ન ગ્રહણ કરીને બાદર અતિચારનો ત્યાગ કરે.

**પ્રશ્ન:-** અનેષણીય આહાર ગ્રહણ કરવામાં પરિગ્રહરૂપ દોષ કેમ લાગે?

**ઉત્તર:-** અનેષણીય આહારગ્રહણ કરવામાં પરિગ્રહ દોષ લાગે એવું આપ્તવચન છે.

અથવા મૂર્ચ્છાથી જરૂરિયાત કરતાં અધિક ઉપકરણ ન રાખે. કારણ કે મહાવીર ભગવાને "મૂર્ચ્છાને પરિગ્રહ કહ્યો છે" એવું શાસ્ત્ર વચન છે.

રાત્રિભોજન વિરતિમાં સૂક્ષ્મ શુષ્ક સંનિધિ પણ ન રાખે. બાદર દોષના ત્યાગમાં દિવસે લીધેલું દિવસે વાપર્યું (પહેલા દિવસે વહોરીને રાત્રે મૂકી રાખે અને બીજા દિવસે વાપરે), દિવસે લીધેલું રાત્રે (સૂર્યાસ્ત પછી) વાપર્યું, રાત્રે (સૂર્યોદય પહેલાં) લીધેલું દિવસે વાપર્યું, રાત્રે લીધેલું રાત્રે વાપર્યું. એ ચારે પ્રકારના રાત્રિ ભોજનનો ત્યાગ કરે છે. આ પ્રમાણે સર્વ વ્રતોમાં અતિચારનો ત્યાગ કરે છે.

અપ્રમાદી સાધુ સમિતિ-ગુપ્તિમાં ઉપયુક્ત=ઉપયોગવાળો બને છે. સમિતિ વચન-કાયાની પ્રવૃત્તિ રૂપ છે. અને ગુપ્તિ પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભય સ્વરૂપ છે. (ઉપદેશ પદ ગા. ૬૦૫માં) કહ્યું છે કે "સમિત (=સમિતિવાળો) આત્મા નિયમા ગુપ્ત (=ગુપ્તિવાળો) હોય. ગુપ્ત આત્મા સમિત હોય કે ન પણ હોય. કારણ કે કુશળ વાણીને બોલતો આત્મા વચનથી ગુપ્ત પણ છે, અને સમિત પણ છે. અર્થાત્ વચનગુપ્તિવાળો પણ છે, અને ભાષાસમિતિવાળો પણ છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે-જ્યારે જીવ ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિમાંથી કોઈપણ એક સમિતિનું પાલન કરતો હોય ત્યારે જેમ સમિત(=સમિતિવાળો) છે, તેમ ગુપ્ત (=ગુપ્તિવાળો) પણ હોય. તે આ પ્રમાણેઃ- જીવ ભાષાસમિતિનું પાલન કરતો હોય ત્યારે ભાષાગુપ્તિનું લક્ષણ ઘટતું હોવાથી ભાષાગુપ્તિ પણ હોય. બાકીની ચાર સમિતિનું પાલન કરતો હોય ત્યારે કાયગુપ્તિનું લક્ષણ ઘટતું હોવાથી કાયગુપ્તિ પણ છે. પાંચેય સમિતિના પાલન વખતે મનોગુપ્તિનું લક્ષણ ઘટતું હોવાથી પાંચેય સમિતિ વખતે મનોગુપ્તિ પણ હોય. યોગશાસ્ત્રમાં કરેલી વચનગુપ્તિની બીજી વ્યાખ્યા પ્રમાણે આત્મા જયારે વચનગુપ્ત હોય ત્યારે ભાષાસમિત પણ હોય. એજ રીતે કાયગુપ્તિની બીજી વ્યાખ્યા પ્રમાણે કાયગુપ્ત હોય ત્યારે કાયસમિત પણ હોય.

જીવ જ્યારે માનસિક ધ્યાનમાં હોય ત્યારે મનોગુપ્તિ હોય, સમિતિ એકેય ન હોય, આથી માનસિક ધ્યાનમાં જીવ ગુપ્ત હોય, પણ સમિત ન હોય. જીવ જયારે મૌન હોય ત્યારે વચનગુપ્તિ હોય, પણ ભાષાસમિતિ ન

હોય. જીવ જ્યારે કાયોત્સર્ગમાં સ્થિર હોય ત્યારે કાયગુપ્તિ હોય, પણ સમિતિ એકેય ન હોય. આમ સમિત આત્મા નિયમા ગુપ્ત હોય, પણ ગુપ્ત આત્મા સમિત હોય કે ન પણ હોય. (૧૦૪)

**कालंमि अणूणहिअं, किरियंतरविरहिओ जहासुत्तं ॥**
**आयरइ सव्वकिरियं, अपमाई जो इह चरित्ती ॥ १०५॥**

कालेऽन्यूनाधिकां, क्रियान्तरविरहितो यथासूत्रम् ॥
आचरति सर्वां क्रियामप्रमादी य इह चारित्री ॥१०५॥

काले-अवसरे यो यस्याः प्रत्युपेक्षणादिक्रियायाः प्रस्तावस्तस्मिन्नित्यर्थः, कालमन्तरेण कृष्यादयोऽपि नेष्टसिद्धये स्युरित्यतः काले सर्वां क्रियां करोतीति योगः। कथंभूताम् ? अन्यूनाधिकां-न प्रमादातिशयादूनां नापि शून्यचित्ततया समधिकां करोति, अवसन्नताप्रसङ्गात् ।

**यदाहुः श्रीभद्रबाहुस्वामिपादाः-**

आवस्सयाइयाइं न करे, अहवा विहीणमहियाइं ।
गुरुवयणबलाइ तहा, भणिओ एसो उ ओसन्नो ॥

तथा 'क्रियान्तरविरहित' इति । एकस्याः क्रियाया द्वितीया क्रिया क्रियान्तरम्, तेन विरहितः, प्रत्युपेक्षणादि कुर्वन्न स्वाध्यायं करोति, स्वाध्यायं कुर्वन्न वस्त्रपात्रादिपरिकर्म गमनादि वेति । अत एवोक्तमार्षे-

इंदियत्थे विसज्जित्ता, सज्झायं चेव पंचहा ।
तम्मुत्ती तत्पुरक्कारे, उवउत्ते रियं रिए ॥
'यथासूत्रम्' इति सूत्रस्यानतिक्रमेण यथासूत्रम् । तत् पुनः-
सुत्तं गणहररइयं, तहेव पत्तेयबुद्धरइयं च ।
सुयकेवलिणा रइयं, अभिन्नदसपुव्विणा रइयं ॥

इत्येषां च निश्चयतः सम्यग्दृष्टित्वेन सद्भूतार्थवादित्त्वाद्, अन्यग्रथितमपि तदनुयायि प्रमाणमेव, न पुनः शेषमिति, आचरति सर्वक्रियामप्रमादी य इह चारित्रीति सुगममेवेति ॥ ११४॥ धर्मरत्नप्रकरण ॥

પ્રસ્તુતમાં અપ્રમાદી સાધુ સર્વક્રિયા યથાસૂત્ર સમયસર કરે, ન્યૂનાધિક ન કરે, એક ક્રિયાની વચ્ચે બીજી ક્રિયા ન કરે.

**વિશેષાર્થઃ-** સમયસર એટલે પ્રતિલેખનાદિ જે ક્રિયાનો જે સમય હોય તે ક્રિયા તે સમયે કરે. કારણ કે ખેતી વગેરે કાર્યો પણ સમયસર ન કરવામાં આવે તો ઇષ્ટસિદ્ધિ માટે થતા નથી.

**ન્યૂનાધિક ન કરેઃ-** પ્રમાદથી અતિશય ઓછી ક્રિયા ન કરે, અને શૂન્યચિત્ત બનીને અતિશય અધિક પણ ક્રિયા ન કરે. કારણ કે તેમ કરનારો સાધુ અવસન્ન બને. પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે કે-"આવશ્યક વગેરે ક્રિયા ન કરે, અથવા હીન કે અધિક ક્રિયા કરે, અથવા પ્રતિષેધ કરેલા કાળે કરવું વગેરે દોષોથી દુષ્ટ ક્રિયા કરે, તથા ગુરુ સ્વાધ્યાય કરવાનું કહે ત્યારે ગુરુની સામે થઇને કંઇક અનિષ્ટ બોલીને રુચિ વિના કરે, અથવા સર્વથા ન પણ કરે. આ અવસન્ન છે, અર્થાત્ આ અવસન્નનાં લક્ષણો છે."

**એક ક્રિયાની વચ્ચે બીજી ક્રિયા ન કરેઃ-** પ્રતિલેખનાને કરતો સ્વાધ્યાય ન કરે. સ્વાધ્યાયને કરતો વસ્ત્ર-પાત્રાદિનું પરિકર્મ ન કરે, અથવા ચાલવું આદિ ક્રિયા ન કરે. એથી જ ઉત્તરાધ્યયન (અ. ૨૪ ગા. ૮)માં કહ્યું છે કે- "શબ્દાદિ પાંચ વિષયોનું ચિંતન ન કરવા દ્વારા શબ્દાદિ પાંચ વિષયોનો ત્યાગ કરીને, પાંચ પ્રકારના સ્વાધ્યાયનો ત્યાગ કરીને ગતિમાં જ જેના શરીરનો ઉપયોગ થઇ રહ્યો છે અને ગતિમાં જ ઉપયોગ હોવાના કારણે જે પ્રધાનપણે ગતિનો જ સ્વીકાર કરે છે એવો સાધુ ગતિ કરે."

(तन्मूर्तिः=तस्यामेवेर्यायां मूर्तिः-शरीरम् अर्थात् व्याप्रियमाणा यस्यासौ तन्मूर्तिः; तथा तामेव पुरस्करोति=तत्रैवोपयुक्ततया प्राधान्येनाङ्गीकुरुत इति तत्पुरस्कारः) અહીં ભાવાર્થ આ પ્રમાણે છેઃ- સાધુ ઇર્યાસમિતિનું પાલન કરવા માટે ચાલતી વખતે શબ્દાદિ વિષયોના વિચારનો, સ્વાધ્યાયનો, ચાલવા સિવાયની બીજી ક્રિયાનો અને ચાલવા સિવાયના બીજા વિચારોનો ત્યાગ કરે.

**યથાસૂત્રઃ-** યથાસૂત્ર એટલે સૂત્રમાં કહ્યું હોય તે પ્રમાણે. સૂત્રનું લક્ષણ આ પ્રમાણે છે-"ગણધરોએ, પ્રત્યેકબુદ્ધોએ, ચૌદપૂર્વધરોએ, કે સંપૂર્ણ દશપૂર્વધરોએ જે રચેલું હોય તેને સૂત્ર કહેવાય છે." ગણધરો વગેરે નિયમા

સમ્યગ્દૃષ્ટિ હોવાથી સત્ય અર્થને કહે. આથી તેમની રચનાને સૂત્ર કહેવાય છે. તેમને અનુસરનારું બીજાઓએ રચેલું પણ પ્રમાણ જ છે. પણ તેમને અનુસરનારું ન હોય તેવું અન્યરચિત પ્રમાણ નથી. [૧૦૫]

**जह णिव्विग्घं सिग्घं, गमणं मग्गन्नुणो णगरलाभे ॥**
**हेऊ तह सिवलाभे, णिच्चं अपमायपरिवुड्ढी ॥१०६॥**

यथा निर्विघ्नं शीघ्रं गमनं मार्गज्ञस्य नगरलाभे ॥
हेतुस्तथा शिवलाभे नित्यमप्रमादपरिवृद्धिः ॥१०६॥

આ ગાથા ઉપદેશ રહસ્ય ગ્રંથમાં ૧૮૪ નંબરની છે. પ્રસ્તુતમાં તેની ટીકા અને પં. શ્રી જયસુંદર વિ. ગણિવર કૃત ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે.

अप्रमत्तताया एव सर्वसाधारणस्यापि जिनोपदेशस्य पुरस्करणे तु उपपत्तिमाह-

સર્વસાધારણ એવા પણ જિનોપદેશનો મુખ્ય સૂર અપ્રમત્તભાવની કેળવણી અંગેનો જ હોય છે. એનું કારણ દર્શાવે છે.

जह निव्विग्घं सिग्घं गमणं मग्गण्णुणो णगरलाभे ।
हेऊ तह सिवलाभे निच्चं अपमायपरिवुड्ढी ॥

**શ્લોકાર્થ:**- જેમ માર્ગજ્ઞનું શીઘ્રતાએ નિર્વિઘ્ને ગમન નગરલાભનો હેતુ છે તે જ રીતે હંમેશા અપ્રમાદનું પરિવર્ધન મોક્ષ-લાભનો હેતુ છે.

यथा निर्विघ्नं=व्याक्षेपत्यागेन शीघ्रमविलम्बेन गमनं मार्गज्ञस्य पथः प्रध्वरवक्रादिप्रदेशवेत्तुः नगरलाभे हेतुः, तथा नित्यं=सर्वदाऽप्रमादपरिवृद्धिः प्रव्रज्याप्रतिपत्तिकालादारभ्योत्तरोत्तरगुणस्थानारोहणक्रमेण प्रवर्द्धमानपरिणामरूपा शिवलाभे हेतुः, अत एव यावन्तं कालं न मूलोत्तरगुणस्खलना तावानेव कालो निश्चयतः प्रव्रज्यापर्यायः परिगण्यते, तदुक्तमुपदेशमालायाम् (४७९)

"न तहिं दिवसा पक्खा मासा वरिसा व से गणिज्जंति ।
जे मूलउत्तरगुणा अक्खलिआ ते गणिज्जंति ॥
इत्थं चाप्रमत्ततैव सर्वत्र भगवता प्रशस्तेत्युपपन्नम्" (ઉપ.ર. ગા.૧૮૪)

**તાત્પર્યાર્થઃ-** જેને માર્ગનું પુરેપુરું જ્ઞાન છે, માર્ગમાં ક્યાં વળાંક આવે છે અને ક્યાં સીધેસીધું છે તેને જે બરાબર જાણતો હોય છે અને બીજા બધા વિક્ષેપોને દૂર ફગાવીને શક્ય ત્વરાથી નગર પ્રતિ પ્રયાણ કરે છે તે આખરે નગરમાં જઇ પહોંચે છે. એ જ રીતે દીક્ષા અંગીકાર કરી ત્યારથી માંડીને ઉત્તરોત્તર ગુણસ્થાનની શ્રેણીનું ક્રમશઃ આરોહણ થાય એ રીતે અપ્રમત્તભાવ = સંપૂર્ણ સાવધાની-જાગૃતિ વધારવાથી મુક્તિમંદિરમાં પહોંચી જવાય છે. એટલે જ તો જેટલા કાળ સુધી મૂળ કે ઉત્તર ગુણોની સ્ખલના ન થઇ હોય તેટલા કાળના દીક્ષાના પર્યાયને શાસ્ત્રકારોએ નિશ્ચયથી ગણતરીમાં લીધો છે. શ્રી ઉપદેશમાલા શાસ્ત્રમાં (૪૭૯) કહ્યું છે કે-

'સાધુના દિવસ-પક્ષ-માસ કે વર્ષ ગણતરીમાં લેવાતા નથી, પરંતુ અસ્ખલિત મૂળગુણ અને ઉત્તરગુણ જ ગણતરીમાં લેવાય છે.'

આ જ કારણથી ભગવાને પણ સર્વદેશકાળમાં અપ્રમત્તભાવને પ્રશસ્ત કહ્યો છે. [૧૦૬]

**कम्माणं अपमाया, अणुबंघाबणयणं च होज्जाहि ॥**
**( अर्थतः ) तत्तो अकरणणियमो, दुक्खक्खयकारणं होइ ॥१०७॥**

कर्मणामप्रमादादनुबन्धापनयनं च भवेत् ॥
ततोऽकरणनियमो दुःखक्षयकारणं भवति ॥१०७॥

### અપ્રમાદથી અશુભ અનુબંધ તૂટે.

-અપ્રમાદથી અશુભ કર્મોનો અનુબંધ તૂટે. અશુભ અનુબંધના વિચ્છેદથી અકરણનિયમ થાય. અકરણનિયમ દુઃખક્ષયનું કારણ છે.

**વિશેષાર્થઃ-** અનુબંધ એટલે બંધની પરંપરા. જેમ કે કોઇ કર્મનો ઉદય થયો, એ કર્મોદયે ફરી તેવો જ કર્મબંધ કરાવ્યો. ફરી સમય જતાં તે કર્મોનો ઉદય થયો. તે કર્મોદયે ફરી તેવો જ કર્મબંધ કરાવ્યો. આવી કર્મબંધની પરંપરાને અનુબંધ કહેવામાં આવે છે. જીવોનું સંસારપરિભ્રમણ કર્મના બંધથી નથી થતું, કિંતુ કર્મના અનુબંધથી થાય છે. આ અનુબંધ સઘળાય કર્મરૂપ

ક્લેશનું મૂળ છે. ક્લિષ્ટકર્મોરૂપી વૃક્ષોનું મૂળ અનુબંધ છે. ચૌદપૂર્વધર મહાત્માઓ પણ અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે તેનું કારણ અશુભ અનુબંધ છે. જીવ અનાદિકાળથી અનંતકાળ સુધી સંસાર પરિભ્રમણ કરે છે તેનું મૂળ અશુભ અનુબંધ છે. એટલે જ જ્ઞાનીઓ કહે છે કે સંસારપરિભ્રમણને અટકાવવા પહેલું કામ અનુબંધને તોડવાનું કરવું જોઈએ. એકવાર અનુબંધ તૂટી જશે પછી બંધને ખતમ થતાં વાર નહિ લાગે. અનુબંધને તોડવાનો ઉપાય છે અપ્રમાદ.

## ચૌદપૂર્વીઓ નિગોદમાં ગયા તેનાં કારણો

**પ્રશ્નઃ-** જો અપ્રમાદથી અનુબંધ તૂટતો હોય તો ચૌદપૂર્વધરો પણ મૃત્યુ પામીને નિગોદમાં ગયા અને અનંતકાળ સુધી સંસારમાં કેમ ભમ્યા ? કારણ કે અશુભ અનુબંધ વિના અનંતકાળ સુધી સંસાર પરિભ્રમણ ન થાય.

**ઉત્તરઃ-** ચૌદ પૂર્વધરો નિગોદમાં ગયા અને અનંતકાળ સુધી સંસારમાં ભમ્યા એનાં બે કારણો છે.

(૧) તેમણે પૂર્વે મિથ્યાત્વ અવસ્થામાં નિકાચિત અનુબંધ કર્યો હતો. એથી અપ્રમાદથી પણ અનુબંધ તૂટ્યો નહિ. અપ્રમાદથી અનુબંધ તૂટે એ સિદ્ધાંત અનિકાચિત અનુબંધની અપેક્ષાએ છે. અપ્રમાદથી પણ નિકાચિત અનુબંધ ન તૂટે. (૨) અહીં બીજું કારણ એ છે કે- નિગોદમાં જનારા ચૌદપૂર્વધરોને અપ્રમત્તભાવ હતો. પણ સામાન્ય કે મધ્યમ હતો, ઉત્કટ અપ્રમત્તભાવ ન હતો. ઉત્કૃષ્ટ અપ્રમત્તભાવ અશુભ અનુબંધને તોડે. આ વિષયને શાસ્ત્રમાં ઔષધના દૃષ્ટાંતથી સમજાવ્યો છે. ઔષધથી રોગ દૂર થાય છે, દુઃસાધ્ય પણ રોગો ઔષધથી દૂર થાય છે. પણ ક્યારે ? અત્યંત અપ્રમત્ત ભાવથી ઔષધનું સેવન કરવામાં આવે ત્યારે. જેમ કે- ઔષધનું જેટલું માપ હોય તેટલું જ ઔષધ લેવું, જરા પણ વધારે કે ઓછું ન લેવું. તે રોગમાં જે જે અપથ્ય હોય તેનો સદંતર ત્યાગ કરવો. પથ્ય આહાર લેવો. કુશળ વૈદ્યની સલાહ મુજબ ઔષધ લેવું. આમાં ક્યાંક પણ ભૂલ થાય તો રોગ દૂર ન થાય, એટલું જ નહિ, રોગવૃદ્ધિ થાય એ પણ સંભવિત છે. આમ જેમ ઔષધ અત્યંત અપ્રમત્તભાવથી લેવામાં આવે તો જ રોગ દૂર કરે, તેમ પ્રસ્તુતમાં અશુભાનુબંધ પણ અત્યંત અપ્રમત્તભાવથી જ તૂટે. માટે જ गोयम!

समग्गं मा पमायए એમ કહ્યું છે. જો કે અશુભાનુબંધ જિનાજ્ઞાથી (=જિનાજ્ઞાનાં પાલનથી) તૂટે છે. આમ છતાં જેમ પથ્ય પાલન પૂર્વક જ ઔષધથી રોગનો નાશ થાય, તેમ અપ્રમત્તભાવપૂર્વક જ જિનાજ્ઞાથી અશુભાનુબંધ તૂટે. અપ્રમત્તભાવ વધે એ માટે શાસ્ત્રોક્ત ઉપાયો કરવા જોઇએ. જેમ કે ઓઘનિર્યુક્તિ ગ્રંથ ગાથા ૭૬૨ થી ૭૮૪ સુધીમાં અનાયતનત્યાગ વગેરે ઉપાયો બતાવ્યા છે. પંચાશક પ્રકરણમાં પ્રથમ પંચાશક ગાથા. ૩૬-૩૭માં નિત્યસ્મૃતિ વગેરે ઉપાયો બતાવ્યા છે. (જો કે પંચાશકમાં એ ઉપાયો વિરતિના પરિણામની ઉત્પત્તિ અને સ્થિરતા માટે જણાવ્યા છે. આમ છતાં એ ઉપાયો અપ્રમત્તભાવ લાવવા દ્વારા અનુબંધને પણ તોડે છે. ઉપદેશ રહસ્ય ૬૨મી ગાથાની ટીકામાં અસત્ પ્રવૃત્તિની નિંદા-ગર્હાથી અશુભ અનુબંધને તોડવાનો ઉપદેશ આપ્યો છે. એ ઉપાય પણ અપ્રમત્તભાવ લાવવા દ્વારા અશુભ અનુબંધ તોડે છે.

## અનુબંધને તોડવાનો પ્રયત્ન નકામો ન જાય.

**પ્રશ્નઃ-** જિનાજ્ઞા પ્રમાણે અશુભ અનુબંધને તોડવાનો પ્રયત્ન કરવા છતાં અનુબંધ નિકાચિત હોય વગેરે કારણથી અશુભ અનુબંધ ન તૂટે અને એના કારણે અનંતકાળ સુધી સંસારપરિભ્રમણ થાય તો અશુભ અનુબંધને તોડવા માટે કરેલો પ્રયત્ન નિષ્ફળ જ બને ને ?

**ઉત્તરઃ-** ના. કારણ કે એનાથી ફરી ભવિષ્યમાં વિશેષ અપ્રમત્તભાવની પ્રાપ્તિ થાય. આ વિષયને શાસ્ત્રમાં ઔષધમાં પ્રયત્નના દૃષ્ટાંતથી સમજાવ્યો છે. જેમ કોઇ રોગી રોગનાશ માટે એકવાર ઔષધસેવનનો પ્રારંભ કર્યા પછી પ્રમાદ, અને વિસ્મૃતિ વગેરેના કારણે ઔષધ લેવામાં કે પથ્યપાલનમાં ભૂલ થઇ જાય અને એથી અસહ્ય વેદના વગેરે કટુ ફળો ભોગવવા પડે. પણ પછી એને થાય કે મેં ઔષધસેવનમાં ભૂલ કરી એથી આવું થયું. માટે હવે અપ્રમત્ત બનીને બહુ જ સાવધાનીપૂર્વક ઔષધસેવન કરું. એમ વિચારીને તે પૂર્ણ સાવધાની રાખીને ફરી ઔષધસેવન કરે અને તેના રોગનો નાશ થાય. તે રીતે પ્રસ્તુતમાં જિનાજ્ઞા પ્રમાણે અશુભ અનુબંધને તોડવાનો પ્રયત્ન કરતાં કરતાં કોઇ તેવી ભવિતવ્યતા આદિ નિમિત્તથી તીવ્ર સાધુદ્વેષ આદિ દોષના

કારણે પતન થાય અને તેથી અનંતકાળ સુધી દુર્ગતિમાં કડવાં ફળો ભોગવવા પડે. પણ એ કડવાં ફળો ભોગવાઇ ગયા પછી ફરી જિનાજ્ઞાની પ્રાપ્તિ થાય અને જીવ વિશેષ જાગૃત બને. માટે જિનાજ્ઞા પ્રમાણે અશુભ અનુબંધને તોડવા માટે કરેલો પ્રયત્ન નિષ્ફળ ન જાય.

આ જ વિષયને પ્રસ્તુત ગ્રંથમાં હવે પછીની બે ગાથામાં જણાવ્યો છે.

**અશુભ અનુબંધના વિચ્છેદથી અકરણનિયમ થાય-** જે પાપનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કર્યો હોય તે પાપ કરવાના સંયોગો ઉપસ્થિત થવા છતાં તે પાપ ન કરવું તે અકરણનિયમ. અશુભ અનુબંધનો વિચ્છેદ ન થયો હોય તો પ્રતિજ્ઞાપૂર્વક છોડેલું પણ પાપ ફરી થઇ જાય એ સંભવિત છે. પણ અશુભ અનુબંધનો વિચ્છેદ થયા પછી પ્રતિજ્ઞાપૂર્વક છોડેલું પાપ ફરી ન જ થાય. (ઉપદેશ પદ ગાથા ૬૯૨-૬૯૫ વગેરે) આથી જ અકરણનિયમને શાસ્ત્રમાં કૃશ રોગીની સાથે સરખાવવામાં આવ્યો છે. શરીરમાં કૃશતા બે રીતે થાય. (૧) સ્વયં નિરોગી હોવા છતાં દુકાળ વગેરે કારણોથી પોષક ભોજન ન મળવાથી શરીર કૃશ બને. (૨) ભોજનસામગ્રી પૂર્ણ હોવા છતાં ક્ષયરોગ આદિના કારણે શરીર કૃશ થતું જાય. દુકાળ આદિના કારણે કૃશ થયેલાને જેમ જેમ પોષક ભોજન મળતું જાય તેમ તેમ કૃશતા ઘટતી જાય અને શરીર પુષ્ટ થતું જાય. ક્ષયરોગ આદિના કારણે કૃશ બનેલાને ગમે તેટલું પોષકભોજન મળવા છતાં તેની કૃષતા પ્રતિદિન વધતી જાય છે. પ્રસ્તુતમાં આની ઘટના આ પ્રમાણે છે- અશુભ અનુબંધના વિચ્છેદ વિના થયેલ અકરણનિયમ પહેલી કૃશતા સમાન છે. અશુભ અનુબંધના વિચ્છેદથી થયેલ પાપ અકરણનિયમથી પાપના સંયોગો ઉપસ્થિત થવા છતાં પાપ થતું નથી અને ક્રમશઃ પાપ ઘટતું જાય છે. એમ ક્રમશઃ પાપ ઘટતાં ઘટતાં જીવને ક્ષપકશ્રેણિ, કેવળજ્ઞાન, અઘાતિકર્મક્ષય અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે જ અહીં કહ્યું કે અકરણનિયમ દુઃખક્ષયનું કારણ છે. [૧૦૭]

**पडिबंधाओ वि अओ, कंटगजरमोहसंनिभाओ अ ॥**
**हवइ अणुबंधविगमा, पयाणभंगो ण दीहयरो ॥ १०८॥**

प्रतिबन्धादप्यतः कण्टकज्वरमोहसन्निभाच्च ॥
भवत्यनुबन्धविगमात्प्रयाणभङ्गो न दीर्घतरः ॥ १०८ ॥

## કંટક-જ્વર-દિશામોહતુલ્ય ત્રણ વિઘ્નો.

મોક્ષમાર્ગમાં આગળ વધવામાં નિકાચિત કર્મના ઉદયથી કંટક, જ્વર, અને મોહસમાન પ્રતિબંધ (= રુકાવટ) થાય તો પણ અપ્રમત્તભાવથી અનુબંધ દૂર થવાથી અતિશય દીર્ઘ પ્રયાણભંગ થતો નથી.

**વિશેષાર્થઃ-** ભાવજિનાજ્ઞા પ્રાપ્ત થયા પછી જીવ મોક્ષનગર તરફ પ્રયાણ કરતો રહે છે. એ દરમિયાન પૂર્વબદ્ધ નિકાચિત અશુભકર્મનો ઉદય થઇ જાય એ સંભવિત છે. આથી તેના પ્રયાણનો ભંગ થાય. આમ છતાં એ પ્રયાણભંગ અતિશય લાંબાકાળ સુધીનો ન હોય, અર્થાત્ અનંતકાળ સુધીનો ન હોય. કારણ કે પૂર્વબદ્ધ નિકાચિત અશુભકર્મના અનુબંધનો અપ્રમત્તભાવથી વિચ્છેદ થઇ ગયો છે.

આનાથી ગ્રંથકાર એ કહેવા માગે છે કે- અપ્રમત્તભાવવાળા આત્માઓને પણ પ્રયાણભંગ થાય છે તો પછી અપ્રમત્તભાવથી શો લાભ થાય? એના જવાબમાં ગ્રંથકાર કહે છે કે પ્રયાણભંગ થતો હોવા છતાં અપ્રમત્તભાવથી અનુબંધનો વિચ્છેદ થઇ જવાના કારણે એ પ્રયાણભંગ અનંતકાળ સુધીનો થતો નથી. જો અપ્રમત્તભાવથી અનુબંધનો વિચ્છેદ ન થયો હોય તો પ્રયાણભંગ અનંતકાળ સુધી પણ થવાની શક્યતા છે. આથી પ્રયાણભંગ થાય તો પણ અપ્રમત્તભાવથી લાભ જ છે.

પ્રયાણભંગના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકાર છે. જઘન્ય પ્રયાણભંગ કંટકવિઘ્ન સમાન છે. મધ્યમ પ્રયાણભંગ જ્વરવિઘ્ન સમાન છે. ઉત્કૃષ્ટ પ્રયાણભંગ દિશામોહવિઘ્નસમાન છે. આ વિષયને મુસાફરના દૃષ્ટાંતથી વિચારીએ. પાટલિપુત્ર નગર તરફ પ્રયાણ કરી રહેલા મુસાફરને પગમાં કાંટો વાગી જાય, અથવા તાવ આવી જાય, કે દિશાનો ભ્રમ થઇ જાય (= બીજી જ દિશામાં ચાલ્યો જાય) તો પાટલિપુત્ર પહોંચવામાં ઉત્તરોત્તર અધિક અધિક વિલંબ થાય. કંટકવિઘ્નથી અલ્પવિલંબ થાય, જ્વરવિઘ્નથી અધિક વિલંબ થાય અને દિશામોહથી પૂર્વોક્ત બંનેથી અધિક વિલંબ થાય.

જેવી રીતે પાટલિપુત્રનગર તરફ પ્રયાણ કરતા જીવને પાટલીપુત્ર નગરમાં સુંદર રાજ્યવ્યવસ્થા છે, ત્યાં ગયા પછી નિશ્ચિંતપણે સ્થિર રહી શકાશે, સુખી બની શકાશે ઈત્યાદિ જ્ઞાન હોવા છતાં કાંટા વગેરેના કારણે પાટલિપુત્રનગર પહોંચવામાં વિલંબ થાય છે, તેમ જિનાજ્ઞાનો યોગ થવાથી મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરી રહેલા જીવને નિકાચિત અશુભકર્મના ઉદયથી મોક્ષનગર પ્રાપ્તિમાં જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ વિલંબ થાય. ઉપદેશપદ ગાથા ૨૬૩માં કંટકવિઘ્નસમાન પ્રતિબંધમાં મેઘકુમાર મુનિનું, જ્વરવિઘ્ન સમાન પ્રતિબંધમાં દહનદેવનું અને દિશામોહવિઘ્નસમાન પ્રતિબંધમાં અર્હદ્દત્તનું દૃષ્ટાંત જણાવ્યું છે. ગા. ૨૬૪ થી એ ત્રણનાં દૃષ્ટાંતો જણાવ્યાં છે. સંક્ષેપમાં તે આ પ્રમાણે છે-

## મેઘમુનિનું દૃષ્ટાંત

શ્રેણિકરાજાને ધારિણી નામની રાણીથી એક પુત્ર થયો. તેનું મેઘકુમાર નામ રાખવામાં આવ્યું. યૌવનને પામેલા મેઘકુમારનો આઠ કન્યાઓની સાથે વિવાહ કર્યો. શ્રેણિકરાજાએ તે દરેકને ક્રોડ ક્રોડ પ્રમાણ ધન આપ્યું અને એક-એક અલગ-અલગ મહેલ આપ્યો. મેઘકુમાર તે સ્ત્રીઓની સાથે દોગુંદક દેવોની જેમ વિલાસ કરવા લાગ્યો. એકવાર મેઘકુમાર ગુણશીલ ઉદ્યાનમાં શ્રી મહાવીરસ્વામીની દેશના સાંભળવા ગયો. ભગવાનની વૈરાગ્યમય દેશના સાંભળીને મેઘકુમારને વૈરાગ્ય થયો. ઘરે આવીને માતાને કહ્યું: હે માતાજી ! આજે મેં શ્રી વીરપ્રભુને વંદન કરીને તેમના મુખેથી ધર્મદેશના સાંભળી. માતાએ કહ્યું: બહુ સારું કર્યું. મેઘકુમારે કહ્યું: હે માતાજી ! મને દીક્ષા લેવાની ભાવના થઈ છે. આ સાંભળી ધારિણી રાણી બેભાન થઈને પૃથ્વી પર ઢળી પડી. દાસીઓએ શીતળજલનું સિંચન વગેરે ઉપાયોથી મૂર્છા દૂર કરી. પછી માતાએ કહ્યું: તારા વિના હું જીવી શકીશ નહિ માટે મારા મૃત્યુ પછી તું દીક્ષા લેજે. મેઘકુમારે કહ્યું: આપના મૃત્યુ પછી જ મારું મૃત્યુ થશે એવું નિશ્ચિત છે ?

ધારિણીએ કહ્યું:- હે પુત્ર ! ખડ્ગની તીક્ષ્ણધારા ઉપર ચાલવા સરખા દુષ્કર વ્રત પાલન સામાન્ય માટે મુશ્કેલ છે, તો પછી તારા સરખા સુકુમાળ દેહવાળા અને રાજવૈભવ ભોગવનારા માટે તે અતિદુષ્કર છે.'

મેઘકુમારે જવાબ આપ્યો:- જેણે તેનો ઉદ્યમ કરવાનો વ્યવસાય કર્યો ન હોય, તેવા પુરુષને આ સર્વ દુષ્કર જ જણાય, પરંતુ ઉદ્યમ-ધનવાળાને સર્વ કાર્યો એકદમ સિદ્ધ થયેલાં જણાય છે. એ પ્રમાણે સખત વિરોધ કરતા માતા, બંધુવર્ગ તથા દીક્ષાની પ્રતિકૂળ બોલનારા સર્વને નિરુત્તર કરી વિનયોપચાર કરવા પૂર્વક વિવિધ સેંકડો યુક્તિ-સહિત તેઓને પ્રત્યુત્તરો આપી પોતાના આત્માને મુક્ત કર્યો. મળેલા પણ ઇષ્ટ પદાર્થોનો ત્યાગ કરી, કાયર માણસને વિસ્મય પમાડનારી, સમગ્ર ભવ-દુઃખથી મુક્ત કરાવવા સમર્થ એવી દીક્ષા મેઘકુમારે ગ્રહણ કરી.

જિનેશ્વર ભગવંતે મનોહર સ્વરથી તેને સ્વકર્તવ્ય સંબંધી હિતશિક્ષા આપી કે, 'હે સૌમ્ય ! તારે હવે બેસવું, ઉઠવું, સુવું, લેવું, મૂકવું ઇત્યાદિ ચેષ્ટાઓ જયણાથી કરવી. શિક્ષાઓ માટે ગણધર મહારાજને સોંપ્યા. સંધ્યા-સમયે સંથારાની ભૂમિની વહેંચણી કરતાં મેઘકુમારની સંથારાભૂમિ દ્વારદેશમાં આવી. સાધુઓ દ્વાર પાસેથી મેઘમુનિના સંથારાને ઓળંગીને જતા-આવતા હતા. અવાર-નવાર સાધુઓના પગ વગેરેની ઠોકર લાગતી હતી. આથી તેમને આંખ મીંચવા જેટલો સમય પણ નિદ્રા ન આવી. આથી તે વિચારવા લાગ્યા કે-'હું ગૃહવાસમાં હતો, ત્યારે આ સાધુઓ મારું ગૌરવ કરતા હતા. અત્યારે મારા તરફ નિઃસ્પૃહ ચિત્તવાળા થઇને આ મુનિઓ મારો પરાભવ કરે છે, તો મુનિપણું મારા માટે દુષ્કર અને અશક્ય લાગે છે. તો હવે સવારે ભગવંતને પૂછીને ફરી પાછો ઘરે જાઉં.' પછી સૂર્યોદય સમયે સાધુઓ સહિત ભગવંત પાસે ગયો અને ભક્તિથી સ્વામીને વંદન કરી પોતાને સ્થાને બેઠો એટલે અરિહંત ભગવંતે તેમને સંબોધ્યા કે, 'હે મેઘ ! તને રાત્રે મનમાં આવો સંકલ્પ ઉત્પન્ન થયો કે-'હું ઘરે જાઉં, પરંતુ તેમ કરવું યોગ્ય નથી. કારણ કે આ ભવથી પહેલાના ત્રીજા ભવમાં તું હાથી હતો. તે વૃત્તાંત આ પ્રમાણે છે-

આ જ ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં તું હાથીરૂપે ઉત્પન્ન થયો. વનવાસીઓએ 'સુમેરું' એવું નામ પાડ્યું. સર્વ પૂર્ણ અંગોવાળો, હજાર હાથણીનો સ્વામી, નિરંતર રતિક્રીડામાં પ્રસક્ત ચિત્તવાળો તું અત્યંત મનગમતા હાથીના પુરુષ બચ્ચા અને નાની હાથણીઓ સાથે પર્વતના આંતરાઓમાં, વનોમાં, નદીમાં, ઝરણાઓમાં, અને સરોવરમાં ફરતો હતો. હવે કોઈક સમયે ઉનાળાનો ગ્રીષ્મકાળ આવ્યો ત્યારે ગરમ, ન ગમે તેવો સખત ભયંકર, તથા જેમાં ઘણી ધૂળ ઉડતી હોય તેવા વંટોળિયા સરખો વાયરો સર્વત્ર ફૂંકાવા લાગ્યો. આથી વૃક્ષો પરસ્પર ઘસાવા લાગ્યા; એટલે તેમાંથી ભયંકર દાવાનળ સળગ્યો. પ્રલયકાળના અગ્નિ સરખા આ અગ્નિને તેં દેખ્યો. તે સમયે વનો બળવા લાગ્યાં. શરણ વગરનો વનના પશુઓનો સમુદાય ભયંકર અવાજથી ભુવનતલને ભરી દેતો હતો. તેઓ નાસભાગ કરવા લાગ્યા. વન-દાવાનળ ચારે બાજુ ફેલાયો. એટલે તેના ગોટેગોટા ધૂમાડાઓ પણ સર્વત્ર ફેલાઈ ગયાં. સર્વ તૃણ અને કાષ્ઠો ભસ્મરૂપ બની ગયા. તે દાવાનળના જ્વાલાઓના તાપથી બળી રહેલા દેહવાળો, ઘોર સૂંઢ-પ્રસર સંકોચીને મોટી ચીસો પાડતો, લિંડાના પિંડાને છોડતો, વેલા અને તેના મંડપોને તોડતો, તૃષ્ણા લાગવાના કારણે સર્વાંગે શિથિલ બનેલો, યૂથની ચિંતાથી મુક્ત બનેલો તું દોડતો દોડતો અતિ અલ્પજળવાળા, ઘણા કાદવવાળા, એક સરોવરમાં પહોંચ્યો. ત્યાં કિનારા પરથી અંદર ઉતરવા લાગ્યો, પરંતુ જળ ન મેળવ્યું અને કાદવમાં અંદર ખૂંચી ગયો, હવે ત્યાંથી એક ડગલું પણ ખસી શકાય તેમ ન હતું. દરમ્યાન નસાડી મૂકેલા એક યુવાન હાથીએ તને જોયો અને રોષપૂર્વક દંતશૂળના અણીવાળા આગલા ભાગથી પીઠપ્રદેશમાં ઘાયલ કર્યો, એટલે ન સહન કરી શકાય તેવી આકરી વેદના પામ્યો, સાત-દિવસ સુધી ભારી વેદના સહન કરીને એકસો વીશ વર્ષ જીવીને આર્ત-રૌદ્રધ્યાનના માનસવાળો તું મૃત્યુ પામીને આ જ ભરતના વિન્ધ્યપર્વતની તળેટીમાં ચારદંતશૂળવાળો, પોતાની ઉત્કટ ગંધથી સર્વ હાથીઓના ગર્વને દૂર કરતો, જેનાં સાતે અંગો લક્ષણવંતાં છે, શરદકાળના આકાશ સરખા ઉજ્જ્વલ દેહવાળો હાથીરૂપે ઉત્પન્ન થયો. કાલક્રમે યૌવનવય પામ્યો, સાતસો હાથણીઓનો સ્વામી થયો, વનવાસી

શબરોએ **'મેરુપ્રભ'** એવું નામ સ્થાપન કર્યું. પોતાના પરિવાર-સહિત વનમાં પરિભ્રમણ કરતાં કરતાં કોઇક સમયે ગ્રીષ્મ-સમયમાં વનમાં દાવાગ્નિ સળગેલો દેખ્યો. ધીમે ધીમે અગ્નિ વધવા લાગ્યો, તે દેખીને તે સમયે પૂર્વભવની જાતિ યાદ આવી. તે વખતે તેં દાવાનળથી પોતાને મહાકષ્ટ પૂર્વક બચાવ્યો. તે વખતે તેં વિચાર્યું કે, 'દરેક વખતે ઉનાળામાં આ દાવાગ્નિ સળગશે, તો પહેલાથી જ તેનો પ્રતિકાર ચિંતવું. પ્રથમ વર્ષાસમયમાં પોતાના પરિવાર-સહિત તેં અને તારા પરિવારે ગંગાનદીના દક્ષિણ બાજુના કિનારે સર્વ વૃક્ષોને ઉખેડી નાખ્યા અને તેનો ઢગલો દૂર દૂર બહાર ફેંકી દીધો. ઝાડ-બીડ, ઘાસ વગરનું એકાંતે અગ્નિ ન સળગે તેવું મોટું એક મેદાન તૈયાર કર્યું. ફરી પણ વર્ષાકાળમાં પોતાના પરિવાર-સહિત જમીનની શુદ્ધિ કરી. એવી રીતે ચોમાસામાં ત્રીજી વખત પણ જમીનની શુદ્ધિ કરી. ઝાડ-બીડ, ઘાસ વગરનું સપાટ મેદાન એવું ચોખ્ખું તૈયાર કર્યું કે, આગનો ભય લાગે નહિ. આ પ્રમાણે દરેક વર્ષે દાવાનળથી બચવા માટે બનાવતો અને સ્વસ્થતા અનુભવતો હતો.

કોઇક સમયે દાવાનળ સળગ્યો, એટલે તું પરિવાર-સહિત તે ભૂમિસ્થળમાં ગયો. બીજા પણ વનમાં વસનારા જીવો દવાગ્નિથી ભય પામેલા ત્યાં ગયા. ત્યાં એટલી બધી સંકળાશ થઇ ગઇ કે, કોઇ હાલવા-ચાલવા કે ખસવા સમર્થ ન થયા. ઘણા ભયના ભાવથી પરસ્પર ઇર્ષ્યા-અભિમાન છોડીને તે પ્રાણિસમુદાય તે સ્થાનમાં ખીચોખીચ સમાઇને રહેલો હતો. હાથીએ કોઇ વખત શરીર ખંજવાળવા માટે એક પગ ઊંચો કર્યો. એટલે એક સસલો પગના સ્થાને આવી ગયો. તેને તેં દેખ્યો, એટલે દયાથી તારું હૃદય પૂરાઇ ગયું. પોતાની પીડા ન ગણકારતાં તેં પગ અદ્ધર ધરી રાખ્યો. તે સસલાની અતિદુષ્કર દયા કરવાના પરિણામે તેં ભવ ઘટાડી નાખ્યા, મનુષ્ય-આયુ ઉપાર્જન કર્યું, તેમ જ સમ્યક્ત્વ બીજ મેળવ્યું. અઢી દિવસ પછી દાવાનળ શાન્ત થયો. આથી વનના પ્રાણીઓ તે પ્રદેશમાંથી નીકળી ગયા, એટલે તેં પગ નીચે મૂકવાની જેટલામાં ચેષ્ટા કરી તેટલામાં વૃદ્ધપણાના કારણે શરીર સર્વાંગે ઘસાઇ જીર્ણ થયું હતું. સર્વ સંધિનાં સ્થાનોમાં લોહી વહેતું અટકી

ગયું હતું. સાંધાઓ જકડાઇ ગયા હતા, આથી અતિ પરેશાની અનુભવતો તું વજ્રાહત પવર્તની જેમ એકદમ ધસ કરતાંક ભૂમિ પર ઢળી પડ્યો. શરીરમાં દાહજ્વરની પીડા થઇ. કાગડા, ગીધ, શિયાળ વગેરે ચાંચ અને દાંતથી તારા શરીરનું ભક્ષણ કરતા હતા. ત્રણ રાત્રિ-દિવસ તીવ્ર વેદના અનુભવીને એકસો વર્ષોનું આયુષ્ય જીવીને શુભ ભાવના પામેલો તું કાલ પામીને અહીં ધારિણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તો હે મેઘ ! જે વખતે ભવસ્વરૂપ સમજતો ન હતો, ત્યારે તિર્યંચ-ભવમાં તેં આવા પ્રકારની આકરી વેદના સહન કરી, તો પછી આજે આ મુનિઓના દેહસંઘટ્ટાની પીડા કેમ સહન કરતો નથી ? પૂર્વના ભવો સાંભળીને ક્ષણમાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. નેત્રમાં હર્ષાશ્રુ ભરાઇ ગયા. ભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરીને, ભાવથી વંદન કરીને **'મિચ્છા મિ દુક્કડં'** કહેવા પૂર્વક મેઘ મુનિએ કહ્યું કે, 'મારાં નેત્ર-યુગલ સિવાય બાકીનાં મારાં અંગોને હું સાધુઓને અર્પણ કરું છું. તેમની ઇચ્છા પ્રમાણે ભલે સંઘટ્ટ કરે'-એ પ્રમાણે મેઘમુનિએ અભિગ્રહ કર્યો. તેણે અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. ભિક્ષુપ્રતિમા અંગીકાર કરી, તે ગુણરત્ન સંવત્સર તપ કરીને સર્વ શરીરની સંલેખના કરીને ચિંતવવા લાગ્યા કે, જ્યાં સુધી સર્વ શુભાર્થી એવા જિનેશ્વર ભગવંત વિહાર કરે છે, ત્યાં સુધીમાં ચરમકાળની ક્રિયા મારે કરી લેવી યુક્ત છે. ત્યારપછી ભગવંતને પૂછે છે કે, 'હે સ્વામિ !' હું તપવિશેષના અનુષ્ઠાનથી કષ્ટવાળી ક્રિયાઓ આપની આજ્ઞાથી કરું. આપની અનુજ્ઞાથી રાજગૃહ બહાર આ 'વિપુલ' નામના પર્વત ઉપર અનશન-વિધિ કરવાની મારી ઇચ્છા વર્તે છે. ત્યાર પછી પ્રાપ્ત થયેલી અનુજ્ઞાવાળા તે મેઘમુનિ સર્વ શ્રમણસંઘને ખમાવીને, બીજા કૃતયોગી મુનિવરો સાથે ધીમે ધીમે તે પર્વત ઉપર ચડવા લાગ્યા. સમગ્ર શલ્ય-રહિત એવા તે મેઘમુનિ વિશુદ્ધ શિલાતલ ઉપર બેઠા. એક પક્ષનું અનશન પાલન કરીને 'વિજય' નામના વિમાનમાં ઉત્પન્ન થયા. તેમનો દીક્ષા-પર્યાય બાર વરસનો હતો. ત્યાંથી ચ્યવેલા તેઓ મહાવિદેહમાં જલદી બોધ પામી સિદ્ધિ પામશે.

卐 卐 卐

# દહનદેવનું દૃષ્ટાંત

પાટલીપુત્ર નગરમાં હુતાશન નામનો વિપ્ર હતો. તેને જ્વલનશિખા નામની ભાર્યા હતી. કુલના સમુચિત રીત રીવાજોનું પાલન કરતા અને શ્રાવકધર્મમાં તત્પર એવા તે બંનેના દિવસો પસાર થતા હતા, ત્યારે કેટલાક દિવસો પછી તેમને સુખ સ્વરૂપવાળા અનુક્રમે જ્વલન અને દહન નામના બે પુત્રો થયા. ઉંમર લાયક થયા એટલે માત-પિતાનાં સર્વ કાર્યોમાં તેમના ચિત્તને અનુસરનારા થયા. સમગ્ર ભવ્યજીવો રૂપી કમળોને વિકસિત કરનાર સૂર્ય સરખા ધર્મઘોષસૂરિ વિહાર કરતા કરતા પધાર્યા અને મુનિઓને યોગ્ય એવા સ્થાનમાં રોકાયા. અતિહર્ષ પૂર્વક નગરલોકોએ તે ભગવંતને વંદના કરી અને ભવરૂપી કેદખાનામાંથી બહાર કાઢનારા ધર્મનું શ્રવણ કર્યું. ત્યાર પછી પોતાના આસનનો ત્યાગ કરીને દહને કહ્યું કે, 'હે ભગવંત ! ભવથી ભય પામેલા મનવાળો હું આખા કુટુંબ-સહિત દીક્ષા લેવાની અભિલાષાવાળો છું અને તે આપના ચરણ-કમલમાં જ અંગીકાર કરીશ.' ગુરુએ કહ્યું કે, 'હે સૌમ્ય ! આમાં વિલંબ કરવો યોગ્ય નથી.' આ પ્રમાણે ગુરુનું મન જાણીને જિનમંદિરમાં પૂજાદિક કાર્યો કરાવ્યાં. સહકુટુંબ-પરિવાર આ દહને આશ્ચર્ય ઉત્પન્ન થાય, તેવા પ્રકારની પ્રવ્રજ્યા અંગીકાર કરી અને સર્વ આસ્રવદ્વાર બંધ કર્યાં. અતિ ઉગ્ર ભવ-વૈરાગ્યવાળા કુટુંબને ઘોર તપ કરાવે છે. તેમ જ શુદ્ધ પરિણામયુક્ત તે બધા વજ્રના ચણા ચાવવા સમાન પ્રવ્રજ્યાનું પાલન કરતા હતા. પરંતુ દહન, જ્વલનસાધુને માયાથી સર્વ ક્રિયામાં છેતરતો હતો. 'અરે! આ હું હમણાં આવું છું' ઇત્યાદિ માયાસ્થાનને કહીને માયા આચરતો હતો. પરંતુ વિપરીત પદાર્થની પ્રરૂપણા કરતો ન હતો. એ પ્રમાણે પ્રાયઃ તેનો જન્મ પ્રમાદમાં ગયો. કોઇ દિવસ પણ ગુરુ પાસે માયાશલ્યની આલોચના-પ્રાયશ્ચિત્ત ન કર્યાં. સંલેખના વગેરે વિધિ-સહિત અનશન કરીને મૃત્યુ પામી સૌધર્મ-દેવલોકમાં ઉત્પન્ન થયો. સરળભાવથી જ્વલન પણ તેવા પ્રકારની ક્રિયાઓમાં તત્પર બનેલો તે જ દેવલોકમાં દેવપણું પામ્યો. ઇન્દ્રમહારાજાને બાહ્ય, મધ્યમ અને અભ્યંતર એમ ત્રણ પર્ષદાઓ હોય છે. તેમનાં અનુક્રમે જવણા, ચંડા અને સમિતા

એવાં ત્રણ નામો છે. અભ્યંતર પર્ષદા સાથે વિચારણા કરે અને બીજી સાથે તેનો દૃઢ નિર્ણય કરે. વિકલ્પ વગર કરવાનું જ એવો કાર્યનો આદેશ ત્રીજી પર્ષદામાં નક્કી થાય. સમિતા મધ્ય પર્ષદાને બોલાવીને બન્ને સાથે જયણાપૂર્વક ઈન્દ્ર પાસે જાતે જ આવે અને પરમ સંતોષને પામે. ત્રીજીની સાથે કાર્યાદેશ વિના વિકલ્પથી કરવા યોગ્ય થાય છે.

તે બંને ઈન્દ્રમહારાજાની અભ્યંતર પર્ષદામાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળા દેવો ઉત્પન્ન થયા. પૂર્વભવના સ્નેહના કારણે આમ્રશાલ વનમાં બંને સાથે આમલકલ્પા નામની નગરીમાં ભગવાન વર્ધમાનસ્વામીના થયેલા સમવસરણમાં પોતપોતાના પરિવાર-સહિત આવ્યા. ત્રણ પ્રદક્ષિણા. ફરીને ભગવંતને વંદના કરી. અતિ-ભક્તિ-પૂર્ણ માનસથી તેઓએ ત્યાં નાટક પ્રવર્તાવ્યું. તેમાં જ્વલનદેવ જેવાં ચિંતવે તેવાં રૂપો વિકુર્વી શકે છે, જ્યારે બીજા દેવને વિપરીત રૂપો થતાં હતાં., ગૌતમ ભગવંત આ વૃત્તાન્ત જાણતા હોવા છતાં પણ ન જાણનારને પ્રતિબોધ કરવા માટે ભગવંતને પૂછતા હતા કે, 'કયા કારણથી એકને વિપરીત રૂપ થાય છે. ભગવંતે કહ્યું કે, પૂર્વજન્મમાં તેણે માયા-કપટ કરેલાં હતાં, તેનાથી ઉપાર્જન કરેલા કર્મના કારણે તેમ થાય છે. પૂર્વજન્મ સંબંધી સમગ્ર વૃત્તાન્ત જણાવ્યો. તે કર્મનો ભયંકર અનુબંધ તેને થશે. તે સાંભળીને અનેક પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા અને વિષધરની વાંકી ગતિ સમાન વિષમ એવાં કપટના દોષોથી અનેક લોકો પાછા હઠ્યા.

卐 卐 卐

## અર્હદ્દત્તનું દૃષ્ટાંત

એલપુર નામના નગરમાં જિતશત્રુ નામનો રાજા હતો. તે રાજા પવિત્ર સામ, દામ વગેરે નીતિના માર્ગે સમગ્ર પૃથ્વીતલનું પાલન કરતો હોવાથી દેશ-દેશાવરમાં તેની ઉજ્જ્વલ કીર્તિ પ્રસરી. રૂપ અને યૌવનની સાથે વિનયાદિગુણરૂપી મણિની ખાણ સમાન, આવનારને 'આવો-પધારો' એમ કહેનારી કમલમુખી નામની તે રાજાને પત્ની હતી. વિષયસુખ

ભોગવતાં તેમજ લક્ષ્મીનો વિલાસ કરતાં તેમના દિવસો સુખમાં પસાર થતા હતા, તેટલામાં તેમને અનુક્રમે અપરાજિત અને સમરકેતુ નામના બે પુત્રો થયા. અપરાજિત કુમારને યુવરાજપદે સ્થાપન કર્યો, જ્યારે સમરકેતુ કુમારને ઉજ્જેણીનગરી નાનાકુમાર તરીકે આપી. આ પ્રમાણે દિવસો વીતી રહેલા હતા. કોઇક વખતે તેના દેશને ભાંગફોડ કરતો કોઇક રાજા હતો. તેના ઉપર ઘણો રોષ પામેલા આ રાજાની અનુજ્ઞાથી અપરાજિત યુવરાજ કુમાર જય મેળવવા માટે ચતુરંગ સેના સહિત તેની સામે ગયો. યમરાજાની નગરીના સીમાડા સરખું બીભત્સ અને ન જોઇ શકાય તેવું યુદ્ધ થયું. ત્યાં કુમારે જયલક્ષ્મીનો સંગ પ્રાપ્ત કર્યો.

ત્યાંથી પાછા વળતાં કુમારે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં ઉજ્જવલ ચારિત્રધારી સુવિશુદ્ધ શ્રુતરત્નના ભંડાર એવા રાધ નામના આચાર્યને જોયા. તેમની પાસે ધર્મશ્રવણ કરીને ભવથી વિરક્ત મનવાળો થયો. વસ્ત્રના છેડે લાગેલા તણખલાની જેમ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી વજ્ર સરખા દૃઢ ચિત્તવાળો તે એકદમ દીક્ષિત થયો. શાસ્ત્રમાં કહેલ બંને પ્રકારની શિક્ષાઓ ગ્રહણ કરી. હંમેશાં ગુરુના ચરણ-કમળમાં ભ્રમર-સમાન કુશલ આશયવાળા તે મુનિ ધરાતલમાં સર્વત્ર વિહાર કરવા લાગ્યા.

હવે રાધાચાર્ય કોઇ વખત વિહાર કરતાં કરતાં તગરા નગરીએ પધાર્યા. ઉનાળામાં તપેલી ભૂમિમાં નવીન મેઘની જોરદાર ધારાઓ વરસવાથી નવીન અંકુર-સમૂહવાળી લીલીછમ વનસ્પતિ ઉત્પન્ન થાય, તેમ રાધાચાર્યની વાણી રૂપી મેઘ-ધારાથી તગરા નગરીના લોકોનો કષાયરૂપી દવાગ્નિ ઓલવાઈ ગયો, અને વૈરાગ્ય-અંકુરા ઉત્પન્ન થયા. તેથી તગરા નગરી અત્યંત મનોહર બની ગઇ. ઉજ્જેણીનગરીથી એક સાધુયુગલ તેમની પાસે આવ્યું. તગરામાં રહેલા સાધુઓએ તેમની યથોચિત સેવા-ભક્તિ કરી. તે સાધુઓને આચાર્ય ભગવંતે ત્યાંનાં ચૈત્યો અને સંઘની કુશળતાના સમાચાર પૂછ્યા. તેઓએ કહ્યું કે, ‘ત્યાં જિનચૈત્યોમાં શ્રેષ્ઠ પૂજાઓ, મહોત્સવો થાય છે, રથયાત્રાઓ નીકળે છે, ગુરુઓ પાસે નવીન જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવાય છે, સંઘ પણ પરમ પદ પામેલ છે. કોઇ વિઘ્ન રહેવા દીધું નથી,

શ્રાવકો પણ પોતપોતાની અવસ્થાને ઉચિત ગુરુની શુશ્રુષા આદિ ક્રિયાઓમાં તત્પર રહેલા છે. માત્ર તોફાની રાજપુત્ર અને પુરોહિતપુત્ર સાધુઓને કનડગત કરી પરાભવ પમાડે છે. 'ત્યાં નિરુપસર્ગ વિહાર થાય તેમ કરવું હિતકર છે.' તે સાંભળી અપરાજિત સાધુ અતિશય ચિંતાગ્રસ્ત થયા કે, મારો સગોભાઈ હોવા છતાં રાજા બની પ્રમાદી થયો ! સર્વ જગત પ્રત્યે વાત્સલ્ય રાખનારા, ઉત્તમ ક્રિયા કરનાર એવા સાધુઓને દુર્વિનીત કુમારો હેરાન કરે છે, તેને નિવારતો નથી.' "અરિહંતોનાં ચૈત્યોનો દ્રોહ કરનાર, તથા તે ચૈત્યોનો અને જિનપ્રવચનનો અવર્ણવાદ કરનાર હોય, અહિત કરનાર હોય, તો તેનું નિવારણ સર્વ સામર્થ્યથી કરવું." એ આજ્ઞા અનુસાર તેમનો નિગ્રહ કરવા માટે વિચાર્યું. તેનો નિગ્રહ કરવાની મારામાં શક્તિ છે અને એમ કરવાથી મોટી દયા કરેલી પણ ગણાશે. બીજી વાત એ છે કે, સાધુ ઉપર આમ પ્રદ્વેષ-ઉપસર્ગ કરવાથી દુર્જય અજ્ઞાનરૂપ અંધકાર-સમૂહથી વ્યાપ્ત બનેલા અને દુઃખ-ક્લેશ પામેલા એ બિચારા જન્માંધની જેમ અનંતા સંસારમાં પરિભ્રમણ કરશે.

પરમ વિનયથી આચાર્ય ભગવાનની રજા લઈને ઉજ્જેણી નગરીમાં પહોંચ્યા અને ક્રમે કરી સાધુની વસતિમાં ગયા. વંદનાદિક વિધિ પાદશુદ્ધિ રૂપ ઉચિત સ્થિતિ કરી. ભિક્ષા-સમય થયો અને પાત્ર ગ્રહણ કરવા તૈયાર થયા, એટલે સ્થાનિક સાધુઓએ વિનંતિ કરી કે, 'આજે તમે અમારા મહેમાન છો, આપ આરામ કરો.' એટલે તેમણે કહ્યું કે, 'હું આત્મલબ્ધિવાળો છું. અન્યની લાવેલી ગોચરી મને ઉપકાર કરનારી થતી નથી, તો સ્થાપનાકુલો, અભક્તિવાળાં કુલો, લોકમાં દુગંછિત કુલો જે હોય તે કુલો મને બતાવી દો.' એ પ્રમાણે બતાવતાં બતાવતાં તેના ક્રમમાં એક સાધુએ પ્રત્યનીક-હેરાન કરનાર કુમારનું ઘર બતાવ્યું. તે ઘર જાણી લીધું, એટલે તે સાધુને રજા આપી. પેલા મુનિ તેના ઘરમાં મોટા શબ્દથી **'ધર્મલાભ'** આપતા અંદર ગયા. ભયવાળી અંતઃપુરની સ્ત્રીઓ તેને સાવધાનીથી સંજ્ઞા કરીને હાથ-સંચાલન કરી જણાવે છે કે, 'તમે મોટા શબ્દથી ન બોલો.' પણ સાધુએ તે ન ગણકાર્યું. તે મોટા શબ્દથી બોલ્યા, એટલે તેના શબ્દો સાંભળીને પેલા કુમારો દ્વાર ખોલીને બહાર આવ્યા. મશ્કરી

કરતાં અભિવંદન કરી કહે છે કે, 'હે ભગવંત! આપ નૃત્ય કરો.' સાધુએ કહ્યું કે, 'ગીત અને વાજિંત્ર વગર નાચીએ, તો તમને તે સુખ કરનાર કેવી રીતે થાય ?' કુમારોએ કહ્યું કે, 'અમે ગીત-વાજિંત્ર કરીશું.' તેમ કરવા લાગ્યા. ઊંચા-નીચા, આડા-અવળા વિષમ તાલ ગાનારા-વગાડનારા કુમારોને, મનમાં કોપ નથી, પણ બહારનો કોપ બતાવતા મુનિ કહે છે કે-'આવા મૂર્ખલોક-યોગ્ય ગીત ગાવ છો અને વાજિંત્ર વગાડો છો, તો હું નૃત્ય નહિ કરીશ.' રોષવાળા કુમારો તેને ખેંચવા લાગ્યા. જયણાથી બાહુયુદ્ધ કરતાં કરતાં કુશળભાવથી તેના શરીરના સાંધાઓનાં બંધનો તોડી નાખી, પીડા પમાડી ચિત્રમાં ચીતરેલા હોય તેવા કરીને ત્યાંથી તે સાધુ ચાલ્યા ગયા. આ કુમારોને પીડા પમાડી છે, ભોજનાદિનો અતંરાય કર્યો છે. ઇત્યાદિ સ્મરણ કરતા તે નગર બહાર પણ ભિક્ષા ફરવા ન ગયા, એકાંત સ્થાનમાં ચિંતા કરતા તે બેસી ગયા. તે સમયે કંઇક તેવાં શુભ નિમિત્ત મળવાથી નિર્ણય કર્યો કે, 'નક્કી તેઓ ચારિત્ર ગ્રહણ કરશે.' મનમાં કંઇક શાંતિ થઇ.

નિર્મલ અંતઃકરણવાળા તે મુનિ જ્યારે ત્યાં સ્વાધ્યાય કરતા હતા, ત્યારે કુમારના પરિવારે કુમારની આ સર્વ હકીકત રાજાને જણાવી. રાજા ગુરુ પાસે જંઇને આ પ્રમાણે કહેવા લાગ્યા કે-'મુનિ ભગવંતો હંમેશાં ક્ષમાપ્રધાન ગુણવાળા હોય છે. અપરાધ કરનાર ઉપર પણ કોપ કરતા નથી, તો હવે કૃપા કરી મારા કુમારનો અપરાધ માફ કરો.' ગુરુ કહે કે, 'હું કંઇ જાણતો નથી. રાજાએ કહ્યું કે કોઇ સાધુએ કુમારોને થંભાવ્યા છે. તો ગુરુ કહે છે કે, 'અમારામાંથી કોઇએ એ કાર્ય કર્યું નથી.' રાજા કહે કે, 'એમાં ફેરફાર નથી.' નક્કી નવા આવનાર મુનિએ કર્યું હશે.' એમ ધારીને તેની શોધ કરવા તત્પર બનેલો રાજા તપાસ કરાવે છે. એકાંત સ્થાનમાં મુનિ રહેલા છે એમ જાણ્યું એટલે તેમની પાસે રાજા ગયો. જ્યાં મુનિને દેખ્યા એટલે તરત ઓળખ્યા કે, 'આ તો અપરાજિત નામના મારા મોટા બંધુ છે. અરે રે ! ખોટું થયું. અત્યાર સુધી પરાભવ પામતા મુનિઓનું મેં રક્ષણ ન કર્યું. એમ લજ્જાથી મ્લાન વદનવાળો રાજા તે મોટાભાઇ-મુનિવરને ભૂમિનો સ્પર્શ થાય તે રીતે મસ્તક નમાવી ચરણમાં પડ્યો.

નિસ્પૃહ મનવાળા ઉપાલંભ આપતા તે મુનિ રાજાને કહેવા લાગ્યા કે-'શરદના ચંદ્ર જેવા ઉજજ્વલ તમારા કુળમાં જન્મેલાને અધમલોકને યોગ્ય એવો પ્રમાદ (ઉપેક્ષા) કરવો યોગ્ય ન ગણાય. ભયંકર જ્વાલા-યુક્ત અગ્નિ જો જળપાત્રમાંથી ભભુકે, તો તેવું જળ કોઇ છે કે, જેનાથી તે ઓલવાય ? તો આવા કુળમાંથી સાધુઓને પરેશાની-હેરાનગતિ-પરાભવ ઉત્પન્ન થયો, તે થોડો પણ બચાવવા કોઇ સમર્થ નથી. રાજા પગે વળગીને મુનિને ખમાવે છે અને કહે છે કે-'કૃપા કરીને જેવી રીતે સાજા થાય તેમ કરો.' મુનિ કહે કે, 'જો મારી પ્રવ્રજ્યા અંગીકાર કરે, તો તેમ કરું.' રાજાએ કહ્યું કે-'આપને સમર્પણ કર્યા, પરંતુ મનમાં વિકલ્પ થાય છે કે, તેઓ બોલવા સમર્થ નથી, તો જેમ બોલી શકે તેમ ક્ષણવાર બોલતા કરો.' એમ વિનંતિ કરી. એટલે મુનિ તેની પાસે ગયા. તેઓનાં મુખયંત્રો સાજાં કરીને વિસ્તારથી ધર્મ સમજાવ્યો. પ્રવ્રજ્યા માટે પૂછ્યું, તો સંવેગ પામેલા તે કુમારોએ ક્ષાંતિ આદિ ગુણો અને યોગો વડે તેવા પ્રકારના પૂર્વભવના અભ્યાસથી તે વાતનો સ્વીકાર કર્યો. સર્વ અંગોના સાંધાઓ જોડીને આગળ જેવા પ્રકારનું નિરોગી શરીર હતું, તેવા પ્રકારનું કરી આપ્યું. મુનિચર્યા સહિત બીજા દિવસે શુભ મુહૂર્તે રાજકુલને ઉચિત નીતિથી બંનેએ દીક્ષા અંગીકાર કરી.

રાજપુત્ર વિચારે છે કે, 'આમણે મારા ઉપર ઉપકાર કર્યો.' બીજો પુરોહિતપુત્ર વિચારે છે કે, ખરેખર આણે દુષ્ટ અધ્યવસાયથી, બળાત્કારથી અમને છોડાવ્યા છે, નરકમાં પતન પામવા સિવાય આનું બીજું ફળ તેને થવાનું નથી. આ ઉપાય વગર બીજો ઉપાય ન હતો ? આ પીડા ઔષધ સરખી હિતકારી છે, પરંતુ તત્ત્વભૂત નથી. આ પ્રમાણે પુરોહિતપુત્ર વિચારતો હતો. બીજું, જે વિડંબના કરીને પરાણે દીક્ષા લેવરાવી, તે તેમણે સુંદર કાર્ય કર્યું નથી. નિષ્કલંક પાલન કરેલા વ્રતવાળા અને સમાધિ તત્પર બનેલા ત્યાંથી મૃત્યુ પામી દેવપણે ઉત્પન્ન થયા. પરંતુ પુરોહિતપુત્રના મનમાંથી ગુરુદ્વેષ ન ગયો. તે દ્વેષ સહિત સર્વ અંત ક્રિયાઓ કરી.

દેવલોકમાં ઉદાર ભોગો પ્રાપ્ત થયા. જિનેશ્વરોના મહોત્સવો કર્યા.

કલ્પદ્રુમ આદિના પ્રભાવ ઘટવા લાગ્યા, તેથી પોતાનો ચ્યવનકાલ નજીક જાણ્યો, એટલે મહાવિદેહમાં જિનેશ્વરોની પાસે જઇને ધર્મ શ્રવણ કર્યું. અવસર મળ્યો એટલે ભગવંતને પૂછ્યું કે, 'અમે હવે આગળના ભવમાં સુલભબોધિ થઇશું કે દુર્લભબોધિ? ભગવંતે તેમને કહ્યું કે-'આ પુરોહિતપુત્ર દુર્લભબોધિ થશે.' **દેવ**- તેને અબોધિ થવાનું નિમિત્ત શું? પ્રભુએ કહ્યું કે, 'ગુરુ ઉપરનો પ્રદ્વેષ.' **દેવ**- આ તો નાનું કારણ છે. તો હવે ફરી ક્યારે બોધિ-લાભ થશે? **જિન**- 'આગલા જન્મમાં.' **દેવ**- 'કેવી રીતે? **જિન**-પોતાના ભાઇના જીવથી. **દેવ**- તે અત્યારે ક્યાં છે? **જિન**- કૌશાંબી નામની ઉત્તમ નગરીમાં. **દેવ**- હે ભગવંત! તેનું શું નામ છે? **જિન**- તેનું પ્રથમ નામ અશોકદત્ત છે. બીજું નામ મુંગો છે. **દેવ**- મુંગો એ નામ કેવી રીતે થયું? **જિન**- તે વાત એકચિત્તથી સાંભળ.

પોતાની શોભાથી અમરાપુરીને ઝાંખી પાડનારી કૌશાંબી નગરીમાં ધન-ધાન્યથી સમૃદ્ધ એવો તાપસ નામનો શેઠ હતો. તેને વિશ્વાસભૂત સર્વાંગ-સંપૂર્ણ સુંદર ભાર્યા હતી. તેના ગર્ભથી ઉત્પન્ન થયેલો અનેક ગુણવાળો કુલધર નામનો પુત્ર હતો. શેઠ પરિગ્રહમાં ઘણા આસક્ત હતા. અનેક પ્રકારના આરંભ કરીને ધનોપાર્જન કરતા હતા, પરંતુ ધર્મ કરવામાં પરાઙ્મુખવાળાં હતા. કાળે કરીને મૃત્યુ પામ્યા. પોતાના ઘરની પાસેના ખાંડામાં જ જડ સ્વભાવવાળા, ડુક્કરપણે ઉત્પન્ન થયા. પોતાના કુટુંબને દેખી પોતાની જુની જાતિ યાદ આવી કે, 'હું આ ઘરનો સ્વામી હતો. તેના પ્રેમપાશમાં જકડાયેલો તે આમ-તેમ ભમવા લાગ્યો. પિતાના મૃત્યુની વાર્ષિક સંવત્સરી આવી, ત્યારે બ્રાહ્મણોના ભોજન-નિમિત્તે ઘણું માંસ પકાવીને તૈયાર કર્યું. ત્યાર પછી રસોયણનો કોઇ પ્રકારે પ્રમત્તભાવ થવાથી તે માંસ બિલાડીએ બોટ્યું-એંઠું કર્યું. એટલે કોપ પામેલી તેણે બીજું માંસ ન મળવાથી તે ડુક્કરને હણ્યો અને જલદી તેનું માંસ પકાવીને તૈયાર કર્યું. વળી તે ડુક્કરનો જીવ રોષ પામવાથી મરીને તે જ ઘરે સર્પપણે ઉત્પન્ન થયો. ત્યાં તેને જાતિસ્મરણ થયું અને પૂર્વસ્નેહથી ત્યાં જ ભ્રમણ કરતો હતો. નિઃશંકપણે પોતાના કુટુંબને અવલોકન કરતો ત્યાં જ રહેતો

હતો. દરમ્યાન રસોયાણીએ તે સર્પને દેખ્યો એટલે કોલાહલ કરી મૂક્યો. પોતે ભયભીત બની ગઇ અને મજબૂત કાષ્ઠ મારીને મૃત્યુ પમાડ્યો. તે સમયે પરિણામની શુભ લેશ્યા થવાથી પોતાના પુત્રનો તે પુત્ર થયો.

માતા-પિતાએ અશોકદત્ત નામ પાડ્યું. પ્રતિદિન શરીરથી વૃદ્ધિ પામતો તે બાળક કોઇ સમયે જાતિસ્મરણવાળો થયો. હવે પોતાને લજ્જા આવી કે- 'પુત્રને બાપા કહી શી રીતે સંબોધવા અને પુત્રવધૂને માતા કેવી રીતે કહેવી ?' એમ ધારીને તે ઉત્તમ મૌનવ્રતને ધારણ કરવા લાગ્યો અને તે આ પ્રમાણે મૂકપણે રહ્યો છે. કુમારપણામાં રહેલો તે એકાંતે વિષયોથી વિમુખ રહેલો હતો, ત્યારે કોઇક સમયે નિર્મલ ચાર જ્ઞાનવાળા, ગામ, નગર, ખાણ વિગેરે યુક્ત ભૂમંડલમાં વિહાર કરતાં કરતાં ધર્મરથ નામના આચાર્ય ગામ બહારના ઉદ્યાનમાં પધાર્યા. તેમણે ઉપયોગ મૂક્યો કે, 'અહીં ગામમાં કોને પ્રતિબોધ થશે ?' જાણ્યું કે, તાપસ શેઠનો જીવ મૂકપણું પામેલો છે. અવસર જાણીને હવે તેને બોધિલાભ થશે. એટલે બે સાધુને તેની પાસે મોકલ્યા, તેની પાસે જઇ આ ગાથા સંભળાવી કે-'હે તાપસ ! ધર્મ જાણવા છતાં તેં અહીં મૌનવ્રત કેમ ધારણ કર્યું છે? તું મૃત્યુ પામીને ડુક્કર, સર્પ અને પુત્રનો પુત્ર થયો છે.' તે સાંભળીને વિસ્મય ચિત્તવાળો તે સાધુને વંદન કરે છે. ત્યાર પછી પૂછ્યું કે, 'તમે આ મારો વૃત્તાન્ત કેવી રીતે જાણ્યો ? તો તેઓએ જણાવ્યું કે, 'અમારા ગુરુ જાણે છે, અમે તો કંઇ જાણતા નથી.' તેઓ ક્યાં રહે છે ?' એમ પૂછ્યું, ત્યારે કહ્યું કે, 'મનોરમ નામના ઉદ્યાનમાં.' આશ્ચર્ય પામેલો તે ત્યાં ગયો. વંદન કર્યું. ત્યાર પછી જિનભાષિત ધર્મનું શ્રવણ કર્યું. સમગ્ર આધિ-વ્યાધિ-સમૂહરૂપી પર્વતનો ચૂરો કરવામાં વજ્ર સમાન બોધિ પ્રાપ્ત કર્યું, મૌનવ્રતનો ત્યાગ કરી તે બોલવા લાગ્યો. પરંતુ પ્રસિદ્ધિ પામેલું 'મૂંગો' એવું નામ ન ભૂંસાયું. આ પ્રમાણે મૂંગો એવા પ્રકારનું નામ લોકોમાં પ્રસિદ્ધિ પામ્યું.

**દેવ-** હે ભગવંત ! એ મૂંગાથી મને બોધિ ક્યાં થશે ? **જિન-** વૈતાઢ્ય પર્વતના શિખરના સિદ્ધાયતનકૂટમાં. **દેવ-**કયા ઉપાયથી આ થશે ? **જિન-** પૂર્વના જાતિસ્મરણથી. **દેવ-** તે પણ ક્યારે થશે ? **જિન-** પોતાનાં

કુંડલોને દેખવાથી. એ પ્રમાણે બોધિ પ્રાપ્ત કરવાનો ઉપાય પ્રાપ્ત થવાથી બહુમાનપૂર્વક ભગવંતને નમસ્કાર કરીને તે દેવ કૌશાંબીમાં મૂંગાની પાસે ગયો. પોતાની રૂપલક્ષ્મી બતાવીને કહ્યું કે, 'હું તારો નાનો ભાઇ થઇશ. તું તેમ કરજે કે, જેથી મને જલદી બોધિ ઉત્પન્ન થાય.' તે તેને વૈતાઢ્ય પર્વત ઉપર સિદ્ધકૂટના જિનભવનમાં લઇ ગયો. પોતાનું કુંડલયુગલ તેના દેખતાં ત્યાં સ્થાપન કર્યું. તેણે ચિંતવેલા મનોરથો પૂર્ણ કરનાર એવું ચિંતામણિરત્ન દેવે તે મૂંગાને આપ્યું. એમ કરીને તે દેવ સ્વર્ગમાં ગયો.

પેલા રત્નથી તેની દરેક ઇચ્છાઓ પૂર્ણ થાય છે. કોઇક સમયે અકાલે આમ્રફલ ખાવાનો માતાને દોહલો થયો. દોહલો પૂર્ણ ન થવાથી તે દુર્બલ દેહવાળી થઇ, એટલે તેને શંકા થઇ. જિનવચન સત્ય જ હોય છે. પેલો દેવ અહીં ઉત્પન્ન થયો લાગે છે. તે રત્નના પ્રભાવથી અકાલે પણ આમ્રવૃક્ષો ફળ્યાં. સન્માનિત દોહલાવાળી તે ગર્ભને વહન કરવા લાગી. નવ મહિનાથી અધિક કેટલાક દિવસ વીત્યા પછી પૂર્વદિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ તેણે મનોહર પુત્રને જન્મ આપ્યો. નવા જન્મેલા બાળકને દાનમાં નવકારનું સુંદર દાન આપ્યું. તેમ જ કુલવૃદ્ધિ કરનાર તેનો ઘણો મોટો જન્મોત્સવ કર્યો. નામકરણની વિધિમાં 'અર્હદ્દત્ત' એવું નામ સ્થાપન કર્યું. ક્રમે કરી વૃદ્ધિ પામ્યો, એટલે બાળક જિનેશ્વરના મંદિરમાં તેમ જ સાધુઓ પાસે લઇ જવાતો હતો, તેમના ચરણ-કમળમાં પગે લગાડાતો હતો. અતિકટુક રુદન કરે, ત્યારે તેને મારતા પણ હતા. યૌવનવય પામ્યો, ત્યારે ઘણા લાવણ્યવાળી ચાર કન્યાઓ સાથે તેનો વિવાહ કર્યો. બાધા વગરના ચિત્તથી તેની સાથે રાત્રિ કે દિવસનો વિભાગ કર્યા વગર વિષયસુખ ભોગવતો હતો. સમય પાક્યો એટલે અશોકદત્તે પૂર્વનો સંકેત કહ્યો, તો પણ તલના ફોતરા જેટલી પણ તેની વાત સ્વીકારતો નથી. એટલે અશોકદત્ત તીવ્ર સંવેગથી પ્રવ્રજ્યા અંગીકાર કરીને ઉગ્રતપની આરાધના કરીને દેવ થયો. સમયે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો, તો જાણ્યું કે અતિગાઢ મિથ્યાત્વનો ઉદય છે, તેથી તેને હજુ શ્રદ્ધા થતી નથી.

જ્યાં સુધી પીડિત શરીરવાળો નહિ થાય, સુધી આ પ્રતિબોધ પામવાનો નથી, એમ વિચારીને દેવે તેના દેહમાં વ્યાધિ ઉત્પન્ન કર્યો. જેમાં વૈદ્યનાં ઉપાયો ન ચાલે, તેવો જલોદર નામનો અસાધ્ય પેટનો વ્યાધિ ઉત્પન્ન કર્યો. તેને યંત્રમાં પીલાવા સરખી વેદના આખા શરીરમાં ઉત્પન્ન થઇ. પોતાના જીવનથી ઉદ્વેગ પામ્યો અને અગ્નિપ્રવેશની અભિલાષા કરી, એટલામાં શબરનું રૂપ કરી તે દેવ ત્યાં આવ્યો. ઉદ્ઘોષણા કરવા લાગ્યો કે, ગમે તેવા દરેક વ્યાધિઓ મટાડનાર હું વૈદ્ય છું. વૈદ્યે આ અર્હદ્દત્તને દેખ્યો અને કહ્યું કે, 'ઘણો ભયંકર વ્યાધિ થયો છે. ઘણાં કષ્ટથી તેની ચિકિત્સા કરવી પડશે. મને પણ પહેલાં આવો વ્યાધિ થયો હતો. સર્વ સંગનો ત્યાગ કરીને હું દરેક નગરમાં પરિભ્રમણ કરું છું. આ રોગ મટાડવા માટે તું સર્વ સંગનો ત્યાગ કરી મારી સાથે ફરે તો તારો રોગ દૂર કરું.' દુ:ખથી પીડા પામેલા તેણે તે સર્વ વાત કબૂલ કરી. તેને નગરચૌટામાં લઇ ગયો. માતાના મંદિરમાં બેસાડ્યો. દેવીની પૂજા કરાવી અને વ્યાધિ નીકળતો બતાવ્યો. વેદના દૂર કરી. ક્ષણવારમાં તદ્દન નિરોગી બની સ્વસ્થ થયો. દીક્ષા આપવા માટે તેણે મુનિનું રૂપ ગ્રહણ કર્યું. દિવ્ય રૂપ બનાવી મુનિની દીક્ષા આપી અને મુનિઓનો આચાર બતાવ્યો. એમ કરી દેવ પોતાના સ્થાનકે ગયો. ત્યાર પછી તે પણ પ્રવ્રજ્યા છોડી ઘરે ગયો અને પહેલાની જેમ ભાર્યાદિકનો સ્વીકાર કર્યો, એટલે ફરી તે જ પ્રમાણે દેવે તેને વ્યાધિ ઉત્પન્ન કર્યો. દુ:ખ પામેલો સ્વજનવર્ગ તેને અતિશય વેદના પામેલો દેખીને શબરાકાર વૈદ્યને દેખીને તેને કહે છે કે, 'આને નિરોગી કરો.' દેવ પણ તેને આગળ માફક કહે છે, પેલો પણ તે વાત સ્વીકારે છે. હવે પૃથ્વીમાં તારે મારી સાથે ભમવું પડશે. તો તે શરત કબૂલ કરી. ગોણક નામનો વૈદ્યનાં ઔષધો અને સાધનો ભરેલો કોથળો તેને ઉચકવા આપ્યો. સુપ્રસન્ન વદનથી આદરપૂર્વક તે ગ્રહણ કર્યો. જ્યારે ત્યાંથી પ્રયાણ કર્યું, ત્યારે તે દેવે તેને કહ્યું કે, 'તારે હંમેશાં મારા સરખી ક્રિયાઓ કરવી.' હવે કોઇક સમયે દેવે ગામમાં જ્વાલા-સમૂહથી ભયંકર એવો અગ્નિ વિકુર્વ્યો. એકદમ પીડાવાળો શોરબકોર થયો. વૈદ્ય તે ઓલવવા માટે એક મોટો ઘાસનો પૂળો હાથમાં લઇને તે તરફ જતો હતો, ત્યારે આ અર્હદ્દત્તે તેને સમજાવ્યો કે, 'ઓલવવા માટે જળ-સંજોગ ઉચિત છે, તું વળી આ પૂળો કેમ લઇ જાય છે?'

**વૈદ્ય-** આ જન્મ-જરા-મરણ સ્વભાવવાળા આ ભયંકર ભવારણ્યમાં લીધેલાં વ્રતોનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે, તેથી તું પણ સારા વર્તનવાળો નથી. પછી તે મૌન થયો. હવે વૈદ્ય માર્ગ છોડીને ઉન્માર્ગે ચાલવા લાગ્યો, એટલે તેને દેખીને તે (અર્હદ્દત્ત) કહેવા લાગ્યો કે, 'સન્માર્ગ છોડીને ખોટો માર્ગ કેમ પકડ્યો. તેથી મને લાગે છે કે, 'તું માર્ગ ચૂકી ગયો છે.'

**વૈદ્ય-** આ સિદ્ધિનો માર્ગ છોડીને તું પણ કેમ ભવ-માર્ગમાં ઉતર્યો ?

ફરી કોઇ દેવકુલિકામાં એક યક્ષની પ્રતિમા બતાવી. જ્યારે તેની પૂજા કરવામાં આવતી હતી, ત્યારે તે અધોમુખી થઇ જલદી નીચે પડતી હતી. વળી પાછી તેને ઉપર સ્થાપન કરતા હતા, તો પણ પાછી નીચામુખવાળી થઇ નીચે પડતી હતી.

**અર્હદ્દત્ત** - અરે ! આ તો ઘણી વિપરીત જણાય છે કે-આમ ચેષ્ટા કરે છે.

**વૈદ્ય-** સકલ લોકોને પૂજનીય પ્રવ્રજ્યાનો ત્યાગ કરીને જે પાપવાળા ગૃહકાર્યમાં જોડાય છે, તે તેનાથી વિપરીત કેમ ન ગણાય ?

દેવે ફરી દુર્ગંધી ખાડામાં ભુંડ વિકુર્વ્યો અને શાલિધાન્યને છોડીને અતિઅનિષ્ટ વિષ્ઠાયુક્ત ભોજન ખાતો દેખાડ્યો.

**અર્હદ્દત્ત-** આ ભુંડ અતિ કુત્સિત પ્રકૃતિવાળો છે કે, જે આ પવિત્ર આહાર છોડીને આવા પ્રકારનું અતિ અનિષ્ટ વિષ્ઠાનું ભોજન કરે છે.

**વૈદ્ય-** તું તો એના કરતાં પણ ભુંડો છે, કારણ કે, 'આવા ઉત્તમ સંયમને છોડીને દુર્ગંધ મારતા અશુચિ, ચરબી, આંતરડાં, માંસ, મૂતર વગેરેથી ભરેલી મશકસમાન સ્ત્રીઓમાં રમણતા કરે છે !

ફરી એક બળદ વિકુર્વ્યો, તેની પાસે ઊંચી જાતનું સુગંધી ઘાસ વિકુર્વ્યું. તે બળદે આ સ્વાદિષ્ટ સુગંધી ઉત્તમ જાતિનું ઘાસ ખાવાનું છોડીને અતિ ઊંડા કૂવાના મોટા કિનારા પર ઉગેલા અતિતુચ્છ, અને સ્વાદ વગરના દૂર્વાંકુરને ખાવાની ઇચ્છાથી તે તરફ મુખ કર્યું. તેમ જ તેની આગળ સ્થાપેલું સુયોગ્ય ઘાસ બે ઓષ્ઠથી બળદ કૂવામાં ફેંકતો હતો.

**અર્હદ્દત્ત-** ખરેખર સાચે જ આ પશુ છે, નહિતર આવું સુંદર અને સહેલાઈથી મળેલું છોડીને અતિતુચ્છ દૂર્વાંકુરની કેમ અભિલાષા કરે ?

**વૈદ્ય**- આ પશુ કરતાં પણ તું મહાપશુ સરખો છે. કારણ કે, એકાંત સુખરૂપ ફળ મળવાનોં નિશ્ચય હોવા છતાં આ ચારિત્રનો ત્યાગ કરીને નરકાદિક દુઃખરૂપ ફળ આપનાર વિષયસુખમાં તું રાચી રહેલો છે.

આ પ્રમાણે પગલે પગલે વારંવાર નિપુણતાથી પ્રેરણા આપતા તેના વિષે શંકા થવાથી કહ્યું કે, 'તું મનુષ્ય નથી.' 'હવે આને સંવેગ થયો છે.' એમ જાણીને તેને પૂર્વભવ સંબંધી સર્વ વૃત્તાન્ત નિવેદન કર્યો. તેને બોધિલાભ પ્રાપ્ત થાય તે માટે વૈતાઢ્ય પર્વત ઉપર તે દેવ લઇ ગયો અને સિદ્ધકૂટમાં આગળ સ્થાપેલ કુંડલયુગલ બતાવ્યાં. તે જ ક્ષણે જાતિસ્મરણ જ્ઞાન થવાથી પ્રતિબોધ પામ્યો અને ભાવથી દીક્ષા અંગીકાર કરી. હવે તે અતિ ક્ષમાવાળો, ઇન્દ્રિયોનું દમન કરનારો, ગુરુભક્તિ કરવામાં તત્પર બન્યો. ઉત્તમ પ્રકારની ઉછળતી શ્રદ્ધાવાળા તેણે ઘણા પ્રકારના શ્રુતનો અભ્યાસ કર્યો. અપૂર્વ-અપૂર્વ અભિગ્રહ કરવામાં હંમેશાં તે પ્રયત્નશીલ બન્યો. આવા પ્રકારનું સુંદર ચારિત્ર પાળીને અંતસમયે સર્વથા શલ્યરહિત બનીને શરીરની અને કષાયની સંલેખના કરીને અર્થાત્ બંને પાતળા-દુર્બલ બનાવીને શુદ્ધસમાધિ-સહિત મૃત્યુ પામી ત્યાંથી વૈમાનિક દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં પણ ચૈત્યો-જિનેશ્વરોને વંદન-પૂજનાદિકના વ્યાપારમાં અપૂર્વ રસ ધરાવતો હતો. આયુષ્યપૂર્ણ થતાં ચ્યવીને મહાવિદેહમાં વિશાળકુળમાં જન્મ થયો. જિનધર્મની આરાધના કરી મોક્ષને પામ્યો.

(આચાર્ય શ્રી હેમસાગરસૂરિકૃત ગુજરાતી અનુવાદમાંથી સુધારા-વધારા સાથે સાભાર ઉદ્ધૃત.) (૧૦૮)

**खाओवसमिगभावे, दढजत्तकयं सुहं अणुट्ठाणं ॥**
**परिवडिअं पि य हुज्जा, पुणो वि तब्भाववुड्ढिकरं ॥१०९॥**

क्षायोपशमिकभावे दृढयत्नकृतं शुभमनुष्ठानम् ॥
परिपतितमपि च भवेत्पुनरपि तद्भाववृद्धिकरम् ॥१०९॥

'खाओवे'त्यादि, क्षायोपशमिकभावे-मिथ्यात्वमोहनीयादिकर्मविगम-विशेषविहितात्मपरिणामे सति, न तु लाभाद्यर्थित्वलक्षणौदयकिभावे, दृढयत्नकृतं-परमादरविहितं, शुभं-प्रशस्तं, अनुष्ठानम्-आचरणं चैत्यवन्दनादि, इह यत्तदिति

विशेषो दृश्यः, प्रतिपतितमपि-तथाविधकर्मदोषाद् भ्रष्टमपि, आस्तामप्रतिपतितम्, हुशब्दोऽवधारणार्थः, तत्प्रयोगश्च दर्शयिष्यते, जायत एव-भवत्येव, पुनरपि-भूयोऽपि, किंभूतं जायत इत्याह-यस्मिन् भावे क्षायोपशमिके वर्तमाने तच्छुभमनुष्ठानं विहितं तद्भावस्य-तस्याध्यवसायस्य वृद्धिकरं-वर्धनकारि तद्भाववृद्धिकरम्, अतः शुभभावस्य मोक्षहेतोर्वृद्धिकरत्वाद्वन्दनायां प्रयत्नः संगत एवेति गाथार्थः ॥२४॥ (પંચાશક ૩ ગાથા ૨૪)

ક્ષાયોપશમિકભાવથી પરમ આદરપૂર્વક કરેલું શુભ અનુષ્ઠાન તેવા (મિથ્યાત્વ મોહનીય) કર્મના ઉદયથી બંધ થઈ જાય તો પણ ફરી અવશ્ય ક્ષાયોપશમિક ભાવના અધ્યવસાયોની વૃદ્ધિ કરનારું બને છે, અર્થાત્ ચૈત્યવંદન વગેરે અનુષ્ઠાનો શુભભાવથી બહુ જ આદર સાથે વિધિની કાળજી પૂર્વક કરવામાં આવે તો કદાચ તેવા પ્રકારના કર્મના ઉદયથી શુભભાવ જતો રહે અને અનુષ્ઠાનો બંધ પણ થાય તો પણ ભવિષ્યમાં અવશ્ય તે અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. અને તે અનુષ્ઠાન કરતાં કરતાં શુભભાવની વૃદ્ધિ થાય છે. આથી ચૈત્યવંદનમાં વિધિ સાચવવાનો પ્રયત્ન-યુક્ત જ છે. (૧૦૯)

**अज्जमहागिरिचरिअं, भावंतो माणसंमि उज्जमइ ॥**
**अणिगूहियणियथामं, अपमायस्सेस कसवट्टो ॥११०॥**

आर्यमहागिरिचरितं भावयन्मानसे उद्यच्छति ॥
अनिगूहितनिजस्थामाऽप्रमादस्यैष कषपट्टः ॥११०॥

પોતાનું વીર્ય જેમાં છુપાવવામાં આવ્યું નથી એવા આર્યમહાગિરિના ચરિત્રને મનમાં વિચારતો સાધુ ઉદ્યમ કરે. અપ્રમાદનો આ કષપટ્ટ છે.

**વિશેષાર્થઃ-** પોતાના વીર્યને ગોપવ્યા વિના ચારિત્રમાં કરાતો ઉદ્યમ અપ્રમાદનો કષપટ્ટ છે = કસોટી છે. જેમ કષપટ્ટથી સુવર્ણની શુદ્ધિ જણાય છે, તેવી રીતે ચારિત્રમાં કરાતા ઉદ્યમથી અપ્રમાદ જણાય છે. જેટલા અંશે ચારિત્રમાં ઉદ્યમ વધારે તેટલા અંશે અપ્રમાદ છે, જેટલા અંશે ચારિત્રમાં ઉદ્યમની ખામી તેટલા અંશે પ્રમાદ વધારે છે એ નિશ્ચિત થાય છે. માટે અહીં ચારિત્રમાં કરાતા ઉદ્યમને અપ્રમાદનો કષપટ્ટ કહ્યો છે.

## આર્ય શ્રી મહાગિરિસૂરિ ની કથા

એકવાર સંપ્રતિરાજાએ પોતાના પૂર્વભવના ભિખારીપણાને અને ભૂખના દુઃખને સંભારીને પાટલિપુત્ર નગરના ચારે દ્વારમાં ભોજનશાળાઓ કરાવી. ત્યાં "આ પોતાનો અને આ પારકો" એવા પ્રકારના ભેદ વિના ભોજન કરનારાઓ ભોજન પામતા હતા. ભોજન થઇ રહ્યા પછી વધેલા અન્નાદિને રસોઇયા વિભાગ કરીને લેતા હતા. એકવાર રાજાએ તેમને આદેશ કર્યો કે વધેલું અન્નાદિ પંચમહાવ્રતધારી જૈન સાધુઓને તમારે આપવું. તેના બદલામાં હું તમને દ્રવ્ય આપીશ એટલે તમારી આજીવિકામાં પૂર્તિ થશે. ત્યાર પછી રાજાની આજ્ઞાથી તેઓ વધેલ અન્નપાનાદિ સાધુઓને આપવા લાગ્યા. સાધુઓ પણ તે શુદ્ધ હોવાથી ગ્રહણ કરવા લાગ્યા.

એકવાર રાજાએ કંદોઇ લોકોને તથા તેલ, દૂધ, દહીં, ઘી અને વસ્ત્ર વગેરે વેચનારાઓને આદેશ કર્યો કે સાધુઓને જે કંઇ જોઇએ તે તમારે આપવું. તેનું મૂલ્ય તમને હું આપીશ. આવી આજ્ઞા થવાથી તેઓ હર્ષપૂર્વક વિશેષ રીતે તેમ કરવા લાગ્યા, આર્યસુહસ્તીસૂરિ તે આહાર આદિને તેવા પ્રકારના દોષયુક્ત જાણવા છતાં શિષ્યો પરના અનુરાગથી તે બધું સહન કરતા હતા.

આ દરમિયાન વિહાર કરતાં કરતાં આર્ય શ્રી મહાગિરિસૂરિ ત્યાં પધાર્યા.

સમગ્ર ભિક્ષાનું સ્વરૂપ જાણીને મનથી કરેલા સમ્યગ્ ઉપયોગથી સુહસ્તીસૂરિને તેમણે ઠપકો આપતાં કહ્યું કે, 'આવો દોષિત રાજપિંડ વગર કારણે કેમ ગ્રહણ કરો છો ?' તેમણે પણ જવાબ આપ્યો કે-'હે આર્ય ! ભક્તિવંત રાજા હોય, પછી મુનિઓને પ્રચુર ભોજનની સર્વત્ર પ્રાપ્તિ કેમ ન થાય ?'

'શિષ્યના' અનુરાગથી જ્યારે આર્ય સુહસ્તી તેમને નિવારણં કરતા નથી, એટલે આ માયા કરે છે એમ જાણીને ભિન્ન સ્થાનમાં વાસ કરીને આહાર-પાણીનો વ્યવહાર જુદો કર્યો.

ત્યાર પછી આ તીર્થમાં મુનિઓનો વિસંભોગ-વિધિ શરૂ થયો.

પશ્ચાત્તાપ પામેલા સુહસ્તીએ મહાગિરિ ગુરુને ચરણકમળમાં વંદન કરી 'મિચ્છા મિ દુક્કડં' આપ્યું. ફરી સાથે ભોજન-વંદન-વ્યવહાર રૂપ સંભોગ-વિધિ પૂર્વની જેમ ચાલુ કર્યો અને વિચરવા લાગ્યા.

તે રાજા ઉત્તમ શ્રાવકધર્મનું સુંદર પાલન કરીને જિનભવનની પંક્તિથી રમણીય એવું પૃથ્વીમંડલ બનાવીને દેવલોક પામ્યો. ત્યાર પછી આર્ય મહાગિરિ પોતાની પાછલી વયમાં ગચ્છનાં કાર્યો આર્ય સુહસ્તીને વિષે સ્થાપન કરીને આ પ્રમાણે ચિંતવવા લાગ્યા- ઘણા લાંબા કાળ સુધી સાધુ-પર્યાય પાળ્યો, વાચનાઓ આપી, શિષ્યો નિષ્પાદન-તૈયાર કર્યા, હવે મારા પોતાના આત્માનું શ્રેય સાધું, અનુત્તર ગુણો અને આશ્ચર્ય પમાડે તેવા વિહાર-પૂર્વક અદ્‌ભૂત સાધન-યુક્ત વિધિથી સમાધિવાળું મૃત્યુ મેળવું. અત્યારે જિનકલ્પની સાધના કરવી મારા માટે શક્ય નથી. તો તેનો અભ્યાસ સ્વશક્તિ અનુસાર ગચ્છમાં રહીને કરવો યોગ્ય છે. જિનકલ્પનું નિષ્ઠુર અનુષ્ઠાન અને આકરો તપ કરવાનું શરૂ કર્યું. કોઇ વખત વિહાર કરતાં કરતાં બન્ને કુસુમપુર નગરમાં ગયા. ત્યાં સાધુઓ આવી પહોંચ્યાં અને બીજા સ્થાને ઉતર્યા. સુહસ્તીસૂરિએ વસુભૂતિ નામના શેઠને પ્રતિબોધ કર્યો.

તે બોધિ પામ્યો, એટલે આચાર્ય મહારાજને વિનંતિ કરી કે, 'હે ભગવંત' મારા ઘરના લોકોને પ્રતિબોધ કરવા માટે મારા ઘરે ધર્મકથા કરો.' કોઇ વખત કથા કરતા હતા, ત્યારે મહાગિરિ ત્યાં ભિક્ષા માટે પધાર્યા એટલે આદર અને સંભ્રમથી આર્ય સુહસ્તી એકદમ ઊભા થઇ ગયા. આથી ખુશ થયેલા શ્રેષ્ઠીએ પૂછ્યું કે, 'હે ભગવંત' આ કોણ છે કે, જેથી આપ ઊભા થઇ ગયા ?' ત્યારે તેમણે કહ્યું કે, તે અમારા ગુરુ છે અને ઘણી ઉત્કૃષ્ટ ક્રિયા કરનારા છે, જે ફેંકી દેવા લાયક, ત્યાગ કરવા લાયક અન્ન કે જળ હોય તે જ ગ્રહણ કરનારા છે. પરંતુ બીજું નહિ. ગુણના ભંડાર તે શ્રમણસિંહનો વૃત્તાન્ત અતિવિસ્તારથી કહીને સમય થયો એટલે પોતાની વસતિમાં આવી પહોંચ્યા. ત્યાર પછી બીજા દિવસે વસુભૂતિ શેઠે પોતાના સ્વજનોને સમજાવ્યા કે, ભોજન કે પાણી તમારે અનાદરવાળા બનીને એકબીજા ઇચ્છતા ન હોય તેમ વ્યવહાર કરતાં આપવું. જ્યારે ગુરુના ગુરુ કોઇ પ્રકારે ભિક્ષા માટે આવે અને ઘરમાં પધારે, ત્યારે તેઓ તે પ્રમાણે

કરવા લાગ્યા. આર્ય મહાગિરિ વિચારવા લાગ્યા કે, 'આ સ્વાભાવિકપણે આમ અનાદર કરતા નથી' એટલે વહોર્યા વગર જ તેઓ વસતિમાં પાછા ફર્યા. સંધ્યા-સમયે આર્ય સુહસ્તીને કહ્યું કે, 'હે આર્ય ! તેં મારા માટે આજે અનેષણા કેમ કરી ?' 'કેવી રીતે?' એમ ભ્રાન્તિપૂર્વક પૂછ્યું, ત્યારે જણાવ્યું કે, 'શેઠને ઘરે તમે ઊભા થઇ ગયા, મારા કલ્પ-વિષયક વૃત્તાન્ત જણાવ્યો.

ત્યાર પછી કુસુમપુરથી ઉજ્જેણી નગરીએ જીવંતસ્વામીની પ્રતિમાને વંદન કરવા માટે પરિમિત સાધુ સાથે શ્રી આર્ય મહાગિરિ પધાર્યા. ત્યાં જિનબિંબને વંદન કરી સાધુ-સંઘને હિતોપદેશ આપ્યો.

હવે પૂર્વે શ્રી ચરમતીર્થપતિના સમવસરણમાં દશાર્ણભદ્રરાજાને પ્રતિબોધ આપવાને અવસરે સુરેંદ્રના ગજેંદ્રના આગળના પગલાં જ્યાં ભૂમિપર સ્થિત થયેલા હતા તે તીર્થે આર્ય શ્રી મહાગિરિસૂરિ આવ્યા. તે તીર્થમાં સૂત્રોક્ત વિધિપૂર્વક અનશન કરીને સમાધિપૂર્વક કાલધર્મ પામીને સ્વર્ગે ગયા. આ પ્રમાણે બીજા સુવિહિતોએ પણ પોતાની શક્તિને છુપાવ્યા વિના સમ્યક્પણે ચારિત્રમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. (પરિશિષ્ટપર્વ) (૧૧૦)

**संजमजोगेसु सया, जे पुण संतविरिया वि सीअंति ॥**
**कह ते विसुद्धचरणा, बाहिरकरणालसा हुंति? ॥१११॥**
**( इति क्रियास्वप्रमत्ततास्वरूपं चतुर्थलक्षणम् )**

संयमयोगेषु सदा ये पुनः सद्वीर्या अपि सीदन्ति ॥
कथं ते विशुद्धचरणा बाह्यकरणालसा भवन्ति ॥१११॥

व्याख्या-'संयमयोगेषु' पृथिव्यादिसंरक्षणादिव्यापारेषु 'सदा' सर्वकालं ये पुनः प्राणिनः 'संतविरियावि सीयंति' त्ति विद्यमानसामर्थ्या अपि नोत्सहन्ते, कथं ते विशुद्धचरणा भवन्तीति योगः ?, नैवेत्यर्थः, बाह्यकरणालसाः सन्तः-प्रत्युपेक्षणादिबाह्यचेष्टारहिता इति गाथार्थः ॥ ११७० ॥ (આવશ્યક ગા. ૧૧૭૦)

જેઓ શક્તિ હોવા છતાં પૃથ્વીકાય વગેરેનું સંરક્ષણ કરવું વગેરે સંયમયોગોમાં ઉદ્યમ કરતા નથી અને એથી પ્રત્યુપેક્ષણા આદિ બાહ્ય ક્રિયાથી રહિત છે, તેઓનું ચારિત્ર વિશુદ્ધ કેવી રીતે બને ? (૧૧૧)

**अणुबंधजुअं कुसलो, णिव्वोढुं अप्पणो अ अपमायं ॥**
**आयगुरुलिंगपच्चय-सुद्धं सक्कं चिय कुणंतो ॥११२॥**

अनुबन्धयुतं कुशलो निर्वोढुमात्मनश्चाप्रमादम् ॥
आत्मगुरुलिङ्गप्रत्ययशुद्धं शक्यमेव कुर्वन् ॥११२॥

## પાંચમું લક્ષણ શક્ય અનુષ્ઠાન પ્રારંભ

તથા કુશલ સાધુ પોતાના અનુબંધયુક્ત અપ્રમાદને ધારણ કરવા માટે આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યય એ ત્રણપ્રત્યયથી શુદ્ધ એવું શક્ય જ અનુષ્ઠાન કરે છે.

**વિશેષાર્થ:-** અનુબંધયુક્ત એટલે પરંપરાથી યુક્ત, અર્થાત્ ફરી ભવાંતરમાં પણ જેની પ્રાપ્તિ થાય તેવો.

**ત્રણ પ્રત્યયથી શુદ્ધ:-** જેનાથી ભવિષ્યના કાર્યની સિદ્ધિ જણાય તે પ્રત્યય. પ્રત્યયના આત્મ, ગુરુ અને લિંગ એમ ત્રણ પ્રકાર છે. સદ્ અનુષ્ઠાનનો આરંભ કરનાર પુરુષનો અંતરાત્મા સ્વયમેવ સદ્ અનુષ્ઠાનને કરવાની અભિલાષાવાળો બને તે આત્મપ્રત્યય છે. સદ્ અનુષ્ઠાન કરનારે જે અનુષ્ઠાન કરવા માટે ઇચ્છેલું હોય તે અનુષ્ઠાનને જ કરવા માટે ગુરુ કહે તે ગુરુપ્રત્યય છે. તે કાર્ય કરવાનો પ્રારંભ થાય ત્યારે કાર્યસિદ્ધિના સૂચક વાજિંત્રો વાગે વગેરે લિંગો = ચિહ્નો દેખાય તે લિંગપ્રત્યય છે. આ ત્રણ એકાંતિકી સિદ્ધિનું અવંધ્યકારણ છે. જે સિદ્ધિ અન્યસિદ્ધિનું કારણ બને તે એકાંતિકી સિદ્ધિ કહેવાય. જે અનુષ્ઠાન આ ત્રણથી યુક્ત હોય તે અનુષ્ઠાનની એકાંતિકી સિદ્ધિ થાય છે, અર્થાત્ તે અનુષ્ઠાનની પરંપરા ચાલે છે. આથી જ યોગબિંદુમાં આ ત્રણ પ્રત્યય ઉપર ઘણો ભાર આપ્યો છે. પ્રસ્તુતમાં આની ઘટના આ પ્રમાણે છે- આ ત્રણ પ્રત્યયથી શુદ્ધ એવું શક્ય અનુષ્ઠાન કરવાથી અપ્રમત્તભાવ અનુબંધથી યુક્ત બને છે. ફરી ભવાંતરમાં પણ વિશેષ અપ્રમત્તભાવની પ્રાપ્તિ થાય છે. આથી અહીં કહ્યું કે કુશલમુનિ ત્રણ પ્રત્યયથી શુદ્ધ એવું શક્ય જ અનુષ્ઠાન કરે છે. કુશલ મુનિ અશક્ય અનુષ્ઠાન ન કરે, શક્ય અનુષ્ઠાન કરે, અને શક્ય અનુષ્ઠાન કરતી વખતે આત્મપ્રત્યય વગેરે ત્રણપ્રત્યય જે રીતે થાય તે રીતે પ્રયત્ન કરે. (૧૧૨)

**सहसा असक्कचारी, पउरपमायंमि जो पडइ पच्छा ॥**
**खलमित्तिव्व ण किरिया, सलाहणिज्जा हवे तस्स ॥११३॥**

सहसादशक्यचारी प्रचुरप्रमादे यः पतति पश्चात् ॥
खलमैत्रीव न क्रिया श्लाघनीया भवेत्तस्य ॥११३॥

જે જીવ સહસા અશક્ય અનુષ્ઠાન કરવા માંડે અને પછી ઘણા પ્રમાદમાં પડે તેની ક્રિયા શઠમૈત્રીની જેમ પ્રશંસનીય નથી.

**વિશેષાર્થઃ-** સહસા એટલે મારાથી આ અનુષ્ઠાન થઈ શકશે કે નહિ ઈત્યાદિ વિચાર કર્યા વિના. જેમ શઠ માણસની મૈત્રી પ્રારંભમાં સુંદર જણાય છે, પણ પછી અનર્થ કરનારી હોય છે, તેમ આવા જીવની ક્રિયા પરિણામે અનર્થ કરનારી બને છે. (૧૧૩)

**दव्वाइनाणनिउणं, अवमन्नंतो गुरुं असक्कचारि जो ॥**
**सिवभूइव्व कुणंतो, हिंडइ संसाररन्नंमि ॥११४॥**

द्रव्यादिज्ञाननिपुणमवमन्यमानो गुरुमशक्यचारी यः ॥
शिवभूतिरिव कुर्वन् हिण्डति संसारारण्ये ॥११४॥

જે સાધુ દ્રવ્યાદિજ્ઞાનમાં નિપુણ ગુરુની અવજ્ઞા કરીને અશક્ય અનુષ્ઠાન કરે છે, શિવભૂતિના જેવું કરતો તે સંસારરૂપ અરણ્યમાં ભમે છે.

**વિશેષાર્થઃ-** દ્રવ્યાદિજ્ઞાનમાં નિપુણ એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કેવા છે અને એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં શું કરવા જેવું છે અને શું કરવા જેવું નથી એમ જાણવામાં કુશલ. શિવભૂતિનું દૃષ્ટાંત સંક્ષેપમાં આ પ્રમાણે છે.

## શિવભૂતિનું દૃષ્ટાંત

શિવભૂતિ રથનગર નિવાસી હતો. તેની શૂરવીરતાથી ખુશ થઈને રાજાએ તેને સહસ્રમલનું બિરુદ આપ્યું હતું. તે સ્વભાવે સ્વતંત્ર હતો, અને રોજ રાતે ઘણે મોડેથી ઘરે આવતો. તેની આ ટેવથી દુઃખી થઈને તેની પત્નીએ સાસુને વાત કરી. સાસુએ કહ્યુંઃ તું આજે ઊંઘી જા. તે આવશે ત્યારે હું જ બારણું ઉઘાડીશ.

રોજની જેમ સહસ્રમલે મોડી રાતે ઘરનાં બારણાં ખટખટાવ્યાં. બારણાં પાછળથી માએ કહ્યું: આ કંઇ ઘરે આવવાનો સમય છે?' જા જ્યાં બારણાં ખુલ્લાં હોય ત્યાં જા, હું અત્યારે બારણું નહિ ખોલું."

સહસ્રમલને આથી ગુસ્સો ચડ્યો. ત્યાંથી તે ચાલી નીકળ્યો. ઘણું રખડ્યો પણ કોઇનાં બારણાં ખુલ્લાં ન જોયાં. પછી તે એક ઉપાશ્રય પાસે આવ્યો. ત્યાંનાં બારણાં ખુલ્લાં જોઇને અંદર ગયો. સાધુને પગે લાગ્યો અને દીક્ષા આપવા કહ્યું. તેણે પત્ની અને માની સંમતિ ન મેળવી હોવાથી સાધુએ તેને દીક્ષા ન આપી, આથી તેણે જાતે જ કેશનો લોચ કર્યો, આ જોઇને કૃષ્ણસૂરિજીએ તેને મુનિવેષ આપ્યો. સહસ્રમલ હવે મુનિ બન્યો. અને તેમની સાથે જ વિહાર કરવા લાગ્યો.

થોડા વરસો બાદ સૌ રથવીર નગરમાં પધાર્યા. ત્યારે રાજાએ સહસ્રમલમુનિને રત્નકંબળ વહોરાવી. આચાર્યશ્રીએ તેને કહ્યું: 'આપણે સાધુને આવા બહુ મૂલ્યવાન ઉપકરણ રાખવા ન કલ્પે.' પરંતુ મુનિએ તે માન્યું નહિ. તેણે છાની રીતે રત્નકંબળ સાચવી રાખી. શિષ્યની આ મૂર્ચ્છા જાણીને સૂરિજીએ એક દિવસ તેની ગેરહાજરીમાં એ રત્નકંબલ ફાડી નાંખીને તેના ટૂકડા સાધુઓને હાથ પગ લૂછવા માટે આપી દીધા. સહસ્રમલને આથી ગુસ્સો ચડ્યો, પણ તે મૌન રહ્યો.

એક દિવસ આચાર્યશ્રીએ શિષ્યોને જિનકલ્પની સમજ આપી. "જિનકલ્પિક બે પ્રકારના હોય છે. એક પાણિપાત્ર અને બીજા પાત્રભોજી. પાણિપાત્ર એટલે હાથમાં લઇને ભોજન કરનારા. પાત્રભોજી એટલે પાત્રમાં ભોજન કરનારા. આ બંનેના પણ બબ્બે ભેદ છે. એક સ્વલ્પ સચેલક, એટલે કે અલ્પ વસ્ત્ર રાખનારા. બીજા અચેલક, એટલે કે બિલકુલ વસ્ત્ર નહિ રાખનારા."

**સહસ્રમલ મુનિઃ-** "જિનકલ્પિક અચેલક હોય છે તો પછી અત્યારે શા માટે બહુ ઉપધિ રાખવામાં આવે છે ? શા માટે આપણે જિનકલ્પ અંગીકાર કરતા નથી ?"

**આચાર્યશ્રી:-** "આ ભરતક્ષેત્રમાં શ્રી વીરના ધર્મપૌત્ર એટલે તેમની ત્રીજી પાટે થયેલા શ્રી જંબૂસ્વામીના નિર્વાણ સાથે જિનકલ્પ વગેરે દસ વસ્તુઓનો વિચ્છેદ થયો છે. બીજું શારીરિક વગેરેના કારણે વર્તમાનમાં અચેલક રહેવું શક્ય નથી."

**સહસ્રમલ મુનિ :-** 'અલ્પ સત્ત્વવાળા માટે જિનકલ્પનો વિચ્છેદ થયો હશે. મારા માટે થયો નથી. કારણ કે મારા જેવા મહાસત્ત્વ તો વર્તમાનકાળમાં પણ જિનકલ્પ અંગીકાર કરવા સમર્થ છે. મોક્ષના અભિલાષીએ તો સમગ્ર પરિગ્રહનો ત્યાગ કરવો જોઇએ. તો પછી કષાય, ભય, મૂર્ચ્છાદિક દોષના ભંડાર જેવા આ અનર્થકારી પરિગ્રહથી શું ? જિનેન્દ્રો પોતે પણ અચેલક હતા. તેથી વસ્ત્ર રહિત રહેવું તે જ શ્રેષ્ઠ છે."

**આચાર્યશ્રી:-** 'જો એકાંતે તેમ જ હોય તો કષાય, ભય, મૂર્ચ્છા વગેરે દોષનો સંભવ છે, આથી તે દેહનો પણ વ્રત ગ્રહણ કર્યા પછી તુરત જ ત્યાગ કરવો પડશે. પરંતુ શાસ્ત્રોમાં જે અપરિગ્રહપણું કહ્યું છે તેનો હેતુ એ છે કે ધર્મનાં ઉપકરણ ઉપર પણ મૂર્ચ્છા રાખવી નહિ. આનો અર્થ સ્પષ્ટ છે કે ધર્મનાં ઉપકરણોનો સર્વથા ત્યાગ કરવો તેમ નથી. અને જિનેશ્વરો સર્વથા-સંપૂર્ણ અચેલક હતા તેવું નથી. કારણ કે ચોવીસે તીર્થંકરોએ એક દેવદૂષ્ય લઇને દીક્ષા લીધી છે. આમ જિનેન્દ્ર પણ સચેલક હતા."

આચાર્ય અને અન્ય સ્થવિર મુનિંઓએ સહસ્રમલ મુનિને ઘણો સમજાવ્યો. પરંતુ કષાય અને મોહનીયના ઉદયથી તેણે પોતાનો આગ્રહ છોડ્યો નહિ. તે સર્વ વસ્ત્રો ઉતારીને ગામ બહાર જંગલમાં જઇને રહેવા લાગ્યો.

એક દિવસ તેની બેન સાધ્વી વંદના તેને વંદન કરવા માટે જંગલમાં ગઇ. ત્યાં તેણે ભાઇ મુનિને દિગંબર જોયો. આથી તેણે પણ પોતાનાં વસ્ત્રો ઉતારી નાંખ્યા. અને દિગંબર અવસ્થામાં જ ભિક્ષા માટે તે નગરમાં ગઇ. દિગંબર સાધ્વીને જોઇને એક વેશ્યાએ વિચાર્યું:- 'નગ્ન સ્ત્રી રૂપાળી નથી દેખાતી. આને જોઇને લોકો અમારાથી વિરક્ત બનશે. આથી તેને કપડા પહેરાવવા જોઇએ. પછી તેણે સાધ્વી વંદનાને બળાત્કારે કપડાં પહેરાવ્યાં. સહસ્રમલ મુનિએ આ હકીકત જાણી ત્યારે તેને પણ લાગ્યું કે દિગંબર સ્ત્રી

અતિ લજ્જાસ્પદ થાય છે. આથી તેણે બેન સાધ્વીને કહ્યું:- "હવેથી તું વસ્ત્ર ઉતારીશ નહિ.'

આ ઘટના બાદ ઘણા જૈન સાધુઓ સહસ્રમલ મુનિને સમજાવવા લાગ્યા કે જિનાગમમાં ત્રણ કારણે વસ્ત્ર ધારણ કરવા કહ્યું છે:-

"तिहिं ठाणेहिं वत्थं धारेजा, हरिवत्तियं, दुगंच्छावत्तियं, परिसहवत्तियं"

"લજ્જા અથવા સંયમની રક્ષા માટે, લોકમાં નિંદા-ટીકા ન થાય તે માટે, તેમજ ટાઢ, તડકો, ડાંસ, મચ્છર વગેરેના પરિષહથી રક્ષણ કરવા માટે વસ્ત્ર પહેરવાં." જિનાગમમાં આમ પણ કહ્યું છે કે:- "તપસ્વીઓને ધર્મમાં સહાયભૂત હોવાથી શુદ્ધ આહારાદિકની જેમ વસ્ત્રાદિક ગ્રહણ કરવામાં દોષ નથી."

તું એમ કહે છે કે હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી અને સંરક્ષણાનુબંધી એમ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન કહ્યું છે. આમાં હિંસા એટલે પ્રાણીનો વધ. તેનો અનુબંધ એટલે નિરંતર હિંસાનો વિચાર હોય, તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન. અસત્યના સતત વિચાર હોય તે મૃષાનુબંધી રૌદ્રધ્યાન. ચોરીના એકધારા વિચાર હોય તે સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન. ચોરી આદિથી મેળવેલ પૈસા-વસ્તુ આદિને ગુપ્ત રાખવા સતત વિચાર કરવા તે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે. વસ્ત્રાદિક ગ્રહણ કરવાથી તે અવશ્ય થશે. કારણ કે તે રૌદ્રધ્યાનના હેતુ માટે છે.

તું એમ કહે છે કે શસ્ત્રાદિકની જેમ વસ્ત્રાદિક પણ દુર્ગતિનું કારણ હોવાથી તે ગ્રહણ કરવા યોગ્ય નથી. પરંતુ આમ કહેવું યોગ્ય નથી. કારણ કે તારી આ દલીલ પ્રમાણે તો દેહાદિકમાં પણ રૌદ્રધ્યાન થશે. કારણ કે શરીરનું પણ જળ, અગ્નિ, ચોર, ડાંસ, પશુ, શિકારી વગેરેથી રક્ષણ કરવાની જરૂર પડે છે. તેથી દેહાદિકમાં સંરક્ષાણાનુબંધીની તુલ્યતા હોવાથી તે દેહાદિકનો પણ ત્યાગ કરવો પડશે.

આ સંદર્ભમાં કદાચ તું એમ કહેશે કે દેહાદિક મોક્ષનું સાધન હોવાથી જયણા વડે તેનું રક્ષણ કરવું તેમાં દોષ નથી. પરંતુ તે પ્રશસ્ત સંરક્ષણ છે.

તો અહીં પણ આગમમાં કહેલા યતનાના પ્રકારથી વસ્ત્રાદિકનું સંરક્ષણ કરવું તે કેમ પ્રશસ્ત નથી ? માટે વસ્ત્રાદિકનો શા માટે ત્યાગ કરવો ?

વળી **'मुच्छा परिग्गहो वुत्तो इइ वुत्तं महेसिणा'** એમ ભગવંતે કહ્યું છે. 'મૂર્ચ્છા-આસક્તિ જ પરિગ્રહ છે.' શ્રી શય્યંભવસૂરિના આ વચનથી વસ્ત્ર, વિત્ત, દેહ વગેરેમાં મૂર્ચ્છા ઉત્પન્ન થાય તે પરિગ્રહ છે.

**પ્રશ્નઃ-** 'મુનિ જો વસ્ત્ર ગ્રહણ કરે તો પછી સાધુને અચેલ પરિષહ સહન કરવાનું કેમ કહ્યું છે ? એ તો વસ્ત્ર ન હોય તો જ તેમ કહેવાય.'

**ઉત્તરઃ-** 'આમ કહેવું યોગ્ય નથી. કારણ કે જીર્ણ વસ્ત્રથી પણ વસ્ત્રરહિતપણું લોકમાં પ્રસિદ્ધ છે. જેમ કે કોઇ સ્ત્રી જીર્ણ અને ફાટેલું વસ્ત્ર પહેરીને કોઇ વણકરને કહે કે હે વણકર ! ઉતાવળથી મારી સાડીને વણી આપ. કારણ હું નગ્ન છું. અહીં વસ્ત્રસહિત છતાં પણ સ્ત્રીને વિષે નગ્નપણાનો શબ્દ પ્રવર્તે છે. શાસ્ત્રમાં પણ **'जसट्ठा कीरइ नग्गभावो'** એવું વાક્ય છે. તે ઔપચારિક નગ્નભાવ માટે જ છે. આથી વસ્ત્ર રાખવામાં કોઇ પ્રકારનો વિરોધ નથી. તે જ પ્રમાણે મુખવસ્ત્રિકા (મુહપત્તિ) રજોહરણ વગેરે ઉપકરણો પણ સંયમમાં ઉપકારી હોવાથી ગ્રહણ કરવા યોગ્ય છે. કહ્યું છે કેઃ-

"કોઇપણ સ્થાનને વિષે બેસવું, શયન કરવું, કોઇ વસ્તુ લેવી-મૂકવી વગેરે કાર્યમાં જંતુના પ્રમાર્જનને માટે રજોહરણની જરૂર પડે છે. ઊડીને પડતાં જંતુઓના રક્ષણ માટે મુહપત્તિની જરૂર રહે છે. અને ભક્તપાનને વિષે રહેલા જંતુની જયણા માટે પાત્રની જરૂર રહે છે."

આ ઉપરાંત પાત્ર વિના સજીવ ગોરસાદિક અજાણપણાથી હાથમાં લઇ લીધું. પછી તેનું શું કરવું ? તેમાં રહેલા જીવની હિંસા જ થાય. તથા હાથમાં લીધેલા પ્રવાહી પદાર્થો હાથમાંથી ગળે તેથી કુંથવા, કીડી વગેરે અનેક જીવોની હિંસા થાય તથા ગૃહસ્થો મુનિએ વાપરેલાં પાત્રો ધોવે લુંછે તેથી પશ્ચાત્કર્માદિ દોષ લાગે. તેથી બાળ અને ગ્લાનાદિ સાધુઓની વેયાવચ્ચને માટે તેમ જ પારિષ્ઠાપનિકા સમિતિ જાળવવાને

માટે સાધુને પાત્રનું ગ્રહણ કરવું યોગ્ય છે. વળી જઘન્યથી નવપૂર્વમાં કાંઈક ઓછું ભણેલા ઉત્તમ ધૈર્ય અને સંહનનવાળા પણ 'तवेण सुत्तेण सत्तेण'-(તપ-સૂત્ર અને સત્ત્વ વડે) ઈત્યાદિ ભાવનાએ કરીને પ્રથમ તુલના કર્યા પછી જ જિનકલ્પ અંગીકાર કરી શકે છે.

બાકી શેરીના સિંહના જેવા તારા જેવાના માટે તો તીર્થંકરોએ જિનકલ્પની આજ્ઞા આપી જ નથી. તેમ જ તું તીર્થંકરની તુલના કરે છે પણ તે ય યોગ્ય નથી. કારણ કે જિનેશ્વરો તો પાણિપ્રતિગ્રહાદિ અનંત અતિશયોવાળા હોય છે. માટે તારું માનવું સર્વથા ત્યાજ્ય છે."

પરંતુ સહસ્રમલ્લ (શિવભૂતિ) મુનિએ આમાંથી એક પણ શબ્દનો સ્વીકાર ન કર્યો. મિથ્યા અભિનિવેશથી (=કદાગ્રહથી) તેણે તીર્થંકરો અને મુનીન્દ્રોનાં વચન ઉત્થાપ્યાં. તેના કોડિન્ય અને કોટીવીર નામના બે બુદ્ધિશાળી શિષ્યો થયા. તેમનાથી દિગંબર મતની પરંપરા ચાલી. તેઓએ અનુક્રમે "કેવળી આહાર કરે નહિ. સ્ત્રીઓ મોક્ષ પામે નહિ. તિવિહાર ઉપવાસમાં સચિત્ત જળ (કાચું પાણી) પીવામાં દોષ ન લાગે. દિગંબર સાધુ દેવદ્રવ્ય લે અને વાપરે વગેરે જિનાગમથી વિરુદ્ધ આઠસો વચન નવા રચ્યા. આથી તેઓ સર્વવિસંવાદી થયા. તે બોટિકોની પરંપરામાં થયેલા બોટિકો દિગંબર કહેવાય છે.

આ પ્રમાણે દિગંબર નામનો આઠમો નિહ્નવ પોતાનું શુદ્ધ બોધિરત્ન ગુમાવી બેઠો. કારણ કે સમકિત પામ્યા છતાં કોઈને જતું પણ રહે છે. માટે ભવ્ય જીવોએ દરેક પ્રયત્નથી સતત સાવધ રહીને સમકિતનું રક્ષણ કરવું જોઈએ. (વિશેષાવશ્યકભાષ્ય.) (૧૧૪)

**हवइ असक्कारंभो, अत्तुक्करिसजणएण कम्मेणं ॥**
**निउणेण साणुबंधं, णज्जइ पुण एसणिज्जं च ॥११५॥**

भवत्यशक्यारम्भ आत्मोत्कर्षजनकेन कर्मणा ॥
निपुणेन सानुबन्धं ज्ञायते पुनरेषणीयं च ॥११५॥

આત્મોત્કર્ષને ઉત્પન્ન કરનાર કર્મથી(=કર્મોદયથી) અશક્યનો આરંભ થાય છે. પણ નિપુણ જીવ અનુબંધવાળા અને એષણીય અનુષ્ઠાનને જાણે છે.

**વિશેષાર્થ:-** માનકષાય આત્મોત્કર્ષને ઉત્પન્ન કરે છે. માટે માન-કષાયના ઉદયથી જીવ અશક્યનો આરંભ કરે છે, માનકષાયના ઉદયથી જીવમાં બધા કરતા ચઢિયાતા દેખાવાની વૃત્તિ થાય છે. બધા જેવું ન કરતા હોય તેવું કરવામાં આવે તો બધાથી ચઢિયાતા દેખાય. બધા જેવું ન કરતા હોય તેવું કરવાની ઇચ્છાથી જીવ અશક્ય પણ અનુષ્ઠાન કરવા માંડે છે. આથી અહીં કહ્યું કે આત્મોત્કર્ષને ઉત્પન્ન કરનાર કર્મથી અશક્યનો આરંભ થાય છે.

**નિપુણ જીવ અનુબંધવાળા અને એષણીય અનુષ્ઠાનને જાણે છે-** અહીં તાત્પર્ય એ છે કે નિપુણ જીવ એ વિચારે છે કે કેવું અનુષ્ઠાન કરવાથી અનુષ્ઠાન અનુબંધવાળું બને. આમ વિચારતાં જે અનુષ્ઠાન અનુબંધવાળું બને તે અનુષ્ઠાનનો પ્રારંભ કરે. અહીં અનુબંધ એટલે સતત થવું, તૂટવું નહિ. જે અનુષ્ઠાન સતત થાય, વચ્ચે તૂટે નહિ, તે અનુષ્ઠાન અનુબંધવાળું કહેવાય. અથવા અનુબંધ એટલે પરિણામ-ફલ. જે અનુષ્ઠાનનું ફલ મળે તે અનુષ્ઠાન અનુબંધવાળું કહેવાય. કર્મનિર્જરા દ્વારા સંસારનાશ થાય એ અનુષ્ઠાનનું ફલ છે. આર્ય મહાગિરિએ આચરેલું અનુષ્ઠાન સાનુબંધ હતું, અને શિવભૂતિએ આચરેલું અનુષ્ઠાન આનાથી વિપરીત હતું.

એષણીય એટલે કરવા યોગ્ય. જે અનુષ્ઠાન અનુબંધવાળું હોય તે અનુષ્ઠાન એષણીય છે. "आ + इष् ધાતુનો" કરવું અર્થ પણ છે. तम्हा विणयमेसिज्जा (ઉત્તરા-૧ ગા. ૭) (૧૧૫)

**संघयणादणुरूवे, सक्कारंभे अ साहए बहुअं ॥**
**चरणं निवडइ न पुणो, असंजमे तेणिमो गरुओ ॥११६॥**

संहननाद्यनुरूपे, शक्यारम्भे च साधयति बहुकम् ॥
चरणं निपतति न पुनरसंयमे तेनायं गुरुकः ॥११६॥

સંઘયણને અનુરૂપ શક્ય અનુષ્ઠાનનો આરંભ થયે છતે જીવ ઘણા ચારિત્રને સાધે છે, અને અસંયમમાં પડતો નથી. આથી સંઘયણને અનુરૂપ શક્યનો પ્રારંભ મહાન છે.

**વિશેષાર્થઃ-** સંઘયણને અનુરૂપ શક્ય અનુષ્ઠાનનો પ્રારંભ કરવાથી જીવ ચારિત્રનું સારી રીતે પાલન કરે છે. ચારિત્રનું સારી રીતે પાલન કરવાના કારણે ઘણા ચારિત્રને સાધે છે.

અસંયમમાં પડતો નથી એનો અર્થ એ છે કે- સાવદ્યક્રિયામાં પડતો નથી=સાવદ્યક્રિયા કરતો નથી. અશક્ય અનુષ્ઠાન કરવાથી શરીરમાં રોગાદિ થાય અને એથી રોગાદિને દૂર કરવા સાવદ્યક્રિયા કરવાનો પ્રસંગ આવે. માટે જ જ્ઞાનસારમાં કહ્યું છે કે - तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥

"જેમાં અશુભ ધ્યાન ન થાય, જેનાથી સંયમ વ્યાપારોને બાધા ન પહોંચે, અથવા ઇંદ્રિયો સ્વકાર્ય કરવા અસમર્થ ન થાય, તે જ તપ કરવો જોઈએ." (૧૧૬)

**संघयणाई आलंबणं तु सिढिलाण जं चरणघाई ॥**
**सक्कारंभाण तयं, तव्वुड्ढिकरं जओ भणियं ॥११७॥**

संहननाद्यालम्बनं तु शिथिलानां यच्चरणघाति ॥
शक्यारम्भाणां तत्तद्वृद्धिकरं यतो भणितम् ॥११७॥

સંઘયણ વગેરે જે આલંબન શિથિલ સાધુઓના ચારિત્રનો વિઘાત કરે છે, તે જ આલંબન શક્ય આરંભ કરનારાઓના ચારિત્રની વૃદ્ધિ કરે છે. કારણ કે નીચે પ્રમાણે કહ્યું છે. (૧૧૭)

**संघयणकालबलदूसमारयालंबणाइ घित्तूणं ।**
**सव्वं चिय णियमधुरं, णिरुज्जमा उ पमुच्चंति ॥ ११८॥**

संहननकालबलदूषमारकालम्बनादि गृहीत्वा ।
सर्वामेव नियमधुरां निरुद्यमास्तु प्रमुञ्चन्ति ॥ ११८॥

'संघयण०' गाहा, संहनन-काल-बल-दुष्षमारकाऽऽलम्बनानि गृहीत्वा, यदुत किमद्य क्रियते! नास्ति शारीरी शक्तिरिति संहननालम्बनं, नायं कालो दुर्भिक्षत्वान्नास्ति बलं मानसं धृतिरहितत्वात्, तथा दुष्षमा वर्त्तते, क्लिष्टा चेयमाख्याता भगवता प्रागेव, तथा किं कुर्मो रोगाक्रान्ता वयम्, एवम्भूतान्यालम्बनान्यलीकावष्टम्भान्यादाय, किं ? सर्वामेव=कर्तुं शक्यामपि नियमधुरां=संयमभारोद्वहनलक्षणां निरुद्यमात्=शैथिल्यात् प्रकर्षेण मुञ्चन्ति= प्रमुञ्चन्तीति ॥ २९३॥ (ઉપદેશમાલા)

### શિથિલ ખોટાં આલંબનો લઈને શક્યને પણ મૂકી દે

શિથિલ સાધુઓ સંઘયણ, કાલ, બળ, પાંચમો આરો આ આલંબનોને લઈને શિથિલતાના કારણે સઘળી ય નિયમધુરાને અત્યંત મૂકી દે છે.

**વિશેષાર્થઃ-** આજે શું કરી શકાય ? કારણ કે આજે સંઘયણ= શરીરબળ નથી, આમ સંઘયણનું આલંબન લે. દુકાળ હોવાથી આ કાળ પણ બરોબર નથી એમ કાળનું આલંબન લે. મન ધીરજ રહિત હોવાથી આજે મનોબળ નથી એમ બળનું આલંબન લે. પાંચમો આરો વર્તે છે. ભગવાને પહેલાં જ (=પાંચમો આરો શરૂ થયો એ પહેલાં જ) પાંચમા આરાને ક્લિષ્ટ કહ્યો છે. તથા રોગોથી ઘેરાયેલા અમે શું કરીએ ? આવા પ્રકારના ખોટા આલંબનો લઈને સઘળી ય સંયમભારને વહન કરવા રૂપ નિયમધુરાને અત્યંત મૂકી દે છે.

સઘળી ય એટલે કે કરવાને માટે શક્ય હોય તેવી પણ નિયમધુરાને તદ્દન મૂકી દે છે. (૧૧૮)

बुद्धिमता पुनरेतदालोच्य यद् विधेयं तदाह-

**कालस्स य परिहाणी, संजमजुग्गाइ नत्थि खित्ताइं ।**
**जयणाइ वट्टिअव्वं, ण उ जयणा भंजए अंगं ॥११९॥**

**इति शक्यानुष्ठानारम्भस्वरूपं पञ्चमं लक्षणम् ॥**

कालस्य च परिहाणिः संयमयोग्यानि न सन्ति क्षेत्राणि ॥
यतनया वर्तितव्यं न हु यतना भनक्त्यङ्गम् ॥११९॥

'कालस्स य' गाहा, कालस्य वर्त्तमानरूपस्य परिहाणिर्ह्रासः, चशब्दात् तद्ध्रासेन द्रव्य-क्षेत्र-भावानामपि, अत एवाह-संयमयोग्यानि न सन्त्यधुना क्षेत्राणि, अतो यतनया आगमोक्तगुणदोषाश्रयणपरिहारलक्षणया वर्त्तितव्यं, यापनीयम् । यतो न हु नैव यतना क्रियमाणा भनक्ति विनाशयत्यङ्गं प्रक्रमात् संयमशरीरमिति ॥ २९४॥ (ઉપદેશમાલા)

**બુદ્ધિમાન પુરુષે આ વિચારીને જે કરવું જોઇએ તે કહે છે-**

વર્તમાનકાળનો હ્રાસ થઇ રહ્યો છે, તેના હ્રાસથી દ્રવ્ય-ક્ષેત્ર-ભાવોનો પણ હ્રાસ થઇ રહ્યો છે. એથી જ હમણાં સંયમયોગ્ય ક્ષેત્રો નથી. એથી યતનાથી વર્તવું જોઇએ. કારણ કે કરાતી યતના સંયમરૂપ શરીરનો વિનાશ કરતી નથી.

**વિશેષાર્થઃ**- યતના આગમમાં કહેલા ગુણોના આશ્રયરૂપ અને દોષોના ત્યાગરૂપ છે, અર્થાત્ જેનાથી આગમોક્ત ગુણોનો લાભ થાય અને દોષોનો ત્યાગ થાય તેવી પ્રવૃત્તિ કરવી તે યતના. (૧૧૯)

## છટ્ઠું લક્ષણ ઉત્તમ ગુણાનુરાગ

**जायइ गुणेसु रागो, पढमं संपत्तदंसणस्सेव ।**
**किं पुण संजमगुणओ, अहिए ता तंमि वत्तव्वं ॥१२०॥**

जायते गुणेषु रागः प्रथमं सम्प्राप्तदर्शनस्यैव ॥
किंपुनः संयमगुणतोऽधिके तस्मात्तस्मिन्वर्तितव्यम् ॥१२०॥

અધ્યાત્મની પ્રથમ ભૂમિકામાં જ સમ્યગ્દષ્ટિ જીવને પણ ગુણોમાં રાગ હોય છે, તો પછી સંયમગુણથી અધિક એવા સાધુમાં ગુણાનુરાગ હોય એમાં તો શું કહેવું ? આથી ગુણાનુરાગમાં પ્રવૃત્તિ કરવી જોઇએ, અર્થાત્ ગુણાનુરાગની પ્રાપ્તિ-વૃદ્ધિ થાય તેવો પ્રયત્ન કરવો જોઇએ. (૧૨૦)

**गुणवुड्ढीइ परग्गय-गुणरत्तो गुणलवं पि संसेइ ।**
**तं चेव पुरो काउं, तग्गयदोसं उवेहेइ ॥१२१॥**

गुणवृद्ध्या परगतगुणरक्तो गुणलवमपि शंसति ।
तमेव पुरस्कृत्य तद्गतं दोषमुपेक्षते ॥१२१॥

ભાવસાધુ પોતાનામાં ગુણોની વૃદ્ધિ થાય એ માટે અન્યના ગુણોનો અનુરાગી બને છે. એથી અન્યમાં રહેલા ગુણલેશની પણ (=અલ્પ પણ ગુણની) પ્રશંસા કરે, અને તે ગુણલેશને જ આગળ કરીને તેમાં રહેલા દોષની ઉપેક્ષા કરે. (૧૨૧)

**जह अइमुत्तयमुणिणो, पुरोकयं आगमेसिभद्दत्तं ॥**
**थेराण पुरो न पुणो, वयखलिअं वीरणाहेणं ॥१२२॥**

यथा अतिमुक्तकमुनेः पुरस्कृतं आगमिष्यद्भद्रत्वम् ॥
स्थविराणां पुरो न पुनर्व्रतस्खलितं वीरनाथेन ॥ १२२॥

જેમ કે, શ્રી વીરનાથે સ્થવિરમુનિઓની સમક્ષ અતિમુક્તમુનિના ભવિષ્યમાં થનારા કલ્યાણને આગળ કર્યું, પણ વ્રતસ્ખલનાને આગળ ન કરી.

**વિશેષાર્થઃ-** અતિમુક્ત મુનિનું દૃષ્ટાંત સંક્ષેપમાં આ પ્રમાણે છેઃ-

## અતિમુક્ત મુનિની કથા.

અતિમુક્તના પિતાનું નામ વિજય. તે પોલાસપુર નગરનો રાજા હતો. અતિમુક્તની માતાનું નામ શ્રી દેવી. અતિમુક્ત છએક વરસના હતા તે સમયની એક ઘટના છે. શ્રી ગૌતમસ્વામીને છઠ્ઠનું પારણું હતું. પોલાસપુરમાં તે ગોચરી માટે જઇ રહ્યા હતા. તે સમયે રમતાં રમતાં અતિમુક્તનું ધ્યાન તેમના તરફ ગયું. દોડતાં દોડતાં તેમની પાસે જઇ આ નાના બાળકે પૂછ્યું :-"તમે કોણ છો ? અને તમે આમ કેમ ફરી રહ્યા છો ?" ગણધર ભગવંતે વાત્સલ્યભીના સ્વરે કહ્યુંઃ-"વત્સ ! હું સાધુ છું. ભીક્ષા માટે ફરી રહ્યો છું." અતિમુક્તઃ-"તો ચાલો મારા ઘરે, હું તમને ભીક્ષા અપાવું." અને શ્રી ગૌતમસ્વામીને આંગળીએ પકડીને અતિમુક્ત પોતાના મહેલમાં લઇ આવ્યો. પોતાનાં આંગણે ગણધર ભગવંતને જોઇ શ્રી દેવીના આનંદનો પાર ન રહ્યો. ભાવપૂર્વક તેણે ગોચરી વહોરાવી.

ભીક્ષા લઇને પાછા ફરતાં શ્રી ગૌતમસ્વામીને અતિમુક્તે પૂછ્યું: "ભગવન્ ! આપ ક્યાં રહો છો ?"

ગણધર ભગવંતઃ-"વત્સ ! શ્રી વીર પરમાત્મા અમારા ગુરુ છે. અમે તેમની સાથે રહીએ છીએ." અતિમુક્ત-"શું તમારે પણ બીજા ગુરુ છે ? ચાલો, હું પણ તેમનાં દર્શન કરવા આવું છું." ગણધર ભગવંતઃ- "દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો."

પર્ષદામાં પહોંચી અતિમુક્તે ભગવાન શ્રી વીર પરમાત્માને વિનયથી વંદના કરી. ભગવાને તેને બાળભાષામાં ધર્મની પ્રેરણા આપી. બાળ રાજકુમાર ઘરે પાછો ફર્યો. તેના સમસ્ત ચિત્તતંત્ર પર ત્યારે વીરવાણીનો દિવ્ય પ્રભાવ હતો. તેણે પોતાના માત-પિતાને વિનયથી કહ્યું:-"પૂજ્ય માતુશ્રી તથા પિતાશ્રી ! હવે મને આ સંસાર અસાર લાગે છે. મારે શ્રી વીર પરમાત્મા પાસે દીક્ષા લેવી છે, તો આપ મને સહર્ષ અનુમતિ આપો."

વહાલથી માતાએ કહ્યું. "વત્સ ! તું હજી ઘણો નાનો છે. દીક્ષા કેવી હોય તેની તને શું ખબર પડે ?" અતિમુક્તે તરત જ કહ્યું:-"પૂજ્ય માતુશ્રી ! જે હું જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતો તે જાણું છું." કુમારને આવું રહસ્યમય બોલતો જોઇ વિજયરાજા અને શ્રી દેવીએ પૂછ્યું:-"વત્સ ! એટલે શું ?" અતિમુક્તે પોતાની કાલી ભાષામાં પણ સ્પષ્ટતાથી કહ્યું:-"હું જાણું છું કે જે જન્મ્યો છે તે અવશ્ય મરવાનો છે. પરંતુ હું એ નથી જાણતો કે તે જીવ ક્યાં અને કેવી રીતે મરશે ? અને હું એ પણ નથી જાણતો કે કેવાં કર્મથી જીવ નરકાદિમાં ઉત્પન્ન થાય છે. પણ હું એ જાણું છું કે જીવ પોતાના કરેલા કર્મ વડે જ ગતિને પામે છે."

આમ અતિમુક્તના અંતરના ભાવ અને આગ્રહ જોઇ માતા-પિતાએ તેને દીક્ષા માટે અનુમતિ આપી અને ઘણા જ ઠાઠમાઠથી તેનો દીક્ષા-મહોત્સવ ઉજવ્યો. શ્રી વીરપ્રભુએ બાળક અતિમુક્તને દીક્ષા આપી. પછી પ્રભુએ તેમને ધાર્મિક શિક્ષણ અને સંસ્કાર આપવા સ્થવિરોની પાસે મૂક્યો.

થોડા સમય બાદ વરસાદ વરસીને થંભી ગયો હતો. માર્ગો ઉપરના ખાડામાં પાણી ભરાઇ ગયા હતા. આ ખાડામાં ભરાયેલ પાણીમાં નાના બાળકો પાંદડાની હોડી બનાવી રમતા હતા. હોડી મૂકતાં જાય અને બોલતાં જાયઃ-'જુઓ, આ મારું નાવ તરે છે.'

આ સમયે અતિમુક્ત મુનિ સ્થવિર સાથે સ્થંડિલ જઇ રહ્યા હતા. બાળકોને રમતાં જોઇ તેમને પણ રમવાનું મન થયું. તે પણ ખાડા પાસે ગયા અને ત્યાં પાણીમાં પોતાનું પાત્ર મૂકવા લાગ્યા. સાથેના સ્થવિરે તેમને સમજાવ્યું કે સાધુથી આમ કરાય નહિ. પરંતુ અતિમુક્ત મુનિએ ત્યાં સુધીમાં તો પોતાનું લાકડાનું પાત્ર પાણીમાં મૂકી દીધું અને સાથેના બાળકોને કહ્યું:- "જુઓ, મારું નાવ પણ તરે છે."

પર્ષદામાં પાછા ફર્યા બાદ કેટલાક સ્થવિરોએ શ્રી વીર પરમાત્માને પૂછ્યું: ભગવન્ ! આ છ વરસનો મુનિ જીવદયામાં શું સમજે ? હમણાં તો તે ષટ્કાય જીવનું ઉપમર્દન કરે છે." ભગવાને કહ્યું:-"હે મુનિઓ ! તમે આ બાળમુનિની કોઇ હીલના કરશો નહિ. તેને સમજાવીને તમે ભણાવો અને તે તમારાં કરતાં પહેલાં કેવળી થનાર છે. ભગવાનનું આ વિધાન સાંભળી સ્થવિરોએ બાળમુનિ અતિમુક્તને ખમાવ્યા.

અભ્યાસ કરતાં કરતાં બાળમુનિ થોડા જ સમયમાં એકાદશાંગી ભણી ગયા. એક સમયે તે નગરમાં ગોચરી માટે જઇ રહ્યાં હતા ત્યાં તેમણે બાળકોને પાણીમાં પાંદડાની નાવડી તરાવતાં જોયાં. એ જોતાં જ પોતે પણ આવી રીતે નાવડી તરાવી હતી તે યાદ આવ્યું. અભ્યાસના લીધે તેમને સમજાયું કે અગાઉ તેમણે ભૂલ કરી હતી. એ ભૂલ માટે પસ્તાવો કરતાં તે સમવસરણમાં આવ્યા.

ઈર્યાપથિકી પડિક્કમતાં તેના અર્થમાં ઊંડા ઊતરી ગયા. સચિત્ત પાણી અને માટીની કરેલી વિરાધનાને યાદ કરી તે કૃત્યની વારંવાર નિંદા કરવા લાગ્યા. ખૂબ જ તીવ્રતાથી તેમણે આત્મનિંદા કરી. તે વખતે શુક્લધ્યાનના બળથી તેમના ઘાતીકર્મ ખપી ગયાં અને તેમને કેવળજ્ઞાન લાધ્યું. દેવતાઓએ તેમનો મહોત્સવ કર્યો ત્યારે શ્રી વીરપરમાત્માએ કહ્યું:- "સ્થવિરો ! જુઓ, આ નવ વરસનો બાળક કેવળી થયો." સર્વે સ્થવિરોએ બાળ કેવળી ભગવંત અતિમુક્તને વંદના કરી. (૧૨૨)

**एत्तो च्चिय किइकम्मे, अहिगिच्चालंबणं सुअब्भुदयं ।**
**गुणलेसो वि अहिगओ, जं भणियं कप्पभासंमि ॥१२३॥**

एतस्मादेव कृतिकर्माधिकृत्यालम्बनं स्वभ्युदयम् ॥
गुणलेशोप्यधिगतो, यद् भणितं कल्पभाष्ये ॥१२३॥

આથી જ વંદન કરવાના વિષયમાં જેને વંદન કરવાનું છે તેના સદ્અભ્યુદયનું (=સદ્ગુણોનું) આલંબન લઈને ગુણલેશ પણ જણાયો છે=જોવાયો છે. આ વિષે કલ્પભાષ્ય (ગાથા ૪૫૫૩)માં કહ્યું છે કે, (૧૨૩)

**दंसणनाणचरित्तं, तवविणयं जत्थ जत्तिअं पासे ।**
**जिणपन्नत्तं भत्तीइ, पूअए तं तहिं भावं ॥१२४॥**

दर्शनज्ञानचरित्राणि तपो विनयं यत्र यावत्पश्येत् ॥
जिनप्रज्ञप्तं भक्त्या पूजयेत्तं तत्र भावम् ॥१२४॥

दर्शनं च-निःशङ्कितादिगुणोपेतं सम्यक्त्वं, ज्ञानं च-आचारादि श्रुतं, चारित्रं च-मूलोत्तरगुणानुपालनात्मकं, दर्शन-ज्ञान-चारित्रम्, द्वन्द्वैकवद्भावः । एवं तपश्च-अनशनादि, विनयश्च-अभ्युत्थानादिः, तपो-विनयम् । एतद् दर्शनादि 'यत्र' पार्श्वस्थादौ पुरुषे 'यावद्' यत्परिमाणं स्वल्पं बहु वा जानीयात् तत्र तमेव भावं जिनप्रज्ञप्तं स्वचेतसि व्यवस्थाप्य तावत्यैव 'भक्त्या' कृति-कर्मादिलक्षणया पूजयेत् ॥४५५३॥ (બૃ.ક.ગાથા ૪૫૫૩)

(કારણસર પાસત્થાદિને વંદન કરવું પડે તો) જે પાસત્થા આદિમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય-આ ભાવોમાંથી જે ભાવ થોડો કે વધારે જાણવામાં આવે, જિનોક્ત તે જ ભાવને પોતાના મનમાં ધારીને તેટલી જ વંદનાદિ રૂપ ભક્તિથી તેની પૂજા કરવી, અર્થાત્ પાસત્થાદિમાં દર્શનાદિ જે ભાવ હોય તે ભાવને લક્ષ્યમાં રાખીને જેટલા પ્રમાણમાં દર્શનાદિ ભાવ હોય તેટલા પ્રમાણમાં તેની વંદનાદિ રૂપ ભક્તિ કરવી.

દર્શન=નિઃશંકતા વગેરે ગુણોથી યુક્ત સમ્યક્ત્વ, જ્ઞાન=આચારાંગાદિ શ્રુત, ચારિત્ર=મૂલગુણ-ઉત્તરગુણોનું પાલન, તપ=અનશન વગેરે, વિનય=ઊભા થવું વગેરે. (૧૨૪)

**परगुणसंसा उचिया, अनण्णसाहारणत्तणेण तहा ।**
**जह विहिआ जिणवइणा, गुणनिहिणा गोअमाईणं ॥१२५॥**

परगुणशंसा उचिता अनन्यसाधारणत्वेन तथा ॥
यथा विहिता जिनपतिना गुणनिधिना गौतमादीनाम् ॥१२५॥

જેવી રીતે ગુણનિધિ જિનપતિ શ્રી મહાવીરે શ્રીગૌતમસ્વામી આદિના ગુણોની પ્રશંસા કરી હતી તેવી રીતે પરના બીજામાં ન હોય તેવા અસાધારણ ગુણોની પ્રશંસા કરવી એ યોગ્ય છે. (૧૨૫)

**परगुणगहणावेसो, भावचरित्तिस्स जह भवे पवरो ।**
**दोसलवेण वि निअए जहा गुणे निग्गुणे गुणइ ॥१२६॥**

परगुणग्रहणावेशो भावचरित्रिणो यथा भवेत्प्रवरः ।
दोषलवेनापि निजकान् यथा गुणान् निर्गुणान् गुणयति ॥१२६॥

ભાવચારિત્રીને પરગુણોને ગ્રહણ કરવાનો એટલો બધો આગ્રહ હોય છે કે જેથી પોતાના દોષ લેશથી પણ પોતાના ગુણોને નિર્ગુણ ગણે છે, અર્થાત્ પોતાના ગુણોને ગુણો માનતો નથી.

**વિશેષાર્થઃ-** આ વિષે વજ્રસ્વામીનું દૃષ્ટાંત છે. એકવાર તેમણે શરદી દૂર કરવા સાધુઓ પાસે સુંઠનો ગાંઠિયો મંગાવ્યો. ભોજન પછી આનો ઉપયોગ કરીશ એમ વિચારીને કાન ઉપર ભરાવ્યો. પણ પછી તે યાદ ન આવ્યો. સાંજના પ્રતિક્રમણમાં કાને હાથ લાગતાં સુંઠનો ગાંઠિયો નીચે પડી ગયો. આ જાણીને તેઓશ્રીને જાણે કે કોઇ મોટી ભૂલ થઇ ગઇ હોય તેમ ખૂબ દુઃખ થયું. મારો આ કેવો પ્રમાદ ! મને આટલું પણ યાદ ન રહ્યું ! આવા પ્રમાદી એવા મારા ગુણો તદ્દન અસાર છે = નકામા છે. તેઓશ્રીની આ ભૂલ સામાંન્ય હતી, છતાં તેમને એ ભૂલ બહુ જ મોટી લાગી. તેઓશ્રીમાં દશ પૂર્વ સુધીનું જ્ઞાન, શાસન પ્રભાવના, અપ્રમત્તપણે સંયમપાલન વગેરે અનેક ગુણો હોવા છતાં તેઓશ્રીને પોતાના એ ગુણોનો જરાય ગર્વ ન હતો, અને નાની પણ ભૂલ બહુ મોટી લાગી, અને એથી મનમાં ખૂબ ખટકી.

મહાપુરુષોનું આ (=પોતાની નાની પણ ભૂલ ખટકવી એ) લક્ષણ છે. જેને પોતાની નાની પણ ભૂલ મોટી લાગે અને એથી ખટકે એ કાં તો મહાપુરુષ હોય અને કાં તો મહાપુરુષ બનવાને લાયક હોય. (૧૨૬)

**पडिबंधस्स न हेऊ, णियमा एयस्स होइ गुणहीणो ।**
**सयणो वा सीसो वा, गणिव्वओ वा जओ भणिअं ॥१२७॥**

प्रतिबन्धस्य न हेतुर्नियमादेतस्य भवति गुणहीनः ।
स्वजनो वा शिष्यो वा गणिच्चको वा यतो भणितम् ॥१२७॥

ગુણાનુરાગી ચારિત્રીને ગુણહીન સ્વજન, શિષ્ય કે એક ગચ્છવાસી નિયમા રાગનું કારણ બનતો નથી, અર્થાત્ સ્વજનાદિ પણ જો ગુણહીન હોય તો ગુણાનુરાગીને તેમના પ્રત્યે રાગ થતો નથી. કારણ કે કહ્યું છે કે -(૧૨૭)

किमित्यत आह-

**सीसो सज्झिलओ वा, गणिव्वओ वा न सोग्गइं णेइ ॥**
**जे तत्थ नाणदंसण-चरणा ते सग्गईमग्गो ॥१२८॥**

शिष्यः धर्मभ्राता वा गणिच्चको वा न सद्गतिं नयति ।
यानि तत्र ज्ञानदर्शनचारित्राणि तानि सद्गतिमार्गः ॥ १२८॥

शिष्यः सज्झिलको वा-धर्म्मभ्राता गणिच्चको वा-एकगणस्थो न सुगतिं नयति, किन्तु यानि तत्र ज्ञानदर्शनचरणानि परिशुद्धानि तानि सुगतिमार्ग इति गाथार्थः ॥ (પંચ વ. ગા.૭૦૧)

જેણે જ્ઞાતિસમુદાયનો ત્યાગ કર્યો છે એવા સાધુએ જે ગચ્છમાં વિનયાદિ ગુણો દેખાતા ન હોય અને સારણા વગેરે થતું ન હોય તેવા ગચ્છનો પણ સૂત્રોક્ત વિધિથી ત્યાગ કરવો જોઇએ. **શા માટે તેવા ગચ્છનો ત્યાગ કરવો જોઇએ તે કહે છે:-**

કારણ કે શિષ્ય, ધર્મબંધુ (ગુરુબંધુ), કે એક ગણમાં રહેલ સાધુ સુગતિમાં ન લઇ જાય, કિંતુ ગચ્છમાં રહેલ વિશુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર સુગતિનો માર્ગ છે. (૧૨૮)

**करुणावसेण नवरं, ठावइ मग्गंमि तं पि गुणहीणं ।**
**अच्चंताजुग्गं पुण, अरत्तदुट्ठो उवेहेइ ॥१२९॥**

करुणावशेन नवरं स्थापयति मार्गे तमपि गुणहीनम् ।
अत्यन्तायोग्यं पुनररक्तद्विष्ट उपेक्षेत ॥१२९॥

**ચારિત્રીઓએ સ્વજનાદિ માટે શું કરવું જોઈએ તે કહે છેઃ-**

ગુણરાગી સાધુ કેવળ કરુણારસથી ગુણહીન સ્વજનાદિને પણ મોક્ષમાર્ગમાં સ્થાપે છે=લાવે છે. અત્યંત અયોગ્યની રાગ-દ્વેષથી રહિત તે ઉપેક્ષા કરે છે. (૧૨૯)

**गुणरागी य पवट्टइ, गुणरयणनिहीण पारतंतंमि ।**
**सव्वेसु वि कज्जेसु, सासणमालिन्नमिहरा उ ॥१३०॥**

गुणरागी च प्रवर्तते गुणरत्ननिधीनां पारतन्त्र्ये ।
सर्वेष्वपि कार्येषु शासनमालिन्यमितरथा तु ॥१३०॥

ગુણરાગી સાધુ ગુણોરૂપી રત્નોના ભંડાર એવા મહાપુરુષોને આધીન બનીને સઘળાય કાર્યોમાં પ્રવૃત્તિ કરે છે. અન્યથા શાસનની મલિનતા થાય.

**વિશેષાર્થઃ-** જો સાધુ ગુણી મહાપુરુષને આધીન ન બને અને એથી સ્વતંત્રપણે સર્વ કાર્યો કરે તો ક્યારે શું કરવું જોઈએ અને ક્યારે શું ન કરવું જોઈએ ઇત્યાદિ જ્ઞાન ન હોવાના કારણે અનુચિત પ્રવૃત્તિ કરે. અનુચિત પ્રવૃત્તિથી શાસનની મલિનતા થાય. માટે ગુણરાગી સાધુ દીક્ષાદિનથી જ ગુરુને આધીન બનીને રહે અને સર્વ કાર્યો ગુરુના કહ્યા પ્રમાણે જ કરે. આ વિષે વિશેષ વર્ણન સાતમા ગુણમાં આવશે. (૧૩૦)

**तेण 'खमासमणाणं, हत्थेणं'ति य भणंति समयविऊ ।**
**अवि अत्तलद्धिजुत्ता, सव्वत्थ वि पुण्णमज्जाया ॥१३१॥**

तेन "क्षमाश्रमणानां हस्तेन" इति च भणन्ति समयविदः ।
अप्यात्मलब्धियुक्ताः सर्वत्रापि पूर्णमर्यादाः ॥१३१॥

તેથી સિદ્ધાંતના જ્ઞાતાઓ "ક્ષમાશ્રમણોના હસ્તથી" એમ કહે છે. તથા આત્મલબ્ધિથી યુક્ત મહાત્માઓ બધા ય સ્થળે પૂર્ણ મર્યાદાવાળા હોય છે.

**વિશેષાર્થઃ- તેથી-** એટલે ગુણરાગી સાધુ ગુણરત્નોનાં ભંડાર મહાપુરુષોને આધીન બનીને સઘળાય કાર્યોમાં પ્રવૃત્તિ કરે છે એથી.

**ક્ષમાશ્રમણોના હસ્તથી-** દીક્ષામાં સર્વવિરતિનું આરોપણ, વડીદીક્ષામાં પાંચ મહાવ્રતોનું આરોપણ, યોગોદ્વહનમાં ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞાની ક્રિયા વગેરેમાં ક્રિયા કરાવનાર ગુરુ "ક્ષમાશ્રમણોના હસ્તથી" એમ બોલે છે. એનો અર્થ એ છે કે હું સર્વવિરતિનું આરોપણ વગેરે સ્વતંત્રપણે નથી કરતો, કિંતુ ક્ષમાશ્રમણોના હસ્તથી=ક્ષમાશ્રમણોને આધીન બનીને કરું છું. ગુરુ આમ કહીને એ સૂચવે છે કે જૈનશાસનમાં સ્વચ્છંદતાને સ્થાન નથી.

**આત્મલબ્ધિથી યુક્ત** એટલે વસ્ત્ર, પાત્ર, આહાર વગેરે વિશેષ મળે તેવી લબ્ધિથી યુક્ત. આવી લબ્ધિને પામેલા મહાત્માઓ લબ્ધિથી વિશેષ વસ્ત્ર, પાત્ર, આહાર વગેરે વિશેષ મેળવી શકતા હોવા છતાં ગર્વ કરતા નથી, અને લબ્ધિથી હીન ગુણસંપન્ન સાધુઓ પ્રત્યે જેવી મર્યાદા રાખવી જોઇએ તેવી મર્યાદા રાખે છે, એ મર્યાદામાં જરા ય ખામી ન આવવા દે. જેમ કે- લબ્ધિસંપન્ન સાધુ દીક્ષાપર્યાયમાં નાનો હોય અને લબ્ધિહીન સાધુઓ રત્નાધિક (=દીક્ષાપર્યાયમાં વડિલ) હોય તો લબ્ધિસંપન્ન સાધુ રત્નાધિકની બધી મર્યાદાઓ જાળવે. ગુરુ લબ્ધિહીન હોય અને શિષ્ય લબ્ધિસંપન્ન હોય તો પણ બધાંય કાર્યો ગુરુને આધીન બનીને કરે = ગુરુની આજ્ઞા પ્રમાણે કરે. કારણ કે ગુરુ ગુણોનાં ભંડાર છે. (૧૩૧)

**ण वहइ जो गुणरायं, दोसलवं कड्डिउं गुणड्ढे वि ।**
**तस्स णियमा चरित्तं, नत्थि त्ति भणंति समयन्नू ॥१३२॥**

न वहति यो गुणरागं दोषलवं, कर्षयित्वा गुणाढ्येऽपि ।
तस्य नियमाच्चारित्रं, नास्तीति भणन्ति समयज्ञाः ॥१३२॥

જે ગુણસંપન્નમાં રહેલા દોષલેશને બોલીને ગુણસંપન્નમાં પણ ગુણાનુરાગને ધારણ કરતો નથી તેનામાં નિયમા ચારિત્ર નથી એમ સિદ્ધાંતના જ્ઞાતાઓ કહે છે.

**વિશેષાર્થ:-** ગુણસંપન્ન પણ કોઇ સાધુમાં કોઇ દોષ હોય એ સંભવિત છે. જે સાધુ ગુણસંપન્ન આત્મામાં રહેલા કોઇ દોષને જોઇને "એનામાં આ દોષ છે." એમ બીજાઓ સમક્ષ બોલે, અને એ રીતે તેને હલકો પાડવાનો પ્રયત્ન કરે, તથા એના પ્રત્યે પ્રેમ ન રાખે, તે સાધુમાં નિયમા ચારિત્ર નથી. કારણ કે એનામાં ગુણાનુરાગ નથી એ નિશ્ચિત થાય છે. અને જેનામાં ગુણાનુરાગ ન હોય તેનામાં સમ્યક્ત્વ ન હોય. જેનામાં સમ્યક્ત્વ ન હોય તેનામાં ચારિત્ર પણ ન હોય. આથી આવો સાધુ સાધુનો વેષ હોવાથી અને ચારિત્રની ક્રિયા કરતો હોવાથી તેનામાં ચારિત્ર હોય, પણ દ્રવ્યથી હોય, ભાવથી ન હોય. માટે અહીં કહ્યું કે ગુણસંપન્નમાં રહેલા દોષલેશને બોલીને ગુણસંપન્નમાં પણ ગુણાનુરાગને ધારણ ન કરનારમાં નિયમા ચારિત્ર નથી. આ કથન બહુ માર્મિક છે. (૧૩૨)

**गुणदोसाण य भणियं, मज्झत्थत्तं पि निचियमविवेए ।**
**गुणदोसो पुण लीला, मोहमहारायआणाए ॥१३३॥**
गुणदोषयोश्च भणितं, मध्यस्थत्वमपि निचितमविवेके ॥
गुणदोषः पुनर्लीला, मोहमहाराजाज्ञायाः ॥१३३॥

ગુણ-દોષમાં મધ્યસ્થતા પણ અવિવેકથી ભરેલી છે એમ મહાપુરુષોએ કહ્યું છે. તથા ગુણને પણ દોષ માનવો એ મોહ મહારાજાની આજ્ઞાની લીલા છે.

**ગુણ-દોષમાં મધ્યસ્થતા અવિવેકથી ભરેલી છે.**

**વિશેષાર્થ:-** ગુણ-દોષમાં મધ્યસ્થતા એટલે ગુણ અને દોષ બંનેમાં સમભાવ રાખવો: ગુણમાં અનુરાગ અને દોષમાં દ્વેષભાવ આવે ત્યારે જ આધ્યાત્મિકતા આવે છે. ગુણથી જ સુખ અને દોષથી જ દુ:ખ એવો વિવેક આવે ત્યારે જ ગુણમાં અનુરાગ થાય અને દોષમાં દ્વેષ થાય. કારણ કે માનસશાસ્ત્રનો નિયમ છે કે જે સુખનું કારણ લાગે તેના ઉપર રાગ થાય

અને જે દુઃખનું કારણ લાગે તેના ઉપર દ્વેષ થાય. ગુણથી જ સુખ અને દોષથી જ દુઃખ એવા વિવેકનો અભાવ એ અવિવેક છે. આ અવિવેક જ્યાં હોય ત્યાં જ ગુણ-દોષમાં મધ્યસ્થતા હોય. માટે અહીં કહ્યું કે ગુણ-દોષમાં મધ્યસ્થતા પણ અવિવેકથી ભરેલી છે.

અહીં 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે. ગુણ પ્રત્યે દ્વેષ તો અવિવેકથી પૂર્ણ છે જ, કિંતુ ગુણમાં મધ્યસ્થતા પણ અવિવેકથી પૂર્ણ છે. ગુણપ્રત્યે અનુરાગ જ જોઈએ. દ્વેષ પ્રત્યે અનુરાગ તો અવિવેકથી પૂર્ણ છે જ, કિંતુ દ્વેષમાં મધ્યસ્થતા પણ અવિવેકથી પૂર્ણ છે. દોષ પ્રત્યે દ્વેષ જ જોઈએ.

ગુણને પણ દોષ માનવો એ મહા અવિવેક છે.

ગુણને આશ્રયીને ચાર કક્ષા છે-

(૧) ગુણને દોષ માનવો એ મહા અવિવેક છે. (અત્યંત જઘન્યકક્ષા)
(૨) ગુણ ઉપર દ્વેષ એ અવિવેક છે. (જઘન્યકક્ષા)
(૩) ગુણ ઉપર મધ્યસ્થતા-દ્વેષાભાવ એ અવિવેક છે. (મધ્યમકક્ષા)
(૪) ગુણ ઉપર અનુરાગ એ વિવેક છે. (ઉત્કૃષ્ટકક્ષા)

એ જ રીતે દોષને આશ્રયીને પણ ચાર કક્ષા છે.

(૧) દોષને ગુણ માનવો એ મહા અવિવેક છે. (અત્યંત જઘન્યકક્ષા)
(૨) દોષ ઉપર અનુરાગ એ અવિવેક છે. (જઘન્યકક્ષા)
(૩) દોષ ઉપર મધ્યસ્થતા-અનુરાગાભાવ એ અવિવેક છે. (મધ્યમકક્ષા)
(૪) દોષ ઉપર દ્વેષ એ વિવેક છે. (ઉત્કૃષ્ટકક્ષા)

જીવમાં જ્યારે મહા અવિવેક હોય છે ત્યારે ગુણને દોષ માને છે. દોષને ગુણ માને છે. જેમ કે- તપ એ ગુણ છે. પણ અજ્ઞાનીજીવો તપને ગુણ ન કહે, કિંતુ ભૂખમરો કહે. ક્ષમા એ ગુણ છે. પણ અજ્ઞાની જીવ ક્ષમાને કાયરતા ગણે. એથી ક્ષમા રાખનારને બહાદુર કહેવાને બદલે કાયર કહે. સત્યગુણને ન સમજી શકનાર આપત્તિ સહન કરીને પણ ખોટું ન બોલનારને સત્યવાદી કહી વધાવવાના બદલે વેવલો કહે. જિનભક્તિ ગુણને ન સમજનાર અન્યની જિનભક્તિ જોઈને પ્રશંસા કરવાને બદલે ધનનો ધુમાડો કર્યો એમ કહે.

ક્રોધ એ દોષ છે. આમ છતાં અજ્ઞાની જીવો આજે ક્રોધ વિના ચાલે નહિ, ક્રોધ કરવામાં આવે તો જ કુટુંબ વગેરે ઉપર કાબૂ રાખી શકાય એમ માનીને દોષને જરૂરી માનીને ગુણરૂપ માને. હાસ્ય એ દોષરૂપ છે. આમ છતાં અજ્ઞાની જીવો **"હસે એનું ઘર વસે"** એમ માનીને ગુણરૂપ માને. જ્ઞાનીઓ કહે છે કે **"હસે એનું ઘર વસે નહિ, કિંતુ હસે એનું ઘર ખસે."** કારણ કે હસનાર જીવ પોતાના ઘરમાંથી (આત્મામાંથી) નીકળીને બાહ્યભાવમાં રમે છે.

જીવમાં થોડો મોહ ઘટે અને બીજી કક્ષામાં આવે ત્યારે તે ગુણને દોષરૂપ ન માને, દોષને ગુણરૂપ ન માને, આમ છતાં તેને ગુણ પ્રત્યે અરુચિ હોય છે અને દોષ પ્રત્યે રુચિ હોય છે. હજી થોડો મોહ ઘટે ત્યારે તે ગુણ-દોષ બંને પ્રત્યે મધ્યસ્થતા ધારણ કરે છે. મોહનો નાશ થાય ત્યારે ગુણપ્રત્યે અનુરાગ અને દોષ પ્રત્યે દ્વેષ પ્રગટે છે. હવે તે આધ્યાત્મિકમાર્ગમાં આવ્યો કહેવાય. આધ્યાત્મિક માર્ગમાં ચાલતાં ચાલતાં તે એક દિવસ મોક્ષને પ્રાપ્ત કરે છે. (૧૩૩)

**सयणप्पमुहेहिंतो, जस्स गुणड्ढंमि णाहिओ रागो ।**
**तस्स न दंसणसुद्धी, कत्तो चरणं च निव्वाणं ॥१३४॥**

स्वजनप्रमुखेभ्यो, यस्य गुणाढ्ये नाधिको रागः ।
तस्य न दर्शनशुद्धिः, कुतश्चरणं च निर्वाणम् ॥१३४॥

જેને ગુણસંપન્ન જીવ ઉપર સ્વજન વગેરેથી અધિક રાગ નથી, તેનામાં દર્શનશુદ્ધિ નથી, જો દર્શનશુદ્ધિ જ નથી તો ચારિત્ર અને મોક્ષ તો ક્યાંથી જ હોય ? (૧૩૪)

गुणानुरागस्यैव फलमाह-

**उत्तमगुणाणुराया, कालाईदोसओ अपत्ता वि ।**
**गुणसंपया परत्थ वि, न दुल्लहा होइ भव्वाणं ॥१३५॥**
**(इत्युत्तमगुणानुरागस्वरूपं षष्ठलक्षणम्)**

उत्तमगुणानुरागात्कालादिदोषतोऽप्राप्तापि ।
गुणसम्पत्परत्रापि न दुर्लभा भवति भव्यानाम् ॥१३५॥

उत्तमा-उत्कृष्टा गुणा-ज्ञानादयस्तेष्वनुरागः-प्रीतिप्रकर्षस्तस्माद्धेतोः कालो दुःषमादिरूपः, आदिशब्दात् संहननादिपरिग्रहः, त एव दोषा-दूषणानि विघ्नकारित्वात्, ततोऽप्राप्ता अपि, आस्तां तावत्प्राप्तेत्यपेरर्थः, गुणसंपत्-परिपूर्णधर्मसामग्री वर्त्तमानजन्मनीति गम्यते, परत्रेति भाविभवे, अपिः संभावने, संभवति एतद्, नैव दुर्लभा-दुरापा भवति भव्यानां-मुक्तिगमनयोग्यानामिति। (ધ. ૨. પ્રં૦ ગા. ૧૨૫)

**ગુણાનુરાગના જ ફલને કહે છેઃ-**

ભવ્યજીવોને કાળ આદિની ખામીના કારણે આ ભવમાં ધર્મસામગ્રી પરિપૂર્ણ પ્રાપ્ત ન થઇ હોય તો પણ ઉત્કૃષ્ટ જ્ઞાનાદિ ગુણોમાં અનુરાગથી પરભવમાં પરિપૂર્ણ ધર્મસામગ્રી દુર્લભ બનતી નથી=સુલભ બને છે.

**વિશેષાર્થઃ-** ભવ્ય એટલે મોક્ષમાં જવાને યોગ્ય. 'કાળ આદિ' એ સ્થળે આદિ શબ્દથી સંઘયણ અને આરોગ્ય વગેરે સમજવું. પ્રાપ્ત ન થઇ હોય તો પણ એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- આ ભવમાં ધર્મસામગ્રી પરિપૂર્ણ પ્રાપ્ત થઇ હોય તો તો જ્ઞાનાદિગુણોના અનુરાગથી પરભવમાં પરિપૂર્ણ ધર્મ સામગ્રી સુલભ બને જ છે, કિંતુ આ ભવમાં ધર્મસામગ્રી પરિપૂર્ણ પ્રાપ્ત ન થઇ હોય તો પણ ઉત્કૃષ્ટ જ્ઞાનાદિ ગુણોના અનુરાગથી પરભવમાં પરિપૂર્ણ ધર્મસામગ્રી સુલભ બને છે. (૧૩૫)

## સાતમું લક્ષણ ગુર્વાજ્ઞાની પરમ આરાધના

**गुणरत्तस्स य मुणिणो, गुरुआणाराहणं हवे णियमा ।**
**बहुगुणरयणनिहाणा, तओ ण अहिओ जओ को वि ॥१३६॥**

गुणरक्तस्य च मुने-र्गुर्वाज्ञाराधनं भवेन्नियमात् ।
बहुगुणरत्ननिधानात्ततो नाधिको यतः कोऽपि ॥१३६॥

ગુણાનુરાગી મુનિને નિયમા ગુર્વાજ્ઞાની આરાધના હોય. કારણ કે ઘણા ગુણો રૂપી રત્નોનું નિધાન એવી ગુર્વાજ્ઞાની આરાધનાથી શ્રેષ્ઠ બીજો કોઇ ગુણ નથી.

**વિશેષાર્થઃ-** ગુર્વાજ્ઞાની આરાધના સર્વગુણોમાં શ્રેષ્ઠ ગુણ છે. કારણ કે ગુર્વાજ્ઞાની આરાધનાથી ઘણા ગુણોરૂપી રત્નોની પ્રાપ્તિ થાય છે. આથી જ ગુર્વાજ્ઞાની આરાધના ઘણા ગુણોરૂપી રત્નોનું નિધાન છે. જેમ ધનના અનુરાગી જીવને ઘણું ધન મેળવવાની ઈચ્છા હોય તેમ ગુણાનુરાગી મુનિને ઘણા ગુણો મેળવવાની ઈચ્છા હોય. ઘણા ગુણો ગુર્વાજ્ઞાની આરાધનાથી જ મળી શકે. માટે તે અવશ્ય ગુર્વાજ્ઞાની આરાધના કરે, અર્થાત્ ગુર્વાજ્ઞાનું પાલન કરે. (૧૩૬)

**तिण्हं दुप्पडिआरं, अम्मापिउणो तहेव भट्टिस्स ।**
**धम्मायरियस्स पुणो, भणिअं गुरुणो विसेसेउं ॥१३७॥**

त्रयाणां दुष्प्रतिकारमम्बापित्रोस्तथैव भर्तुः ।
धर्माचार्यस्य पुनर्भणितं गुरोर्विशिष्य ॥१३७॥

માતા-પિતા, સ્વામી અને ધર્માચાર્ય ગુરુ એ ત્રણના ઉપકારનો બદલો વાળવો દુઃશક્ય છે. તેમાં પણ ધર્માચાર્યગુરુના ઉપકારનો બદલો વાળવો એ વિશેષથી દુઃશક્ય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે.

**વિશેષાર્થઃ-** આ વિષે સ્થાનાંગ સૂત્ર અ.૨. ઉ.૧ સૂ. ૧૩૫ કહ્યું છે કે-

तिण्हं दुप्पडियारं समणाउसो तं जहा-अम्मापियरस्स गुरुस्स भत्तिस्स= હે આયુષ્યમાન શ્રમણ ! માતા-પિતા, ધર્માચાર્ય અને સ્વામી એ ત્રણના ઉપકારનો બદલો વાળવો દુઃશક્ય છે. પ્રશમરતિ ગ્રંથમાં પણ કહ્યું છે કે-

दुष्प्रतिकारौ माता-पितरौ स्वामी गुरुश्च लोकेऽस्मिन् ।
तत्र गुरुरिहामुत्र च, सुदुष्करतरप्रतिकारः ॥ ७१ ॥ (પ્ર. રતિ )

માતા-પિતા, રાજા આદિ સ્વામી અને ગુરુના ઉપકારનો બદલો વાળવો કઠીન છે. તેમાં પણ ગુરુના ઉપકારનો બદલો વાળવો તો આ લોક અને પરલોકમાં પણ અત્યંત કઠીન છે. માતા-પિતા આદિ દ્રવ્ય ઉપકાર કરે છે, જ્યારે ગુરુ આત્મહિતનો ઉપદેશ આદિથી ભાવ ઉપકાર કરે છે. (૧૩૭)

**अणवत्थाई दोसा, गुरुआणाविराहणे जहा हुंति ।**
**हुंति य कयन्नुआए, गुणा गरिट्ठा जओ भणिया ॥ १३८॥**

अनवस्थादयो दोषा, गुर्वाज्ञाविराधने यथा भवन्ति ॥
भवन्ति च कृतज्ञतया गुणा गरिष्ठा यतो भणिताः ॥ १३८॥

જેવી રીતે ગુર્વાજ્ઞાની વિરાધનામાં (=ગુર્વાજ્ઞાનું પાલન ન કરવામાં) અનવસ્થા વગેરે દોષો થાય છે, તેમ કૃતજ્ઞતાથી શ્રેષ્ઠગુણો થાય છે. કારણ કે કૃતજ્ઞતાથી નીચે પ્રમાણે (= ૧૩૯મી ગાથામાં જણાવેલા) ગુણો કહ્યા છે.

**વિશેષાર્થઃ- ગુર્વાજ્ઞાની વિરાધનામાં અનવસ્થા વગેરે દોષો-** એક શિષ્ય ગુર્વાજ્ઞાનું પાલન ન કરે એટલે તેને જોઇને બીજો પણ ગુર્વાજ્ઞાનું પાલન ન કરે, તેને જોઇને ત્રીજો પણ ગુર્વાજ્ઞાનું પાલન ન કરે, આમ અનવસ્થા થાય. આદિ શબ્દથી એકલવિહારી બને વગેરે દોષો સમજવા. ગુર્વાજ્ઞાનું પાલન ન કરનાર શિષ્યને સારણા વગેરે ગમે નહિ. ગુરુ એને ભૂલો બતાવે ત્યારે તેને ગુરુ ટક ટક કરે છે એવું લાગે. આથી તે એકલવિહારી પણ બને. એકલ વિહારી બનવામાં સંયમહાનિ, બ્રહ્મચર્યહાનિ વગેરે અનેક દોષોનો સંભવ રહે. આ વિષે ઉપદેશમાળા ગા. ૧૫૬ થી ૧૬૦)માં કહ્યું છે કે-

इक्कस्स कओ धम्मो, सच्छंदगईमईपयारस्स ।
किंवा करेइ इक्को, परिहरउ कहं अकज्जे वा ॥१५६॥
कत्तो सुत्तत्थागम-पडिपुच्छण-चोयणा व इक्कस्स ।
विणओ वेयावच्चं, आराहणयावि मरणंते ॥१५७॥
पिल्लिज्जेसणमिक्को, पइन्नपमयाजणाउ निच्च भयं ।
काउमणोऽवि अकज्जं, न तरइ काऊण बहुमज्झे ॥१५८॥
उच्चारपासवणवंतपित्तमुच्छाइमोहिओ इक्को ।
सद्दवभाणविहत्थो, निक्खिवइ व कुणइ उड्डाहं ॥१५९॥
एगदिवसेण बहुआ, सुहा य असुहा य जीवपरिणामा ।
इक्को असुहपरिणओ, चइज्ज आलंबणं लद्धुं ॥१६०॥

''સ્વચ્છંદપણે વર્તવાની બુદ્ધિવાળા એકલાને ધર્મ ક્યાંથી હોય ? એકલો તપ, ક્રિયા વગેરે પણ શું કરે ? એકલો અકાર્યનો ત્યાગ કેવી રીતે

કરે ? અર્થાત્ એકલો પ્રમાદી બનીને તપ, ક્રિયા વગેરે કરવા લાયક ન કરે અને ન કરવા લાયક કરે. આથી એકલાને ધર્મ ન હોય.'' (૧૫૬)

''એકલાને સૂત્ર-અર્થની વાચનાદ્વારા આગમનું જ્ઞાન પણ ક્યાંથી થાય ? પોતાને કોઇ વિષયમાં શંકા પડે તો પૂછે પણ કોને ? પ્રમાદમાં પડેલા તેને પ્રમાદના ત્યાગની પ્રેરણા પણ કોણ કરે ? એકલો વિનય વેયાવચ્ચ કોના કરે ? મરણ સમયે એકલાને આરાધના પણ ક્યાંથી હોય? અર્થાત્ એકલાને આ બધું ન હોય.'' (૧૫૭)

''એકલો એષણાનું ઉલ્લંઘન કરે, અર્થાત્ અશુદ્ધ આહાર લે, એકલાને એકલી સ્ત્રી વગેરેથી સદા ભય રહે, સમુદાયમાં અકાર્ય કરવાની ઇચ્છા થવા છતાં કરી શકે નહિ. (એકલો સ્ત્રીસેવન વગેરે અકાર્ય પણ કરી નાંખે.)''. (૧૫૮)

''ઝાડો, પેશાબ, ઉલટી, પિત્તમૂર્છા આદિથી વ્યાકુલ બનેલો હાથમાં રહેલ પાણીના પાત્ર સહિત (કે આહારના પાત્ર સહિત) ઝાડો વગેરે કરે. આથી શાસનની લઘુતા-અપભ્રાજના થાય. તથા સંયમવિરાધના અને આત્મવિરાધના પણ થાય. તેની સાથે બીજો હોય તો આવા સંયોગોમાં તેને સહાય કરે.'' (૧૫૯)

''એક દિવસમાં અનેકવાર શુભ અને અશુભ આત્મ-પરિણામ થાય છે. નિમિત્ત પામીને અશુભ પરિણામવાળો બનેલો એકલો સંયમનો ત્યાગ કરે.'' (૧૬૦)

કદાચ એકલો ન થાય અને બીજાની પાસે જાય તો પણ તેવાની પાસે જાય કે જે સારણાદિ કરે નહિ. સારણાદિ ન થવાના કારણે સંયમમાં ઉત્સાહ ન રહેવાથી દીક્ષા છોડી દે એવું બને. કદાચ દીક્ષા ન છોડી દે તો પણ ઉત્સાહ વિના જેમ તેમ જીવન પૂરું કરે. પરિણામે જે લાભ થવો જોઇએ તે લાભ ન થાય.

**કૃતજ્ઞતાથી શ્રેષ્ઠ ગુણોની પ્રાપ્તિ-** કૃતજ્ઞતા એટલે બીજાઓએ પોતાના ઉપર કરેલા ઉપકારને ખ્યાલમાં રાખવો. બીજાએ કરેલા ઉપકારને ખ્યાલમાં રાખવાથી અવસરે ઉપકારનો બદલો વાળવાનો પ્રયત્ન થઇ શકે. આથી અહીં ''બીજાના ઉપકારને ખ્યાલમાં રાખવો'' એનું તાત્પર્ય અવસરે બીજાના

ઉપકારનો બદલો વાળવાનો પ્રયત્ન કરવો એવું છે. બીજાનો ઉપકાર ખ્યાલમાં હોય છતાં છતી શક્તિએ પણ ઉપકારનો બદલો વાળવાનો પ્રયત્ન ન થાય તો એ વાસ્તવિક કૃતજ્ઞતા નથી. એટલે જેમ બીજાએ કરેલા ઉપકારને ન માનવામાં કૃતજ્ઞતા ગુણનો અભાવ છે તેમ અવસરે છતી શક્તિએ ઉપકારનો બદલો વાળવાનો પ્રયત્ન ન કરવામાં પણ કૃતજ્ઞતાનો અભાવ છે. ઉપકારનો બદલો વાળવો એટલે ઉપકારીની ઉચિત ભક્તિ કરવી, ઉપકારીને આપત્તિ આવે ત્યારે તેમાં સહાય કરવી વગેરે....

કૃતજ્ઞતાનું પાલન ગુરુની પાસે રહેવાથી જ થઇ શકે. ગુરુની પાસે રહેવાથી કેવા શ્રેષ્ઠગુણોની પ્રાપ્તિ થાય તે નીચેની ગાથામાં જણાવ્યું છે.

મૂળ ગાથામાં ''कयन्नुआए'' એ પાઠના સ્થાને ''कयणुण्णाए''એ પાઠ વધારે સંગત જણાય છે. कयणुण्णाए એટલે કરેલી (=પાળેલી)આજ્ઞાથી, અર્થાત્ આજ્ઞાના પાલનથી. (૧૩૮)

**णाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य ।**
**धन्ना आवकहाए, गुरुकुलवासं न मुंचंति ॥१३९॥**

ज्ञानस्य भवति भागी, स्थिरतरको दर्शने चारित्रे च ।
*धन्या यावत्कथया, गुरुकुलवासं न मुञ्चन्ति ॥१३९॥*

'णाणे'त्यादि, ज्ञानस्य-श्रुतज्ञानादेः भवति-स्यात् भागी-भाजनं, गुरुकुले वसन्निति प्रकृतं, प्रत्यहं वाचनादिभावात्, तथा स्थिरतरकः-पूर्वप्रतिपन्नदर्शनोऽपि सन्नतिशयस्थिरो भवति, दर्शने-सम्यक्त्वे अन्वहं स्वसमयपरसमयतत्त्वश्रवणात्, तथा चरित्रे-चरणे स्थिरतरो भवति, अनुवेलं वारणादिभावात्, चशब्दः समुच्चये, यत एवं ततो धन्या-धर्मधनं लब्धारः यावत्कथं-यावज्जीवं गुरुकुलवासं-गुरुगृहनिवसनं न मुञ्चन्ति-न त्यजन्ति । इति गाथार्थः (पञ्चाशक ११ गाथा १६)

ગુરુકુલમાં રહેલ સાધુ દરરોજ વાચનાદિ થવાથી શ્રુતજ્ઞાનાદિનું ભાજન બને છે=શ્રુતજ્ઞાનાદિ પામે છે, સ્વદર્શન-પરદર્શનનું સ્વરૂપ સાંભળવાથી શ્રદ્ધામાં અતિશય સ્થિર બને છે, વારંવાર સારણાદિ થવાથી ચારિત્રમાં અતિશય સ્થિર બને છે. આથી જાવજ્જીવ ગુરુકુલવાસનો ત્યાગ નહિ કરનાર સાધુઓ ધન્ય છે= ધર્મરૂપ ધનને મેળવે છે. (૧૩૯)

**सव्वगुणमूलभूओ, भणिओ आयारपढमसुत्तंमि ।**
**गुरुकुलवासो तत्थ य, दोसा वि गुणा जओ भणिअं ॥१४०॥**

सर्वगुणमूलभूतो, भणित आचारप्रथमसूत्रे ।
गुरुकुलवासस्तत्र च दोषा अपि गुणा यतो भणितम् ॥१४०॥

### ગુરુકુલવાસમાં દોષો પણ ગુણરૂપ બને.

આચારાંગના પહેલા સૂત્રમાં ગુરુકુલવાસને સર્વગુણોનો મૂલભૂત ગુણ કહ્યો છે. ગુરુકુલવાસમાં લાગતા દોષો પણ ગુણરૂપ બની જાય. કારણ કે નીચે પ્રમાણે કહ્યું છે.

**વિશેષાર્થઃ-** આચારાંગના પહેલા સૂત્રમાં सुयं मे आउसं.तेणं भगवया एवमक्खायं="શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે કે, હે આયુષ્યમાન જંબૂ ! ગુરુકુલવાસમાં (=ભગવાન પાસે) રહેતા મેં સાંભળ્યું છે કે ભગવાને આમ કહ્યું છે" એમ કહીને ગુરુકુલવાસનો ત્યાગ ન કરવાનું કહ્યું છે.

આ વિષે પંચાશક ગ્રંથના ૧૧મા પંચાશકમાં કહ્યું છે કે- આચારાંગના પહેલા સૂત્રમાં ગુરુકુલવાસનો ત્યાગ ન કરવાનું કહ્યું હોવાથી "ગુરુકુલવાસનો ત્યાગ ન કરવો" એ આજ્ઞા પ્રકૃષ્ટ (=સર્વ આજ્ઞામાં પ્રધાન) આજ્ઞા છે.

**પ્રશ્નઃ-** આ આજ્ઞા પ્રકૃષ્ટ કેમ છે ?

**ઉત્તરઃ-** આ આજ્ઞા પ્રકૃષ્ટ અર્થના સાધનનો ઉપાય બતાવનારી હોવાથી પ્રકૃષ્ટ છે. મોક્ષ પ્રકૃષ્ટ અર્થ છે. તેનું સાધન ધર્મ છે. ધર્મનો ઉપાય ગુરુકુલવાસ છે. આ આજ્ઞા ગુરુકુલવાસને બતાવે છે. આમ "ગુરુકુલવાસ ન છોડવો" એવી જિનાજ્ઞા પ્રકૃષ્ટ અર્થના સાધનનો ઉપાય બતાવનારી હોવાથી પ્રકૃષ્ટ છે. (૧૪૦)

**एयस्स परिच्चाया, सुद्धुंछाई वि ण चेव हिययाणि ।**
**कम्माइ वि परिसुद्धं, गुरुआणावत्तिणो बिंति ॥१४१॥**

एतस्य परित्यागात्, शुद्धोञ्छादीन्यपि नैव हितदानि ।
कर्माद्यपि परिशुद्धं, गुर्वाज्ञावर्तिनो ब्रुवन्ति ॥१४१॥

ગુરુકુલવાસના ત્યાગથી શુદ્ધભિક્ષા વગેરે પણ હિત આપનાર (=હિતકર) થતા નથી. ગુર્વાજ્ઞામાં રહેલાને આધાકર્મ વગેરે દોષો પણ શુદ્ધ બની જાય એમ સિદ્ધાંત જ્ઞાતાઓ કહે છે.

**વિશેષાર્થઃ-** કોઇ એમ કહે કે ગુરુકુલમાં રહેવાથી અશુદ્ધભિક્ષા, સ્નેહ, રોષ અને વિષાદ વગેરે દોષો થાય. આના જવાબમાં અહીં કહ્યું કે ગુરુકુલવાસના ત્યાગથી શુદ્ધભિક્ષા, ઉગ્રત્યાગ, ઉગ્રતપ વગેરે પણ હિતકર બનતા નથી. કારણ કે ગુરુકુલવાસનો ત્યાગ કરનારાઓનો વૈરાગ્ય, દુઃખગર્ભિત કે મોહગર્ભિત હોય છે. દુઃખગર્ભિત કે મોહગર્ભિત વૈરાગ્યથી હિત ન થાય. જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી જ હિત થાય. ગુરુકુલવાસમાં રહેલાનો જ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત હોય. કારણ કે **गुरुपरतंतं नाणं** (પંચા.૧૧.૭) "ગુરુપરતંત્રતા એ જ જ્ઞાન છે" એ વચનથી ગુરુપરતંત્રતા એ જ જ્ઞાનનું લક્ષણ છે.

આ વિષે પંચાશક ૧૧ ગાથા ૩૭-૩૮માં કહ્યું છે કે- જેઓ ઉત્તમ અને કૃતજ્ઞ ન હોવાના કારણે અકલ્યાણનું ભાજન હોવાથી ગુરુની અવજ્ઞા કરે છે, તેઓ (વાસ્તવિક) સાધુ નથી. કારણ કે તેવા સાધુઓ ગુરુ-લાઘવને બરોબર જાણતા નથી. અર્થાત્ ગુરુકુલવાસ અને એકાકી વિહાર એ બેમાં વધારે લાભ શામાં છે તે બરોબર જાણતા નથી. તેવાઓ એમ માને છે કે અનેક સાધુઓ હોવાથી અશુદ્ધ આહાર, પરસ્પર સ્નેહ, રોષ વગેરે દોષોનો સંભવ હોવાથી ગુરુકુલમાં રહેવામાં બહુ દોષો છે. એકાકી વિહારમાં આ દોષો નહિ હોવાથી ઓછા દોષો છે. તેમની આ માન્યતા બરોબર નથી. કારણ કે આ માન્યતા આગમથી બાધિત છે=આગમોથી વિપરીત છે. આ માન્યતા આગમથી બાધિત કેમ છે તે પહેલા જણાવી દીધું છે. તેવા સાધુઓ નિર્દોષ ભીક્ષા, શરીરવિભૂષાનો ત્યાગ, જીર્ણ ઉપધિ, આતાપના, માસક્ષમણ વગેરે અનુષ્ઠાનો આગમ પ્રમાણે નહિ, કિંતુ સ્વમતિ-કલ્પના પ્રમાણે કરે છે. આવા સાધુઓ આગમથી નિરપેક્ષ પ્રવૃત્તિ કરનારા હોવાથી અને એકાકી હોવાથી જૈનશાસનની મર્યાદાઓનું પાલન કરવામાં અસમર્થ છે, આથી જૈનશાસનની અપભ્રાજનાનું કારણ બને છે. આવા સાધુઓ પોતાની મહત્તા માનનારા અને ગુરુની અવજ્ઞા કરનારા હોવાથી ક્ષુદ્ર-તુચ્છ છે, અથવા ભોળા લોકોને પોતાના પ્રત્યે આકર્ષવામાં તત્પર હોવાથી ક્ષુદ્ર-કૃપણ છે. અથવા બીજા

સાધુઓના માન-સન્માન ન થાય તેવી ભાવનાવાળા હોવાથી ક્ષુદ્ર-ક્રૂર છે. (૩૭) આવા સાધુઓએ પ્રાયઃ એકવાર પણ ગ્રંથિનો ભેદ કર્યો નથી. કારણ કે મિથ્યાદૃષ્ટિ હોવા છતાં જો એકવાર પણ ગ્રંથિભેદ કર્યો હોય તો આવી નિર્વિચાર પ્રવૃત્તિ ન કરે.

**પ્રશ્નઃ-** તો પછી માસખમણ વગેરે દુષ્કર અનુષ્ઠાનો કેમ કરે છે ?

**ઉત્તરઃ-** અજ્ઞાનતાથી. (આથી જ) જેમ મિથ્યાદર્શનનાં અનુષ્ઠાનો કરનારા તાપસ વગેરે સાધુઓ વાસ્તવિક સાધુ નથી, તેમ ગુરુની અવજ્ઞા કરીને અજ્ઞાનતાથી માસખમણ વગેરે દુષ્કર અનુષ્ઠાનો કરનારા જૈન સાધુઓ પણ વાસ્તવિક સાધુ નથી. કારણ કે જેમ મિથ્યાદૃષ્ટિ સાધુઓ જિનાજ્ઞાથી રહિત છે, તેમ આવા જૈન સાધુઓ પણ જિનાજ્ઞાથી રહિત છે.

આ વિષયને શાસ્ત્રમાં શબરના (=ભિલના) દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે.

## શબરનું દૃષ્ટાંત

કોઈક પ્રસંગે એક ભિલને ધર્મશાસ્ત્ર શ્રવણ કરતાં એમ જાણવામાં આવ્યું કે શૈવસાધુઓને પગથી સ્પર્શ થઈ જાય તો મહા અનર્થ થાય (=મહાપાપ બંધાય). તેને કોઈ વખત મોરના પિંચ્છાની જરૂર પડી. બહાર તેની ઘણી તપાસ કરાવી, પરંતુ ક્યાંયથી પણ તેની પ્રાપ્તિ ન થઈ. આ દરમિયાન તેના સાંભળવામાં આવ્યું કે શૈવ સાધુ પાસે મોરપિચ્છા હોય છે. તેણે શૈવ સાધુઓની પાસે મોરપિચ્છાની માંગણી કરી. પણ તેઓએ ન આપ્યા. આથી તેણે શસ્ત્રોનો ઉપયોગ કરીને શૈવસાધુઓને ઘાયલ કરીને મોરપિચ્છાં લઈ લીધાં. (જો હાથથી મોરપિચ્છાં લેવામાં આવે તો સંભવ છે કે તેઓ લેવા ન દે એથી બાથંબાથ કરીને લેવા પડે. તેમ કરતાં સંભવ છે કે પગથી સ્પર્શ થઈ જાય.) આમ ભિલે શૈવસાધુઓને પગથી સ્પર્શ ન થઈ જાય તેની પરેપૂરી સાવચેતી રાખી. જેમ અહીં તેનો પગથી સ્પર્શ ન કરવા રૂપ ગુણ હોવા છતાં શસ્ત્રનો પ્રયોગ કરી તેને ઘાયલ કર્યો તે ગુણ નથી, પરંતુ દોષ જ છે. અહીં ગુણ અલ્પ છે અને દોષ બહુ અધિક છે.

આ પ્રમાણે ગુરુકુલવાસના ત્યાગથી શુદ્ધ ભિક્ષા વગેરે પણ હિતકર બનતા નથી. ગુર્વાજ્ઞામાં રહેલાને આધાકર્મ વગેરે દોષો પણ શુદ્ધ બની જાય છે. કારણ કે ગચ્છમાં દોષોનું સેવન કારણિક અને યતનાપૂર્વક થાય. ગીતાર્થ યતનાથી દોષો સેવે તો તેમાં પ્રાયશ્ચિત્ત નથી. આ વિષે ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે-

जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स ।
सा होइ निज्जरफला अज्झत्थविसोहि जुत्तस्स ॥ ७६०॥ (ઓ. નિ.)

"વિશુદ્ધભાવવાળા અને યતનામાં તત્પર એવા ગીતાર્થને જે વિરાધના થાય તે નિર્જરારૂપ ફલવાળી થાય." (એક સમયે બાંધેલું કર્મ બીજા સમયે ખપાવી નાખે.)

તથા ગુરુકુલવાસમાં બીજા જે ઘણા લાભો થાય છે એ અપેક્ષાએ આ દોષો તદ્દન અલ્પ ગણાય. લાભ-હાનિની વિચારણા કરતાં ગુરુકુલવાસમાં જ લાભ છે. (૧૪૧)

**आयत्तया महागुणो, कालो विसमो सपक्खया दोसा ।**
**आइमतिगभंगेण वि, गहणं भणिअं पकप्पंमि ॥१४२॥**

आयत्तता महागुणः, कालो विषमः स्वपक्षजा दोषाः ।
आदिमत्रिकभङ्गेनापि, ग्रहणं भणितं प्रकल्पे ॥१४२॥

પરાધીનતા મહાગુણ છે. કાલ વિષમ છે. સ્વપક્ષથી દોષો ઉત્પન્ન થાય છે. (આથી) નિશીથમાં પ્રથમના ત્રણ ભાંગાથી પણ આહારને ગ્રહણ કરવાનું કહ્યું છે.

**વિશેષાર્થઃ- પરાધીનતા મહાગુણ છે.** અહીં પરાધીનતા એટલે ગુરુને આધીન રહેવું. ગુરુને આધીન રહેવાથી ઘણા ગુણો પ્રગટે છે અને ઘણા દોષો દૂર થાય છે. આ વિષે પૂર્વે આ ગ્રંથની ૧૩૯ વગેરે ગાથાઓમાં કહેવાઈ ગયું છે.

**કાલવિષમ છે-** કાલવિષમ છે એનો અર્થ એ છે કે કાળ સંયમને દૂષિત કરે તેવા અનેક નબળા આલંબનથી ભરેલો છે. એટલે ગુરુને આધીન ન રહેનાર નબળા આલંબનોને પામીને ચારિત્રથી ભ્રષ્ટ બને એની ઘણી સંભાવના રહે છે.

**સ્વપક્ષથી દોષો ઉત્પન્ન થાય છે-** અહીં સ્વપક્ષ એટલે અવસન્ન વગેરે સાધુઓ. ગુરુથી છૂટા પડનારાઓ અવસન્ન વગેરે સાધુઓના પરિચય કરીને શિથિલ બની જાય, યાવત્ મિથ્યાત્વને પણ પામે.

આમ ગુરુને આધીન ન રહેવાથી ઘણા દોષો ઉત્પન્ન થાય. જ્યારે ગુરુકુલમાં રહેવાથી આ દોષોથી બચી જવાય છે. આથી જ સમુદાયમાં આહાર સંબંધી થોડા દોષો લાગે તો પણ સમુદાયમાં જ રહેવું એવી આજ્ઞા છે.

**પ્રથમના ત્રણ ભાંગાથી પણ આહારને ગ્રહણ કરવાનું કહ્યું છે-** અહીં ચાર ભાંગા આ પ્રમાણે છે. (૧) કારણે યતનાથી દોષ સેવે. (૨) કારણે યતના વિના દોષ સેવે. (૩) નિષ્કારણ યતનાથી દોષ સેવે. (૪) નિષ્કારણ અયતનાથી દોષ સેવે. આ ચાર ભાંગાઓમાં પ્રથમનાં ત્રણ ભાંગાથી પણ આહારને ગ્રહણ કરવાનું કહ્યું છે.

અહીં પહેલા ભાંગામાં સંયમની વૃદ્ધિ માટે દોષ સેવે છે. બીજા ભાંગામાં પણ સંયમની વૃદ્ધિ માટે દોષ સેવે છે. પણ પ્રમાદના કારણે યતના વિના દોષ સેવે છે. ત્રીજા ભાંગામાં કારણ વિના દોષ સેવતો હોવા છતાં યતના હોવાથી તેટલા અંશે શુદ્ધ છે. આ વિષે વ્યવહારસૂત્ર (વ્ય. પીઠિકા ભા. ગા. ૨૨)માં કહ્યું છે કે-"કારણ વિના પણ દોષનું સેવન કર્યા પછી "શુદ્ધિ કરીશ" એવું આલંબન જે કરે છે તે અકૃત્ય સેવતો હોવા છતાં અંતઃકરણની વિશુદ્ધિપૂર્વક યતનાથી પ્રવૃત્તિ કરતો હોવાથી ભાવથી વ્યવહર્તવ્ય છે=એની સાથે વ્યવહાર કરવો, એને પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધ કરવો."

ગુરુકુલમાં રહે તો જ શુદ્ધિ થઈ શકે. માટે અહીં પ્રથમના ત્રણ ભાંગાથી પણ આહારગ્રહણ કરવાનું કહ્યું છે એમ કહીને ગુરુકુલવાસનું મહત્ત્વ જણાવ્યું છે. (૧૪૨)

**गुरुआणाए चाए, जिणवरआणा न होइ णियमेणं ।**
**सच्छंदविहाराणं, हरिभद्देणं जओ भणिअं ॥१४३॥**

गुर्वाज्ञायास्त्यागे, जिनवराज्ञा न भवति नियमेन ॥
स्वच्छन्दविहाराणां, हरिभद्रेण यतो भणितम् ॥१४३॥

## ગુર્વાજ્ઞાના ત્યાગમાં જિનાજ્ઞા ન રહે.

સ્વચ્છંદપણે વિહાર કરનારાઓને ગુર્વાજ્ઞાનો ત્યાગ થાય છે. ગુર્વાજ્ઞાનો ત્યાગ થતાં નિયમા જિનાજ્ઞા ન રહે. કારણ કે શ્રી હરિભદ્રસૂરિ મહારાજે (નીચે પ્રમાણે) કહ્યું છે. (૧૪૩)

अथ गुरुकुलवासमोचने दोषोपदर्शनेन तदाज्ञाया एव प्रकृष्टत्वसमर्थनायाह-

**एअम्मि परिच्चत्ते, आणा खलु भगवओ परिच्चत्ता ।**
**तीए अ परिचाए, दुण्ह वि लोगाण चाओ त्ति ॥१४४॥**

एतस्मिन्परित्यक्ते, आज्ञा खलु भगवतः परित्यक्ता ॥
तस्याश्च परित्यागे, द्वयोरपि लोकयोस्त्यागः ॥१४४॥

'एयंमी'त्यादि, एतस्मिन् गुरुकुले परित्यक्ते आज्ञा-उपदेशः खलुरवधारणार्थः, प्रयोगश्चास्य दर्शयिष्यते, भगवतो-जिनस्य परित्यक्तैव, तदत्यागरूपत्वात्तस्याः, ततः किमित्याह-तस्याश्च भगवदाज्ञायाः पुनः परित्यागे-विमोचने सति द्वयोरपि-उभयोरपि, आस्तामेकस्य, लोकयोः-भवयोरित्यर्थः, त्यागो-भ्रंशो भवति, विशिष्टनियामकाभावेनोभयलोकविरुद्धप्रवृत्तेः, इतिशब्दो वाक्यार्थसमाप्तौ । इति गाथार्थः ॥ पञ्चाशक ११ गाथा १४॥

**હવે ગુરુકુલવાસનો ત્યાગ કરવામાં દોષો બતાવવા દ્વારા ગુર્વાજ્ઞાની જ પ્રધાનતાના સમર્થન માટે કહે છે-**

ગુરુકુલનો ત્યાગ થતાં ભગવાનની આજ્ઞાનો ત્યાગ જ થાય છે. કારણ કે ભગવાનની આજ્ઞા ગુરુકુલના અત્યાગરૂપ છે. ભગવાનની આજ્ઞાનો ત્યાગ થતાં આ લોક અને પરલોક એમ ઉભયલોકનો ત્યાગ થાય છે=ઉભયલોકનું અહિત થાય છે.

**પ્રશ્નઃ-** ભગવાનની આજ્ઞાના ત્યાગથી ઉભયલોકનું અહિત કેમ થાય ?

**ઉત્તરઃ-** ભગવાનની આજ્ઞાનો ત્યાગ થતાં પોતાને વશમાં રાખનાર= અયોગ્ય પ્રવૃત્તિથી રોકનાર વિશિષ્ટ (=જેનું વજન પડે તેવો) કોઇ ન હોવાથી તે ઉભયલોકની વિરુદ્ધ પ્રવૃત્તિ કરે. આથી ઉભયલોકનું અહિત થાય. (૧૪૪)

**नणु एवं कह भणिओ, दिट्ठंतो गामभोइनरवइणो ।**
**भन्नइ अपत्तविसए, गुरुणो भग्गा न भावाणा ॥१४५॥**

नन्वेवं कथं भणितो दृष्टान्तो ग्रामभोगिनरपतेः ॥
भण्यतेऽपात्रविषये, गुरोर्भग्ना न भावाज्ञा ॥१४५॥

**પ્રશ્નઃ-** જો ગુર્વાજ્ઞાના ત્યાગમાં નિયમા જિનાજ્ઞા ન રહેતી હોય તો ઓઘનિર્યુક્તિ ગ્રંથમાં ૪૩મી ભાષ્ય ગાથામાં ગ્રામાધ્યક્ષ અને રાજાનું દૃષ્ટાંત કેમ કહ્યું ?

**ઉત્તરઃ-** ગુર્વાજ્ઞાના ત્યાગમાં નિયમા જિનાજ્ઞા ન રહે એ નિયમ અયોગ્યજીવને આશ્રયીને છે. ઓઘનિર્યુક્તિસૂત્ર પ્રમાણે ગ્લાનની સેવા કરનારે ગુરુની આજ્ઞાનો ભાવથી ત્યાગ કર્યો નથી.

**વિશેષાર્થઃ-** ઓઘનિર્યુક્તિમાં આ વિષે વિગત આ પ્રમાણે છે- આચાર્યની આજ્ઞાથી કોઈ કામ માટે સાધુ જઈ રહ્યો છે. રસ્તામાં તેને ખબર પડી કે અમુક ગામમાં સાધુ બિમાર છે અને તેની કોઈ સેવા કરનાર નથી. આ સાંભળીને તે સાધુ આચાર્યનું કામ કરવા આગળ ન જાય, કિંતુ ગ્લાનસાધુની સેવા કરે. ગ્લાનસાધુ સારા થઈ જાય પછી આચાર્યનું કામ કરવા આગળ જાય. અહીં શિષ્યે આચાર્યને કહ્યું કે આ રીતે ગ્લાનસાધુની સેવામાં રોકાઈ જનારા સાધુએ આચાર્યની આજ્ઞાનો ત્યાગ કર્યો. શિષ્યને સમજાવવા આચાર્યે (ગાથા ૪૩માં) કહ્યું કે તીર્થંકરોની આજ્ઞા છે કે ગ્લાનની સેવા કરવી. તીર્થંકરની આજ્ઞાનું પાલન ન કરવાથી અનર્થ થાય. આ વિષયને સમજાવવા ગ્રામભોજી (=ગ્રામાધ્યક્ષ) અને રાજાનું દૃષ્ટાંત જણાવ્યું. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે-

## ગ્રામાધ્યક્ષ અને રાજાનું દૃષ્ટાંત

કોઈ રાજા યાત્રા કરવા માટે તત્પર થયો. તેણે આજ્ઞા કરી કે યાત્રા જતાં રસ્તામાં હું અમુક ગામમાં રોકાઈશ. માટે ત્યાં મારા માટે નિવાસ કરો. આથી સેવક તે ગામમાં ગયો અને ગ્રામાધ્યક્ષને રાજાજ્ઞાની વાત કહી. ગ્રામાધ્યક્ષે ગામના માણસોને કહ્યુંઃ એક નિવાસ રાજા માટે અને એક નિવાસ

મારા માટે તૈયાર કરો. ગામના માણસોએ વિચાર્યું. રાજા માત્ર એક દિવસ રહેશે. તેથી રાજા માટે સચિત્ર અને ઉજ્જ્વલ એવો સુંદર નિવાસ બનાવવાનો કોઇ અર્થ નથી. આમ વિચારીને તેમણે રાજાનો નિવાસ સામાન્ય બનાવ્યો. ગ્રામાધ્યક્ષનો નિવાસ ચારે બાજુ ચાર ઘર હોય તેવો સુંદર બનાવ્યો. રાજા આવ્યો. તેણે વંદનમાલાઓથી (=ઘરના દ્વાર ઉપર બાંધેલી પત્રમાળાઓથી) શોભતો ગ્રામાધ્યક્ષનો નિવાસ જોયો. રાજા તે નિવાસ તરફ ઝડપથી ચાલવા લાગ્યો. તેથી ગામના માણસોએ કહ્યું: હે ભગવંત ! આ નિવાસ આપનો નથી. રાજાએ પૂછ્યું: તો આ નિવાસ કોનો છે ? તેમણે કહ્યું: ગ્રામાધ્યક્ષનો છે. આથી ગુસ્સે થયેલા રાજાએ ગ્રામાધ્યક્ષ પાસેથી ગામ લઇ લીધું, અને ગામના માણસોને પણ દંડ્યા.

આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે. ગ્રામાધ્યક્ષના સ્થાને આચાર્ય છે. રાજાના સ્થાને તીર્થંકર છે. ગામના માણસોના સ્થાને સાધુઓ છે. જેવી રીતે રાજાજ્ઞાના લોપથી ગ્રામાધ્યક્ષને અને ગામના માણસોને દંડ થયો, તેમ તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી આચાર્ય અને સાધુ એ બંનેને સંસારપરિભ્રમણરૂપ દંડ થાય.

આનાથી વિપરીત દૃષ્ટાંત આ પ્રમાણે છે- ગામના માણસોએ વિચાર્યું: ગ્રામાધ્યક્ષનો લતાઓથી ઘેરાયેલો અતિશય સુંદર નિવાસ છે. રાજાનો નિવાસ પણ આવો જ થાઓ. રાજાના ગયા પછી એ નિવાસ ગ્રામાધ્યક્ષનું જ થશે. આમ વિચારીને તેમણે રાજા માટે સુંદર નિવાસ બનાવ્યો અને ગ્રામાધ્યક્ષ માટે ઘાસની ઝૂંપડી બનાવી. રાજા આવ્યો. નિવાસને જોઇને રાજાએ પૂછ્યું: એક દિવસમાં આવું ભવન તમે કેવી રીતે બનાવ્યું ? ગામના માણસોએ કહ્યું: આ ભવન અમે બનાવ્યું છે. ગ્રામાધ્યક્ષ માટે આ કાષ્ઠ વગેરે સામગ્રી લાવી હતી. તેનાથી આપનો નિવાસ બનાવ્યો. ગ્રામાધ્યક્ષ માટે પણ ઘાસની ઝૂંપડી બનાવી. તુષ્ટ થયેલા રાજાએ તે ગામ કર વિનાનું કર્યું. ગ્રામાધ્યક્ષની પૂજા કરી, તથા તેને બીજું ગામ પણ આપ્યું.

આ પ્રમાણે તીર્થંકરોની આજ્ઞા પાલનારે આચાર્યની આજ્ઞાનું પાલન કર્યું જ છે.

અહીં ૧૪૩મી ગાથામાં જો ગુર્વાજ્ઞાના ત્યાગમાં જિનાજ્ઞા ન રહેતી હોય તો શાસ્ત્રકારોએ ગ્રામાધ્યક્ષ-રાજાનું દૃષ્ટાંત કેમ કહ્યું ? એવો જે પ્રશ્ન ઉઠાવ્યો છે તે પ્રશ્નનો ભાવ એ છે કે ગ્રામાધ્યક્ષ-રાજાના બીજા દૃષ્ટાંતમાં ગ્રામાધ્યક્ષની આજ્ઞાનો ભંગ કરવા છતાં રાજાની આજ્ઞાનો ભંગ થયો નથી, તેમ પ્રસ્તુતમાં આચાર્યની આજ્ઞાનો ભંગ કરવાથી તીર્થંકરની આજ્ઞાનો ભંગ કેમ થાય ? આ પ્રશ્નનો અહીં જવાબ આપ્યો કે આચાર્યની આજ્ઞાનો ભંગ કરવાથી તીર્થંકરની આજ્ઞાનો ભંગ થાય એ કથન અયોગ્ય જીવને આશ્રયીને છે. યોગ્ય જીવ તીર્થંકરની આજ્ઞાનો ભંગ થાય તેવી આચાર્યની આજ્ઞાનો ભંગ કરે નહિ. પ્રસ્તુતમાં ગ્લાનની સેવા કરનારે આચાર્યની આજ્ઞાનું દ્રવ્યથી ભલે પાલન કર્યું નથી, પણ ભાવથી તો કર્યું જ છે.

આમ ગુર્વાજ્ઞાના ત્યાગમાં જિનાજ્ઞા ન રહે એ સિદ્ધ થયું. (૧૪૫)

**तित्थयरवयणकरणे, आयरिआणं पए कयं होइ ।**
**एत्तो च्चिय भणिअमिणं, इयरेअरभावसंवेहा ॥ १४६ ॥**

तीर्थकरवचनकरणे, आचार्याणां प्रागेव कृतं भवति ॥
इत एव भणितमिदमितरेतरभावसंवेधात् ॥ १४६ ॥

**તીર્થંકરવચનના પાલનમાં આચાર્યવચનનું પાલન.**
**આચાર્યવચનના પાલનમાં તીર્થંકરવચનનું પાલન.**

તીર્થંકરવચનના પાલનમાં આચાર્યવચનનું પહેલાં જ પાલન થઈ જાય છે. એથી પરસ્પરભાવના સંયોગથી આ કહ્યું છે.

**વિશેષાર્થઃ- પરસ્પર ભાવના સંયોગથી આ કહ્યું છે-** તીર્થંકર વચનના પાલનમાં આચાર્ય વચનનું પાલન થઈ જાય છે, અને આચાર્ય વચનના પાલનમાં તીર્થંકરવચનનું પાલન થઈ જાય છે. હા, એ બેમાંથી કોઈ એક વચનનું દ્રવ્યથી પાલન ન પણ હોય, પણ ભાવથી બંનેનું પાલન હોય છે. આમ એકના વચનના પાલનમાં બીજાના વચનનો ભાવથી સંયોગ અવશ્ય થઈ જાય છે. માટે અહીં કહ્યું કે પરસ્પર ભાવના સંયોગથી આ કહ્યું છે. તીર્થંકર અને આચાર્ય એ બેમાંથી એકના વચનનું પાલન

કરવાથી બીજાના વચનનું ભાવથી પાલન થઇ જાય છે. કોઇ એકના વચનનો ભાવથી ત્યાગ કરવાથી બીજાના વચનનો ભાવથી અવશ્ય ત્યાગ થઇ જાય છે.

જેમ કે-ઓઘનિર્યુક્તિમાં કહ્યા પ્રમાણે ગ્લાનસેવા કરનારે તીર્થંકર-વચનનું પાલન કરવામાં આચાર્યવચનનું દ્રવ્યથી પાલન નથી કર્યું, પણ ભાવથી કર્યું જ છે. એ રીતે કોઇ સાધુ બિમાર પડે ત્યારે ગુરુ તેને આધાકર્મિક આહાર સેવનની આજ્ઞા કરે છે. અહીં આધાકર્મિક આહાર સેવન કરનારે તીર્થંકરવચનનું દ્રવ્યથી પાલન કર્યું નથી, પણ ભાવથી કર્યું છે. (૧૪૬)

**जिणकप्पाइपवित्ती, गुरुआणाए विरोहिणी न जहा ।**
**तह कज्जंतरगमणे, विसेसकज्जस्स पडिबंधो ॥१४७॥**

जिनकल्पादिप्रवृत्तिर्गुर्वाज्ञाया विरोधिनी न यथा ।
तथा कार्यान्तरगमने, विशेषकार्यस्य प्रतिबन्धः ॥१४७॥

જેવી રીતે જિનકલ્પનો સ્વીકાર વગેરે પ્રવૃત્તિ ગુર્વાજ્ઞાની સાથે વિરોધવાળી નથી, તેવી રીતે અન્ય કાર્ય માટે જવામાં વિશેષ કાર્યનો પ્રતિબંધ નથી=નિષેધ નથી.

**વિશેષાર્થ:-** અહીં તાત્પર્યાર્થ એ છે કે આચાર્યના કાર્ય માટે જતો સાધુ ગ્લાનની સેવામાં રોકાઇ જાય તેમાં ગુર્વાજ્ઞાનો વિરોધ નથી. સ્થવિર-કલ્પનું પાલન સામાન્ય કાર્ય છે, અને જિનકલ્પનું પાલન વિશેષ કાર્ય છે. અહીં જેમ જિનકલ્પસ્વીકારરૂપ વિશેષ કાર્ય ગુર્વાજ્ઞા સાથે વિરોધવાળું નથી, તેવી રીતે આચાર્યની આજ્ઞાથી અન્ય કાર્ય માટે જતો સાધુ ગ્લાન સેવારૂપ વિશેષ કાર્ય કરે તો તેનો નિષેધ નથી=ગુર્વાજ્ઞાની સાથે તેનો વિરોધ આવતો નથી. (૧૪૭)

**भावस्स हु णिक्खेवे, जिणगुरुआणाण होइ तुल्लत्तं ।**
**सरिसं णासा भणियं, महाणिसीहंम्मि फुडमेयं ॥१४८॥**

भावस्य खलु निक्षेपे, जिनगुर्वाज्ञयोर्भवति तुल्यत्वम् ।
सदृशं न्यासाद् भणितं, महानिशीथे स्फुटमेतत् ॥१४८॥

ભાવનિક્ષેપામાં રહેલા ગુરુ અને તીર્થંકર એ બંનેની આજ્ઞા સમાન છે. મહાનિશીથ સૂત્રમાં નિક્ષેપાના ઉલ્લેખથી ગુરુ અને તીર્થંકર એ બંનેની આજ્ઞા સમાન છે એ વિષયને સ્પષ્ટ કહ્યો છે.

**વિશેષાર્થઃ- મહાનિશીથસૂત્ર (અ.૫)માં** પાંચ પ્રકારના આચારોને પાળનાર અને તેનો ઉપદેશ આપનાર ભાવાચાર્યને તીર્થંકર સમાન કહ્યા છે. તે આ પ્રમાણેઃ-"से भयवं तित्थयरसंतियं आणं नाइक्कमिज्जा उदाहु आयरियसंतियं ? गोयमा ! चउव्विहा आयरिआ पण्णत्ता, तं०-नामायरिया १ ठवणायरिया २ दव्वायरिया ३ भावायरिया य ४ । तत्थ णं जे ते भावायरिया ते तित्थयरसमा चेव दट्ठव्वा, तेसिं संतियं आणं नाइक्कमिज्ज"त्ति ।

**પ્રશ્નઃ-** હે ભગવંત ! તીર્થંકરની આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઇએ કે આચાર્યની આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઇએ ?

**ઉત્તરઃ-** હે ગૌતમ ! આચાર્ય ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે- નામાચાર્ય, સ્થાપનાચાર્ય, દ્રવ્યાચાર્ય અને ભાવાચાર્ય. તેમાં જે ભાવાચાર્ય છે તે તીર્થંકર સમાન જાણવા. તેમની આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઇએ." (૧૪૮)

**गुणपुण्णस्स वि वुत्तो, गोअमणाएण गुरुकुले वासो ।**
**विणयसुदंसणरागा, किमंग पुण वच्चमिअरस्स ॥१४९॥**

गुणपूर्णस्याप्युक्तो, गौतमज्ञातेन गुरुकुले वासः ।
विनयसुदर्शनरागात्किमङ्ग पुनर्वाच्यमितरस्य ॥१४९॥

ગૌતમસ્વામીના દૃષ્ટાંતથી વિનય અને પ્રશસ્તદર્શનના રાગથી (? લાભથી) ગુણથી પૂર્ણને પણ ગુરુકુલવાસમાં રહેવાનું કહ્યું છે, તો પછી બીજાને ગુરુકુલમાં વાસ કરવાનું કહે તેમાં તો શું કહેવું ?

**વિશેષાર્થઃ- ગૌતમસ્વામીના દૃષ્ટાંતથી-** પંચવસ્તુકમાં કહ્યું છે કે- ગુરુકુલવાસ મોક્ષપદનું કારણ હોવાથી તદ્‌ભવ મોક્ષગામી પણ

શ્રીગૌતમસ્વામી વગેરેએ તેનું સેવન કર્યું છે. આમ ગૌતમસ્વામીના દૃષ્ટાંતથી ગુરુકુલમાં વાસ કરવાનું કહ્યું છે.

**વિનય-પ્રશસ્તદર્શનના રાગથી-** પંચવસ્તુક ગ્રંથમાં કહ્યું છે કે ગુરુ પુણ્યપુંજ હોવાથી તેમનું દર્શન પણ પ્રશસ્ત છે. ગુરુની પાસે રહેવાથી પ્રતિદિન પ્રશસ્ત ગુરુદર્શન થાય, વંદનાદિ કરવાથી મહાપ્રભાવવાળા ગુરુનો વિનય થાય. આમ વિનય અને પ્રશસ્ત દર્શનના રાગથી (? લાભથી) ગુરુકુલમાં વાસ કરવાનું કહ્યું છે. વિનય અને પ્રશસ્ત દર્શનના ઉપલક્ષણથી વેયાવચ્ચ વગેરે પણ સમજવું. આ વિષે પંચવસ્તુક ગ્રંથ ગાથા ૬૯૦ થી ૬૯૫ ગાથાઓમાં સુંદર વર્ણન કર્યું છે.

આમ શાસ્ત્રમાં જો ગુણથી પૂર્ણને પણ ગુરુકુલમાં રહેવાનું કહ્યું છે તો પછી બીજાને=જે ગુણોથી અપૂર્ણ છે, તેને ગુરુકુલમાં રહેવાનું કહે તેમાં તો કહેવું જ શું ? (૧૪૯)

**ण य मोत्तव्वो एसो, कुलवधुणाएण समयभणिएणं ।**
**बज्झाभावे वि इहं, संवेगो देसणाईहिं ॥१५०॥**

न च मोक्तव्य एष कुलवधूज्ञातेन समयभणितेन ।
बाह्याभावेऽपीह संवेगो देशनादिभिः ॥१५०॥

શાસ્ત્રમાં કહેલા કુલવધૂના દૃષ્ટાંતથી ગુરુકુલવાસનો ત્યાગ ન કરવો. ગુરુકુલવાસમાં બાહ્ય (આરાધના)ના અભાવમાં પણ દેશના આદિથી સંવેગ થાય છે.

**વિશેષાર્થઃ- કુલવધૂ દૃષ્ટાંત-** જેમ કુલવધૂ શ્વસુરગૃહમાં પતિ આદિની ગમે તેવી પ્રતિકૂળતાં હોવા છતાં તેનો ત્યાગ કરતી નથી, તેમ શિષ્યે પણ ગુરુ આદિની ગુરુ ઠપકો આપે, તરછોડી નાખે, સાધુ અપમાન કરે વગેરે પ્રતિકૂળતા વેઠીને પણ ગુરુ પાસે જ રહેવું જોઇએ.

**બાહ્યના અભાવમાં પણ-** ગુરુકુલવાસમાં શારીરિક પ્રતિકૂળતા વગેરે કારણથી ક્રિયા વિશેષ ન થઇ શકે, વિશેષ તપ ન થઇ શકે, ગુરુની વેયાવચ્ચ

ન થઇ શકે ઇત્યાદિ બાહ્ય આરાધના વિશેષ ન થઇ શકે તો પણ ગુરુની દેશના (અને પ્રેરણા) વગેરેથી સંવેગની ઉત્પત્તિ-વૃદ્ધિ થાય છે.

સંવેગ એટલે મોક્ષાભિલાષ અથવા ભવનિર્વેદ. સંયમજીવનમાં સંવેગગુણ અત્યંત આવશ્યક છે. જે સાધુમાં સંવેગ નથી તે સાધુ બાહ્ય કઠોરતપ વગેરે ઘણી સાધના કરે તો પણ તેનાથી તેને યથાર્થ લાભ ન થાય. જેનામાં સંવેગ છે, એમાં પણ વૃદ્ધિ પામતો સંવેગ છે, તે સાધુ બાહ્ય કઠોર તપ વગેરે ન કરી શકે તો પણ સંવેગના બળથી ઘણી ઘણી કર્મનિર્જરા વગેરે બહુ લાભ મેળવી લે છે. માટે સંવેગની ઉત્પત્તિ-વૃદ્ધિ માટે ગુરુકુલવાસ અનિવાર્ય છે.

આ વિષે પંચાશક ૧૧ ગાથા ૧૭માં કહ્યું છે કે- ગુરુકુલવાસમાં ચારિત્ર બાહ્યથી પૂર્ણ ન હોય તો પણ ભાવથી પૂર્ણ છે. ગુરુકુલવાસમાં રહેનારને માંદગી આદિના કારણે પ્રતિલેખના આદિ બાહ્યક્રિયા પરિપૂર્ણ ન થવાથી ચારિત્ર બાહ્યથી અપૂર્ણ હોવા છતાં સુગુરુની દેશનાથી થયેલ સંવેગના કારણે ભાવથી પૂર્ણ હોય છે. (૧૫૦)

**खंताइगुणुक्करिसो, सुविहियसंगेण बंभगुत्ती य ।**
**गुरुवेयावच्चेण य, होइ महाणिज्जरालाहो ॥१५१॥**

क्षान्त्यादिगुणोत्कर्षः, सुविहितसङ्गेन ब्रह्मगुप्तिश्च ॥
गुरुवैयावृत्त्येन च, भवति महानिर्जरालाभः ॥१५१॥

**ક્ષમાદિગુણોની વૃદ્ધિ ગુરુકુલવાસમાં થાય.**

ગુરુકુલવાસમાં ક્ષમા આદિ ગુણોની વૃદ્ધિ થાય. સુવિહિત સાધુઓના સંગથી બ્રહ્મચર્યનું રક્ષણ થાય. ગુરુ વેયાવચ્ચથી મહાન નિર્જરા લાભ થાય.

**વિશેષાર્થઃ- ક્ષમા આદિ ગુણોની વૃદ્ધિ થાય-** ગુરુકુલમાં સુંદર સાધના થતી હોય છે. ક્ષમા આદિ ગુણોને ધારણ કરનાર મહાત્માઓનું આલંબન મળે છે. તથા દરરોજ વાચના થતી હોય છે. સાધનાનું બળ, ગુણી મહાત્માઓનું આલંબન અને વાચના વગેરેથી ગુરુકુલવાસમાં ક્ષમા વગેરે ગુણોની વૃદ્ધિ થાય.

**પ્રશ્નઃ-** પ્રસ્તુતમાં સાધુધર્મનું વર્ણન હોવાથી ક્ષમાદિની પ્રધાનતા બતાવવી જોઇએ. કારણ કે સાધુધર્મ ક્ષમાદિ સ્વરૂપ છે. ગુરુકુલ તો માત્ર આશ્રય છે. સાધ્ય તો ક્ષમાદિ ધર્મ છે. આથી અહીં માત્ર આશ્રયરૂપ ગુરુકુલની પ્રધાનતા બતાવવાનો કોઇ અર્થ નથી

**ઉત્તરઃ-** ગુરુકુલમાં જ વિનયથી રહેલા સાધુઓના સાધુધર્મ સ્વરૂપ ક્ષમાદિ ગુણો સિદ્ધ થાય છે=વૃદ્ધિ પામે છે. અર્થાત્ ગુરુકુલવાસ વિના ક્ષમાદિ ગુણોની સિદ્ધિ ન થતી હોવાથી ક્ષમાદિગુણોથી પણ ગુરુકુલવાસનું મહત્ત્વ વધારે છે.

**બ્રહ્મચર્યનું રક્ષણઃ-** આ વિષે પંચાશક-૧૧ ગાથા ૨૧ની ટીકામાં કહ્યું છે કે- ગુરુકુલના ત્યાગથી બ્રહ્મચર્યની ગુપ્તિ ન રહે. કારણ કે સાધુઓની સહાયતા એ બ્રહ્મચર્યની ગુપ્તિ છે. ગુરુકુલના ત્યાગથી બ્રહ્મચર્યની ગુપ્તિ (=સાધુની સહાયતા) ન રહેવાથી બ્રહ્મચર્ય ન રહે. એ રીતે બીજા પણ તપ, સંયમ વગેરે ધર્મો ગુપ્તિ (=સાધુની સહાયતા) ન રહેવાથી ન રહે. સાધુઓની અસહાયતા સામાન્યથી બધા વ્રતોના ભંગનું કારણ છે.

**ગુરુ વેયાવચ્ચથી મહાન નિર્જરા લાભઃ-** ગુરુને અનુકૂળ આહારાદિ લાવી આપવું, માંદગીમાં સેવા કરવી વગેરે રીતે ગુરુની વેયાવચ્ચ કરવા દ્વારા વાચના આપવી, ધર્મોપદેશ આપવો, ગચ્છનું પાલન કરવું વગેરે ગુરુના સદ્ અનુષ્ઠાનોમાં સહાય કરવાથી કર્મનિર્જરારૂપ મહાન લાભ થાય છે.

**પ્રશ્નઃ-** ગુરુની વેયાવચ્ચમાત્રથી આટલો બધો લાભ શી રીતે ?

**ઉત્તરઃ-** કોઇ વણિક પુત્ર લક્ષાધિપતિના માત્ર વીસમા ભાગના ધનથી વેપાર કરે તો પણ તેને ઘણો નફો થાય. કારણ કે લક્ષાધિપતિના માત્ર વીસમા ભાગનું પણ ધન ઘણું (પાંચ હજાર) થાય. તેવી રીતે ગુરુ ગુણોથી મહાન હોવાથી તેમની વેયાવચ્ચ માત્રથી પણ ઘણો લાભ થાય. (૧૫૧)

**मूढो इमस्स चाए, एएहिं गुणेहि वंचिओ होइ ।**
**एगागिविहारेण य, णस्सइ भणिअं च ओहंमि ॥१५२॥**

मूढोऽस्य त्यागे एतैर्गुणैर्वञ्चितो भवति ।
एकाकिविहारेण च, नश्यति भणितं चौघे (ओघनिर्युक्तौ) ॥१५२॥

મૂઢ જીવ ગુરુકુલવાસનો ત્યાગ કરીને આ ગુણોથી વંચિત રહે છે. તથા એકાકી વિહાર કરવાથી ગુણો નાશ પામે છે. આ વિષે ઓઘનિર્યુક્તિમાં (નીચે પ્રમાણે) કહ્યું છે.

**વિશેષાર્થઃ-** ગુરુકુલનો ત્યાગ કરવામાં ગુરુના સંસર્ગથી સાધી શકાય તેવા વેયાવચ્ચ, તપ, જ્ઞાન, ચારિત્રશુદ્ધિ વગેરે ગુણોનો નાશ થાય. તથા ગુરુની ઉપાસના ન કરવાથી સંવિગ્નોની સામાચારીમાં પ્રવીણતા ન આવે. આથી સૂત્રાર્થ ગ્રહણ, પડિલેહણ વગેરેથી આરંભી બીજાને દીક્ષા આપવા સુધીના વિવિધ અનુષ્ઠાનોમાં અવિધિથી પ્રવૃત્તિ થાય. જ્ઞાન-ક્રિયામાં કુશલ બન્યા પછી જ બીજાને દીક્ષા આપવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આથી ગુરુકુલમાં નહિ રહેનાર બીજાને દીક્ષા આપવાનો અધિકારી નથી. (૧૫૨)

**जह सागरंमि मीणा, संखोहं सागरस्स असहंता ।**
**निंति तओ सुहकामी, निग्गयमित्ता विणस्संति ॥१५३॥**
**एवं गच्छसमुद्दे, सारणमाईहिं चोइआ संता ।**
**निंति तओ सुहकामी, मीणा व जहा विणस्संति ॥१५४॥**

यथा सागरे मीनाः संक्षोभं सागरस्यासहमानाः ।
निर्गच्छन्ति ततः सुखकामिनो निर्गतमात्रा विनश्यन्ति ॥१५३॥
एवं गच्छसमुद्रे, सारणादिभिश्चोदितास्सन्तः ॥
निर्गच्छन्ति ततः सुखकामिनो मीना इव यथा विनश्यन्ति ॥१५४॥

यथा 'सागरे' समुद्रे 'मीनाः' मत्स्याः संक्षोभं सागरस्य असहमाना निर्गच्छन्ति ततः समुद्रात् 'सुखकामिनः' सुखाभिलाषिणो, निर्गतमात्राश्च विनश्यन्ति॥

एवं गच्छसमुद्रे सारणा एव वीचयस्ताभिस्त्याजिताः सन्तो निर्गच्छन्ति ततो गच्छसमुद्रात्सुखाभिलाषिणो मीना इव मीना यथा तथा विनश्यन्ति (ઓ. નિ. ગા. ૧૧૭-૧૧૮)

જેમ સાગરમાં સાગરના ક્ષોભને સહન નહિ કરનારા સુખાભિલાષી મત્સ્યો સમુદ્રમાંથી બહાર નીકળી જાય છે, અને નીકળતાં જ મરી જાય છે. (૧૧૭) તે રીતે ગચ્છરૂપ સમુદ્રમાં સારણાદિરૂપ તરંગોથી પ્રેરાયેલા સુખાભિલાષી મત્સ્યો જેવા સાધુઓ ગચ્છરૂપ સમુદ્રમાંથી નીકળી જાય છે, અને વિનાશ પામે છે. સંયમથી ભ્રષ્ટ થાય છે. (૧૧૮) (૧૫૩-૧૫૪)

**भणिआ आयारंमि वि, दिट्ठा दोसेण णावरियन्ति ।**
**'तद्दिट्ठीए' इच्चाइ-वयणओ गुरुकुलं गुरुअं ॥१५५॥**

भणिता आचाराङ्गेऽपि दुष्टा दोषेण नाऽऽव्रियन्ते ।
तद्दृष्ट्या' इत्यादिवचनतो गुरुकुलं गुरुकम् ॥१५५॥

### ગુરુની દૃષ્ટિ સમક્ષ રહેવાથી દોષોથી બચાય

આચારાંગ સૂત્રમાં ગુરુથી જોવાયેલા સાધુઓ દોષથી આવરાતા નથી =લેપાતા નથી એમ કહ્યું છે. તથા तद्दिट्ठीए ઇત્યાદિ વચનથી ગુરુકુલ મહાન છે.

**વિશેષાર્થઃ-** तद्दिट्ठीए ઇત્યાદિ વચન આ પ્રમાણે છે- "तद्दिट्ठीए तम्मोत्तीए तप्पुरक्कारे तस्सण्णी तन्निवेसणे जयंविहारी चित्तणिवाई पंथणिज्झाई पलिबाहिरे पासीय पाणे गच्छेज्जा"=(આચા. શ્રુતસ્કંધ-૧ અ. ૫ ઉ-૪ સૂત્ર ૧૫૮)

**વ્યાખ્યા-** तद्दिट्ठीए=તેઓની (ગુરુની) દૃષ્ટિએ વર્તન કરવું, તાત્પર્ય કે હેય-ઉપાદેય ભાવોમાં ગુરુની આંખે જોવું, તેઓના મન્તવ્યને અનુસરવું-તેઓની ઇચ્છા પ્રમાણે વર્તવું, "तम्मोत्तीए"=તેઓએ જણાવેલી બાહ્ય-અભ્યન્તર સર્વસંયોગોથી જે વિરતિ એટલે મુક્તિ(અનાશંસ ભાવ), તેના બળે સદા જીવવું. તાત્પર્ય કે બાહ્ય-અભ્યન્તર સર્વસંયોગોમાંથી આસક્તિ દૂર કરવા સદા પ્રયત્ન કરવો, "तप्पुरक्कारे"=તે ગુરુનો પુરસ્કાર કરવો, એટલે કે સઘળાં કાર્યોમાં ગુરુને આગળ રાખવા, તે તે વિષયમાં તેઓની કૃપા માનવી. તાત્પર્ય કે 'ગુરુકૃપાથી જ (તેઓના આશીર્વાદથી જ) તે તે કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકું છું' એવી દૃઢશ્રદ્ધા રાખવી, તથા "तस्सण्णी"=તેઓની સંજ્ઞા-(જ્ઞાન)વાળા બનવું, અર્થાત્ સઘળાં કાર્યોમાં ગુરુના જ્ઞાનનો (હિતશિક્ષાનો) ઉપયોગ કરવો, પોતાની બુદ્ધિ-કલ્પનાથી કોઇ કાર્ય નહિ કરવું. "तण्णिवेसणे"

= તે ગુરુના સ્થાનને જ પોતાનું સ્થાન બનાવવું, અર્થાત્ સદાય ગુરુકુળવાસમાં (ગુરુની સમીપમાં) જ રહેવું. હવે તે ગુરુકુલવાસથી સાધુ કેવો બને ? તે કહે છે કે-"जयंविहारी"=સર્વ વ્યાપારોમાં જયણાપૂર્વક પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળો, તથા "चित्तणिवाई"=ગુરુના ચિત્ત (અભિપ્રાય-આશય)ને અનુસરીને દરેક ક્રિયામાં પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળો, અર્થાત્ ગુરુ આજ્ઞા કે ઉપદેશ ન કરે તો પણ ગુરુના હૃદયને સમજીને તે પ્રમાણે વર્તનારો. "पंथणिज्झाई"=ગુરુ કોઇ સ્થળે બહાર ગયા હોય ત્યારે તેઓના આવવાના માર્ગને-રસ્તાને વારંવાર જોતો રહે તેવો, 'ક્યારે ગુરુ પધારે' એમ ધ્યાન કરનારો, ગુરુના વિરહને સહન કરવામાં અશક્ત, ઉપલક્ષણથી-ગુરુને શયન કરવાની ઇચ્છા થાય ત્યારે સંથારો પાથરવો, વિગેરે તેઓની સર્વ સેવા કરવાના સ્વભાવવાળો, અગર ગુરુ નિદ્રા લે ત્યારે વારંવાર તેમની સંભાળ કરનારો, ક્ષુધિત હોય ત્યારે શુદ્ધઆહાર મેળવી આપનારો, ઇત્યાદિ ગુરુભક્તિ કરવાના સ્વભાવથી ગુરુનો આરાધક. વળી "पलिबाहिरे"=અહીં 'પરિ' એટલે ચારે દિશામાં ગુરુના અવગ્રહથી (=બેસવું, શયન કરવું. વિગેરે ગુરુને વાપરવાની સાડા ત્રણ હાથ પ્રમાણ જગ્યાથી) પ્રયોજન ન હોય ત્યારે 'બાહિરે'= બહાર રહે, તાત્પર્ય કે વિના પ્રયોજને અવગ્રહમાં ન જાય, ગુરુથી સાડા ત્રણ હાથ દૂર બેસે-ઊભો રહે-એ રીતે ગુરુનો વિનય કરનારો તથા "पासिय पाणे गच्छेज्जा"=ગુરુ કોઇ કાર્ય પ્રસંગે કોઇ સ્થળે મોકલે ત્યારે હિંસા ન થાય તેમ ભૂમિને-જીવોને જોઇને (ઇર્યાસમિતિના પાલનપૂર્વક) ચાલનારો. (ધર્મસંગ્રહ ભાગ બીજામાંથી સાભાર ઉદ્ધૃત.) (૧૫૫)

**जं पुण 'नया लभिज्जा', इच्चाईसुत्तमेगचारित्ते ।**
**तं पुण विसेसविसयं, सुनिउणबुद्धीहि दट्ठव्वं ॥१५६॥**

**पावं विवज्जयंतो, कामेसु तहा असज्जमाणो अ ।**
**तत्थुत्तो एसो पुण, गीयत्थो चेव संभवइ ॥१५७॥**

**'णागीओ' 'अन्नाणी, किं काहि' च्चाइवयणओ णेओ ।**
**अवियत्तस्स विहारो, अवि य णिसिद्धो फुडं समए ॥१५८॥**

यत्पुनः 'न च लभते' इत्यादिसूत्रमेकचारित्वे ॥
तत्पुनर्विशेषविषयं, सुनिपुणबुद्धिभिर्द्रष्टव्यम् ॥१५६॥
पापं विवर्जयन् कामेषु तथाऽसज्यमानश्च ॥
तत्रोक्त एष पुनः गीतार्थ एव सम्भवति ॥१५७॥
'नागीतो' 'अज्ञानी किं करिष्यति ?' इत्यादिवचनतो ज्ञेयः।
अव्यक्तस्य विहारोऽपि च निषिद्धः स्फुटं समये ॥१५८॥

## કેવા સાધુને ક્યારે એકલા રહેવાની અનુજ્ઞા છે ?

વળી એકાકી વિહાર સંબંધી नया लभेज्जा ઇત્યાદિ જે સૂત્ર છે તે સૂત્ર સુનિપુણ બુદ્ધિમાનોએ વિશેષ વિષયવાળું જાણવું. (૧૫૬)

કારણ કે તે સૂત્રમાં પાપનો ત્યાગ કરતો અને વિષયોમાં આસક્ત નહિ બનતો એવો સાધુ કહ્યો છે. આવો સાધુ ગીતાર્થ જ સંભવે. (૧૫૭)

नागीतो ઇત્યાદિ વચનથી તથા अन्नाणी किं काही ઇત્યાદિ વચનથી અગીતાર્થ આવો ન હોય. વળી શાસ્ત્રમાં અગીતાર્થના વિહારનો સ્પષ્ટ નિષેધ કર્યો છે.

**વિશેષાર્થઃ-** દશવૈકાલિક (બીજી ચૂલિકા ગા.૧૦)માં કહ્યું છે કે-

न या लभेज्जा निउणं सहायं, गुणाहिअं वा गुणओ समं वा ।
एक्को वि पावाइ विवज्जयंतो, विहरिज्ज कामेसु असज्जमाणो ॥

"કાલદોષથી જો પોતાનાથી અધિક ગુણવાળો, સમાન ગુણવાળો (કે હીન ગુણવાળો પણ) સંયમના અનુષ્ઠાનોમાં કુશલ એવો સહાયક ન મળે તો સૂત્રોક્ત વિવિધ પ્રકારોથી પાપોનો (પાપનાં કારણ અસદ્ અનુષ્ઠાનોનો) ત્યાગ કરતો અને ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત ન બનતો એકલો પણ વિચરે. (પણ પાસત્થાદિનો સંગ ન કરે.)"

**પ્રશ્નઃ-** જો ગુરુકુલમાં જ રહેવાનું હોય તો દશવૈકાલિકમાં આ પ્રમાણે એકલા વિચરવાનું કેમ કહ્યું ?

**ઉત્તરઃ-** દશવૈકાલિકમાં એકલા વિચરવાનું વિધાન વિશિષ્ટ સાધુને આશ્રયીને છે, નહિ કે બધા સાધુઓને આશ્રયીને. કારણ કે તે ગાથામાં એકલા

વિચરનારનું "પાપનો ત્યાગ કરતો" એવું વિશેષણ છે. અગીતાર્થ પાપનો ત્યાગ કરી શકે નહિ. કારણ કે (દશવૈકાલિક અ. ૪ ગા. ૧૦માં) કહ્યું છે કે-

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही, किंवा नाहीइ छेयपावगं ॥ १० ॥

પહેલાં જીવોનું સ્વરૂપ, જીવોના સંરક્ષણનો ઉપાય, જીવોના સંરક્ષણનું ફલ વગેરે સંબંધી જ્ઞાન અને પછી દયા, એમ દીક્ષિત બધા જ્ઞાનપૂર્વક ક્રિયા કરનારા હોય છે. જીવોનું સ્વરૂપ આદિથી અજ્ઞાન જીવ શું કરશે ? અને હિત-અહિતને કેવી રીતે જાણશે ?

"અગીતાર્થ પાપનો ત્યાગ કરી શકે નહિ" એ વિષય આ વચનથી સિદ્ધ થાય છે. વળી શાસ્ત્રમાં અગીતાર્થના વિહારનો પણ સ્પષ્ટ નિષેધ છે. આથી પૂર્વોક્ત એકાકી વિહાર સંબંધી સૂત્ર વિશિષ્ટ સાધુની અપેક્ષાએ છે, કોઈ પણ સાધુની અપેક્ષાએ નહિ. (૧૫૮)

**गीयत्थो अ विहारो, बीओ गीयत्थनीसिओ भणिओ ।**
**एत्तो तइअविहारो, नाणुन्नाओ जिणवरेहिं ॥१५९॥**

गीतार्थश्च विहारो द्वितीयो गीतार्थनिश्रितो भणितः ॥
इतस्तृतीयो विहारो, नानुज्ञातो जिनवरैः ॥१५९॥

गीतः-परिज्ञातोऽर्थो यैस्ते गीतार्थाः-जिनकल्पिकादयः, तेषां स्वातन्त्र्येण यद् विहरणं स गीतार्थो नाम प्रथमो विहारः । तथा गीतार्थस्य-आचार्योपाध्यायलक्षणस्य निश्रिताः-परतन्त्रा यद् गच्छवासिनो विहरन्ति स गीतार्थनिश्रितो नाम द्वितीयो विहारो भणितः । इत ऊर्द्धमगीतार्थस्य स्वच्छन्दविहारितारूपस्तृतीयो विहारो नानुज्ञातः 'जिनवरैः' भगवद्भिस्तीर्थकरैरिति ॥ बृहत्कल्प ॥ ६८८ ॥

જિનેશ્વરોએ એક ગીતાર્થ વિહાર અને બીજો ગીતાર્થ નિશ્રિત વિહાર એમ બે વિહારો કહ્યા છે. આ બેથી ત્રીજા વિહારની અનુજ્ઞા આપી નથી.

**વિશેષાર્થઃ- પ્રશ્નઃ-** ગીતાર્થનો વિહાર એમ કહેવાને બદલે ગીતાર્થ-વિહાર એમ કેમ કહ્યું ?

**ઉત્તર:-** ગીતાર્થ અને વિહારમાં અભેદના ઉપચારથી (=ગીતાર્થ અને વિહાર અભિન્ન છે એવી વિવક્ષાથી) વિહારને જ ગીતાર્થ કહ્યો છે.

ગીતાર્થ નિશ્રિત એટલે ગીતાર્થની નિશ્રાવાળો.

ત્રીજો વિહાર એટલે એક કે અનેક અગીતાર્થોનો સ્વતંત્ર વિહાર.

જિનકલ્પિક વગેરેનો વિહાર ગીતાર્થ વિહાર છે. આચાર્યની કે ઉપાધ્યાય (વગેરે)ની નિશ્રામાં રહેલા ગચ્છવાસી સાધુઓનો વિહાર ગીતાર્થ નિશ્રિત વિહાર છે. અગીતાર્થોનો સ્વચ્છંદપણે વિહાર ત્રીજો વિહાર છે. (૧૫૯)

इतश्चागमवचनादिदं विशेषविषयं मन्तव्यमित्यत आह-

**एगागियस्स दोसा, इत्थी साणे तहेव पडिणीए ।**
**भिक्खविसोहि महव्वय, तम्हा सबिइज्जए गमणं ॥१६०॥**

एकाकिनो दोषाः स्त्री श्वा तथैव प्रत्यनीकः ।
भिक्षाविशोधिर्महाव्रतानि, तस्मात् सद्वितीयेन गमनम् ॥१६०॥

'एगागियस्से'ति एकाकिनः-असहायस्य विहरतः सतः दोषा-दूषणानि भवन्ति, तद्यथा-'इत्थीसाणे'त्ति स्त्रीशुनि, अयं च समाहारद्वन्द्वः, ततश्च स्त्रीविषये श्वविषये च, तत्र स्त्रीविषये "विहवा पउत्थवइया, पयारमलहंति दट्ठुमेगागिं । दारपिहणे य गहणं, इच्छमणिच्छे य दोसा उ ॥१॥" तथा श्वा-कौलेयकः, तद्दोषश्च तेनैकस्य परिभवः, तथैवेति समुच्चयार्थः, प्रत्यनीके-साधुप्रद्विष्टविषये, स ह्येकाकिनमभिभवेत्, 'भिक्ख-विसोहिमहव्वय'त्ति इह सप्तमीबहुवचनदर्शनात् भिक्षाविशुद्धौ विषये दोषा महाव्रतेषु च, तत्र युगपद्गृहत्रयस्य भिक्षाग्रहणे एकस्योपयोगकरणेऽन्यगृहद्वये तत्करणेऽशक्तत्वात्तदशुद्धिः, तत एव च प्राणातिपात-विरमणविराधना, निमित्तप्रश्ने च निःशंकतया तद्भणने मृषावादः, विप्रकीर्ण-द्रव्यदर्शने जिघृक्षादिभावाददत्तादानं, स्त्रीमुखनिरीक्षणादौ मैथुनं, तत्र स्नेहात्परिग्रह इति, यस्मादेतेऽसहायस्य दोषास्तस्मात् 'सबिइज्जए'त्ति सद्वितीयस्य सप्तमीषष्ठ्योरभेदात् गमनं-भिक्षार्थमटनं, यदि च भिक्षाटनमपि ससहायस्यैव युक्तं तदा सुतरां विहारः ससहास्यैव युज्यते, ससहायो हि सर्वानेतान् प्रायः परिहर्तुं प्रभुर्भवतीति ॥ पञ्चाशक-११ ॥ ३१ ॥

**આ (=નીચેની ગાથામાં કહેવાશે તે) આગમવચનથી नया लभेज्जा એ વચન વિશેષવિષયવાળું જાણવું. આથી ગ્રંથકાર કહે છે-**

એકલા ભિક્ષા જનારને સ્ત્રી, શ્વાન, પ્રત્યનીક, ભિક્ષાવિશુદ્ધિ અને મહાવ્રત સંબંધી દોષો લાગે છે. માટે બીજાની સાથે ભિક્ષાએ જવું જોઇએ.

**વિશેષાર્થ:-** (૧) સ્ત્રી સંબંધી દોષો (ઓઘનિર્યુક્તિ ભાષ્ય ગાથા ૨૨૨માં) આ પ્રમાણે છે-

विहवा-पउत्थवइया, पयारमलहंति दट्ठुमेगागिं ।
दारपिहणे य गहणं, इच्छमणिच्छे य दोसा उ ॥२२२॥

વિધવા, જેનો પતિ પરદેશ ગયો છે તેવી સ્ત્રી, જે સ્ત્રીને બહાર જવા ન દે-ઘર આદિમાં જ રાખે તેવી સ્ત્રી, આ ત્રણ પ્રકારની સ્ત્રીઓમાંથી કોઇ સ્ત્રી સાધુને ઘરમાં એકલો આવેલો જોઇને બારણું બંધ કરી દે અને વિષયસેવનની માંગણી કરે. આ વખતે જો સાધુ વિષયસેવન કરે તો સંયમનો નાશ થાય અને ન કરે તો તે સ્ત્રી લોકોને (પોતાનો દોષ જાહેર ન થાય એ માટે) આ સાધુ મારી ઇજ્જત લે છે વગેરે ખોટું કહે. આથી શાસનની હીલના થાય.

(૨) એકલાનો શ્વાનથી પરાભવ થાય. (૩) સાધુ ઉપર દ્વેષભાવવાળો કોઇ શત્રુ એકલા સાધુનો પરાભવ કરે. (૪) એકીસાથે ત્રણ ઘરોમાંથી ભિક્ષા વહોરાવવા આવે ત્યારે એકલો બધી તરફ ઉપયોગ ન રાખી શકવાથી ભિક્ષા અશુદ્ધ બને. (૫) અશુદ્ધ ભિક્ષા લેવાથી પહેલા વ્રતનો ભંગ થાય. એકલો હોવાથી કોઇ નિમિત્ત વગેરે સંબંધી પ્રશ્ન પૂછે તો નિઃશંકપણે (આમ જ થશે એમ જકાર પૂર્વક) કહે તેથી મૃષાવાદ દોષ લાગે. ઘરમાં છૂટું પડેલું ધન જોઇને લેવાની ઇચ્છા થવાથી અદત્તાદાન દોષ લાગે. સ્ત્રીમુખનું નિરીક્ષણ આદિથી મૈથુન દોષ લાગે. સ્ત્રીમુખનું નિરીક્ષણ વગેરે કર્યા પછી તેમાં રાગ થવાથી પરિગ્રહ દોષ લાગે.

એકલા ભિક્ષા જનારને આ રીતે દોષો લાગતા હોવાથી બીજાની સાથે ભિક્ષા જવું જોઇએ. જો ભિક્ષા પણ બીજાની સાથે જવું જોઇએ તો વિહાર તો સુતરાં બીજાની સાથે જ કરવો જોઇએ. બીજાની સાથે વિહાર આદિ કરવાથી આ દોષોનો ત્યાગ કરવામાં પ્રાયઃ સમર્થ બને છે. (૧૬૦)

**जाओ अ अजाओ य, दुविहो कप्पो य होइ विन्नेओ ।**
**इक्किक्को पुण दुविहो, समत्तकप्पो य असमत्तो ॥१६१॥**

**गीयत्थजायकप्पो, अगीओ पुण भवे अजाओ अ ।**
**पणगं समत्तकप्पो, तदूणगो होइ असमत्तो ॥१६२॥**
**उउबद्धे वासासु उ, सत्त समत्तो तदूणगो इयरो ।**
**असमत्ताजायाणं, ओहेण न होइ आभव्वं ॥१६३॥**

जातश्चाऽजातश्च द्विविधः कल्पश्च भवति विज्ञेयः ।
एकैकः पुनर्द्विविधः समाप्तकल्पश्चाऽसमाप्तः ॥१६१॥
गीतार्थो जातकल्पोऽगीतः पुनर्भवेदजातश्च ।
पञ्चकं समाप्तकल्पस्तदूनको भवत्यसमाप्तः ॥१६२॥
ऋतुबद्धे, वर्षासु च सप्त समाप्तस्तदूनक इतरः ।
असमाप्ताजातानामोघेन न भवत्याभाव्यम् ॥१६३॥

'जाओ'इत्यादि, 'गीयत्थो' इत्यादि, 'उउ' इत्यादि, तत्र जाता-निष्पन्नाः श्रुतसंपदुपेततया लब्धात्मलाभाः साधवस्तदव्यतिरेकात्कल्पोऽपि जात उच्यते, एतद्विपरीतः-पुनरजातः, चशब्दौ समुच्चयार्थौ, द्विविध एव-द्विधैव कल्पः-समाचारः तुशब्दोऽवधारणार्थो नियोजित एव भवति-स्यात् ज्ञातव्यो-बोद्धव्यः, एकैकः-प्रत्येकं अपिचेति पुनरर्थः द्विविधो-द्विधा, समाप्तकल्पः-परिपूर्णसमाचारः चशब्दः समुच्चयार्थो नियोक्ष्यते च असमाप्तश्च-अपरिपूर्णश्च, कल्प इति प्रक्रमगम्य इति ॥ २७॥ जातादीनामेव लक्षणमुच्यते-गीतार्थसाधुसंबन्धित्वाद् गीतार्थो यो विहारः स जातकल्पोऽभिधीयते, अगीतः खलु-अगीतार्थसाधुसंबन्धी पुनः भवेत्-स्यात् अजातस्तु-अजातकल्प एव, तथा 'पणगं'ति साधुपञ्चकं तदव्यतिरेकात् कल्पोऽपि समाप्तकल्पो नाम विहारो भवति 'ऋतुबद्ध' इत्यस्येह संबन्धात् अवर्षासु, तथा तदूनकः-पञ्चकन्यूनो द्वित्रिचतुराणां साधूनामित्यर्थः भवति-स्यात् असमाप्तः-असमाप्तकल्प ऋतुबद्ध एवेति ॥ २८॥ 'उउबद्धे' इति योजितमेव, वर्षासु तु-वर्षाकाले पुनः सप्त साधवः, सप्तानामित्यर्थः, समाप्तः-समाप्तकल्पो भवति, तदूनकः-तेभ्यो न्यूनतराणामित्यर्थः, इतरः-असमाप्तकल्पो वर्षास्वेव, यच्च वर्षासु सप्तानां विहारवर्णनं तत्किल वर्षासु तेषां ग्लानत्वादिसंभवे सहायस्यान्यत आगमना-संभवादल्पसहायता मा भूदितिहेतोरिति विहारप्ररूपणा, ततश्चासमाप्ताजातानां-

असमाप्तकल्पाजातकल्पवतां साधूनां ओघेन-उत्सर्गेण न भवति-नास्ति आभाव्यं-क्षेत्रतद्गतशिष्यभक्तपानवस्त्रपात्रादिकमागमप्रसिद्धं, तत्रेयमाभाव्यव्यवस्था-"मासो वा चउरो वा खेत्तं साहम्मियाण आभवति । सोऽवि य पुव्वपविट्ठो तत्त (जात) समत्तो असोया य ॥१॥ जं इंदखेडखेत्तं राया वा जत्थ सिट्ठिणो जुत्तं । तं मोत्तुमन्नखेत्तं पंचक्कोसं जतीणेयं ॥२॥" इत्यादि ॥२९॥ (पञ्चाशक गाथा २७-२८-२९)

**"न या लभेज्जा" એ સૂત્ર વિશેષ વિષયવાળું છે તેનું સમર્થન કરે છે-**

કલ્પના જાત અને અજાત એમ બે પ્રકાર છે. એ બે પ્રકારના સમાપ્ત અને અસમાપ્ત એમ બે પ્રકાર છે. (૧૬૧)

ગીતાર્થનો કે ગીતાર્થની નિશ્રાવાળા સાધુઓનો વિહાર જાતકલ્પ છે. અગીતાર્થનો કે ગીતાર્થ નિશ્રા વિનાના સાધુઓનો વિહાર અજાતકલ્પ છે. ચોમાસા સિવાય શેષકાળમાં પાંચ સાધુઓનો વિહાર સમાપ્તકલ્પ છે, તેનાથી ઓછા (ચાર વગેરે) સાધુઓનો વિહાર અસમાપ્તકલ્પ છે. (૧૬૨)

ચોમાસામાં સાત સાધુઓ રહે તે સમાપ્તકલ્પ અને તેનાથી ઓછા (છ વગેરે) રહે તે અસમાપ્તકલ્પ છે. ચાતુર્માસમાં માંદગી આદિ થાય તો બીજા સ્થળેથી સાધુ આવી શકે નહિ, એથી જોઈએ તેટલી સહાયતા મળી શકે નહિ. માટે ચોમાસામાં જઘન્યથી સાત સાધુઓને રહેવાનું વિધાન છે.

જે સાધુઓ અસમાપ્તકલ્પવાળા અને અજાતકલ્પવાળા છે, અર્થાત્ અપૂર્ણ સંખ્યાવાળા અને અગીતાર્થ છે તેમનું ઉત્સર્ગથી (=સામાન્યથી) કંઈપણ આભાવ્ય (=માલિકીનું) થતું નથી. અર્થાત્ તેવા સાધુઓ જે ક્ષેત્રમાં વિચરતા હોય તે ક્ષેત્ર અને તે ક્ષેત્રમાંથી પ્રાપ્ત થયેલ શિષ્ય, આહાર-પાણી, વસ્ત્ર-પાત્ર વગેરે કંઈપણ તેમની માલિકીનું થતું નથી=તેના ઉપર તેમનો હક્ક થતો નથી. આભાવ્યની (=માલિકીની) વ્યવસ્થા આ પ્રમાણે છે-

*मासो वा चउरो वा, खेत्तं साहम्मियाण आभवति ।
सोवि य पुव्वपविट्ठो, जातसमत्तो असोया य ॥
जं इंदखेडखेत्तं, राया वा जत्थ सिट्ठिणो जुत्तं ।
तं मोत्तुमन्नखेत्तं, पंचक्कोसं जतीणेयं ॥

પ્રેસની યાદીઃ- યાતિ-૧. પી. એમ. ફાઈવમાં જવું.

(*બૃ૦ક૦ ૪૮૪૦ વગેરેમાં તથા વ્ય૦ ચોથા ઉદ્દેશામાં ૧૦ મા સૂત્રની ભાષ્યગાથાઓમાં આભાવ્ય પ્રકરણ છે. પણ આ ગાથાઓ તેમાં નથી. વિશિષ્ટ ગીતાર્થોને પૂછવા છતાં આ બે ગાથાઓ કયા ગ્રંથોમાં છે તે જાણી શકાયું નથી. આ બે ગાથાઓનો ભાવ સમજાઇ જવા છતાં અમુક શબ્દોનો અર્થ સ્પષ્ટ ન થવાથી અર્થ લખ્યો નથી.) (૧૬૩)

**વિશેષાર્થઃ-** અપૂર્ણ સંખ્યાવાળા અને અગીતાર્થના આભાવ્યનો (માલિકીનો) નિષેધ કર્યો હોવાથી તેમના વિહારનો નિષેધ થઇ જ ગયો છે. આનાથી પણ, એટલે કે એકલા વિચરનારનું 'પાપનો ત્યાગ કરતો' એ વિશેષણથી જ નહિ, કિંતુ અહીં કહ્યું તેમ વિહારના નિષેધથી પણ, नया लभेज्जा એ સૂત્ર વિશિષ્ટ સાધુ સંબંધી છે, નહિ કે ગમે તે સાધુસંબંધી, એમ સિદ્ધ થાય છે. (૧૬૧-૧૬૨-૧૬૩)

विशेषविषयत्वमेवास्य स्पष्टयन्नाह-

**ता गीयंमि इमं खलु, तयन्न लाभंतरायविसयंति ।**
**सुत्तं अवगंतव्वं, णिउणेहिं तंतणीईए ॥१६४॥**

तस्माद् गीते इदं खलु वचनं लाभान्तरायविषयमिति ॥
सूत्रमवगन्तव्यं निपुणैस्तन्त्रनीत्या ॥ १६४॥

'ता' इत्यादि, 'ता' इति यस्मादेतान्यागमनवचनानि सामान्यसाधोरेकाकित्वनिषेधकानि सन्ति तस्मात् गीते-गीतार्थसाधुविषये इदं-'एगोवि पावाइं विवज्जयंतो' इत्येतत्सूत्रमवगन्तव्यमिति योगः, खलुरवधारणार्थः, स च योक्ष्यते, अथ गीतार्थविषयं किमिदं साधुसामान्यत एव ?, नेत्याह-तस्माद्-गीतार्थसाधोरन्ये-अपरे ये गुणवत्साधवस्तेषां यो लाभः-प्राप्तिस्तत्र योऽन्तरायो-विघ्नः स एव विषयो-गोचरो यस्य तत्तथा, अतस्तदन्यलाभान्तरायविषयमेव, गीतार्थस्यापि साध्वन्तराप्राप्तावेकाकित्वानुज्ञानपरमिदमिति भावः, अन्यथा ससहायतैव युक्ता, यतोऽभिधीयते-''**कालंमि संकिलिट्ठे छक्कायदयावरोऽवि संविग्गो । जयजोगीणमलंभे पणगऽन्नयरेण संवसइ ॥१॥**'' पार्श्वस्थावसन्नकुशीलसंसक्तयथाच्छन्दाभिधानानां पञ्चानां साधूनामेकतरेण सह वसतीत्यर्थः, इतिशब्दः प्राग्वत्, सूत्रं-'न या लभे'-इत्यादिवृत्तरूपमवगन्तव्यं-अवसेयं निपुणैः-सुबुद्धिभिः तन्त्रयुक्त्या-आगमिकोपपत्त्योक्तरूपया । इति गाथार्थः (पञ्चाशक ११-३३)

**દશવૈકાલકિનું વચન વિશેષ વિષયવાળું છે એની સ્પષ્ટતા કરતા ગ્રંથકાર કહે છે-**

આ પ્રમાણે આગમવચનો સામાન્ય સાધુને એકલા રહેવાનો નિષેધ કરનારા હોવાથી **नया लभेज्जा** એ દશવૈકાલિકનું સૂત્ર ગીતાર્થ સાધુ સંબંધી છે, તેમાં પણ બીજો તેવો કોઇ સહાયક સાધુ ન મળે તો જ છે, અર્થાત્ બીજો તેવો કોઇ સહાયક સાધુ ન મળે તો જ ગીતાર્થ સાધુને એકલા વિચરવા સંબંધી છે. અગીતાર્થે તો બીજાની સાથે જ રહેવું જોઇએ. કારણ કે (પંચકલ્પભાષ્યમાં) કહ્યું છે કે-''છકાયજીવોની દયામાં તત્પર સંવેગી પણ ખરાબ કાળમાં સંવિગ્નગીતાર્થનો જોગ ન મળે તો પાસત્થો વગેરે પાંચમાંથી કોઇ એકની સાથે રહે. (પણ એકલો ન રહે.)''

આથી નિપુણોએ દશવૈકાલિકનું **नया लभेज्जा** એ સૂત્ર અહીં જણાવેલી આગમયુક્તિથી બીજો તેવો સહાયક ન મળે તો જ ગીતાર્થ સાધુ સંબંધી છે એમ સમજવું. (૧૬૪)

**इक्कस्स पुणो तस्स वि, विसमे काले तहा वि ण विहरे ।**
**जणअववायभयाओ, ववट्ठिओ एस तंतंमि ॥१६५॥**

एकस्य पुनस्तस्यापि विषमे(मः) काले(लः) तथापि न विहरेत् ॥
जनापवादभयाद् व्यवस्थित एष तन्त्रे ॥१६५॥

તથા સહાયક રહિત એકલો સાધુ જો વિષમકાળ પ્રાપ્ત થાય તો પણ જન અપવાદના ભયથી એકાકી ન વિચરે. આ સિદ્ધાંત શાસ્ત્રમાં (પંચકલ્પભાષ્યમાં) નિશ્ચિત થયેલો છે.

**વિશેષાર્થઃ**- तहावि= તો પણ એ શબ્દોનો અર્થ આ પ્રમાણે છે-''ઉક્ત ગીતાર્થ સાધુ સહાયક મળે તો એકાકી ન વિચરે, તથા વિષમકાળ પ્રાપ્ત થાય તો પણ એકાકી ન વિચરે.'' સહાયક ન મળે તો પણ જો વિષમકાળમાં એકાકી વિચરે તો ''આ સાધુ એકાકી વિચરે છે'' ઇત્યાદિ લોકાપવાદ થાય.

અહીં વિષમકાળ એટલે લોકો ઘણા અજ્ઞાન હોય અને એથી સુસાધુને અને કુસાધુને ઓળખી ન શકવાથી સારા પણ એકાકી સાધુની નિંદા કરે તેવો કાળ. (૧૬૫)

(શાસ્ત્ર (પંચકલ્પ ભા. ગા. ૧૭૪૯)માં નિશ્ચિત થયેલા સિદ્ધાંતને કહે છે.)

**कालंमि संकिलिट्ठे, छक्कायदयावरो वि संविग्गो ।**
**जयजोगीणमलंभे, पणगन्नयरेण संवसइ ॥१६६॥**

काले संक्लिष्टे षट्कायदयापरोऽपि संविग्नः ॥
यतयोगिनामलाभे पञ्चकान्यतरेण संवसति ॥१६६॥

છકાયજીવોની દયામાં તત્પર સંવેગી પણ સાધુ સંકિલષ્ટકાળમાં સંવિગ્ન ગીતાર્થ જો ન મળે તો પાસત્થો વગેરે પાંચમાંથી કોઇ એકની સાથે રહે. (પણ એકાકી ન રહે.) (૧૬૬)

**इय एगागिविहारे, अइदंपज्जत्थओ सुपरिसुद्धे ।**
**गुरुकुलवासच्चाओ, लेसेण वि भावओ णत्थि ॥१६७॥**

इत्येकाकिविहार ऐदम्पर्यार्थतः सुपरिशुद्धः ।
गुरुकुलवासत्यागो लेशेनापि भावतो नास्ति ॥१६७॥

આ પ્રમાણે તાત્પર્યાર્થથી સુપરિશુદ્ધ એવા એકાકી વિહારમાં ગુરુકુલવાસનો ભાવથી જરાપણ ત્યાગ થતો નથી. (૧૬૭)

**गुणवं च गुरू सुत्ते, जहत्थगुरुसद्दभायणं इट्ठो ।**
**इयरो पुण विवरीओ गच्छायारंमि जं भणिअं ॥१६८॥**

गुणवांश्च गुरुः सूत्रे यथार्थगुरुशब्दभाजनमिष्टः ।
इतरः पुनर्विपरीतो, गच्छाचारे च यद् भणितम् ॥१६८॥

શાસ્ત્રમાં ગુણવાન જ ગુરુ સાન્વય ગુરુશબ્દનો આધાર છે. એથી તે જ ગુરુ તરીકે ઇષ્ટ છે. ગુણોથી રહિત ગુરુ સાન્વય ગુરુશબ્દનો આધાર નથી. (તેથી તે ગુરુ તરીકે ઇષ્ટ નથી.) કારણ કે ગચ્છાચાર પ્રકીર્ણકમાં(નીચે પ્રમાણે) કહ્યું છે. (૧૬૮)

**तित्थयरसमो सूरी, सम्मं जो जिणमयं पयासेइ ।**
**आणं च अइक्कंतो, सो कापुरिसो ण सप्पुरिसो ॥१६९॥**

तीर्थकरसमः सूरिः, सम्यग्यो जिनमतं प्रकाशयति ॥
आज्ञां चातिक्रामन्स कापुरुषो न सत्पुरुषः ॥१६९॥

**व्याख्या**-स सूरिस्तीर्थकरसमः सर्वाचार्यगुणयुक्ततया सुधर्मादिवत् तीर्थकरकल्पो विज्ञेयः, न च वाच्यं चतुस्त्रिंशदतिशयादिगुणविराजमानस्य तीर्थकरस्योपमा सूरेस्तद्विकलस्यानुचिता, यथा तीर्थकरोऽर्थं भाषते एवमाचार्योऽप्यर्थमेव भाषते, तथा यथा तीर्थकर उत्पन्नकेवलज्ञानो भिक्षार्थं न हिण्डते एवमाचार्योऽपि भिक्षार्थं न हिण्डते, इत्याद्यनेकप्रकारैस्तीर्थकरानुकारित्वस्य सर्वयतिभ्योऽतिशायित्वस्य परमोपकारित्वादेश्च ख्यापनार्थं तस्याः न्याय्यतरत्वात् । किञ्च-**श्रीमहानिशीथपञ्चमाध्ययनेऽपि** भावाचार्यस्य तीर्थंकरसाम्यमुक्तम् यथा-'से भयवं! किं तित्थयरसंतिअं आणं नाइक्कमिज्जा, उदाहु आयरिअसंतिअं ? गोअमा ! चउव्विहा आयरिया भवंति, तं जहा-नामायरिआ ठवणायरिया दव्वायरिया भावायरिया, तत्थ णं जे ते भावायरिआ ते तित्थयरसमा चेव दट्ठव्वा, तेसिं संतिअं आणं नाइक्कमेज्ज'त्ति। स कः? यः सम्यग्यथास्थितं जिनमतं-जगत्प्रभुदर्शनं नैगमसङ्ग्रहव्यवहारऋजुसूत्रशब्दसमभिरूढैवंभूतरूपनयसप्तकात्मकं प्रकाशयति-भव्यान् दर्शयतीत्यर्थः। तथा आज्ञां-तीर्थकरोपदेशवचनरूपां अतिक्रामन्-वितथप्ररूपणादिनोल्लङ्घयन् स सूरिः कापुरुषः पुरुषाधमः, न सत्पुरुषो-न प्रधानपुरुष इति । इह चाज्ञोल्लङ्घिनः कापुरुषत्वमात्रमैहलोकिकं फलं, पारलौकिकं तु तत्तदनेकदुस्सहदुःखसन्ततिसंवलितमनन्तसंसारित्वं **श्री महानिशीथपञ्चमाध्ययनो**क्त-सावद्याचार्यस्येव ज्ञेयम् ।
**तथाहि-**

अस्या ऋषभादिचतुर्विंशतिकायाः प्रागनन्तकालेन याऽतीता चतुर्विंशतिका, तस्यां मत्सदृशः सप्तहस्ततनु**र्धर्मश्रीनामा** चरमतीर्थकरो बभूव । तस्मिंश्च तीर्थकरे सप्ताश्चर्याणि अभूवन् । असंयतपूजायां प्रवृत्तायामनेके श्राद्धेभ्यो गृहीतद्रव्येण स्वस्वकारितचैत्यनिवासिनोऽभूवन् । तत्रैको मरकतच्छविः **कुवलयप्रभ**-नामाऽनगारो महातपस्वी उग्रविहारी शिष्यगणपरिवृतः समागात् । तैर्वन्दित्वोक्तं-अत्रैकं वर्षारात्रिकचतुर्मासकं तिष्ठ, यथा त्वदीयाज्ञयाऽनेके चैत्यालया भवन्ति, कुर्वस्माकमनुग्रहं, तेनोक्तं-सावद्यमिदं नाहं वाङ्मात्रेणापि कुर्वे । तदेवमनेन

भणता सता तीर्थकृन्नामकर्म्मार्ज्जितं, एकभवशेषीकृतश्च भवोदधिः । ततस्तैः सर्वैरेकमतं कृत्वा तस्य **सावद्याचार्य** इति नाम दत्तं प्रसिद्धिं नीतं च ।

तथाऽपि तस्य तेष्वीषदपि कोपो नाभूत् । अन्यदा तेषां लिङ्गमात्रप्रव्रजितानां मिथः आगमविचारो बभूव । यथा श्राद्धानामभावे संयता एव मठदेवकुलानि रक्षन्ति पतितानि च समारचयन्ति । अन्यदपि यत्तत्र करणीयं तस्यापि करणे न दोषः । केऽप्याहुः-संयमो मोक्षनेता, केचिदूचुः प्रासादावतंसके पूजासत्कारबलिविधानादिना तीर्थोत्सर्प्पणेनैव मोक्षगमनम् । एवं तेषां यथेच्छं प्रलपतां विवादेऽन्य आगमकुशलो नास्ति कोऽपि यो विवादं भनक्ति । सर्वैः सावद्याचार्य एव प्रमाणीकृत आकारितो दूरदेशात्सप्तभिर्मासैर्विहरन् समागात् । एकयार्यया श्रद्धावशात् प्रदक्षिणीकृत्य झटिति मस्तकेन पादौ सङ्घट्टयन्त्या ववन्दे दृष्टस्तैर्वन्द्यमानः ।

अन्यदा स तेषामग्रे श्रुतार्थकथनेऽस्यैव **महानिशीथस्य पञ्चमाध्ययन**व्याख्याने आगतेयं गाथा, 'जत्थित्थीकरफरिसं, अंतरियं कारणे वि उप्पन्ने । अरिहा वि करिज्ज सयं, तं गच्छं मूलगुणमुक्कं ॥१॥' आत्मशङ्कितेन तेन चिन्तितं साध्वीवन्दनमेतैर्दृष्टमस्ति, सावद्याचार्य इति नाम पुरापि दत्तं, साम्प्रतं तु यथार्थकथनेऽन्यदपि किमपि करिष्यन्ति । अन्यथा प्ररूपणे तु महत्याशातना अनन्तसंसारिता च स्याताम्, ततः किं कुर्वे, अथवा यद् भवति तद् भवतु यथार्थमेव व्याकरोमीति ध्यात्वा व्याख्याता यथार्था गाथा । तैः पापैरुक्तं-यद्येवं तत् त्वमपि मूलगुणहीनो, यतः साध्व्या वन्दमानया भवान् स्पृष्टः, ततोऽयशोभीरुः स दध्यौ किमुत्तरं ददे । आचार्यादिना किमपि पापस्थानं न सेवनीयं त्रिविधं त्रिविधेन, यः सेवते सोऽनन्तसंसारं भ्राम्यति । तैर्विलक्षं दृष्ट्वोचे किं न वक्ष्यसि । स दध्यौ किं वदामि । ततस्तेन दीर्घसंसारित्वमङ्गीकृत्योक्तम्-अयोग्यस्य श्रुतार्थो न दातव्यः **'आमे घडे निहित्तं, जहा जलं तं घडं विणासेइ । इअ सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥१॥'** इत्यादि । तैरूचे-किमसम्बद्धं भाषसे, अपसर दृष्टिपथात् । अहो त्वमपि सङ्घेन प्रमाणीकृतोऽसि । ततस्तेन दीर्घसंसारित्वमङ्गीकृत्योक्तं, उत्सर्गापवादैरागमः स्थितो, यूयं न जानीथ । **"एगंतं मिच्छत्तं जिणाण आणा अणेगत्तं ।"** तैर्धृष्टैर्मानितं, ततः स प्रशंसितः ।

स एकवचनदोषेणानन्तसंसारित्वमुपार्ज्याऽप्रतिक्रान्तो मृत्वा व्यन्तरो बभूव १। ततश्च्युत्वोत्पन्नः प्रोषितपतिकायाः प्रतिवासुदेवपुरोहित-दुहितुः कुक्षौ, कुलकलङ्कभीताभ्यां पितृभ्यां निर्विषयीकृता सा क्वापि स्थानमलभमाना दुर्भिक्षे कल्पपालगृहे दासीत्वेन स्थिता । मद्यमांसदोह-दोऽस्याः सञ्जातः । बहूनां मद्यपायकानां भाजनेषूच्छिष्टे मद्यमांसे च भुङ्क्ते, कांस्यदूष्यद्रविणानि चोरयित्वाऽन्यत्र विक्रीय मद्यमांसे भुङ्क्ते । गृहस्वामिना राज्ञो निवेदितम् । राजा मारणाय प्रसूतिसमयं यावद्रक्षितुमर्पिता चाण्डालानां, अप्रसूता न हन्यते इति तत्कुलधर्म्मत्वात् । प्रसूता बालकं त्यक्त्वा नष्टा। राजा पञ्चसहस्रद्रविणदानेन बालः पालितः । क्रमात् सूनाधिपतौ मृते राज्ञा स एव तद्गृहस्वामी कृतः पञ्चशतानामीशः २। ततो मृत्वा सप्तमपृथिव्यां ३३ सागरायुः ३। ततः उद्धृत्यान्तरद्वीपे एकोरुकजातिर्जातः ४। ततो मृत्वा महिषः २६ वर्षायुः ५, ततो मनुष्यः ६, ततो वासुदेवः ७, ततः सप्तमपृथिव्यां ८, ततो गजकर्णो मनुष्यो मांसाहारी ९, ततो मृत्वा सप्तमपृथिव्यामप्रतिष्ठाने गतः १०, ततो महिषः ११, ततो बालविधवा-बन्धकीब्राह्मणसुताकुक्षावुत्पन्नः, गर्भशातनपातनक्षारचूर्णयोगैरनेकव्याधि-परिगतो गलत्कुष्ठी कृमिभिर्भक्ष्यमाणो गर्भान्निर्गतः लोकैर्निन्द्यमानः क्षुधादिपीडितो दुःखी सप्तवर्षशतानि द्वौ मासौ चत्वारि दिनानि जीवित्वा १२, मृतो व्यन्तरेषूत्पन्नः १३, ततः सूनाधिपो मनुष्यः १४, ततः सप्तम्यां १५, ततश्चाक्रिकगृहे वृषभो वाह्यमानः क्वथितस्कन्धो मुक्तो गृहस्वामिना काककृमिश्वादिभिर्विलुप्यमानः २९ वर्षायुर्मृतो १६, बहुव्याधिमानिभ्यपुत्रो वमनविरेचनादिदुःखैरेवास्य गतो मनुष्यभवः १७, एवं चतुर्द्दशरज्ज्वात्मकं लोकं जन्ममरणैः परिपूर्य अनन्तकालेनाऽपरविदेहे मनुष्योऽभवत् । तत्र लोकानुवृत्त्या गतस्तीर्थकरवन्दनाय, प्रतिबुद्धः, सिद्धः अत्र त्रयोविंशतितम-**श्रीपार्श्वजिनस्य काले ।**

गौतमोऽप्राक्षीत्-किं निमित्तमनेन दुःखमनुभूतं ? गौतम ! उत्सर्गा-पवादैरागमः इत्यादि यद् भणितं तन्निमित्तम् । यद्यपि प्रवचने उत्सर्गापवादौ अनेकान्तश्च प्रज्ञाप्यन्ते, तथापि अप्कायपरिभोगस्तेजःकायपरिभोगो मैथुन-सेवनं चैकान्तेन निषिद्धानि, इत्थं सूत्रातिक्रमादुन्मार्गप्रकटनं, ततश्चाज्ञा-

भङ्गः, तस्माच्चानन्तसंसारी । गौतमोऽप्राक्षीत्-किं तेन सावद्याचार्येण मैथुनमासेवितम् ? गौतम ! नो सेवितं नोऽसेवितम्, यतस्तेन वन्दमानार्यास्पर्शे पादौ नाकुञ्चितौ । भगवन्! तेन तीर्थकरनामकर्म्मार्जितं एकभवावशेषीकृतश्चासीद्भवोदधिः, तत्कथनमनन्तसंसारं सम्भ्रान्तः ? गौतम! निजप्रमाददोषात्, यतः सिद्धान्तेऽप्युक्तमस्ति-"**चोद्दसपुव्वी आहारगावि, मणनाणिवीयरागा य । हुंति पमायपरवसा, तयणंतरमेव चउगइआ ॥१॥**" इत्यादि । तस्माद् गच्छाधिपतिना सर्वदा सर्वार्थेषु अप्रमत्तेन भाव्यम् । **इति पूर्वाचार्यसंस्कृतसावद्याचार्यसम्बन्धः** ।

तथा "जे णं मद्दुआ ! अट्ठं वा हेउं वा पसिणं वा वागरणं वा अन्नायं वा अदिट्ठं वा अस्सुयं वा अपरिन्नायं वा बहुजणमज्झे आघवेइ पण्णवेइ परूवेइ दंसेइ निदंसेइ, उवदंसेइ से णं अरिहंताणं आसायणाए वट्टइ, अरिहंतपण्णत्तस्स धम्मस्स आसायणाए वट्टइ, केवलीणं आसायणाए वट्टइ, केविलपण्णत्तस्स धम्मस्स आसायणाए वट्टइ" इति **श्रीभगवत्यां अष्टादशशतकस्याष्टमोद्देशके** ॥ तथा "इच्चेइयं दुवालसंगं गणिपिडगं तीए काले अणंता जीवा आणाए विराहित्ता चाउरंतसंसारकंतारं अणुपरियट्टिंसु १। इच्चेइयं दुवालसंगं गणिपिडगं पडुप्पन्नकाले परित्ता जीवा आणाए विराहित्ता चाउरंतं संसारकंतारं अणुपरिअट्टंति २।" 'परित्त' त्ति परिमिता वर्त्तमाने काले विराधकमनुष्याणां संख्येयत्वात् । "इच्चेइयं दुवालसंगं गणिपिडगं अणागए काले अणंता जीवा आणाए विराहित्ता चाउरंतं संसारकंतारं अणुपरियट्टिसंति ३। इच्चेइयं दुवालसंगं गणिपिडगं तीए काले अणंता जीवा आणाए आराहित्ता चाउरंतं संसारकंतारं वीइवइंसु १। इच्चेइयं दुवालसंगं गणिपिडगं पडुपन्नकाले परित्ता जीवा आणाए आराहित्ता चाउरंतं संसारकंतारं वीइवइंति २। इच्चेइयं दुवालसंगं गणिपिडगं अणागए काले अणंता जीवा आणाए आराहित्ता चाउरंतं संसारकंतारं वीइवइस्संति ३॥" **इति नन्दिसूत्रे** ॥ इत्येवं विलोक्याचार्योपाध्यायप्रवर्त्तकगणावच्छेदकादिना मोक्षार्थिना भगवदाज्ञया आगमार्थो निरूपणीयः, न स्वमत्या, तथात्वेऽनन्तसंसारावाप्तेरिति। गाथाछन्दः ॥२७॥ (ગચ્છાચાર પ્ર.)

જે આચાર્ય જિનમતને સમ્યક્ પ્રકાશિત કરે છે, તે આચાર્ય તીર્થંકર સમાન છે. જે આચાર્ય આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે કાપુરુષ છે, સત્પુરુષ નથી.

**વિશેષાર્થઃ-** જે આચાર્ય નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂત એ સાત નયસ્વરૂપ જિનદર્શન જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે ભવ્યોને બતાવે છે, તે આચાર્ય સુધર્માસ્વામી આદિની જેમ આચાર્યના સર્વગુણોથી યુક્ત હોવાથી તીર્થંકર તુલ્ય છે.

**પ્રશ્નઃ-** તીર્થંકર ચોત્રીશ અતિશય વગેરે ગુણોથી વિરાજમાન હોય છે. આચાર્યમાં એ ગુણો હોતા નથી. આથી આચાર્યને તીર્થંકરની ઉપમા કેવી રીતે ઘટે ?

**ઉત્તરઃ-** (૧) જેવી રીતે તીર્થંકર અર્થ કહે છે, તેવી રીતે આચાર્ય પણ અર્થને કહે છે.

(૨) જેવી રીતે તીર્થંકર કેવલજ્ઞાન થયા પછી ભિક્ષા માટે જતા નથી, તેવી રીતે આચાર્ય પણ ભિક્ષા માટે જતા નથી. ઇત્યાદિ અનેક રીતે આચાર્ય તીર્થંકરનું અનુકરણ કરનારા છે. આચાર્ય સર્વ સાધુઓથી શ્રેષ્ઠ છે, તથા પરમોપકારી છે. ઇત્યાદિ આચાર્યની વિશેષતા બતાવવા માટે આચાર્યને તીર્થંકર સમાન કહ્યા છે. જેમ કે-

"**પ્રશ્નઃ-** હે ભગવંત તીર્થંકરની આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઇએ કે આચાર્યની આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઇએ ?

**ઉત્તરઃ-** હે ગૌતમ ! આચાર્ય ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે- નામાચાર્ય, સ્થાપનાચાર્ય, દ્રવ્યાચાર્ય અને ભાવાચાર્ય, તેમાં જે ભાવાચાર્ય છે તે તીર્થંકર સમાન જ જાણવા. તેમની આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઇએ."

જે આચાર્ય તીર્થંકરવચનરૂપ આજ્ઞાનું અસત્ય પ્રરૂપણા આદિથી ઉલ્લંઘન કરે છે તે આચાર્ય કાપુરુષ=પુરુષાધમ છે, સત્પુરુષ=પ્રધાનપુરુષ નથી.

અહીં આજ્ઞાનું ઉલ્લંઘન કરનારને માત્ર કાપુરુષ કહ્યો તે આ લોકના ફલની અપેક્ષાએ છે. પરલોકનું ફળ તો તે તે અનેક દુઃસહ દુઃખની પરંપરાથી યુક્ત એવું અનંત સંસારીપણું જાણવું. આ વિષે શ્રીમહાનિશીથ પાંચમા અધ્યયનમાં સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત કહ્યું છે. તે આ પ્રમાણે-

## સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત

આ ઋષભ વગેરે તીર્થંકરોની ચોવીશીથી અનંતકાળ પહેલાં થઇ ગયેલી ચોવીશીમાં મારા જેવા સાતહાથની કાયાવાળા **ધર્મશ્રી** નામના છેલ્લા તીર્થંકર થયા. તે તીર્થંકરના શાસનમાં સાત આશ્ચર્યો થયા. તેમાં અસંયતોની પૂજા શરૂ થતાં શ્રાવકો પાસેથી લીધેલા ધનથી અસંયતોએ પોતપોતાના મંદિરો બંધાવ્યાં. એ મંદિરોની સાર-સંભાળ માટે મંદિરની પાસે મકાન બનાવીને તેમાં રહેવા લાગ્યા. આથી તે અસંયતો 'ચૈત્યવાસી' તરીકે પ્રસિદ્ધ થયા. તે વખતે કુવલયપ્રભ નામના સાધુ હતા. તેમની શરીરકાંતિ મરકતરત્ન જેવી હતી. તે મહાતપસ્વી અને ઉગ્રવિહારી હતા.

શિષ્યગણથી પરિવરેલા તે જ્યાં ચૈત્યવાસીઓ હતા ત્યાં પધાર્યા. ચૈત્યવાસીઓએ તેમને વંદન કરીને કહ્યું: તમે વર્ષાકાળમાં એક ચોમાસું અહીં રહો. જેથી તમારી આજ્ઞાથી અનેક જિનાલયો થાય. અમારા ઉપર અનુગ્રહ કરો. તેમણે કહ્યું: આ સાવદ્ય (=પાપ) હું વચનમાત્રથી પણ નહિ કરું. (આજ્ઞા કરીને મંદિરો બનાવવા એ પાપ છે.) તેમણે આ પ્રમાણે કહીને (=શુદ્ધપ્રરૂપણા કરીને) તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું, અને સંસાર માત્ર એક જ ભવ બાકી રહે તેટલો ટૂંકો કરી નાંખ્યો. તેમણે આ સાવદ્ય હું વચનમાત્રથી પણ નહિ કરું એમ કહ્યું તેથી બધા ચૈત્યવાસીઓએ એકમત થઇને તેમનું સાવદ્યાચાર્ય એવું નામ પાડ્યું અને (બધે) પ્રસિદ્ધ કર્યું. આમ છતાં તેમણે ચૈત્યવાસીઓ ઉપર જરાય ગુસ્સો ન આવ્યો.

એકવાર માત્ર વેશથી સાધુ બનેલા તે ચૈત્યવાસીઓમાં પરસ્પર આગમની વિચારણા થઇ. તે આ પ્રમાણે- શ્રાવકોના અભાવમાં સાધુઓ જ ઉપાશ્રય અને મંદિરોનું રક્ષણ કરે અને પડી ગયેલા ઉપાશ્રય-મંદિરનું સમારકામ કરાવે. ત્યાં બીજું પણ જે કંઇ કરવા યોગ્ય તે પણ કરવામાં દોષ નથી. કોઇક ચૈત્યવાસીઓએ કહ્યું: સંયમ મોક્ષમાં લઇ જાય. કોઇક ચૈત્યવાસીઓએ કહ્યું: જિનમંદિરમાં (प्रासादावतंसके=મંદિરરૂપી આભૂષણમાં) પૂજા, સત્કાર અને બલિવિધાન આદિ કરવાથી શાસનની પ્રભાવના થાય. શાસનપ્રભાવનાથી જ મોક્ષમાં જવાય. આ પ્રમાણે વિવાદમાં યથેચ્છ પ્રલાપ

કરતા એવા તેમના વિવાદનો અંત લાવે તેવો બીજો કોઇ આગમકુશળ ન હતો. આથી બધાએ સાવદ્યાચાર્યને જ પ્રમાણ કરીને દૂરદેશથી બોલાવ્યા. વિહાર કરતાં કરતાં સાતમહિને સાવદ્યાચાર્ય ત્યાં પધાર્યા. એક સાધ્વીજીએ શ્રદ્ધાથી સાવદ્યાચાર્યને પ્રદક્ષિણા આપીને જલદીથી મસ્તકવડે ચરણોને સ્પર્શીને વંદન કર્યું. ચૈત્યવાસીઓએ આ જોયું.

એકવાર સાવદ્યાચાર્ય ચૈત્યવાસીઓની સમક્ષ શાસ્ત્રના અર્થો કહી રહ્યા હતા ત્યારે આ જ મહાનિશીથના પાંચમા અધ્યયના વ્યાખ્યાનમાં આ (=નીચે પ્રમાણે) ગાથા આવી.

जत्थित्थीकरफरिसं, अंतरियं कारणे वि उप्पन्ने ।
अरिहा वि करिज्ज सयं, तं गच्छं मूलगुणमुक्कं ॥१॥

હે ગૌતમ! જે ગચ્છમાં કારણ ઉત્પન્ન થયું હોય તો પણ સ્ત્રીના હાથનો સ્પર્શ પદવી આદિની પ્રાપ્તિ થવાના કારણે પૂજાને યોગ્ય એવા આચાર્ય વગેરે સ્વયં વ્યવધાનથી (=પરંપરાએ) પણ કરે તો પણ તે ગચ્છને મૂલગુણથી રહિત જાણવો.

સ્વયં શંકિત બનેલા સાવદ્યાચાર્યે વિચાર્યું કે સાધ્વીએ મારા ચરણોને સ્પર્શીને વંદન કર્યું તે આમણે જોયું છે. તેમણે પહેલાં પણ મારું સાવદ્યાચાર્ય એવું નામ પાડ્યું છે. હમણાં આ ગાથાનો સત્ય અર્થ કહેવામાં બીજું પણ કંઇક કરશે. અસત્ય પ્રરૂપણામાં તો મોટી આશાતના અને અનંત સંસાર થાય. તેથી શું કરું ? અથવા જે થવાનું હોય તે થાઓ, સાચો જ અર્થ કહું. આ પ્રમાણે વિચારીને ગાથાનો સાચો અર્થ કહ્યો. પાપી એવા તેમણે કહ્યું: જો એમ છે તો તમે પણ મૂલગુણ રહિત છો. કારણ કે વંદન કરતી સાધ્વીએ તમારો સ્પર્શ કર્યો છે. તેથી અપજશના ભયવાળા તેમણે વિચાર્યું કે શું ઉત્તર આપું ? આચાર્ય આદિએ કોઇ પણ પાપસ્થાન ત્રિવિધ ત્રિવિધથી ન સેવવું જોઇએ, જે સેવે છે તે અનંતકાળ સુધી સંસારમાં ભમે છે. સાવદ્યાચાર્યને વિલખા પડેલા જોઇને તેમણે કહ્યું: ઉત્તર કેમ આપતા નથી ? તેમણે વિચાર્યું: શું કહું ? પછી તેમણે અનંત સંસારનો સ્વીકાર કરીને કહ્યું: અયોગ્યને શાસ્ત્રનો અર્થ ન કહેવો જોઇએ. જેમ માટીના કાચા ઘડામાં નાખેલું પાણી કાચા ઘડાનો નાશ કરે છે, તેમ અયોગ્યને

આપેલું સિદ્ધાંતનું રહસ્ય તેના આત્માનો નાશ કરે છે, ઇત્યાદિ કહ્યું. ચૈત્યવાસીઓએ કહ્યું: સંબંધ વગરનું શું બોલો છો? અમારા દૃષ્ટિમાર્ગમાંથી દૂર ખસી જાઓ. અહો ! તમે પણ સંઘવડે પ્રમાણભૂત કરાયા છો ! પછી તો સાવદ્યાચાર્યે દીર્ઘસંસારને સ્વીકારીને કહ્યું: તમે કંઇ જાણતા નથી. આગમમાં ઉત્સર્ગ અને અપવાદ એ બંને રહેલા છે. એકાંત મિથ્યાત્વ છે. જિનોની આજ્ઞા અનેકાંત છે. ધિઠ્ઠા એવા તેમણે આ માની લીધું. આથી તેમણે સાવદ્યાચાર્યની પ્રશંસા કરી.

સાવદ્યાચાર્ય એક વચનદોષથી અનંતસંસારનું ઉપાર્જન કરીને એ દોષનું પ્રતિક્રમણ કર્યા વિના મરીને વ્યંતર થયા. (૧) તે જીવ ત્યાંથી ચ્યવીને જેનો પતિ પરદેશ ગયો છે એવી પ્રતિવાસુદેવની પુરોહિતની પુત્રીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. કુલકલંકથી ભય પામેલા માતા-પિતાએ તેને દેશબહાર કરી. ક્યાંય સ્થાનને નહિ પામતી તે દુકાળમાં કલાલના (=દારૂ વેચનારના) ઘરે દાસી તરીકે રહી. ત્યાં તેને મદ્યપાન અને માંસભક્ષણનો દોહલો થયો. અને મદ્યપાન કરનારા ઘણા માણસોના પાત્રોમાં એંઠાં મદ્ય-માંસ ખાય છે. પ્યાલા, વસ્ત્રો, અને ધન ચોરીને બીજે વેચીને મદ્ય-માંસ ખાય છે. ઘરના માલિકે રાજાને આ જણાવ્યું. રાજાએ પ્રસૂતિ ન થાય ત્યાં સુધી રક્ષણ કરીને પછી મારી નાખવા માટે તેને ચાંડાલોને સોંપી. કારણ કે ગર્ભવતી સ્ત્રી સંતાનને જન્મ ન આપે ત્યાં સુધી તેને ન હણવી એવો તેમનો કુલધર્મ છે. બાળકનો જન્મ થતાં બાળકને મૂકીને તે ભાગી ગઇ. રાજાએ પાંચહજાર રૂપિયા આપીને બાળકનું પાલન કરાવ્યું. ક્રમે કરીને કતલખાનાના અધિપતિનું મૃત્યુ થતાં રાજાએ તેને જ તેના ઘરનો માલિક બનાવ્યો. તે પાંચસો (ચાંડાલો)નો અગ્રણી થયો. (૨) ત્યાંથી મરીને સાતમી પૃથ્વીમાં ૩૩ સાગરોપમ જેટલા આયુષ્યવાળો નારક થયો. (૩) ત્યાંથી નીકળીને અંતરદ્વીપમાં એકોરુકજાતિમાં ઉત્પન્ન થયો. (૪) ત્યાંથી મરીને ૨૬ વર્ષના આયુષ્યવાળો પાડો થયો. (૫) પછી મનુષ્ય થયો. (૬) પછી વાસુદેવ થયો. (૭) પછી સાતમી નરકમાં ગયો. (૮) પછી ગજકર્ણજાતિમાં માંસાહારી મનુષ્ય થયો. (૯) ત્યાંથી મરીને સાતમી પૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નરકાવાસમાં ગયો. (૧૦) પછી પાડો થયો. (૧૧) પછી બાલવિધવા અને વ્યભિચારિણી એવી બ્રાહ્મણપુત્રીની કુક્ષિમાં ઉત્પન્ન થયો.

ગર્ભને મારવા-પાડવા ક્ષાર-ચૂર્ણના ઉપાયો કર્યા. એ ઉપાયોના કારણે અનેક વ્યાધિઓથી ઘેરાયેલો, ગળતા કોઢવાળો અને કૃમિઓથી ભક્ષણ કરાતો તે ગર્ભમાંથી બહાર નીકળ્યો. લોકોથી નિંદાતો, ક્ષુધા આદિથી પીડા પામેલો અને દુ:ખી તે સાતસો વર્ષ બે માસ અને ચાર દિવસ જીવ્યો. (૧૨) પછી મરીને વ્યંતરોમાં ઉત્પન્ન થયો. (૧૩) પછી કતલખાનાનો અધિપતિ મનુષ્ય થયો. (૧૪) પછી સાતમી નરકમાં ગયો. (૧૫) પછી ઘાંચીના ઘરે બળદ થયો. ઘાંચીમાં ફેરવાતા એવા તેની ખાંધ પાકી. આથી ઘરના માલિકે તેનો ત્યાગ કર્યો. કાગડા, કૃમિ, કૂતરા વગેરેથી ખવાતો તે ૨૯ વર્ષનું આયુષ્ય ભોગવીને મૃત્યુ પામ્યો. (૧૬) પછી બહુરોગી શ્રેષ્ઠિપુત્ર થયો. વમન-વિરેચન આદિ દુ:ખોથી જ એનો મનુષ્ય ભવ પસાર થયો. (૧૭) આ પ્રમાણે ચૌદરાજલોક પ્રમાણવાળા લોકને જન્મ-મરણોથી પૂર્ણ કરીને અનંતકાળે પશ્ચિમ મહાવિદેહમાં મનુષ્ય થયો. ત્યાં લોકોના અનુસરણથી તીર્થંકરને વંદન કરવા માટે ગયો અને પ્રતિબોધ પામ્યો. અંતે આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં તેવીસમાં શ્રીપાર્શ્વનાથ જિનના કાળે સિદ્ધ થયો.

શ્રી ગૌતમસ્વામીએ પૂછ્યું: હે ભગવંત! શાના કારણે આણે આવું દુ:ખ અનુભવ્યું ? ભગવાને કહ્યું: હે ગૌતમ! આગમમાં ઉત્સર્ગ-અપવાદ બંને છે ઈત્યાદિ જે કહ્યું તેના કારણે તે આવું દુ:ખ પામ્યો. જો કે પ્રવચનમાં ઉત્સર્ગ અને અપવાદ તથા અનેકાંતની પ્રરૂપણા કરાય છે, તો પણ અપ્કાયપરિભોગ, તેજસ્કાય પરિભોગ અને મૈથુનસેવન આ ત્રણનો એકાંતે નિષેધ છે. આ પ્રમાણે સૂત્રના ઉલ્લંઘનથી ઉન્માર્ગ પ્રગટ કર્યો, તેનાથી આજ્ઞાભંગ કર્યો, અને તેથી અનંતસંસારી થયો.

શ્રી ગૌતમસ્વામીએ પૂછ્યું: હે ભગવંત ! તે સાવદ્યાચાર્યે મૈથુનસેવન કર્યું હતું ? ભગવાને જવાબ આપ્યો: હે ગૌતમ ! તેણે મૈથુનસેવન કર્યું ન હતું, અને કર્યું પણ હતું. કારણ કે વંદન કરતી સાધ્વીએ સ્પર્શ કર્યો ત્યારે તેણે ચરણોને સંકોચી લીધા નહિ.

શ્રી ગૌતમસ્વામીએ પૂછ્યું: હે ભગવંત ! તેણે તીર્થંકરનામ કર્મ ઉપાર્જિત કર્યું હતું અને સંસાર માત્ર એક જ ભવ બાકી રહે તેટલો ટૂંકો

કરી નાખ્યો હતો, તો એ શા કારણે અનંતકાળ સુધી સંસારમાં ભમ્યો ? ભગવાને ઉત્તર આપ્યોઃ હે ગૌતમ ! પોતાના પ્રમાદ દોષથી તે અનંતકાળ સુધી સંસારમાં ભમ્યો. કારણ કે સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે-"ચૌદપૂર્વી, આહારકશરીરી, ઋજુમતિ, મનઃપર્યવજ્ઞાની અને (ઉપશમશ્રેણિમાં) વીતરાગ પ્રમાદને આધીન બનીને તે ભવ પછી તરત જ ચારે ય ગતિમાં જનારા થાય છે." ઇત્યાદિ. તેથી ગચ્છાધિપતિએ સર્વકાર્યોમાં અપ્રમત્ત થવું જોઇએ.

આ પ્રમાણે પૂર્વાચાર્યો વડે સંસ્કારિત કરાયેલ સાવદ્યાચાર્યનો સંબંધ છે.

તથા-હે મદ્રુક! જે નહિ જાણેલા, નહિ જોયેલા, નહિ સાંભળેલા અને વિશેષથી નહિ જાણેલા એવા સૂત્રના અર્થને, હેતુને, પ્રશ્નને અને ઉત્તરને ઘણા લોકોની વચ્ચે કહે છે, પ્રતિપાદન કરે છે, પ્રરૂપણા કરે છે, બતાવે છે, દૃષ્ટાંતથી બતાવે છે, સંપૂર્ણપણે બતાવે છે, તે અરિહંતોની આશાતનામાં વર્તે છે (=અરિહંતોની આશાતના કરે છે), અરિહંતોએ કહેલા ધર્મની આશાતનામાં વર્તે છે, કેવલીઓની આશાતનામાં વર્તે છે, કેવલીએ કહેલા ધર્મની આશાતનામાં વર્તે છે. (ભગવતી સૂત્ર શતક ૧૮, ઉદ્દેશો ૭)

તથા-"આવા પ્રકારની બાર અંગરૂપ ગણીપીટકને (અન્યથા પ્રરૂપણા કરવી ઇત્યાદિવડે) આજ્ઞાથી વિરાધીને ભૂતકાળમાં અનંતાજીવોએ ચારગતિરૂપ ચાર છેડાવાળી સંસારરૂપી અતિદુર્ગમ અટવીમાં પરિભ્રમણ કર્યું છે, વર્તમાનકાળમાં પરિમિત (=સંખ્યાતા) જીવો પરિભ્રમણ કરે છે, ભવિષ્યકાળમાં અનંતા જીવો પરિભ્રમણ કરશે."

"આવા પ્રકારની બાર અંગરૂપ ગણીપીટકને (યથાર્થ પ્રરૂપણા કરવી ઇત્યાદિવડે) આજ્ઞાથી આરાધીને ભૂતકાળમાં અનંતાજીવોએ ચારગતિરૂપ ચાર છેડાવાળી સંસારરૂપી અતિદુર્ગમ અટવીને પાર કરી છે, વર્તમાનકાળમાં પરિમિત જીવો પાર કરી રહ્યા છે, ભવિષ્યકાળમાં અનંતજીવો પાર કરશે." (નંદીસૂત્ર ૧૧૪-૧૧૫ સૂત્ર)

આ પ્રમાણે જોઇને મોક્ષાર્થી એવા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક અને ગણાવચ્છેદક આદિએ ભગવાનની આજ્ઞા પ્રમાણે આગમના અર્થનું નિરૂપણ

કરવું જોઈએ, સ્વમતિથી નહિ. કેમ કે સ્વમતિથી આગમના અર્થનું નિરૂપણ કરવામાં અનંતસંસારની પ્રાપ્તિ થાય. (૧૬૯)

**भट्ठायारो सूरी, भट्ठायाराणुविक्खओ सूरी ।**
**उम्मग्गठिओ सूरी, तिण्णि वि मग्गं पणासंति ॥१७०॥**

भ्रष्टाचारः सूरिर्भ्रष्टाचाराणामुपेक्षकः सूरिः ॥
उन्मार्गस्थितः सूरिस्त्रयोऽपि मार्गं प्रणाशयन्ति ॥१७०॥

व्याख्या-भ्रष्टः-सर्वथा विनष्टः आचारो-ज्ञानाचारादिर्यस्य स भ्रष्टाचारः सूरिरधर्माचार्यः १, भ्रष्टाचाराणां-विनष्टाचाराणां साधूनां उपेक्षकः, प्रमादप्रवृत्त-साधूनामनिवारयितेत्यर्थः, सूरिर्मन्दधर्माचार्यः २, उन्मार्गस्थित उत्सूत्रादि-प्ररूपणपरः सूरिरधर्माचार्यः ३, त्रयोऽप्येते मार्गं-ज्ञानादिरूपं मोक्षपथं प्रणाशयन्ति-जिनाज्ञामतिक्रामन्तीत्यर्थः ॥ गाथाछंदः, गच्छाचारप्रकीर्णकः ॥२८॥

ભ્રષ્ટાચારી, ભ્રષ્ટાચાર ઉપેક્ષક અને ઉન્માર્ગસ્થિત એ ત્રણે ય આચાર્ય મોક્ષમાર્ગનો વિનાશ કરે છે.

**વિશેષાર્થ:-** ભ્રષ્ટાચારી એટલે જેના જ્ઞાનાચાર વગેરે આચારો સર્વથા વિનાશ પામ્યા છે તેવો અધર્માચાર્ય. ભ્રષ્ટાચાર ઉપેક્ષક એટલે જેમના જ્ઞાનાચાર વગેરે આચારો વિનાશ પામ્યા છે તેવા સાધુઓની ઉપેક્ષા કરનાર, અર્થાત્ પ્રમાદમાં પ્રવૃત્ત થયેલા સાધુઓને ન રોકનાર મંદ ધર્માચાર્ય. ઉન્માર્ગસ્થિત એટલે ઉત્સૂત્ર પ્રરૂપણા વગેરેમાં તત્પર અધર્માચાર્ય. આ ત્રણેય મોક્ષમાર્ગનો વિનાશ કરે છે. (૧૭૦)

**एए गुरुणो अ गुणा, पव्वज्जारिहगुणेहिं पव्वज्जा ।**
**गुरुकुलवासो अ सया, अक्खयसीलत्तमवि सम्मं ॥१७१॥**

एते गुरोश्च गुणा प्रव्रज्यार्हगुणैः प्रव्रज्या ॥
गुरुकुलवासश्च सदा अक्षतशीलत्वमपि सम्यक् ॥१७१॥

**હવે ગુરુના ગુણો જણાવે છે-**

ગુરુના ગુણો આ પ્રમાણે છે:- (૧) પ્રવ્રજ્યાને યોગ્યગુણોથી પ્રવ્રજ્યા, (૨) સદા ગુરુકુલવાસ, (૩) સમ્યક્ અસ્ખલિતશીલ.

**વિશેષાર્થઃ-** (૧) પ્રવ્રજ્યાને યોગ્યજીવના ગુણોથી યુક્ત હોવાના કારણે પ્રવ્રજ્યા થઇ હોય. પ્રવ્રજ્યાને યોગ્ય જીવના ગુણો આ પ્રમાણે છે.

(૧) **આર્યદેશમાં જન્મેલઃ-** સાડા પચ્ચીસ પૈકી કોઈ આર્યદેશમાં જેનો જન્મ થયો હોય, (૨)**જાતિ-કુલથી વિશુદ્ધઃ**-માતૃપક્ષ તે જાતિ, પિતૃપક્ષ તે કુલ. માતાની જાતિ અને પિતાનું કુલ એ બંને જેના વિશિષ્ટ (=વિશુદ્ધ) હોય, (૩) **લઘુકર્મીઃ-** જેનો કર્મમલ લગભગ (ઘણો)ક્ષીણ થઇ ગયો હોય, અર્થાત્ ચારિત્રમાં વિઘ્ન કરનારાં સંકિલષ્ટ કર્મો ઘણાં ખપી ગયા હોય, (૪) **વિમલબુદ્ધિઃ-** કર્મક્ષય થવાથી જેની બુદ્ધિ નિર્મલ (=આત્મકલ્યાણના જ ધ્યેયવાળી) હોય, (૫) **સંસારની અસારતાને જાણનારઃ-** નિર્મલબુદ્ધિ હોવાથી જ, સંસારરૂપ સમુદ્રમાં મનુષ્યભવ દુર્લભ છે, જન્મ એ મરણનું કારણ છે, સંપત્તિઓ ચપલ-અનિત્ય છે, વિષય (=વિષયસુખો) દુઃખનું કારણ છે, જેનો સંયોગ થાય તેનો અવશ્ય વિયોગ થાય છે, અર્થાત્ સંયોગ વિયોગનું કારણ છે, પ્રતિસમય આયુષ્ય ઘટવા રૂપ મૃત્યુ થયા કરે છે, પરભવમાં કર્મોનો વિપાક (ફલ) અત્યંત ભયંકર આવે છે, આ રીતે સ્વાભાવિકપણે જ જેણે સંસારનો અસારતા રૂપ સ્વભાવ જાણ્યો હોય, (અર્થાત્ નિર્મલબુદ્ધિ હોવાથી ઉક્ત રીતે સંસાર અસાર છે એમ જેના ચિત્તમાં સમજાઇ ગયું હોય, કારણ કે જેના ચિત્તમાં સંસારની આવી અસારતા ન સમજાણી હોય તેની વિષયતૃષ્ણા અટકતી નથી.) (૬) **સંસારથી વિરક્તઃ-** સંસારની અસારતા જાણવાથી જ જે સંસારથી વિરક્ત હોય, (કારણ કે જે વિરક્ત ન બન્યો હોય તેને મધુબિંદુના સ્વાદમાં આસક્ત પુરુષની જેમ સંસારનાં સુખો દુષ્ત્યાજ્ય બને.) (૭) **પ્રતનુકષાયઃ-** જેના કષાયો અત્યંત મંદ હોય, (૮) **અલ્પહાસ્યઃ**-જેનામાં હાસ્ય અલ્પ હોય, હાસ્યના ઉપલક્ષણથી રતિ આદિ નોકષાયોના વિકારો જેનામાં અલ્પ હોય, (કારણ કે બહુ હાસ્ય વગેરે અનર્થદંડ રૂપ છે, અને ગૃહસ્થોને પણ તેનો નિષેધ છે.) (૩૫)

(૯) **સુકૃતજ્ઞઃ-** પોતાના ઉપર બીજાઓએ કરેલા ઉપકારને જાણનારો હોય, (અર્થાત્ બીજાઓએ પોતાના ઉપર કરેલા ઉપકારને યાદ રાખીને ઉપકારનો બદલો વાળવાની ભાવનાવાળો હોય, કારણ કે જે

ઉપકારીઓના ઉપકારને સમજતો નથી=યાદ રાખતો નથી તે સામાન્ય લોકમાં પણ અતિ અધમ મનાય છે.) (૧૦) **વિનીતઃ-** જે માતા-પિતા આદિ વડિલોનો વિનય કરતો હોય, (કારણ કે વિનય ધર્મનું મૂળ છે.) (૧૧) **રાજાદિનો અવિરોધીઃ-** રાજા, મંત્રી વગેરે (બલવાન-મોટા) માણસોની વિરુદ્ધ કાર્ય કરનાર ન હોય, અર્થાત્ રાજા વગેરે જેના વિરોધી ન હોય, (રાજા વગેરેના વિરોધીને દીક્ષા આપવાથી અનર્થ થવાનો સંભવ છે.) (૧૨) **કલ્યાણાંગઃ-** ખોડખાપણથી રહિત અને પાંચ ઇંદ્રિયોથી પરિપૂર્ણ શરીરવાળો હોય. (કારણ કે ખોડ-ખાપણવાળો અને ઇંદ્રિયવિકલ હોય તો અજ્ઞાન લોકમાં જૈનશાસનની નિંદા થવાનો સંભવ રહે, અને પોતે પણ જયણા વગેરે ન પાળી શકે.) (૧૩) **શ્રદ્ધાલુઃ-** જિનવચન ઉપર શ્રદ્ધાવાળો, (કારણ કે શ્રદ્ધા વિના ચારિત્ર સમ્યગ્ બનતું નથી.) (૧૪) **સ્થિરઃ-** સ્થિરચિત્તવાળો હોય, (કારણ કે અસ્થિરચિત્તવાળો પોતે સ્વીકારેલા સંયમ, તપ, અભિગ્રહ વગેરેને છોડી દે એ સુસંભવ છે.) (૧૫) **સમુપસંપન્નઃ-** સમ્ એટલે સારી રીતે, એટલે કે સંપૂર્ણ સમર્પણ ભાવથી, ઉપસંપન્ન=દીક્ષા લેવા આવ્યો હોય. આવો જીવ દીક્ષાને યોગ્ય છે.

(૨) સદા ગુરુકુલવાસનું સેવન કર્યું હોય, (૩) પ્રવ્રજ્યાના પ્રારંભથી સદા ચારિત્રનું ખંડન (=વિરાધના) ન કર્યું હોય. (૧૭૧)

**खंती समो दमो वि अ, तत्तण्णुत्तं च सुत्तअब्भासो ।**
**सत्तहिअंमि रयत्तं, पवयणवच्छल्लया गरुई ॥१७२॥**

क्षान्तिः शमो दमोऽपि च तत्त्वज्ञत्वं च सूत्राभ्यासः ।
सत्त्वहिते रतत्वं, प्रवचनवात्सल्यता गुर्वी ॥१७२॥

(૪) ક્ષમા, (૫) સમતા, (૬) દમ, (૭) તત્ત્વજ્ઞતા, (૮) સૂત્રાભ્યાસ, (૯) સત્ત્વહિતમાં રક્તતા, (૧૦) અતિશય પ્રવચન વત્સલતા.

**વિશેષાર્થઃ-** (૪) ક્રોધના વિપાકોને જાણવાથી સદા ક્ષમા ધારણ કરનાર હોય, (૫) રાગ-દ્વેષના પ્રસંગમાં રાગ-દ્વેષને આધીન ન બને=

સમભાવ રાખે, (૬) પાંચ ઇંદ્રિયો અને મનને અંકુશમાં રાખનાર હોય, (૭) પરમાર્થનો જાણકાર હોય, (૮) શાસ્ત્રોક્ત વિધિથી સૂત્રોનો અભ્યાસ કર્યો હોય, (૯) કોઇ જાતના ભેદભાવ વિના સર્વજીવોના હિતમાં ઉદ્યમી હોય, (૧૦) સંઘરૂપ પ્રવચન પ્રત્યે અતિશય વાત્સલ્યભાવવાળા હોય. (૧૭૨)

**भव्वाणुवत्तयत्तं, परमं धीरत्तमवि य सोहग्गं ।**
**णियगुरुणाणुण्णाए, पयंमि सम्मं अवट्ठाणं ॥१७३॥**

भव्यानुवर्तकत्वं, परमं धीरत्वमपि च सौभाग्यम् ॥
निजगुरुणानुज्ञाते पदे सम्यगवस्थानम् ॥१७३॥

(૧૧) ભવ્યાનુવર્તકતા, (૧૨) પરમધીરતા, (૧૩) સૌભાગ્ય, (૧૪) સ્વગુરુથી અનુજ્ઞાતપદમાં સમ્યક્ અવસ્થાન,

**વિશેષાર્થ:**-(૧૧) ભવ્યજીવોના સ્વભાવને અનુકૂળ બનીને ભવ્યજીવોના આત્માનું સારી રીતે રક્ષણ કરનાર હોય, (૧૨) પરિસહ આદિમાં ડગે નહિ=ધીરતા ધારણ કરે, (૧૩) બીજાઓને પ્રિય હોય, (૧૪) ગુરુએ ગુરુપદે સ્થાપિત કર્યો હોય, અર્થાત્ ગુરુએ તેને ગુરુપદ માટે યોગ્ય માની તેના શિષ્યો બનાવ્યા હોય. (૧૭૩)

**अविसाओ परलोए, थिरहत्थोवगरणोवसमलद्धी ।**
**निउणं धम्मकहित्तं, गंभीरत्तं च इच्चाई ॥१७४॥**

अविषादः परलोके, स्थिरहस्तोपकरण उपशमलब्धिः ॥
निपुणं धर्मकथित्वं, गम्भीरत्वं चेत्यादयः ॥१७४॥

(૧૫) પરલોકમાં અવિષાદ, (૧૬) સ્થિરહસ્ત-ઉપકરણ-ઉપશમ લબ્ધિ, (૧૭) નિપુણ ધર્મકથન, (૧૮) ગંભીરતા વગેરે ગુરુના ગુણો છે.

**વિશેષાર્થ:**- (૧૫) પરિસહ આદિથી પરાભવ પામવા છતાં શરીર રક્ષણ આદિ માટે દીનતા ન કરે. (૧૬) સ્થિરહસ્તલબ્ધિ, ઉપકરણલબ્ધિ અને ઉપશમલબ્ધિથી યુક્ત હોય. સ્થિરહસ્તલબ્ધિ એટલે બીજાઓને વ્રત પાલનમાં સ્થિર કરવાની શક્તિ. ઉપકરણલબ્ધિ એટલે સંયમમાં ઉપકારક વસ્ત્ર-પાત્રાદિ

વસ્તુને મેળવાની શક્તિ. ઉપશમલબ્ધિ એટલે બીજાને શાંત કરવાનું સામર્થ્ય. (૧૭) શિષ્યોને સારી રીતે સમજાય તેવી રીતે સૂત્ર-અર્થની વાચના આપનાર હોય અને શ્રાવકોને સરળ શૈલીમાં વ્યાખ્યાન આપનાર હોય. (૧૮) વિશાલ ચિત્તવાળો હોવાના કારણે કોઈના દોષો બીજાને કહે નહિ. (૧૭૪)

**उभयण्णू विय किरिया-परो दढं पवयणाणुरागी य ।**
**ससमयपण्णवओ, परिणओ अ पण्णो य अच्चत्थं ॥१७५॥**

उभयज्ञोऽपि च क्रियापरः दृढं प्रवचनानुरागी च ॥
स्वसमयप्रज्ञापकः, परिणतश्च प्राज्ञश्चात्यर्थम् ॥१७५॥

**શ્લોકાર્થઃ**- જે ઉત્સર્ગ-અપવાદ ઉભયનો જ્ઞાતા હોય, ક્રિયારત હોય, પ્રવચનમાં દૃઢરાગી હોય, સ્વસિદ્ધાન્ત પ્રરૂપક હોય, પરિણત હોય અને અત્યંત બુદ્ધિશાળી હોય.

उभयज्ञः=उत्सर्गापवाद-कल्प्याकल्प्य-निश्चयव्यवहारादिपदार्थद्वैत-परिच्छेदी । अपि च क्रियापरो=मूलगुणोत्तरगुणाराधनायां बद्धकक्षः । दृढमत्यर्थं प्रवचनानुरागी च=जिनवचनं प्रति बहुमानवान्, तथा स्वसमयस्य=चरण-करणाद्यनुयोगभेदभिन्नस्य प्ररूपकस्तैस्तैरुपायैरुपदेशकः, परिणतश्च वयसा व्रतेन च, प्राज्ञश्च=बहुबहुविधादिग्राहकबुद्धिमान्, अत्यर्थमतीव, एवंविधेन हि गुरुणा प्रज्ञाप्यमानोऽर्थो न कदाचिद्विपर्ययभाग् भवतीत्येवमेष विशेष्यत इत्येवंभूतो गुरुः श्रद्धेयः ॥ उपदेशरहस्य ॥ १५० ॥

**તાત્પર્યાર્થઃ**- ઉત્સર્ગ-અપવાદ, કલ્પ્ય-અકલ્પ્ય, નિશ્ચય-વ્યવહાર, અવસર-અનવસર વગેરે દ્વૈત પદાર્થોનો સમ્યગ્ જ્ઞાતા હોય. મૂળગુણ અને ઉત્તરગુણ સંબંધી આચારક્રિયા-અનુષ્ઠાનોની આરાધના કરવાની લાલસાવાળા હોય. જિનવચનમાં-જૈનશાસ્ત્રઆગમોમાં અત્યંત અનુરાગ હોય. ચરણકરણ-દ્રવ્ય-ગણિત-ધર્મકથા આ ચારેય અનુયોગોમાં ગુંથાયેલા જૈનસિદ્ધાન્તના જુદા જુદા અનેક પ્રકારથી યથાર્થ ઉપદેશક હોય. વયથી પરિણત હોય તેમ જ વ્રતોથી પણ પરિપક્વ હોય. મતિજ્ઞાનના બહુ-બહુવિધ વગેરે જે ભેદો છે તે ભેદોથી વસ્તુને સારી રીતે પારખવાની બુદ્ધિ હોય. અર્થાત્ અત્યંત

બુદ્ધિશાળી હોય. આવા ગુરુઓ જૈનશાસનમાં અત્યંત શ્રદ્ધેય છે. આવા ગુણોવાળા ગુરુ જે જે સિદ્ધાન્તની પ્રરૂપણા કરે છે તેમાં ક્યારેય પણ વિપર્યાસ થવાનો સંભવ નથી. (ઉ. ૨. ગ્રંથમાંથી સાભાર ઉદ્ધૃત) (૧૭૫)

**जो हेउवायपक्खंमि, हेउओ आगमे अ आगमिओ ।**
**सो ससमयपण्णवओ सिद्धंतविराहगो अण्णो ॥१७६॥**

यो हेतुवादपक्षे, हेतुत आगमे चागमिकः ॥
स स्वसमयप्रज्ञापकः, सिद्धान्तविराधकोऽन्यः ॥१७६॥

આ ગાથા ઉપદેશ રહસ્ય ગ્રંથમાં ૧૫૧ નંબરની છે. તેની ટીકા અને પં. શ્રી જયસુંદર વિ. ગણિવરે કરેલો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે.

**શ્લોકાર્થઃ-** જે હેતુવાદ પક્ષમાં હેતુનિરૂપક છે અને આગમના વિષયમાં આગમપ્રરૂપક છે તે સ્વસિદ્ધાન્તનો પ્રરૂપક છે. બાકી બીજા સિદ્ધાન્તના વિરાધક છે.

यः कश्चिद्धेतुवादपक्षे=जीवकर्मादौ युक्तिमार्गसहे वस्तुनि हेतुको=युक्तिप्रणयनप्रवीणः, आगमे च=देवलोकपृथ्वीसंख्यादावर्थे आगममात्रगम्ये आगमिकः=आगममात्रप्रज्ञापनाप्रवीणः स स्वसमयप्रज्ञापक उच्यते । व्यवच्छेद्यमाह-सिद्धान्तविराधको=जिनवचनानुयोगविनाशकः अन्यः=प्रागुक्तविशेषणविकलः साधुः । तथाहि युक्तिमार्गसहेष्वप्यागमगम्यत्वमेव पुरस्कुर्वता तेन नास्तिकादिप्रणीतकुयुक्तिनिराकरणाभावान्न श्रोतॄणां दृढा प्रतीतिः कर्त्तुं पार्यते, आगमगम्येषु तु युक्तिपथातीतेषु युक्तिमुट्टंकयन्नसंपादितनियतार्थप्रतीतिर्विफलारम्भत्वेन स्वयमेव वैलक्ष्यं भजते, श्रोतुश्चानादेयवचनो भवतीति न विपरीतव्यवहारिणा तेन सम्यक्सिद्धान्त आराधितो भवति ॥ उपदेशरहस्य ॥१५१॥

**તાત્પર્યાર્થઃ-** જૈનદર્શનમાં પ્રરૂપિત પદાર્થો સામાન્ય રીતે બે વિભાગમાં વહેંચાયેલા છે. (૧) યુક્તિગમ્ય (૨) આગમમાત્રગમ્ય. જે ઉપદેશક જીવ અને કર્મ વગેરે યુક્તિગમ્ય પદાર્થોની સિદ્ધિ કરવા માટે એક પછી એક પ્રબળ યુક્તિઓનું નિરૂપણ કરવામાં પ્રવીણ છે. તેમ જ બાર દેવલોક, સાતપૃથ્વી વગેરે સંખ્યાઓની બાબતના નિરૂપણમાં યુક્તિઓનું પ્રદર્શન નહિ કરતાં

દેવલોક વગેરેની સંખ્યામાં આગમપ્રમાણને જ પ્રધાનતા આપે છે, તે સ્વસમય પ્રજ્ઞાપક જાણવો. એનાથી વિપરીત રીતે પ્રરૂપણા કરનાર ઉપદેશક સિદ્ધાન્તનો=જિનવચન અનુયોગનો વિનાશક છે=વિરાધક છે. જે પદાર્થો સિદ્ધાન્તમાં દર્શાવાયા હોય તે ઉપરાંત યુક્તિઓથી પણ જેની સચોટતાનું પ્રતિપાદન કરી શકાય તેમ હોય તેવા પદાર્થની બાબતમાં 'ભાઇ.....!! આ તો યુક્તિગમ્ય નથી, આમાં આગમ સિવાય બીજું કોઇ પ્રમાણ જ નથી.' આમ કહ્યા કરે તો તેનાથી નાસ્તિક વગેરેએ ઉપજાવેલી કુયુક્તિઓનું ખંડન ન થવાથી સ્વસિદ્ધાન્તમાં શ્રોતાઓને દૃઢ પ્રતીતિ કરાવી શકાતી નથી. એ જ રીતે પોતાની જાતમાં તાર્કિકપણાનું અભિમાન રાખનાર ઉપદેશક માત્ર આગમબોધ્ય દેવલોકની સંખ્યા વગેરે બાબતમાં યુક્તિઓ ટાંકવા બેસી જાય તો ગમે તેટલી યુક્તિઓ લડાવે તો પણ અનેકાન્ત આદિ દોષોનો પરિહાર ન કરી શકવાથી તે વિષયની બાબતમાં શ્રોતાજનોને દૃઢ-પ્રતિનિયત પ્રતીતિ કરાવી શકતો નથી. અને જ્યારે શ્રોતાજનોના મુખ ઉપરથી પોતાના નિરૂપણની નિરસતા જોઇને પોતાની બધી મહેનત ધૂળમાં મળી રહી હોવાનું ભાન થાય ત્યારે પોતાનું પણ મોઢું પડી જાય છે અને શ્રોતાઓમાં તેનું વચન આદેય બનતું નથી. એટલે આ રીતે અવળા રસ્તે ગાડી હાંકનાર તે ઉપદેશક સિદ્ધાન્તનો આરાધક થવાને બદલે વિરાધક થાય છે. (૧૭૬)

**कलिदोसंमि अ णिविडे, एगाइगुणुज्झिओ वि होइ गुरू ।**
**मूलगुणसंपया जइ, अक्खलिआ होइ जं भणिअं ॥१७७॥**

कलिदोषे च निविडे, एकादिगुणोज्झितोऽपि भवति गुरुः ॥
मूलगुणसम्पदा यदि अस्खलिता भवति यद्भणितम् ॥१७७॥

કલિકાલમાં કાલની પરિહાનિ (=અવસર્પિણી)રૂપ ગાઢ દોષ હોવાના કારણે એક વગેરે ગુણથી રહિત હોય તો પણ જો મૂલગુણરૂપ સંપત્તિ અખંડિત હોય તો તે ગુરુ છે. આ વિષે (પંચાશક-૧૧ ગાથા ૩૫માં) કહ્યું છે કે- (૧૭૭)

**गुरुगुणरहिओ वि इहं, दट्ठव्वो मूलगुणविउत्तो जो ।**
**न उ गुणमित्तविहुणोत्ति, चंडरुद्दो उदाहरणं ॥१७८॥**

गुरुगुणरहितोऽपीह, द्रष्टव्यो मूलगुणवियुक्तो यः ॥
न तु गुणमात्रविहीन इति चण्डरुद्र उदाहरणम् ॥१७८॥

अथ-'गुरुगुणरहितस्तु गुरुर्न गुरुरिति विधित्याग एवं तस्येष्ट' इति यदुक्तं तत्र विशेषाभिधानायाह-'गुरु' इत्यादि, गुरुगुणरहितोऽपि, अपिशब्दोऽत्र पुनःशब्दार्थः, ततश्च 'गुरुगुणरहितो गुरुर्गुरुर्नभवति' इत्यत्र गुरुगुणरहितः पुनः इह गुरुकुलवासप्रक्रमे स एव द्रष्टव्यो-ज्ञातव्यः मूलगुणवियुक्तो-महाव्रतरहितः सम्यग्ज्ञानक्रियाविरहितो वा यः, न तु-न पुनः गुणमात्रविहीनो मूल-गुणव्यतिरिक्तप्रतिरिक्तप्रतिरूपताविशिष्टोपशमादिगुणविकलः, इति हेतोः गुरु-गु(र्मूलगु)णरहितो द्रष्टव्य इति प्रक्रमः, उपप्रदर्शनार्थो वा इति शब्दः, उक्तं चेहार्थे-"कालपरिहाणिदोसा एत्तो इक्काइगुणविहीणेणं । अण्णेणवि पव्वज्जा दायव्वा सीलवंतेण ॥१॥" अत्रार्थे किं ज्ञापकमित्याह-चंडरुद्रः-चंड-रुद्राभिधानाचार्यः उदाहरणं-ज्ञापकं, तत्प्रयोगश्चैवम्-गुणमात्रविहीनोऽपि गुरुरेव, मूलगुणयुक्तत्वात्, चण्डरुद्राचार्यवत्, तथाहि-असौ प्रकृतिरोषणोऽपि बहूनां संविग्नगीतार्थशिष्याणाममोचनीयो विशिष्टबहुमानविषयश्चाभूत्, तत्कथानकं चैवं दृश्यंते-चंडरुद्राभिधानोऽभूदाचार्योऽतिबहुश्रुतः । ज्ञानादिपञ्चधाऽऽचाररत्न-रत्नाकरोपमः ॥१॥ असमाचारसंलोकसंज्वलत्कोपवाडवः । संक्लेशपरिहाराय, गच्छपार्श्वे स्म तिष्ठति ॥ २॥ विहरंश्च समायात, उज्जयिन्यां कदाऽप्यसौ । विविक्तोद्यानदेशे च, तस्थौ गच्छस्य सन्निधौ ॥ ३॥ अथ श्रीमत्सुतः कोऽपि, सुरूपो गर्वयौवनः । प्रधानवस्त्रमाल्यादिभूषितो मित्रवेष्टितः ॥४॥ विवाहानन्तरं क्रीडन्नागतः साधुसन्निधौ । तन्मित्रैः केलिना प्रोक्तास्तं पुरस्कृत्य साधवः ॥५॥ अस्मत्सखममुं यूयं, हे भदन्त! विरागिणम् । निर्विण्णं भवकान्तारात्, प्रव्राजयत सत्वरम् ॥६॥ साधवस्तु तकान् ज्ञात्वा, चसूरीकरणोद्यतान् । औषधं सूरिरेवैषामित्यालोच्य बभाषिरे ॥७॥ भो भद्रा! गुरवोऽस्माकं, कुर्वते कार्यमी-दृशम् । वयं तु नो ततो यात, गुरूणामन्तिकं लघु ॥८॥ केलिनैव ततो गत्वा, गुरुमूचुस्तथैव ते । सूरिणा भणितं तर्हि, भस्मानयत सत्वरम् ॥९॥ येनास्य लुञ्चनं कुर्मो, वयस्यैस्तु ततो लघु । तदानीतं ततः सूरिः, पञ्चमङ्गलपूर्वकम्

॥१०॥ लुञ्चनं कर्तुमारेभे, तद्वयस्यास्तु लज्जिताः । चिन्तितं चेभ्यपुत्रेण, कथं यास्याम्यहं गृहम्? ॥११॥ स्वयमाश्रितसाधुत्वः, संलुञ्चित-शिरोमुखः । ततो विसृज्य मित्राणि, गुरुमेवमुवाच सः ॥१२॥ भदन्त! परिहासोऽपि, सद्भावोऽजनि मेऽधुना । रङ्कत्वेनापि तुष्टस्य, सौराज्यं मे समागतम् ॥१३॥ ततः स्वजनराजाद्या, यावन्नायान्ति मत्कृते । तावदन्यत्र गच्छामो, नो चेद्बाधा भविष्यति ॥१४॥ गुरुर्बभाषे यद्येवं, ततो मार्गं निरूपय । तथैव कृतवानेष, वृत्तौ गन्तुं ततस्तकौ ॥१५॥ आचार्यः पृष्ठतो याति, पुरतो याति शिष्यकः । रात्रौ वृद्धत्वतोऽपश्यन्, मार्गे प्रस्खलितो गुरुः ॥१६॥ रे दुष्टशैक्ष! कीदृक्षो मार्गः संवीक्षितस्त्वया? । इति ब्रुवाणो दण्डेन, शीर्षे तं हतवान् क्रुधा ॥१७॥ एवं स चण्डरोषत्वा-च्चलितः स्खलितः पथि । शिरस्यास्फोटयन् याति, तं शिष्यं क्षमिणां वरम् ॥१८॥ शिष्यस्तु भावयामास, मन्दभाग्योऽस्म्यहं यतः । महाभागो महात्माऽयं महाकष्टे नियोजितः ॥१९॥ भगवानेष सौख्येन, स्वगच्छे निवसन् मया । अहो दशां महाकष्टां, प्रापितः पापिना मुधा ॥२०॥ एवं भावयतस्तस्य, प्रशस्तध्यानवह्निना । दग्धकर्मेन्धनत्वेन, केवलज्ञानमुद्गतम् ॥२१॥ ततस्तं तद्बलेनासौ, सम्यग्नेतुं प्रवृत्तवान् । प्रभाते च स तं दृष्ट्वा, क्षरल्लोहितमस्तकम् ॥२२॥ आत्मानं निन्दति स्मैव-मधन्योऽहमपुण्यवान् । यस्य मे सति रोषाग्निशममेघे बहुश्रुते ॥२३॥ परोपदेशदक्षत्वे, बहुकाले च संयमे । न जातो गुणरत्नानां, प्रधानः क्षान्तिसद्गुणः ॥२४॥ अयं तु शिष्यो धन्योऽत्र, गुणवानेष सत्तमः । यस्याद्यदीक्षितस्यापि, कोऽप्यपूर्वः क्षमागुणः ॥२५॥ एवं सद्भावनायोगाद्वीर्योल्लासादपूर्वतः । आचार्यश्चण्डरुद्रोऽपि, संप्राप्तः केवलश्रियम् ॥२६॥ इति गाथार्थः ॥३५॥ (પંચાશક-૧૧ ગા. ૩૫)

પ્રસ્તુતમાં ગુરુના ગુણોથી રહિત તે જ છે કે જે મૂલગુણોથી રહિત હોય, નહિ કે ગુણમાત્રથી રહિત. આ વિષે ચંડરુદ્રાચાર્યનું દૃષ્ટાંત છે.

**વિશેષાર્થ:-** પ્રસ્તુતમાં જે મૂલગુણોથી રહિત છે તે જ ગુરુના ગુણોથી રહિત જાણવો, નહિ કે ગુણમાત્રથી રહિત, અર્થાત્ સુંદર આકૃતિ, વિશિષ્ટ ઉપશમ વગેરે (અમુક) ઉત્તર ગુણોથી રહિત પણ જો મૂલગુણોથી યુક્ત હોય તો ગુરુ જ છે. તેથી તેનો ત્યાગ ન કરવો. આ વિષે કહ્યું છે કે-

कालपरिहाणिदोसा, एत्तो इक्काइगुणविहीणेण ।
अण्णेण वि पव्वज्जा, दायव्वा सीलवंतेण ॥

"કાલની હાનિરૂપ દોષના કારણે આમાંથી (આગમમાં ગુરુના ૧૫ ગુણો જણાવ્યા છે તેમાંથી) એક બે વગેરે ગુણો ઓછા હોય, પણ જે મૂલગુણથી યુક્ત હોય તેણે પણ દીક્ષા આપવી."

આ વિષયમાં ચંડરુદ્ર નામના આચાર્યનું દૃષ્ટાંત છે. તે આચાર્ય અતિશય ક્રોધી હોવા છતાં ઘણા સંવિગ્નગીતાર્થ શિષ્યોએ તેમનો ત્યાગ કર્યો ન હતો અને તે શિષ્યો તેમના ઉપર બહુમાન રાખતા હતા. તેમનો વૃત્તાંત આ પ્રમાણે છે-

## ચંડરુદ્રાચાર્યનું દૃષ્ટાંત

અતિશય વિદ્વાન અને જ્ઞાનાદિ પાંચ આચાર રૂપ રત્નોના રત્નાકર સમાન ચંડરુદ્ર નામના આચાર્ય હતા. સાધુઓની આચાર સંબંધી સ્ખલના જોઈને તેમનો ક્રોધરૂપી વડવાનલ ભભૂકી ઉઠતો હતો. આથી (સાધુઓને અને પોતાને) સંક્લેશ ન થાય એ માટે ગચ્છની બાજુમાં રહેતા હતા. અર્થાત્ ગચ્છ જે મકાન આદિમાં હોય તેની બાજુના મકાન આદિમાં ગચ્છથી અલગ રહેતા હતા. વિહાર કરતાં કરતાં ઉજ્જૈની નગરીમાં તે આચાર્ય પધાર્યા. ગચ્છનાં નિવાસની બાજુમાં જ જ્યાં કોઈનું આગમન ન થાય તેવા ઉદ્યાનના એકાંત સ્થળમાં રહ્યા. એક વખત રૂપવાન, ઉત્તમ વસ્ત્ર, પુષ્પમાલા વગેરેથી સુશોભિત અને ખીલતી યુવાનીવાળો એક શ્રેષ્ઠિપુત્ર વિવાહ થઈ ગયા પછી પોતાના મિત્રોની સાથે રમત કરતો કરતો સાધુઓની પાસે આવ્યો. તેના મિત્રોએ મશ્કરીથી તેને આગળ કરીને સાધુઓને કહ્યું: ભવરૂપ જંગલથી કંટાળીને વિરાગી બનેલા અમારા આ મિત્રને જલદી દીક્ષા આપો. આ લોકો મશ્કરી કરે છે એમ જાણીને સાધુઓએ વિચાર્યું: આ લોકોની દવા આચાર્ય જ છે. અર્થાત્ અમે મશ્કરી ન કરવાનું કહીશું તો આ જુવાનિયા નહિ માને. એમને આચાર્ય મહારાજ જ પહોંચશે. આમ વિચારીને સાધુઓએ કહ્યું: આવું કાર્ય અમારા ગુરુ મહારાજ કરે છે, અમે નહિ. આથી તમે જલદી અમારા

ગુરુ પાસે જાઓ. બધા જુવાનિયા ત્યાં ગયા અને ગમ્મતથી સાધુઓને કહ્યું હતું તેમ કહ્યું. આચાર્ય મહારાજે કહ્યુંઃ જો દીક્ષા લેવી હોય તો જલદી રાખ લઇ આવો, જેથી તેનો લોચ કરું. તેના મિત્રો તો જલદી રાખ લઇ આવ્યા. આચાર્ય મહારાજે નવકાર ગણીને તેનો લોચ કરવા માંડ્યો. તેના મિત્રો તો શરમાઇ ગયા. લોચ થઇ ગયા પછી શ્રેષ્ઠિપુત્રે વિચાર્યુંઃ મેં જાતે જ સાધુપણાનો સ્વીકાર કર્યો છે. આથી હું હવે ઘરે કેવી રીતે જઇશ ? પછી તેણે મિત્રોને રજા આપીને આચાર્ય મહારાજને કહ્યુંઃ-

હે ભગવંત! મશ્કરી પણ મારા સારા માટે થઇ. ગરીબાઇથી સંતોષ માનનારા મને સુંદર રાજ્ય મળ્યું. આથી મારા સ્વજન, રાજા વગેરે મને લેવા ન આવે ત્યાં સુધીમાં આપણે બીજે ચાલ્યા જઇએ, નહિ તો આપણે સંકટમાં આવી પડીશું. ગુરુએ કહ્યુંઃ જો એમ હોય તો મને રસ્તો બતાવ, અર્થાત્ અંધારું હોવાથી તું આગળ ચાલીને મને સારો રસ્તો બતાવ. જેથી હું તારી પાછળ પાછળ ચાલું. નવદીક્ષિતે માર્ગ બતાવ્યો. બંનેએ બીજે જવા ચાલવા માંડ્યું. નવદીક્ષિત શિષ્ય આગળ ચાલે છે અને ગુરુ પાછળ ચાલે છે. વૃદ્ધાવસ્થાને લીધે રાત્રે માર્ગમાં દેખી નહિ શકતા ગુરુ આમ તેમ અથડાય છે. આથી અરે દુષ્ટ ! તેં આ કેવો માર્ગ જોયો ? આમ કહીને ગુસ્સાથી તેના મસ્તકમાં દાંડો ઠોકી દીધો. આમ તે ઉગ્ર ક્રોધી હોવાથી રસ્તામાં અથડામણ થાય ત્યારે ક્ષમાવંતોમાં શ્રેષ્ઠ શિષ્યને મસ્તકમાં દાંડો ઠોકતા ઠોકતા જાય છે. આ વખતે શિષ્યે વિચાર્યું કે-ખરેખર! હું મંદભાગ્ય છું, જેથી મેં પુણ્યવંતા આ મહાત્માને કષ્ટમાં નાખ્યા. આ ભગવંત સુખપૂર્વક પોતાના ગચ્છમાં રહ્યા હતા, પણ પાપી મેં નિરર્થક તેમને આ મહાન કષ્ટમાં નાખ્યા. આવી ભાવના ભાવતા તેને પ્રશસ્ત ધ્યાનરૂપ અગ્નિથી કર્મરૂપ કાષ્ઠો બળી જવાથી કેવળજ્ઞાન થયું. આથી તે કેવળજ્ઞાનના પ્રભાવથી ગુરુને સારા રસ્તે લઇ જવા લાગ્યો. પ્રભાત થતાં શિષ્યના મસ્તકને લોહીલુહાણ થયેલું જોઇને આચાર્ય પોતાની નિંદા કરવા લાગ્યા. ખરેખર! હું અધન્ય છું, પુણ્યહીન છું, રોષરૂપ અગ્નિને શમાવવા મેઘ સમાન શ્રુતજ્ઞાન મારી પાસે ઘણું હોવા છતાં મારો રોષાગ્નિ શમ્યો નહિ. હું પરને ક્ષમાનો ઉપદેશ આપવામાં કુશળ હોવા છતાં સ્વયં ક્ષમાથી રહિત છું. વર્ષો સુધી સંયમ પાળવા છતાં સર્વગુણોમાં

પ્રધાન ક્ષમાગુણ મારામાં ન આવ્યો. આ શિષ્ય ધન્ય છે, ગુણવંત છે, અત્યંત ઉત્તમ છે, આજે જ દીક્ષિત થયો હોવા છતાં તેનામાં ક્ષમાનો ગુણ કોઈ અપૂર્વ છે. આવી સુંદર ભાવનાથી અપૂર્વ વીર્યોલ્લાસ થતાં. આચાર્ય શ્રી ચંડરુદ્રસૂરિ પણ કેવલજ્ઞાન રૂપ લક્ષ્મી પામ્યા. (૧૭૮)

**मूलगुणसंजुअस्स य, गुरुणो वि य उवसंपया जुत्ता ।**
**दोसलवे वि अ सिक्खा, तस्सुचिया णवरि जं भणिअं ॥१७९॥**

मूलगुणसंयुतस्य च गुरोरपि चोपसम्पदा युक्ता ।
दोषलवेऽपि च शिक्षा, तस्योचिता नवरं यद् भणितम् ॥१७९॥

અલ્પદોષો હોવા છતાં મૂલગુણોથી યુક્ત ગુરુનો સ્વીકાર યોગ્ય છે. હા, (પ્રમાદી) ગુરુને ઉચિત હિતશિક્ષા આપવી. આ વિષે કહ્યું છે કે- (૧૭૯)

**मूलगुणसंपउत्तो, न दोसलवजोगओ इमो हेओ ।**
**महुरोवक्कमओ पुण, पवत्तिअव्वो जहुत्तंमि ॥१८०॥**

मूलगुणसंप्रयुक्तो न दोषलवयोगतोऽयं हेयः ॥
मधुरोपक्रमतः पुनः, प्रवर्तितव्यो यथोक्ते ॥१८०॥

मूलगुणाः-पञ्च महाव्रतानि व्रतषट्ककायषट्कादयो वा, तैः सम्यक्-सद्बोधप्रधानं प्रकर्षेण-उद्यमातिशयेन युक्तोऽन्वितो मूलगुणसंप्रयुक्तो गुरुरिति प्रकृतत्वात्सम्बध्यते, न दोषाणाम्-आशुकोपित्व-वचनापाटव-मन्दता-मनाक्प्रमादिताप्रभृतीनां लवा-लेशा दोषलवास्तद्योगात्-तत्सम्बन्धादयं गुरुर्हेयः परित्याज्यः, तथा चागमः-

"जेयावि मन्दि त्ति गुरुं विइत्ता, डहरे इमे अप्पसुयत्ति नच्चा ।
हीलन्ति मिच्छं पडिवज्जमाणा, कुणंति आसायण ते गुरूणं ॥ १ ॥
पगईइ मन्दावि हवन्ति एगे, डहरावि य जे सुयबुद्धोववेया ।
आयारमन्ता गुणसुट्ठियप्पा, जे हीलिया सिहिरिव भास कुज्जा ॥ २ ॥
जेयावि नागं डहरन्ति नच्चा, आसायए से अहियाय होइ ।
एवायरियंपि हु हीलयन्तो, नियच्छई जाइपहं खु मन्दो ॥ ३ ॥

गुरुगुणरहिओ य इहं, दट्ठव्वो मूलगुणविउत्तो जो ।
नहु गुणमित्तविहूण त्ति, चण्डरुद्दो उदाहरणं ॥ ४॥''

इत्यागमवचनान्यनुसृत्य मूलगुणशुद्धो गुरुर्न मोक्तव्यः ।

कदाचित् किंचित्प्रमादवांस्तु मधुरोपक्रमत इति तृतीयार्थे पञ्चमी, ततो मधुरोपक्रमेण-सुखदोपायेन प्रियवचनाञ्जलिप्रणामपूर्वकम् 'अनुपकृतपरहित-रतैर्भवद्भिः सुष्ठु वयं मोचिता गृहवासपाशात्, तदिदानीमुत्तरोत्तरमार्गप्रवर्त्तनेन निस्तारयतास्माद् भीमभवकान्ताराद्' इत्यादिप्रोत्साहनेन पुनर्भूयोपि प्रवर्त्तयितव्यो यथोक्तमार्गानुसारिण्यनुष्ठाने इति । (ध. र. प्र. गा. १३१)

જે મૂલગુણોથી સંયુક્ત હોય તે ગુરુ અલ્પદોષ હોવાના કારણે ત્યાગ કરવા યોગ્ય નથી. (પ્રમાદીગુરુને) મધુર ઉપાયોથી ફરી યથોક્ત અનુષ્ઠાનમાં પ્રવર્તાવવા.

**વિશેષાર્થ:- મૂલગુણોથી સંપ્રયુક્ત:-** પાંચ મહાવ્રતો અથવા વ્રતષટ્ક, કાયષટ્ક વગેરે મૂલગુણો છે. સંપ્રયુક્ત શબ્દમાં સં, પ્ર અને યુક્ત એમ ત્રણ શબ્દો છે, સં એટલે સમ્યક્. સમ્યક્ એટલે સદ્બોધથી પ્રધાન. પ્ર એટલે પ્રકર્ષથી. પ્રકર્ષથી એટલે અતિશય ઉદ્યમથી. સદ્બોધની પ્રધાનતા હોય અને મૂલગુણોમાં અતિશય ઉદ્યમ હોય. જે ગુરુને શાસ્ત્રોનો સારો બોધ હોય અને અતિશય ઉદ્યમથી મૂલગુણોનું પાલન કરતા હોય તે ગુરુ મૂલગુણોથી સંપ્રયુક્ત છે.

**અલ્પદોષો:-** શીઘ્ર કુપિત બને, બોલવામાં હોંશિયારી ન હોય, ક્ષયોપશમ મંદ હોય, ક્રિયા વગેરેમાં કંઇક પ્રમાદ હોય ઇત્યાદિ થોડા દોષો હોય. આવા થોડા દોષોના કારણે ગુરુનો ત્યાગ ન કરવો.

## ગુરુની હીલનાથી સંસાર પરિભ્રમણ

આ વિષે આગમમાં આ પ્રમાણે કહ્યું છે:-

જે કોઇ ક્ષુદ્ર પ્રકૃતિવાળો નામધારીસાધુ પોતાના આચાર્યમાં (ગુરુમાં) તથાવિધ ક્ષયોપશમની ન્યૂનતા હોવાથી તેઓને શાસ્ત્રાનુસારે આલોચનાદિ કાર્યોમાં અસમર્થ જાણીને, તથા કોઇ કારણે લઘુવયમાં પણ આચાર્યપદે સ્થાપેલા હોય તેઓને 'આ તો બાળક જેવા છે' એમ સમજીને, તથા

અલ્પશ્રુતવાળા='આગમના વિશિષ્ટ બોધ વિનાના' જાણીને, તેઓની 'તમે તો બુદ્ધિશાળી છો, વૃદ્ધ છો, બહુશ્રુત છો' ઇત્યાદિ હાંસી કરે, અથવા બુદ્ધિ વિનાના છો એમ નિન્દા કરે, તે નામધારી સાધુ 'ગુરુની હીલના ન કરવી' એ શાસ્ત્રવચનથી વિરુદ્ધ વર્તે છે, તે ગુરુની આશાતના કરે છે. ગુરુમાં કરેલી આચાર્યપદની સ્થાપનાનું અપમાન કરનારો એવા એકની જ નહિ, એકદ્વારા સર્વ આચાર્યોની આશાતના કરે છે, અથવા તે નિમિત્તથી પોતાનાં જ્ઞાન-દર્શન-ચારિત્રની (પણ) આશાતના (નાશ) કરે છે. માટે નાના કે અલ્પબોધવાળા પણ આચાર્યની (ગુરુની) અવહીલના નહિ કરવી. (૧)

હવે તે માટે કહે છે કે-કર્મની વિચિત્રતાથી કોઇ વયોવૃદ્ધ છતાં સદ્‌બુદ્ધિ રહિત પણ હોય, અને કોઇ અપરિણત વયવાળા (=લઘુવયવાળા) હોવા છતાં કુશળ (=નિર્મળ બુદ્ધિવાળા), જ્ઞાનાચારાદિ આચારોથી યુક્ત અને આચાર્યપદને યોગ્ય ગુણવાળા પણ હોય, માટે નાના (કે અલ્પજ્ઞ) સમજી તેઓની હલકાઇ નહિ કરવી. એવી હલકાઇ કરવાથી અગ્નિ જેમ ઇન્ધણને બાળી નાખે, તેમ ગુરુની હલકાઇ પણ તેને કરનારાનાં જ્ઞાનાદિ ગુણોનો નાશ કરે છે, અર્થાત્ અગ્નિને સ્પર્શ કરનાર જેમ ભસ્મીભૂત થાય, તેમ નાના પણ ગુણી આચાર્યની આશાતના કરનારો પોતાના ગુણોને ભસ્મસાત્ કરે છે. (૨)

હવે નાના સમજીને હલકાઇ કરનારાને વિશેષ દોષ લાગે એમ જણાવે છે- જેમ કોઇ 'આ તો નાનો છે' એમ સમજીને જો સર્પને સતાવે-કદર્થના કરે, તો તે સાપના કરડવાથી તેના પ્રાણનો નાશ (અહિત) થાય છે, તેમ કોઇ કારણે અપરિણત-લઘુવયવાળા પણ યોગ્યને આચાર્યપદે સ્થાપ્યા હોય તેની હીલના કરનારો બેઇન્દ્રિય વગેરે ક્ષુદ્ર જાતિઓમાં સંસારમાં પરિભ્રમણ કરે છે, અર્થાત્ પોતાની સંસારની રખડપટ્ટી વધારી મૂકે છે, નીચ યોનિઓમાં ઉપજી દુ:ખી થાય છે. (૩)

જે મૂલગુણોથી રહિત છે તે જ ગુરુના ગુણોથી રહિત જાણવો, નહિ કે ગુણમાત્રથી રહિત, અર્થાત્ સુંદર આકૃતિ, વિશિષ્ટ ઉપશમ વગેરે ઉત્તરગુણોથી રહિત પણ જો મૂલગુણોથી યુક્ત હોય તો ગુરુ જ છે. આ વિષયમાં ચંડરુદ્રનામના આચાર્યનું દૃષ્ટાંત છે. (૪)

આવા આગમ વચનોને અનુસરીને મૂલગુણોથી શુદ્ધગુરુને ન છોડવા. ક્યારેક કંઈક પ્રમાદવાળા ગુરુને તો મધુર (=સુખકર) ઉપાયથી યથોક્ત અનુષ્ઠાનમાં પ્રવર્તાવવા. તે આ પ્રમાણે- અંજલિ જોડીને પ્રણામ કરવા પૂર્વક પ્રિયવચનથી કહેવું કે ઉપકાર નહિ કરનારા પણ બીજાઓના હિતમાં તત્પર એવા આપે અમને ગૃહાવાસરૂપ પાશમાંથી સારી રીતે છોડાવ્યા. તેથી હવે અમને ઉત્તરોત્તર મોક્ષમાર્ગમાં પ્રવર્તાવીને આ ભયંકર ભવરૂપ અરણ્યથી પાર ઉતારો. ઇત્યાદિ પ્રોત્સાહન આપીને યથોક્તમાર્ગને અનુસરનારા અનુષ્ઠાનમાં ફરી પણ પ્રવર્તાવવા. (૧૮૦)

**पत्तो सुसीससद्दो, एव कुणंतेण पंथगेणावि ॥**
**गाढप्पमाइणो वि हु, सेलगसूरिस्स सीसेण ॥१८१॥**

प्राप्तः सुशिष्यशब्द एवं कुर्वता पन्थकेनापि ॥
गाढप्रमादिनोऽपि खलु शैलकसूरेः शिष्येण ॥१८१॥

प्राप्तो-लब्धः सुशिष्य इति शब्दो विशेषणम्, एवं गुरुर्भूयोपि चारित्रे प्रवृत्तिं कारयता पन्थकेन-पन्थकनाम्ना सचिवपुङ्गवसाधुना, अपिशब्दादन्यैरपि तथाविधैः, यतोऽभाणि-

"सीइज्ज कयावि गुरू, तंपि सुसीसा सुनिउणमहुरेहिं ।
मग्गे ठवन्ति पुणरवि, जह सेलगपंथगो नायं ।"

तमेव विशिनष्टि- गाढप्रमादिनोपि-अतिशयशैथिल्यवतोपि शैलकसूरेः शिष्येणेति व्यक्तमेवेति गाथाक्षरार्थः । भावार्थः कथानकादवसेयः । तच्चेदम्-

कविकुलकलाविकलियं, सेलगपुरमत्थि सेलसिहरं व ।
तत्थ प्पयावसियकित्तिमेलओ सेलओ राया ॥१॥
सद्धम्मकम्मवज्जियछउमा पउमावई पिया तस्स ।
सन्नीइनागवल्लीइ, मंडवो मड्डुगो पुत्तो ॥२॥
चउसुद्धबुद्धिसंसिद्धिपंथगा पंथगाइणो आसि ।
रज्जभरधरणसज्जा, सुमन्तिणो पंचसयसंखा ॥३॥
थावच्चासुयगणहरसमीवपडिवन्नसुद्धगिहिधम्मो ।
सेलगराया रज्जं, तिवग्गसारं चिरं कुणइ ॥४॥

अन्नदिणे थावच्चासुयपहुपयवत्तिसुयगुरुसमीवे ।
पंचहि मंतिसएहिं, पंथगपमुहेहि परियरिओ ॥५॥
मड्डुगपुत्ते रज्जं, ठविऊणं गिण्हए वयं राया ।
इक्कारस अंगाइं, अहिज्जिओ वज्जियावज्जो ॥६॥
पंथगपमुहाण तओ, पंचमुणिसयाण नायगो ठविओ ।
सुयमुणिवरेण सेलगरायरिसी जिणसमयविहिणा ॥७॥
सुयसूरी उ महप्पा, समए आहारवज्जणं काउं ।
सिरिविमलसिहरिसिहरे, सहस्ससहिओ सिवं पत्तो ॥८॥
अह सेलगरायरिसी, अणुचियभत्ताइभोगदोसेण ।
दाहजराईतविओ, समागओ सेलगपुरम्मि ॥९॥
उज्जाणंमि पसत्थे, सुभूमिभागंमि तं समोसरियं ।
सोऊण पहिट्ठमणो, विणिग्गओ मड्डुओ राया ॥१०॥
कयवन्दणाइकिच्चो, सरीरवत्तं वियाणिउं गुरुणो ।
विन्नवइ एह भन्ते! मम गेहे जाणसालासु ॥११॥
भत्तोसहाइएहिं, अहापवत्तेहिं तत्थ तुम्हाणं ।
कारेमि जेण किरियं, धम्मसरीरस्स रक्खट्ठा ॥१२॥

**तथा चोक्तम्-**

"शरीरं धर्मसंयुक्तं, रक्षणीयं प्रयत्नतः ।
श्रवेच्छरीरतो धर्मः, पर्वतात्सलिलं यथा ॥१३॥
पडिवन्नमिणं गुरुणा, पारद्धा तत्थ उत्तमा किरिया ।
निद्धमहुराइएहिं, आहारेहिं सुविज्जेहिं ॥१४॥
विज्जाण कुसलयाए, पत्थोसहपाणगाइधुवलाभा ।
थेवदियहेहिं एसो, जाओ निरुओ य बलवं च ॥१५॥
नवरं सिणिद्धपेसलआहाराईसु मुच्छिओ धणियं ।
सुहसीलयं पवन्नो, निच्छइ गामंतरविहारं ॥१६॥
बहुसोवि भणिज्जन्तो, विरमइ नो जाव सो पमायाओ ।
ताहे पन्थगवज्जा, मुणिणो मंतंति एगत्थ ॥१७॥

कम्माइं नूण घणचिक्काइं कुडिलाइं वज्जसाराइं ।
नाणड्ढयंपि पुरिसं, पंथाओ उप्पहं निंति ॥१८॥
नाऊण सुयबलेणं, करयलमुत्ताहलं व भुवणयलं ।
अहह निवडन्ति केवि हु, ओपिच्छह कम्मबलियत्तं ॥१९॥
मुत्तूण रायरिद्धिं, मुक्खत्थी ताव एस पव्वइओ ।
संपइ अइप्पमाया, विम्हरियपओयणो जाओ ॥२०॥
काले न देइ सुत्तं, अत्थं न कहेइ पुच्छमाणाणं ।
आवस्सगाइ तत्तिं, मुत्तुं बहु मन्नए निद्दं ॥२१॥
सारणवारणपडिचोयणाइ न मणंपि देइ गच्छस्स ।
न य सारणाइरहिए, गच्छे वासो खणंपि खमो ॥२२॥

**तथा चागमः-**

जहिं नत्थि सारणा वारणा य पडिचोयणा य गच्छंमि ।
सो उ अगच्छो गच्छो, संजमकामीहिं मुत्तव्वो ॥२३॥
उवगारी य दढमिमो, अम्हाणं धम्मचरणहेउत्ता ।
मुत्तुं धित्तुं च इमं, जुत्त त्ति फुडं न याणामो ॥२४॥
अहवा किं अम्हाणं, कारणरहिएण नीयवासेण ।
गुरुणो वेयावच्चे, पंथगसाहुं निउंजित्ता ॥२५॥
एयं चिय पुच्छित्ता, विहरामो उज्जया वयं सव्वे ।
कालहरणंपि कीरइ, जो वेयइ एस अप्पाणं ॥२६॥
सामत्थिऊण एवं, पंथगसाहुं ठवित्तु गुरुपासे ।
ते सव्वेवि हु मुणिणो, अन्नत्थ सुहं पविहरिंसु ॥२७॥
पंथगमुणीवि गुरुणो, वेयावच्चं जहोचियं कुणइ ।
असवत्तजोगजुत्तो, सया अणूणं च नियकिरियं ॥२८॥
कत्तियचाउम्मासे, सूरी भुत्तूण निद्धमहुराइं ।
परिहरियसयलकिच्चो, सुत्तो नीसट्ठसव्वंगो ॥२९॥
आवस्सगं कुणंतो, पंथगसाहूवि खामणनिमित्तं ।
सीसेण तस्स पाए, आघट्टइ विणयनयनिउणो ॥३०॥

तो कुविओ रायरिसी, जंपइ को एस अज्ज निल्लज्जो ।
पाए आघट्टंतो निद्दाविग्घे मह पयट्टो? ॥३१॥
रुट्ठं दट्ठुं सूरिं, महुरगिरं पंथगो इय भणेइ ।
चाउम्मासियखामणकए मए दूमिया तुब्भे ॥३२॥
ता एगं अवराहं, खमह न काहामि एरिसं बीयं ।
हुंति खमासीलच्चिय उत्तमपुरिसा जओ लोए ॥३३॥
इय पंथगमुणिवयणं, आयन्नंतस्स तस्स सूरिस्स ।
सूरुग्गमे तमं पिव, अन्नाणं दूरमोसरियं ॥ ३४॥
बहुसो निंदिय अप्पं, सविसेसं जायसंजमुज्जोओ ।
खामेइ पंथगमुणिं, पुणो पुणो सुद्धपरिणामो ॥३५॥
बीयदिणे मड्डुगनिवमापुच्छिय दोवि सेलगपुराओ ।
निक्खंता पारद्धा, उग्गविहारेण विहरेउं ॥३६॥
अवगयतव्वुत्तंता, संपत्ता सेसमंतिमुणिणोवि ।
विहरिय चिरं सुविहिणा, आरूढा पुंडरीयगिरिं ॥३७॥
दोमासकयाणसणो, सेलेसिं काठ सेलगमहेसी ।
पंचसयसमणसहिओ, लोयग्गठियं पयं पत्तो ॥३८॥
एवं पन्थकसाधुवृत्तममलं श्रुत्वा चरित्रोज्ज्वलं,
सज्ज्ञानादिगुणान्वितं गुरुकुलं सेवध्वमुच्चैस्तथा ।
भो भो साधुजना! गुरोरपि यथा सत्संयमे सीदतो,
निस्ताराय कदाचन प्रभवत स्फूर्जद्गुणश्रेणयः ॥३९॥

॥ इति पन्थकसाधुकथानकम् ॥ (ધ. ર. પ્ર. ગા. ૧૩૨)

ગાઢ પ્રમાદી પણ ગુરુને ફરી ચારિત્રમાં પ્રવર્તાવનારા શૈલકસૂરિના શિષ્ય પંથકે પણ સુશિષ્ય એવું વિશેષણ પ્રાપ્ત કર્યું.

**વિશેષાર્થઃ**- ગાઢ પ્રમાદી એટલે અતિશય શિથિલ. શ્રેષ્ઠમંત્રી સાધુનું પંથક નામ હતું. 'પંથકે પણ' એ સ્થળે રહેલા પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- તેવા પ્રકારના બીજા સુશિષ્યોએ પણ સ્વગુરુને ફરી ચારિત્રમાં પ્રવર્તાવીને 'સુશિષ્ય' એવું વિશેષણ પ્રાપ્ત કર્યું છે. કારણ કે કહ્યું છે કે- ''ક્યારેક ગુરુ સીદાય(=શિથિલ બને) તો તેને પણ સુશિષ્યો અત્યંત કુશળ અને મધુર

વચનોથી ફરી પણ માર્ગમાં સ્થાપિત કરે છે. આ વિષે શૈલકસૂરિ અને પંથકમુનિનું દૃષ્ટાંત છે.”

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાનકથી જાણવો. તે કથાનક આ પ્રમાણે છે-

## શૈલકસૂરિ અને પંથકમુનિનું દૃષ્ટાંત

પર્વતના શિખરની જેમ કવિકુલરૂપ મોરલાઓથી યુક્ત શૈલક-નામનું નગર હતું. ત્યાં પ્રતાપ અને નિર્મલ કીર્તિના સંયોગોવાળો શૈલક નામનો રાજા હતો. તેની સદ્ધર્મના કાર્યોમાં નિષ્કપટ પદ્માવતી નામની રાણી હતી. તથા સુનીતિ રૂપ નાગરવેલના મંડપ સમાન મંડુક નામનો પુત્ર હતો. તેના પંથક વગેરે પાંચસો શ્રેષ્ઠ મંત્રીઓ હતા. તે મંત્રીઓ ચાર શુદ્ધ બુદ્ધિની સમ્યક્ સિદ્ધિના માર્ગસમાન હતા, અને રાજ્યના ભાર ધારણ કરવામાં તત્પર હતા. શૈલકરાજાએ થાવચ્ચાપુત્ર આચાર્યની પાસે શુદ્ધ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કરીને ધર્મ-અર્થ-કામ એ ત્રિવર્ગ સાધવાપૂર્વક લાંબા કાળ સુધી રાજ્ય કર્યું. એકવાર શૈલકરાજાએ મંડુક પુત્રને રાજ્ય ઉપર સ્થાપિત કરીને થાવચ્ચાપુત્ર આચાર્યના ચરણોમાં રહેનારા શુક નામના ગુરુની પાસે પંથક વગેરે પાંચસો મંત્રીઓની સાથે દીક્ષા લીધી.

જેણે સઘળા પાપોનો ત્યાગ કર્યો છે એવા શૈલકમુનિએ અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. ત્યારબાદ શુક મુનિવરે શૈલક રાજર્ષિને જિનશાસ્ત્રમાં કહેલી વિધિથી પંથક વગેરે પાંચસો મુનિઓના નાયક બનાવ્યા. મહાત્મા શુક આચાર્ય અવસરે આહારનો ત્યાગ કરીને શ્રી વિમલાચલના શિખર ઉપર એકહજાર મુનિઓની સાથે મુક્તિને પામ્યા.

હવે અનુચિત આહાર આદિ વાપરવાના દોષથી દાહજ્વર આદિ રોગથી પીડિત થયેલા શૈલકરાજર્ષિ શૈલક નગરમાં આવ્યા. શ્રેષ્ઠ ઉદ્યાનમાં શ્રેષ્ઠભૂમિ ભાગમાં શૈલકરાજર્ષિ સમવસરેલા છે, એમ સાંભળીને અત્યંત હર્ષ પામેલો મંડુકરાજા તેમને વંદન કરવા માટે નીકળ્યો. વંદનાદિ કાર્ય કરીને ગુરુના શરીરનો વૃત્તાંત જાણીને વિનંતિ કરી કે હે ભગવંત! મારા ઘરે

વાહનશાલામાં પધારો. જેથી ત્યાં ધર્મશરીરની રક્ષા માટે યથાપ્રવૃત્ત (=નિર્દોષ) ભક્ત-ઔષધ આદિથી આપના રોગની ચિકિત્સા કરાવું. કહ્યું છે કે- ''ધર્મસંયુક્ત શરીરની પ્રયત્નથી રક્ષા કરવી. કારણ કે જેમ પર્વતમાંથી પાણી ઝરે છે'' તેમ શરીરમાંથી ધર્મ ઝરે છે. ગુરુએ એની વિનંતિનો સ્વીકાર કર્યો. ત્યાં સારા વૈદ્યોએ સ્નિગ્ધ-મધુર આહારથી શ્રેષ્ઠ ચિકિત્સા શરૂ કરી. વૈદ્યોની કુશલતાથી અને નિત્ય પથ્ય-ઔષધ-પાણી વગેરે મળવાથી થોડા દિવસોમાં મુનિ નિરોગી અને બલવાન થઇ ગયા.

પણ તે મુનિ સ્નિગ્ધ અને મધુર આહાર વગેરેમાં અત્યંત આસક્ત બની ગયા, આથી સુખશીલતાને પામેલા તે અન્યગામમાં જવા માંટે ઇચ્છતા નથી. ઘણીવાર કહેવા છતાં પ્રમાદથી વિરામ પામ્યા નહિ ત્યારે પંથક સિવાયના મુનિઓએ ભેગા થઇને વિચારણા કરી. તે આ પ્રમાણે- ખરેખર! અત્યંત ચિકણાં, કુટિલ અને વજ્ર જેવા દૃઢ કર્મો જ્ઞાનથી સમૃદ્ધ પણ પુરુષને માર્ગથી ઉન્માર્ગમાં લઇ જાય છે. અધધ ! કર્મના બલને તો જુઓ કે કેટલાકો શ્રુતબળથી જગતને હાથમાં રહેલા મોતીની જેમ જાણીને પણ નીચે પડે છે. આ રાજઋદ્ધિ છોડીને મોક્ષ માટે પ્રવ્રજિત થયા છે. પણ હમણાં અતિપ્રમાદથી સ્વપ્રયોજનને ભૂલી ગયા છે. કાળે સૂત્ર આપતા નથી. પૂછતા સાધુઓને અર્થ કહેતા નથી. આવશ્યક આદિ કાર્યો છોડીને ઘણી નિદ્રા કરે છે. ગચ્છની સારણા-વારણા-પડિચોયણા વગેરે જરા પણ કરતા નથી. સારણાદિથી રહિત ગચ્છમાં ક્ષણવાર પણ વાસ કરવો યોગ્ય નથી. આગમમાં કહ્યું છે કે- ''જે ગચ્છમાં સારણા-વારણા-પડિચોયણા નથી તે ગચ્છ (પરમાર્થથી)ગચ્છ નથી. સંયમના અર્થીઓએ તે ગચ્છનો ત્યાગ કરવો જોઇએ.'' ચારિત્રધર્મ આપવાના કારણે આ આપણા અતિશય ઉપકારી છે. તેથી આ મૂકવા યોગ્ય છે કે સ્વીકારવા યોગ્ય છે તે આપણે સ્પષ્ટ જાણતા નથી. અથવા કારણરહિત નિત્યવાસથી આપણને શું ? ગુરુની વેયાવચ્ચમાં પંથકમુનિને જોડીને અને એને જ પૂછીને આપણે બધા ઉદ્યત થઇને વિચરીએ. એ જ્યાં સુધી પોતાને ઓળખે નહિ ત્યાં સુધી કાળ પસાર કરવો એ યોગ્ય છે. આમ વિચારીને પંથકમુનિને ગુરુની પાસે મૂકીને તે બધાય સાધુઓએ સુખપૂર્વક અન્યત્ર વિહાર કર્યો.

પંથકમુનિ પણ યથાયોગ્ય ગુરુની વેયાવચ્ચ કરવા લાગ્યા, અને એકયોગનો બીજાયોગની સાથે વિરોધ ન આવે તે રીતે સદા સંપૂર્ણ સ્વક્રિયાને કરતા હતા. આચાર્ય કાર્તિક ચોમાસીના દિવસે સ્નિગ્ધ-મધુર આહાર વાપરીને, સકલ કર્તવ્યોને છોડીને, શરીરના સર્વ અંગોને લંબાવીને સૂઇ ગયા. આવશ્યકને કરતા પંથકમુનિ પણ વિનય કરવામાં કુશળ હોવાના કારણે ખામણા નિમિત્તે મસ્તકથી તેમના ચરણોનો સ્પર્શ કર્યો. તેથી કુપિત થયેલા રાજર્ષિ બોલ્યા કે આજે આ નિર્લજ્જ કોણ ચરણોને સ્પર્શીને મને નિદ્રામાં અંતરાય કરવા પ્રવૃત્ત થયો છે ? આચાર્યને ગુસ્સે થયેલા જોઇને પંથકમુનિએ મધુરવાણીથી આ પ્રમાણે કહ્યુંઃ ચાતુર્માસિક ખામણા કરવા માટે આપ મારાથી સંતાપ પમાડાયા છો. તેથી આ એક અપરાધની ક્ષમા આપો. આવું બીજીવાર નહિ કરું. કારણ કે લોકમાં ઉત્તમપુરુષો ક્ષમાશીલ જ હોય છે. આ પ્રમાણે પંથકમુનિના વચનને સાંભળતા તે આચાર્યનું અજ્ઞાન સૂર્યોદય થતાં અંધકારની જેમ દૂર હટી ગયું. તે આચાર્ય વારંવાર પોતાની નિંદા કરીને વિશેષથી સંયમમાં ઉદ્યત થયા અને શુદ્ધપરિણામવાળા તેમણે ફરી ફરી મુનિને ખમાવ્યા. બીજા દિવસે મંડુકરાજાને કહીને બંને શૈલકનગરથી નીકળીને ઉગ્રવિહારથી વિચરવા લાગ્યા. આ વૃત્તાંત જાણીને શેષ મંત્રીમુનિઓ પણ તેમના ભેગા થઇ ગયા. શુદ્ધવિધિથી લાંબા કાળ સુધી વિચરીને અંતસમયે સિદ્ધગિરિ ઉપર ચઢ્યા. ત્યાં બે માસનું અનશન કરીને શૈલેશીકરણ કરીને શૈલક મહર્ષિ પાંચસો સાધુઓની સાથે લોકના અગ્રભાગે રહેલા મુક્તિપદને પામ્યા.

હે સાધુજનો ! આ પ્રમાણે પંથકમુનિનું નિર્મલ અને ચારિત્રથી ઉજ્જ્વલ વૃત્તાંત સાંભળીને સમ્યક્જ્ઞાનાદિગુણોથી યુક્ત ગુરુકુલનું તેવી રીતે ઉત્કૃષ્ટ સેવન કરો કે જેથી સ્ફુરાયમાન ગુણ શ્રેણિવાળા બનીને ક્યારેક શુદ્ધસંયમમાં સીદાતા ગુરુનો પણ નિસ્તાર કરવા માટે સમર્થ બનો.

આ પ્રમાણે પંથકમુનિનું કથાનક પૂર્ણ થયું. (૧૮૧)

**नणु सेलगसेवाए, जइ लद्धं सेलगस्स सीसत्तं ।**
**तं मुत्तूण गयाणं, ता पंचसयाण तमलद्धं ॥१८२॥**

ननु शैलकसेवायां यदि लब्धं शैलकस्य शिष्यत्वम् ।
तं मुक्त्वा गतानां तस्मात्पञ्चशतानां तदलब्धम् ॥१८२॥

**પ્રશ્નઃ**- શૈલકસૂરિની સેવાથી જો પંથકમુનિને 'સુશિષ્ય' એવું વિશેષણ હોય તો તેમને છોડીને ગયેલા પાંચસો મુનિઓને 'સુશિષ્ય' એવું વિશેષણ ન મળ્યું, અર્થાત્ તે સુશિષ્ય ન હતા એમ સિદ્ધ થયું. (૧૮૨)

**तस्स य मूलगुणेसु, संतेसु वि दुण्ह गमणठाणाई ।**
**तेसिं तस्स य जुत्ति-क्खमाइ कइ होंति वेहम्मा ॥१८३॥**

तस्य मूलगुणेषु च सत्सु गमनस्थानादीनि ।
तेषां तस्य च युक्तिक्षमाणि कथं भवन्ति वैधर्म्यात् ॥१८३॥

તે આચાર્યમાં મૂલગુણો હોવા છતાં પાંચસો ગયા અને એક રહ્યા, એ બેના (પાંચસો મુનિ અને એક મુનિ એમ બેના) ગમન અને સ્થાન (=જવું અને રહેવું) વિપરીત હોવાના કારણે યુક્તિક્ષમ કેવી રીતે થાય ? એ બે યુક્તિથી કેવી રીતે ઘટી શકે? અર્થાત્ ન ઘટી શકે. (૧૮૩)

**मूलगुणसंजुअस्स य, दोसे वि अवज्जणं उवक्कमिउं ।**
**धम्मरयणंमि भणिअं, पंथगणायंति चिंतमिणं ॥१८४॥**

मूलगुणसंयुतस्य च दोषानप्यवर्जनमुपक्रम्य ।
धर्मरत्ने भणितं पन्थकज्ञातमिति चिन्त्यमिदम् ॥१८४॥

દોષ હોવા છતાં મૂલગુણ સંયુક્તનો ત્યાગ ન કરવો એવી ભૂમિકા કરીને ધર્મરત્ન પ્રકરણ ગ્રંથમાં પંથકનું દૃષ્ટાંત કહ્યું છે. આથી આ (પાંચસોનું ગમન) વિચારણીય છે. (૧૮૪)

**भन्नइ पंचसयाणं, चरणं तुल्लं च पंथगस्सावि ।**
**अहिगिच्च उ गुरुरायं, विसेसिओ पंथओ तहवि ॥१८५॥**

भण्यते पञ्चशत्याश्चरणं तुल्यं च पन्थकस्यापि ॥
अधिकृत्य च गुरुरागं, विशेषितः पन्थकस्तथापि ॥१८५॥

**ઉત્તરઃ-** પાંચસો મુનિઓનું અને પંથકમુનિનું ચારિત્ર તુલ્ય હતું. તો પણ પંથકમુનિના ગુરુરાગને (=ગુરુ પ્રત્યે અધિક રાગને) આશ્રયીને પંથકને વિશેષ કહ્યો છે= પંથકની વિશેષ મહત્તા બતાવી છે. (૧૮૫)

**णियमेण चरणभावा, पंचसयाणं पि जइ वि गुरुराओ ।**
**तहवि अ परिणामवसा, उक्किट्ठो पंथगस्सेसो ॥१८६॥**

नियमेन चरणभावात्पञ्चशत्या अपि यद्यपि गुरुरागः ।
तथापि च परिणामवशादुत्कृष्टः पन्थकस्यैषः ॥१८६॥

જો કે પાંચસો મુનિઓમાં ચારિત્રનો પરિણામ હોવાથી અવશ્ય ગુરુ રાગ હતો. તો પણ પંથકમાં ગુરુરાગ પરિણામના કારણે (=અંતરના પરિણામની દૃષ્ટિએ) ઉત્કૃષ્ટ હતો. (૧૮૬)

**ण य एअं दुण्णेयं, जं गोसालोवसग्गिए नाहे ।**
**अण्णाविक्खाइ सुओ, बाढं रत्तो सुणक्खत्तो ॥१८७॥**

न चैतद् दुर्ज्ञेयं यद् गोशालोपसर्गिते नाथे ।
अन्यापेक्षया श्रुतो बाढं रक्तः सुनक्षत्रः ॥१८७॥

આ (=પરિણામના કારણે ઉત્કૃષ્ટ ગુરુરાગ હોય એ વિષય) જાણવું એ કઠીન છે એવું નથી. કારણ કે જ્યારે ગોશાલાએ શ્રી મહાવીર ભગવાન ઉપર ઉપસર્ગ કર્યો=તેજોલેશ્યા ફેંકી ત્યારે સુનક્ષત્રમાં અન્યની અપેક્ષાએ શ્રી મહાવીર ભગવાન ઉપર અધિક રાગ હતો એમ શાસ્ત્રમાં સંભળાય છે. (૧૮૭)

**पहुअणुरत्तेण तहा, रुन्नं सीहेण मालुआकच्छे ।**
**तब्भावपरिणयप्पा पहुणा सद्दाविओ अ इमो ॥१८८॥**

प्रभ्वनुरक्तेन तथा रुदितं सिंहेन मालुकाकच्छे ।
तद्भावपरिणतात्मा, प्रभुणा शब्दायितश्चायम् ॥१८८॥

શ્રી વીરપ્રભુમાં અનુરાગવાળા સિંહમુનિએ માલુકાવનમાં તેવી રીતે રૂદન કર્યું કે જેથી પ્રભુરાગભાવના પરિણામવાળા તે સિંહમુનિને શ્રી વીરપ્રભુએ પોતાની પાસે બોલાવ્યા.

**વિશેષાર્થઃ-** સુનક્ષત્ર અને સિંહ અણગાર એ બે દૃષ્ટાંતો આપીને ગ્રંથકાર એ કહેવા માગે છે કે આ બેમાં શ્રી વીરપ્રભુ પ્રત્યે બીજા મુનિઓથી અધિક રાગ હતો એ એમની વિશેષ પ્રવૃત્તિથી જણાઇ આવે છે. એ રીતે બીજા જીવોમાં પણ વિશેષ પ્રવૃત્તિથી અધિકરાગ જાણી શકાય છે. આમ કોઇ વ્યક્તિમાં કોઇ વ્યક્તિ પ્રત્યે બીજાઓથી અધિક રાગ હોય એ વિષયને જાણવું એ કઠીન નથી એ સિદ્ધ થયું. (૧૮૮)

**कस्स वि कत्थइ पीई, धम्मोवायंमि दढयरा होइ ।**
**ण य अण्णुण्णाबाहा, मूलच्छेआवहा एवं ॥ १८९॥**

कस्यापि कुत्रचित्प्रीतिर्धर्मोपाये दृढतरा भवति ।
न चान्योन्याबाधान्मूलच्छेदावहा एवम् ॥१८९॥

કોઇક જીવને ધર્મના કોઇક ઉપાયમાં અધિક દૃઢ પ્રીતિ હોય છે. આવી પ્રીતિ ધર્મના ઉપાયોમાં એક-બીજાની સાથે બાધા ન પમાડવાના કારણે મૂલગુણના વિનાશને કે ન્યૂનતાને પમાડતી નથી.

**વિશેષાર્થઃ-** અહીં મૂલગુણ એટલે મુખ્યગુણ. ધર્મમાં પ્રીતિ અથવા ધર્મના ઉપાયોમાં પ્રીતિ એ મુખ્યગુણ છે. ધર્મના કોઇ ઉપાયમાં અધિક દૃઢ પ્રીતિ ધર્મમાં રહેલી પ્રીતિનો વિનાશ કરતી નથી, અથવા ધર્મના ઉપાયોમાં રહેલી પ્રીતિનો વિનાશ કરતી નથી. કારણ કે આવી પ્રીતિ જે ધર્મના ઉપાયમાં અધિક દૃઢ પ્રીતિ છે, તે સિવાયના ધર્મના ઉપાયોમાં પરસ્પર એક બીજાને બાધા પહોંચાડતી નથી. હા, જો આવી પ્રીતિ અન્ય ધર્મના ઉપાયોને *બાધા પહોંચાડે તો મૂલગુણનો વિનાશ કે ન્યૂનતા થાય. જેમ કે- કોઇને* પ્રભુપૂજામાં અધિક રાગ છે, એથી પ્રભુપૂજા અધિક કરે છે. પણ જો તે પ્રભુપૂજા સિવાયના સાધુસેવા, જિનવાણીશ્રવણ વગેરેમાં ઉપેક્ષા કરે તો એ રાગ ધર્મરાગનો નાશ કરે કે ન્યૂનતા કરે એ સંભવિત છે. તેવી રીતે કોઇને કોઇ પણ કારણથી અમુક સાધુસમુદાય ઉપર અધિક રાગ છે, અને એથી તે વ્યક્તિ તે સમુદાયની અધિક ભક્તિ કરે એ ઉચિત છે. પણ જો તે અન્ય ગુણસંપન્ન સાધુસમુદાયની ઉપેક્ષા કરે તો એ રાગ ધર્મરાગનો કે

ધર્મના ઉપાયોના રાગનો નાશ કરે અથવા તેમાં ખામી લાવી દે એ સંભવિત છે. (જો આ વિષય બરાબર સમજાય તો જે લોકો દેવ-દેવીઓની અધિક પૂજા કરે છે અને પ્રભુપૂજા પ્રત્યે ઉપેક્ષા સેવે છે તેમનો ધર્મરાગ કેવો છે તે સમજવામાં વાર ન લાગે. એવી રીતે જે સાધુ વિદ્યા-મંત્રનો પટ્ટ વગેરે ખૂબ જ એકાગ્રતાથી અને ચીવટથી ગણે અને પ્રતિક્રમણ વગેરે ક્રિયા જેમ તેમ પતાવી દે તેમાં ધર્મરાગ કેવો છે એ પણ સ્પષ્ટ સમજી શકાય તેવું છે.) (૧૮૯)

**अण्णेहिं पंथगस्स उ, गुरुरागुक्करिसओ ण संगारो ।**
**गुरुसेवाइ स रत्तो, अण्णे अब्भुज्जयविहारे ॥१९०॥**

अन्यैः पन्थकस्य तु, गुरुरागोत्कर्षतो न संगारः (संकेतः) ।
गुरुसेवायां स रक्तो, अन्येऽभ्युद्यतविहारे ॥१९०॥

પંથકમુનિમાં ગુરુરાગ ઉત્કૃષ્ટ હોવાથી અન્ય મુનિઓએ સંકેત કર્યો ન હતો. પંથકમુનિ ગુરુસેવામાં અનુરાગવાળા હતા અને બીજા મુનિઓ ઉદ્યત વિહારમાં અનુરાગવાળા હતા.

**વિશેષાર્થ**:- અહીં સંકેત શબ્દનો ભાવ આ પ્રમાણે છેઃ- અન્ય મુનિઓએ પંથકમુનિને ગુરુની વેયાવચ્ચમાં જોડીને અને અમે વિહાર કરીએ છીએ એમ કહીને વિહાર કર્યો ત્યારે તમને અહીં અનુકૂળતા ન રહે તો અમને જણાવજો, અથવા અમુક સમય પછી બીજાને ગુરુની વેયાવચ્ચમાં મૂકીશું, તમે અમારા સાથે થઇ જજો ઇત્યાદિ કોઇ સંકેત કર્યો ન હતો. કારણ કે પંથકમુનિમાં ગુરુસેવાનો દૃઢ અનુરાગ છે એમ તેઓ જાણતા હતા. જ્યાં દૃઢ અનુરાગ હોય ત્યાં અનુકૂળતા-પ્રતિકૂળતા ઇત્યાદિનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. (૧૯૦)

**सेलयमापुच्छित्ता, ठावित्ता पंथगं च अणगारं ।**
**गुरुवेयावच्चकरं, विहरंताणं पि को दोसो ॥१९१॥**

शैलकमापृच्छ्य स्थापयित्वा, पन्थकं चानगारं ।
गुरुवैयावृत्त्यकरं विहरतामपि को दोषः ॥१९१॥

શૈલકસૂરિને પૂછીને અને પંથકમુનિને વેયાવચ્ચ કરવા માટે મૂકીને વિહાર કરનારા તેમનો પણ શો દોષ છે ?

**વિશેષાર્થઃ-** "તેમનો પણ" એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે- જેમ શિથિલ પણ ગુરુની સેવા માટે રહેનારા પંથકનો દોષ નથી, તેમ વિહાર કરનારા તેમનો પણ દોષ નથી. હા, ગુરુની વેયાવચ્ચ કરવા માટે કોઈને મૂક્યા વિના વિહાર કર્યો હોત તો તેમનો દોષ થાત. ગુરુની વેયાવચ્ચ કરવા પંથકમુનિને મૂકીને વિહાર કર્યો હોવાથી તેમનો કોઈ દોષ નથી. (૧૯૧)

**गच्छे वि धम्मविणयं, जत्थुत्तरियं लभिज्ज अण्णत्थ ।**
**आपुच्छित्तु विहारो, तत्थ जओ भासिओ कप्पे ॥१९२॥**

गच्छेऽपि धर्मविनयं यत्रोत्तरिकं लभेतान्यत्र ।
आपृच्छ्य विहारस्तत्र यतो भाषितः कल्पे ॥१९२॥

કેમ કે બીજા ગચ્છમાં પણ જ્યાં ધર્મવિનય ઉત્કૃષ્ટ હોય છે ત્યાં ગુરુને પૂછીને જવાનું બૃહત્કલ્પમાં કહ્યું છે.

**વિશેષાર્થઃ-** ૧૯૧મી ગાથામાં ૫૦૦ મુનિઓનો વિહાર નિર્દોષ છે એમ જે કહ્યું છે, તેનું આ ગાથામાં આગમપ્રમાણથી સમર્થન કર્યું છે. બૃહત્કલ્પભાષ્ય ગાથા ૫૪૨૩માં પાંચ પ્રકારની ઉપસંપદા જણાવી છે. તેમાં પાંચમી વિનયઉપસંપદા છે. વિનયયોગ્યનો વિનય કરવા માટે જે ઉપસંપદા સ્વીકારાય તે વિનયઉપસંપદા. કોઈને વિનય યોગ વધારે પ્રિય હોય અને એથી જ્યાં અધિક વિનય કરી શકાય તે ગચ્છમાં જવાની ભાવના થાય તો ગુરુને પૂછીને જઈ શકે છે. (૧૯૨)

**संविग्गविहारीणं, किं पुण तेसिं महाणुभावाणं ।**
**अह उवसंपयाणं, कप्पिअभव्वोवयाराणं ॥१९३॥**

संविग्नविहारिणां किंपुनस्तेषां महानुभावानाम् ।
अथ उपसम्पदानां, कल्पिकाभाव्योपचाराणाम् ॥१९३॥

જો ધર્મવિનય માટે ગુરુને પૂછીને બીજા ગચ્છમાં જનારાઓનો વિહાર નિર્દોષ હોય તો પછી સંવિગ્ન વિહારી અને કલ્પિક આભાવ્ય વ્યવહાર કરનારા તે (પાંચસો) મહાનુભાવોનો વિહાર નિર્દોષ હોય તેમાં તો કહેવું જ શું ?

**વિશેષાર્થ:- કલ્પિક આભાવ્ય વ્યવહાર:-** કલ્પિક એટલે શાસ્ત્રસંમત. આભાવ્ય એટલે માલિકીની વસ્તુ. વ્યવહાર એટલે વસ્તુને આપવી-લેવી. શાસ્ત્રસંમત માલિકીની વસ્તુનો વ્યવહાર તે કલ્પિક આભાવ્ય વ્યવહાર. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે.

આ ગ્રંથમાં ૧૬૩મી ગાથામાં આપણે જોઇ ગયા કે જે સાધુઓ અસમાપ્ત કલ્પવાળા અને અજાતકલ્પવાળા છે, અર્થાત્ અપૂર્ણ સંખ્યાવાળા અને અગીતાર્થ છે, તેમનું ઉત્સર્ગથી કંઇ પણ આભાવ્ય થતું નથી, અર્થાત્ તેવા સાધુઓ જે ક્ષેત્રમાં વિચરતા હોય તે ક્ષેત્ર અને તે ક્ષેત્રમાંથી પ્રાપ્ત થયેલ શિષ્ય, વસ્ત્ર-પાત્ર વગેરે કંઇ પણ તેમની માલિકીનું થતું નથી. તેના ઉપર કંઇ પણ હક્ક થતો નથી. આ નિયમ ૫૦૦ સાધુઓને લાગુ પડતો નથી. કારણ કે તે પૂર્ણ સંખ્યાવાળા અને ગીતાર્થ છે. એટલે એ જે કંઇ વસ્તુ લે છે, તે શાસ્ત્રસંમત છે, અર્થાત્ શાસ્ત્રસંમત માલિકીની વસ્તુનો વ્યવહાર કરે છે. તેમનો આભાવ્ય વ્યવહાર કલ્પિક=શાસ્ત્રસંમત છે.

उपसंपदानां પદ उपसंपद શબ્દનું ષષ્ઠી બહુવચન છે. उपसंपद्यते इति उपसंपद=સ્વીકાર કરનાર.) તેઓ કલ્પિક આભાવ્ય વ્યવહારનો સ્વીકાર કરનારા છે, અર્થાત્ કલ્પિક આભાવ્ય વ્યવહાર કરનારા છે.

ગાથામાં अह અવ્યય સમુચ્ચય અર્થમાં છે. (૧૯૩)

**धम्मविणओ वि तेसिं, आपुच्छिय पट्ठिआण जह परमो ।**
**तह तेहि ठाविअस्सवि, णायव्वो पंथगमुणिस्स ॥ १९४॥**

धर्मविनयोऽपि तेषामापृच्छ्य प्रस्थितानां यथा परमः ॥
तथा तैः स्थापितस्यापि, ज्ञातव्यः पन्थकमुनेः ॥ १९४॥

જેવી રીતે પૂછીને ગયેલા તેમનો ધર્મવિનય પણ ઉત્કૃષ્ટ છે તેવી રીતે તેમનાથી મૂકાયેલા પંથકમુનિનો ધર્મવિનય ઉત્કૃષ્ટ જાણવો.

**વિશેષાર્થઃ-** ધર્મવિનય પણ એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે- તેમનો વિહાર તો ઉત્કૃષ્ટ છે જ. કિંતુ ધર્મવિનય પણ ઉત્કૃષ્ટ છે. [૧૯૪]

**एसो वि अ सिढिलोत्ति य, पडिमारिमयं हयं हवइ इत्तो ।**
**जं साहुहि ण सिढिलो, तक्कज्जे अणुमओ होइ ॥१९५॥**

एषोपि च शिथिल इति च, प्रतिमारिमतं हतं भवतीतः ।
यत्साधुभिर्न शिथिलस्तत्कार्येऽनुमतो भवति ॥१९५॥

આનાથી પંથકમુનિ પણ શિથિલ હતા એવા પ્રતિમારિના (=મૂર્તિ શત્રુના) મતનું ખંડન થઇ જાય છે. કારણ કે સાધુઓથી શિથિલ સાધુ સેવાના કાર્યમાં સંમત કરાતો નથી.

**વિશેષાર્થઃ-** આનાથી એટલે પંથકમુનિનો ધર્મવિનય ઉત્કૃષ્ટ હતો એથી. શિથિલ સાધુનો ધર્મવિનય ઉત્કૃષ્ટ ન હોય. "કારણ કે સાધુઓથી શિથિલ સાધુ સેવાના કાર્યમાં સંમત કરાતો નથી" એમ કહીને પંથકમુનિ શિથિલ ન હતા એ વિષયમાં બીજો હેતુ જણાવ્યો છે. જો પંથકમુનિ શિથિલ હોત તો ૫૦૦ સાધુઓ તેમને સેવા માટે ન રાખત. રાખ્યા એથી સિદ્ધ થયું કે પંથકમુનિ શિથિલ ન હતા. (૧૯૫)

**कप्पिअसेवालद्धा-वगासदप्पेण सेलगस्सावि ।**
**सिढिलत्तं ण उ भंगे, मूलपइन्नाइ जं भणिअं ॥१९६॥**

कल्पिकसेवालब्धावकाशदर्पेण शैलकस्यापि ।
शिथिलत्वं न तु भङ्गः मूलप्रतिज्ञया यतो भणितम् ॥१९६॥

કલ્પિક સેવામાં જેણે અવકાશ મેળવ્યો છે એવા દર્પથી શૈલકસૂરિમાં પણ શિથિલતા હતી, પણ મૂલ પ્રતિજ્ઞાનો ભંગ થયો ન હતો. કારણ કે નીચે પ્રમાણે કહ્યું છે.

**વિશેષાર્થઃ-** કલ્પિક સેવા એટલે કારણસર દોષનું સેવન. દર્પ એટલે કારણ વિના દોષનું સેવન. પહેલાં શૈલકસૂરિએ કારણથી દોષોનું સેવન કર્યું હતું, આથી કલ્પિક સેવા હતી. કલ્પિક સેવા કરતાં કરતાં રસગારવ આદિને આધીન બની ગયા, અને નિષ્કારણ દોષોનું સેવન કરવા લાગ્યા. આમ કલ્પિક સેવામાં દર્પને અવકાશ મળી ગયો.

કલ્પિક સેવાના ૨૪ ભેદો છે અને દર્પસેવાના ૧૦ ભેદો છે. આના વિશેષ વર્ણન માટે ગુરુતત્ત્વવિનિશ્ચય બીજો ઉલ્લાસ ૧૮થી૨૧ ગાથાઓનો ગુજરાતી અનુવાદ જોવો.

"શૈલકસૂરિમાં પણ" એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે- જેમ પંથકમાં શિથિલતા ન હતી તેમ શૈલકસૂરિમાં પણ પ્રતિજ્ઞાભંગ ન હતો. (૧૯૬)

**सिढिलिअसंजमकज्जावि, होइउं उज्जमंति जइ पच्छा ।**
**संवेगाओ तो सेलओ व्व आराहया होंति ॥१९७॥**

शिथिलितसंयमकार्या अपि, भूत्वा उद्यच्छन्ति यदि पश्चात् ।
संवेगात्ततः शैलक इवाराधका भवन्ति ॥१९७॥

સંયમનાં કાર્યોમાં શિથિલ બનીને પણ પછી જો સંવેગ થવાથી સંયમમાં ઉદ્યમ કરે તો શૈલકસૂરિની જેમ આરાધક થાય.

**વિશેષાર્થઃ-** આ ગાથામાં સંયમનાં કાર્યોમાં શિથિલ બનીને એમ શિથિલ શબ્દનો પ્રયોગ કર્યો છે, અને શૈલકસૂરિનું દૃષ્ટાંત આપ્યું છે. આથી આ ગાથાથી સિદ્ધ થાય છે કે શૈલકસૂરિમાં શિથિલતા હતી પણ પ્રતિજ્ઞા ભંગ થયો ન હતો. (૧૯૭)

**पासत्थयाइदोसा, सिज्जायरपिंडभोअणाईहिं ।**
**उववाइओ य इत्तो, णायज्झयणस्स वित्तीए ॥ १९८॥**

पार्श्वस्थतादिदोषात्, शय्यातरपिण्डभोजनादिभिः ॥
उपपादितांश्चेतो ज्ञाताध्ययनस्य वृत्तौ ॥ १९८॥

આથી જ્ઞાતાધર્મકથા સૂત્રની ટીકામાં શૈલકસૂરિમાં શય્યાતરપિંડનું ભોજન વગેરેથી પાસત્થાપણા આદિના દોષો (=પાસત્થા આદિમાં જેવા દોષો હોય તેવા દોષો) હતા એમ યુક્તિથી સમર્થન કર્યું છે.

**વિશેષાર્થઃ-** જ્ઞાતાધર્મકથાના પાંચમા અધ્યયનમાં શૈલકસૂરિનો વૃત્તાંત જણાવ્યો છે. (૧૯૮)

**अब्भुज्जओ विहारो, एत्तो च्चिय मुत्तु तेण पडिबंधं ।**
**पडिवन्नो मूलाई, वयभंगो पुण जओ भणिअं ॥ १९९॥**

अभ्युद्यतो विहार, इत एव मुक्त्वा तेन प्रतिबन्धम् ॥
प्रतिपन्नः मूलादि-र्व्रतभङ्गः पुनर्यतो भणितम् ॥ १९९॥

આથી જ શૈલકસૂરિએ આસક્તિનો ત્યાગ કરીને અભ્યુદ્યત (=ઉદ્યમથી યુક્ત) વિહારનો સ્વીકાર કર્યો હતો. મૂલ વગેરે પ્રાયશ્ચિત્ત આવે ત્યારે વ્રત ભંગ થાય. કારણ કે નીચે પ્રમાણે કહ્યું છે.

**વિશેષાર્થઃ-** શૈલકસૂરિને મૂલ વગેરે પ્રાયશ્ચિત્ત આવ્યું ન હતું, માટે તેમના વ્રતોનો ભંગ થયો ન હતો. (૧૯૯)

**छेअस्स जाव दाणं, ता वयमेगं पि णो अइक्कमइ ।**
**एगं अइक्कमंतो, अइक्कमे पंच मूलेणं ॥२००॥**

छेदस्य यावद्दानं तावद् व्रतमेकमपि नोऽतिक्रामति ।
एकमतिक्रामन्नतिक्रामेत्पञ्च मूलेन ॥२००॥

છેદનું પ્રાયશ્ચિત્ત અપાય ત્યાં સુધી સાધુ એક પણ વ્રતનો (સર્વથા) ભંગ કરતો નથી. મૂલ પ્રાયશ્ચિત્તથી એક વ્રતનો (સર્વથા ભંગ) કરતો સાધુ પાંચેય વ્રતોનો ભંગ કરે છે. (૨૦૦)

**उववज्जइ उत्तरगुण-विराहणाए अहीलणिज्जत्तं ।**
**जह उ सुकुमालिआए, ईसाणुववायजोग्गाए ॥२०१॥**

उपपद्यते उत्तरगुण-विराधनया अहीलनीयत्वम् ।
यथा तु सुकुमालिकाया, ईशानोपपातयोग्यायाः ॥ २०१॥

ઉત્તરગુણ વિરાધનાનું અહીલનીયપણું ઘટે છે=ઉત્તરગુણની વિરાધના કરનાર હીલના કરવા યોગ્ય નથી એ સંગત છે. જેમ કે- ઈશાનદેવલોકમાં ઉત્પન્ન થવાને યોગ્ય સુકુમારિકા હીલના કરવાને યોગ્ય નથી. (૨૦૧)

**णिक्कारणपडिसेवा, चरणगुणं णासइत्ति जं भणिअं ।**
**अज्झवसायविसेसा, पडिबंधो तस्स पच्छित्ते ॥२०२॥**

निष्कारणप्रतिसेवा चरणगुणं नाशयतीति यद् भणितम् ॥
अध्यवसायविशेषात्प्रतिबन्धस्तस्य प्रायश्चित्ते ॥२०२॥

નિષ્કારણ દોષોનું સેવન ચરણગુણનો નાશ કરે એમ જે કહ્યું છે તે અધ્યવસાય વિશેષને આશ્રયીને કહ્યું છે. નિષ્કારણ દોષ સેવનના પ્રાયશ્ચિત્તમાં મૂલગુણ નાશનો નિષેધ છે.

**વિશેષાર્થઃ-** નિષ્કારણ દોષોનું સેવન કરતાં કરતાં સંભવ છે કે ચારિત્રનો પરિણામ ખતમ થઈ જાય. પણ નિષ્કારણ દોષોનું સેવન કરનાર દરેક સાધુ માટે આવું ન બને. નિષ્કારણ દોષોનું સેવન કરનારના ચારિત્રનો પરિણામ ખતમ થઈ જાય તો ચારિત્ર નાશ પામે, અન્યથા નહિ.

નિષ્કારણ દોષ સેવનના પ્રાયશ્ચિત્તમાં મૂલગુણ નાશનો નિષેધ છે, એ કથનનો ભાવ આ પ્રમાણે છે- નિષ્કારણ દોષ સેવનારને નિષ્કારણ દોષનું સેવન કરવા બદલ મૂલગુણનાશનું પ્રાયશ્ચિત્ત આવતું નથી. એટલે કે મૂલગુણનો નાશ થવાથી જે પ્રાયશ્ચિત્ત (મૂલ વગેરે) આવે તે પ્રાયશ્ચિત્ત આવતું નથી. મૂલગુણનો નાશ થાય તો મૂલ વગેરે પ્રાયશ્ચિત્ત આવે. નિષ્કારણ દોષનું સેવન કરવામાં મૂલ વગેરે પ્રાયશ્ચિત્ત આવતું નથી. (૨૦૨)

**इय गुणजुयस्स गुरुणो, दुट्ठमवत्थं कयाइ पत्तस्स ।**
**सेवा पंथगणाया, णिद्दोसा होइ णायव्वा ॥ २०३॥**

इति गुणयुतस्य गुरो-र्दुष्टामवस्थां कदाचित्प्राप्तस्य ।
सेवा पन्थकज्ञातान्निर्दोषा भवति ज्ञातव्या ॥ २०३॥

આ પ્રમાણે ક્યારેક દુષ્ટ અવસ્થાને પામેલા ગુણયુક્ત ગુરુની સેવા પંથકમુનિના દૃષ્ટાંતથી નિર્દોષ જાણવી. (૨૦૩)

**जे पुण गुणेहि हीणा, मिच्छद्दिट्ठी य सव्वपासत्था ।**
**पंथगणाया मुद्धे, सीसे बोल्लंति ते पावा ॥ २०४॥**

ये पुनर्गुणैर्हीना मिथ्यादृष्टयश्च सर्वपार्श्वस्थाः ॥
पन्थकज्ञातान्मुग्धान्, शिष्यान्बोडयन्ति ते पापाः ॥ २०४॥

ગુણોથી રહિત, મિથ્યાદૃષ્ટિ અને સર્વપાસત્થા એવા જે જીવો પંથકમુનિના દૃષ્ટાંતથી મુગ્ધશિષ્યોને ડૂબાવે છે તે પાપી છે.

**વિશેષાર્થઃ-** ગુણોથી રહિત કુસાધુઓ ભોળા શિષ્યોને કહે કે જેમ પંથકમુનિએ શિથિલ પણ ગુરુની સેવા કરી હતી તેમ અમારી પણ તમારે સેવા કરવી જોઈએ. બિચારા ભોળા શિષ્યો "એમની વાત સાચી છે" એમ માનીને કુગુરુની સેવા કરે છે. આમ કુસાધુઓ પોતે તો ડૂબે જ છે પણ મુગ્ધશિષ્યોને પણ ડૂબાવે છે.

(જેના ચોથા કે પાંચમા મહાવ્રતનો સર્વથા ભંગ થયો હોય અને એની શુદ્ધિ પણ ન કરી હોય તેવાની સેવા કરવી, તેનો આદર-સત્કાર કરવો અને એ રીતે તેના દોષનું પોષણ કરવું એ શું ઉચિત છે? આવાઓને જાણવા છતાં નભાવી લેનારા ગુરુઓ અને શ્રાવકો પણ શાસનની અપભ્રાજનામાં નિમિત્ત બને એ પૂર્ણ સંભવિત છે. કારણ કે એના દોષો જ્યારે બહાર પ્રગટ થાય છે ત્યારે શાસનની ઘણી અપભ્રાજના થાય છે.) (૨૦૪)

**चरणधरणाखमो वि अ, सुद्धं मग्गं परूवए जो सो ।**
**तेण गुणेण गुरु च्चिय, गच्छायारंमि जं भणियं ॥ २०५॥**

चरणधरणाक्षमोऽपि च, शुद्धं मार्गं प्ररूपयति (येत्) यः सः ।
तेन गुणेन गुरुरेव, गच्छाचारे यद् भणितम् ॥ २०५॥

ચારિત્રને પાળવામાં અસમર્થ પણ જે શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરે છે તે શુદ્ધ પ્રરૂપણાના ગુણથી ગુરુ જ છે. આ વિષે ગચ્છાચાર પયન્નામાં કહ્યું છે કે- (૨૦૫)

**सुद्धं सुसाहुमग्गं, कहमाणो ठवइ तइअपक्खंमि ।**
**अप्पाणं इयरो पुण, गिहत्थधम्माओ चुक्कंति ॥ २०६ ॥**

शुद्धं सुसाधुमार्गं, कथयन् स्थापयति तृतीयपक्षे ।
आत्मानं इतरः पुन-र्गुहस्थधर्माद् भ्रष्ट इति ॥ २०६ ॥

**व्याख्या**-शुद्धं-अवितथं सुसाधुमार्गं-सन्मुनिपथं कथयन्-परूपयन्, स्वयं प्रमादवानपीति गम्यते, स्थापयति-निवेशयति आत्मानं क्व ? साधुश्राद्ध-पक्षद्वयापेक्षया तृतीयपक्षे-संविग्नपाक्षिकरूपे इतरो-अशुद्धमार्गप्ररूपक पुनः 'गिहत्थधम्माउ' त्ति गृहस्थधर्मादर्थाद्यतिधर्मात्संविग्नपाक्षिकपथाच्च 'चुक्क' त्ति भ्रष्टः संसारपथत्रयान्तर्वर्त्तीत्यर्थः । इति शब्दो वाक्यपरिसमाप्त्यर्थः ।

अत्र प्रसङ्गतः पक्षत्रयमाश्रित्य किञ्चिदुच्यते- 'सुज्झइ जई सुचरणो । सुज्झइ सुस्सावओ वि गुणकलिओ । औसन्नचरणकरणो, सुज्झइ संविग्ग-पक्खरुई ॥ १ ॥ संविग्गपक्खियाणं, लक्खणमेयं समासओ भणियं । ओसन्न-चरणकरणा वि, जेण कम्मं विसोहंति ॥ २ ॥ सुद्धं सुसाहुधम्मं, कहेइ निंदइ य निययमायारं । सुतवस्सियाण पुरओ, होइ य सव्वोमराइणिओ ॥ ३ ॥ वंदइ न य वंदावइ, किइकम्मं कुणइ कारवे नेव । अत्तट्ठा न वि दिक्खइ, देइ सुसाहूण बोहेउं ॥ ४ ॥ ओसण्णो अत्तट्ठा, परमप्पाणं च हणइ दिक्खंतो । तं छुहइ दुग्गईए, अहिययरं बुड्डइ सयं च ॥५॥ सावज्जजोगपरिवज्जणाउ, सव्वुत्तमो जइ धम्मो । बीओ सावगधम्मो, तइओ संविग्गपक्खपहो ॥ ६ ॥ सेसा मिच्छद्दिट्ठी, गिहिलिंगकुलिंगदव्वलिंगेहिं । जह तिन्नि उ मुक्खपहा, संसारपहा तहा तिन्नि ॥ ७ ॥'

ननु गृहिचरकादयो भवन्तु भवानुयायिनो, भगवल्लिङ्गधारिणस्तु कथ-मित्यत्राह-'संसारसागरमिणं, परिब्भमतेहिं सव्वजीवेहिं । गहियाणि य मुक्काणि य, अणंतसो दव्वलिंगाइं ॥८॥ ननु त्रयः संसारपथास्त्रयश्च मोक्षपथा इति यदुक्तं तत्सुन्दरं, परं यः सुसाधुविहारेण बहुकालं विहृत्य पश्चात्कर्मपरतन्त्रतया शैथिल्यमवलम्बते, ते कुत्र पक्षे निक्षिप्यन्तामित्यत आह-'सारणचइया जे गच्छ-निग्गया य विहरंति पासत्था । जिणवयणबाहिरा वि य, ते उ पमाणं न कायव्वा ॥ ९ ॥' इत्थ दिट्ठंतो-

तेणं कालेणं तेणं समएणं **तुंगिया** णामं णयरी होत्था । वण्णओ, तीए नयरीए एगो साहू खंतो दंतो जिइंदिओ इरियासमिओ भासासमिओ एसणासमिओ आयाणभंडमत्तनिक्खेवणासमिओ उच्चारपासवणखेलजल्लसिंघाण-पारिट्ठावणियासमिओ मणगुत्तो वयगुत्तो कायगुत्तो गुत्तिंदिओ गुत्तबंभयारी अममो अकिंचणो छिण्णग्गंथो छिण्णसोओ निरुवलेवो कंसपाईव मुक्कतोओ संखो इव निरंजणो जाव इव अप्पडिहयगई एमाइगुणकलिओ, मज्झण्हसमए गोयरचरियाए भमंतो एगम्मि सड्ढकुलम्मि पविट्ठो, साविया य तं दट्ठुं हट्ठतुट्ठा जाया, आहारगहणत्थं घरम्मि पविट्ठा ताव य साहू घरदारं अवलोइऊण आहारं अगहिऊण अजंपमाणो चेव पडिनियत्तो । साविआ वि आगया संती तं अपासंती अपुण्णाहं अधण्णाहं एवमाइयं जंपमाणी दारे ठिया, तक्खणे चेव बीओ मुणी आहारत्थमागओ । तमाहारेण पडिलाभिऊण समणोवासिया भणइ- हे मुणीसर! एगो साहू मम घरे आगओ तेण भिक्खा न गहिया पच्छा तुम्ह आगमणं जातं, तेण केण निमित्तेण भिक्खा न गहिया ? सो भणइ-एयारिसा भावभंजणा पासंडचारिणो बहवे वट्टंति, समणोवासिया तव्वयणं सोऊणं अच्चत्थं दुक्खमावण्णा ।' तओ य तइओ साहू तम्मि घरे आहारत्थमागओ । तमवि पडिलाभिऊण पढमसाहुवुत्तंतो कहिओ । सो भणइ-हे भद्दे ! तुम्ह घरदारं नीयं वट्टइ, तेण न गहिया भिक्खा । जओ आगमे 'नीयदुवारं तमसं, कोट्ठगं परिवज्जए । अचक्खूविसओ जत्थ, पाणा दुप्पडिलेहगा ॥१॥' अहं तु वेसमित्तधारी, मए साहूणं आयारो न सक्कए पालेउं, मम निप्फलं जीवियं, सो पुण धण्णो कयकिच्चो जे णं मुणीणमायारं पालेइ । सो वि सट्ठाणं गओ ।

**इत्थ भावणा**- जो सो पढमसाहू सो सुक्कपक्खिओ हंसपक्खिसमाणो, जेण तस्स हंसस्स दो वि पक्खा सुक्का भवंति, एवं सुक्कपक्खिओवि साहू अंतो बहिनिम्मलत्तेण दुहावि सुक्को १। बीओ साहू कण्हपक्खिओ णेओ वायससारिच्छो, जेण तस्स वायस्स दोवि पक्खा कण्हा भवंति, एवं कण्ह-पक्खिओ साहू वि अंतो बाहिं मलिणत्तणेण दुहा वि मलिणो २। तइओ साहू संविग्गपक्खिओ चक्कवायसारिच्छो, जेण चक्कवायस्स बाहिरपक्खा मलिणा

भवंति अब्भंतरपक्खा सुक्का भवंति, एवं संविग्गपक्खिओ साहूवि बाहिं मलिणो अंतो सुक्को ३। इति। गाथाछन्दः ॥३२॥ (ગચ્છાચાર પયન્નો ગા. ૩૨)

પોતે પ્રમાદી હોય તો પણ શુદ્ધ (=સત્ય) સુસાધુના માર્ગને કહેનાર પોતાને ત્રીજાપક્ષમાં પ્રવેશ કરાવે છે. પણ અશુદ્ધમાર્ગનો પ્રરૂપક ગૃહસ્થધર્મથી (પણ) ભ્રષ્ટ થાય છે.

### સંવિગ્નપાક્ષિકનાં લક્ષણો

**વિશેષાર્થ:**- સાધુ અને શ્રાવક એ બેની અપેક્ષાએ ત્રીજો પક્ષ સંવિગ્નપાક્ષિક છે. સંવિગ્ન એટલે મોક્ષાભિલાષી સુસાધુઓ, પાક્ષિક એટલે સહાય કરનાર. સંવિગ્ન સાધુઓને જે સહાય કરે તે સંવિગ્નપાક્ષિક.

અશુદ્ધમાર્ગ પ્રરૂપક ગૃહસ્થધર્મથી ભ્રષ્ટ થાય છે, અને અર્થાપત્તિથી સાધુધર્મથી અને સંવિગ્નપાક્ષિકમાર્ગથી પણ ભ્રષ્ટ થાય છે. અર્થાત્ સંસારના ત્રણ માર્ગમાં રહે છે. ગાથામાં **इति** શબ્દ વાક્યની પરિસમાપ્તિ માટે છે.

અહીં પ્રસંગથી ત્રણપક્ષને આશ્રયીને (ઉપદેશમાળાના આધારે) કંઇક કહેવાય છે.

સુંદર ચારિત્રવાળો સાધુ કર્મમલ સાફ કરીને નિર્મળ થાય છે, સમ્યગ્દર્શનાદિ ગુણયુક્ત શ્રાવક પણ નિર્મલ થાય છે, તેમ જ મોક્ષાભિલાષી સુસાધુઓ તરફ અને તેમનાં સુંદર અનુષ્ઠાનો તરફ રુચિવાળા=પક્ષપાતવાળા હોય, તેવા શિથિલ ચરણ-કરણવાળા પણ શુદ્ધ થાય છે. ગાથામાં વારંવાર **सुज्झइ** ક્રિયાપદ વાપરીને એમ સૂચવ્યું કે સાધુને સાક્ષાત્ શુદ્ધિ થાય છે અને બીજા બેને પરંપરાએ શુદ્ધિ થાય છે. (૧૧૩)

સંવિગ્નપાક્ષિક રુચિવાળાને કેવી રીતે ઓળખવા ? તે કહે છે- મોક્ષાભિલાષી સુસાધુવર્ગ વિષે આદરવાળી સુંદર બુદ્ધિ ધરાવનાર સંવિગ્નપાક્ષિક કહેવાય. ગણધરાદિકોએ તેમનું સંક્ષેપથી આગળ કહીશું તેવું લક્ષણ જણાવેલું છે. એ લક્ષણના કારણે શિથિલ ચરણ-કરણવાળા પણ=કર્મની પરતંત્રતાથી પ્રમાદી થવા છતાં પણ જ્ઞાનાવરણ આદિ કર્મની દરેક ક્ષણે શુદ્ધિ કરે છે. (૧૧૪)

સંવિગ્નપાક્ષિકનું લક્ષણ આ પ્રમાણે છે- સંવિગ્નપાક્ષિક લોકોને નિષ્કલંક

એવા સુસાધુ-ધર્મનો જ=સાધુના આચારનો જ ઉપદેશ આપે છે. પરંતુ પોતાનો શિથિલ આચાર પોષવા માટે અશુદ્ધ ધર્મોપદેશ આપતા નથી. કારણ કે અશુદ્ધધર્મોપદેશ આપવામાં દુરંત સંસારની વૃદ્ધિ થાય તેમ તેમણે જાણેલું છે. તે આ પ્રમાણે- શસ્ત્ર, ઝેર, શાકિની-પ્રેત-ભૂત આદિના વળગાડ, દુષ્કાળ, દુષ્ટરાજા, ભયંકર જ્વાલાવાળો અગ્નિ જે અનર્થ પ્રાપ્ત કરાવતા નથી, તેવો કે તે કરતાં અધિક અનર્થ મિથ્યાત્વથી ઘેરાએલા કુમતિ લોક જે જિનેન્દ્ર ભગવંતના સિદ્ધાંતને અવળારૂપે ઉપદેશીને પ્રાપ્ત કરાવે છે. પોતાના હીન આચારની પોતે તપસ્વી ચારિત્રવંત સાધુઓ આગળ નિંદા કરે છે. આજના દીક્ષિત સાધુ કરતાં પણ હું નાનો-ન્યૂન છું એમ અંતરથી માને છે. (૧૧૫)

તથા પોતે સુસાધુને વંદન કરે, પણ વંદન કરાવે નહિં, તેના વંદનની ઈચ્છા પણ ન રાખે. વિશ્રામણાં પોતે કરે પણ કરાવે નહિ, તથા પોતાની પાસે આવેલ શિષ્યને પોતે દીક્ષા ન આપે, પણ ધર્મદેશનાથી પ્રતિબોધ પમાડી સુસાધુઓને શિષ્યો આપે. (૧૧૬)

શા માટે પોતે પોતાના શિષ્યો ન બનાવે ? તે કહે છે- શિથિલાચારવાળો અવસન્ન પોતાનો શિષ્ય બનાવે, તો પોતાના અને શિષ્યના પ્રાણોનો =ભાવપ્રાણોનો નાશ કરે છે. શિષ્યને દુર્ગતિમાં નાખે છે, અને પોતાને ભવસમુદ્રમાં અધિકતર ડૂબાડે છે. (૧૧૭)

આનો ઉપસંહાર કરતાં કહે છે કે- આ કારણથી એ નક્કી થયું કે, જેમાં સર્વ પાપવ્યાપાર પરિહાર કરવાનો છે એવો સર્વવિરતિરૂપ યતિધર્મ પ્રથમ મોક્ષમાર્ગ છે. બીજો દેશવિરતિરૂપ શ્રાવકધર્મ અને ત્રીજો સંવિગ્નપાક્ષિક મોક્ષમાર્ગ છે. યતિધર્મના કારણરૂપ હોવાથી તે બંને પણ મોક્ષમાર્ગ છે. (૧૧૯)

જેમ મોક્ષમાર્ગ ત્રણ પ્રકારના જણાવ્યા, તેમ સંસારના પણ ત્રણ માર્ગ કયા છે તે જણાવે છે- સુસાધુ, શ્રાવક અને સંવિગ્નપાક્ષિક આ ત્રણ સિવાયના બાકીના ગૃહિલિંગી, કુલિંગી અને દ્રવ્યલિંગી એ ત્રણે મિથ્યાદષ્ટિ સંસારના માર્ગે જનારા જાણવા. મિથ્યાદષ્ટિ ગૃહસ્થ ગૃહિલિંગી છે. ચરક વગેરે કુલિંગી

છે. પાસત્થા વગેરે દ્રવ્યલિંગી છે. દ્રવ્યલિંગી એટલે આચરણ વગરનો, માત્ર આજીવિકા માટે જૈન સાધુવેષને ધારણ કરનાર. અર્થાત્ મિથ્યાદૃષ્ટિ ગૃહસ્થ, ચરકાદિ અને પાસત્થાદિક એ ત્રણે સંસારના હેતુ છે. (૧૨૦)

ગૃહસ્થો અને ચરક વગેરે સંસારમાં ભટકનારા થાઓ, પણ ભગવાનનો વેશ ધારણ કરનારાઓ સંસારમાં ભટકનારા કેવી રીતે થાય ? આવા પ્રશ્નનો ઉત્તર આપતા શ્રી ધર્મદાસગણી કહે છે કે-

"સંસારમાં પરિભ્રમણ કરી રહેલા સર્વજીવોએ અનંતવાર રજોહરણાદિ દ્રવ્યલિંગોને ગ્રહણ કર્યા છે અને મૂક્યા છે." (ઉ.મા. ગા. ૫૨૧)

ત્રણ સંસારમાર્ગ છે અને ત્રણ મોક્ષમાર્ગ છે એમ જે કહ્યું તે સારું કહ્યું. પણ જે લાંબા કાળ સુધી સુસાધુના વિહારથી વિચરીને પાછળથી કર્મપરતંત્રતાથી શિથિલતાનું આલંબન લે તેને કયા પક્ષમાં મૂકાય ? આવા પ્રશ્નનું સમાધાન કરતા શ્રી ધર્મદાસ ગણી કહે છે કે-

"સારણા આદિથી કંટાળીને જેઓ ગચ્છની બહાર થઇ ગયા છે, એટલે કે ગુરુની કે સમુદાયની નિશ્રાનો ત્યાગ કરીને સ્વેચ્છાથી વિચરે છે અને એથી જિનવચનથી બહાર થયેલા છે=દૂર ખસી ગયેલા છે. તેમને ચારિત્રના કાર્યમાં પ્રમાણ ન માનવા, કિંતુ સૂત્રને જ પ્રમાણ માનવું." (ઉપ.મા.ગા. ૫૨૫)

અહીં દૃષ્ટાંત આ પ્રમાણે છે-

તે કાળે અને તે સમયે તુંગિકા નામની નગરી હતી. તેનું વર્ણન રાયપ્રસેણિકસૂત્રની જેમ જાણવું. તે નગરીમાં ક્ષાન્ત, દાન્ત, જિતેંદ્રિય, પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિના પાલક, ગુપ્તેંદ્રિય, વિશુદ્ધ બ્રહ્મચારી, મમતાથી રહિત, પરિગ્રહથી રહિત, બાહ્ય-અભ્યંતરગ્રંથિથી રહિત, લોકપ્રવાહથી રહિત (અથવા શોકથી રહિત), કાંસાના પાત્રની જેમ લેપથી (=આસક્તિથી)રહિત, શંખની જેમ કાલિમાથીં (=અતિચારથી)રહિત, યાવત્ અપ્રતિહતગતિવાળા ઇત્યાદિ ગુણોથી યુક્ત એક સાધુ મધ્યાહ્નસમયે ભિક્ષાચર્યાથી ભમતાં ભમતાં એક શ્રાવકના ઘરમાં પ્રવેશ્યા. તેને જોઇને શ્રાવિકા અત્યંત હર્ષ પામી. આહાર લેવા માટે ઘરમાં ગઇ. તેટલામાં સાધુ ઘરના દરવાજાને જોઇને આહાર વહોર્યા

વિના અને કંઇ પણ બોલ્યા વિના પાછા ફર્યા. ઘરમાં આવેલી શ્રાવિકા સાધુને ન જોવાથી હું પુણ્યહીન છું, અધન્ય છું, ઇત્યાદિ બોલતી દરવાજા આગળ ઊભી રહી. તે જ ક્ષણે બીજા સાધુ આહાર વહોરવા આવ્યા. તેમને આહાર વહોરાવીને શ્રાવિકાએ પુછ્યું: હે મુનીશ્વર ! એક સાધુ મારા ઘરે આવ્યા હતા. તેમણે ભિક્ષા ન લીધી. પછી તમે આવ્યા. તે સાધુએ કયા કારણથી ભિક્ષા ન લીધી ? સાધુએ કહ્યું: બીજાના ભાવને ભાંગી નાખનારા આવા ધર્મના ઢોંગી ઘણા હોય છે. શ્રાવિકા તે વચન સાંભળીને અત્યંત દુઃખ પામી. ત્યારબાદ ત્રીજા સાધુ તે ઘરમાં આહાર માટે આવ્યા. તેને પણ વહોરાવીને પ્રથમ સાધુનો વૃત્તાંત કહ્યો. તેમણે કહ્યું: હે ભદ્રે ! તમારા ઘરનું બારણું નીચું છે. તેથી તેમણે ભિક્ષા ન લીધી. કારણ કે આગમમાં કહ્યું છે કે-

जत्थ=જયાં अचक्खुविसओ=નેત્રોથી ન દેખી શકાય તેવું नीयदुवारं=ઘરનું દ્વાર નીચું (કે નાનું) હોય, तमसं=અંધારું હોય, कुट्ठगं=કોઠાર-ઓરડા વગેરેમાં જઇને ભિક્ષા લેવાની હોય, તે ઘરોને તજે. કારણ કે તેવા સ્થાને पाणा=ત્રસાદિ જીવો કે સ્થાવર સજીવ-પદાર્થો दुप्पडिलेहगा = દુષ્પ્રતિલેખ્ય બને.

અંધારામાં ઇર્યાસમિતિનું પાલન ન થાય. વિશેષમાં ચોરી અને અબ્રહ્મ વગેરેના કલંકનો પણ સંભવ રહે. દ્વાર નાનું હોય ત્યાં પ્રવેશવામાં કષ્ટ પડે. તેથી શરીરે બાધા પણ થાય વગેરે દોષોનો સંભવ રહે. (દશવૈ. અ. ૫ ઉ. ૧ ગા૦ ૨૦)

હું તો માત્ર વેશધારી છું. હું સાધુના આચારોને પાળવા માટે અસમર્થ છું. મારું જીવન નિષ્ફલ છે. તે મહાત્મા ધન્ય છે, કૃતકૃત્ય છે, જેથી મુનિઓના આચારને પાળે છે. (આમ કહીને) તે પણ સ્વસ્થાને ગયા.

## સંવગ્નિપાક્ષિક-શુકલપાક્ષિક-કૃષ્ણપાક્ષિક

અહીં ભાવના આ પ્રમાણે છે- પ્રથમ સાધુ શુક્લપાક્ષિક અને હંસની પાંખો સમાન છે. હંસની બંને પાંખો શુક્લ હોય છે, તેમ શુક્લપાક્ષિક સાધુ પણ અંદરથી અને બહારથી એમ બંને પ્રકારે શુક્લ(=નિર્મલ) હોય છે. બીજો સાધુ કૃષ્ણપાક્ષિક અને કાગડાની પાંખો સમાન જાણવો. કાગડાની બંને પાંખો કૃષ્ણ હોય છે. તેમ કૃષ્ણપાક્ષિક સાધુ પણ અંદર અને બહાર મલિન હોવાથી બંને રીતે

મલિન છે. ત્રીજો સાધુ સંવિગ્નપાક્ષિક અને ચક્રવાકની પાંખો સમાન છે. ચક્રવાકની બહારની પાંખો મલિન હોય છે, અંદરની પાંખો શુક્લ હોય છે. એ પ્રમાણે સંવિગ્નપાક્ષિક સાધુ પણ બહારથી મલિન અને અંદરથી શુક્લ હોય છે. (૨૦૬)

**जइ वि न सक्कं काउं, सम्मं जिणभासिअं अणुट्ठाणं ।**
**तो सम्मं भासिज्जा, जह भणिअं खीणरागेहिं ॥ २०७॥**

यद्यपि न शक्यं कर्तुं, सम्यग्जिनभाषितमनुष्ठानम् ।
ततः सम्यग्भाषेत, यथा भणितं क्षीणरागैः ॥ २०७॥

**व्याख्या**- यद्यपि न शक्यं कर्त्तुं-विधातुं, कथं सम्यक्-त्रिकरणशुद्ध्या जिनभाषितं-केवल्युक्तमनुष्ठानं-क्रियाकलापरूपं, ततो यथा क्षीणरागैः वीतरागैर्भणितं-कथितं तथा सम्यग्-अवितथं भाषेत्-प्ररूपयेदिति । गाथाछन्दः (ગચ્છાચાર) ।३३ ॥

જો જિનોક્ત અનુષ્ઠાનને ત્રિકરણશુદ્ધિથી કરવાનું શક્ય ન બને તો વીતરાગોએ જે રીતે કહ્યું છે તે રીતે સત્યપ્રરૂપણા કરે. (૨૦૭)

**ओसन्नो वि विहारे, कम्मं सोहेइ सुलहबोही अ ।**
**चरणकरणं विसुद्धं, उवबूहंतो परूवंतो ॥ २०८॥**

अवसन्नोऽपि विहारे, कर्म शोषयति सुलभबोधिश्च ॥
चरणकरणं विशुद्धं, उपबृंहयन्प्ररूपयन् ॥ २०८॥

**व्याख्या**-अवसन्नोऽपि-शिथिलोऽपि क्व ? विहारे मुनिचर्यायां कर्म्म-ज्ञानावरणादि शोधयति-शिथिलीकरोतीत्यर्थः, सुलभा बोधिः-जिनधर्म्मप्राप्तिरूपं यस्यासौ सुलभबोधिः, एवंविधश्च प्रेत्यः स्यादिति एषः, किं कुर्वन् ? '**चरणकरणं विसुद्धं उवबूहंतो परूवंतो**'त्ति चरणं-सप्ततिभेदं मूलगुणरूपं करणं-सप्ततिभेदमेवोत्तरगुणरूपं चरणं करणं चेति समाहारद्वन्द्वे चरणकरणं तत् विशुद्धं-निःकलङ्कमुपबृंहयन्-प्रशंसयन् प्ररूपयंश्च-यथावस्थितं प्रतिपादयन्निति ।

अत्र **चरणकरणस्वरूपं** यथा-'**वय** ५ **समणधम्म** १० **संजम** १७ **वेयावच्चं** १० **बंभगुत्तिओ** ९ **णाणाइतियं** ३ **तव** १२ **कोह-निग्गहाई** ४ **चरणमेयं** ॥ १॥ **पिंडविसोही** ४ **समिई** ५, **भावण** १२

**पडिमा** १२ **य इंदियनिरोहो** ५। **पडिलेहण** २५ **गुत्तीओ** ३ **अभिग्गहा** ४ **चेव करणं तु** ॥ २॥'

एतयोः क्रमेण व्यक्तिः, सव्वाओ पाणाइवायाओ वेरमणं १, सव्वाओ मुसावायाओ वेरमणं २, सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ३, सव्वाओ मेहुणाओ वेरमणं ४, सव्वाओ परिग्गहाओ वेरमणं ५, इति **व्रतानि** । 'दसविधे समणधम्मे पं० तं०-खंती १, मुत्ति २, अज्जवे ३, मद्दवे ४, लाघवे ५, सच्चे ६, संजमे ७, तवे ८, चियाए ९, बंभचेरवासे १०। क्रोधजयः १, निर्लोभता २, मायात्यागः ३, अहंकारत्यागः ४, परिग्रहत्यागः ५, सत्यं ६, (संयमः-) प्राणातिपातविरमणरूपः ७, तपः ८, त्यागः-सुविहितेभ्यो वस्त्रादिदानरूपः ९, ब्रह्मचर्यम् १०, इति **श्रमणधर्म्मः** । पृथिव्य १ अप् २ तेजो ३ वायु ४ वनस्पति ५ द्वि ६ त्रि ७ चतुः ८ पञ्चेन्द्रियाणां पालनान्नव भेदाः ९ अजीवसंयमः-पुस्तकचर्म्मपञ्चकादीनां अनुपभोगो यतनया परिभोगो वा हिरण्यादित्यागो वा १०, प्रेक्षासंयमः-स्थानादि यत्र चिकीर्षेत्तत्र चक्षुषा प्रेक्ष्य कुर्यात् ११, उपेक्षासंयम्मे-व्यापाराव्यापारविषयतया द्वेधा । तत्र सदनुष्ठाने सीदतः साधुन्नोपेक्षेत-प्रेरयेदित्यर्थः । गृहिणस्तु आरम्भे सीदत उपेक्षेत- न व्यापारयेत् १२, प्रमार्ज्जनासंयमः-पथि पादयोर्वसत्यादेश्च विधिना प्रमार्ज्जनं १३, परिष्ठापनः संयमः-अविशुद्धभक्तोपकरणादेर्विधिना त्यागः १४, मनोवाक्कायसंयमाः-अकुशलानां मनोवाक्कायानां निरोधाः १७। श्रीउमास्वातिवाचकपादैस्तु संयम-भेदाः प्रशमरतावेवमुक्ताः 'पञ्चाश्रवाद्विरमणं, पञ्चेन्द्रियनिग्रहः कषायजयः । दण्डत्रयविरतिश्चेति, संयमः सप्तदशभेदः ॥१॥' इति **संयमः** । 'दसविधे वेयावच्चे पं० तं०-आयरियवेयावच्चे १ उवज्झायवे० २ थेरवे० ३ तवस्सिवे० ४ गिलाणवे० ५ सेहवे० ६ कुलवे० ७ गणवे० ८ संघवे० ९ साहम्मियवेयावच्चे १० इति **वैयावृत्त्यम्** । नव बंभचेरगुत्तिओ पं० त०-विवित्ताइं सयणासणाइं सेवित्ता भवति= णो इत्थिसंसत्ताइं नो पसुसंसत्ताइं नो पंडगसंसत्ताइं १, नो इत्थीणं कहं कहेत्ता हवइ= नो स्त्रीणां केवलानां कथां धर्मदेशनादिलक्षण-वाक्यप्रतिबन्धरूपां २, नो इत्थिठाणाइं सेवित्ता भवति, ठाणं निषद्या ३, णो इत्थीणं मणोहराइं मणोरमाइं इंदियाइं आलोतित्ता निज्झाइत्ता भवइ ४, णो

पणीयरसभोई ५, णो पाणभोयणस्स अइमायमाहारए सया भवति ६, णो पुव्वरयं पुव्वकीलियं सरित्ता भवइ ७, णो सद्दाणुवाती णो रूवाणुवाई णो सिलोगाणुवाई ८, णो सायासोक्खपिडबद्धे यावि भवइ ९, इति **ब्रह्मगुप्तिः** । ज्ञानदर्शन-चारित्रलक्षणं ३ ज्ञानादित्रिकं, तपो द्वादशधा पूर्वोक्तं १२, क्रोधमानमाया-लोभत्यागः ४ क्रोधादिनिग्रहः इति **चरणं** ७०।

वस्त्र १ पात्र २ वसति ३ आहार ४ शुद्धिलक्षणा चतुर्धा **पिण्डविशुद्धिः** । इरियासमिई १, भासासमिई २, एसणासमिई ३, आदाणभंडमत्तणिक्खेवणासमिई ४, उच्चारपासवणखेलजल्लसिंघाणपारिट्ठा-वणियासमिई ५, इति **समितिः** । अनित्यभावना १ अशरणभा० २ भवभा० ३ एकत्वभा० ४ अन्यत्वभा० ५ अशौचभा० ६ आश्रवभा० ७ संवरभा० ८ निर्जराभा० ९ धर्मस्वाख्याततताभा० १० लोकभा० ११ बोधिभा० १२ इति **भावनाः** । बारसभिक्खुपडिमाओ पं० तं०-मासिया भिक्खुपडिमा १ दोमासिया २ तिमासिया ३ चउमासिया ४ पंचमासिया ५ छम्मासिया ६ सत्तमासिया ७ पढमा सत्तराइंदिया भिक्खु० ८ दोच्चा सत्तराइंदिया भिक्खु० ९ तच्चा सत्तराइंदिया भिक्खुप० १० अहोराइया भिक्खुप० ११ एकराइया भिक्खुप० १२। इति **प्रतिमाः** । मनोज्ञामनोज्ञेषु शब्द १ रूप २ गंध ३ रस ४ स्पर्शेषु ५ श्रोत्र १ चक्षु २ घ्राण ३ जिह्वा ४ त्वगिन्द्रिय ५ विषयीभूतेषु रागद्वेषवर्जनात् **पञ्चेन्द्रियनिरोधः** । 'दिट्ठिपडिलेह एगा, छउड्ढपप्फोड तिगतिगंतरिआ । अक्खोडपमज्जणया, नव नव मुहपत्तिपणवीसा ॥१॥' प्रथम दृष्टिप्रतिलेखना १, ततः पार्श्वद्वयेऽपि त्रयस्त्रयः ऊर्ध्वप्रस्फोटाः कार्याः एवं ७, ततो हस्ततले मुखवस्त्रिकामलगयद्भिरास्फोटा लगयद्भिः प्रमार्जनाश्च परस्परं त्रिकत्रिकान्तरिताः प्रत्येकं नव नव कार्याः, एवं १८, इति मुखवस्त्रिकाप्रतिलेखनाः २५ स्युः । 'पायाहिणेण तिअतिअ, वामेयर-बाहुसीसमुहहिअए । अंसुड्ढाहोपिट्ठे, चउछप्पयदेहपणवीसा २ इति **प्रतिलेखनाः** २५। मनोवाक्कायगुप्तिरूपास्तिस्रो **गुप्तयः**, द्रव्यक्षेत्रकालभावभेदाच्चत्वारो-ऽभिग्रहाः, इति **करणमिति** । गाथाछन्दः ॥३४॥ (ગચ્છાચારપયન્નો)

મુનિચર્યામાં જે શિથિલ હોય તે પણ વિશુદ્ધ ચરણ-કરણની પ્રશંસા કરે અને યથાવસ્થિત પ્રરૂપણા કરે તો જ્ઞાનાવરણીય આદિ કર્મોને શિથિલ કરે અને પરલોકમાં સુલભ બોધિ બને.

**વિશેષાર્થ:-** વ્રત ૫, શ્રમણધર્મ ૧૦, સંયમ ૧૭, વેયાવચ્ચ ૧૦, બ્રહ્મચર્યગુપ્તિ ૯, જ્ઞાનાદિત્રિક ૩, તપ ૧૨, ક્રોધનિગ્રહાદિ ૪ આ ચરણ છે. પિંડવિશુદ્ધિ ૪, સમિતિ ૫, ભાવના ૧૨, પ્રતિમા ૧૨, ઇંદ્રિયનિરોધ ૫, પડિલેહણ ૨૫, ગુપ્તિ ૩, અભિગ્રહો ૪, આ કરણ છે. ચરણ-કરણ એ બંનેનું ક્રમથી વિસ્તૃત વર્ણન આ પ્રમાણે છે:-

**વ્રત-૫** પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચથી સર્વ પ્રકારે અટકવું. **શ્રમણધર્મ- ૧૦** ક્ષમા, સંતોષ, સરળતા, નમ્રતા, પરિગ્રહના ત્યાગરૂપ લઘુતા, સત્ય, પ્રાણાતિપાતવિરમણરૂપ સંયમ, તપ, સુવિહિતોને વસ્ત્રાદિદાનરૂપ ત્યાગ, બ્રહ્મચર્ય. **સંયમ- ૧૭** પૃથ્વી આદિ પાંચ, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયના પાલનથી ૯ ભેદ, અજીવસંયમ=પુસ્તક પંચક આદિનો ઉપયોગ ન કરવો અથવા યતનાથી ઉપયોગ કરવો, અથવા સુવર્ણ આદિનો ત્યાગ કરવો. ૧૦, પ્રેક્ષાસંયમ=જ્યાં કાયોત્સર્ગ વગેરે કરવાની ઇચ્છા થાય ત્યાં ભૂમિને ચક્ષુથી જોઇને કરે. ૧૧, ઉપેક્ષાસંયમ=વ્યાપાર ઉપેક્ષાસંયમ અને અવ્યાપાર ઉપેક્ષાસંયમ એમ બે પ્રકારે છે. સદ્અનુષ્ઠાનમાં સીદાતા સાધુઓની ઉપેક્ષા ન કરે=પ્રેરણા કરે તે વ્યાપાર ઉપેક્ષાસંયમ. આરંભમાં સીદાતા ગૃહસ્થોની ઉપેક્ષા કરે=પ્રેરણા ન કરે તે અવ્યાપાર ઉપેક્ષાસંયમ. ૧૨, પ્રમાર્જનાસંયમ-રસ્તામાં પગોનું અને વસતિ વગેરેનું વિધિથી પ્રમાર્જન કરવું. ૧૩, પરિષ્ઠાપનાસંયમ-અશુદ્ધ ભક્ત-ઉપકરણ આદિનો વિધિથી ત્યાગ કરવો. ૧૪, મનો-વચન-કાય-સંયમ=અશુભ મન-વચન-કાયાનો નિરોધ કરવો. ૧૭.

પૂજ્ય વાચક ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિગ્રંથમાં સંયમભેદો આ પ્રમાણે કહ્યા છે:- પાંચ આશ્રવોથી વિરતિ, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયનો જય અને ત્રણદંડથી વિરતિ.

**વેયાવચ્ચ- ૧૦** આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષક, કુલ, ગણ, સંઘ અને સાધર્મિક એ દશની વેયાવચ્ચ કરવી. **બ્રહ્મચર્યગુપ્તિ- ૯** વિવિક્ત(=સ્ત્રી-પશુ-પંડકથી રહિત) વસતિ-આસન, અર્થાત્ સ્ત્રીસંસક્ત, પશુસંસક્ત અને પંડકસંસક્ત વસતિનો અને આસનનો ત્યાગ-૧, સ્ત્રીકથાનો ત્યાગ, અર્થાત્ કેવળ (=પુરુષો વિના એકલી) સ્ત્રીઓની સમક્ષ ધર્મદેશના વગેરે કથા ન કરે. ૨, સ્ત્રી જ્યાં બેઠી હોય ત્યાં તેના ઉઠી ગયા પછી બે ઘડી સુધી ન બેસવું, અને જ્યાં પુરુષ બેઠો હોય ત્યાં તેના ઉઠી ગયા પછી ત્રણ પ્રહર સુધી ન બેસવું. ૩, સ્ત્રીઓના મનોહર સુંદર અંગોનું નિરીક્ષણ ન કરવું. ૪, અતિસ્નિગ્ધ આહારનો ત્યાગ કરવો. ૫, ભૂખ-તરસથી વધારે આહાર-પાણીનો ત્યાગ કરવો. ૬, પૂર્વે કરેલી કામક્રીડાઓનું સ્મરણ ન કરવું. ૭, સ્ત્રીઓના ગીત વગેરે શબ્દો ન સાંભળવા, સ્ત્રીઓનું રૂપ ન જોવું, સ્ત્રીઓના મધુર શબ્દોની અને મનોહરરૂપની પ્રશંસા ન કરવી. ૮, શરીરસુખમાં આસક્ત ન બનવું. ૯, **જ્ઞાનાદિત્રિક- ૩** જ્ઞાન-દર્શન-ચારિત્ર **તપ- ૧૨** છ બાહ્ય અને છ અભ્યંતર તપ. **ક્રોધનિગ્રહાદિ-૪** ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયનો ત્યાગ કરવો. આ પ્રમાણે ચરણના ૭૦ ભેદો છે.

**પિંડવિશુદ્ધિ-૪** વસ્ત્ર, પાત્ર, વસતિ અને આહાર એ ચારની શુદ્ધિ. **સમિતિ-૫** ઇર્યાસમિતિ વગેરે પાંચ સમિતિ. **ભાવના-૧૨** અનિત્યભાવના વગેરે બાર ભાવના. **પ્રતિમા- ૧૨** એકમાસિકી પ્રતિમા વગેરે બારપ્રતિમા. **ઇંદ્રિયનિરોધ-૫** કર્ણ વગેરે પાંચ ઇંદ્રિયોના શબ્દ વગેરે મનોજ્ઞ-અમનોજ્ઞ વિષયોમાં રાગ-દ્વેષનો ત્યાગ કરવો.

**પડિલેહણા-૨૫** મુહપત્તિની ૨૫ પડિલેહણા અને શરીરની ૨૫ પડિલેહણા. (અહીં બંને મળીને ૨૫ ગણી છે.) **ગુપ્તિ-૩** મન-વચન-કાયાની ગુપ્તિ. **અભિગ્રહ-૪** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચાર પ્રકારના અભિગ્રહો. આ પ્રમાણે કરણના ૭૦ ભેદો છે.

અહીં શ્રીયશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા (મહેસાણા) તરફથી પ્રકાશિત થયેલ भाष्यत्रयम् ગ્રંથમાં ગુરુવંદનભાષ્યમાં જણાવેલ મુહપત્તિની-૨૫ અને શરીરની ૨૫ પડિલેહણાનું સ્વરૂપ અક્ષરશઃ આ પ્રમાણે છે-

## મુહપત્તિની ૨૫ પડિલેહણા

**दिट्ठिपडिलेह एगा, छ उड्ड पप्फोड तिगतिगंतरिया ।**
**अक्खोड पमज्जणया, नव नव मुहपत्ति पणवीसा ॥ २०॥**

**શબ્દાર્થઃ-**

दिट्ठि=દૃષ્ટિની
पडिलेह=પડિલેહણા, પ્રતિલેખના
उड्ड=ઊર્ધ્વ
पप्फोड=પપ્ફોડા, પ્રસ્ફોટક, ખંખેરવી, ઉંચી નીચી કરવી.
तिगतिग = ત્રણ ત્રણને
अंतरिया = અંતરિત, આંતરે
अक्खोड = અખોડા, આસ્ફોટક, આખોટક, અંદર લેવું.
पमज्जणया=પ્રમાર્જના, પખ્ખોડા. (ઘસીને કાઢવું)

**ગાથાર્થઃ**-૧ દૃષ્ટિપડિલેહણા, ૬ ઉર્ધ્વ પપ્ફોડા, અને ત્રણ ત્રણને આંતરે ૯ અખોડા તથા ૯ પ્રમાર્જના (એટલે ત્રણ ત્રણ અખોડાને આંતરે ત્રણ ત્રણ પ્રમાર્જના અથવા ત્રણ ત્રણ પ્રમાર્જનાને આંતરે ત્રણ ત્રણ અખોડા મળી ૯ અખોડા અને ૯ પ્રમાર્જના), એ પ્રમાણે મુહપત્તિની ૨૫ પડિલેહણા જાણવી. ૨૦

**ભાવાર્થઃ**- ગુરુવંદન કરનાર ભવ્ય પ્રાણીએ પ્રથમ ખમાસમણ દઈ ગુરુની આજ્ઞા માગી પગના [૧]ઉત્કટિક આસનથી બેસીને મૌનપણે ૨૫ પડિલેહણા બે હાથને બે પગના આંતરામાં રાખી કરવી. તે ૨૫ પડિલેહણા આ પ્રમાણે-

**૧. દૃષ્ટિ પડિલેહણા**= મુહપત્તિનાં પડ ઉખેડી દૃષ્ટિ સન્મુખ તીર્ચ્છી વિસ્તારીને દૃષ્ટિ સન્મુખ રહેલું પહેલું પાસું દૃષ્ટિથી બરાબર તાપસવું, તેમાં જો કોઈ જીવજંતુ માલૂમ પડે તો તેને જયણાપૂર્વક યોગ્ય સ્થાને મૂકવું. ત્યારબાદ મુહપત્તિનો બે હાથે ધરેલો ઉપલો ભાગ ડાબા હાથ ઉપર (જમણા હાથવડે) નાખીને બીજું પાસું એવી રીતે બદલી નાખવું કે પ્રથમ ડાબા હાથમાં ધરેલો=દાબેલો ખૂણો જમણા હાથમાં આવે, અને બીજું પાસું દૃષ્ટિ સન્મુખ થઈ જાય, ત્યારબાદ તે દૃષ્ટિ સન્મુખ થયેલા બીજા પાસાને પણ પહેલા

૧. બે પગવાળી બન્ને ઘુંટણ ઉંચા રહે તેવી રીતે ઉભા પગે ભૂમિથી અધર બેસવું તે અહિ ઉક્કડુ આસન અથવા ઉત્કટિકાસન જાણવું, અને મુહપત્તિપડિલેહણ વખતે બે હાથને બે પગની વચ્ચે રાખવા.

પાસાવત્ દૃષ્ટિથી તપાસવું. એ પ્રમાણે, મુહપત્તિનાં બે પાસાં દૃષ્ટિથી તપાસવાં તે દૃષ્ટિપડિલેહણા જાણવી.

**६ ऊर्ध्व पप्फोडा ( =६ पुरिम )** - બીજા પાસાની દૃષ્ટિ પડિલેહણા કરીને તે [1]**उर्ध्व** એટલે તીર્ચ્છી વિસ્તારેલી એવી મુહપત્તિનો પ્રથમ ડાબા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો તે પહેલા ૩ [2]**पुरिम**= કહેવાય, ત્યારબાદ (દૃષ્ટિ પડિલેહણામાં કહ્યા પ્રમાણે) મુહપત્તિનું બીજું પાસું બદલીને અને દૃષ્ટિથી તપાસીને જમણા હાથ તરફનો ભાગ ત્રણવાર ખંખેરવો અથવા નચાવવો તે બીજા **३ पुरिम** ગણાય, એ પ્રમાણે કરેલા ૬ પુરિમ તે જ ૬ ઊર્ધ્વપપ્ફોડા અથવા ૬ ઊર્ધ્વપ્રસ્ફોટક કહેવાય.

**९. अक्खोडा** - ઉપર કહ્યા પ્રમાણે પુરિમ થઈ ગયા બાદ મુહપત્તિનો મધ્યભાગ ડાબા હાથ ઉપર નાખીને ઘડીવાળો મધ્યભાગનો છેડો જમણા હાથે એવી રીતે ખેંચી લેવો, કે જેથી બરાબર બે પડની ઘડી વળી જાય, અને (તે બે પડવાળી થયેલી મુહપત્તિ) દૃષ્ટિ સન્મુખ આવી જાય. ત્યારબાદ તુર્ત તેના ત્રણ (અથવા બે) [3]વધૂટક કરીને જમણા હાથની ચાર અંગુલીઓના ત્રણ આંતરામાં ભરાવવા-દાબવા, અને તેવી રીતે ત્રણ વધૂટક કરેલી મુહપત્તિને ડાબા હાથની હથેલી ઉપર હથેલીને ન અડે=ન સ્પર્શે તેવી રીતે પ્રથમ ત્રણવાર ખંખેરવા પૂર્વક કાંડા સુધી લઇ જવી, અને એ પ્રમાણે ત્રણ વખત વચ્ચે વચ્ચે આગળ કહેવાતા પખ્ખોડા કરવા પૂર્વક ત્રણ ત્રણવાર અંદર લેવી તે ૯ અખ્ખોડા અથવા ૯ આખોટક અથવા ૯ આસ્ફોટક કહેવાય. (તેમાં ગ્રહણ કરવાનું હોવાથી ખંખેરવાનું નથી.)

---

૧. ઉત્કટિકાસને બેસવું તે कायोर्ध्व અને મુહપત્તિનો તીર્ચ્છો વિસ્તાર તે वस्त्रोर्ध्व એમ બન્ને પ્રકારની ઊર્ધ્વતા અહિ ગણાય.

૨. મુહપત્તિને તીર્ચ્છી વિસ્તારીને જે પુરિમ એટલે પૂર્વક્રિયા=પ્રથમ ક્રિયા કરવામાં આવે છે તે पुरिम કહેવાય.

૩. વધૂ એટલે સ્ત્રી. જેમ લજ્જા વડે શીર્ષનું વસ્ત્ર મુખ આગળ લટકતું=લંબાયમાન રાખે છે, તેમ મુહપત્તિના ૩ વળને ચાર અંગુલીઓના ૩ આંતરામાં ભરાવી=દબાવી નીચે ઝૂલતા=લંબાયમાન રાખવા તે **३ वधूटक** કહેવાય. શ્રી પ્રવ૦સારો૦વૃત્તિમાં બે વધૂટક પણ કરવા કહ્યા છે. પરંતુ એ પ્રચલિત નથી.

૯. प्रमार्जना (पक्खोडा) ઉપર કહ્યા પ્રમાણે પહેલીવાર કાંડા તરફ ચઢતાં ત્રણ અખ્ખોડા કરીને નીચે ઉતરતી વખતે હથેલીને મુહપત્તિ અડે=સ્પર્શે એવી રીતે (મુહપત્તિવડે) ત્રણ ઘસરકા ડાબી હથેલીને કરવા તે પહેલી ૩ પ્રમાર્જના. ત્યારબાદ (કાંડા તરફ ચઢતાં ૩ અખ્ખોડા કરી) બીજીવાર ઉતરતાં ૩ પ્રમાર્જના, અને એજ પ્રમાણે (વચ્ચે ૩ અખ્ખોડા કરીને) પુનઃ ત્રીજી વખત ૩ પ્રમાર્જના કરવી તે ૯ પ્રમાર્જના. અથવા ૯ પખ્ખોડા અથવા ૯ પ્રસ્ફોટક કહેવાય. (ઉપર કહેલા ૬ પ્રસ્ફોટક તે આથી જુદા જાણવા, કારણ કે વિશેષતઃ) એ ૬ ઊર્ધ્વપપ્ફોડા અથવા ૬ પુરિમ કહેવાય છે, પરંતુ પ્રસિદ્ધિમાં જે ૯ પખ્ખોડા ગણાય છે તે તો આ ૯ પ્રમાર્જનાનું નામ છે.)

એ ૯ અખ્ખોડા અને ૯ પખ્ખોડા तिगतिग अंतरिया એટલે પરસ્પર ત્રણ ત્રણને આંતરે થાય છે, તે આ પ્રમાણે- પ્રથમ હથેલીએ ચઢતા ૩ અખ્ખોડા કરવા, ત્યારબાદ હથેલી ઉપરથી ઉતરતા ૩ પખ્ખોડા કરવા, ત્યારબાદ પુનઃ ૩ અખ્ખોડા અને પુનઃ ૩ પખ્ખોડા એ અનુક્રમે ૯ અખ્ખોડા અને ૯ પખ્ખોડા પરસ્પર અંતરિત ગણાય છે, અથવા "*અખ્ખોડાના આંતરે પખ્ખોડા" એમ પણ ગણાય છે.

એ પ્રમાણે અહીં મુહપત્તિની ૨૫ પડિલેહણા ગ્રંથ વધવાના ભયથી અત્યંત સંક્ષિપ્ત રીતે કહી છે, માટે [1]વિસ્તારાર્થીએ અન્ય ગ્રંથોથી તેમજ ચાલુ ગુરુસંપ્રદાયથી પણ વિશેષ વિધિ અવશ્ય જાણવી, કારણ કે સંપ્રદાયથી વિધિ જાણ્યા અથવા જોયા વિના મુહપત્તિની યથાર્થ પડિલેહણા કરી શકાય નહિ. તથા મુહપત્તિની પડિલેહણા વખતે ૨૫ બોલ પણ (સ્પષ્ટ ઉચ્ચારથી બોલવા નહિ પરંતુ) મનમાં ચિંતવવાના કહ્યા છે. ॥ इति [1]मुहपत्तिनी २५ पडिलेहणा ॥

---

*પ્રવ૦સારો૦વૃત્તિમાં તથા ધર્મસંગ્રહ વૃત્તિમાં પખ્ખોડાના આંતરે અખ્ખોડા કહ્યા છે. તો પણ અખ્ખોડાના આંતરે પખ્ખોડાં કહેવામાં પણ વિરોધ નથી, કારણ કે પ્રારંભથી ગણીએ તો અખ્ખોડાનાં આંતરે પખ્ખોડા અને છેડેથી ગણતાં પખ્ખોડાના આંતરે અખ્ખોડા અને સામુદાયિક ગણતાં પરસ્પર અંતરિત ગણાય.

૧. મુહપત્તિ શ્વેત વસ્ત્રની ૧ વેંત ૪ અંગુલ પ્રમાણની સમચોરસ જોઇએ, અને તેનો ૧ છેડો (ચાલુ રીતિ પ્રમાણે) બંધાયેલી કોરવાળો જોઇએ, તે કોરવાળો ભાગ જમણા હાથ તરફ રહે એવી રીતે પહેલી બરાબર અર્ધભાગની ૧ ઘડી વાળીને પુનઃ બીજી ઘડી ઉપલા ભાગમાં આશરે બે અંગુલ પહોળી દૃષ્ટિ સન્મુખ પાડવી, જેથી ઉપર બે અંગુલ જેટલા ભાગમાં ૪ પડ અને નીચે ચાર અંગુલ જેટલા ભાગમાં બે પડ થાય.

તથા ચરવળો દશીઓ સહિત ૩૨ અંગુલ રાખવો, જેમાં ૨૪ અંગુલની દાંડી અને ૮ અંગુલની દશીઓ હોય.

મુહપત્તિની ક્રમવાર ૨૫ પડિલેહણા વખતે ક્રમવાર ચિંતવવા યોગ્ય બોલ આ પ્રમાણે-

| કઈ પડિલેહણા વખતે ? | | કયા બોલ ? | |
|---|---|---|---|
| પહેલું પાસું તપાસતા | → | સૂત્ર | ૧બોલ |
| બીજું પાસું તપાસતાં | → | અર્થ-તત્ત્વ કરી સદ્દહું | |
| પહેલા ૩ પુરિમ વખતે | → | સમકિત મોહનીય, મિશ્ર મો૦ મિથ્યાત્વ મો૦ પરિહરું (૩) | |
| બીજા ૩ પુરિમ વખતે | → | કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિ રાગ પરિહરું (૩) | |
| પહેલા ૩ અખ્ખોડા કરતાં | → | સુદેવ-સુગુરુ-સુધર્મ આદરું (૩) | |
| પહેલા ૩ પખ્ખોડા કરતાં | → | કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરું (૩) | |
| બીજા ૩ અખ્ખોડા કરતાં | → | જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરું (૩) | |
| બીજા ૩ પખ્ખોડા કરતાં | → | જ્ઞાન-દર્શન-ચારિત્ર વિરાધના પરિહરું (૩) | |
| ત્રીજા ૩ અખ્ખોડા કરતાં | → | મનગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિ આદરું (૩) | |
| ત્રીજા ૩ પખ્ખોડા કરતાં | → | મનદંડ-વચનદંડ-કાયદંડ પરિહરું (૩) | |

## શરીરની ૨૫ પડિલેહણા

**पायाहिणेण तिय तिय, वामेयरबाहु-सीस-मुह-हियए ।**
**अंसुड्ढाहो पिट्ठे, चउ छप्पय देहपणवीसा ॥ २१ ॥**

### શબ્દાર્થ:

पायाहिणेण= પ્રદક્ષિણા પ્રમાણે
वाम= ડાબો
इयर= જમણો(ડાબાથી ઈતર)
बाहु= હાથ
हियए = હૃદય ઉપર
अंस = ખંભો
उड्ढ= ઊર્ધ્વ, ઉપર
अहो= નીચે

**गाथार्थः**- પ્રદક્ષિણાના ક્રમે પ્રથમ ડાબા હાથની, ત્યારબાદ જમણા હાથની, મસ્તકની, મુખની અને હૃદય (છાતી)ની ત્રણ-ત્રણ પડિલેહણા કરવી, ત્યારબાદ બન્ને ખભાની ઉપર તથા નીચે પીઠની પ્રમાર્જના કરવી તે ૪ પડિલેહણા પીઠની, અને ત્યારબાદ ૬ પડિલેહણા બે પગની, એ પ્રમાણે શરીરની પચ્ચીસ પડિલેહણા જાણવી. ૨૧.

## ॥ પુરુષના શરીરની ૨૫ પડિલેહણા ॥

**ભાવાર્થઃ**- જમણા હાથમાં વધૂટક કરેલી મુહપત્તિ વડે પ્રથમ ડાબા હાથના મધ્ય જમણા અને ડાબા ભાગને અનુક્રમે પ્રમાર્જવો તે **वामभुजानी** ૩ પડિલેહણા જાણવી, ત્યારબાદ મુહપત્તિને ડાબા હાથમાં વધૂટક કરી જમણા હાથની (ડાબા હાથની જેમ) ત્રણ પ્રમાર્જના કરવી તે **दक्षिणभुजानी** ૩ પડિલેહણા, ત્યારબાદ વધૂટક છૂટા કરી દઈ બે હાથથી બે છેડે ગ્રહણ કરેલી મુહપત્તિ વડે મસ્તકના મધ્ય દક્ષિણ (જમણા) અને વામ (ડાબા) ભાગને અનુક્રમે પ્રમાર્જવા તે **शीर्षनी** ૩ પડિલેહણા. ત્યારબાદ એજ ક્રમ પ્રમાણે **मुखनी** ૩ તથા **हृदयनी** ૩ મળી પાંચ અંગની ૧૫ પડિલેહણા થઈ.

ત્યારબાદ મુહપત્તિને જમણા હાથમાં લઈ જમણા ખભા પરથી ફેરવીને વાંસાનો-પીઠનો જમણો ભાગ (=જમણાનો ઉપલો ભાગ) પ્રમાર્જવો તે પીઠની પહેલી પડિલેહણા જાણવી ત્યારબાદ મુહપત્તિને ડાબા હાથમાં લઈ ખભા ઉપરથી ફેરવી પીઠનો ડાબો ભાગ (=ડાબા વાંસાનો ઉપલો ભાગ) પ્રમાર્જવો તે પીઠની બીજી પડિલેહણા જાણવી. ત્યારબાદ તે જ ડાબા હાથમાં રાખેલી મુહપત્તિને જમણા હાથની કક્ષા (=જમણી કાખ) સ્થાને ફેરવીને જમણા વાંસાનો નીચેનો ભાગ પ્રમાર્જવો તે પીઠની અથવા ચાલુ રીતિ પ્રમાણે કાખની ત્રીજી પડિલેહણા જાણવી. ત્યારબાદ મુહપત્તિ જમણા હાથમાં લઈ ડાબી કક્ષા (કાખ)ના સ્થાને ફેરવી ડાબા વાંસાની નીચેનો ભાગ પ્રમાર્જવો. એ પ્રમાણે **पीठनी वांसानी** ૪ પ્રમાર્જના થઈ. એ ૪ પડિલેહણાને ૨ ખભાની અને ૨ પીઠની પડિલેહણા ગણવાનો વ્યવહાર પ્રસિદ્ધ છે.

ત્યારબાદ ચરવલા અથવા ઓઘાવડે પ્રથમ જમણા પગનો મધ્યભાગ-જમણો ભાગ-ડાબો ભાગ અનુક્રમે પ્રમાર્જવો, ત્યારબાદ એજ રીતે ડાબા પગની પણ ૩ પ્રમાર્જના કરવી. એ પ્રમાણે **बे पगनी** ૬ પ્રમાર્જના થઈ, જેથી સર્વ મળી શરીરની ૨૫ પડિલેહણા કરવી. (શ્રી પ્રવ૦ સારો૦ વૃત્તિમાં તો પગની ૬ પડિલેહણા મુહપત્તિથી કરવાની કહી છે પરંતુ મુખ આગળ રાખવાની મુહપત્તિને પગે અડાડવી યોગ્ય ન હોવાથી ઓઘા અથવા ચરવળા વડે જ પગની પડિલેહણા કરવાનો વ્યવહાર છે.)

---

૧. પીઠની એ ૪ પ્રમાર્જના પ્રસિદ્ધિમાં બે ખભાની અને બે કક્ષાની પડિલેહણા ગણાય છે, તેનું કારણ મુહપત્તિને પ્રથમ ત્યાંથી જ ફેરવીને લઈ જવાની હોય છે માટે એવી પ્રસિદ્ધિ સંભવે છે.

## ॥ સ્ત્રીના શરીરની ૧૫ પડિલેહણા ॥

સ્ત્રીઓનું હૃદય, તથા શીર્ષ, તથા ખભા વસ્ત્રવડે સદા આવૃત (ઢાંકેલા) હોય છે, માટે તે ત્રણ અંગની (અનુક્રમે ૩-૩-૪=(૧૦ પડિલેહણા હોય નહિ, માટે શેષ (બે હાથની ૩-૩, મુખની અને બે પગની ૩-૩ એ) ૧૫ પડિલેહણા સ્ત્રીઓના શરીરની હોય છે, તેમાં પણ પ્રતિક્રમણ વખતે સાધ્વીજીનું શીર્ષ ખુલ્લું રહેવાનો વ્યવહાર હોવાથી ૩ શીર્ષ પડિલેહણા સહ ૧૮ પડિલેહણા સાધ્વીજીને હોય છે.)[1]

એ શરીરની પચ્ચીસ પડિલેહણા વખતે પણ પચ્ચીસ બોલ મનમાં ચિંતવવાના કહ્યા છે. તે બોલ આ પ્રમાણે છે-

| | |
|---|---|
| (૩) ડાબા હાથના ૩ ભાગ પડિલેહતાં | (૩) હાસ્ય-રતિ-અરતિ પરિહરું. |
| (૩) જમણા હાથના ૩ ભાગ પડિલેહતાં | (૩) ભય-શોક-દુર્ગંછા પરિહરું. |
| (૩) મસ્તકના ૩ ભાગ પડિલેહતાં | (૩) કૃષ્ણ-નીલ-કાપોતલેશ્યા પરિહરું. |
| (૩) મુખ ઉપરના ૩ ભાગ પડિલેહતાં | (૩) રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું. |
| (૩) હૃદયના ૩ ભાગ પડિલેહતાં | (૩) માયાશલ્ય,નિયાણશલ્ય,મિથ્યાત્વશલ્ય પરિહરું. |
| (૪) બે ખભા અને (૨) પીઠ મળી ૪ ભાગ | (૩) ક્રોધ, માન, માયા, લોભ પરિહરું. |
| (૩) જમણા પગના ૩ ભાગ પડિલેહતાં | (૩) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની રક્ષા કરું. |
| (૩) ડાબા પગના ૩ ભાગ પડિલેહતાં | (૩) વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરું. |
| ૨૫ | ૨૫ |

[૨૦૮]

**सम्मग्गमग्गसंप-ट्ठिआण साहूण कुणइ वच्छल्लं ।**
**ओसहभेसज्जेहि य, सयमन्नेणं तु कारेई ॥ २०९॥**

सन्मार्गमार्गसम्प्रस्थितानां साधूनां करोति वात्सल्यम् ।
औषधभैषज्यैश्च, स्वयमन्येन तु कारयति ॥ २०९॥

**व्याख्या**-सन्मार्गमार्गसंप्रस्थितानां-सन्मुनिमार्गे सम्यक्प्रवृत्तानां साधूनां-

---

૧. પ્રવૃત્તિમાં તેવો વ્યવહાર દેખાય છે. પ્રવ૦ સારો૦ અને ધર્મ સં૦ની વૃત્તિમાં તો સાધ્વીજીની ૧૮ પડિલેહણા કહી નથી, ફક્ત સ્ત્રીની ૧૫ પડિલેહણા કહી છે. પરંતુ ભાષ્યના જ્ઞા૦ વિ૦ સૂ૦ કૃત બાલાવબોધમાં કહી છે.

मुनीनां करोति-विधत्ते स्वयं-आत्मना वात्सल्यं-समाधिसम्पादनं अधिकारात्संविग्नपाक्षिकः, कैः ? औषधभैषज्यैस्तत्रौषधानि-केवलद्रव्यरूपाणि बहिरुपयोगीनि वा, भैषज्यानि-सांयोगिकानि अंतर्भोग्यानि वा, चशब्दोऽनेकान्यप्रकारसूचकः । तथाऽन्येन-आत्मव्यतिरिक्तेन कारयति, तुशब्दात् कुर्वन्तमन्यमनुजानातीति । गाथाछन्दः ॥३५॥ (गच्छाचार०)

સંવિગ્નપાક્ષિક સુસાધુઓના માર્ગમાં સમ્યક્ પ્રવૃત્ત થયેલા મુનિઓને ઔષધ-ભૈષજ્યથી સ્વયં વાત્સલ્ય કરે છે, બીજાઓ દ્વારા કરાવે છે, વાત્સલ્ય કરનારા બીજાને અનુજ્ઞા આપે છે.

**વિશેષાર્થઃ-** (सन् मार्गः येषां ते सन्मार्गाः-सुसाधवः, सन्मार्गाणां मार्गः सन्मार्गमार्गः, सन्मार्गमार्गे संप्रस्थिताः सन्मार्गमार्गसंप्रस्थितास्तेषाम्)

ઔષધ એટલે જેમાં એક જ દ્રવ્ય હોય તેવી દવા, અથવા શરીરના બહારના ભાગમાં ઉપયોગમાં આવે તેવી દવા. ભૈષજ્ય એટલે જેમાં અનેક દ્રવ્યો હોય તેવી દવા, અથવા શરીરના અંદરના ભાગમાં ઉપયોગમાં આવે તેવી દવા. ગાથામાં રહેલો च શબ્દ ઔષધ-ભૈષજ્ય સિવાય બીજા પણ અનેક પ્રકારોનો સૂચક છે. વાત્સલ્ય કરવું એટલે સમાધિ પમાડવી.

ગાથામાં રહેલા तु શબ્દથી "વાત્સલ્ય કરનાર બીજાની અનુમોદના કરે છે." એ અર્થ સમજવો. (૨૦૯)

**एयारिसो ण पावो, असंजओ संजओ त्ति जंपंतो ।**
**भणिओ तित्थयरेणं, जं पावो पावसमणिज्जे ॥ २१० ॥**

एतादृशो न पापः असंयतः संयत इति जल्पन् ॥
भणितस्तीर्थकरेण यत्पापः पापश्रमणीये ॥ २१० ॥

આવો (=સંવિગ્નપાક્ષિક)જીવ પાપી નથી. કારણ કે પાપશ્રમણીય અધ્યયનમાં પોતે સંયત ન હોવા છતાં પોતાને સંયત કહે તેને તીર્થંકરે પાપશ્રમણ કહ્યો છે.

**વિશેષાર્થઃ-** ઉત્તરાધ્યયનમાં ૧૭મા પાપશ્રમણીય અધ્યયની છટ્ઠી ગાથા આ પ્રમાણે છે.

संमद्दमाणे पाणाणि बीयाणि हरियाणि य ।
असंजए संजय मन्नमाणे पावसमणित्ति वुच्चई ।

આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે-"બેઇંદ્રિય વગેરે પ્રાણીઓની, ડાંગર વગેરે બીજોની, દૂર્વા વગેરે વનસ્પતિની હિંસા કરતો અને એથી જ અસંયત હોવા છતાં 'હું સંયત છું' એમ પોતાને સંયત માનનાર પાપશ્રમણ છે.'

સંવિગ્નપાક્ષિક પોતાને સંયત માનતો નથી માટે તે પાપ શ્રમણ નથી. (૨૧૦)

**किं पुण तित्थपभावण-वसेण एसो पसंसणिज्जगुणो ।**
**सद्धाणुमोअणाए, इच्छाजोगा य जं भणियं ॥ २११ ॥**

किंपुनस्तीर्थप्रभावनावशेन, एष प्रशंसनीयगुणः ।
श्रद्धानुमोदनया इच्छायोगाच्च यद् भणितम् ॥ २११ ॥

તો પછી શાસનપ્રભાવનાના કારણે તથા શ્રદ્ધાનુમોદનાથી અને ઇચ્છાયોગથી સંવિગ્નપાક્ષિકના ગુણો પ્રશંસનીય હોય તેમાં શું કહેવું ? આ વિષે કહ્યું છે કે-

**વિશેષાર્થ:-** "તો પછી" એ શબ્દોનો અન્વય આ પ્રમાણે છે-જો સંવિગ્નપાક્ષિક પાપી નથી તો પછી તેના ગુણ અનુમોદનીય હોય તેમાં શું કહેવું ? એના ગુણો અનુમોદનીય છે તેના ત્રણ કારણો આ ગાથામાં જણાવ્યા છે. (૧) **શાસનપ્રભાવના-** સંવિગ્નપાક્ષિક જીવ શુદ્ધ પ્રરૂપણા કરીને શાસનપ્રભાવના કરે છે. શુદ્ધ પ્રરૂપણાના કારણે અનેકજીવો સાચા મોક્ષમાર્ગને પામે છે. (૨) **શ્રદ્ધાનુમોદના-** સંવિગ્નપાક્ષિક જીવ સુસાધુઓની, સુસાધુઓના આચારોની શ્રદ્ધાથી (=અંતઃકરણની રુચિથી) અનુમોદના કરે છે. (૩) **ઇચ્છાયોગ-** શાસ્ત્રોમાં ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એમ યોગના ત્રણ પ્રકારો જણાવ્યા છે. તેમાં ઇચ્છાયોગ એટલે જે જીવ શાસ્ત્રપ્રમાણે અનુષ્ઠાનો કરી શકે નહિ, પણ શાસ્ત્ર પ્રમાણે કરવાની હાર્દિક ઇચ્છા હોય તેને ઇચ્છાયોગ હોય છે. સંવિગ્નપાક્ષિકજીવ શાસ્ત્ર પ્રમાણે કરતો નથી, પણ શાસ્ત્રપ્રમાણે કરવાની હાર્દિક ઇચ્છાવાળો હોય છે. આમ શાસનપ્રભાવના વગેરે ત્રણ કારણોથી સંવિગ્નપાક્ષિકના ગુણો પ્રશંસનીય છે. (૨૧૧)

**नाणाहिओ वरतरो, हीणो वि हु पवयणं पभावंतो ।**
**ण य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ॥ २१२॥**

ज्ञानाधिको वरतरो हीनोऽपि खलु प्रवचनं प्रभावयन् ।
न च कुर्वन्दुष्करं सुष्ठ्वप्यल्पागमः पुरुषः ॥ २१२॥

'नाणाहिओ' गाहा, ज्ञानाधिको वरतरमाविष्टलिङ्गत्वात् प्रधानतरः हीनोऽपि चारित्रापेक्षया, हुरलङ्कारे, प्रवचनं सर्वज्ञागमं प्रभावनयन् वाद-व्याख्यानादिभिरुद्भावयन्, न च नैव दुष्करं मासक्षपणादि सुष्ठ्वपि कुर्वन्नल्पागमः स्तोकश्रुतः पुरुषो वरतरमिति ॥ ४२३॥ (ઉપદેશમાલા)

ચારિત્રપાલનમાં શિથિલ પણ જે જ્ઞાનાધિક હોય અને એથી વાદ-વ્યાખ્યાન વગેરેથી સર્વજ્ઞાગમરૂપ પ્રવચનનું ગૌરવ કરતો હોય તે શ્રેષ્ઠ છે. પણ માસક્ષમણ વગેરે દુષ્કર અનુષ્ઠાનો ઘણા કરતો હોય તો પણ અલ્પશ્રુતવાળો પુરુષ શ્રેષ્ઠ નથી.

**વિશેષાર્થ** :- आविष्टलिङ्गत्वाद् એટલે સાધુવેશથી યુક્ત હોવાથી. આમ કહીને ટીકાકારે સાધુવેશનું પણ મહત્ત્વ છે એમ જણાવ્યું છે. સામાન્યથી એમ કહી શકાય કે સાધુવેશથી યુક્ત જ્ઞાનાધિક જેટલી શાસનપ્રભાવના કરી શકે તેટલી શાસનપ્રભાવના સાધુવેશથી રહિત જ્ઞાનાધિક ન કરી શકે. (૨૧૨)

**हीणस्स विसुद्धपरू-वगस्स नाणाहिअस्स कायव्वा ।**
**इय वयणाओ तस्स वि, सेवा उचिया सुसाहूणं ॥ २१३॥**

हीनस्यापि शुद्धप्ररूपकस्य ज्ञानाधिकस्य कर्तव्या ॥
इति वचनात्तस्यापि, सेवोचिता सुसाधूनाम् ॥ २१३॥

"ચારિત્રમાં શિથિલ પણ શુદ્ધપ્રરૂપક જ્ઞાનાધિકની સેવા કરવી" એવા વચનથી સંવિગ્નપાક્ષિકની પણ સેવા કરવી એ સુસાધુઓ માટે ઉચિત છે.

**વિશેષાર્થ**:- ઉપદેશમાળામાં ૩૪૮મી ગાથા આ પ્રમાણે છે-

हीणस्स वि सुद्धपरूवगस्स नाणाहियस्स कायव्वं ।
जनचित्तग्गहणत्थं करिंति लिङ्गावसेसेऽवि ॥

આનો અર્થ આ પ્રમાણે છે- ચારિત્રમાં શિથિલ પણ શુદ્ધપ્રરૂપક જ્ઞાનાધિકનું ઉચિત કરવું જોઇએ. અને માત્ર વેશ બાકી રહ્યો હોય તેવા પાર્શ્વસ્થાદિ સંબંધી પણ ઉચિત લોકોને ખુશ કરવા માટે સુસાધુઓ કરે.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે- સુસાધુઓ સંવિગ્નપાક્ષિકનું તો ઉચિત કરે, કિંતુ પાસત્થા વગેરેનું પણ ઉચિત કરે. જો અવસરે પાસત્થાદિનું ઉચિત ન કરવામાં આવે તો "આ સાધુઓ પરસ્પર પણ ઈર્ષ્યા કરે છે" એમ અજ્ઞાન લોકો બોલે, અને એથી શાસનની નિંદા થાય. અજ્ઞાન લોકોને આ સુસાધુ છે અને આ કુસાધુ છે એવી ખબર હોતી નથી. અજ્ઞાન લોકો સાધુનો વેશ જોઇને બધાને સરખા સાધુ માને. એથી જો સુસાધુઓ અવસરે પાસત્થાદિનું ઉચિત ન કરે તો ઉક્ત રીતે શાસનની નિંદા થાય. આ રીતે શાસનની નિંદા ન થાય એ માટે સુસાધુઓ અવસરે પાસત્થાદિનું પણ ઉચિત કરે. જેથી અજ્ઞાન લોકો "જૈન સાધુઓ અવસરે એક-બીજાનું ઉચિત કરે છે" એમ વિચારીને ખુશ થાય, અને એથી શાસનની પ્રશંસા કરે, અથવા નિંદા ન કરે.

પ્રસ્તુતમાં વિષય એ છે કે અહીં ચારિત્રમાં શિથિલ પણ શુદ્ધ પ્રરૂપક જ્ઞાનાધિકનું ઉચિત કરવાનું કહ્યું છે. આથી સુસાધુઓ અવસરે સંવિગ્નપાક્ષિકની સેવા કરે તે ઉચિત છે. (૨૧૩)

**तम्हा सुद्धपरूवग-मासज्ज गुरुं ण चेव मुंचंति ।**
**तस्साणाइ सुविहिआ, सविसेसं उज्जमंति पुणो ॥ २१४॥**

तस्माच्छुद्धप्ररूपक-मासाद्य गुरुं नैव मुञ्चन्ति ।
तस्याज्ञायां सुविहिताः, सविशेषमुद्यच्छन्ति पुनः ॥ २१४॥

તેથી સુવિહિત (=સુચારિત્ર સંપન્ન) સાધુઓ શુદ્ધ પ્રરૂપક ગુરુને પ્રાપ્ત કરીને મુક્તા નથી, અને તેની આજ્ઞામાં વિશેષ પ્રયત્ન કરે છે. (૨૧૪)

**एअं अवमन्नंतो, वुत्तो सुत्तंमि पावसमणुत्ति ।**
**महमोहबंधगो वि अ, खिंसंतो अपरितप्पंतो ॥ २१५॥**

एतमवमन्यमान उक्तः सूत्रे पापश्रमण इति ॥
महामोहबन्धकोऽपि च खिंसन्नपरितप्यमानः ॥ २१५॥

एतं-प्रस्तुतगुरुमवमन्यमानो-हीलयन् साधुरिति गम्यते भणित उक्तः सूत्रे-सिद्धान्ते श्रीमदुत्तराध्ययन इत्यर्थः पापश्रमणः कुत्सितयतिरितिरुपप्रदर्शने ।

**तच्चेदम् सूत्रं-**

**''आयरियउवज्झाएहि, सुयं विणयं च गाहिए ।**
**ते चेव खिंसइ बालो, पावसमणु त्ति वुच्चइ ॥ १॥**
**आयरियउवज्झायाणं, सम्मं नो पडितप्पइ ।**
**अपडिपूयए थद्धे, पावसमणु त्ति वुच्चइ ॥ २॥''**

तथा महामोहबन्धकः-प्रकृष्टमिथ्यात्वोपार्जकश्च, अपि(च)शब्दः सूत्रान्तरं सूचयति-किं कुर्वन् ? 'खिंसंतो'त्ति गुरोर्निन्दां कुर्वन्, 'अपडितप्पन्तु'त्ति तेषां वैयावृत्त्यादावादरमकुर्वन्निति । सूत्रान्तरं चावश्यके त्रिंशत्सु मोहनीयस्थानेष्वेवं पठ्यते -

**''आयरियउवज्झाए, खिंसइ मन्दबुद्धिए ।**
**तेसिमेव य नाणीणं, सम्मं नो पडितप्पइ ॥''**
क्रियापदं च पर्यन्ते ''महामोहं पकुव्वइ''त्ति भणितमिति ।

**आह**-गुरोः सामर्थ्याभावे यदि शिष्योऽधिकतरं यतनातपःश्रुताध्ययनादि करोति तत्किं युक्तमाहोश्विद् गुरोर्लाघवहेतुत्वान्न युक्तमित्यत्रोच्यते-गुर्वनुज्ञया युक्तमेव, गुरोर्गौरवहेतुत्वाद्, भवति च गुणाधिके विनये गुरोर्गौरवम्, श्रीवज्रस्वामिनि सिंहगिरिगुरोरिव ।

**तथाहि-**

पुरा सिंहगिरेः सूरेर्विनेयो विनयास्पदम् ।
अज्ञानगुरुभूमीभृद्वज्राभो वज्र इत्यभूत् ॥ १॥

अबालधीः स बालोपि, संयत्युपाश्रयाश्रयी ।
एकादशाङ्गीमध्येष्ट, पदानुसृतिलब्धियुक् ॥ २ ॥

अष्टाब्दो गच्छमध्यस्थो, यद्यत् पूर्वगताद्यपि ।
पापठ्यमानमश्रौषीत्, तत्तज्जग्राह लीलया ॥ ३ ॥

पठेति स्थविराः प्राहुर्यदि वज्रं तदा च सः ।
उद्गृणन्नस्फुटं किंचित्, शुश्राव पठतो परान् ॥ ४ ॥

परेद्यवि दिवामध्ये, भिक्षार्थं भिक्षवो ययुः ।
बहिर्भूमौ गुणग्रामगुरवो गुरवोऽप्यगुः ॥ ५ ॥

तस्थौ तु वज्र एकाकी, वसतौ सोऽथ वेष्टिकाः ।
विन्यस्य साधुमण्डल्यां, स्वयं मध्ये निषद्य च ॥ ६ ॥

एकादशानामङ्गानामपि पूर्वगतस्य च ।
वाचनां दातुमारेभे, मेघगम्भीरया गिरा ॥ ७ ॥

व्याघुट्य सूरयोऽप्यागुः श्रुत्वा गहगहस्वरम् ।
दध्युरित्यात्तभिक्षाकाः. किमीयुर्मंक्षु भिक्षवः ? ॥ ८ ॥

विमर्शं च वितन्वानाः, क्षणादज्ञासिषन् यथा ।
अये ! वज्रमुनेरेष, वाचनां ददतो ध्वनिः ॥ ९ ॥
पुरा भवे किमेतेनाध्यायि गर्भस्थितेन वा ।
एवं व्यचिन्तयन्मौलिं, धुन्वाना विस्मयान्मुहुः ॥ १० ॥

अस्यास्मच्छ्रवणाच्छङ्का मा भूदिति विचिन्त्य ते ।
अपसृत्य शनैरुच्चैश्चक्रुर्नैषेधिकीं ततः ॥ ११ ॥

तामाकर्ण्य सुनन्दासूर्झगित्युत्थाय विष्टरात् ।
कृतहस्तोऽमुचत् सर्वाः, स्वस्वस्थानेषु वेष्टिकाः ॥ १२ ॥

समेत्य च गुरोर्दण्डमाददेऽङ्घ्री ममार्ज च ।
प्रासुकेनाथ नीरेण, स्वयं प्राक्षालयत् पदौ ॥ १३ ॥

एवं च्च दध्युराचार्या, विद्यावृद्धोऽर्भकोऽप्यसौ ।
अजानद्भ्योऽन्यसाधुभ्यो, रक्ष्योऽवज्ञास्पदीभवन् ॥ १४ ॥

एवं विमृश्य यामिन्यां, शिष्येभ्योऽकथयन्निति ।
गन्ता स्मः श्वोऽमुकं ग्रामं, द्वित्राहं तत्र नः स्थितिः ॥ १५॥

अथोचुर्मुनयो योगप्रपन्ना वाचनाप्रदः ।
को नो भावीत्यथो सूरिर्वज्र इत्यादिशत् पुनः ॥ १६॥

ऋजवस्ते विनीताश्च, तत्तथैव प्रपेदिरे ।
न सन्तो जातु लङ्घन्ते, गुर्वाज्ञां भद्रदन्तिवत् ॥ १७॥

प्रातः कृत्वाऽनुयोगस्य, सामग्रीं ते गते गुरौ ।
वज्रर्षिं गुरुवद्भक्त्या, निषद्यायां न्यषेदयन् ॥ १८॥

ततो वज्रमुनिर्ज्ञानकन्दकन्दलनाम्बुदः ।
आनुपूर्व्या महर्षीणां, तेषामालापकान् ददौ ॥ १९॥

ये मन्दमेधसस्तेष्वप्यभूद्वज्रो, ह्यमोघवाक् ।
तद्वीक्ष्य नव्यमाश्चर्यं, गच्छः सर्वो विसिष्मिये ॥ २०॥

आलापान्मुनयः पूर्वं, पठितान् निस्तुषानपि ।
संवादहेतवेऽपृच्छन्, सोपि व्याख्यात्तथैव तान् ॥ २१॥
ये यावत् सूरितोऽनेकवाचनाभिरधीयिरे ।
पेठुर्वज्राच्छ्रुतं तावदेकवाचनयाऽपि ते ॥ २२॥

अथोचुः साधवो हृष्टा, विलम्बेत गुरुर्यदि ।
वज्रान्तिके तदाऽऽश्वेष, श्रुतस्कन्धः समाप्यते ॥ २३॥

धन्याः स्मः कृतकृत्याः स्मः पुण्यान्युज्जागराणि नः ।
यदेष वाचनाचार्यो, वज्रोऽस्माभिरलभ्यत ॥ २४॥

श्रीमन्तो गुरवोऽस्माकमेते धन्यतमा भुवि ।
शिष्योऽयं विजयी येषां, सर्वश्रुतनिवासभूः ॥ २५॥

विनेयेनामुना दत्तहस्तालम्बा शनैः शनैः ।
श्रीमद्गुरोः प्रवृद्धापि, कीर्त्तिर्भ्राम्यतु विष्टपे ॥ २६॥

अथेयद्भिर्दिनैर्वज्रो, भावी ज्ञातगुणः खलु ।
मुनिनामपि मत्वैयुर्मुदितास्तत्र सूरयः ॥ २७॥

मुनयस्तानवन्दन्त, भक्तिभाजोऽथ सूरिभिः ।
पृष्टाः स्वाध्यायनिर्वाहं, शसंसुस्ते यथास्थितम् ॥ २८ ॥
नत्वा भूयोपि ते शिष्या, गुरुमेवं व्यजिज्ञपन् ।
भगवन् ! वाचनाचार्यो, वज्र एवास्तु नः पुनः ॥ २९ ॥
गुरुर्बभाषे सर्वेषामेव भावी गुरुः क्रमात् ।
किन्तु मान्योऽधुनाप्युच्चैर्गुणवृद्धोऽर्भकोऽपि हि ॥ ३० ॥
अत एव वयं ग्रामेऽगमामायं च वोऽर्पितः ।
सूरिर्यथाहि जानीथ, यूयमस्येदृशान् गुणान् ॥ ३१ ॥
नत्वस्य वाचनाचार्यपदवी युज्यतेऽधुना ।
कर्णश्रुत्याददेऽनेन, श्रुतं यत्र गुरोर्मुखात् ॥ ३२ ॥
ततश्च श्रुतसारज्ञः श्रुतमर्थसमन्वितम् ।
अध्यापयद् गुरुर्वज्रं, विधायोत्सारकल्पकम् ॥ ३३ ॥
साक्षीकृतगुरुर्वज्रमुनिर्गुर्वर्प्पितं श्रुतम् ।
मातृकापदवत्सर्वं, स जग्राह कुशाग्रधीः ॥ ३४ ॥
तथाऽभूच्छ्रुतविद् वज्रो, यथा सिंहगिरेरपि ।
चिरसंदेहसंदोहरजःपवनतां ययौ ॥ ३५ ॥
क्रमादासादिताचार्यवैभवो भवनाशनः ।
कुमतध्वान्तविध्वंसहंसः सल्लब्धिसेवधिः ॥ ३६ ॥
दशपूर्वश्रुताधारः, श्रीमान् वज्रमुनीश्वरः ।
भृशं प्रभावयामास, सुचिरं जिनशासनम् ॥ ३७ ॥ (ધર્મરત્ન પ્રકરણ)

**॥ इति श्री वज्रस्वामिकथा ॥**

પ્રસ્તુત ગુરુની અવજ્ઞા કરનાર સાધુને સૂત્રમાં પાપશ્રમણ કહ્યો છે. તથા ગુરુની નિંદા કરનાર અને ગુરુની વેયાવચ્ચ આદિમાં આદર ન કરનાર સાધુ મહામોહનો બંધ કરે છે.

**વિશેષાર્થઃ-** ઉત્તરાધ્યયનસૂત્રના પાપ શ્રમણીય અધ્યયનમાં કહ્યું છે કે-

आयरियउवज्झाएहि, सुयं विणयं च गाहिए ।
ते चेव खिंसइ बालो, पापसमणुत्ति वुच्चइ ॥ ४ ॥

**અર્થ-** આચાર્ય અને ઉપાધ્યાય વડે સૂત્રથી અને અર્થથી શ્રુતને અને વિનયને શિખવાડાએલો જે વિવેક રહિત સાધુ તે જ આચાર્ય અને ઉપાધ્યાયની નિંદા કરે છે, તે પાપ શ્રમણ છે. (૪)

आयरियउवज्झायाणं, सम्मं नो पडितप्पइ ।
अपडिपूयये थद्धे, पावसमणु त्ति वुच्चइ ॥ ५॥

જે આચાર્ય-ઉપાધ્યાયને સમ્યક્ તૃપ્ત કરતો નથી = તેમનાં કાર્યો કરવાનો આગ્રહ રાખતો નથી, અરિહંત આદિની યથાયોગ્ય ભક્તિ કરતો નથી, અત્યંત ગર્વિષ્ઠ છે (ગર્વિષ્ઠ હોવાના કારણે કોઈ પ્રેરણા કરે તો પણ માને નહિ) તે પાપશ્રમણ છે. (૫)

બીજા સૂત્રનો (=અહીં જણાવેલ પાપશ્રમણીય અધ્યયનની પાંચમી ગાથાનો) આવશ્યકસૂત્રમાં ત્રીશ મોહનીય સ્થાનોમાં આ પ્રમાણે પાઠ છે:-

आयरियउवज्झाए खिंसइ मंदबुद्धीए ।
तेसिमेव य नाणीणं सम्मं नो पडितप्पइ ॥ આ પાઠના અંતે "महामोहं पकुव्वइ" એવું ક્રિયાપદ કહ્યું છે.

**પ્રશ્નઃ-** ગુરુમાં સામર્થ્ય ન હોય અને શિષ્ય યતના, તપ, શ્રુતાધ્યયન વગેરે ગુરુથી અધિક કરે તો તે યુક્ત છે ? કે ગુરુની લઘુતાનું કારણ હોવાથી અયુક્ત છે ?

**ઉત્તરઃ-** ગુરુની અનુજ્ઞાથી શિષ્ય અધિક કરે તો તે યુક્ત જ છે. કારણ કે તે ગુરુના ગૌરવનું કારણ છે. ગુણાધિક શિષ્યથી ગુરુનું ગૌરવ થાય છે. જેમકે શ્રીવજ્રસ્વામીથી સિંહગિરિગુરુનું ગૌરવ થયું. તે આ પ્રમાણે-

## શ્રી વજ્રસ્વામીનું દૃષ્ટાંત

પૂર્વે આચાર્યસિંહગિરિના વિનયપાત્ર અને અજ્ઞાનરૂપી પર્વતને ભેદવા માટે વજ્ર સમાન વજ્રનામના શિષ્ય હતા. તે વયથી બાલ હોવા છતાં બુદ્ધિથી મહાન હતા. પદાનુસારિણી લબ્ધિથી યુક્ત તે વજ્રમુનિએ સાધ્વીઓના ઉપાશ્રયમાં રહીને અગિયાર અંગો ભણી લીધા. આઠ વર્ષના

તે ગચ્છમાં રહ્યા. સાધુઓથી પાઠ કરાતું પૂર્વગત વગેરે પણ જે જે શ્રુત તેમણે સાંભળ્યું તે તે શ્રુત તેમણે રમતથી કંઠસ્થ કરી લીધું. સ્થવિર સાધુઓ જ્યારે 'તું ભણ' એમ વજ્રમુનિને કહેતા ત્યારે તે અસ્પષ્ટ કંઇક બોલતા હતા અને બીજા સાધુઓ જે પાઠ કરતા હતા તેને સાંભળતા હતા. એકવાર મધ્યાહ્ન સમયે સાધુઓ ભિક્ષા માટે ગયા. ગુણના સમૂહથી ગુરુ એવા ગુરુ પણ બહિર્ભૂમિમાં ગયા. વસતિમાં એક વજ્રમુનિ રહ્યા. સાધુઓની માંડલી પ્રમાણે વિંટિયાઓ ગોઠવીને વચ્ચે વજ્રમુનિ પોતે બેઠા. એ રીતે બેસીને મેઘ જેવી ગંભીર વાણીથી અગિયારે અંગોની અને પૂર્વગતશ્રુતની પણ વાચના આપવાનું શરૂ કર્યું. બહિર્ભૂમિથી પાછા ફરીને આચાર્ય પણ આવ્યા. અવ્યક્ત અવાજ સાંભળીને સાધુઓ ભિક્ષા લઇને જલદી આવી ગયા કે શું ? એમ આચાર્ય ભગવંતે વિચાર્યું. વિતર્કને કરતા તેમણે ક્ષણવારમાં જાણી લીધું કે અરે ! વાચના આપતા વજ્રમુનિનો આ અવાજ છે! વિસ્મયથી વારંવાર મસ્તકને ધુણાવતા સૂરિએ તેણે આ શ્રુત પૂર્વભવમાં ભણ્યું હશે કે ગર્ભમાં ભણ્યું હશે ? એમ વિચાર્યું. આને અમારા શ્રવણથી ક્ષોભ ન થાઓ એમ વિચારીને સૂરિ ધીમેથી થોડા પાછા ખસી ગયા. પછી મોટા અવાજથી 'નિસીહિ' શબ્દનો ઉચ્ચાર કર્યો. નિસીહિ શબ્દને સાંભળીને વજ્ર મુનિ જલદી આસન ઉપરથી ઊભા થઇ ગયા અને સ્ફૂર્તિથી સઘળા વીંટિયા પોતપોતાના સ્થાનોમાં મૂકી દીધા. ગુરુની સામે આવીને ગુરુનો દાંડો લઇ લીધો, પગોનું પ્રમાર્જન કર્યું. પછી પ્રાસુક પાણીથી જાતે ગુરુના ચરણોનું પ્રક્ષાલન કર્યું. આચાર્યભગવંતે વિચાર્યું કે આ ઉંમરથી બાળક હોવા છતાં વિદ્યાથી વૃદ્ધ છે. આને નહિ જાણતા અન્ય સાધુઓની અવજ્ઞાથી એનું રક્ષણ કરવું જોઇએ. આ પ્રમાણે વિચારીને રાતે શિષ્યોને આ પ્રમાણે કહ્યુંઃ આવતી કાલે અમે અમુક ગામે જઇશું. ત્યાં બે ત્રણ દિવસ અમારી સ્થિરતા થશે. યોગોદ્વહન કરતા સાધુઓએ કહ્યુંઃ અમારા વાચનાચાર્ય કોણ થશે ? આચાર્ય ભગવંતે કહ્યુંઃ વજ્રમુનિ તમારો વાચાનાચાર્ય થશે. સરળ અને વિનીત સાધુઓએ તેનો તે પ્રમાણે જ સ્વીકાર કર્યો ! સત્પુરુષો ભદ્ર હાથીની જેમ ક્યારેય ગુર્વાજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. સવારે ગુરુના ગયા પછી વાચનાની તૈયારી કરીને ગુરુની

જેમ ભક્તિથી વજ્રમુનિને આસન ઉપર બેસાડ્યા. ત્યાબાદ જ્ઞાનરૂપ કંદના અંકુર માટે મેઘસમાન વ્રજ્ર મુનિએ અનુક્રમે તે સાધુઓને આલાવા આપ્યા. જે સાધુઓ મંદબુદ્ધિવાળા હતા તેમના વિષે પણ વજ્રમુનિ .અમોઘવાણી વાળા થયા, અર્થાત્ મંદબુદ્ધિવાળા મુનિઓને પણ વાચનામાં સારી સમજ પડી. આ નવું આશ્ચર્ય જોઈને સઘળો ગચ્છ વિસ્મય પામ્યો. અમને સમજાયેલો અર્થ બરોબર છે કે કેમ તેનો નિર્ણય કરવા પૂર્વે ભણેલા સ્પષ્ટ સમજાઇ ગયેલા પણ આલાવાનો અર્થ વજ્રમુનિને સાધુઓએ પૂછ્યો. વજ્રમુનિએ પણ તે આલાવાઓનો અર્થ તે પ્રમાણે જ કર્યો. સાધુઓએ આચાર્યભગવંતની પાસે અનેક વાચનાઓથી જેટલું શ્રુત ભણ્યું હતું, તેટલું શ્રુત વજ્રમુનિ પાસેથી એકજ વાચનાથી ભણી લીધું. હર્ષ પામેલા સાધુઓ બોલ્યાઃ જો ગુરુ વિલંબથી પધારે તો આ શ્રુતસ્કંધ વજ્રમુનિની પાસે જલદી પૂર્ણ કરી લઈએ. અમે ધન્ય છીએ, કૃતકૃત્ય છીએ, અમારા પુણ્યો હજી જાગતા છે, જેથી આ વજ્રમુનિ અમને વાચાનાચાર્ય મળ્યા. પૃથ્વીમાં આ શ્રીમાન્ ગુરુ સર્વથી અધિક ધન્ય છે કે જેથી તેમને સર્વશ્રુતના નિવાસસ્થાન સમાન અને વિજયી આવા શિષ્યની પ્રાપ્તિ થઇ. આ શિષ્યે આપેલા હસ્તાવલંબનથી ધીમે ધીમે અત્યંત વૃદ્ધિ પામેલી શ્રીમાન્ ગુરુની કીર્તિ પણ વિશ્વમાં પરિભ્રમણ કરો.

આટલા દિવસોમાં મુનિઓ વજ્રના ગુણોથી પરિચિત થઇ ગયા હશે એમ માનીને આનંદ પામેલા આચાર્ય ત્યાં પધાર્યા. ભક્તિસંપન્ન સાધુઓએ તેમને વંદન કર્યું. આચાર્યે તમારો સ્વાધ્યાય બરોબર થયો ને? એમ પૂછ્યું એટલે સાધુઓએ સત્ય બીના જણાવી. ફરી પણ ગુરુને નમીને શિષ્યોએ વિનંતિ કરી કે હે ભગવંત! ફરી પણ વજ્રમુનિ જ અમારા વાચનાચાર્ય થાઓ. ગુરુ બોલ્યાઃ વજ્રમુનિ ક્રમે કરીને તમારા બધાયનો ગુરુ થશે. કિંતુ હમણાં પણ વયથી બાલ હોવા છતાં ગુણોથી અત્યંત વૃદ્ધ વજ્રમુનિ તમારે આદર કરવા યોગ્ય છે. તમે આના આવા ગુણોને જાણો એટલા માટે જ અમે બીજા ગામ ગયા અને આને તમને વાચનાચાર્ય તરીકે આપ્યો. હમણાં એને વાચનાચાર્યની પદવી આપવી યોગ્ય નથી. કારણ કે તેણે શ્રુત કાનથી સાંભળીને લીધું છે, ગુરુના મુખથી લીધું

નથી. ત્યારબાદ શ્રુતના સારને જાણનારા ગુરુએ ઉત્સારકલ્પ (અનેક દિવસોમાં ભણાવવા યોગ્ય શ્રુતને એક જ દિવસમાં ભણાવી દેવું તે ઉત્સારકલ્પ.) કરીને વજ્રમુનિને અર્થસહિત શ્રુત ભણાવ્યું. તીક્ષ્ણબુદ્ધિશાલી વજ્રમુનિ ગુરુને માત્ર સાક્ષી કરીને ગુરુએ આપેલું બધું શ્રુત વર્ણમાલાની (=બારાખડીની) જેમ ભણી લીધું. વજ્રમુનિ શ્રુતના તેવા જાણકાર થયા કે જેથી સિંહગિરિ આચાર્યના પણ લાંબાકાળના સંદેહસમૂહરૂપ રજને ઉડાડવા માટે પવનસમાન થયા. ક્રમે કરીને તેમણે આચાર્યપદના વૈભવને પ્રાપ્ત કર્યો. ભવનો નાશ કરનારા, કુમતરૂપ અંધકારના નાશ માટે સૂર્યસમાન, શુભલબ્ધિઓના ભંડાર અને દશપૂર્વ શ્રુતનો આધાર એવા શ્રીવજ્રમુનીશ્વરે લાંબા કાળ સુધી જિનશાસનની ઘણી પ્રભાવના કરી. (૨૧૫)

तदेवं गुणाधिके विनेये स्यादेव गुरोर्गौरवम्, किन्तु तेन शिष्येण गुणाधिकेनापि हीन इति कृत्वा न गुरुरवमान्य इत्येतदेवाह-

**सविसेसं पि जयंतो, तेसिमवन्नं विवज्जए सम्मं ।**
**तो दंसणसोहीओ, सुद्धं चरणं लहए साहू ॥ २१६॥**

**॥ इति गुर्वाज्ञाराधनगुरुकुलवाससेवास्वरूपं सप्तमं लक्षणम् ॥**

सविशेषमपि यतमान-स्तेषामवज्ञां विवर्जयति सम्यक् ॥
ततो दर्शनशुद्धितः, शुद्धं चरणं लभते साधुः ॥ २१६॥

सविशेषमपि-शोभनतरमपि, आस्तां समं हीनं वेत्यपेरर्थः, यतमान-स्तदावरणकर्मक्षयोपशमात् सूत्रार्थाध्ययनतपश्चरणप्रभृतिसदनुष्ठाने प्रयत्नवान् तेषां-गुरूणामवज्ञामभ्युत्थानाद्यकरणरूपां वर्जयति-परिहरति सम्यक् शुद्धपरिणामो भावसाधुरिति प्रकृतम्, ततश्च दर्शनशुद्धेर्हेतोः शुद्धमकलङ्कं चरणं-चारित्रं लभते-प्राप्नोति साधुर्भावमुनिरिति ।

अयमत्राशयः-सम्यक्त्वं ज्ञानचरणयोः कारणम्, यत एवमागमः-

"नादंसणस्स नाणं, नाणेण विणा ण हुंति चरणगुणा ।
अगुणस्स नत्थि मुक्खो, नत्थि अमुक्खस्स निव्वाणं ॥" इति ।

तच्च गुरुबहुमानिन एव भवत्यतो दुश्करकारकोऽपि तस्मिन्नवज्ञां न विदध्यात्, तदाज्ञाकारी च भूयाद् । यत उक्तम्-

''छट्ठट्ठमदसमदुवालसेहिं, मासद्धमासखमणेहिं ।
अकरंतो गुरुवयणं, अणंतसंसारिओ भणिओ॥'' इत्यादि ॥१३८॥ (ધ. ર. પ્ર૦)

**આ પ્રમાણે ગુણાધિક શિષ્યથી ગુરુનું ગૌરવ થાય જ. કિંતુ ગુણાધિક પણ શિષ્યે ગુરુ હીન છે એમ માનીને ગુરુની અવજ્ઞા ન કરવી જોઈએ એ વિષયને જ કહે છે-**

વિશેષ પણ પ્રયત્નવાળો શુદ્ધપરિણામી ભાવસાધુ ગુરુની અવજ્ઞાનો સમ્યક્ ત્યાગ કરે છે. એથી તે દર્શનશુદ્ધિથી શુદ્ધચારિત્રને પ્રાપ્ત કરે છે.

**વિશેષાર્થઃ-** જ્ઞાન આદિને આવરનારાં કર્મોનો વિશિષ્ટ ક્ષયોપશમ થવાથી શુદ્ધપરિણામી ભાવસાધુ સૂત્રાર્થ અધ્યયન અને તપશ્ચર્યા વગેરે શુભ અનુષ્ઠાનોમાં ગુરુથી અધિક શુભ પ્રયત્ન કરતો હોય તો પણ તે ગુરુની અભ્યુત્થાન ન કરવું વગેરે અવજ્ઞાનો સમ્યક્ (=વિશેષ કાળજી રાખીને) ત્યાગ કરે છે. આથી તેની દર્શનશુદ્ધિ થાય છે. દર્શનશુદ્ધિથી નિષ્કલંક ચારિત્રને પામે છે.

અહીં આશય આ પ્રમાણે છે- સમ્યક્ત્વ જ્ઞાન-ચારિત્રનું કારણ છે. આથી જ આગમપાઠ આ પ્રમાણે છે-''દર્શનરહિતને જ્ઞાન હોતું નથી. જ્ઞાન વિના ચારિત્રગુણો હોતા નથી. ચારિત્રગુણોથી રહિતની કર્મોથી મુક્તિ ન થાય. કર્મોથી મુક્તિરહિતનો મોક્ષ ન થાય.''

દર્શન ગુરુ પ્રત્યે બહુમાનવાળાને જ હોય. આથી દુષ્કર કરનાર પણ ભાવસાધુ ગુરુની અવજ્ઞા ન કરે, અને ગુર્વાજ્ઞાનું પાલન કરનારો થાય. કારણ કે કહ્યું છે કે-''છટ્ઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ અર્ધમાસખમણ અને માસખમણ વગેરે કરવા છતાં ગુર્વાજ્ઞા ન માનનારને અનંતસંસારી કહ્યો છે.''

''વિશેષ પણ પ્રયત્નવાળો'' એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે- જો વિશેષ પ્રયત્નવાળો પણ ગુરુની અવજ્ઞાનો ત્યાગ કરે છે તો પછી સમપ્રયત્નવાળો કે ન્યૂનપ્રયત્નવાળો ગુરુની અવજ્ઞાનો ત્યાગ કરે એમાં તો શું કહેવું ? (૨૧૬)

આ પ્રમાણે ગુર્વાજ્ઞારાધન-ગુરુકુલવાસ સેવારૂપ સાતમું લક્ષણ પૂર્ણ થયું.

**इय सत्तलक्खणधरा, आणाजोगेण गलिअपावमला ।**
**पत्ता अणंतजीवा, सासयसुक्खं अणाबाहं ॥ २१७॥**

**सिज्झिस्संति अणंता, सिज्झंति अपरिमिआ विदेहंमि ।**
**सम्मं पसंसणिज्जो, तम्हा एयारिसो साहू ॥ २१८॥**

इति सप्तलक्षणधरा, आज्ञायोगेन गलितपापमलाः ।
प्राप्ता अनन्तजीवाः, शाश्वतसौख्यमनाबाधम् ॥ २१७ ॥

सेत्स्यन्त्यनन्ताः, सिद्ध्यन्ति अपरिमिता विदेहे ॥
सम्यक्प्रशंसनीयस्तस्मादेतादृशः साधुः ॥ २१८ ॥

આ પ્રમાણે સાતલક્ષણોને ધારણ કરનારા અને આજ્ઞાયોગથી જેમનો પાપરૂપ મલ નાશ પામ્યો છે એવા અનંતા જીવો ભૂતકાળમાં દુઃખરહિત શાશ્વતસુખને પામ્યા છે, ભવિષ્યમાં અનંતા સિદ્ધ થશે, અને વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં અગણિત જીવો સિદ્ધ થઇ રહ્યા છે. તેથી આવા સાધુ સમ્યક્ (=ભાવથી) પ્રશંસનીય છે. (૨૧૭-૨૧૮)

**एयारिसो अ साहू, महासओ होइ दूसमाए वि ।**
**गीयत्थपारतंते, दुप्पसहंतं जओ चरणं ॥ २१९॥**

एतादृशश्च साधुर्महाशयो भवति दुःषमायामपि ।
गीतार्थपारतन्त्र्ये, दुष्प्रसहान्तं यतश्चरणम् ॥ २१९ ॥

ગીતાર્થને સમર્પિત બનવાથી આવા ઉત્તમ આશયવાળા સાધુઓ દુઃષમા (પાંચમા આરામાં) કાળમાં પણ હોય છે. કારણકે દુષ્પ્રસહસૂરિ સુધી ચારિત્ર રહેશે એમ શાસ્ત્રમાં કહ્યું છે. (૨૧૯)

**जो पुण अइविरलत्तं, दट्ठुं साहूण भणइ वुच्छेअं ।**
**तस्स उ पायच्छित्तं, एयं समयंमि उवइट्ठं ॥ २२०॥**

यः पुनरतिविरलत्वं दृष्ट्वा साधूनां भणति व्युच्छेदम् ।
तस्य तु प्रायश्चित्तमेतत्समये उपदिष्टम् ॥ २२० ॥

આવા સાધુઓને અતિઅલ્પ પ્રમાણમાં જોઈને "હમણાં સાધુઓનો વિચ્છેદ છે" એમ જે કહે તેને શાસ્ત્રમાં આ (=નીચેની ગાથામાં કહેવાશે તે) પ્રાયશ્ચિત્ત કહ્યું છે. [૨૨૦]

**जो भणइ णत्थि धम्मो, ण य सामइअं ण चेव य वयाइं ।**
**सो समणसंघबज्झो, कायव्वो सव्वसमणसंघेण ॥ २२१ ॥**

यो भणति नास्ति धर्मो, न च सामायिकं न चैव च व्रतानि ।
स श्रमणसङ्घबाह्यः, कर्तव्यः सर्वश्रमणसङ्घेन ॥ २२१ ॥

હમણાં ચારિત્રધર્મ નથી, સામાયિક નથી, વ્રતો નથી એમ જે કહે તેને શ્રમણસંઘે શ્રમણસંઘમાંથી બહાર કરવો. (૨૨૧)

**बहुमुंडाइवयणओ, आणाजुत्तेसु गहिअपडिबंधो ।**
**विहरंतो वि मुणिच्चिय, अगहिलगहिलस्स णीईए ॥ २२२ ॥**

बहुमुण्डादिवचनतः, आज्ञायुक्तेषु गृहीतप्रतिबन्धः ।
विहरन्नपि मुनिरेवाऽग्रथिलग्रथिलस्य (नृपस्य)नीत्या ॥ २२२ ॥

આજ્ઞાયુક્ત મુનિઓમાં બહુમાન ધારણ કરનારો સાધુ "ઘણા માત્ર માથું મુડાવનારા થશે" ઇત્યાદિ વચનથી ગાંડપણ ન હોવા છતાં કૃત્રિમ રીતે ગાંડા બનેલા રાજાના દૃષ્ટાંતથી અસંવિગ્નોની સાથે રહે કે વિહાર કરે અથવા દ્રવ્યથી વંદનાદિ કરે તો પણ મુનિ જ છે.

**विशेषार्थः-** શાસ્ત્રમાં કહ્યું છે કે-

कलहकरा डमरकरा असमाहिकरा अ ।
होहिइ भरहवासे बहुमुंडा अप्पसमणा य ॥

"પાંચમા આરામાં ભરતક્ષેત્રમાં કલહ કરનારા, ઉપદ્રવ કરનારા, અસમાધિ કરનારા, અશાંતિ કરનારા, અને માત્ર માથું મુડાવ્યું હોય તેવા ઘણા થશે, સુસાધુઓ અલ્પ થશે."

આમ અસંવિગ્નો વધારે હોવાથી દુષ્કાલ આદિના કારણે અસંવિગ્નોની સાથે રહેવું પડે કે તેમને દ્રવ્યથી વંદનાદિ કરવું પડે તો પણ જે આજ્ઞાયુક્ત મુનિઓમાં અનુરાગ ધારણ કરે તે સુસાધુ જ છે.

કૃત્રિમ રીતે ગાંડા બનેલા રાજાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે-

## કૃત્રિમ રીતે ગાંડા બનેલા રાજાનું દૃષ્ટાંત

પૃથ્વીપુરીમાં પૂર્ણ નામે રાજા હતો, તેને સુબુદ્ધિ નામે બુદ્ધિસંપત્તિવાળો મંત્રી હતો. સુખમાં કાળ નિર્ગમન કરતાં એક વખતે સુબુદ્ધિ મંત્રીએ દેવલોક નામના નૈમિત્તિકને ભવિષ્યકાળ સંબંધી પૂછ્યું. એટલે તે નૈમિત્તિક બોલ્યો કે- 'એક માસ પછી મેઘવૃષ્ટિ થશે, તેના જળનું જે પાન કરશે, તે સર્વે ગાંડા થઇ જશે.' પછી કેટલેક કાળે પાછી બીજી વાર મેઘવૃષ્ટિ થશે તેના જળનું પાન કરવાથી લોકો પાછા સારા થઇ જશે" મંત્રીએ આ વૃત્તાંત રાજાને કહ્યો, એટલે રાજાએ પડહ વગડાવીને લોકોને જળનો સંગ્રહ કરવાની આજ્ઞા કરી. સર્વ લોકોએ તેમ કર્યું. પછી નૈમિત્તિકે કહેલા દિવસે મેઘ વર્ષ્યો. લોકોએ તરતમાં તો તે પાણી પીધું નહીં, પણ કેટલોક કાળ જતાં લોકોએ સંગ્રહ કરેલું જળ ખુટી ગયું. માત્ર રાજા અને મંત્રીને ત્યાં જળ ખુટ્યું નહીં. આથી તે બે સિવાય બીજા સામંત વિગેરે લોકોએ નવા વરસેલા જળનું પાન કર્યું. તેનું પાન કરતાં જ તેઓ બધા ઘેલા થઇને નાચવા લાગ્યા, હસવા લાગ્યા, જેમ તેમ બોલવા લાગ્યા, ગાવા લાગ્યા અને સ્વેચ્છાએ અનેક પ્રકારની ચેષ્ટાઓ કરવા લાગ્યા. માત્ર રાજા અને મંત્રી બે જ સારા રહ્યા. પછી બીજા સામંત વિગેરેએ રાજા અને મંત્રીને પોતાનાથી વિપરીત પ્રવૃત્તિવાળા જોઇ નિશ્ચય કર્યો કે, 'જરૂર આ રાજા અને મંત્રી બંને ઘેલા થઇ ગયા જણાય છે. કારણકે તેઓ આપણાથી વિલક્ષણ આચારવાળા છે, તેથી તેમને તેમના સ્થાનથી દૂર કરી બીજા રાજા અને મંત્રીને આપણે સ્થાપિત કરીએ.' તેમનો આ વિચાર મંત્રીના જાણવામાં આવ્યો. તેણે આ વિચાર રાજાને જણાવ્યો એટલે રાજાએ મંત્રીને પૂછ્યું કે-'આપણે હવે તેમનાથી આત્મરક્ષા શી રીતે કરવી ? કેમકે જનવૃંદ રાજા સમાન છે.' મંત્રી બોલ્યો કે-'હે દેવ! આપણે પણ તેમની સાથે ઘેલા થઇને તેમની જેમ વર્તવું. તે સિવાય બીજો કોઇ ઉપાય આ સમયે યોગ્ય

નથી.'. પછી રાજા અને મંત્રી કૃત્રિમ ઘેલા થઇ તેઓની મધ્યમાં રહેવા લાગ્યા અને પોતાની સંપત્તિ ભોગવવા લાગ્યા. જ્યારે પાછો શુભ સમય આવ્યો અને શુભ વૃષ્ટિ થઇ ત્યારે તે નવીન વૃષ્ટિના જળનું પાન કરવાથી સર્વે મૂળ પ્રકૃતિવાળા (સ્વસ્થ) થયા. આ પ્રમાણે દુઃષમા કાળમાં ગીતાર્થ મુનિઓ પણ વેશધારીઓની સાથે તેમની જેવા થઇને રહેશે, પરંતુ ભવિષ્યમાં પોતાના સમયની ઇચ્છા રાખ્યા કરશે." (૨૨૨)

**अत्थपयभावणाओ, अरत्तदुट्ठस्स सुद्धचित्तस्स ।**
**दोसलवे वि विणस्सइ, ण भावचरणं जओ भणिअं ॥ २२३॥**

अर्थपदभावनयाऽरक्तद्विष्टस्य शुद्धचित्तस्य ॥
दोषलवेऽपि विनश्यति नं भावचरणं यतो भणितम् ॥ २२३॥

અર્થપદોના ચિંતનથી રાગ-દ્વેષ રહિત બનેલા અને શુદ્ધચિત્તવાળાનું સૂક્ષ્મદોષો હોય તો પણ ભાવચારિત્ર નાશ પામતું નથી. કારણ કે નીચે પ્રમાણે કહ્યું છે.

**વિશેષાર્થઃ- અર્થપદના ચિંતનથી-** અર્થબોધકપદો તે અર્થપદો. અર્થપદોના ચિંતનથી જીવને ક્યાંય રાગ-દ્વેષ કરવા જેવા નથી એવું સમજાય છે, પછી રાગદ્વેષ જીતવાનો અભ્યાસ કરીને જીવ રાગ-દ્વેષ રહિત બને છે. ચિલાતિપુત્રે ઉપશમ, વિવેક અને સંવર એ ત્રણ અર્થપદોના ચિંતનથી રાગ-દ્વેષ ઉપર વિજય મેળવ્યો. જ્ઞાનસાર જ્ઞાનઅષ્ટક ગાથા બીજીમાં આ જ અર્થનું સૂચન કર્યું છે. તે આ પ્રમાણે-

निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।
तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ॥२॥

"મોક્ષના સાધનભૂત એક પણ પદની જે વારંવાર ભાવના (=આગમ અને શ્રુતયુક્તિથી મનન) થાય તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. ઘણું ભણવાનો આગ્રહ નથી."

**સાવધાની-** આનો અર્થ એ નથી કે ઘણું ન ભણવું. સમ્યગ્દર્શનાદિ ગુણોની રક્ષા, શુદ્ધિ અને વૃદ્ધિ માટે ઘણું ભણવાની જરૂર છે. અહીં "ઘણું

ભણવાનો આગ્રહ નથી.'' એવું કથન ભાવનાનું (=ચિંતનનું) મહત્ત્વ બતાવવા માટે કરવામાં આવ્યું છે. (૨૨૩)

**बकुसकुसीलेहि तित्थं, दोसलवा तेसु णियमसंभविणो ।**
**जइ तेहिं वज्जणिज्जो, अवज्जणिज्जो तओ णत्थि ॥२२४॥**

बकुशकुशीलाभ्यां, तीर्थं दोषलवास्तयोर्नियमसम्भविनः ।
यदि तैर्वर्जनीयोऽवर्जनीयस्ततो नास्ति ॥ २२४॥

बकुशकुशीला व्यावर्णितस्वरूपाः 'तित्थं'ति भामा सत्यभामेति न्यायात् सर्वतीर्थकृतां तीर्थसंतानकारिणः संभवन्ति, अत एव दोषलवाः-सूक्ष्मदोषास्तेषु-बकुशकुशीलेषु नियमसंभविनः, यतस्तेषां द्वे गुणस्थानके प्रमत्ताप्रमत्ताख्ये अन्तर्मुहूर्त्तकालावस्थायिनी, तत्र यदा प्रमत्तगुणस्थानके वर्त्तते तदा प्रमादसद्भावादवश्यंभाविनः सूक्ष्मा दोषलवाः साधोः, परं यावत् सप्तमप्रायश्चित्तापराधमापनीपद्यते तावत् स चारित्रवानेव, ततः परमचारित्रः स्यात् । तथा चोक्तम्-

''जस्स हु जा तवदाणं, ता वयमेगंपि नो अइक्कमइ ।
एगं अइक्कमंतो, अइक्कमे पंच मूलेणं ॥'' इति ।

तदेवं बकुशकुशीलेषु नियमभाविनो दोषलवाः, यदि तैर्वर्जनीयो यतिः स्यादवर्जनीयस्ततो नास्त्येव, तदभावे तीर्थस्याप्यभावप्रसङ्ग इति ॥ १३५॥

(ध. र. प्र.)

બકુશ અને કુશીલ સાધુઓ તીર્થની પરંપરા કરનારા છે. તેમાં સૂક્ષ્મદોષો અવશ્ય હોય. જો સૂક્ષમદોષોથી સાધુ ત્યાગ કરવા યોગ્ય હોય તો ત્યાગ ન કરવા લાયક કોઈ જ નથી.

**વિશેષાર્થઃ**- સર્વતીર્થંકરોનું તીર્થ બકુશ અને કુશીલ સાધુઓથી ચાલે છે. બકુશ-કુશીલમાં સૂક્ષ્મદોષો અવશ્ય હોવાના. કારણ કે તેમને અંતર્મુહૂર્ત સુધી રહેનારા પ્રમત્ત અને અપ્રમત્ત એ બે ગુણસ્થાનક હોય. તેમાં જ્યારે પ્રમત્ત ગુણસ્થાનકે વર્તતા હોય ત્યારે પ્રમાદ હોવાથી સાધુને સૂક્ષ્મદોષો અવશ્ય થાય. આમ છતાં સાતમું (છેદ ) પ્રાયશ્ચિત્ત આવે તેવા અપરાધને પામે ત્યાં સુધી તે ચારિત્રવાન જ છે. ત્યાર પછી અચારિત્રી

થાય. આ વિષે કહ્યું છે કે-''છેદનું પ્રાયશ્ચિત્ત આવે ત્યાં સુધી સાધુ એક પણ વ્રતનું અતિક્રર્મણ (=ભંગ) કરતો નથી. મૂલપ્રાયશ્ચિત્તથી એક વ્રતનું અતિક્રમણ કરતો સાધુ પાંચે ય વ્રતોનું અતિક્રમણ કરે છે.''

આ પ્રમાણે બકુશ-કુશીલ સાધુઓમાં સૂક્ષ્મદોષો અવશ્ય હોવાના. જો સૂક્ષ્મદોષોથી તે ત્યાગ કરવા યોગ્ય છે તો ત્યાગ ન કરવા યોગ્ય કોઈ જ નથી, અર્થાત્ બધા જ સાધુઓ ત્યાગ કરવા યોગ્ય થાય. આથી સર્વથા સાધુનો અભાવ થાય. સાધુના અભાવમાં તીર્થનો પણ અભાવ થાય.

## પાંચ પ્રકારના સાધુઓ.

પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક-એ પાંચ પ્રકારના સાધુઓ છે.

**(૧) પુલાક-** પુલાક એટલે નિઃસાર. ગર્ભથી-સારથી રહિત ફોતરાં કે છાલ જેમ નિઃસાર હોય છે તેમ, જે સાધુ જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં અતિચારો લગાડવાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રના સારથી રહિત બને છે તે પુલાક. પુલાકના બે ભેદ છે. (૧) લબ્ધિપુલાક, (૨) સેવાપુલાક.

લબ્ધિપુલાક અનેક પ્રકારની લબ્ધિઓને ધારણ કરે છે. તે ધારે તો લબ્ધિથી ચક્રવર્તીને અને તેના સકળ સૈન્યને ચૂર્ણ કરી શકે છે. તે તપ અને શ્રુતના પ્રભાવથી ઉત્પન્ન થયેલી લબ્ધિઓનો નિષ્કારણ પોતાની મહત્તા બતાવવા તથા પોતાની ખ્યાતિ વધારવા ઉપયોગ કરવાથી સંયમ રૂપ સારથી રહિત બને છે. તેનામાં શ્રદ્ધા પૂર્ણ હોય છે. ચારિત્રના પરિણામ પણ હોય છે. છતાં પ્રમાદવશ બની લબ્ધિઓનો ઉપયોગ કરી આત્માને ચારિત્રના સારથી રહિત કરે છે. સેવાપુલાકના પાંચ ભેદ છે. જ્ઞાનપુલાક, દર્શનપુલાક, ચારિત્રપુલાક, લિંગપુલાક અને સૂક્ષ્મપુલાક. (૧) **જ્ઞાનપુલાક-** કાલે ન ભણે, અવિનયથી ભણે, *વિદ્યાગુરુનું બહુમાન ન કરે, યોગોદ્વહન કર્યા વિના ભણે,* સૂત્રનો ઉચ્ચાર અને અર્થ અશુદ્ધ કરે ઇત્યાદિ જ્ઞાનના અતિચારો લગાડે. **(૨) દર્શનપુલાક-** શંકા આદિથી દર્શનગુણમાં અતિચારો લગાડે. **(૩) ચારિત્રપુલાક-** મૂલ (પાંચ મહાવ્રતો) ગુણોમાં અને ઉત્તર (પિંડ વિશુદ્ધિ આદિ) ગુણોમાં અતિચારો લગાડે. **(૪) લિંગપુલાક-** નિષ્કારણ શાસ્ત્રોક્ત લિંગથી અન્ય લિંગને=સાધુવેષને ધારણ કરે. **(૫) સૂક્ષ્મપુલાક-** મનથી સૂક્ષ્મ અતિચારો લગાડે.

(૨) **બકુશ**-બકુશ એટલે શબલ-ચિત્રવિચિત્ર. વિશુદ્ધિ અને અવિશુદ્ધિથી જેનું ચારિત્ર ચિત્ર-વિચિત્ર બને તે બકુશ. બકુશ સામાન્યથી બે પ્રકારના છે. (૧) શરીર બકુશ, (૨) ઉપકરણ બકુશ. શરીર બકુશ હાથ-પગ ધોવા, શરીર ઉપરથી મેલ ઉતારવો, મોઢું ધોવું, દાંત સાફ રાખવા, વાળ ઓળવા વગેરે પ્રકારની શરીરની વિભૂષા તરફ લક્ષ્ય રાખે છે. ઉપકરણ બકુશ વિભૂષા માટે દંડ, પાત્ર વગેરેને રંગ; તેલ આદિથી ચળકતાં કરવાં, કપડાં ઉજળાં રાખવાં, સગવડતા માટે અધિક ઉપકરણો રાખવાં વગેરે તરફ લક્ષ્ય રાખે છે. બંને પ્રકારના બકુશો ક્રિયામાં શિથિલ હોય છે. એમનું ચિત્ત શરીર અને ઉપકરણની વિભૂષા તરફ હોય છે. બાહ્ય આડંબર, માન-સન્માન અને ખ્યાતિ વગેરેની કામનાવાળા હોય છે. સુખ અને આરામની ઇચ્છાવાળા હોય છે. તેમનો પરિવાર પણ દેશછેદ કે સર્વછેદ પ્રાયશ્ચિત્ત યોગ્ય હોય છે. અન્ય રીતે પણ બકુશના પાંચ પ્રકાર છે- આભોગ, અનાભોગ, સંવૃત, અસંવૃત, અને સૂક્ષ્મ. (૧) **આભોગ**- જાણવા છતાં દોષોનું સેવન કરે. (૨) **અનાભોગ**- અજાણથી દોષોનું સેવન કરે. (૩) **સંવૃત**- અન્યના દેખતાં દોષોનું સેવન કરે. (૪) **અસંવૃત**- કોઇ ન દેખે તેમ છૂપી રીતે દોષોનું સેવન કરે. (૫) **સૂક્ષ્મ**- થોડો પ્રમાદ કરે.

(૩) **કુશીલ**- કુશીલ એટલે અયોગ્ય આચરણવાળા. ઉત્તરગુણના દોષોથી કે સંજ્વલન કષાયના ઉદયથી જેમનું ચારિત્ર દૂષિત હોય તે કુશીલ નિર્ગ્રંથ. તેના બે ભેદ છે. (૧) પ્રતિસેવના કુશીલ, (૨) કષાય કુશીલ. (૧) પ્રતિસેવના કુશીલ પિંડવિશુદ્ધિ, ભાવના આદિ ઉત્તર ગુણોમાં અતિચારનું પ્રતિસેવન કરે, અર્થાત્ અતિચારો લગાડે. (૨) કષાયકુશીલઃ- સંજ્વલન કષાયના ઉદયથી ચારિત્રને દૂષિત કરે તે કષાય કુશીલ. તેના જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ, ચારિત્રકુશીલ, લિંગકુશીલ, સૂક્ષ્મકુશીલ એ પાંચ ભેદ છે. આ પાંચ પ્રકારના કુશીલનું સ્વરૂપ પાંચ પ્રકારના સેવાપુલાકની જેમ જાણવું.

(૪) **નિર્ગ્રંથ**- ગ્રંથ એટલે ગાંઠ, ગાંઠથી રહિત તે નિર્ગ્રંથ. જેની મોહની ગાંઠ છેદાઇ ગઇ છે તે નિર્ગ્રંથ, અર્થાત્ જેના મોહનો સર્વથા ક્ષય કે ઉપશમ થઇ ગયો છે તે નિર્ગ્રંથ. મોહનો સર્વથા ક્ષય ૧૨મા ગુણસ્થાને

અને ૧૧મા ગુણસ્થાને હોય છે. આથી ૧૨મા અને ૧૧મા ગુણઠાણે રહેલ ક્ષપક અને ઉપશમક નિર્ગ્રંથ છે.

(૫) **સ્નાતક-** સ્નાતક એટલે મલને દૂર કરનાર: જેણે રાગાદિ દોષો રૂપ મલને દૂર કરી નાખ્યો છે તે સ્નાતક. સ્નાતકના બે ભેદ છે. (૧) સયોગી સ્નાતક અને (૨) અયોગી સ્નાતક. ૧૩મા ગુણઠાણે રહેલ સયોગી કેવળી સયોગી સ્નાતક છે. ૧૪મા ગુણઠાણે રહેલ અયોગી કેવળી અયોગી સ્નાતક છે. (૨૨૪)

**आसयसुद्धीइ तओ, गुरुपरतंतस्स सुद्धलिंगस्स ।**
**भावजइत्तं जुत्तं, अज्झप्पज्झाणणिरयस्स ॥ २२५॥**
आशयशुद्ध्या ततो गुरुपरतन्त्रस्य शुद्धलिङ्गस्य ।
भावयतित्वं युक्तमध्यात्मध्याननिरतस्य ॥ २२५॥

આથી ગુરુને આધીન બનેલા શુદ્ધવેશને ધારણ કરનારા અને આત્માના ધ્યાનમાં રમનારા સાધુનું ચિત્તશુદ્ધિના કારણે ભાવસાધુપણું યુક્ત છે. (૨૨૫)

**इय सत्तलक्खणत्थो, संगहिय सुबहुतंतवक्कत्थं ।**
**फुडविअडो वि य भणिओ, सपरेसिमणुग्गहट्ठाए ॥ २२६॥**
इति सप्तलक्षणार्थः, सङ्गृह्य सुबहुतन्त्रवाक्यार्थम् ।
स्फुटविकटोऽपि च भणितः, स्वपरेषामनुग्रहार्थाय ॥ २२६॥

આ પ્રમાણે સાત લક્ષણોનો સ્પષ્ટ અને વિસ્તારવાળો પણ અર્થ અતિશય ઘણાં શાસ્ત્રોના વાકયાર્થનો સંગ્રહ કરીને સ્વ-પરના અનુગ્રહ માટે કહ્યો છે.

**વિશેષાર્થઃ-**"વિસ્તારવાળો પણ" એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- કોઇ એમ કહે કે તમોએ આ લક્ષણોનો અર્થ કરવામાં વિસ્તાર ઘણો વધારે કરી નાખ્યો છે. તેના જવાબમાં ગ્રંથકારે કહ્યું છે કે- અર્થ વિસ્તારવાળો હોવા છતાં સ્વ-પરના અનુગ્રહ માટે કહ્યો છે. સ્વપાંડિત્ય બતાવવા આદિના આશયથી કહ્યો નથી. (૨૨૬)

**तवगणरोहणसुरगिरि-सिरिणयविजयाभिहाण विबुहाण ।**
**सीसेणं पियं रइयं, पयरणमेयं सुहं देउ ॥ २२७॥**

तपागणरोहणसुरगिरिश्रीनयविजयाभिधानविबुधानाम् ।
शिष्येण प्रियं रचितं प्रकरणमेतत्सुखं (शुभं) ददातु ॥ २२७॥

તપગચ્છને આરોહણ કરવા માટે મેરુપર્વત સમાન શ્રીનયવિજય નામના પંડિતના શિષ્યે (=શ્રી યશોવિજયજીએ) રચેલું પ્રીતિજનક આ પ્રકરણ સુખને (કે શુભને) આપો. (૨૨૭)

**विविधावधानधारि-कुर्चालसरस्वती-न्यायविशारद-न्यायाचार्य-**
**महामहोपाध्यायश्रीयशोविजयगणिप्रणीतम्**
**॥ इति श्रीयतिलक्षणसमुच्चयप्रकरणम् ॥**

## અનુવાદકારની પ્રશસ્તિ

ન્યાયવિશારદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિવર વિરચિત યતિલક્ષણ સમુચ્ચય પ્રકરણ ગ્રંથનો સિદ્ધાંત મહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર સ્વ. પરમગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્વિજયહીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજયલલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય **આચાર્ય શ્રીરાજશેખરસૂરિએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ થયો.**

सर्वेषां शुभं भवतु

**પ્રારંભ સમય**
વિ. સં. ૨૦૫૪ ફા. સુ. ૧૨
**પ્રારંભ સ્થળ :-**
આરાધના ભવન, વિરાર (જી. થાણા)

**સમાપ્તિ સમય**
વિ. સં. ૨૦૫૪ ચૈ. વ. ૧૦
**સમાપ્તિ સ્થળ**
મુંબઈ-માહિમ

# ॥ यतिलक्षणसमुच्चयगाथाकाराद्यनुक्रमः ॥


| गाथाद्यपादः | गाथाङ्कः |
|---|---|
| अइसाहसमेअं जं | ८७ |
| अज्जमहागिरिचरियं | ११० |
| अणवत्थाई दोसा | १३८ |
| अण्णस्स य पडिसेहे | ७७ |
| अणुबंधजुअं कुसलो | ११२ |
| अणुमित्तो वि न कस्सइ | ६२ |
| अण्णेहिं पंथगस्स उ | १९० |
| अत्थपयभावणाणं | २२३ |
| अन्नह भणिअं पि सुए | ७ |
| अपयट्टो वि पयट्टो | ४९ |
| अब्भुज्जओ विहारो | १९९ |
| अवसिट्टं ठावित्ता | ३५ |
| अवहपइन्नाजणियं | ५२ |
| अवलंबिऊण कज्जं | ११ |
| अविअ जणो मरणभया | ५५ |
| अविसाओ परलोए | १७४ |
| अविसिट्ठंमि वि जोगंमि | ५६ |
| आउट्टिआइ जणिअं | ९९ |
| आउट्टिआ उविच्चा | १०० |
| आमे घडे णिहित्तं | ९६ |
| आयत्तया महागुण- | १४२ |
| आलंबणाण भरिओ | ८९ |
| आसयसुद्धीइ तओ | २२५ |
| इक्कस्स पुणो तस्स वि | १६५ |
| इक्कंमि वि पाणिवहं | ५७ |
| इक्खुरसगुडाईणं | ३० |
| इच्चाई असमंजस- | १४ |
| इत्तो चेव असंगं | ६९ |
| इत्थं सुहोहनाणा | १६ |
| इय एगागिविहारे | १६७ |
| इयगुणजुयस्स गुरुणो | २०३ |
| इयरेसु वि विसएसु | ८२ |
| इय सत्तलक्खणत्थो | २२६ |
| इय सत्तलक्खणधरा | २१७ |
| इय सुद्धचरणसहिओ | ५१ |
| इरिआवहमाईआ | ५९ |
| इहरा उ दाणधम्मे | ८१ |
| उउबद्धे वासासु अ | १६३ |
| उत्तमगुणाणुराया | १३५ |
| उभयण्णू विय किरिया | १७५ |
| उवइसइ धम्मगुज्झं | ९३ |
| उववज्जइ उत्तरगुण- | २०१ |
| उस्सग्गववायाणं | २ |
| एएण पबंधेणं | ६५ |
| एएहिं दिट्ठिवाए | ४१ |
| एए गुरुणो अ गुणा | १७१ |
| एगागियस्स दोसा | १६० |
| एगंतेण णिसेहो | ६० |
| एत्तो च्चिय किइकम्मे | १२३ |
| एयस्स परिच्चाया | १४१ |
| एअं अवमन्नंतो | २१५ |
| एयंमि नाणफलओ | १९ |
| एअम्मि परिच्चत्ते | १४४ |
| एयारिसस्स जमिह | १७ |

| गाथाद्यपादः | गाथाङ्कः |
| --- | --- |
| एयारिसो ण पावो | २१० |
| एयारिसो अ साहू | २१९ |
| एवं गच्छसमुद्दे | १५४ |
| एसो वि अ सिढिलोत्ति य | १९५ |
| ओसन्नो य विहारे | २०८ |
| कप्पाणं पावरणं | ८ |
| कप्पिअसेवालद्धा- | १९६ |
| कम्माणं अपमाया | १०७ |
| करुणावसेण नवरं | १२९ |
| कलिदोसंमि अ णिविडे | १७७ |
| कस्स वि कत्थइ पीइ | १८९ |
| कालंमि अणूणहियं | १०५ |
| कालस्सय परिहाणी | ११९ |
| कालंमि संकिलिट्टे | १६६ |
| किंपुण तित्थपभावण- | २११ |
| केऽयं पुरिसे इच्चाइ | ९८ |
| खंताइगुणुक्करिसो | १५१ |
| खंती समो दमो विअ | १७२ |
| खाओवसमिगभावे | १०९ |
| गच्छे वि धम्मविणयं | १९२ |
| गरुओ गुणाणुराओ | ४ |
| गीयत्थजायकप्पो | १६२ |
| गीयत्थो अ विहारो | १५९ |
| गुणदोसाण य भणियं | १३३ |
| गुणपुण्णस्स वि वुत्तो | १४९ |
| गुणरत्तस्स य मुणिणो | १३६ |
| गुणरागी य पवट्टइ | १३० |
| गुणवं च गुरू सुत्ते | १६८ |
| गुणवुड्ढीइ परग्गय- | १२१ |
| गुरुआणाए चाए | १४३ |
| गुरुगुणरहिओ वि इह | १७८ |
| गुरुणा य अणुण्णाओ | ८३ |
| गुरुपारतंत नाणं | २४ |
| चरणधरणाखमोवि अ | २०५ |
| चिक्खिल्लबालसावय- | ५३ |
| छुहिअस्स जहा खणमवि | ६८ |
| छेअस्स जाव दाणं | २०० |
| जं च ण सुत्ते विहिअं | ८५ |
| जं पुण अपत्तदाणे | ८० |
| जं पुण नया लभिज्जा | १५६ |
| जं पुण पमायरूवं | ९२ |
| जंमि णिसेविज्जंते | ६१ |
| जं सव्वहा न सुत्ते | १० |
| जइ वि न सक्कं काउं | २०७ |
| जयणमजयणं च गिही | ५४ |
| जह अइमुत्तयमुणिणो | १२२ |
| जह णिविग्घं सिग्घं | १०६ |
| जह जह बहुस्सुओ | ७२ |
| जह बोडिआइ वयणं | ३८ |
| जह सड्ढेसु ममत्तं | १३ |
| जह सम्ममुट्ठियाणं | ४७ |
| जह सागरंमि मीणा | १५३ |
| जाओ अ अजाओ य | १६१ |
| जायइ गुणेसु रागो | १२० |
| जायइ अ भावचरणं | २१ |
| जिणकप्पाइपवित्ती | १४७ |
| जे जत्तिआ य हेऊ | ५८ |
| जे पुण गुणेहि हीणा | २०४ |

| गाथाद्यपादः | गाथाङ्कः | गाथाद्यपादः | गाथाङ्कः |
|---|---|---|---|
| जे हेउवायपक्खंमि | १७६ | दंसणनाणचरित्तं | १२४ |
| जो जं सेवइ दोसं | ९० | दव्वाइनाणनिउणं | ११४ |
| जो न य पन्नवणिज्जो | ४४ | दाणपसंसणिसेहे | ७५ |
| जो पुण अइविरलत्तं | २२० | दुग्गययरवररयण- | ६७ |
| जो पुण हिंसाययणा | ६३ | दुविहो पुणो विहारो | २६ |
| जो भणइ णत्थि धम्मो | २२१ | धम्मविणओ वि तेसिं | १९४ |
| ण उक्कडरूवसरिसं | २९ | नणु एवं कह भणियो | १४५ |
| ण परिचिआ जेण सुआ | ७१ | नणु भावचरणलिंग- | २० |
| ण य एयं दुण्णेयं | १८७ | नणु सेलगसेवाए | १८२ |
| ण य एवं संकोए | ९७ | नाणाइविसेसजुअं | २३ |
| ण य जाणइ अइपरिणई | ३९ | नाणस्स होइ भागी | १३९ |
| ण य मोत्तव्वो एसो | १५० | नाणाहिओ वरतरो | २१२ |
| ण वहइ जो गुणरायं | १३२ | निरुओ भुज्जरसन्नू | ५० |
| णागीओ अन्नाणी | १५८ | पडिबंधस्स न हेऊ | १२७ |
| णिक्कारणपडिसेवा | २०२ | पडिबंधाओ वि अओ | १०८ |
| णियमेण चरणभावा | १८६ | पडिलेहणाइचिट्ठा | १०३ |
| णियावासाईयं | ८८ | पत्तो सुसीससद्दो | १८१ |
| तं पुण विसुद्धसद्धां- | ९२ | पत्तं च होइ तिविहं | ७८ |
| तम्हा सया विसुद्धं | ६४ | पत्तंमि जं पदिन्नं | ७६ |
| तम्हा सुद्धपरूवग- | २१४ | पत्तंमि देसणा खलु | ९४ |
| तवगणरोहणसुरगिरि- | २२७ | पन्नवणिज्जस्स पुणो | ४५ |
| तस्स यं मूलगुणेसु | १८३ | परगुणगहणावेसो | १२६ |
| ता गीयंमि इमं खलु | १६४ | परगुणसंसा उचिया | १२५ |
| तिण्णं दुप्पडियारं | १३७ | परिहरइ जं च दोसं | ९१ |
| तित्थयरवयणकरणे | १४६ | पव्वज्जं विज्जं पि व | १०२ |
| तित्थयरसमो सूरी | १६९ | पहुअणुरत्तेण तहा | १८८ |
| तेण खमासमणाणं | १३१ | पाउणइ णेव तित्तिं | ६६ |
| तेसिं पि दव्वनाणं | २५ | पायं पसिद्धमग्गो | ४२ |
| तेसिं विसयविभागं | ३४ | पावं विवज्जयंतो | १५७ |

| गाथाद्यपादः | गाथाङ्कः | गाथाद्यपादः | गाथाङ्कः |
|---|---|---|---|
| पासत्थयाइदोसा | १९८ | संघयणाई आलंबणं | ११७ |
| पिंडेसण-दुमपत्तय- | ३३ | संघयणादणुरूवे | ११६ |
| बकुसकुसीलेहि तित्थं | २२४ | संविग्गा गीयतमा | ८६ |
| बहुमुंडाइवयणओ | २२२ | संविग्गभाविआणं | ३६ |
| भट्ठायारो सूरी | १७० | संजमजोगेसु सया | १११ |
| भणिया आयारंमि वि | १५५ | संविग्गविहारीणं | १९३ |
| भन्नइ पंचसयाणं | १८५ | सद्धालू अपमत्तो | १०१ |
| भव्वाणुवत्तयत्तं | १७३ | सद्धालू सत्तिजुओ | ४६ |
| भावस्स हु णिक्खेवे | १४८ | सम्मग्गमग्गसंपट्ठिया | २०९ |
| भासाइ जो विसेसं | ७३ | सयणप्पमुहेहिंतो | १३४ |
| मग्गणुसारिकिरिया | ३ | सविसेसं पि जयंतो | २१६ |
| मग्गणुसारिकिरिया | ३१ | सव्वगुणमूलभूओ | १४० |
| मग्गो आगमणीई | ६ | सीसो सज्झिल्लओ वा | १२८ |
| मालइगुणण्णुणो | ४८ | सत्थण्णुणा वि तीरइ | ८४ |
| मूढनइअं सुअं | ४० | सव्ववएसा भन्नइ | २८ |
| मूढो इमस्स चाए | १५२ | सहसा असक्कचारी | ११३ |
| मूलगुणसंजुअस्स य | १७९ | सारसिओ परिणामो | १५ |
| मूलगुणसंजुअस्स य | १८४ | सावज्जणवज्जाणं | ७४ |
| मूलगुणसंपउत्तो | १८० | सिक्खिगनिक्खिववणाइ | ९ |
| रक्खइ वएसु खलिअं | १०४ | सिज्झिस्संति अणंता | २१८ |
| लद्धेऽवंचकजोए | १८ | सिढिलिअसंजमकज्जावि | १९७ |
| लहुअत्ते कम्माणं | २२ | सिद्धत्थरायपुत्तं | १ |
| वक्कत्थाइदिसाए | ४३ | सुत्तायरणाणुगया | ५ |
| ववहारणएण पुणो | ७९ | सुद्धं सुसाहुमग्गं | २०६ |
| विफला इमा अपत्ते | ९५ | सुपरिचिअ आगमत्थो | ७० |
| विहिउज्जमवन्नय | ३२ | सेलयमापुच्छित्ता | १९१ |
| संखेवा विक्खाए | २७ | सो वि य सम्मं जाणइ | ३७ |
| संघयणकालबल- | ११८ | हवइ असक्कारंभो | ११५ |
| | | हीणस्स विसुद्धपरूवगस्स | २१३ |

ભરત ગ્રાફિક્સ
ન્યુમાર્કેટ, પાંજરાપોળ,
રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન: ૨૧૩૪૧૭૬, ૨૧૨૪૭૨૩